Barcode - 99999990068317
Title - Saraswati Chandra Naval Kahata (I)
Subject - Literature
Author - Goverdhan Ram Tripathi
Language - gujarati
Pages - 374
Publication Year - 1822
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 006831



સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. બી. એ., એલએલ. બી.

જન્મ : સંવત્ ૧૯૧૧ વિજયાદશમી. અવસાન : સંવત્ ૧૯૬૩ પૌષ વદ ૫.

તા. ૨૦ મી ઑક્ટોબર ૧૮૫૫. તા. ૭ મી જાન્યુઆરી ૧૯૦૭.

# સરસ્વતીચંદ્ર.

## નવલકથા.

ભાગ ૧.

## બુદ્ધિધનનો કારભાર.

કર્તા,


સદ્ગત સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,

બી. એ., એલ્‌એલ્. બી., વકીલ, મુંબાઈ હાઇકોર્ટ.



આઠમી આવૃત્તિ.

પ્રકાશક,

રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.



સર્વ અધિકાર સ્વાધીન.



મુંબાઈ.

મુખ્ય એજંટ્સ—એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.

સંવત્ ૧૯૭૮.] [ઈ. સ. ૧૯૨૨.

મૂલ્ય રુપીયા અઢી.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ, | | સં. ૧૯૪૩; | ઈ. સ. ૧૮૮૭. | પ્રત. ૨૦૦૦. |
| બીજી | ,, | સં. ૧૯૪૭; | ઈ. સ. ૧૮૯૧. | પ્રત. ૩૦૦૦. |
| ત્રીજી | ,, | સં. ૧૯૫૨; | ઈ. સ. ૧૮૯૬. | પ્રત. ૩૦૦૦. |
| ચોથી | ,, | સં. ૧૯૫૮; | ઈ. સ. ૧૯૦૨. | પ્રત. ૩૦૦૦. |
| પાંચમી | ,, | સં. ૧૯૬૪; | ઈ. સ. ૧૯૦૮. | પ્રત. ૩૦૦૦. |
| છઠી | ,, | સં. ૧૯૬૮; | ઈ. સ. ૧૯૧૨. | પ્રત. ૫૦૦૦. |
| સાતમી | ,, | સં. ૧૯૭૪; | ઈ. સ. ૧૯૧૮. | પ્રત. ૩૦૦૦. |
| આઠમી | ,, | સં. ૧૯૭૮; | ઈ. સ. ૧૯૨૨. | પ્રત. ૫૦૦૦. |

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-Sagar Press, 23, Kolbhat Lane, Bombay.
and
Published by Ramaniyaram Govardhanram Tripathi, at Morarji Gokuldas Chawls, Girgam, Bombay No 4.

[ફેબ્રુઆરી ૧૯૨૨.]

" Man's hour on earth is weakness, error, strife.
* * * " Even in his darkest hours
" Still doth he war with Darkness and the Powers.
" Of Darkness;—for the light he cannot see
" Still round him feels—and, if he be not free,
" Struggles against this strange captivity."

—*Goethe's Faust.*

" Bends and then fades silently
" One frail end fair anemone."

—*Shelley's Prometheus Unbound.*

" Some star
" * * Climbs and wanders through steep night
* * * * * * * * *
" Ere it is borne away, away,
" By the swift Heavens that cannot stay,
* * * * * * *
" And the gloom divine is all around."—*Ibid.*

સરસ્વતીચંદ્ર ભાગ પ્હેલો તથા ભાગ **બીજો** નામદાર મુંબાઈ ઈલાકાની સરકારે ઇન્ડિયન સીવિલ સર્વીસની હાયર પરીક્ષા માટે ટેક્સ્ટ બુક તરીકે પસંદ કર્યાનું—તા૦ ૧૮ મી જુલાઇ ૧૯૧૨ ના સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કર્યું છે.

તથા

મુંબાઈ યુનિવર્સિટીની એમ. એ. ની પરીક્ષા માટે સરસ્વતીચંદ્ર (ભાગ ૧ થી ૪) ટેક્સ્ટ બુક તરીકે પસંદ કરવામાં આવી છે.

# PREFACE.

Novels have in these days become an universal luxury and in competing for public interest have succeeded to an extent almost unrivalled. The very natural result has been that the bulk of fiction in the West has ceased to aspire beyond an artistic display of such of the sentimental and emotional idiosyncracies of mankind as happen to tickle the fancy of the ordinary reader. It is however certain—and the higher class of novelists never fail to recognise and claim—that the functions of the novel are more numerous, higher, and more sacred than the mere pandering to the taste of the novel-reading public.

The writer of these pages admits that the origin of his undertaking was in the first instance neither so ordinary nor so ambitious. Like all who live and look around, he had his memoranda of what may be called the substrata of this our world of human affairs. When he first desired to give an objective existence to all that was so sketched out in his mind's book, he intended to give it the form of essays. Second thoughts discovered that the reading class in Gujarat were, for various reasons, difficult to reach through abstruse or discursive matter, and that illustrations of real or ideal life would be the best medium, best in the sense of being attractive and impressive, for communications like those which the writer has to make. Hence the present contribution.

The conviction has also grown upon him that reality in flesh and blood under the guise of fiction can supply the ordinary reader with subtler moulds and finer casts for the formation of his inner self than abstract discussions and that this is especially so with a people who must be made, and not simply left, to read.

It remains to note that by inducing reality under fiction it is not meant to convey any personal allusion whatever in any part or even a line, of the book. The acutalities of life or locality are referred to only and strictly so far as they belong to any of the varied conditions of life amongst our people. And even these are on occasions ideal. The ideal and the actual are in some places inseparable.

*Bombay,*
*April, 1887.* G. M. T.

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના.

આજકાલ પૃથ્વી ઉપર એવો સમય આવ્યો છે કે કીર્તિ અમર કરવાનાં સાધન દિવસે દિવસે શક્તિહીન થતાં જાય છે. માનવીની રુચિ કાલ ન હતી એવી આજ થાય છે, અને આજ નથી તેવી કાલ થશે. ભવિષ્યમાં એ રુચિને કીયો પદાર્થ પ્રિય લાગશે એ વર્તમાન કલ્પવું પણ કઠિણ છે. પ્રતિદિવસે વધતા શોધોના આ સમયમાં શાસ્ત્રીય ગ્રંથો પણ આજના કાલ નિરુપયોગી થાય છે, તેમ અપૂર્વ ત્વરાથી નિત્ય નવી થતી રુચિના આ સમયમાં સ્વભાવે ક્ષણજીવી નવલકથાઓ દીર્ઘાયુ થાય અને લખનારને ભવિષ્યકાલ સાથે કીર્તિની સાંકળથી સાંધે એ ધારણાથી અનુભવનો બોધ વિરુદ્ધ છે. નાટકોને દૃષ્ટિમર્યાદામાંથી ખસેડી પાડી તેને સ્થળે માનવીના હાથમાં નવલકથાઓ ઉભરાવા લાગી છે, એ જ આનું દૃષ્ટાંત છે. ગ્રંથકારના હૃદયમાં કીર્તિનો લોભ આમ નિષ્ફળ અને નિર્જીવ લાગે એ પણ વર્તમાનકાલની એક ઉત્સાહક દશા છે. માલનું મૂલ્ય તેના ઉપયોગીપણા ઉપર આધાર રાખે તો તે ઇષ્ટાપત્તિ છે, અને કીર્તિએ છોડી દીધેલા આસનઉપર તે ઇષ્ટાપત્તિની સ્થાપના થાય તો સાહિત્યનો ફલવિસ્તાર સ્થિર મહત્તા ભોગવે એ ઘણે અંશે સંભવિત છે. પરંતુ પાશ્ચાત્ય-દેશોની અવસ્થા અને આપણા દેશપર પડતી તેની છાયા પ્રધાનભાગે એવી છે કે સંગીન ઉપયોગ ભુલી બાહ્ય સુંદરતાની પ્રત્યક્ષ માયાથી માનવી મોહ પામે છે, અને આથી પ્રધાનવસ્તુને ઠેકાણે ગૌણવસ્તુનું આવાહન થાય છે. ખરી વાત છે કે, રસના–પ્રત્યક્ષ માયાથી અંતર્ તત્ત્વ સ્વાદિષ્ટ બની માનવીના અંતર્માં વધારે પચે છે; માયાની સુંદરતા ચિત્તની રસજ્ઞતાને અતિસૂક્ષ્મ, ઉચ્ચાભિલાષી અને વેગવાળી કરી મુકેછે; અને તેથી નવો અવતાર ધરતા મનુષ્યના જીવનનો અને અન્ય પ્રાણીઓનો ભેદ વધારે વધારે સ્પષ્ટ થતો જાયછે. પરંતુ માયાનો લય તત્ત્વમાં થઈ જાય છે—માયા એ માત્ર તત્ત્વની સાધક છે—માયાનો લક્ષ્ય અંત તે જ તત્ત્વનો આરંભ હોવો જોઈએ–માયાનું અંતર્ધાન થતાં તત્ત્વનો આવિર્ભાવ થવો જોઈએ–માયા–અંડ ફુટતાં તત્ત્વ–જીવ સ્ફુરવો જોઈએ; એ વાત ભુલવી જોઈતી નથી. સુંદર થવું એ સ્ત્રીનું તેમ જ નવલકથાનું લક્ષ્ય છે, પરંતુ એ લક્ષ્યની સંપત્તિ તે માત્ર કોઈ બીજા ગુરુતર લક્ષ્ય પામવાનું પગથીયું છે—એ પગથીયે ચ્હડીને પછી ત્યાં અટકવાથી તે ચ્હડવું નકામું થાય છે—હાનિકારક પણ થાય છે.

ત્યારે નવલકથાનું હાર્દ શું જોઈએ? નવલકથા કોના હાથમાં જશે—તેનો ઉપયોગ કોણ કેવી દૃષ્ટિથી કરશે–તે જાણ્યાથી તેનું હાર્દ કેવું રાખીયે તો સફળબોધક થાય તે સમજાશે.

૧. સત્યશોધક વર્ગ માનસશાસ્ત્રના અભ્યાસને અર્થે જ નવલકથાઓ વાંચે છે.

૨. સારશોધક વર્ગ નવલકથામાંથી સુંદરતાઆદિ પોતાને રુચતાં તત્ત્વ શોધે છે અને શેષભાગ પડતો મુકે છે.

આ ઉભય વર્ગ સાથે વ્યવહાર રાખવામાં ગ્રંથકારોને નવલકથા એ જ એક સાધન છે એમ નથી. અનેક આકારમાં તેમની સાથે સંબંધ કરાય છે; પરંતુ નવલકથાના લ્હાણામાં એ વર્ગ પણ ભાગ માગશે તે ભુલવા જેવું નથી, કારણ વાચનાર વર્ગમાં એ મુકુટમણિને સ્થાને છે. તેમની સંખ્યા ઘણી ઓછી હોય છે, પરંતુ તેમની પૂજનીયતા—તેમનું બ્રહ્મ વર્ચસ—સર્વમાન્ય છે.

૩. ત્રીજા વર્ગની સંખ્યા અગણ્ય છે. નવલકથા વાંચવાની વૃત્તિમાં નીચલાં કારણોમાંથી એક અથવા અનેક તેમને પ્રેરનાર હોય છે:

(ક) વાર્તાની રચનાનો જિજ્ઞાસારસ. આ રસ સર્વ બાળકોમાં હોય છે, સ્ત્રીયોનું તે લક્ષણ ગણાય છે, અને ચ્હડતી અવસ્થામાં ઘણાકમાંથી તે જતો નથી.

(ખ) મદન અને સ્ત્રીની વાર્તાઓને વશ થયેલાં ચિત્ત. આવાં ચિત્ત નવલકથાઓ જોઈ વિહ્વલ બની જાય છે, અને એવી કથાઓના અતિસંભોગથી અંતે નિર્વીર્ય થાય છે.

(ગ) કથાઓ વાંચવાનું વ્યસન—અફીણ, દારુ વગેરેના વ્યસન જેવું જ; તે છોડ્યું છુટતું નથી.

(ઘ) શાસ્ત્રીય અને કઠિન ગ્રંથો વાંચતાં પડતો શ્રમ. ઘણાંક ભણેલાઓ આળસુ હોય છે અને શ્રમ લેવાની તેમની અનિચ્છાને, વિદ્યાર્થી અવસ્થા છુટતાં વારનાર કોઈ હતું નથી.

(ઙ) શાસ્ત્રીય વિષયનું અસંસ્કારી રસેન્દ્રિય.

(ચ) નિરક્ષરતા, અને નવરાશ.

ભણેલા તેમ જ અભણ વર્ગનો મ્હોટો ભાગ આ છેલા વર્ગમાં આવી જાય છે અને તેથી જ નવલકથાઓ આજકાલ દિગ્વિજય પામી દેખાય છે. આ સર્વ વિચારી, ભિન્ન ભિન્ન સર્વ આવા વાંચનારને જમે ઉધાર કરતાં

સરવાળે હાનિ ન થાય અને લાભ થાય એવી રચના કરવી એ એકેએક કથાકરનો ઉદ્દેશ હોવો જોઈએ; અને વાંચનારની રુચિ શોધી તેને અનુકૂળ પોતે થવું તેના કરતાં તેની સદ્રુચિને જ અનુકૂળ થવાનું રાખી, બીજી રીતે પોતાની અભીષ્ટ સદ્રુચિ વાંચનારમાં ઉત્પન્ન કરવામાં વીર્યવાન્ ગ્રંથકારનું પુરુષત્વ સફળ થાય છે.

જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો; પરવશ થતાં જ સુમાર્ગે ચાલે એવાં પુરુષત્વહીન ચિત્તોને સન્મૂર્તિઓની ઉચ્ચ સુન્દરતાના મોહપાશમાં નાંખી સદ્‌વૃત્તના ઘેનમાં ગતિમાન્ થવાનો અવકાશ આપવો; કથાના વ્યસનીને સુકથાથી મદિરા પાઈ સત્કર્મના વ્યસનમાં પડવાનો માર્ગ દેખાડવો; આળસુ વિદ્વાનોમાં સત્પ્રતિભા જગાડવી; સુચિત્રોના મિષ્ટ પરિપાકમાં શાસ્ત્રના સંસ્કારોનો મધુર મધુર સંભાર કરવો; અવકાશવાળાના અવકાશરૂપ ભુંગળામાં સન્મોહની ફુંક મારવી; અને નિરક્ષર જનને તેના ગજા પ્રમાણે અક્ષરલભ્ય જીવનના રસિક કરવાઃ આ અને એવા ઘણાક કાવ્યકથાના ઉદ્દેશ આર્ય કથાકારોથી અજાણ્યા નથી અને યુરોપમાં પણ પ્રશસ્ત વર્ગમાં પ્રશસ્ત ગણાય છે. આપણા શાસ્ત્રકારો તો કહે છે જ કે આવી કથાઓ મિત્રની પેઠે—સ્ત્રીની પેઠે—ઉપદેશ કરે છે.

સાધારણ વર્ગની આ સેવા દુસ્તર નથી એટલી સત્ય અને સારના શોધકોની સેવા ગહન છે; કારણ મનહર થવા કરતાં મનભર થવું એ વધારે સાધન અને શક્તિની અપેક્ષા રાખે છે. પંડિતવર્ગ દેખીતી કલ્પનામાંથી સત્ય ચાળી કહાડે છે અને તેમના હાથ તેમને યોગ્ય સદ્વસ્તુથી ભરવા એ જ્ઞાન શ્રીમંતની જ શક્તિથી બને એવું છે. જડ વ્યવહારમાં જ પલોટાયલાં દેખાતાં કેટલાંક ચિત્ત અન્ય ચેતનને અગોચર રહેતાં સ્થાનોમાં પળવાર સંચાર પામી ઉંડી કવિતા અનુભવે છે; તેવાં ચિત્ત દેખીતા વ્યવહાર–ગદ્યની વચ્ચોવચ હૃદયનાં ગાન સાંભળવા ઉત્સુક થાય છે. તેમને તૃપ્ત કરવાં એ પણ કોઈ શુદ્ધ કવિના પ્રાસાદિક મહિમાથી જ સાધ્ય છે. સંસારપંડિત મનુષ્યો નવલ કલ્પનાના મંડપ-વચ્ચે કીયો ઇતિહાસ, વરરાજા પેઠે, ઉભો છે તે સૂક્ષ્મ દૃષ્ટિથી જુવે છે, અને કેઈ નીતિ, કન્યા પેઠે, વરાવાની છે તે શોધે છે; ટુંકામાં માનવીના બ્રહ્માંડ જેવા ચિત્તની હજારો હજારો વીગતો પંડિતવર્ગ નવલકથાઓમાં શોધે છે તે વીગતનું આ માત્ર દિગ્‌દર્શન જ છે. એ વર્ગને કવચિત્ પણ તૃપ્તિ અપાય તો તે મહાસંતોષની વાત છે.

નવલકથાનું શુદ્ધ હાર્દ આવું છે. કથાનું સ્વરૂપ માયિક હોવું જોઈએ તે ખરું, પરંતુ ગૌણ પક્ષે જ. હૃદયવિના સ્વરૂપ નિર્જીવ છે–તેના ઉપભોગથી હાનિ જ છે.

આ નવલકથામાં હાર્દ અને સ્વરૂપ કેટલાં સચવાયાં છે તેની તુલના પરીક્ષકને જ હાથે થવી યોગ્ય છે. તથાપિ ગ્રંથકર્ત્તાના કેટલાક વિશેષ ઉદ્દેશ સૂચકરૂપે અત્રે પ્રગટ કરવા તે પણ કથાની સંપૂર્ત્તિ કરવા જેવું છે.

આ ગ્રંથમાં એકથી વધારે કથાઓની કુલગુંથણી છે. ગ્રંથના નાયકનો સ્ફુટ આવિર્ભાવ થતાં પ્હેલાં, ઉપનાયક પ્રથમ ધ્યાન રોકે છે. આથી વાર્તાની સંકલનાનું ઐક્ય રાખવું એવો યુરોપ દેશમાં ચાલતો નિયમ તુટે છે, પરંતુ એક વાર્તાની વચ્ચે અનેક વાર્તા દર્શાવતા ઈશ્વરે રચેલા ઇતિહાસોનો નિયમ જળવાય છે. કૃત્રિમ નિયમો સાચવવા એ આ ગ્રંથનો પ્રધાન ઉદ્દેશ નથી. ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવું એ જ પ્રયાસ છે.

માનવીના મલિન વિકારોથી આખું ધ્યાન રોકવું એ કેટલાક ગ્રંથોનું કર્મ હોયછે. ઈશ્વરસૃષ્ટિમાં એ વિકારો પણ આવી જાય છે એ વાત ખરી છે; તદપિ તે વિકારોમાં આપણા જીવનની સમાપ્તિ થતી નથી, તે વિકારોના ચિત્રથી અભણ વર્ગને લાભ નથી અને હાનિ છે, તે વિકારોનાં ચિત્ર જાણવાનાં સાધન વિદ્વાન વર્ગને અન્યત્ર એટલે શાસ્ત્રીય ગ્રંથોમાં મળી આવે એમ છે, અને એમ છે એટલે મલિન ચિત્ર ક્હાડવાનું કંટાળા ભરેલું કામ આ કથામાં અનતાસુધી ઘણે અંશે દૂર રાખ્યું છે.

પૃથ્વી ઉપરનાં માનવીને ઉંચે ચ્હડાવવું હોય તો નીસરણીનું છેક ઉપલું પગથીયું બતાવવું એ તેની હીમ્મત હરાવવા જેવું છે. પૃથ્વી જ બતાવવી એમાં ઉત્કર્ષ બતાવાતો નથી. આ કારણને લીધે આ ગ્રંથનાં પાત્ર ઉત્કૃષ્ટતમ કર્યાં નથી કે વાંચનાર તેમને કેવળ કાલ્પનિક ગણે અને અનુકરણનો વિચાર જ ન આવે. તેમ જ લોકવર્ગનાં કેવળ સાધારણ મનુષ્યો જ ચીતર્યાં નથી કે ઉત્કર્ષ ને ઉત્સાહક પગથીયું જ જોવામાં ન આવે. આપણા સાધારણ વિકારો–ક્ષમા કરવાયોગ્ય નિર્બળતા–તેથી ડગમગતાં પરંતુ સ્થિર થવા, ઉત્કર્ષ પામવા, યત્ન કરતાં માનવીઓનાં ચિત્ર આપ્યાં છે. નિર્બળ માનવીમાં નિર્બળ માનવીપર સમભાવ ઉત્પન્ન થાય, અને તેમ કરતાં, સંસારસાગરમાં બાથોડીયાં મારવાના ઉપાય સુઝેઃ એ માર્ગનું દિગ્દર્શન અત્રે ઇચ્છ્યું છે, તેમ કરવામાં મલિન માણસોનાં ચિત્ર શુદ્ધ ચિત્રોમાં કાળા લસરકા પેઠે ક્વચિત્ આણવાં પડ્યાં છે; કારણ અશુદ્ધિના અવલોકનથી શુદ્ધિના ગૌરવનું માપ સ્પષ્ટ થાય છે.

વિદ્યા, દ્રવ્ય, અધિકાર, સ્વતંત્રતા અને વિશુદ્ધિઃ એ સર્વેના પ્રકાશમાં, છાયામાં, અંધકારમાં તથા અધવચ રહેતાં મનુષ્યોની સ્થિતિયો અને સંક્રાતિયો દર્શાવવા યત્ન કર્યો છે કે સર્વ વાંચનારને કોઈ કોઈ પાત્ર ઉપર સમભાવ થાય અને અનુકરણસારુ ઉપમાન મળે.

માનવી માત્ર સારાસારની મેળવણી જેવું છે. આ જગતમાં સર્વ રીતે સારુ જ અથવા સર્વ રીતે નરસું જ એવું કાંઈ નથી. એ મેળવણી અત્રે દર્શાવવામાં આવી છે અને તેમ કરવામાં અનુભાવક ઉપદેશ કરવો ઇચ્છ્યો છે.

વાર્તાનો સમય છેક સમીપનો અને પ્રદેશ આપણી ગુર્જર વસ્તીનો રાખેલો છે. એટલે, હજીસુધી આપણા કાનમાં વાગતા ભૂતદશાના ભણકારા, વર્તમાન દશાનો પ્રત્યક્ષ પડદો, અને ભવિષ્યકાળમાં વિદ્યાર્થી થનાર અવસ્થાની, આજથી આપણી કલ્પનાપર પડતી, પ્રતિચ્છાયાઃ— એ સર્વેનું મિશ્રણ કરવાથી શાસ્ત્રીય દેશોદ્ધારકોને કાંઈ સૂચના મળશે એવી કલ્પના છે.

આ વિનાના બીજા ઉદ્દેશ પરીક્ષકને જાતે પ્રકટ થશે તો જ તે સફળ છે એમ માની અત્રે કથવામાં નથી આવતા.

વસંતમાસ,<br>વિક્રમાર્ક ૧૯૪૩.<br>મુંબાઈનગરી. } ગો. મા. ત્રિ.

# ત્રીજી આવૃત્તિ સંબંધે પ્રાસંગિક સૂચના.

શબ્દોની લેખનપદ્ધતિના વિષયમાં આ આવૃત્તિમાં કેટલાક નિયમ પાળવા યોગ્ય ગણ્યા છે. તે નિયમોનો વિવેક "સમાલોચક" નામના મુંબાઈના ત્રૈમાસિક પત્રમાં આપેલો છે. તેનો વિસ્તાર પ્રસ્તાવનાને જોઈએ તેથી વધારે છે એટલે અત્ર આપ્યો નથી. પણ તે નિયમોની ટીપ નીચે પ્રમાણે છે.

૧. ગુજરાતીમાં વાપરવાના સંસ્કૃત શબ્દોનું લેખન મૂળ સંસ્કૃત પ્રમાણે જ રાખવું.

૨. ગુજરાતીમાં વાપરવાના ઈંગ્રેજી શબ્દોનું લેખન ઈંગ્રેજી ઉચ્ચાર પ્રમાણે સાંગોપાંગ રાખવું.

૩. મૂળ સંસ્કૃત શબ્દમાં લ હોય ને તેને સ્થળે આપણે ળ વાપરતા હઈએ તો લ તથા ળ ઉભય વાપરવા અને બીજી બાબતમાં મૂળ સંસ્કૃત પ્રમાણે જ લખવું.

૪. સંસ્કૃત इ ई उ ऊ ને સટે ઇ ઈ ઉ ઊ લખવાં.

૫. સંસ્કૃત તથા ઈંગ્રેજી શુદ્ધ શબ્દોમાં કાંઈપણ વિકાર અથવા ફેરફાર થઈ બંધાયલા તથા એ શુદ્ધ શબ્દો શીવાયના બાકીના બીજા બધા શબ્દોને ગુજરાતી ગણી તેમાં નીચેના નિયમ પાળવા. પ્રત્યયાદિને વિકાર ન ગણવા.

(અ) ગુજરાતના કોઈપણ પ્રાંતમાં ઉચ્ચારવામાં ન આવતું રૂપ સાક્ષર લેખમાં ચાલી ગયું હોય તો તજવું અને સટે સર્વત્ર ઉચ્ચારનું રૂપ લખવું. જેમકે, દ–હાડો, મ–હેતાજી તજી દ્હાડો અને મ્હેતાજી લખવું.

(આ) જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા ઉચ્ચાર ચાલતા હોય અને તેમાંનો એક સાક્ષર લેખમાં ચાલતો હોય તો તે જ લખવો, જેમકે, "સું" અને "કહીસું" ને ઠેકાણે અમદાવાદનાં "શું" અને "કહીશું" વગેરે રૂપ વાપરવાં, અને "આંખ્ય" અને "લાવ્ય"ને ઠેકાણે સુરતનાં "આંખ," "લાવ" વગેરે રૂપ વાપરવાં.

(ઈ) જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા ઉચ્ચાર ચાલતા હોય ને સાક્ષર લેખોમાં તેમાંનો એક પણ પરિપક્વ ચલણ પામ્યો ન હોય તો તે સર્વ ઉચ્ચારમાંથી જેને જે ફાવે તે લખવા.

(ઉ) લૌકિક લિપિને આધારે ગુજરાતી શબ્દોમાં ઈ હમેશ દીર્ઘ કરવી અને ઉ હમેશ હ્રસ્વ કરવું. આ નિયમમાં વ્યગ્રતા ન આવે માટે લોકલિપિમાં દીર્ઘ ઊ સમેત ર્ કરી લખાતા રૂને પણ રુ લખવું. શ અને ષને ઠેકાણે લોકલિપિમાંનો શ લખવો. આ વિષયમાં શુદ્ધાશુદ્ધના કાંઈ પણ તર્કવિતર્ક ન કરવા.

(એ) જે શબ્દોમાં હ સર્વત્ર બોલાતો હોય ત્યાં લખવો અને હ પ્હેલાંનો સ્વર ન બોલાતો હોય ત્યાં તે સ્વર ન લખવો. જેમકે, ત્હારું, ર્‌હેવું, ઇત્યાદિ તેમ જ મ્હેં, ત્હેં વગેરેમાં "હેં" ઠેકાણે "એં" કરી નાંખવાનો પ્રચાર ઉચ્ચારવિરૂદ્ધ છે તે ન સ્વીકારતાં (અ) નિયમથી મ્હેં, ત્હેં લખવું. પણ અમારા, અમ્હારા, એવા બે ઉચ્ચાર થાય છે તો (આ) નિયમ પ્રમાણે "અમારા" લખવું.

(ઓ) પદ્યલેખકો હ્રસ્વ દીર્ઘ ઉચ્ચારવાની સંજ્ઞાઓ (⌣ તથા–) ભલે વાપરે, પણ લેખનપદ્ધતિ બદલવાની તેમને અગત્ય નથી. માત્ર "ર્‌હેવું" વગેરેમાં "ર્" ને સ્થાને "ર" વાપરવા, એટલે તેમાંનો "અ" વિકલ્પે લખવા ન લખવા, સ્વતંત્રતા લેવી હોય તો તેઓ ભલે લે પણ ગદ્યમાં તે સ્વતંત્રતાનું કારણ નથી.

આ નિયમો થોડા, સ્હેલા, અપવાદ વિનાના, નિશ્ચય અને સર્વથી સમજાય તથા નિત્ય પાળી શકાય એવા લાગે છે. પછી તે કોઈને ગમે ન ગમે એ જુદો પ્રશ્ન છે.

મુંબાઈ,
શ્રાવણમાસ,
વિક્રમાર્ક ૧૯૫૨.

ગો. મા. ત્રિ.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મંગલપુષ્પાંજલિ. ... ... ... ... ... ... ... | ૨ |
| પ્રકરણ. | |
| ૧. સુવર્ણપુરનો અતિથિ. ... ... ... ... ... ... | ૩ |
| ૨. બુદ્ધિધનનું કુટુંબ. ... ... ... ... ... ... | ૭ |
| ૩. બુદ્ધિધન. ... ... ... ... ... ... ... | ૨૧ |
| ૪. બુદ્ધિધન ( અનુસંધાન ). ... ... ... ... ... | ૩૦ |
| ૫. બુદ્ધિધન ( અનુસંધાન સંપૂર્તિ ). ... ... ... ... | ૪૨ |
| ૬. રાજેશ્વરમાં રાજ-ખટપટ. ... ... ... ... ... | ૬૬ |
| ૭. વાડામાં લીલા. ... ... ... ... ... ... ... | ૭૨ |
| ૮. અમાત્યને ઘેર. ... ... ... ... ... ... ... | ૮૧ |
| ૯. ઉન્મત્તપણાનું પરિણામ. ... ... ... ... ... | ૮૯ |
| ૧૦. ખટપટનાં શસ્ત્ર અને કારભારીયોની યુદ્ધકળા. ... ... | ૧૦૫ |
| ૧૧. દરબારમાં જવાની તૈયારીયો ... ... ... ... ... | ૧૧૮ |
| ૧૨. રાજા, રાજદરબાર અને રાજકારભાર. ... ... ... | ૧૩૦ |
| ૧૩. રસ્તામાં. ... ... ... ... ... ... ... | ૧૭૦ |
| ૧૪. સૌભાગ્યનો સંપૂર્ણચંદ્ર.... ... ... ... ... ... | ૧૯૬ |
| ૧૫. સરસ્વતીચંદ્ર– ... ... ... ... ... ... ... | ૨૦૯ |
| ૧૬. બુદ્ધિધન અને સૌભાગ્યદેવી. ... ... ... ... | ૨૬૧ |
| ૧૭. પ્રમાદધન અને કુમુદસુંદરી. ... ... ... ... ... | ૨૬૪ |
| ૧૮. કારભારી અને કારભાર: દિગ્દર્શન. ... ... ... ... | ૨૭૪ |
| ૧૯. રાત્રિસંસાર: જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન. ... | ૩૦૧ |
| ૨૦. રજા લીધી. ... ... ... ... ... ... ... | ૩૪૧ |
| ૨૧. ચાલ્યો. ... ... ... ... ... ... ... ... | ૩૪૬ |

इच्छा नेच्छा परेच्छा च प्रारब्धं त्रिविधं स्मृतम् ॥
अपथ्यसेविनश्चोरा राजदाररता अपि ।
जानन्त इव स्वानर्थमिच्छन्त्यारब्धकर्मतः ॥
न चात्रैतद्वारयितुमीश्वरेणापि शक्यते ।
यत ईश्वर एवाह गीतायामर्जुनं प्रति ॥
सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥
अवश्यंभाविभावानां प्रतीकारो भवेद्यदि ।
तदा दुःखैर्न लिप्येरन् नलरामयुधिष्ठिराः ॥
अनिच्छापूर्वकं चास्ति प्रारब्धमिति तच्छृणु ॥
अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥
स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥
नानिच्छन्तो न चेच्छन्तः परदाक्षिण्यसंयुताः ।
सुखदुःखे भजन्त्येतत्परेच्छापूर्वकर्म हि ॥ पञ्चदशी.

# સરસ્વતીચંદ્ર.

## ભાગ ૧.

## બુદ્ધિધનનો કારભાર.

# મંગલપુષ્પાંજલિ.*

મનને મનસુખનું બીજ દીધું,
રતિ[1]-તંત્ર-સ્વરૂપ અનુપ કીધું;
ગુરુ આશ[2] ખડી શિશુપાસ કરી,
નભ ત્હોય ઉગ્યો ન રવિ—ન શશી. ૧
વિધિ ફાવી ચુક્યો કરી સર્વ ક્રિયા,
મનના રથ તે મનમાં જ વહ્યા;
વહીં નિત્ય, ડુબ્યા મન ટેકવવા,
વિધિના કર ત્હોય નમ્યા—ન નમ્યા. ૨
તરછોડી રમા[3] હઠી દૂર ઉભી,
ઉરવલ્લી[4] ફુલોથકી ત્હોય લચી;
દિન કંઈક ગયા, દિન કંઈક જશે,
લચી તે ન લચી ન કદાપિ થશે. ૩
કુમળી હતી ત્યારથકી સિંચી એ,
બળવાળી રૂપાળી બની વધશે;
કંઈ નાચતી એ, ફુલ તે ખરતાં,
નિજ માળી તણે ચરણે પડતાં. ૪
ફુલ-ગન્ધ ગ્રહો, ઉરમાળી, હવે,
કંઈ આશિષ દ્યો નિજ બાળ-હિતે;
ઉરવલ્લી વિભુતરુ સાથ રમે—
દિન દિન ભીખું[5] તમ આશિષ એ. ૫

---

* આ પદબંધમાં સંબોધનનો અધ્યાહાર છે તેને લીધે સંબોધક અને સંબોધિત સર્વનામના પણ અધ્યાહાર છે. પ્રથમ છંદમાં "દીધું," "કીધું" અને "કરી" અને ચોથા છંદમાં "સિંચી": એ સર્વ **ક્રિયાપદનો કર્ત્તા** "તમે" શબ્દ અધ્યાહૃત છે. "મન," "ઉરવલ્લી," અને "દિન" એ શબ્દોનાં પ્હેલાં "મ્હારૂં" "મ્હારી," અને "મ્હારા" એ સર્વનામોનો યોગ્યતા પ્રમાણે અધ્યાહાર છે.

૧. સ્નેહ. ૨. દિશા, આશા. ૩. લક્ષ્મી. ૪. હૃદયરૂપ વેલી. ૫. ભિક્ષાં દેહિ કહી યાચવું—માગવું.

# સરસ્વતીચંદ્ર.

## પ્રકરણ ૧.

### સુવર્ણપુરનો અતિથિ.

“ ઘર તજી ભમું હું દૂર સ્વજન–હીન, ઉર ભરાઈ આવે,
“ નહીં ચરણ ઉપડે હુંથી શોકને માર્યે.”

*    *    *    *

“ સુખ વસો ત્યાં જ જ્યાં ભુલે રંક નિજ દુઃખો,
“ જ્યાં પામે આદરમાત્ર પ્રવાસી ભુખ્યો.”—ગોલ્ડ્સ્મિથ્.

સુવર્ણપુર, પશ્ચિમસાગરની સાથે ભદ્રાનદી સંગમ પામે છે ત્યાં આગળ આવેલું છે. સાગરે નદીરૂપ હાથવડે કેડ ઉપર બાળક તેડ્યું હોય તેમ એક ટેકરીના ઢોળાવ ઉપર પથરાયલો એનો વિસ્તાર લાગે છે. એ નગરના બંદરમાં માઘ માસમાં એક દિવસ એક વ્હાણ આવી નાંગર્યું, અને જુદા જુદા ન્હાનામ્હોટા મછવાઓ તે ઉપરનો માલ ઉતારવા ગયા તેમાં માલની ગાંસડીઓ ઉતરતી હતી તેમ કોઈ કોઈ ઉતારુઓ પણ ઉતરતાં હતાં. એક મછવામાં કેટલાક વ્યાપારીયો ઉતર્યા તેની સાથે એક તરુણ પુરુષ પણ આવી ઉતર્યો અને મછવાની એક બાજુએ લપ્પાઈ રહેતો હોય તેમ બેઠો. તેની દૃષ્ટિ સમુદ્ર અને સુવર્ણપુર વચ્ચે હીંચકા ખાધાં કરતી હતી—જાણે કે સમુદ્રના તરંગથી મછવો આમ તેમ ખેંચાતો હતો તેનો પ્રત્યાઘાત થતો હોય અથવા તો એક બાળકની પેઠે તેની આંખને મછવાના ચાળા પાડવાનું મન થતું હોય. તે પુરુષનું વય ત્રેવીશ ચોવીશ વર્ષનું દેખાતું હતું, તેનાં વસ્ત્રપર ઉજાસ ન હતો અને મ્હોં કરમાયલું હતું. તે નિઃશ્વાસ નાંખતો ન હતો પણ તેના અંતઃકરણમાં ઘણાક નિઃશ્વાસ ભરાઈ રહેલા હોય એવું એની મુખમુદ્રા સૂચવતી હતી. પરંતુ તેની કાન્તિમાં કાંઈક લાવણ્ય હતું અને તેના મુખ ઉપર કોમળતા હતી. આ સર્વથી આસપાસના આનંદમાં ગરકાવ થઈ ગયેલા પણ ગ્રામ્ય અને કઠોર કાન્તિવાળા વ્યાપારીયોમાં આ તરુણ સર્વ રીતે ભાત પાડતો હતો.

હોડી કીનારે આવી અને સઉ લોકો ઝપોઝપ ગાંસડાં પોટલાં લઈ ઉતર્યા તેમની સાથે એ પણ ઉદાસ અને મન્દ વૃત્તિથી ઉતર્યો. થોડી વાર તે કીનારા ઉપર દાઢીએ હાથ દઈ ઉભો રહ્યો અને આખરે એક દિશામાં ચાલ્યો. લોકો નગર ભણી વળતા હતા; પણ એ એક બીજી દિશાએ ચાલ્યો અને થોડીક વારમાં એક ઝાડપાનવાળા મેદાન વચ્ચે એક મ્હોટા બાંધેલા રસ્તા ઉપર સઉ લોકથી જુદો તથા એકલો પડી, એક મ્હોટા પુલપર એક એકલ એંજીન સંભાળથી ધીમે શ્વાસે ચાલતું હોય તેમ, જવા લાગ્યો. સામાનમાં તેની સાથે એક ન્હાની સરખી પોટલી હતી. આકાશ, પૃથ્વી, આગળ તથા પાછળ, વારા ફરતી જોતો જોતો તે સ્થિર પગલે ચાલતો હતો. પ્રાતઃકાળનો બાલક સૂર્ય તેના આછાં કપડાંવાળાં શરીરને ઠીક લાગતો હતો, તથાપિ કોઈ કોઈ વખત પવનને લીધે તેને હાથનો સ્વસ્તિક* રચવો પડતો હતો. તોપણ ચાલવાના પરિશ્રમને લીધે તેમ જ તડકાને લીધે તેના વિશાળ કપાળ ઉપર પરસેવાનાં ટીપાંનું જાળ બાઝયું હતું. તાપથી તેનું કમળપત્ર જેવું મુખ તથા ગાલ રાતા ચોળ થઈ ગયા હતા. આખરે એક મહાદેવનું દેવાલય આવ્યું તેના દ્વારમાં ચારે પાસ જોતો જોતો તે પેઠો.

આ દેવાલય રાજેશ્વર મહાદેવનું હતું. તે સુવર્ણપુરના અમાત્ય (કૌંસીલર) બુદ્ધિધનના પૂર્વજોનું બંધાવેલું હતું. દેવાલયની આસપાસ ફરતો ફરસબંધી ચોક હતો અને તેની આસપાસ છાપરીવાળી ઓસરી હતી. ઓસરીની આસપાસ કાચા પત્થરની પણ ઘણી જુની છોયેલી ભીંત હતી. આ ઓસરીમાંથી પછીતમાં એક બારી પડતી હતી, અને તે બારી પાછળ એક વાડો હતો જેમાં મહાદેવને ઉપયોગમાં આવે એવાં ફળફુલના છોડ તથા એક બીલીનું વૃક્ષ હતું. વાડાની આસપાસ કાંકળો તથા થોરની વાડ કરી લીધેલી હતી અને તેમાં એક બે છીંડાં રાખેલાં હતાં. ઓસરીની બ્હાર બે બાજુએ મ્હોટા ઓટલા બાંધી લીધેલા હતા, અને જમણી બાજુએ એક ન્હાનું સરખું આરાવાળું તળાવ હતું જેનું નામ રાજસરોવર રાખેલું હતું. દેવાલયની સામી બાજુએ એક કુવો પણ હતો. ઉત્સવને દિવસે ભીડવેળા ઉપર ઉભા રહી મહાદેવનું દર્શન થાય એટલું ઉંચું તેનું થાળું હતું. શિવાલયનું દ્વાર પણ પ્રમાણમાં જમીનથી ઉંચું હતું. પણ ઉમ્મર ઉપરથી તેનું ઉંચાણ જાણી જોઈને ઓછું રાખવામાં આવેલું હતું તે એવા વિચારથી કે જાણેઅજાણ્યે પણ મંદિરમાં જનારને નીચા નમી દેવને નમસ્કાર કરવા જ પડે. ઓસરી અધેથી લીંપેલી હતી પણ વટેમાર્ગુઓને ધર્મશાળાના ઉપયોગમાં આવતી તેથી ઘણે

* સ્વસ્તિક–સાથીઓ. હાથનો સ્વસ્તિક રચવો–અદબ વાળવી.

ઠેકાણેથી લીંપણ ઉખડી ગયેલું તેના ઉપર થીંગડાં દીધાં હતાં. ઓસરીની ભીંતો ઉપર વટેમાર્ગુઓએ, પોતાનાં નામ અમર રાખવા અથવા પ્રસિદ્ધ કરવાના હેતુથી, અથવા માત્ર અટકચાળાપણાથી, ખડી, ઈંટાળા, કોયલા વગેરેથી લખેલાં હતાં અને કોઈ કોઈ ઠેકાણે તો ખીલા વગેરેથી કોતરેલાં હતાં. આ આલેખોમાં ગામડીયા કવિતા, શુદ્ધ અશુદ્ધ શ્લોક, ક્હેવતો, અશ્લીલ ગાળો, ધર્મશાળાના ધણીને આશીર્વાદો, સૂચનાઓ, ધમકીઓ, કંઈ કંઈ બનાવોની તિથિઓ, દેવ વગેરેનાં સારાં નરસાં ચિત્રો, ઇત્યાદિ ડગલે ડગલે જોવામાં આવતાં. ચોકની વચ્ચે શિવાલય, સાધારણ ઘાટનું, અને દશ બાર પગથીયાં, ઓટલા, પોઠિયો વગેરે સામગ્રીસમેત હતું.

દ્વારમાં પેસતાંમાં જ નવો આવેલો તરુણ, ચારે પાસ તેમ જ દેવાલયના ગર્ભદ્વારમાં દૃષ્ટિ ફેરવી, પગથીયાં પર ચ્હડી, બ્હારના ઘુમટમાં લટકાવેલો ઘંટ વગાડી, દેવને નમસ્કાર કર્યા જેવું કરી, ગર્ભદ્વારમાં ઉમરા ઉપર બેઠો અને પોટલી મ્હોં આગળ મુકી; પણ અંદર પૂજારી મહિમન્નો પાઠ ભણી રુદ્રી કરતો હતો તેણે તેના સામું જોઈ સાન કરી કે તરત ઉમ્મર બ્હાર હેઠળ બેઠો.

પૂજારી ત્રીશ પાંત્રીશની વયનો એક તપોધન હતો. તેની હજામત વધી ગયલી હતી અને બેભાન તથા જડ માણસ જેવો દેખાતો હતો. પણ અમાત્યના ઘરનો સહવાસી હોવાથી તથા તેના ચાકરોના અનુકરણની લઢણ પડવાથી તે જરી જરી સભ્યતા શીખ્યો હતો; ગ્રામ્ય ભાષા તેને સહજ હતી તોપણ તેમાં વાક્ચાતુર્યનાં ચોરેલાં થીગડાં મારતો. લાંબું લાંબું બોલવાની ટેવ રાખતો, સવાસલાં તથા ખુશામત કરવા જતો, ન્હાના વિષયોમાં મ્હોટાઓનું ધ્યાન ચુકાવી કપટ કરી ફાવી જતો, મ્હોટા વિષયોમાં કપટ કરવા જતાં પકડાઈ જતો, ન્હાનાં તથા અજાણ્યાં માણસોને મ્હોટાંને નામે ધમકાવી સીરજોરી કરી અભિમાન પામતો, અમાત્યનાં માણસો સાથે ઘડીમાં લ્હડતો અને ઘડીમાં નીચ મસલતોમાં ભળતો, અને અમાત્યના કુટુંબવર્ગમાં ગરીબ પૂજારીનો દાવો કરી લાચારી અતાવી ધાર્યું કરવા પામતો હતો. આવું છતાં તેને ભોળો અને બેવકુફ ગણી અમાત્ય તેનો નીભાવ કરતો.

નવા તરુણને જોઈ પૂજારી મૂર્ખદત્તે રુદ્રીનો ઢોંગ વધાર્યો, જળાધારીમાં અભિષેકથી રેલ આણી, બાણ ઉપર ફુલબીલીનો ઢગ રચ્યો અને સ્તવન કરતાં અશુદ્ધ ગર્જના કરવા લાગ્યો. આ મંદિરે નગરથી દૂર હોવાને લીધે તેમાં કોઈ આવતું નહી; પણ શિવરાત્રિ પાસે આવવાથી

રાજમંડળ, અમાત્યકુટુંબ, તથા નગરલોક આવવાના—એ વિચારનો નવો કેફ મૂર્ખદત્તને ચ્હડ્યો હતો તેમાં "શ્રીગણેશાય નમઃ" માં તરુણને જોઈ ભાંગ પીધેલાને દીવો જોતાં અસર થાય તેમ મૂર્ખદત્તને પણ થયું.

થોડીવાર તો તરુણ પુરુષ એ સર્વ એક ટશે જોઈ રહ્યો પણ પૂજારી-ની પૂજાના માહાત્મ્યને વિકાસ પામતું જોઈ તેને કાંઈક હસવું આવ્યું, અને મૂર્ખદત્તે એમ ધાર્યું કે મ્હારી મહાપૂજાના આડંબરનો યોગ્ય અસર થયો. આમ ધારી તે મનમાં પ્રસન્ન થઈ પૂજા થઈ રહેવા આવી એટલે મ્હોટા ડોળ તથા આડંબરથી ખોંખારી વચ્ચે વચ્ચે પ્રશ્નપરંપરા કરવા લાગ્યો.

"તમે બહુ શ્રદ્ધાળુ દેખાઓ છો!" "તમારૂં નામ શું?" "તમે "કોણી પાસથી આવ્યા?" "કાંઈ ધંધા નોકરીનો વિચાર છે?" "અત્યારે "ક્યાંથી?" "તમે આ ગામમાં નવા આવ્યા જણાઓ છો." "હું આ "મહાદેવનો વંશપરંપરાનો પૂજારી છું." "મ્હારૂં નામ મૂર્ખદત્ત." અંતે છેઠી મહાદેવનું નમણ તથા બીલીપત્ર તરુણ આગળ ધર્યાં.

મહાદેવના પ્રસાદથી આંખનાં પોપચાં પવિત્ર કરી તરુણ બોલ્યો: "મ્હારૂં નામ નવીનચંદ્ર છે. હું બ્રાહ્મણ છું. અત્યારે જ બંદર ઉપરથી "ઉતરી ચાલ્યો આવું છું. આ ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો રાખવો "છે તેમાં તમારી મદદની જરુર પડશે. મ્હારી રસોઈ તમારા ભેગી "કરી નાંખશો તો મને બાધ નથી." "બાધ નથી" સાંભળી તપોધન આશ્ચર્યમાં પડ્યો; એટલામાં નવીનચંદ્રે ઉમ્મરમાં એક રુપીયો નાંખ્યો. પત્થર ઉપર રુપીયાના શબ્દે તપોધનનું મન વશ કર્યું અને આશ્ચર્યને અપૃચ્છામાં લીન કર્યું.

આનંદસ્વપ્નમાં મગ્ન થતો થતો પૂજારી લક્ષ્મીદેવીનો સત્કાર કરી ઉઠ્યો અને આગળ એ અને પાછળ નવીનચંદ્ર એમ બે જણ ચાલ્યા. જતાં જતાં મૂર્ખદત્તે વાગ્ધારા છોડી.

"ભાઈ નવીનચંદર, તમારું નામ અટપટું છે તેથી હું તમને ચંદરભાઈ "કહી બોલાવીશ અને તમે પણ બધાંની પેઠે મને દત્ત કહી બોલાવજો. ચંદર-"ભાઈ, ચાલો. આ ઓસરીમાં મ્હારી ઓરડી છે ત્યાં રસોઈ થશે. તમારી પાસે "જોખમ હોય તે મ્હારા પટારામાં મુકજો અને કુંચી ગમે તો તમારી પાસે "રાખજો. આ પાછળ વાડો છે અને જોડે તળાવ છે. તળાવમાં ન્હાઈ વાડામાં "બેશી બે છાંટા નાંખવા હોય તો નાંખી દેજો. જમવાનો વખત થયે હું તમને "બોલાવીશ; ધુમાડામાં બેસવાનું તમને નહી ગમે અને ઓસરી કરતાં

" વાડામાં ગમશે. વળી કાલ શિવરાત્રિ છે એટલે મહાપૂજાની ગોઠવણ
" કરવા અમાત્યના ઘરનાં બધાં આવવાનાં છે તે વખત પણ તમે વાડામાં
" હો તો તેમની મરજાદ સચવાય. ચાલો આ મ્હારી ઓરડી."

---

## પ્રકરણ ૨.*

### બુદ્ધધનનું કુટુંબ.

નવીનચંદ્ર વાડામાં ગયો. મૂર્ખદત્તની ઓરડીમાંથી ધુમાડાના ગોટે ગોટ નીકળવા લાગ્યા અને થોડીક જ વાર થઈ એટલામાં ગાડીઓનો ગડગડાટ, અને ઘોડાઓની ખરીના પડઘા સંભળાયા. કણકવાળા બે હાથ અગાડી ધરી ઉતાવળો ઉતાવળો મૂર્ખદત્ત ઓરડીના આરણા આગળ આવ્યો અને ડોકું ઉંચું કરી કાંડાવતે ચોટલી ઠીક કરી આંખો લ્હોતો લ્હોતો દરવાજા ભણી જોવા લાગ્યો એટલામાં તેમાં થઈ ચાર પાંચ સુંદરીયો પગના ઘુઘરાના ઘમકાર કરતી અંદર આવી પ્હોંચી, અને શિવાલયનાં પગથીયાં પર પ્રયત્નથી ચ્હડતી હોય એમ દેખાઈ.

આ ટોળીમાં બે જણ અગ્રેસર હતી. છેક અગાડી વીશ બાવીશ વર્ષની છકેલ જોબનના પૂરમાં તણાતી બુદ્ધિધનની દીકરી અલકકિશોરી હતી. તેની સાથે–પણ જરા પાછળ–ચૌદ પંદર વર્ષની સંપૂર્ણ મુગ્ધાવસ્થામાં પણ જુવાનીના મળસ્કાના ઉજાસમાં તથા તે સમયને યોગ્ય મદનની વિરલ પણ શીતળ લ્હેરોમાં મોજ માણતી, બુદ્ધિધનના પુત્ર પ્રમાદધનની નવોઢા પત્ની કુમુદસુંદરી હંસગતિથી ચાલતી હતી. તડાકા ભડાકા કરતી અને આખા અંધકારને સળગાવી મુકતી ચમકતી વીજળીની પાછળ મેઘ વેરાઈ જતાં કોમળ અને મનહર મંદ ચંદ્રિકા પ્રકાશે તેમ ભભકભરી અલકકિશોરી પાછળ સૌમ્ય કાન્તિવાળી અર્ધ વિકસેલા સ્મિતભરી કુમુદસુંદરી શરમાતી શરમાતી પોતાના પ્રફુલ્લ વદનનો સ્થિર આભાસ આખા મંદિરમાં પ્રકટાવતી હતી.

---

* પ્રકરણ–૨, ૩, ૪, અને ૫, એમાં વાર્તાના પ્રસંગ કરતાં ઇતિહાસ જ પ્રધાનભૂત છે.

નણંદ ભોજાઈ વચ્ચે દેખાવમાં, સ્વભાવમાં અને આચારવિચારમાં દેખાઈ આવે એટલો ફરક હતો; અને તેનું કારણ ઘણે અંશે તેમના કુટુંબ, ઇતિહાસ, અને શિક્ષણમાં હતું. તે ફરકનાં બીજ ઈશ્વરે તો જન્મથી જ મુકેલાં હતાં પણ તે બીજનો વિકાસ આ બાહ્ય કારણોથી પ્રફુલ્લ થયેલો હતો.

અલકકિશોરી સ્ત્રીવર્ગ જેને 'જાજરમાન'* કહે છે તે પ્રકારની હતી. તેનો રંગ સોનેરી ગોરો તથા મધ્યાહ્નના તાપની પેઠે ચળકાટ મારતો હોય તેવો હતો એટલે પાસે આવનારી નજર તેના ભણી સહસા ખેંચાતી અને અંજાતી. તેના સર્વ અવયવોનો ઘાટ પ્રમાણસર પણ મ્હોટો હતો એટલે જોનારની આંખ એકદમ ભરાઈ જતી. તેના હાવભાવ ચંચળ, પ્રબળ, અને પ્રતાપી હતા તેથી તેની સામે ઉભા રહેનારનું હૃદય સભાક્ષોભના જેવો ક્ષોભ પામતું અને ગરીબ બની જતું. અમલ ચલાવતી હોય તેવી રીતે તેને બોલવાની ટેવ હતી; તેની સાથે વાત કરનાર માણસ, વાત કરતા સુધી અને એની પાસેથી છુટતા સુધી, સ્વાભાવિક પરાધીનતા ભોગવતાં; અને જેમ બુદ્ધિધનનો દોર તેના અમલથી ચાલતો તેમ અલકબ્હેનનો દોર તેના દૃષ્ટિપાતથી ચાલતો. સાધારણ બુદ્ધિના લોકનું એમ માનવું હતું કે આ સર્વનું કારણ તેના શરીરની સુંદરતા છે. આમ માનવામાં તેઓનો દોષ ન હતો, કારણ ભભક ધમકથી અંજાયલી તેમની દૃષ્ટિયોની વિવેક-શક્તિને પક્ષાઘાત થતો. ખરું અને ઝીણવટથી તપાસી જોનારને અથવા તેની ગેરહાજરીમાં સ્મરણ આણી વિચારનારને અલકકિશોરીમાં વધારે વધારે ખોડો માલમ પડતી; પરંતુ તેવાઓને પણ તેના રુઆબ આગળ લાચાર દીલના બની જવું પડતું. આવું છતાં કોઈ પણ માણસનું મન ખંડ કરવા ચ્હાતું તો આ પ્રતાપી હરિણાક્ષીના જોબનનો ઉકળાટ તેનું ગુમાન ઉતારી દેતો અને એનો નિરંતર મચી રહેતો તનમનાટ તેને દિઙ્‌મૂઢ બનાવી દેતો. આ આકર્ષણ–શક્તિને લીધે આ ઉન્મત્ત યૌવનવાળીની આસપાસ કચેરી ભરાઈ રહેતી જેમાં તે પોતે શક્તિ જેવી શક્તિ ધરાવતી હતી.

અલકકિશોરીની મા સૌભાગ્યદેવી માત્ર એક સાધારણ રૂપગુણની સ્ત્રી હતી અને તેનાં ઠરેલપણાને લીધે બુદ્ધિધન તેને ચ્હાતો. તોપણ અલકકિશોરી ન્હાની હતી ત્યારથી જ બાપને હાથે ઘણું લાડ પામી હતી અને ઉમ્મરમાં આવવા પછી પોતાના જલદ મીજાજને લીધે, ન્હાનપણમાં ન દેખાડેલો અંકુશ હવે દેખાડવા કોઈની શક્તિ ન હોવાને લીધે, વ્યવહારમાં ગુંચવાઈ રહેતા બુદ્ધિધનને ઘરખટલા ઉપર ધ્યાન આપવા અવકાશ ન

* जाज्वल्यमान.

હોવાથી તથા કોઈ પણ માથે લેઈ લે એવા માણસને એ કામ કરવા દેવાની જરુર હોવાથી, સૌભાગ્યદેવીને દીકરીનું કરેલું બધું કામ પસંદ જ આવતું એવું ન હતું; તોપણ ભાર તાણવામાં તેની વૃત્તિ શિથિલ હોવાથી, તથા મૂળ સ્વભાવે જ શાંત હતી અને તેમાં વળી આવી સઉ-માનીતી દીકરી ઉપર મત્સરી જાણી જોઈને ન હોવાથી, અને ઉપર કહેલા અલકકિશોરીના પોતાના જ ગુણોને લીધે સઉપર સ્વાર થવાની પોતાની તાકાત હોવાને લીધે, એ ઉન્મત્ત કિશોરી બુદ્ધિધનના ઘરમાં, કુટુંબમાં, પરિવારમાં, બ્હારના માણસો સાથે જરુર પડતા વ્યવહારમાં, અને માથું મારી શકે ત્યાં રાજકાર્યમાં પણ નિષ્કંટક રાજ્ય ચલાવતી હતી. તેને પુછ્યા વિના ઘરમાંનું કાંઈ કામ થતું નહી. તેનો દોષ કોઈ ક્હાડી શકતું નહી. તેની ગતિ કોઈ રોકી શકતું નહી. બ્હારનાં માણસો આખા અમાત્યકુટુંબનો જીવ તેમાં જ દેખતાં, અમાત્ય ઉપર સત્તા તેની મારફત જ ચલાવવા જતાં, માન અને ખુશામત તેના ઉપર જ ઢોળી દેતાં, અને કેટલાકનું ધારવું એમ પણ હતું કે એ સાસરે જાય તો અમાત્યના ઘરમાં અંધારું જ વળી જાય. અમાત્ય આ સર્વ જાણતો, એ સઉનો ગેરલાભ કોઈ લઈ જાય નહી તે વિષે સાવધ ર્‌હેતો અને પુત્રીનું માન રાખી પોતાનું જ ધાર્યું કરતો. તોપણ જગતનો અભિપ્રાય ફેરવવા તેની પૂરી શક્તિ ન હતી, શક્તિ હતી તેટલી વાપરતાં પુત્રીની અવગણના થાય માટે વાપરવા ઇચ્છા ન હતી, જગત કેવું આંધળું બની કેવા અભિપ્રાય બાંધે છે તે જોવામાં તેનું કુતૂહળ જાગતું, અને કેટલીક વખત તો એ ન જાણતો એમ–પણ સ્વાભાવિક રીતે–જગતનું ધાર્યું ખરુંયે પડતું. આવી રીતે સુવર્ણપુરના અમાત્યના ઘરસંસારની ઘટમાળ ફર્યાં કરતી હતી.

અલકકિશોરી ગમે તેવી પણ બાળક હતી; રંક અવસ્થા તેણે દીઠી ન હતી; પોતાનું ધાર્યું કર્યું જ સમજતી; પોતાને હમેશ ફાવેલી જ જોતી; હુકમ કર્યો જ સમજતી; મનમાન્યું અમલમાં આવ્યું જ જોતી; ચારે પાસથી વખાણ જ સાંભળતી. અમાત્યના ઉદય કરતાં તેનું વય મ્હોટું ન હતું; વયમાં, જ્ઞાનમાં, અનુભવમાં, જાતિમાં અને સુંદરતામાં, પોતાનાથી ચ્હડીયાતાં માણસોને પોતાથી ડબાયલાં ર્‌હેતાં અનુભવતી; ખરું શું છે તે તેને કોઈ સંભળાવતું ન હતું; ખોટું શું છે તે તેની આગળ ક્હેવા કોઈની હીંમત ચાલતી ન્હોતી; હિત અહિત શામાં છે તે તેને ક્હેવાની કોઈને ગરજ ન હતી; ભૂતકાળની વાત સંભળાવી તેને કંટાળો આપવો એ સઉના સ્વાર્થવિરુદ્ધ હતું; ભવિષ્યકાળની સાચી

વાતો ઉપર તેની આંખ દોડાવવી એ તેની કલ્પનાને શ્રમ આપવા જેવું અને તેના મનને ખેદ આપવા જેવું મનાતું; આથી વર્તમાન રંગભૂમિ ઉપરનાં નાટકો ઉપર તેનું લક્ષ રહેતું અને પ્રત્યક્ષ પડદા આગળ તેની દૃષ્ટિસીમા આવી રહેતી. આ સઉનું ફળ એ હતું કે ભયંકર ગુમાનરૂપી સર્પ તેના કુમળા મગજમાં પેસી રહી, ધુંધવાઈ રહી, તેની ભમરો ઉપર ફેણ માંડતો, આંખમાં ઘૂર્ણાયમાન થતો, જીભમાંથી ફુંફાડા મારતો, અને આખા શરીરમાં વિષમય ચંચળતા પ્રેરતો. આ સર્પનો પ્રતીકાર કરવા તેનામાં વિદ્યામૃત હતું નહી અને સત્સંગતિના કલ્પવૃક્ષનો વાસ તેણે અનુભવ્યો પણ ન હતો. માત્ર અમાત્યકુટુંબના સહજ વિનયરૂપ પોલા રાફડાથી વિષમય ચેતન ઢંકાઈ રહ્યું હતું.

આ લડાક કિશોરીનો ઉદયભાનુ હાલ મધ્યાકાશમાં હતો. તેનાં સાસરીયાં તેની મરજી પ્રમાણે ચાલતાં. તેના પતિને તેનું ગુમાન ખુંચતું તથાપિ તેનું દીલ દુખવવું એ કૃતઘ્નતા ભરેલું વસતું. સઉના મનમાં એમ હતું કે **પ્રમાદધનભાઈ** ઉમ્મરમાં આવશે અને ગૃહસ્થાશ્રમ માંડશે એટલે **અલકબ્હેન**નો મત્સર નરમ પડશે અને અમાત્યના ઘરમાં નવો કારભાર ચાલશે. પણ આવું ધારનારાઓને તરત તો વિચાર ફેરવવાનો અવસર આવ્યો.

**પ્રમાદધન**ને ઘણી કન્યાઓ વાસ્તે ફ્હેણ આવ્યાં હતાં. પણ તેમના રૂપ અને કુળની તુલનામાં માબાપ અને દીકરીનાં મતનો ફેર પડતો એટલે ચોકઠું બેસતું નહી. આખરે રત્નનગરીના પ્રધાન **વિદ્યાચતુર**ની દીકરી **કુમુદસુંદરી** ખાલી પડી. તેનો વિવાહ પ્રથમ તો મુંબાઈનગરીના એક ધનાઢ્ય અને પ્રખ્યાત વ્યાપારી **લક્ષ્મીનંદન**ના વિદ્વાન્ પુત્ર **સરસ્વતીચંદ્ર**ની સાથે થયો હતો. પણ લગ્નનું મુહૂર્ત પાસે આવ્યું તેવામાં ઈશ્વર જાણે શાથી **સરસ્વતીચંદ્ર** એકાએક અલોપ થયો, તેની ભાળ ખોળતાં પણ લાગી નહી, અને આખરે મુંબાઈથી લખેલો તેનો એક કાગળ **વિદ્યાચતુર** ઉપર આવ્યો તેમાં તેણે લખ્યું હતું કે "કાંઈ કારણથી મેં મ્હારું ઘર ને નામ છોડી દીધું છે, "મ્હારે પરણવાની ઇચ્છા નથી, હું ભવસાગરનું એક અગોચર મોજું થઈ "મનસ્વીપણે સંસારમાં એકલો અને અપ્રખ્યાત અથડાઈશ, મ્હારી કોઈએ "ચિંતા કરવી નહી, મ્હારી ભાળ હવે લાગવાની નથી, ગુણવતી કુમુદસુંદરીને "પરણી હું ભાગ્યશાળી થાત, પરંતુ મ્હારાથી તે સુખી થઈ શકત એવું "એકદમ મ્હારાથી મનાતું નથી; તેનું સૌભાગ્ય અમર રહો. તેને હવે મરજી "પડે ત્યાં પરણાવજો." આ કાગળ વાંચી તેની ખાતરી કરી, નિરાશ થઈ **વિદ્યાચતુર** કુમુદસુંદરીનું શું કરવું તે વિષે ગભરાટમાં પડ્યો; કારણ કુમુદસુંદરીનો કન્યાકાળ વીતી ગયો હતો અને **સરસ્વતીચંદ્ર**ની સાથે તુલના કરી

શકાય એવો એક પણ વર તેની નજરે આવતો ન હતો. તેને કુમુદસુંદરી શિવાય બીજી પણ એક એનાથી ન્હડે એવી ન્હાની દીકરી હતી; અને પોતાને પુત્ર ન હતો તોપણ કન્યા-રત્ન જોઈ એને સંતોષ હતો અને સરસ્વતીચંદ્ર તથા કુમુદસુંદરીની જોડ જોઈ એને પરમાનંદ વ્યાપતો; તેમાં આ આપત્તિ આવ્યાથી તેને પુત્રનાશનાથી અધિક શોક થયો. આવા ચતુર અને સમજુ જમાઈને એકદમ આ શું સુઝયું તે એ વિચારી ન શક્યો. માત્ર 'ઈશ્વરની ઈચ્છા' કહી નિઃશ્વાસ સાથે गतं न शोचामि કરી ભવિષ્યના વિચારમાં પડ્યો.

આ વાતો દેશવિદેશ પ્રસરી ગઈ. વર્ત્તમાનપત્રોમાં છપાઈ. નાત-જાતમાં ચાલી રહી. જાણ્યાઅજાણ્યામાં ચર્ચાઈ રહી. વિદ્યાને માથે કલંક દેવાયાં. છોકરવાદી સર્વેની બત્રીશીમાં ન્હડી. પ્રમાદધને એ વાત વાંચી, સાંભળી, અને જમતી વખત કહી બતાવી. કુમુદસુંદરીનાં દુર્ભાગ્યની વાત પણ સાથે નીકળી, સઉને બીચારીની દયા આવી, એમાંથી એના રૂપ ગુણની વાત ચાલી, અને આખરે અલકબ્હેન બોલી ઉઠ્યાં, "ત્યારે મ્હારા ભાઈને "એ કન્યા ન ખપે?" સૌભાગ્યદેવીએ કહ્યું કે ખપે. બુદ્ધિધને કહ્યું કે વિદ્યાચતુર સાથે મ્હારે જુની મિત્રતા છે, તે ઉંચા કુળમાં જન્મેલો છે, અને તેની સ્ત્રી ચતુર, સુશીલ અને ભણેલી છે. સૌભાગ્યદેવી ક્હેઃ "કન્યા "મ્હેં દીઠી છે. રાજચંદ્રના લગ્નમાં અમે જોડકણાં ગાતી વેળા એકઠાં થયાં "હતાં, એ કુટડી ને ચતુર છે." અલકબ્હેને કહ્યું કે પ્રાતઃકાળમાં કન્યાનું માગું કરવા માણસ મોકલવું. એ દરખાસ્ત પસાર થઈ. કુળજોશી બ્રાહ્મણ જમવામાં સાથે હતો તેણે કહ્યું: "પ્રાતઃકાળમાં ઉત્તમ મુહૂર્ત્ત છે અને કામ સિદ્ધ થશે." પ્રમાદધને શાંત રહી સઉ વાત સાંભળી, દિવસ-શેષ ઉત્સવમાં ગાળ્યો, અને રાત્રિ આનંદ-સ્વપ્નમાં એક ઉંઘે ક્હાડી. સવારે માણસ સંદેશો લેઈ રત્નનગરી ભણી ગયું. વિદ્યાચતુર ચિંતાગ્રસ્ત હતો તેથી સઉ કામ તેની સ્ત્રી ચલાવતી. તેને વર અને ઘર બંને સારાં લાગ્યાં. વરની બહુ ખબર ન હતી પણ ઘર સારું એટલે વર પણ સારો હશે જ એમ કલ્પના કરી. સ્વામીનાથને વાત કહી. ક્ષોભ પામેલ હોવાથી પ્રધાનના મુખમાંથી હા નીકળી ગઈ. બુદ્ધિધનનો માણસ વધામણી લેઈ પાછો સુવર્ણપુર દોડ્યો. પ્રધાનને ભાન આવ્યે વિચાર થયો પણ હા ક્હેલી તેની ના ક્હેવાઈ નહી. ઈશ્વરે સારા સારું જ કર્યું હશે ધારી ચિંતામુક્ત થયો. લગ્ન થયાં અને કુમુદસુંદરી પીયર છોડી સાસરે આવી. કથાનો પ્રસંગ ચાલે છે તે સમયે તેને સાસરે આવ્યે માત્ર દશ પંદર દિવસ થયા હતા. ભાઈને આવી સારી કન્યા પરણાવવાનું માન અલકકિશોરીબ્હેનને જ આપવામાં આવ્યું. માએ

ભાઈને જન્મ આપ્યો અને બ્હેને કન્યા આપી; બ્હેનનું ઘરમાં માન વધ્યું અને ભાઈની તેનાપરની પ્રીતિ વજ્રલેપ જેવી દૃઢ ભાસી.

કુમુદસુંદરીનો સ્વભાવ પણ આ સ્થિતિને અનુકૂળ જણાયો. તેની મા વિદ્યાચતુરની બાલ્યાવસ્થામાં પરણી હતી અને નીશાળે તો ન્હોતી ગઈ પણ પતિને અવકાશ, આગ્રહ, તથા ઉત્સાહ હોવાથી પોતાના સીમંત પ્હેલાં તેની પાસેથી કાંઇક ભણી હતી. તે જાતે ચકોર તથા ચપળ લાગણીવાળી હતી. પતિ ભણેલો અને પોતે અભણ તેથી કેટલીક વખત પતિ ખરેખરા દુઃખમાં ગરકાવ હોય તોપણ તેનું દુઃખ સમજી ન શકતી. ઘણુંએ પુછે, "વ્હાલા, તમને શું દુઃખ છે?" પણ તેના જવાબમાં વિદ્યાચતુર નિઃશ્વાસ નાંખી તથા તેને ખભે હાથ નાંખી માત્ર એટલું જ મનમાં બોલતો કે "અરેરે! પ્રિય મેના! તું બોલે છે "મધુર પણ મેના જ્યારે મનુષ્યનાં દુઃખ સમજી શકશે ત્યારે તું મ્હારું "દુઃખ સમજી શકીશ; તને કહેવામાં ફળ શું? મધુર મેના, મ્હારાં "આંસુ જોઈ બાળકની પેઠે માત્ર રોયાં કર અને તે દેખાડી મને વધારે "રોવરાવ." આવું કહી તે પોતાનાં પુસ્તકમાં કે વ્યવહારકાર્યમાં જીવ પરોવતો. સારાં પુસ્તકો વાંચતાં, નવીન વિચારો સુઝી આવતાં, દેશોન્નતિના સમાચાર સાંભળતાં, અને ઇશ્વરલીલા મનમાં રમી ર્‌હેતાં તેનું મુખારવિંદ આનંદથી ઉભરાઈ જતું. આ વખત તેની સ્ત્રી માત્ર પતિનો મુખચંદ્ર જોઈ ર્‌હેતી અને તેને આનંદમાં જોઈ નિર્દોષ પણ અણસમજ્યા આનંદમાં મગ્ન થતી. પરંતુ કેટલીક વખત તેના મનમાં ખેદ થતો. પતિના સુખદુઃખમાં ભાગ લેવાય નહી, વ્હાલામાં વ્હાલાનું અંતઃકરણ ભેદાઈ જતું હોય અને પોતે લાચાર બની જોયાં કરે એ ગુણસુંદરીને સારું ન લાગતું. કેટલીક વખત તેને મન તો સહજ હોય એવા બોલમાંથી–નિર્માલ્ય હોય એવા કાર્યમાંથી–પતિને સાગરમાં વ્હાણ બુડ્યા જેટલી દીલગીરી થતી. કેટલીકવખત તે મહાભારત પ્રયાસ કરે અને પતિને મન અલ્પ વસે. તેના ખરેખરા ઉત્સાહમાં જાણે માત્ર છોકરવાદી જ હોય તેમ પતિના લેખામાંએ ન આવે. આ સઉ વિચારથી તેના મનમાં મહા ગુંચવારો થતો અને અમુઝણમાં, શું કરવું–શો ઉપાય ખોળવો–એ ન સુઝતાં કેટલીક વાર પથારીમાં સુતી સુતી, કેટલીક વાર પોતાના શૃંગારગૃહના મેજ ઉપર ઉંધું માથું ઘાલી, કેટલીક વાર બારીમાંથી નદી, મેદાન અને આકાશ ભણી જોતી જોતી અને કેટલીકવાર પતિને ખોળે માથું હોય તેવે વખતે, આંખમાંથી આંસુ સારતી અને છાનું છાનું–ઝીણું ઝીણું–રોતી.

એક દિવસ દંપતી ઘરની અગાસીમાં બેઠેલાં હતાં, મધ્યરાત્રિ થઈ હતી અને ચંદ્રમા પણ મધ્યઆકાશમાં હતો. શરદૃઋતુએ તારા-રત્નોથી

અને શ્વેત મેઘામ્બરથી આકાશ-સખીને શણગારી હતી અને ચંદ્રમા આ સજ્જિત નાયિકા સાથે નિરંકુશ વિહાર કરતો હતો. તે સમયે અગાસીમાં એક ગાલીચા ઉપર તકીયો નાંખી વિદ્યાચતુર તેપર પડ્યો પડ્યો ચંદ્રભણી જોયાં કરતો હતો અને કાંઈ ઊંડા વિચારમાં પડ્યો દેખાતો હતો. ગુણસુંદરી તેના ખોળામાં માથું મુકી, તેનો હાથ પોતાના હાથમાં રાખી, ચતી સુતી સુતી આકાશમાં ચંદ્ર છતાં પતિમુખચંદ્ર ઉંચી દૃષ્ટિએ ન્યાળ્યાં કરતી હતી. આ મૌનવિહાર કેટલીક વાર ચાલ્યો એટલામાં રસજ્ઞ પતિના મુખમાંથી—હૃદયમાંથી અચિંત્યું મધુર ગાયન નીકળવા માંડ્યું.

" અડોઅડ કપોલ લાગ્યાં રહેલ;
" મન્દ અતિમન્દ શી ગોષ્ઠી[1] મચેલ !
" નહી પૂર્વાપર કાંઈ ગણેલ,
" મુખે કાંઈ એમ લવંતાં ગેલ:
" આલિંગન-અશિથિલ-થી રહીં ચાંપી કર અક્કેક,
" ગમત-સ્વપ્નમાં એમ નિશાના પ્રહર્ ન જાણ્યા છેક ! ૧*
" હસતું ત્યાં શિશુસમું મુગ્ધ પ્રભાત
" આવી ઉભું ર્‌હેતું નયનની પાસ
" અચિન્ત્યું ! જલવાતો શૃઙ્ગાર
" છુપાતો લપ્પાઈ તુજ ગાલ !
" ગોષ્ઠીસુખ સુતું નયનની જ માંહ્ય !—પ્રિયે તે !"૨

આના પ્રત્યેક પદના છેલા સ્વરોના પ્લુત ઉચ્ચાર આકાશમાં અને મુગ્ધાના કાનમાં તથા હૃદયમાં ઉંચા ચ્હડી, મોહનમંત્રપેઠે સર્વ આત્મવશ કરી, ધીમે ધીમે કૃતકૃત્ય બનતા હોય તેમ આનંદ-ભર મંદ પડતા પડતા નીચા બેસતા બેસતા, છેલામાં છેલા પદના અંત્યસ્વરમાં લીન થતા થતા વિરામ પામ્યા.

" વ્હાલા ! મને એ સમજાવો ! એ શું ગાયું ? "

જરાક અચકી રસજ્ઞ બોલ્યો, " ત્હારાથી સમજાશે ? સમજાશે, " સમજાશે." એમ કહીં કથાનો પ્રસંગ તથા ગાયનનો અર્થ સમજાવ્યો.

---

૧. ગોઠ, ગોઠડી, છાની વાતચીત.

* રા. મણિલાલ નભુભાઇના ઉત્તરરામચરિતના ભાષાંતર ઉપરથી.

"આ સાંભળતાં મ્હારાં રુવાં ઉભાં થાય છે. મને કંપારી વછુટે છે.
"હું શું કરું કે એવું એવું મ્હારી મેળે સમજાય? તમે મ્હારા મનોરથ બધી
"રીતે પુરા પાડો છો પણ એક વિષયમાં હું મરતા સુધી તમારી લ્હેણદાર
"રહીશ. મરીશ ત્હોયે ભૂત થઈશ. તમારા મનની વાતો સમજાય, તમારું
"મન સમજાય, અને આમ તમારા સુખદુઃખમાં અને તમારા આવા આવા
"વખતમાં મ્હારે તમારા સામું જ જોઈ ર્‌હેવું ન પડે, એવું શું કરું જે થાય?"

વિદ્યાચતુર હસ્યો. "ચાલ, ચાલ, એ બધુંયે થશે. હું ભણાવું તે
"ભણ. છે મરજી?"

અને બીજે દિવસેથી ગુણસુંદરીએ અભ્યાસ કરવા માંડ્યો અને સીમંત આવતા સુધીમાં પતિપાસે ભણી તે ભણી. પછી જંજાળમાં પડી. વધારે ભણાયું નહી, પણ તેનો અસંતોષ મટી ગયો. પતિને કામ લાગે એવી શક્તિ તો ન આવી પણ તેના હૃદયમંદિરમાં પેસવા લાયક, તેમાંની રસશય્યાપર સુવા લાયક અને તે ઉપરના મર્મ સાથે યથેચ્છ વિલાસ કરવા લાયક તે ગણાવા લાગી; અને પતિપાસેથી વિદ્યાગ્રહણ કરવું બંધ પડ્યું તે છતાં પોતે વયે વધતી ગઈ તેમ ઘરની જંજાલમાંથી અવકાશ શોધી ક્‌હાડતાં શીખી, એ અવકાશપ્રસંગે આત્મપ્રયત્નથી યથાશક્તિ અભ્યાસ વધારી શકી, અને કાળક્રમે આ મહાપ્રયાસ અને ઉત્સાહનું એ પરિણામ આવ્યું કે વિદ્યાચતુરની વિદ્યા, રસજ્ઞતા, વગેરેનું પ્રબળ વીર્ય વાતચીત અને વિનોદના વિહાર સમયે તેના મનહૃદયમાં ઠેઠ પ્હોંચવા લાગ્યું અને તે તેજ-ગર્ભ દિવસે દિવસે પ્રફુલ્લ થયો. આનો લાભ કુમુદસુંદરીને મળ્યો.

એક પ્રખ્યાત વિદ્વાને માણસને દરજીની ઉપમા આપી છે. સઉ સઉને પોતાનાં જેવાં અને બને તો પોતે શીવેલાં કપડાં પ્હેરાવવા ઈચ્છે છે. વિદ્યાનો પણ એક સાધારણ નિયમ એવો છે કે ભણેલા સઉને ભણાવવા મથે છે. દીકરી ન્હાની હતી અને તેના ઉપરનો મોહ તાજો હતો તેવામાંથી જ ગુણસુંદરીએ ઠરાવ કર્યો કે આને ભણાવવી. આપણા દેશમાં સ્ત્રીઓની વિદ્યા-વૃદ્ધિમાં ઘણી અડચણો પડે છે. ન્હાનપણમાં છોકરી નીશાળે જાય ત્યાં ધુળ-ધમાટ ભણે, પરણ્યા પછી સંસારમાં પડતાં અભ્યાસ પ્રતિકૂલ થાય છે. ઘરના વ્યવહારમાં, અભણ સ્ત્રીવર્ગમાં–સાસરિયામાં અને સાહેલિયોમાં–રહી. વિદ્યાનાં દર્શન પાતક ગણાતાં છતાં, પતિની તથા પોતાની પશુસામાન્યવૃત્તિયો સાચવવામાં, છોકર–છૈયાંની લબ્ધાને લીધે, સ્ત્રીવર્ગના ઘડી ઘડીના ન્હાના મ્હોટા રોગથી પગલે પગલે અડચણો લાગવાને લીધે, અને ધણી અનુકૂલ હોય તોપણ સ્ત્રીશિક્ષણમાં તેની શક્તિ અથવા વૃત્તિ અથવા

અવકાશની ખામીને લીધે, હિંદુ સ્ત્રીયો ભણી શકતી નથી. પોતાના ચકોરપણાને લીધે તથા સદાગ્રહથી ગુણસુંદરી આ હરકતો દૂર કરી થોડું ઘણું શીખી તો તેના મનમાં એમ જ રહેતું કે આ અડચણો પડે ત્યાર પ્હેલાંથી મ્હારી પુત્રીને વિદ્યાનું ભત્થું બંધાવી પછી જગતમાં મોકલું. વિદ્યાચતુર પોતે વ્યવહારજાલમાં દિવસે દિવસે વધારે લપટાતો હતો અને તેનો અવકાશ સંસારનાં વાદળાંથી ઘણું ખરું ઘેરાયલો રહેતો. તોપણ પ્રસંગે પ્રસંગે ગુણસુંદરીના સ્તુતિપાત્ર ઉત્સાહ, આગ્રહ, અને પ્રયાસને આશ્રય આપવામાં, સુગમતા કરી આપવામાં, સુધારવામાં, માર્ગ દર્શાવવામાં, અને વધારવામાં તે જાતે પ્રયત્ન કરતો; અને તેમાં રહેતી ખામીયો વાતચીતમાં, વિનોદમાં અને વ્યવહારમાં પડતા પ્રસંગો સમયે પૂરી દેતો. થોડા વર્ષમાં કુસુદસુંદરીનો અભ્યાસ ઘણો વધી ગયો અને આખરે તેની પોતાની બુદ્ધિ જાતે ચાલવા માંડી અને માબાપને પ્રમાણમાં પ્રયાસ ઓછો કરવાની, અને થયલો પ્રયાસ સફળ થયો જોઈ આનંદ ભોગવવાની તક મળી. પરણ્યા પ્હેલાં ઇંગ્રેજી અને સંસ્કૃતમાં પ્રવેશ થયલો હોવાથી સંસારધર્મ, રસજ્ઞતા અને રસિકતા, વ્યવહારકુશળતા, નીતિમાર્ગઆદિ ગૃહસ્થાશ્રમના દ્વારપાળો અણબોલાવ્યા પોતાનો સમય સમજી, મંદિરમાં આવતી રાણીને વણમાગ્યા સત્કાર દેવા તત્પર રહ્યા અને સંસારસિંહાસનપર આ રાણી સાથે સ્વાભાવિક રીતે સરસ્વતીચંદ્રને શોધી નિરાશ થઈ મન પાછું ફરતું એ શિવાય બીજી બધી બાબતમાં કુસુદસુંદરીનાં માબાપ દીકરીને જોઈ જગતને સ્વર્ગ સમું ગણી લેતાં.

આવા સંસ્કારવાળી કુસુદસુંદરી બુદ્ધિધનના ઘરમાં આવી એટલે તરત એને એક નવી દુનિયામાં પેઠા જેવું લાગ્યું. દેખાવમાં અલકકિશોરીનાથી બહુ જુદી હતી. તેના શરીરનો વર્ણ રુપેરી ગોરો હતો. તેનું કાઠું નાજુક હતું. 'ન્હાનીશી નાર ને નાકે રે મોતી' એ વર્ણનના સહાધ્યાસી સંસ્કારો તેનામાં મૂર્ત્તિમાન્ થતા હતા. ભભકની આકર્ષણ શક્તિ તેનામાં રજ પણ ન હતી. **રુઆબનો દોર** તેનાથી જુદો પડતો હતો. કેટલાકને તે ગરીબ ગાય જેવી દેખાતી. કેટલાકને તે નિર્માલ્ય-માલવગરની લાગતી. તેના મુખ સામું સઉ કોઈ જોઈ શકતા. તે માત્ર મંગળ આભૂષણ અને આછાં પણ સુંદર ચિત્રવાળાં–સાદાં જેવાં–વસ્ત્ર પ્હેરતી. નાજુક–બાળકના જેવા હાથ અને તેવા જ કુમળા મેદી મુકેલા ન્હાના પગ વગર તેના અંગનો સર્વ ભાગ વસ્ત્રમાં ઢંકાઈ રહેતો. તેના હાવભાવ પ્રસંગે જ જોવામાં આવતા અને પ્રસંગોપાત્ત હોવાથી કોઈનું ધ્યાન ખેંચતા ન હતા. શરદ્ઋતુના ન્હાના વાદળા ઉપર ચંદ્રલેખા જણાય તેમ એનાં વસ્ત્ર ઉપર તેનું ખરું આછા સ્મિતવાળું મુખ દેખાતું. તે બોલતી થોડું, પણ બોલે તે વખત રુપાની ન્હાની ઘંટડીના જેવો

સ્વર નીકળતો અને સઉ કોઈને એનાં વચન મધુર લાગતાં. સાત્વિક વૃત્તિવાળાં મનુષ્યો તેના ઉપર દૃષ્ટિ ઠારતાં અને જેઓને એનું મ્હોં નીહાળવાની ટેવ પડતી તેમને એના ઉપર સહજ, નિર્દોષ, અને શાંત પ્રીતિ ઉપજતી. રસજ્ઞ પુરુષોને વધારે જોતાં એના મુખપર વધારે શુદ્ધ સુંદરતા સ્પષ્ટ માલમ પડતી. ચતુર સ્ત્રીયોને તેની આંખ ચકોર લાગતી. આધેર સ્ત્રીયો એમ ક્‌હેતી કે એનામાં સ્હોજ બહુ છે. જુવાન લલનાઓને એની વાતોમાં રસ પડતો. રસીયણ બાઈડીઓ એની પાસે બેસતી, એના સામું જોઈ ર્‌હેતી, એની બોલવાની રીત સરતમાં રાખતી, એના હાવભાવનું અનુકરણ કરતી અને કરવાની બીજાને શીખામણ આપતી, અને એની નાજુકતા, સુંદરતા, ચતુરાઈ, ને લજ્જા, એનું લાવણ્ય અને કોમળપણું: આ સઉ કીયા કીયા પ્રસંગમાં કેવી કેવી રીતે દેખાયું તેનું પૃથક્કરણ કરતી અને તેપર એ આઘે હોય ત્યારે રસભેર ચર્ચા ચલાવતી. ન્હાનાં બાળકો રમવાનું મુકી દેઈ એની પાસે આવી એને વીંટાઈ બેશી ર્‌હેતાં. અને કોઈ પણ માણસ એની સુંદરતા શોધી ક્‌હાડતું તો સઉ સાંભળનાર તે શોધનારની ચતુરતા વખાણતાં અને તેના મતમાં ભળતાં. કેટલાંક અંતઃકરણોમાં એને જોતાં આશીર્વાદની ઊર્મિયો ઉછળતી. એના ઉપર જોનાર, એને સાંભળનાર, એની સાથે બોલનાર: સઉ એકસરખાં શાંત ચંદ્રિકામાં ન્હાતાં હોય, અમૃત સરોવરમાં ડુબકી મારતાં હોય, શીતળ આનંદની વૃષ્ટિમાં ફરતાં હોય–એવી નિર્દોષ રસિક વૃત્તિનો અનુભવ કરતાં.

સાસરીયામાં પણ અત્યારસુધીમાં એણે સારો સમાસ કરી લીધો હતો. અલકકિશોરીને અમલ ચલાવવાની ટેવ પડી હતી; તો કુમુદસુંદરીને ન્હાનપણમાંથી આજ્ઞા માનવાની ટેવ પડી હતી. અમાત્યના ઘરમાં સ્ત્રીવર્ગને કાંઈ કામ કરવાનું હતું નહી કે વાદ થાય. પઈસાનો ટોટો હતો નહી કે સઉની ઇચ્છાઓ પૂરી પાડતાં ભેદ રાખવો પડે. તેમાં વળી નવી વહુને લાવ્યાનું માન અલકબ્હેનને હતું એટલે એ વહુને શણગારવી, અગાડી પાડવી, એની શોભા વધારવી, એને નાતમાં જાતમાં સગાવ્હાલામાં કુટુંબરુઢીમાં દાખલ કરવી, સારી શીખામણ આપવી, ઇત્યાદિ કામ ઉત્સાહથી કરવાનો ઓરીયો પણ બ્હેનને લેવાનો હતો. સઉ બાબતમાં સૌભાગ્યદેવીની તો અનુમતિ જ લેવામાં આવતી, બુદ્ધિધન પાસે તો વાતો જ કરવામાં આવતી, અને પ્રમાદધનની પસંદગી પુછવામાં આવતી. ભાભી સાહેબ બાબત ભાઈ પાસે ચાકરો વાતો કરી બંનેની મ્હેરબાની મેળવવા યત્ન કરતા અને બ્હેન નર્મ[1]-

---

૧. મધુર મશ્કેરી.

વાક્યો બોલી ટોળ કરતાં. અત્યારસુધી ઘરમાં સર્વનો વખત આ નિર્દોષ અને નવીન આનંદમાં ગયો હતો. કુમુદસુંદરી સાસરે આવી ત્યારપછી પણ તરતમાં તો સરસ્વતીચંદ્રને સંભારી સંભારી છાની છાની રોતી, લાગ મળ્યે નિઃશ્વાસ મુકતી, પણ બધાં બેઠાં હોય ત્યારે તેમની રમત ગમ-તોમાં તથા ઉત્સાહમાં શૂન્ય હૃદયથી ભાગ લેતી, ફીકા હાસ્યવડે મર્મ-શોકપર ઢાંક પીછોડો કરતી, લજ્જાળુપણાને નામે સઉ ચાલ્યું જતું, અને હૃદયશંકુનાં ઉપજાવેલાં આંસુ આનંદનાં આંસુમાં ગણાતાં. પ્રમાદધનસાથે મન મેળવવા ઇચ્છતી અને પ્રયત્ન કરતી, પરંતુ તેનું હૃદય માત્ર ઘસડાતું અને ઘસડાતાં ઘણાક ઘા ખમતું. આમ છતાં કાળના પ્રવાહનું બળ, નવીન સૃષ્ટિનો અનુભવ, બીજાં સઉના આનંદની ભરતીનો વેગ, પોતાનાં બાળક મનની સ્થિતિસ્થાપકતા, ઇશ્વરઇચ્છાને શરણ થવાની આવશ્યકતાબુદ્ધિ, નિરુપાય વાતને નીભાવી લેવાનો શાણો વિચાર, અને નવા પતિના સંબંધને લીધે હવે પરપુરુષ બની ગયલાની કલ્પના પણ કરવી એ પતિવ્રતાધર્મથી વિરુદ્ધ છે એવું જ્ઞાનઃ આ સઉને લીધે બલવાન્ બાળકીએ પોતાના મનને તંગ ખેંચી હળવે હળવે સ્વાધીન કરી લીધું હતું અને સમય-ધર્મને અનુ-સરવા લાગી હતી. પાછલી વાત વિસારે પડવા માંડી હતી, અને પ્રસ-ન્નતા તેના મુખ ઉપર ભાસતી હતી; માત્ર એટલું હતું કે આ પ્રસન્નતા પ્રાતઃકાળની ચંદ્રલેખા જેવી હતી. ગુણસુંદરી વિના તેને કળી શકે એવું કોઈ હતું નહી. તે પાસે હત તો આ જોઈ તેનું વત્સલ હૃદય ફાટી જાત. પ્રમાદધન માત્ર આનંદની સપાટી ઉપર જ તરતો હતો. એને તથા સઉ જોનાર મંડળને કુમુદસુંદરી સુખની સીમા ભોગવતી પ્રત્યક્ષ પ્રમાણથી લાગતી હતી અને પરોક્ષ પ્રમાણ સઉને પરોક્ષ હતાં.

પિતાના ઘરમાં મળેલા તેના સંસ્કારને ઉછેરનાર સાસરે કોઈ ન હતું. પ્રમાદધને શાળામાં વેઠીયાવાડથી અભ્યાસ કરેલો હતો; અને ઉમ્મરમાં આવ્યે વિદ્યાવસ્થામાં પરતંત્રતા લાગવાથી, શાળામાં ન્હાનમ લાગવાથી, અભ્યાસ કંટાળાભરેલા વૈતરા જેવો થવાથી, વિદ્યામાં નિર્ધન પુરુષોની ઉપ-જીવિકાના સાધનપણા વગર બીજું ફલ ન દેખાવાથી, વિદ્યામાં બીજું કાંઈ ફલ હોય તો તે ફલ ભણેલાઓને નોકર રાખી તેમની પાસેથી લેઈ શકાશે એવી સમજ હોવાથી, વિદ્યાના ભંડારના નમુનામાં શાળાના માસ્તર નજર આગળ હતા તેને સઉ ખાલી માન આપતા પરંતુ રાજ્યકાર્યમાં તેમની સલાહ લેવાની પણ કદી કોઈને જરુર લાગતી ન હતી તે જોવાની ટેવ હોવાથી, ઈંગ્રેજી વિદ્યામાં માત્ર સ્વભાષા અને રાજભાષાનું જ મહત્વ લાગવાથી, સંસ્કૃત ભાષા માત્ર શાસ્ત્રી પુરાણી જેવા પૂજનીય પણ ભિક્ષુક વર્ગને જ ઉપયોગી

તથા શોભાવાળી દેખાવાથી, ગણિતવિદ્યા, તત્ત્વવિદ્યા, વેદાંત વગેરે તો નવરા માણસો, ઘરડાઓ, સંન્યાસિયો, સાધન-રહિત માણસો અને એવા બીજા માન આપવા યોગ્ય પણ ખરું જોતાં નકામા માણસોને જ ઉપયોગી છે એવું લાગવાથી, પિતાના તરફથી પણ આવા સર્વ વિચારોનું બીજ મળેલું અને તે પોતાના આળસુ વિચારરૂપ જળની વૃદ્ધિ પામેલું હોવાથી, પિતાનો અને પોતાનો મતભેદ પડે તે પણ પુત્રધર્મથી વિરુદ્ધ છે એ રીતની આવા વિષયોમાં બુદ્ધિ રહેવાથી, આસપાસના મંડળની ખુશામત-અપ્રિય પણ સત્ય બોલનારની ખામી અને અનિષ્ટ પરિણામોના અનુભવનો પ્રસંગ ના આવેલો–એ સઉ કારણથી, પોતાની બુદ્ધિને સારું સામાન્ય રીતે સર્વને હોય છે તેમ પોતાનો ઉંચો અભિપ્રાય હોવાથીઃ પ્રમાદધન પ્રમાદમાં જ રહેતો, સંપત્તિને અચળ ગણતો, કાળના પ્રવાહમાં આંખો મીંચી તણાયો જતો, અને ધારતો કે હું પોતાના બળથી તરુંછું. દરબારી કામમાંથી નવરો પડતાં, નવલકથાઓ વાંચવામાં તથા મિત્રમંડળ વચ્ચે બેસી આત્મસ્તુતિ, પરનિન્દા, સ્ત્રીયોના પ્રસંગ, મનને વિહ્વળ કરી નાંખે એવી કલ્પનાઓ, મરજી પડે ત્યાં ફરવું હરવું, ફાવે તે બોલવું, મનમાં ઊર્મિ ઉઠે તે પ્રમાણે વર્ત્તવું, અને એવા એવા વ્યાપારોમાં અમાત્યપુત્રનો કાળ જતો અને એવી રીતે વખત ગુમાવવાની જોગવાઈ તથા શક્તિ મળતી તેમાં પોતાનો ભાગ્યોદય અને સંપત્તિનો સદુપયોગ માનતો. બીજી રીતે તેનો સ્વભાવ સુશીલ, આનંદી અને સંતોષકારક હતો. કુમુદસુંદરીના સર્વ અભિલાષ તૃપ્ત કરું એવી તેની વૃત્તિ હતી અને તેને સુખ આપવા શુદ્ધ અંતઃકરણથી મથતો. તેની સુંદરતાનું અભિમાન રાખતો. તેની વિદ્યાની સ્તુતિ કરતો, અને તેની સાથે પોતાનો યોગ થયો તે નગકુન્દન જેવો યોગ્ય માનતો.

પ્રમાદધન, અલકકિશોરી, અને ટુંકમાં અમાત્ય કુટુંબનો બધો વ્યવહારઃ તેમાં, વિદ્યાચતુરના ઘરમાં જે સંસ્કાર થયા હતા તેનાથી જુદી જ જાતના સંસ્કાર કુમુદસુંદરીના અનુભવમાં આવ્યા. પીયરમાં અને સાસરામાં વ્યવહાર, વિનોદ અને સર્વ રીતના આચારવિચારમાં ફેર હતો. નવે ઘેર પુસ્તકો હશે જાણી તેણે જુને ઘેરથી પુસ્તક એક પણ ન્હોતું આણ્યું. આ નવી સૃષ્ટિમાં જુની સૃષ્ટિને સંભારનાર તેનીપાસે એક જ વસ્તુ રહી હતી. સરસ્વતીચંદ્રે વિદ્યાચતુરપર કાગળ લખ્યો હતો તે જ ટપાલમાં એક બીજો કાગળ કુમુદસુંદરીપર પણ લખ્યો હતો. પરંતુ તેમાં માત્ર એક શ્લોક જ સોનેરી શાહીવડે લખ્યો હતો અને માત્ર તે લખનારના અક્ષરનો પરિચય હોવાથી તથા શ્લોક ઉપરથી જ કાગળ મોકલનારનું નામ કુમુદસુંદરી જાણતી હતી.

"શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી,[1]
"થઈ રખે જતી અંધ,[2] વિયોગથી;
"દિનરુપે સુભગા[3] બની રૂહે, ગ્રહી
"કર[4] પ્રભાકરના મનમાનીતા!"

આ શ્લોક તેણે કોઈને બતાવ્યો ન હતો અને બતાવતી ન હતી; માત્ર કંચુકીમાં છાતી સરસો સાચવી રાખતી, એકાંત વખતે લાગ મળ્યે ક્‌હાડી જોતી, શ્લોક મ્હોડે થયો હતો તોપણ કાગળ વાંચી જ ગાતી, કાગળ જોઈ શ્લોક ગાઈ રોતી અને આંસુ સારતી, અને કોઈને દેખે એટલે કાગળ સંતાડી સજ્જ તથા સાવધાન થતી. કાગળના સામું કોઈને ઠપકો દેતી હોય તેમ જોતી, ભમર ચ્હડાવતી, અને વદન-કમળ સાથેલાગું દુખીયારું, દયામણું અને કોપાયમાન કરી; આકાશ સામું જોઈ, નિઃશ્વાસ નાંખી, આંખમાંનાં આંસુ પોતાને જ હાથે લ્હોતી. અસંસ્કારી સાસરીયાંમાં સર્વ છાનું રાખી શકતી હતી અને સંસારની દૃષ્ટિને તેની સ્થિતિમાં કાંઈ અસાધારણ જણાતું ન હતું. ટુંકામાં ચર્મ-ચક્ષુથી જોનારને તો અમાત્ય-કુટુંબમાં સર્વ રીતે સઉનામાં ઉત્સવ, ઉત્સાહ અને આનંદ દેખાતો હતો; એવા કુટુંબની કામિનીયો રાજેશ્વર મહાદેવનાં પગથીયાંઉપર ઠમક ઠમક કરતી હાંફતી દેખાતી ચ્હડી તે સમયે મૂર્ખદત્ત તપોધન શિવાય તેમને કોઈ જોનારું ન હતું, તેથી આ એકાંત શિવાલયમાં ક્ષુદ્રમાનવજાતની દૃષ્ટિથી અગોચર ર્‌હેનારી દેવાંગનાઓ, મૃત્યુલોકમાં આનંદામૃત છાનુંમાનું ઢોળવા, દેવોના દેવનાં દર્શન કરવાને મિષે સ્વર્ગમાંથી ઉતરી આવી હોય એવી કલ્પના જાણ્યે અજાણ્યે ત્યાં સંતાઈ રહી જોનાર કોઈ યક્ષાદિક કરે તો અયોગ્ય ન ક્‌હેવાય.

તપોધન ઉતાવળો ઉતાવળો હાથ ધોઈ, અબોટિયાની કાછડી ખેંચી પાટલી જેમ તેમ પગે આંટી ન આવે તેમ ઘાલી, છેટીના અંગુછાવડે હાથ લ્હોતો લ્હોતો આવ્યો અને "પધારો પધારો" ક્‌હેતો ક્‌હેતો મંદિરના ગર્ભદ્વારમાં પેંઠો અને રીત પ્રમાણે જળાધારીમાંથી નમણ બીલીપત્ર વગેરે તરુણ સુંદરીઓને પાવન કરવા આપતાં આપતાં બોલ્યો.

"બ્હેન, તમારા ક્‌હાવ્યા પ્રમાણે સઉ વિચાર રાખ્યો છે. શિવ-
"પૂજનની સઉ સામગ્રીની ટીપ આપી દીધી છે અને બીજો હુકમ
"ફરમાવશો તે પ્રમાણે કરી દઈશું." પાર્વતીપાસે મહાદેવના ગણોમાંથી ભૂત ઉભું હોય તેમ આ લલનાઓ પાસે ઉભો ઉભો મૂર્ખદત્ત વાતો

૧. રાત. ૨. નિસ્તેજ, અંધારી. ૩. સૌભાગ્યવતી. ૪. કિરણ, હાથ.

કરે છે અને આવતી કાલે શું કરવું તેની આજ્ઞા સાંભળી લે છે એટલામાં બ્હારથી એક સીપાઈ દોડતો આવ્યો:

"બ્હેન, બ્હેન, ભાઈસાહેબ[1] આવે છે અને ઘણું કરી રાણાજી "પણ આવે છે."

"અમારાથી પાછાં જવાય એમ છે કની?"

"નાજી, રસ્તાના ફાંટા પડે છે તેની આણીપાસ ડંકો, નીશાન, "અને સ્વાર આવી પ્હોંચ્યા છે."

"ત્યારે?"—ઉતાવળી ઉતાવળી અલકકિશોરી પુછવા લાગી. "હવે?"

આવા પ્રસંગોના અભ્યાસીયોને પોતાના કાર્યમાં સમયસૂચકતાની ટેવ પડેલી હોય છે. સમો જોઈ એકદમ પગથીયાં ઉપરથી ઝટ ઝટ મૂર્ખદત્ત બોલતો બોલતો નીચે ઉતરવા લાગ્યો.

"ચાલો, ચાલો, વાડામાં આવો. રાણાજી માત્ર દર્શન કરવા "આવે છે એટલે બહુવાર નહીં બેસે અને હું બારીએ તાળું દેઈ સઉ ગયા "પછી ઉઘાડીશ." વાડામાં નવીનચંદ્ર હતો તેની મૂર્ખદત્તને ફામ ન રહી.

સ્વાભાવિક રીતે સ્ત્રીમંડળ વશ થઈ ગયું હોય એમ તેની પાછળ ચાલ્યું. જતાં જતાં અલકકિશોરી વિચારમાં કુમુદસુંદરીના સામું જોઈ બોલી; "કલાક બે કલાકની કેદ હવે સમજવી. રાણાજી કાંઈ અમસ્તા "દર્શન કરવા જ નથી આવતા. એમને અહીયાં વાર થશે. આપણે "અત્યારે આવ્યાં તે જ ભુલ થઈ હશે. સરત ન રહી."

ચાલતાં ચાલતાં કુમુદસુંદરીએ નણંદના સામું વળીને જોયું અને થયું તે ખરું એવું સમજાવવા, વદન-કમળ ઉંચું કર્યું હતું તે મન્દ લીલાથી નમાવ્યું. અને પાછું જમીનસામું જોઈ ચાલી.

સઉ બારણામાં પેઠાં એટલે પાછું જોતાં જોતાં ભડોભડ બાર વાસી તપોધને સાંકળ મારી દીધી અને તાળું પણ દીધું.

---

૧. બુદ્ધિધન.

## પ્રકરણ ૩.

### બુદ્ધિધન.

રાજેશ્વર મહાદેવનું દેવાલય સુવર્ણપુરથી ત્રણેક ગાઉને છેટે હતું. એટલે લોકોનો અવર જવર થોડો ર્‍હેતો. કોઈ કોઈ વેળા આ કારણથી શ્રીમંત વંઠેલાનું અને કોઈ કોઈ વખત રાજ્યપ્રપંચના ખટપટી વર્ગનું તે સંકેતસ્થાન થઈ પડતું. તપોધનને આ માર્ગે ઉપજમાં વધારો થતો હતો અને સર્વ જાતના યજમાનવર્ગને પ્રસન્ન રાખવાની, અનુકૂળતા કરી આપવાની, અને અનુકૂળ થઈ જવાની તેનામાં કળા આવી હતી. ઘણું ખરું યજમાનવર્ગ તેની સાથે પ્રથમથી બંદોબસ્ત કરી મુકતા એટલે એક સંકેત સમયે બીજાઓ સંકેત કરવા આવી ગુંચવારામાં પડતા ન હતા. પરંતુ કથાનો પ્રસંગ ચાલે છે તે વખતના સાંકેતિક સાધારણ વર્ગના ન હતા અને પૂજારી અથવા બીજા સર્વ સાંકેતિકોની ફરજ હતી કે નગર અને દેવાલય બેના સ્વામીયો સ્વતંત્ર રીતે વર્તે તેમાં ખલેલ ન પ્હોંચે એ જાતે પોતાની બુદ્ધિથી જ જોઈ લેવું.

"નિઘા રખો મ્હેરબાન!" એમ પોકાર થતાં જ સુવર્ણપુરનો સ્વામી બુદ્ધિધનસાથે દેવાલયમાં આવ્યો અને પોઠીયા આગળ રાજસેવકો સોનેરી ભરતનો ગાલીચો બીછાવી ચાલ્યા ગયા તેના ઉપર બંને જણ બેઠા. મૂર્ખદત્ત જમીન સુધી નીચો પડી ત્રણ સલામ કરી પોતાની ઓરડીમાં રસોઈ કરવા ચાલ્યો ગયો. ચોમાસામાં રાત્રે વાદળાં આવે અને એક બાકામાંથી માત્ર ચંદ્ર અને કોઈ પાસેનો તારો જણાય તેમ રાણો અને અમાત્ય આખા શિવાલયની એકલી વસ્તીરૂપ રહ્યા.*

રાણો સાડત્રીશ આડત્રીશ વર્ષની ઉમ્મરનો હતો. પાછલા રાણાને ઔરસ પુત્ર ન હોવાથી, જુના કારભારીયો અને જુની રાણીયોને ખોટો પુત્ર મેળવવામાં કાંઈકિ જોગવાઈની ખામીને લીધે અને જોગવાઈ મળી તેટલી નિષ્ફલ જવાને લીધે, તે મેળવનારાઓમાં ફાટ પડી એટલે ખરા વારસને જાતે–સરકારી રેસિડેંટ મારફતે–અને પોતાના ધન પરિજનના બળ અને યુક્તિવડે પોતાનો હક સંભાળવામાં અનુકૂળ પડવાથી, મયત રાણાના પિત્રાઈ ભૂપસિંહને ત્રણચાર વર્ષ થયાં ગાદી મળી હતી. તે સાધારણવર્ગમાં ઉછર્યો

---

* આટલા ભાગની સાથે પ્રકરણ છઠ્ઠાનું અનુસંધાન છે. વચલા ભાગમાં બુદ્ધિધનની પૂર્વ વાર્તા છે.

હતો અને રાજમ્હેલની ઝેરી હવા તેની કોમળ વયે જરી પણ અનુભવી ન હતી, તેથી તેની સાધારણ બુદ્ધિ નષ્ટ થવા પામી ન હતી. ગરીબ અવસ્થા થોડાંક વર્ષ દીઠી હતી એટલે ઝાઝી ઉદારતા ન હતી પરંતુ એ અવસ્થા યાદ રહેવાથી ગરીબ લોકો ઉપર અમી દૃષ્ટિ રહેતી. બાપનો ગરાસ ખવાઈ જતો અટકાવવા કારભારીયો, અમલદારો અને તેમના સીપાઈઓનો પણ પ્રસંગ પડેલો હતો. કોઈની પાસે આજીજીઓ કરી અપમાન અને લુચ્ચાઈને તાબે થવું પડ્યું હતું, લાંચ આપવી પડી હતી, ધક્કા, તેમ જ ધપ્પા ખાવા પડ્યા હતા, પ્રપંચો જોવા તથા કરવા પડ્યા હતા, રાજાના સંબંધમાં બ્હારથી દેખાડવામાં અને મનમાં રાખવામાં માન તથા પ્રીતિમાં જે અંતર તેનાં પોતાનાં કહેવાતાં માણસો પણ રાખતાં તેની કાંઈક વાસના આવી હતી, રાજમ્હેલમાં રાજ્યકાર્યને પ્રસંગે અને બ્હાને અધિકારી વર્ગની સ્વચ્છંદ વર્ત્તણુક તેના કાનમાં આવી હતી, અને આ સર્વ અનુભવનું ફળ ગાદીયે બેઠા પછી લેવા તેનો ઠરાવ હતો. રાજ્યતંત્રનાં ઘણાં માણસને ઓળખતો અને ઘણાંને ઓળખું છું એમ ધારતો. જુની અવસ્થામાં પ્હોચેલા અપમાનનું વેર વાળવું એ પોતાનો ધર્મ સમજતો હતો અને તે સમયે પોતાનો પક્ષ ખેંચનારાઓને હવે ઉંચા ચ્હડાવવા એમાં વટ માનતો હતો. ખરેખરા રાજધર્મનો આભાસ પણ મગજમાં ન હતો તેથી આ ધર્મ અને વટ રાખવામાં જ ખરેખરો રંગ રહેશે એમ તેની દૃઢ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાનો તનખો જુની અવસ્થામાં પ્રકટાયો હતો અને તેને નવી અવસ્થામાં સ્વાભાવિક રીતે પુષ્ટિ મળી હતી એટલે બને તો પ્રદીપ્ત બની ભડકો થવા તત્પર રહેતો. પરંતુ ગાદીપર બેસવા પછી જુના કારભારીના લચી પડવાથી વેશ બદલવાથી, ઉદારપણાથી, અને ઉચ્ચનીચ યુક્તિયોથી ભૂપસિંહનો સ્વભાવ બદલાયો દેખાતો હતો અને રાજવૈભવના શીયાળામાં તેનો અનુભવ-અગ્નિ ધીમે ધીમે કજળાતો અને તેના ઉપર મોજશોખની રાખનાં પડ બંધાતાં જોઈ સર્વ જુનું મંડળ નિશ્ચિંત થઈ જતું હતું.

અમલના ઘેનમાં, સ્વાર્થના જડપણામાં, ઉન્માદવિષના આવેગમાં, બાહ્યસૃષ્ટિની ભભકમાં અને રોજના લાગ્યા વ્યવહારના જાળમાં, ઘેરાઈ જતું, ઉંઘતું, મૂર્ચ્છા પામતું, અંજાઈ જતું, અને લપટાઈ જતું–સર્વ મંડળ આ પ્રમાણે શૂન્યવત્ થતું હતું અને રાજફેરની વાત જુની થઈ જતી હતી તે સમયે માત્ર બુદ્ધિધન એકલો જાગતો હતો, જોતો હતો, સાંભળતો હતો, વિચારતો હતો અને નવા ખેલ રચતો હતો. સર્વ ભૂતની આ નિશામાં સુવર્ણપુરના રાજ્યતંત્રનો આ યંત્રી, માંદા માણસની પથારી પાસે જાગનાર વૈદ્યની પેઠે

અને શીકારટોળું નજરબ્હાર–ક્રમ[1] બ્હાર–ન થઈ જાય એ સરત રાખતા સિંહની પેઠે, જાગતો હતો; અને સુવર્ણપુરનું રાજ્ય શ્રેષ્ઠ કહેવાય, પોતાનો અમલ સ્થિર ઉચ્ચ થાય, રાજ્યતંત્ર પોતાના હાથનું રમકડું બની જાય, અને ભૂપસિંહ અને તેની પ્રજા પોતાની અને પોતાના સ્વજનની કામધેનુ થઈ રહે: આવા વિચાર બુદ્ધિધનની આંખ આગળ ભૂત પેઠે નાચ્યાં કરતા, અહોનિશ તેને ઉજાગરો કરાવતા, બીજા કોઈ પણ વિષયપર તેનું નેત્ર પડતાં તેમાં અંધારાં આણતા, તથા નિરંતર ચિંતામાં આનંદમાત્રને લીન કરતા, અને આ તેના મહાયોગને જોઈ શકવા–પરખી શકવા–જડ જગત્‌ના ચર્મચક્ષુમાં તાકાત ન હતી.

બુદ્ધિધનના ચોથી પાંચમી પ્હેડીના પૂર્વજો સુવર્ણપુરના કારભારીયો હતા; અને કારભાર ગયા પછી પણ ન્હાનામાં ન્હાની નોકરીને પણ હાથમાં રાખી દરબારમાં પગ રાખવો એ નીતિ તેના કુટુંબે રાખી હતી. પ્હેડીયે પ્હેડીયે તો શું પણ એક જ પ્હેડીમાં કાળચક્રના વારા ફેર બદલાયા હતા અને શ્રીમંતપણા અને નિર્ધનતા વચ્ચે આ ગર્ભશ્રીમંતપણાની ખુમારીવાળા કુટુંબે હિંદોળા ખાધા હતા. બુદ્ધિધનને પિતાના તરફથી વારસામાં પોતાના આભિજાત્યનું અભિમાન–ખાનદાનની ખુમારી–અને તે ગુણની પાછળ ખેંચાતા ગુણો વિના બીજું કાંઈ મળ્યું ન હતું. પરંતુ તેની મા ઘણી બુદ્ધિવાળી, ડાહી, તથા ગરીબ અવસ્થામાં ઘર-રખણી અને સારી અવસ્થામાં ઉદાર રહી શકે એવી હતી; અને એવું કહેવાતું કે તે પુરુષ હત તો આ 'કારભારી' કુટુંબનો કારભાર પાછો મેળવત. આ બાઈના આ ઉજળા ગુણો તેના પુત્રમાં વિકાસ પામ્યા હતા અને તેમની દિનપર દિન વૃદ્ધિ થતી જોઈ નિર્ધન માતા પિતા આશા અને આનંદમાં સારા દિવસની વાટ જોતાં હતાં. મહારાજ શિવાજીને જીજીએ ઉશ્કેર્યા હતા તેમ બુદ્ધિધનની પાસે તેની મા ન્હાનપણામાંથી રસભેર વાતો કહી બતાવતી હતી કે એક દિવસ રામરાય આવી રીતે કારભારી થયા, લક્ષ્મણચંદ્રે ન્હાની ઉમરમાં રાણાની પ્રીતિ મેળવી હતી, અને કૃષ્ણદાસે સુંદરસિંહ રાણાના વખતમાં ઢગલા ધન મેળવ્યું હતું, કુટુંબને તારી દીધું હતું, અધિકારીયોમાં આણ વર્તાવી હતી અને વસ્તીમાં તેની હાક વાગતી હતી. આ સર્વ વાતો બાળક બુદ્ધિધન એકાગ્ર ચિત્તથી બોલ્યાચાલ્યા વિના સાંભળતો. માની વર્ણનશક્તિ વિદ્યાના સંસ્કાર વગરની હતી પરંતુ તેમાં સ્વભાવોક્તિ, સુંદરતા, રસિકતા, અને સૂચકતા ઉભરાઈ જતાં. સ્ત્રીભાષાનું કોમળપણું તથા સંસ્કારીપણું તેમ બ્હેકી રહેતું. સુંદર અને લલિત સ્ત્રીએ

---

૧. કુદકો.

સંસારના પ્રેરેલા સાધારણ અલંકારો ધ્યાન ખેંચ્યાવિના હૃદયમાં પરોવાઈ જતા. માના મસ્તિકની (મગજની) કલ્પનાશક્તિ અને હૃદયની ઇચ્છાઓ બાળકના મસ્તિક તથા અંતઃકરણમાં નદીની પેઠે વહ્યાં જતી. બાપ પોતાના કુટુંબના જુના વખતની મ્હોટી વાતો, સંભારતો, બડાશો હાંકતો, અને રંક જન્મેલા આજકાલના મ્હોટા થયેલા જુવાનીયાઓ અને અમલદારો તુચ્છ હોય તેમ તેમને ધિક્કારી હસી કહાડતો, ગણતરીમાં જ ન ગણતો, અને અપ્સરંગી[1] મૂર્ખ વિધાતા–નસીબ–ને માથે આ ક્ષુલ્લક લોકને થન થન નચાવી સાતમે આકાશ ચ્હડાવી દેવાનો દોષ તિરસ્કારભરેલી દૃષ્ટિથી મુકતો. કુમળા મસ્તિકમાં આ સર્વ સંસ્કારો ભરાયા હતા અને બુદ્ધિધને ઠરાવ કર્યો હતો કે બ્રહ્માની આવી ભુલ સુધારી દેવી અને પોતાની યોગ્યતા પ્રમાણે મ્હોટા પદપર ચ્હડવું.

જન્મનો કારભારી નીશાળે ગયો હતો પણ ત્યાં ભણવાનું પ્રયોજન ન જડવાથી ઘણા દિવસ ગુંચવારામાં કહાડ્યા. આખરે એવી શોધ કરી કે ભણવું એ એક હુન્નર છે, પઈસા કમાવાનું સાધન છે, એ હુન્નર પાસે હોય તો એકની એક વાત લોક અજાઈ જાય એમ લખતાં આવડે છે; અને મુત્સદ્દાઓ લખવા સમજવામાં ઝીણવટ આવે છે. માનું કહેવું એવું હતું કે ભણવાથી બુદ્ધિ વધે છે અને આ મત સામે દીકરાયે કદી તકરાર ન કરી પણ તેના મનમાં એમ જ છેક છેલે સુધી હતું કે આ બાબતમાં મા ભુલ કરે છે. આવી વૃત્તિથી નીશાળે કાંઈક ભણ્યો અને વર્ગમાં અવકાશ મળતો ત્યારે મ્હેતાજી વર્ગ કેમ ચલાવે છે, છોકરાઓની સંખ્યા કેમ વધારે છે, છોકરાનાં માબાપને કેમ ખુશી કરે છે, ઠોઠ છોકરાઓ સાથે કેમ માથું કુટે છે, અને છોકરાઓ મ્હેતાજીની પુઠ કેવું ટોળ ટીખળ કરે છે તે સઉ જોતો, સરત રાખતો, અને ગમત તથા બોધ પામતો. પ્રથમ તો આખા જગતમાં બુદ્ધિવાળાં માણસોની સંખ્યામાં માનાથી બીજે નંબરે મ્હેતાજી મુકાતા, પણ આખરે મ્હેતાજીનો નંબર ઉતરતો ગયો. એમ કરતાં કરતાં મ્હેતાજી મૂર્ખાઈ અને કમબુદ્ધિના નમુના જેવા લાગવા માંડ્યા એટલે તેમને પોતાની વિદ્યાથી, બુદ્ધિથી અને દ્રવ્યથી સંતોષ આપી અક્કલવાળા વિદ્યાર્થીએ નીશાળ છોડી; અને ભણેલા માણસો ઘણું ખરું મ્હેતાજી જેવા જ હશે એવો વિચાર જગતમાં પ્રવાસ સમયે ભત્થા સારુ લીધો. આવી રીતે તેણે નિયમ બાંધ્યો હતો તેમાંથી બહુ બળવાન્ સાબીતીવાળા અનુભવ પછી જ એ મ્હોટી વયે પણ થોડાક પ્રસંગ પડેલા માણસોની બાબતોમાં અપવાદ સ્વીકારતો.

---

૧. "અક્કતરંગી"=અપ્સરંગી=પાણીના તરંગ જેવા તરંગી ચિત્તવાળા.

નીશાળ છોડવા પછી સંસારશાળામાં પાસ થવાની મ્હેનતમાં ઘણાક અનુભવ થયા અને ઘણાક વિચાર બદલવા પડ્યા. ન્હાનપણાનાં સ્વપ્નોમાં એકદમ મ્હોટાં થઈ જવાનો વિચાર રાખ્યો હતો તેનો આવેગ કપરા અનુભવે મંદ પાડી નાંખ્યો; અને ધીમે ધીમે, પગલે પગલે, અડચણો વેઠી, ઘણીક મ્હેનત કરી, ઘણીક ચિંતા સહી, ઘણીક વખત નિરાશ થઈ, પોતાની આજીનું પરિણામ લાચાર બની અદૃષ્ટના હાથમાં રૂહેવા દેઈ, ઘણાં વર્ષ પછી, મૂળ ધારેલા પદે તો નહીં જ પણ એનાથી અર્ધે રસ્તે પણ પ્હોંચાય તો સંતોષ રાખવા વિના છુટકો નથી એવો સિદ્ધાંત કરી, બુદ્ધિધને સંસાર-સાગરમાં વગર તુમડે તરવા વામો ભરવા માંડી. બાપની બુદ્ધિ વિશે બહુ ઉંચો અભિપ્રાય ન હતો તે છતાં તેનો અનુભવ ઘણી વખત કામ લાગતો અને કેટલીક વખત તેની શીખામણ અને સૂચનાઓની અવગણના કરવા પછી ' મા તું ક્હેતી હતી તે ક્હે ' કરવું પડતું. માની સૂચનાઓ કેટલીક વખત રુચિને અનુકૂળ લાગતી હતી, તથાપિ પ્રથમ જે માન તેની બુદ્ધિ વાસ્તે હતું તેમાંથી દિવસે દિવસે ઘણુંક કમી થતું ગયું. પુત્રને બ્હારના અનુભવે વધારે વધારે ઘડ્યો અને તેની બુદ્ધિને વયે પકવી તેમ તેમ ઘરના જ અનુભવવાળી જનનીની બુદ્ધિમાં કચાશ માલમ પડવા માંડી, અને ચ્હડતી અવસ્થાના બાળકને ઉતરતી અવસ્થાની મામાં સ્ત્રી-બુદ્ધિ ભાસવા માંડી તથા અંગવિકલ થતો પિતા બુદ્ધિ-વિકલ થતો લાગ્યો. બાળકપક્ષી માબાપના આશ્રય વિના ઉડવાની હિમ્મત કરવા લાગ્યું. માબાપના ધર્મની સીમા અનુ-મોદન અને અનુશોચનમાં આવી રહી. વ્યવહારશક્તિ જવાથી, બીજા સ્વાર્થ-પરથી દૃષ્ટિ વિરામ પામવાથી, અને કઠણ વૃત્તિયો વિકલ થઈ જવાથી, વૃદ્ધ માબાપની વત્સલતા ઘાડી થઈ, ઉઘાડી ઉભરાવા લાગી, અને તે જમીનપર નિષ્ફલ ઢોળાઈ ન જાય એવી રીતે પોતાના ઉમળકાથી તેનો યોગ્ય સત્કાર કરી વૃદ્ધોના અપંગ આનંદને ટેકો આપવો એ મ્હારો ધર્મ છે એવી બુદ્ધિ બુદ્ધિધનમાં સ્પષ્ટ સ્ફુરવા લાગી. સંસારપંડિતનો સ્વાભાવિક પ્રેમ સ્વા-ભાવિક રીતે નિર્ગન્ધ અદૃષ્ટ રૂહેતો તેનાપર બુદ્ધિના રેડ્યા કૃત્રિમ પ્રેમનું પડ બંધાયું–જેણે રમણીયતા તથા સુગંધ ધારવા માંડી.

સંસારમાં કીયા પ્રવાહમાં દોરાવું અને કીયા અંદર ભણી જવું એ વિચાર કરવાની બુદ્ધિધનને હવે જરૂર પડી અને તેના વિચારને પોતાના અભિલાષ પ્રમાણે વાળવા વૃદ્ધ માબાપ મથતાં. બાપના મનમાં જીવવાની મર્યાદા આ સંકલ્પ સિદ્ધ થયો જોવા સુધીની હતી. તેના મનમાં એમ હતું કે મ્હારા કુટુંબના ઓળખાણથી રાણાનો અને બુદ્ધિધનનો પ્રસંગ કરી આપવામાં હું સાધનભૂત થાઉં અને પોતાની ગરીબ અવસ્થા છતાં પણ

આપના તરફથી આટલી મદદ વારસામાં આપ્યાનો સંતોષ પામું. માની ઇચ્છા એવી હતી કે રાણાનો કારભારી મ્હારા પીયરનો સગો થાય છે તેના ઉપર મ્હારા મસીયાઈ ભાઈ પાસે ભલામણ કરાવી પુત્રને તેની વયના બીજા છોકરાઓ કરતાં ઉંચી પાયરીની જગા અપાવું. ડોસો ડોસી પરસ્પર એકબીજાની દરખાસ્તના સરસપણા વિશે ચર્ચા ચલાવતાં બુદ્ધિધન સર્વ ચર્ચાનો ઉદ્દેશ સમજતો અને ઇચ્છતો કે વિચાર પોતાના પાર પડે અને માર્ગ માબાપનો ઇચ્છ્યો લેવાય. સર્વસાધનભૂત લક્ષ્મીને ખેંચી ક્‌હાડવી એ તો સઉને સિદ્ધ હતું પણ કીયા કુવામાંથી તે બાબત મતભેદ હતો. राजद्वारे महालक्ष्मीर्व्यापारे वसति तथा વ્યાપાર કરવો કે રાજલક્ષ્મી શોધવી ? વ્યાપારમાં ખોટની બ્હીક, મુડીની જરૂર, ચિંતાની જરૂર, અધિકારીની ગરજ પડે ઇત્યાદિ કારણોથી રાજલક્ષ્મી શોધવી એવો ઠરાવ સંસારના ઉમેદવારે કર્યો. પણ આ કામ શી રીતે પાર પાડવું તેની ચિંતા રાતદિવસ રહ્યાં કરતી. રાણાને ત્યાં પ્રથમ તો ન્હાની સરખી નોકરી મળે, તેમાં પેટ ભરાય નહી, પ્રતિષ્ઠાનું દ્વાર રૂહે નહી, રાજસત્તા તો દૂર જ રૂહે, અને વળી મૂર્ખ અને પારકી માના જાયા અમલદારો પાસે વગ રાખવા કરગરવું પડે. બળી આ નોકરી. ધુળ નાંખી, દુઃખી તો દુઃખી પણ વ્યાપરમાં આમ અરુચિકર ન થાય. આવી રીતે સંશય-હિંદોળે બુદ્ધિધન ચ્હડ્યો અને રાત્રે અને દિવસે, ઘરમાં અને બ્હાર, એકાંત શોધતો, વિચારમાં ગરક થઈ જતો, અને ઘણીકવાર માબાપની પાસે પણ શૂન્ય હૃદય—શૂન્ય-નેત્ર—શૂન્ય-કર્ણ બનતો. એકલો બેઠો બેઠો હજારો તર્ક કર્યાં કરતો, હજારો લોકો પોતાનો નિર્વાહ કેમ ચલાવે છે તેનું સંશોધન કરતો, તેમને ઉપજીવિકાનું સાધન પ્રથમ કેમ મળ્યું એ વિશે ખંતથી પુછતો અને એ સઉ રસ્તા પોતાને વાસ્તે ઉઘાડા છે કે નહી તે વિચારતો. વળી એક રસ્તો અરુચિકર લાગતો. બીજો નિર્ભય નથી. ત્રીજામાંથી લક્ષાધિપતિ થવાય એમ નથી, ચોથામાં તો ઘણીક ખરાબ અડચણો પડે. એવી રીતે ગણતો ગણતો આંગળીવડે ભોંય ઉપર, હવામાં, અને કપાળે, મ્હોટાં મ્હોટાં મીંડાં વાળતો અને ગણગણતો કે—

શું થાશે તેની નહી સમજાણુ પડતી કાંય;
વિકળ વિમાસી ભાવિને અમુઝાવું મનમાંહ્ય.

વળી આ રસ્તામાં બેવકુફાઈ લાગતી અને અચિન્ત્યો એકાંતે ખડખડ હસી પડતો. આખરે પાછો ફરી ઠરાવ કર્યો કે નોકરી ખોળવી, પણ થોડા દિવસ વાટ જોઈ, ધીરજ ખમી, સારી નોકરી કેઈ છે તે ખોળવું અને ખોળી તેને જ મેળવવા યત્ન કરવો. આ સર્વ વિચાર પુત્રના મગજમાં

ચાલતા અને તોફાન મચવતા તે વખત માબાપ તેથી અજાણ્યાં રહેતાં. તેઓ તો ઘણી વખત પુછતાં કે 'ભાઈ, શું કરવું છે?' પણ જવાબમાં કંઈ સંતોષકારક મળતું નહી.

આ બધા સમયમાં બુદ્ધિધનનો બાહ્ય વ્યાપાર દેખીતો આનંદમય હતો. તેમાંથી તે કાંઈ કાંઈ ઉપયોગ શોધી લેતો અને તેમાં તેની મા રસ પુરતી. વિદ્યાભ્યાસનો ખાસ પ્રસંગ ન હતો તોપણ કાજીસાહેબ સાથે ઘરનું જુનું ઓળખાણ હતું તેમની પાસે જઈ ફારસી બેતો મ્હોડે કરતો અને સમજતો અને આખરે તેમાંથી તેનો સ્વભાવ ગંભીર અને શાણા બગલા જેવો થયો. શાસ્ત્રી પુરાણીની કથાઓમાંના સંસ્કારવડે તેનું અંતઃકરણ ઉંચી વૃત્તિયોથી ભરાયું અને સંન્યાસીઓને પ્રસંગે તેમાં શાંતિનો પટ બેસાર્યો. બ્રહ્મજ્ઞાનના શબ્દ કાનમાં પડવાથી તથા તેના સંસ્કાર સ્ફુરવાથી સંસારી વિષયોમાં પણ ઉંડી વિવેક-બુદ્ધિ (ફીલસુફી) ઉત્પન્ન થતી. અવકાશને વખતે વૃદ્ધ પુરુષો સાથે ગપાટા મારવામાં પણ આવતા. તેઓએ પોતાની જુવાનીના જોરમાં અને મદમાં પરાક્રમ કરેલાં અથવા ખત્તા ખાધેલા તથા યુક્તિયો રચેલી; તેઓ ફાવેલા, હારેલા, ફસાયલા, લલચાયલા, અને બચેલા. કોઈએ કારભાર કરેલો, કોઈએ વ્યાપાર કરેલો, કોઈએ રંડીબાજીમાં જુવાની ગુમાવેલી, કોઈએ બેવકુફાઈમાં કંઈ જોવાયલું નહી, કોઈએ પ્રમાદમાં થતું થવા દીધેલું, કોઈ ખટપટનો ભોગ થઈ પડેલો; ઇત્યાદિ વાતો અનુભવનારને જ ઘરડે મ્હોંએ કોઈ વાર વગર પસ્તાવે, કોઈ વાર બડાશના સંતોષ સાથે, અને કોઈ વાર નિઃશ્વાસ સાથે થતી તે સર્વનું ટીપ્પણ બુદ્ધિધનના હૃદયમાં થતું. બેતો, કથાઓ, અને ઘરડાઓના ગપાટા, સર્વ વાતો પ્રસંગે તથા અપ્રસંગે પુત્રના મ્હોંથી નીકળતી તેમાં હોંકારો ભણી ઉમેરો કરી, તેના જેવી જ બીજી વાતો પોતે કહી, ટોળ કરી, ટાળા આપી, 'જોયું આમ થયું તેનું આ પરિણામ' કહી સાર ક્હાડી આપી, મા દીકરાને રીઝવતી, કેળવતી, અને રાચતી. આ વાર્તાઓ રસભરી થઈ બુદ્ધિધનના મનમાં ઠરતી અને વજ્રલેપ થતી. બ્રહ્મની પેઠે આ સર્વ માયામયી સૃષ્ટિનો નિર્ગુણ અને નિષ્કર્મ સાક્ષી–કુટુંબનો વડીલ–બુદ્ધિધનનો બાપ સાંભળતો અને સઉના આનંદમાં ગુપ્ત ભાગ લેતો. દાતણને વખતે, ન્હાતાં ન્હાતાં, જમવાની ઘડીએ, વાળુ કરતાં, પથારીમાં સુતાં સુતાં, શીયાળામાં તાપતાં તાપતાં ઉન્હાળામાં ચંદની રાતના ગપાટા વખતે, અને ચોમાસામાં અંધારી રાતે કાળા વાદળમાંથી વર્ષાદ ટપક ટપક થયાં કરતો સાંભળતાં સાંભળતાં–સુવર્ણપુરના

'કારભારી કુટુંબ' માં આવી રીતે સંસારશાળા વગર મ્હેતાજીએ, વગર-પુસ્તકે વણજાણી ચાલતી. સ્ત્રીજાતની કોમળતા, કલ્પના, પ્રતિભાન, સ્નેહીપણું, રસિકતા, અને માર્મિકતાની લ્હેરો સ્ત્રીબુદ્ધિની અવગણના કરનારના અંતઃકરણમાં સતતગતિ[1] બની પેસી જતી; અને નદી ઉપર પ્રભાતનો કમલ-સ્પર્શી પવન શરીરના ઉપર જેવી રમણીય, પાચક, અને બલવાન્ ગુપ્ત અસર કરે છે તેવી જ અસર આ અંતઃકરણ ઉપર થતી. એતો, કથાઓ, શ્લોકો, અને ગપાટા પ્રસાદિક[2] બુદ્ધિશાળી બાઈએ ભેળવેલા સ્વાદિષ્ટ સંભારથી પચવામાં સુલભ થઈ જતાં.

બુદ્ધિધનના બાપને પરાપૂર્વથી ચાલતું આવેલું વર્ષાસન મળતું. તે વર્ષાસન માત્ર બસેં રુપીઆનું હતું પરંતુ હાલ તેની કનિષ્ઠ અવસ્થામાં કોઈક વખતે મદદે કરનારું થઈ પડતું અને લોકમાં પ્રતિષ્ઠા આપનારું ગણાતું. કારભારી મંડળમાં એ વર્ષાસનથી 'કારભારી કુટુંબ' નું નામ વર્ષે દિવસે એકેઠી વાર સ્મરણમાં આવતું. એ શિવાય મૂળ કારભારીયોયે પઇસો એકઠો કરી મુકેલો તથા જમીન હાથમાં રાખેલી તેમાંથી અવદાન ભરવા જોગ ઉત્પન્ન થાય એટલું બાકી રહ્યું હતું. રાજસત્તા હોય તો ઘણી મીલકત ખરી થાય એવી હતી. પણ તેવી સત્તા તો ભૂતકાળની વાત થઈ હતી અને હાલ તેનું સ્વપ્ન પણ કોઈને આવતું ન હતું. પઈસો પઈસાને પેદા કરે છે. પણ આ કુટુંબમાં તો પઈસો ન હતો એટલે સરકાર દરબારને રસ્તે ચ્હડવું અને લાંચ આપી જીતવું મુશ્કેલ થયું હતું. વગવાળા અને પઈસાવાળાઓ પાસે હાથ નીચા પડી જતા અને પોતાના જેવા જ માણસો પ્રતિસ્પર્ધી હોય ત્યારે ન્યાય મળવાનો સંભવ રહેતો અને એ સંભવનો આધાર પણ અમલદારના ઉદ્યોગ, ઉત્સાહ, અને સાવધાનપણા ઉપર રહેતો, આવું છતાં કુટુંબનો વ્યવહાર ચાલતો અને ઘર ચલાવનારીની બુદ્ધિ વેતરણ અને કરકસરથી નામ પ્રમાણે ખરચ રાખ્યું દેખાતું છતાં ઝાઝું ખરચ થતું ન હતું અને કોઈ રીતે લાગે એવી અડચણ પડતી ન હતી અને કેટલીક અડચણો વેઠવાની તો સઉને ટેવ પડી ગઈ હતી. મોજશોખ અપથ્ય ગણતાં; અને કુટુંબનો આનંદ, વૈભવ, અને ભોગ મા દીકરાના ત્હાડા મ્હોરના ગપાટાની બાંધી હદમાં રહેતા.

બુદ્ધિધનનો વિવાહ એના જેવા જ કુટુંબની કન્યા સાથે થયો હતો અને તે નમાઈ હોવાથી સાસુના હાથ નીચે ઉછરી હતી એટલે ગજા-પ્રમાણે કુશળ થઈ હતી. તેનું નામ સસરાયે પાડ્યું હતું અને નિર્ધનના ધન–વરકન્યા–ઉપર રંક 'કારભારી કુટુંબ' સુતું ઉઠતું હતું.

---

૧. પવન; હમેશાં ચાલનાર. ૨. ઈશ્વરની કૃપાથી જ મળેલ.

એમ દિવસ ચાલ્યા જતા હતા અને રંક કુટુંબ ઉપર ઉન્મત્ત પ્રમત્ત જગતમાંથી કોઈ પણ આંખ ફરકતીયે ન હતી. સૂર્ય-કિરણનાં દર્શન કરવા વગર જમીનની અંદર કોઈ બળવાન્ ઝાડનું બીજ-વધતું જાય તેવી અવસ્થા બુદ્ધિધન ભોગવતો હતો, તેમ વિપત્તિનો તાપ તેના ઉપર પડ્યો ન હતો. મ્હોટાં થવાની ઇચ્છા શિવાય તેના મનમાં પણ બીજું કાંઈ ચિંતાનું કારણ ન રહેતું, અને આ ઇચ્છા એક જીર્ણજ્વર જેવી તેના મનમાં રહ્યાં કરતી. એ વ્યાધિની હયાતી ઘરમાં કોઈ જાણતું ન હતું. માત્ર જાતે જ એકાંત સમયે તેની સહજ પીડા અનુભવતો.

આવી અવસ્થા પણ ઘણા દિવસ ન ટકી. વિપત્તિનું વાદળ ઉછરતા છોડ ઉપર તુટી પડવા લાગ્યું. બાપનું મરણ અણચિંતવ્યું વિષૂચિકાથી[1] થયું. આ બનાવ સારુ બુદ્ધિધન જરા પણ તૈયાર થયો ન હતો. અજાણ્યા અચિંત્યા થતા ઘાની પેઠે તે તેને લાગ્યો. તેનું બળવાન્ મન ઘડીક ચુરા થતું જણાયું. તેના સ્વભાવને લીધે ગમત કરનાર જુવાન જગતમાં તેના સમાનશીલવ્યસનવાળું કોઈ ભાગ્યે મળી શકે એમ હતું. ગરીબ અવસ્થાને લીધે પઈસાવાળા ખુશામત શિવાય મિત્રતાનાં બીજાં દ્વાર બંધ રાખતા. ગરીબ લોકોમાં કુલીન-સંસ્કાર ન મળતો. અને કોઈ એમ છતાં મિત્ર થવા જેવો મળે તો બુદ્ધિમાં અંતર રહેતું. આથી થયું એ કે બુદ્ધિધન મિત્રવગરનો રહ્યો અને ખરી વિપત્તિને સમયે તેના મનનું ઔષધ કરવા તેની મા વગર બીજું કોઈ હતું નહી અને તે માને પણ વૈધવ્યદુઃખ પડવાથી તેના મનની સંભાળ લેવી એ પણ હવે ખરેખરા એકલા પડેલા બુદ્ધિધનને માથે ફરજ થઈ પડી.

આટલાથી જ વિપત્તિનું ઝાપટું પુરું થયું નહી.

**जीवतो वाक्यकरणात् मृताहे भूरिभोजनात् ।**
**गयायां पिण्डदानेन त्रिभिः पुत्रस्य पुत्रता ॥**

બ્રાહ્મણ-સંસ્કારવાળા પુત્રને આ શ્લોક ઘણો વ્હાલો હતો અને રમણીય લાગતો. સુધારાવાળાઓની પુત્રતા પોતાની રુચિને અનુસરતી રીતે પિતાનું નામ લોકપ્રસિદ્ધ કરવામાં વિકાસ પામે છે. બુદ્ધિધનની પુત્રતા પિતાની રુચિને અનુસરતી રીતે વર્ત્તવામાં સ્ફુરવા ઇચ્છતી હતી. ઘણી ચિંતા કરી, આમ તેમથી પૈસા એકઠા કરી શ્રમ વેઠી, અને એવી એવી અનેક વર્ત્તમાન તથા ભવિષ્ય વિપત્તિયો માથે વ્હોરી તેમ કરવામાં પિતાના મરણનો

---

૧. કોલેરા, કોગળીયું.

શોક વ્યવહારવિપત્તિયોમાં લીન કરી બુદ્ધિધનને શાસ્ત્રોક્ત પુત્રતા અનુભવવા માંડી. આ વિપત્તિયોના કુહાડા ખમી ખમી ચંદન વૃક્ષ જેવો બાળક શરીરે ક્ષીણ થતો ગયો અને તેના અંતર્‌માંથી બુદ્ધિગંધ બ્હેંકવા લાગ્યો. ચારે પાસ વિપત્તિયોની ભીડ થઈ રહી હતી તેને બળવાન બાહુવડે હડસેલી હડસેલી ધક્કાધક્કી વચ્ચેથી અગાડી ધપી સંસારસુખની ઝાંખી ખોળવામાં પાછળ રહી ગયેલા ભૂતકાળ ઉપર નજર નાંખવાનો અવકાશ ન રહ્યો; અને તે નિમિત્તે વિપત્તિયોની વધતી ભીડમાં ચગદાતો બાળક એકલો બળ અજમાવવા લાગ્યો.

---

## પ્રકરણ ૪.

### બુદ્ધિધન. ( અનુસંધાન ).

નમાઈ સૌભાગ્યદેવી બાળકઅવસ્થામાં આજસુધી સાસરે જ ર્‌હેતી, તેનું કન્યાવય હવે બદલાવા લાગ્યું અને શરીર તથા સમજમાં દેખાતો ફેર પડવા લાગ્યો. સસરા ગુજરી જવાથી સાસુ ઓરડે બેઠાં અને આખા ઘરનું કામ ઉપાડી લેવાનો ભાર ઉછરતી વહુને માથે પડ્યો. ઓરડામાં બેઠાં બેઠાં સાસુ કામ બતાવે અને તેમની સગવડ વણમાગી સાચવવી તથા તેમનાં વચન ઉપાડી લેવાં એ સઉ ચિંતા વહુને માથે પડી અને વણપરણ્યે ગૃહિણીધર્મનો તેને અનુભવ થવા લાગ્યો. બુદ્ધિધન સાથે આજ સુધી બોલવાનો પ્રસંગ પડ્યો ન હતો, પરંતુ ઘરખટલાના સમયમાં ન ચાલ્યે હળવે હળવે છાનાં છાનાં તથા બ્હીતે બ્હીતે વાતચીતનો પ્રસંગ પડવા લાગ્યો. આવાં ઉભાં ઉભાં પણ વણપરણ્યાં દંપતી ઉગનાર મદનના આભાસની નવીનતા ભોગવતાં અને બીડેલાં હૃદય-કમલની પાંખડીઓ જોબનના જોસને વાસ્તે તૈયાર થતા ઉમળકાઓના જોરથી ‘ઓ ઉઘડી,’ ‘ઓ ઉઘડી’ થતી. ચારે પાસે ખરેખરી વિપત્તિ છતાં પણ બાલક-સ્નેહ એકાંત અવકાશ મળવે આવી રીતે મુગ્ધવિનોદનાં નિર્દોષ સ્વપ્ન ભોગવતો અને વરવહુ બેમાંથી એકને પણ આનું ભાન ન ર્‌હેતું. કારણ આવી ક્રીડાસમયે સંસારપર નજર ન ર્‌હેતી અને સંસારકાર્ય સમયે આ મુગ્ધપણું ભુલી જવાતું, એટલે બન્ને અવસ્થાનો એકમેકથી વિરોધ વિચારી જોવાનો પ્રસંગ જ મળતો નહી તે એટલે સુધી કે ચંચળ થવા સરજેલી મનોવૃત્તિયોનો તનમનાટ કોઈવખત તો આજથી જ સાકાર થવા યત્ન કરતો અને વધતા પરિચયની વેદી ઉપર સહજ અટકચાળાપણાના સાથીયા પુરતો. આવી રીતે બે બાળકને એકબીજા સાથે ‘માયા’ થઈ અને

ભરચક દુઃખની અંધારી અમાસ જેવી સાડી ઉપર નિર્દોષ મુગ્ધવિલાસની આકાશગંગા જેવી તારાટપકી, એકાંતમાં અને જાણે આખું જગત ઉંઘી ગયું હોય એવા વિશ્વાસથી, ચમકારા કરતી. સુખદુઃખના પટ કેવળ એકરંગી ક્વચિત જ હોય છે. વિપત્તિના પથરાપર અથડાતાં એક રીતે કઠણ બનતું બુદ્ધિધનનું શૂરવીર મન આવી રીતે બીજી પાસથી કોમળ બનવાની કેળવણી પામતું હતું. ગંભીરતામાં દૃઢ થતા સ્વભાવના ઉંડા અંતર્ભાગમાં આવી વિલાસશીલતાના ફણગા ફુટતા હતા અને તે આખા જગતમાં કોઈને માલમ પડતું ન હતું.

એક દિવસે ઓરડામાં બેઠાં બેઠાં સાસુવહુ વાતો કરતાં હતાં અને ગઈ ગુજરી સંભારી નિઃશ્વાસ મુકતાં હતાં. સાસુનું હૈયું ભરાઈ આવ્યું અને બાળકના દેખતાં રોઈ ન પડાય તો સારું એવો વિચાર કરી તેને કાંઈ કામને મિષે આઘી મોકલવાની યુક્તિ કરી. "વહુ! જરા પાણી "લઈ આવશો?" સાંભળતાં જ કુટુંબદીપિકા પાણી લેવા ચાલી. ઘરના બીજા ભાગમાં જાય છે અને ગોળીમાંથી પાણી ભરે છે. બુદ્ધિધન કાંઈક વિચારમાં પડ્યો પડ્યો હીંચકા ખાતો હતો તેને નજર ચમકાવનાર મળતાં હીંચકા બંધ કર્યા; સૌભાગ્યદેવી પાણી ભરતી હતી તેણી પાસ એકટશે જોવા લાગ્યો અને ઉઘાડાં મુખ નેત્ર આદિ જોઈ દૃષ્ટિ ઠારવાની, અને ઢંકાયલાં પરંતુ છાનાં ન રહેતાં મુગ્ધ અને લલિત અવયવો જોઈ કૌતુકમાં મગ્ન થવાની, અવસ્થાએ વચ્ચે આમથી તેમ હિંદોળા ખાવા લાગ્યો. પાણી ભરતાં ભરતાં સૌભાગ્યદેવીની પણ સ્વાભાવિક રીતે વરભણી નજર ગઈ અને બેજણ એકબીજાને કેટલીક વારસુધી જોઈ રહ્યાં અને બીજા સર્વ અંતર્બાહ્ય વ્યાપાર સ્તબ્ધ થઇ ગયા. સાસુને પાણી જોઈએ છીએ એ વાત વહુ ભુલી ગઈ. વહુ ગઈ એટલામાં અશ્રુપાત કરી ઉભરો ક્હાડી સાસુ સાવધાન થયાં અને વહુને આવતાં વાર કેમ થઈ તે વિચાર થયો તથા રખેને મ્હારા મ્હોંઉપરથી ચેતી એ પોતે રોતી હોય એવો વિચાર કરી વિધવાનો રુઢીધર્મ ભુલી ઓરડામાંથી બ્હાર નીકળી વહુની પાછળ ચાલી. "મ્હારા ઘરનું સૌભાગ્ય—મ્હારા "રંક ઘરની આશા—મ્હારા વધનાર કુળની દેવી! મ્હારો આવા દુઃખમાં "ત્હારું સુખ છાજશે ખરું? હે પ્રભુ!" એમ ક્હેતી ક્હેતી નિઃશ્વાસ નાંખી આવે છે ત્યાં દીકરાવહુની મુગ્ધ ચેષ્ટા નજર પડી અને એકદમ પગ પાછો ખેંચ્યો. પરંતુ આપત્તિકાળથી ઘેરાયલીથી આ સુલગ્ન દેખાવનું ખરાપણું માની ન શકાયું અને તે ખરાપણું અજમાવવા સારૂ—કૌતુ-

કથી–રંગમાં ભંગ ન પડે એવી રીતે છુપાઈ રહી જોવા લાગી અને તે સૌભાગ્યનૃત્તિમાં એના રંક તરંગો લય પામ્યા. અત્યાર સુધી જેને ઓછું આવતું હતું તે માતા છાતીએ હાથ દઈ ઈશ્વરનો આભાર માનતી સ્નિગ્ધ ભીની આંખવડે જ જીવતી હોય એમ વડીલનો રુઢીધર્મ ભુલી પોતાને ન જોવાનું જોઈ રહી.

બુદ્ધિધન અને સૌભાગ્યદેવીનું તારામૈત્રક રચાયું હતું તેની સીમા આવી રહેતાં હવણાં એ મને પાણી છાંટશે એવી બ્હીક લાગવાથી બુદ્ધિધન તે રમણીય બ્હીક ખરી પડવાની વાટ જોઈ સજ્જ થતો હતો પરંતુ તે બ્હીક ખરી ન પડી અને વધારે જોતાં સૌભાગ્યદેવીની આંખ આંસુ ભરી ભાસી. તે એકદમ ઉઠ્યો. પાણીભર્યો કળશ દૂર મુકાવી મુગ્ધ કન્યાનો હાથ ઝાલી ‘શું? થયું? આ શું?’ એમ પુછવા લાગ્યો અને ઉત્તરમાં નીચી દૃષ્ટિ તથા વધતાં ડુસકાં શિવાય બીજું કાંઈ ન મળ્યું એટલે તેને છાતી સરસી ચાંપી વાંસે હાથ ફેરવવા લાગ્યો.

તેની માને રુઢીધર્મ ઓળંગાયાનું અચિન્ત્યું ભાન આવ્યું અને એકદમ પાછી હઠી વિચારમાં પડી ઝડપથી પોતાના ઓરડામાં જઈ બેઠી. ન જોવાનું જોયું એમ તેને સ્પષ્ટ લાગ્યું.

“ કંઈ નહી–” “ કંઈ નહી–” કહી બાથ છોડાવી ભાન આવ્યું હોય તેમ સૌભાગ્યદેવી પાણીનું પાત્ર લઈ એકદમ ઝડપથી સાસુપાસે ચાલી. બુદ્ધિધન સાશ્ચર્ય અને દિઙ્મૂઢ બની ઉભો જ રહ્યો.

આટલા ભેદભંગનો પ્રસંગ આજ સુધીમાં આ પ્રથમ જ થયો હતો. બન્નેને તેનાથી તનમનમાં નવા વિકારના ચમકાર થતા જણાયા. વિચારમાં પડી ધીમે ધીમે પોતાને ઠેકાણે જઈ બુદ્ધિધને હીંચકા ખાવા પાછા આરંભ્યા.

તેની માના મનમાં નક્કી થયું કે ડહાપણનો રસ્તો એ છે કે વર-કન્યાને એકદમ પરણાવી દેવાં અને પોતાના વૈધવ્યનું વર્ષ પુરું નથી થયું તેનો બાધ ન ગણવો. મનમાં માત્ર જરાક ઓછું આવ્યું, પણ પોતાની ન્હાની વયના દિવસ સંભારી ઉદાર ચિત્તમાં ક્ષમાદૃષ્ટિ ભરી. ‘નાચી કુંદીને પગ સામું જોવું ’ અને ‘ છોકરાંને ઢાંકવાં ’ એ આર્યમાતાઓની સહજ બુદ્ધિ છે. દેવી કન્યાવસ્થાની બ્હાર નીકળવા યોગ્ય થવા છતાં શોકના બાયસથી તેનું લગ્ન કરવું અટકી પડ્યું હતું, પરંતુ આ કૃત્રિમ બાધ ઈશ્વર-લીલા આગળ ટકી રહેવાનો નથી અને કૃત્રિમ લગ્નની વાટ અંતઃકરણોનું લગ્ન જોશે નહી એ વાતનું તાત્પર્ય ચકોર માતા તરત સમજી ગઈ.

લગ્ન તરત બંધ રાખવાનું બીજું કારણ પણ હતું. પિતાના ક્રિયા-ખરચમાં બુદ્ધિધન આવ્યો હતો અને લગ્નના ખરચમાં તેવે વખતે પડવું તે માથે આપત્તિ આણવા જેવું હતું. પરંતુ માતાની પાસે શરમ છોડાઈ નહી. લગ્ન થયું અને વરકન્યા સાકાર ગાંઠથી જગતની આંખ આગળ જોડાયાં. ઉત્સવ પુરો થયો. ચૉરી છુટી. સંસારનું મંડાણ થયું અને લ્હેણદારોનાં મ્હોં જોવાનાં આવ્યાં. આજ સુધી વર્ષાસનમાંથી ઘરખરચ નભતું, લ્હેણદારોને સંતોષવા ક્યાંથી? ઘરમાં હજાર હજાર નવી વસ્તુઓનો ખપ પડવા લાગ્યો. જમીનની ઉપજ પણ તણાઈ જવા લાગી અને ઉઘરાણી ઘસાતી હતી. ઘરમાં મા કે સ્ત્રી આગળ આ ફીકર દર્શાવવી એ તેમને નિરર્થક ચિંતામાં નાંખવા જેવું હતું. ખોટી પણ ધીરજ બતાવી ઘરમાં પુરુષપણું જાળવવાની જરૂર હતી. સ્ત્રીયોમાં બ્હીક ઉપજાવવી તે પોતાના પગ કાપવા જેવું અને નવું દુ:ખ ઉત્પન્ન કરવા જેવું હતું. સર્વ ચિંતાથી બુદ્ધિધનનું શરીર ઘસાતું ગયું, તેના મુખઉપર કાંતિ રહી નહી, શરીરપર લોહી રહ્યું નહી, અને જુવાનીમાં ઘડપણ આવ્યું. ઘોર અંધારી રાતમાં એક જ દીવો બળતો હતો. આખા દિવસથી કંટાળી પરવારતાં સાયંકાળે વિધવા માની સાથે વાતોમાં પડતાં, તે વાતોમાં સૌભાગ્યદેવીની કોમળ ટાપશીઓ સાંભળતાં, અને આખર એકાંતમાં સૌભાગ્યદેવીની મીઠી વાણી, મધુર ગાયન, અને મુગ્ધવિલાસામૃત અનુભવતાં, દુ:ખી પુરુષ ઘડીભર સુખી અવસ્થા ભોગવતો હતો અને સંસારના વ્યાપારમાંથી થાકેલું મન જાગતી ઉંઘમાં આનંદ-સ્વપ્ન જોતું હતું. કુટુંબસુખની પરિસીમા રંક અવસ્થામાં જ ભોગવાય છે.

આ સ્વપ્ન પણ ટુંકા જીવતરવાળું હતું. ચિંતાનું ઔષધ કરવા ઘરનું સુખ અસમર્થ નીવડ્યું. બુદ્ધિધનને કોઈ કોઈ વખત તાવ આવવા લાગ્યો. તેને તરત ન ગાંઠ્યો. તેમાંથી જીર્ણજ્વર પેદા થયો અને આખરે એ હડહડતા તાવના ઝપાટામાં પછડાયો અને પથારી-વશ થયો. ચિંતાના દુ:ખ આગળ ઔષધઉપચારનું ચાલે એમ ન લાગ્યું, ગામમાં વૈદ્યો ઘણા હતા, પણ તેમાંનો મ્હોટો ભાગ ઉંટવૈદ્યોનો હતો. સઉ પોતપોતાનું ઔષધ બતાવતા. બુદ્ધિધનનું ઘર ગરીબ હતું પણ 'કારભારી કુટુંબ' નું પ્રસંગે માન રહેતું. એટલે ઘણા લોક જોવા આવતા અને ભીંડ કરી, માંદા માણસને કંટાળો આપી, ઘરમાં પુરુષ ન હોવાને લીધે આદર-સત્કારમાં ખામીઓ કહાડી, ઘરની સ્થિતિ ઉપર અને માણસો ઉપર ટીકા કરી, મ્હોંએ અને કદીક મનમાં લુખી દયા આણી

કોઈક વાર ઘરમાંની સ્ત્રીયો માંદા માણસની પથારી પાસે બેસતી તેના ઉપર કુદૃષ્ટિ ભરી નજર નાંખી અને કંઈ કંઈ તર્ક વિતર્ક કરી, કોઈવાર હાથ આવ્યું ચોરી લઈ, શોર બકોર કરી, આખર સઉ પોતપોતાને ઘેર, રજા માગી, અથવા માગ્યાવગર ખરું ખોટું બ્હાનું કહાડી, જતાં રહેતાં. સૌભાગ્યદેવી અને તેની સાસુ મૂળ તો દુખીયારાં થઈ ગયાં હતાં તેમાં આ ગરબડાટથી કાયર થઈ ગયાં. ઔષધમાં કોઈ કામે ન લાગે અને ઘણા લોકો ઔષધ કંઈ કંઈ બતાવે તેમાં ખરું શું કરવું તે ન સુઝે. આખરે શોક ન ગણી બધાં આવ્યાં હોય તે વખત પણ મા દીકરા પાસે બેશી રહે અને વહુ હેરોફેરો કરે અને હરતાં ફરતાં ડસડસી રહે. રંક કુટુંબના આધારભૂત બુદ્ધિધનને હજુ કરાર ન થયો.

દુઃખ ઉપર દુઃખ આવી પડે. બુદ્ધિધનના બાપને ગુજર્યે વર્ષ થવા આવ્યું. નવો પટ્ટો કરી આપવાની કારભારીયોએ ના પડી. ખાનગી રીતે સૂચના મળી કે કારભારી અને વચલા માણસોના હાથ ભરાય તો વર્ષાસન ચાલુ રહે. આપત્તિમાં પડેલા નિર્ધન કુટુંબને આ અશક્ય થઈ પડ્યું હતું અને વર્ષાસન બંધ પડ્યું! લાચાર અબળાઓ-સાસુવહુ-રોઈ રહ્યાં અને બુદ્ધિધનને સમાચાર ન કહ્યા. મંદવાડ લાંબો પ્હોંચ્યો, ઘરમાંથી ખરચી ખુટી, આવક બંધ થઈ, જમીન અને ઊઘરાણી પુરુષ વગર નકામાં પડ્યાં. બજારકામ કરનાર કોઈ રહ્યું નહી. વૈદ્યને દવા કરવાના ઉત્સાહનું કારણ રહ્યું નહી અને એના ફેરા ઓછા થવા લાગ્યા. લોકો જોવા આવતા હળવે હળવે થાકી ગયા અને બંધ પડ્યા. ઘરમાં શૂન્યકાર લાગવા માંડ્યો, અને માંદા માણસ ભણીથી બીજીપાસ ધ્યાન ખેંચનાર વસ્તુ રહી નહી. માંદા માણસ પાછળ સાજાં માણસ પણ માંદા જેવાં-હવેરાં જેવાં બની ગયાં. બીચારી સાસુવહુના દુઃખની-વિડંબનાની-મર્યાદા રહી નહી. ઉપર આભ અને નીચે પાણી એ બે વિના ત્રીજું, રંક અબળાઓને જોવાનું રહ્યું નહી.

બુદ્ધિધનનું દરદ વધતું ગયું, મૂળ વ્યાધિમાંથી કંઈ કંઈ વધ્યું. પથારીમાં સુતો સુતો બુદ્ધિધન વૃદ્ધ માતા અને બાળક પત્ની આમ તેમ ફરતાં તેમ તેમ તેમના ભણી ઉંડી ગયલા ડોળા ફેરવતો. વહુ આખો દિવસ વર-ભણી જોઈ એકાંતે રોયાં કરતી અને આંખો મુજાવી નિઃશ્વાસ મુકતી. માને પણ દુઃખની સીમા ન રહી. પરંતુ દીકરાવહુ ભણી વારંવાર વારાફરતી જોયાં કરતી, એકાંતે કપાળ કુટતી, અને દેખીતી હીંમત રાખી દીકરાની અરદાસ કરતી અને વહુ એકાંતે પડી સોરે નહી તેની ચિંતા રાખી તેને ચાલતા સુધી નજર આગળથી ખસવા ન દેતી.

આખરે ઘરમાં સઉનો અવર જવર બંધ થઈ ગયો. માત્ર એક વૈદ્ય પરમાર્થબુદ્ધિથી નિર્ધન થઈ ગયેલાનું ઔષધ કરવા આવતો; અને એક વૃદ્ધ પડોશીની વાતો બુદ્ધિધન સારો હતો ત્યારે સાંભળતો એટલે એની વચ્ચે પ્રીતિ થયલી હતી તેથી તે પડોશી ઘડીવાર આવી પથારી પાસે બેસી વાતો કરી તેના મનમાં શાંતિ ઉત્પન્ન કરતો, અને વિધવાની દયા જાણી બજારકામ તથા વૈદ્યને ઘેર ફેરાફાંટાનું કામ કરતો. વર્ષાસન બંધ પડવાની વાત અત્યારસુધી બુદ્ધિધનને કોઈએ જણાવી ન હતી તે એના જ કહ્યાથી. એક દિવસ તે પણ બીચારો માંદો પડ્યો એટલે એક આખો દિવસ તેનાથી અવાયું નહીં અને વૈદ્યથી પણ અવાયું નહીં. વિધવા બારણે નીકળતી ન્હોતી તેને બહુ અકળામણ થઈ. વહુને મોકલવી એ વ્યાજબી લાગ્યું નહી અને આખરે દીકરા સારુ લોક-મર્યાદ અને રુઢી તરછોડી બીજે દિવસે મળસ્કામાં વત્સલ-માતા વૈદ્યને ઘેર લજવાતી છુપાતી ચોરની પેઠે ચાલી અને લાજ છોડી છોડવી વહુને દીકરાની પથારી પાસે પોતાની ગેરહાજરીમાં બેસવાનું અને ખબર રાખવાનું સૂચવતી ગઈ.

સાસુ ગયાં એટલે કમાડ વાસી વહુ વરની પથારી આગળ આવી બેઠી. બુદ્ધિધનની આંખ જરા મીંચાઈ હતી; તેનું ફીકું અને માંદલું મ્હોં નિદ્રાને લીધે શબ જેવું લાગતું હતું, અને દુર્બળ થઈ ગયલા બાકીના આખા શરીર ઉપર ધોતીયું હોડી લીધેલું હતું. હાથ ઉઘાડો હતો અને તેનાં નળાં તથા હાડકાં સ્પષ્ટ દીસતાં હતાં. સાસુ બારણે ગયાથી ઉભરો ક્‌હાડવાને વહુના ડસડસી રહેલા અંતઃકરણને કાંઈક અવકાશ મળ્યો હતો, અને તેની આંખમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં હતાં. તેમાં પથારી પાસે બેઠી અને પોતાના 'નોધારાં આધાર' સ્નેહી પતિનું આવું શરીર અને મુખ જોતાં તેનું કોમળ બાળક હૈયું ભરાઈ આવ્યું. થોડીકવાર તો પતિમુખ સામું માત્ર જોઈ રહી અને વિચારમાં ને વિચારમાં ઝીણે રાગે ગાવા–ગણગણવા–લાગીઃ–

"દુઃખી દારા દુનીયામાંહ્ય કંથ વિદેશ ગયે,
"સુખી સમજે સ્ત્રી સંસાર સ્વામી સંગ રહે.
"આ અવસરમાં, પ્રીતમ પ્યારા, ન્યારા! તજી, પરદેશ રે
"જાવા આવા સિદ્ધ થયા પણ મનમાં ઉપજે કલેશ,
"કંથ વિદેશ ગયે!"
"કંથ વિદેશ ગયે–કંથ વિદેશ—*"

* એક વર્તમાન સ્ત્રીગીતમાંથી.

આ ગાતાં ગાતાં અને પતિના મડદા જેવા મ્હોં સામું જોતાં જોતાં તેની કલ્પનાશક્તિ સળગી ઉઠી. દુઃખના અંધારામાં નબળા મનની આંખ આગળ કંઈ કંઈ અમંગલ તર્ક વિતર્ક ભૂત પેઠે ખડા થયા અને અંતઃકરણપર મહા જોરથી મારી રાખેલો આગળો કલ્પનાને ધકકે એકદમ ઉઘડી ગયો. પતિ જાગશે એ ભાન રહ્યું નહી અથવા રહેવા છતાં તેને વશ રહી શકી નહી. "હાય, હાય, હાય, હાય, હાય!" કરી બુદ્ધિધનના પગ આગળ એકદમ માથું પછાડી, તેના પગ બે હાથ વચ્ચે માથા સરસા ચાંપી મોકળું મુકી મ્હોટે સાદે છાતીફાટ અનાથ બાળક અબળા રોવા લાગી અને ઉન્હાં આંસુના ખળી ન રહેતા પ્રવાહથી પથારી ભીની થઈ ગઈ. બુદ્ધિધન અચિન્ત્યો જાગી ઉઠ્યો. નબળાઈને લીધે ઉઠવાની તેની શક્તિ ઘણા દિવસથી ગઈ હતી તે કોણ જાણે ક્યાંથી આવી કે ઝપ લઈ પથારીમાં બેઠો થયો અને લાંબા નાંખેલા પગના છેડા આગળથી દુબળા સોટા જેવા હાથવડે દુઃખી પતિવ્રતાનું માથું ખોળામાં ખેંચી લીધું અને તે હાડપિંજર જેવી પોતાની છાતી સાથે ડાબવા–જોર ન હોવાથી વ્યર્થ શ્રમ કરવા–લાગ્યો. તેનું બ્હેબાકળું (ભય-વ્યાકુલ) મ્હોં જોઈ દીન બની ગયલો, પરંતુ ધીર, પુરુષ તેના શોકનું કારણ સમજી ગયો, અને સજલ-નયન બની બમી વગરને મ્હોંયે ત્રુટ્યે ગદ્‌ગદ સ્વરે બોલ્યોઃ–

"દેવી! આમ શું કરે છે? ધીરજ રાખ, ઇશ્વર અનાથનો બેલી છે."

ઇશ્વરને ઠપકો દેતી હોય—ઇશ્વરની ઇચ્છા પોતાને પ્રતિકૂળ થઈ માનતી હોય–એમ કાંઈ પણ બોલવા વગર દીન બનેલી માત્ર પતિના સામું ઘેલી જેવી જોઈ રહી. તેને ખભે હાથ નાંખી થોડીવારે નીચું જોઈ રોતી રોતી બોલી ઉઠી—"હું શું કરું? મ્હારાથી નથી ખમાતું! માતુઃશ્રી-
"(સાસુ) એ તો કરવાનું કર્યું! પલું વેચી આપણા લગ્નમાં થયેલું
"દેવું તેમણે વાળ્યું. થોડું વધ્યું તેનાથી ઘરખરચ નભાવે છે. હુ ઘણુંએ
"કરું છું પણ મ્હારું પલું વેચવા ના પાડે છે! શોક ન ગણી અત્યારે
"વૈદ્યને ઘેર ગયાં છે. હાય! હાય! મને તે દૈવે શાને ઘડી? મને
"પરણવા તમારે દેવું થયું. મ્હારી જાત એવી નકામી કે માતુઃશ્રીને
"આટલી અડચણ છતાં બારણે જઈ મ્હારાથી કામમાં ન અવાયું
"ને એ ગયાં. એમનું કર્યું કોણ કરશે? એમનો અવતાર સફળ
"થયો, હું મોઈ નકામી. મ્હારું પલુંએ નકામું! તમને ન ખપે!
"હાય હાય! વર્ષાસન ગયું, તો ગયું, પણ—બળ્યું એ પલું!
"તમારે કામ ન આવે તો મ્હારે પણ ન આવે? મ્હારે શું કામ

"હતું એનું !" એમ કહી ઝપો ઝપ શરીરપરનાં ઘરેણાં ફ્હાડી સામી ભીંતભણી રીસ કરી જોરથી ફેંકી દીધાં. "હું તો માત્ર તમારું આવું "શરીર અને આવું મ્હોં જોવાને જ સરજી છું ! આ નથી જોવાતું રે "મ્હારા નાથ !" એમ કહી વળી ડુઠવો મુક્યો.

નરમ બની વધારે ખેદ પામી બુદ્ધિધન પત્નીના મુખ સામું લાચાર આંખે જોતો બોલ્યોઃ—"દેવી ! આમ શું કરે છે ? વર્ષાસન "ગયું તેની મને ખબર કેમ કરી નથી ? હશે. તું નકામી નથી. તું "નકામી કેમ ? તું તો ઘણેય કામે આવીશ. મ્હારા આધાર–મ્હારી "વ્હાલી !–મ્હારી દેવી ! ધીરજ રાખ. ઈશ્વર અનાથનો બેલી છે. આ "ઘરેણાં ત્હારાં સૌભાગ્યનાં છે. તેને ફેંક નહી."

"મારું સૌભાગ્ય તમારા વિના બીજે ક્યાં છે? મ્હારે ઘરેણાં "સાથે કાંઈ સગપણ નથી. તમારા મ્હોંની તેજી ક્યાં ? ઈશ્વર હશે તેનો "હશે; હું શું કરું રે ઈશ્વર ! તમે સુઈ જાઓ, તમારી નબળાઈ વધશે. "અરે આ વખતે પણ હું તમને દુઃખ દેવાને સરજી છું." એમ કહી બે "હાથે મ્હોં અને આંખો ઢાંકી રોઈ લઈ પતિને ઝાલી પાછો સુવાડ્યો.

આમ કેટલોક વખત ગયો એટલામાં બારણું ખખડ્યું. ઉતાવળમાં ઘરેણાં એમ ને એમ રહેવા દેઈ સૌભાગ્યદેવીએ બારણું ઉઘાડ્યું.

વત્સલ માતા ઘરમાં આવી. તે નિરાશ દેખાતી હતી. તેના મ્હોંપર ઉગ્ર કોપ અને આંખોમાં રતાશ અને પાણી ઢાંક્યાં રહેવા અશક્તિમાન્ લાગતાં હતાં. તેના ઓઠ ફફડતા હતા અને વૃદ્ધ હૈયું ધબકતું હતું. તેમાં વળી દીકરો, વહુ, અને ઘરેણું એ સઉનો નવો તાલ જણાયો અને એક પળવારમાં કંઈ કંઈ ચિંતાઓ અને શંકાઓ તેના અંતઃકરણમાં નવી જુની થઈ ગઈ.

સુતો સુતો હળવે હળવે પુત્ર બોલ્યો :—"માતુઃશ્રી, ક્યાં ગયાં "હતાં? આજસુધી વર્ષાસનના સમાચાર મને ન કહ્યા તે ઠીક કર્યું? "તમારું મ્હોં આમ કેમ ?"

વર્ષાસનની વાત ઉઘાડી પડી જાણી ઠપકા ભરેલી આંખે વહુના સામું જોઈ, ઘરેણાં ભણી નજર કરી સાસુ ઉભી જ રહી.

સૌભાગ્યદેવી ઉઠી, સાસુને બાઝી પડી અને તેની છાતીમાં માથું સમાવી દેઈ રોતી રોતી બોલીઃ—"માતુઃશ્રી ! વાંક માફ કરો. આટલું "મ્હારું ઘરેણું તો કામમાં આણો !"

બારણું વાસી બે જણ પથારી પાસે બેઠાં. બેસતાં બેસતાં સાસુ બોલી:— "દેવી ! બેટા ! તું બાળક છે. ત્હારાં ઘરેણાંને કેમ કામ નહી લગા-
"ડીયે? જરુર પડશે ત્યારે એમ પણ કરવું પડશે. ત્હારી સમજ કાચી છે.
"ત્હારી ફીકર મ્હારે છે. ઈશ્વર એ ઘરેણાં સદૈવ ત્હારા શરીર ઉપર જ
"રાખો ! બેટા, તું આમ રો નહી. પ્હેર ઘરેણાં." એમ કહી નિઃશ્વાસ મુક્યો.

"દીકરા, હું શું કહું? કેટલું કહું!" એમ કહી લુગડાવતે આંખો લોહી. વૈદ્ય પરગામ ગયો હતો અને તેની બાયડી મળી તે હલકા સ્વભાવની હતી. વૈદ્ય મફત ઔષધ આપતો તે વાત વૈદ્યાણીથી છાની રાખી હતી, કારણ એવાં એવાં મફતીયાં તો ઘણાંએ આવે અને તેનું કામ વૈદ્ય કરે તો વૈદ્યાણીનો જીવ જતો અને ધણીપર રમસ્તાન મચાવી મુકતી. બુદ્ધિધનની માને આવતી જોઈ મફતીયું ઘરાક જાણી તેને ગાળો દેઈ ધમકાવી અને વૈદ્યનો પત્તો પણ ન બતાવ્યો તે કોઈ દયાળુ પાડોશીએ કહ્યું ત્યારે જાણ્યું કે અચિંત્યું વૈદ્યને જવું પડ્યું છે. નિરાશ બની બાઈ પાછી ફરી. પાછાં ફરતાં વિચાર થયો કે કારભારી મ્હારો પીયરનો સગો છે તેને માંહ્યમાંહ્યથી જઈ વર્ષાસનની વાત કરું. કારભારીના ઘરમાં પેંસતાં તેની દીકરી ઓટલે ઉભી હતી તેણે ગરીબ બાઈ ઉપર મ્હોં મરડ્યું અને ચાળા પાડ્યા. ગરજ ગધેડીને મા કહે. ચાળા બાળા જાણે કોઈએ પાડ્યા નથી એવું ગણી બાઈ ઘરમાં પેઠી. કારભારી ચોકમાં ચાકરો વચ્ચે બેઠો બેઠો દાતણ કરતો હતો. બાઈને જોઈને જ તેને આવવાનું કારણ તે કળી ગયો. આવા ભુખ ઘરાક પાસેથી કાંઈ પાકવાનું નથી અને નકામી માથાકુટ સવારના પ્હોરમાં પડશે જાણી કારભારીએ કસમોડું મ્હોં કર્યું અને ચાકર મારફત કહેવડાવ્યું, "હાલ કામદાર કામમાં બેઠા છે. જાવ, કામ હોય તો દરબારમાં "અરજી લખી આપજો." બ્હીતી બ્હીતી ઉમ્મર ઓળંગતી હતી તે આ સાંભળી બાઈ પાછી વળી. થોડેક ચાલી એટલે એક રાંડેલી પણ શણગરાયલી બાઈ કારભારીના ઘરમાંથી નીકળી અને થોડેક છેટે ગયા પછી દુઃખી વિધવાને પકડી પાડી તેની સાથે વાતોમાં પડી.

"તમે વર્ષાસન સારુ કારભારીને ઘેર ગયાં હશો."

"હા."

"મ્હારું એક કહ્યું કરો તો તમારું વળે."

"મ્હારી પાસે લાંચ આપવાને પઈસા નથી. હું તો ગરીબ છું."

"પઈસાના કરતાં વધારે તમારી પાસે છે."

અચિંતી ચમકીને બુદ્ધિધનની મા પેલી બાઈ સામું શંકા અને ભય ભરેલી આંખે જોઈ રહી બોલી, "શું?"

બેશરમી કુલટા હીમ્મત રાખી બોલી: "કંઈ નહીં. મ્હારી જોડે "તમારી વહુને જરી મોકલો. હું કામ કરી આપીશ. કારભારીના "દીકરાને ને મ્હારે સારાસારી છે. તમારા સારા સારું કહું છું." ગરીબની વહુ સઉની ભાભી.

પવિત્ર વિધવાએ દાંત કચડ્યા અને ઓઠ પીસ્યા. આંખો રાતી થઈ ગઈ. પણ દુષ્ટ રાક્ષસી આગળ મ્હોંનું બળ બતાવવાથી પણ ભયનું કારણ હતું. પવિત્ર કોપ દેખીતો ઢાંકી દીધો અને "બાઈ, મ્હારે "વર્ષાસન નથી જોઈતું" કહી તેના દુષ્ટ પરછાયાની હદ તજી ચાલવા માંડ્યું. દેશી રજવાડામાં દીકરો ફોજદાર, ભાઈ ન્યાયાધીશ, અને બાપ કારભારી; કોની ફરીઆદ કોની પાસે કરવી? અનાથ અબળા છાનીમાની ઘેર ચાલી.

આ સર્વ સમાચારથી બુદ્ધિધનને મંદવાડમાં દુઃખ થશે જાણી તેને ન ક્હેવા ઠરાવ કર્યો હતો. પરંતુ તે માના મ્હોં ઉપરથી કળી ગયો કે કાંઈ નવાજુની થઈ છે. તેને સંતોષવાને માત્ર એટલું જ કહ્યું કે 'જોને, દુઃખીનું નસીબે દુઃખી. વૈદ્ય ગામ ગયા છે.' આડીની વાત, આડી અવળી વાત કરી, ભુલાવી અને નબળા મગજપર તેમ કરવું કઠણ ન પડ્યું. બુદ્ધિધન પાછો ઉંઘી ગયો. સાસુવહુ હળવે રહીને જોડના ભાગમાં જઈને બેઠાં. વહુનું રોવું રહ્યું નહી. સાસુ વહુનું માથું ખોળામાં મુકી બેઠી અને તેવી રીતે સુતી સુતી બાળક વહુ રોતી રોતી ઉંઘી ગઈ અને સ્વપ્નવશ થઈ. વડીલ વિધવા આમ એકલી જેવી પડી એટલે વિચારમાં ગરક થઈ ગઈ. બેઠી બેઠી એક હાથે વહુને થાબડતી હતી અને આંખોમાંથી ચોધાર આંસુ છાનાંમાનાં વણ-અટકાવ પડતાં હતાં તેને બીજે હાથે વ્યર્થ લોહ્યાં કરતી હતી. એટલામાં વૃદ્ધ પડોશી દયાશંકરે બારણું ઉઘાડ્યું. તેને છાનાંમાનાં આવવા વિધવાએ નિશાની કરી. તે પ્રમાણે તે બારણાં પાછાં વાશી આવ્યો અને તેની પાસે બેઠો. એક દિવસ ન અવાયું તેનું કારણ બતાવી ખબર પુછવા લાગ્યો.

અનાથ બાઈ ગળગળી થઈ ગઈ અને સાદ સંભળાય નહી એમ રોઈ પડી.

॥ स्वजनस्य हि दुःखमग्रतो
विवृतद्वारमिवोपजायते ॥

પોતાનું માણસ મળ્યું એટલે દુઃખીનાં દુઃખનાં બારણાં ઉઘડી જાય છે. દયાળુ પડોશીપાસે દુઃખીયારી બાઈએ વૈદ્યના અને કારભારીના ઘરના સર્વ સમાચાર અથઇતિ સવિસ્તર કહી બતાવ્યા. દીકરાની અને વહુની પણ વાત

કરી. " હાય, હાય, આ અનાથ કુલની શી અવસ્થા થશે ! દયાશંકર, હું
" તો ઘડપણમાં બેઠી પણ આ બાળકે મ્હારા જેવી થઈને બેસશે તો એનું
" મ્હોં મ્હારાથી કેમ જોવાશે ? એની શી વ્હલે થશે ! હુંએ હવે મરવાની
" એટલે આ મ્હારી દેવીનું કોણ?" વૃદ્ધ દયાશંકરે બાઈને હીંમત આપી.

" બ્હેન, તમે હીંમત રાખો. તમારા ભાગ્યમાં હજી ઘણાં સારાં
" વાનાં છે. બુદ્ધિધનને પાછો આરામ થવાનો એમાં સંદેહ નથી. અને
" એને આરામ થયો એટલે એ સિંહનું જોર કરવાનો. એ બાબતમાં
" મ્હારું અંતઃકરણ સાક્ષી પુરે છે માટે સત્ય માનજો. તમારી વહુનું
" સૌભાગ્ય અમર છે એવું મેં એની જન્મોત્રીમાં જોયું છે. બુદ્ધિધનને
" પણ હવણાં તો વર્ષ નડે છે પણ આખરે સારું છે."

દયાશંકરને જ્યોતિષ્ ઉપર કાંઈ વિશેષ શ્રદ્ધા હતી એવું ન હતું પરંતુ દુઃખી વિધવાના અંતઃકરણમાં એ નિમિત્તે આશાનું અમૃત રેડ્યું. વાતો કરી દુઃખી માતાનું દુઃખ અર્ધું શાંત કરી દીધું અને તેનાં આંસુ સુકવ્યાં. એટલામાં સૌભાગ્યદેવી પણ ઉઠી અને વિનયસર બેઠી. આખરે સઉ બુદ્ધિધન પાસે ગયાં.

દયાશંકરના પગના ઘસારાથી જ બુદ્ધિધન જાગ્યો હતો. મંદવાડમાં તેના કાન સરવા થયા હતા. સર્વ વાતો તેણે જિજ્ઞાસાથી તથા તૃષ્ણાથી સાંભળી લીધી. સાંભળતાં સાંભળતાં ક્રોધ, દયા, દીનતા, આશા, અને ઉત્સાહ એવી કંઈ કંઈ વિચારોની પાંખો ઉપર ચ્હડી તેના મનનિધિમાં પ્રતિબિંબ પાડતી પાડતી ઉડી ગઈ. આખરે તે શાંત થયો, અને એટલામાં તો બધાં અંદર આવ્યાં.

દયાશંકર પથારી આગળ બેઠા અને બુદ્ધિધનના માથા ઉપર હાથ મુકી નાડી જોઈ બોલ્યાઃ "કેમ, ભાઈ, પ્રકૃતિ તો ઠીક છે કની ? મને
" તો કાંઈ સારો ફેર લાગે છે. માત્ર ત્હારા મ્હોં ઉપર જરા ગભરાટ છે."

" હા, કાકા, મને આજ જરી ઠીક છે. પણ માતુઃશ્રીએ તમને
" કહ્યા તે સમાચાર સાંભળી જીવ જરી ઉકળી આવ્યો. તમે જુવો છો
" કારભારી કેવો લુચ્ચો છે તે! આખું વાજું જ નફટ અને દુષ્ટ છે.
" હશે; ઘણું કરે તે થોડાને માટે." એમ કહી બુદ્ધિધન કાંઈક ગુપ્ત ક્રોધ અને વિચારમાં પડ્યો દેખાયો.

" ભાઈ, એ તો એમ જ હોય. આપણે કારભાર કરો ત્યારે સરત
" રાખજો." એમ કહી દયાશંકર જરી હસ્યા. " બ્હેન, એમાં કંઈ ન થવા
" જેવું ન જાણશો, હોં ! આજ કારભારીને ઘેર ધાન ખાવા ન હતું તે તમને
" ખબર છે. શા વારાફેરા થવાના છે તે કોઈને ખબર છે ? તમારું

"અસલનું 'કારભારી કુટુંબ'નું ખાનદાન, તે હતું એવું આજ પચાશ "વર્ષે પાછું થાય તો એમાં ઈશ્વરને ઘેર શું અશક્ય છે?"

બુદ્ધિધન ડોસીભણી જોઈ રહ્યો.

રંક વિધવા નિઃશ્વાસ નાંખી કપાળે હાથ દઈ બોલી: "ભાઈ, અમારે "તો કારભારે નથી જોઈતો ને બારભારે નથી જોઈતો. લાખ મળવાના "નથી ને લખેશ્વરી થવાનાં નથી. મ્હારે તો આ એક આંખ ઠારવા "જેટલું ઈશ્વર રાખે તો ઇન્દ્રપુરી છે. દીકરો સારો થાય અને કંઈ રસ્તે "પડે, અને આ જોડું સુખી થાય એટલે ગંગા ન્હાયાં. આ અવસ્થામાં "વીતેલું હું એટલેથી જ વિસારે નાંખીશ. પછી તો પરમેશ્વર મને તેડું "મોકલે એટલું જ માગવાનું બાકી રહે." માને ઓછું આવ્યું તે તેના મુખ ઉપર દીકરાએ સ્પષ્ટ દીઠું.

"નિશ્ચિંત રહો. રુડાં વાનાં થશે. કેમ ભાઈ, બુદ્ધિધન?"

માનો નિઃશ્વાસ જોઈ વહુની આંખોમાં લાચારીનાં આંસુ જોઈ, બુદ્ધિધન ધુણી ઉઠ્યોઃ—

"કાકા, તમારા મ્હોંમાં સાકર. અત્યારે તો મશ્કરી જેવું દેખાય "છે. પણ સરત રાખજો કે આ લુચ્ચા કારભારીયે આ અનાથ અને "કુલીન મ્હારી માતુઃશ્રીને જે તરછોડ્યાં છે અને એના દુષ્ટ દીકરાએ "મ્હારા કુટુંબને આવી રંક અવસ્થામાં જે અપમાન પ્હોંચાડ્યું છે તેનું "વેર બુદ્ધિધન લેશે. ઈશ્વર ખોટામાંથી સારું કરે છે. વર્ષાસન ગયું તે "સારું જ થયું છે. હું હવે કારભારીનો ડએલો નથી અને આવા ડએલા "રહી શું કરવું તે ઘાટ મને સુજતો ન્હોતો. પણ હવે મ્હારી ચિંતા દૂર "થઈ છે અને હું સ્વતંત્ર—મ્હારો મુખ્ત્યાર થયો છું. આહા ઈશ્વર! "કારભારીયે મ્હારો રસ્તો મોકળો કરી દીધો. હવે હું સાજો જ થવાનો. "મને જીવવાની ઇચ્છા પાછી થઈ છે. મ્હારાં વ્હાલામાં વ્હાલાં આ "બે રત્ન—તેની ખાતર હું શું નહી કરું? હા, છું તો ગરીબ. મ્હારી પાસે "નથી પઈસો અને નથી એવા મિત્ર. કારભારે પ્હોંચવું ન પ્હોંચવું એ "તો ભાગ્યની વાત છે. પરંતુ આ કારભારીને તો પાયમાલ કરું જ— "અને વળી તેને જ મ્હોંએ મને પોતાને સારો કહેવરાવું એવી મ્હારામાં "તાકાત છે તે જગત્ જોશે. વેર—હવે રાતદિવસ મ્હારા કાળજામાં "બળ્યાં કરવાનું અને એ આગ કારભારીના આખા ઘરને સળગાવી "મુકી પછી હોલાશે! હું પણ પુરૂષ છું—કારભારી કુટુંબમાં જન્મ્યો "છું. આજકાલના આ ફાટી ગયેલા કારભારી જેવો નીચ કુટુંબનો નથી. "માતુઃશ્રી, હું તમારી કુખમાં ઉછર્યો છું. મ્હેં ચુડિયો નથી પ્હેરી!"

દાંત પીસતો, ઓઠ કરડતો, લાંબા હાડકા જેવા એક હાથે છાતી ઠોકતો અને બીજે હાથે મુછ ખેંચતો, ધ્રુજતો, ધ્રુજતો, અને પથારીમાં ઘડીયે ઘડીયે ઉંચો નીચો થતો થતો, ઘણું બોલવાથી અને ક્રોધ ચ્હડવાથી માંદો માણસ થાકી ગયો; તેના હાથ પ્હોળા થઈ પથારીમાં બે પાસ પાછા પડ્યા, અને તેની રાતી થયેલી આંખોમાં ડોળા થોડી વાર આમ તેમ ફર્યા અને આખરે આવેશમાં ને આવેશમાં તેની આંખ મીંચાઈ. થોડીવારમાં ઘોરણ બોલવા માંડ્યાં અને આ જાગૃત અવસ્થાનું સ્વપ્ન બીલકુલ શાંત થઈ ગયું. માત્ર નિદ્રામાં પણ તેની ભમર ચ્હડેલી રહી હતી અને ઘડીયે ઘડીયે વાંકી ચુકી થઈ જતી હતી તેપરથી સ્પષ્ટ દીસતું હતું કે નિદ્રામાં પણ કાંઈક બલવાન્ સ્વપ્નમાં તે ધુંધવાય છે.

દિઙ્મૂઢ સઉ જણ તેના ભણી જોઈ રહ્યાં અને તેને ઉંઘેલો જોઈ આશ્ચર્ય અને વિચારમાં પડી સઉ ઉઠ્યાં. "ઉંઘવા દ્યો, ઉંઘવા દ્યો એને" એમ કહી દયાશંકર કેટલીક સૂચનાઓ કરી ઘેર ગયા. બુદ્ધિધનના શબ્દ ક્રોધ અને મંદવાડના લવારામાં ગણાયા. પરંતુ બીજે દિવસેથી વૈદ્ય પાછો આવતો થયો, તેના ઔષધનો ગુણ હવે વ્હેલો લાગવા માંડ્યો અને થોડા દિવસમાં બુદ્ધિધન ઘરમાં હરતો ફરતો થયો. મંદવાડ સમૂળગો ગયો અને નિશાનીમાં માત્ર વૈર અને ક્રોધના ધુંધવાટને પાછળ મુકતો ગયો. મધ્ય રાત્રિયે ઉત્પાતસૂચક ધૂમકેતુ આકાશમાં ઘણા દિવસસુધી દેખાયાં કરે તેમ એકાંતમાં પણ આ ક્રોધથી ચ્હડેલી ભ્રુકુટિ હમેશાં બુદ્ધિધનને કપાળે ચ્હડી આવતી, અને તે કારભારીનો નિઃસંશય વિનાશ સૂચવતી હતી.[1]

---

## પ્રકરણ ૫.

### બુદ્ધિધન. (અનુસંધાન, સંપૂર્તિ.)

મ્હોટાં માણસોનો ખોટો ડોળ ખરામાં ચાલ્યો જાય છે. અને ન્હાનાંની ખરી વાત ખોટામાં ચાલી જાય છે. રંક બુદ્ધિધનનો ક્રોધ જોઈ દયાશંકરને હસવું આવ્યું અને ઘરમાં સઉ તેની વાત જ ભુલી ગયાં. જે કારભારીને ત્યાં માનું અપમાન થયું હતું ત્યાં બુદ્ધિધન પ્રસંગે અપ્રસંગે પ્રથ-

---

૧. शत्रूणामनिशं विनाशपिशुनः क्रुद्धस्य चैद्यं प्रति
व्योम्नीव भ्रुकुटिच्छलेन वदने केतुश्चकारास्पदम् ॥ માઘ, સર્ગ ૧. એ ઉપરથી સૂચિત.

મથી જ જતો હતો અને સાંજે થયા પછી પાછો જવા લાગ્યો. પણ ઈશ્વરે સઉનાં મગજ અને કાળજાં અપારદર્શક કર્યાં છે. એમ કરતાં મ્હોટાંનાં મન સમજવા ન્હાનાંને અવકાશ મળે છે, પરંતુ ગરીબ બીચારાં ન્હાનાં માણસોનાં મન તો મ્હોટાં માણસોની પ્રમત્ત—અંધ—આંખોને અદૃશ્ય જ રૂહે છે અને એ આંધળાઓને મન રંક પુરુષોનાં કાર્યો સ્વાભાવિક રીતે અર્થવિનાનાં, અક્કલ વિનાનાં, મૂર્ખતા ભરેલાં, માલવિનાનાં, અથવા તો અપ્રરંગી, વસે છે. કોઈ વખત આંધળામાં કાણો રાજીયો મળી આવે તો રંક માણસોની બુદ્ધિની પરીક્ષા કરવા યોગ્ય–મૂલ્ય જાણવા લાયક—વધારે બુદ્ધિવાળા આપણે તો છીયે જ એમ માને છે અને આ બીચારામાં આટલી બુદ્ધિ છે એવું કહી કદર બુજવાની હીમ્મત કરે છે. કારભારી-મંડળ ભરાયું હોય, ગપાટા મારતું હોય, બડાશો હાંકતું હોય, નિન્દા કરતું હોય, કોઈને નુકસાન કરવામાં જય પામી અભિમાન અને આનંદ પામતું હોય, નીચ ઉત્સવ કરતું હોય, ખોટા ઢોંગ રચતું હોય, નીતિના નિયમને ઉલટ પાલટ કરી દેતું હોય, અને મૂર્ખતાથી રંગેલાં–દુષ્ટતાનાં ભરેલાં–બુદ્ધિના દુરુપયોગે ધક્કેલેલાં અને ખુશામતે સળગાવેલાં સ્વપ્ન-જાળ જોતું હોય, તેવે વખતે બુદ્ધિધન એકલો સેવકવર્ગ સાથે ભળનાર મુત્સદ્દીવર્ગની છેલી પાયરીના માણસોમાં સઉની પાછળ બેસતો અને આંખ, કાન, અને મનને જુદા જુદા વ્યાપારોમાં રોકી આ સંસારનો અભ્યાસ કરતો અને કારભારી અને તેના દીકરાને જોઈ, અંતઃકરણમાં પોતાની મેળે હોલાતા ભડકાને ઘડી ઘડી વધારે વધારે પ્રદીપ્ત કરતો. પરંતુ તેના ઉપર કોઈની નજરે પડતી ન હતી. માત્ર કારભારીનો દીકરો દુષ્ટરાય, તિરસ્કાર અને અહંકારભરી બાડી આંખે કોઈવાર તેના ભણી આઘેથી જોઈ રૂહેતો, છાતી ફ્હાડતો, અને એના જેવા કંઈ કંઈ રંક માણસોને તેમની અવસ્થાનું ભાન આવે એવાં અટકચાળાં કરી તથા તાબેદાર માણસો પાસે વણ-કહ્યે કરાવી, એમ કરવામાં પોતાની પદવી સાર્થક થતી હોય–પોતાનો હક જળવાતો હોય એવું ડોળ કરી દમભેર ચાલ્યો જતો અને તેની પાછળ તેનાં પુંછડાં ચાલ્યાં જતાં. તેનો બાપ **શઠરાય** તેના કરતાં કંઈ વધારે સારો અને અક્કલવાળો હતો. દીકરાના જેવાં કામ તે ન કરે એમ ન હતું પરંતુ પ્રયોજન હોય ત્યારે જ કરતો અને ચાલતા સુધી સ્વાર્થ શિવાય બીજું પ્રયોજન રાખતો ન હતો. આથી **બુદ્ધિધન**નો અને તેનો પ્રસંગ જવલ્લે જ પડતો પરંતુ પડેલા પ્રસંગ સમયે તેણે પરીક્ષા કરી હતી કે આ છોકરો ચંચળ અને બુદ્ધિવાળો છે–અલબત 'ચંચળ' અને 'બુદ્ધિવાળો' એટલે **શઠરાય**ના પોતાના જેવો તો નહી જ. પરંતુ આ પરીક્ષાથી **બુદ્ધિધન**ને કાંઈ લાભ-હાનિનો સંભવ ન હતો. કારણ 'બુદ્ધિ,' અને 'ચંચળતા' એ બે ગુણને લીધે કારભારી

કાંઈ લાભ કરે એમ ન હતું, તેમ બુદ્ધિધનની અવસ્થામાં કાંઈ એવું પણ ન હતું કે શઠરાયને કાંઈ બ્હીકનું કારણ રહે. તે તેનો સગો અથવા વેરી એમાંથી એક પણ ન હતો. જે વેર હતું તે માત્ર રંક અવસ્થાવાળા બુદ્ધિધનના અંતઃકરણમાં ગુપ્તરીતે બળ્યાં કરતું હતું અને તેને બાપ-દીકરે અજાણતાં સળગાવેલું હતું. સ્વાભાવિક સદ્‌ગુણવિનાના માણસો બધે ઠેકાણે વિવેક રાખી શકતા નથી અથવા રાખવાનું કારણ જોઈ શકતા નથી. પરંતુ ઈશ્વર તો અ-જાણ્યે ઠોકર ખાનારના પગમાંથી પણ લોહી કહાડે છે અને અવિવેકનાં ફળ જાણ્યે અજાણ્યે દેખીતાં કે અણદેખીતાં પણ સર્વ જમીનમાં પોતાનાં મૂળ નાંખે છે. ફળ દેખાયે અજ્ઞાની માનવ કારણ ન સમજવાથી ઈશ્વરને માથે આરોપ મુકે છે અને પોતાનો પાછલો અવિવેક ભુલી જાય છે અથવા તો તે અવિવેક અને તેનાં ફળનો સંબંધ જોઈ નથી શકતાં.

विवेकप्रध्वंसाद्भवति सुखदुःखव्यतिकरः ॥[1]

ધન્ય છે તેમને કે જેનાં અંતઃકરણ સ્વાભાવિકરીતે જ સદ્‌ગુણ અને વિવેકનાં કવચ ધારણ કરનાર હોય છે અને જેમની વિવેક-બુદ્ધિ દુઃખના અં-ધકારમાં પણ અંતર્દીપ સળગાવી એકાંત આનંદનો પ્રકાશ ભોગવે છે ! શઠ-રાય અને દુષ્ટરાયને જોઈ, તેમના અપરાધનો અવસર વિચારી, તેનાં ભાવિ-ફળ અને પોતાનો કોપ વિચારી, કોપની શાન્તિના વખતમાં શાસ્ત્ર-સંસ્કારી બુદ્ધિધન વિસ્મય પામી આવા આવા વિચાર કરતો હતો.

એક સમયે કારભારીના ઘરમાં તેના મંડળની પાછળ બેઠાં બેઠાં બુદ્ધિધન આજ વિચારમાં ગરક થઈ ગયો હતો. એટલામાં સઉ મંડળ ઉઠી ચાલ્યું ગયું અને વિચારમાં ને વિચારમાં, નજર આગળથી સ્વપ્ન ચાલ્યું જતું હોય તેમ આ સઉ મંડળના પ્રવાહને વહી જતો શૂન્ય નયનથી જોતો જોતો, બુદ્ધિધન એક બારીના પગથીયાંપર બેસી રહ્યો, ઉઠવું ભુલી ગયો, અને એકલો પડ્યો. એટલામાં વાસીદું કહાડનાર એક ચાકર સાવરણી વીંઝતો વીંઝતો આવ્યો અને તેણે હવામાં સાવરણી ઝાપટી માંહ્યનો કસ્તર ઉરાડ્યો કે બુદ્ધિધન ચમકીને જાગૃત-નિદ્રામાંથી જાગ્યો. સર્વને ગયેલ જોઈ, આળસ મરડી, હળવે હળવે દરવાજા બ્હાર નીકળ્યો.

દરવાજામાંથી નીકળતાં એક રજપુત ગરાસીયો સામો મળ્યો. તેને માથે મ્હોટું કસબી લપેટાવાળું પાઘડું, હાથમાં રુપેરી હુક્કો, કસકસી પ્હેરેલું ઝીણું બુટ્ટાબુટ્ટાવાળું એક અંગરખું, કેડે બાંધી લીધેલા વસ્ત્રમાં જમૈયો, છરો, તરવાર અને એમ કેટલાંક હથીયાર બાંધેલાં, પગે કસકસેલો

---

૧. ચંડકૌશિક.

પાયજામો જેને એડી ઉપર ઓરીયાં ઘાલી દીધેલાં હતાં, અને રાતી ભરેલી મોજડીઓ: આ સર્વે પ્હેરી ગરાસીયો બુદ્ધિધનના સામો આવતો હતો. તે ગરાસીયા પાછળ બીજો એક એથી સાધારણ ડોળનો ગરાસીયો, અને એક બે માણસ હતાં, સઉ મંડળ હળવે હળવે ચાલતું હતું. બુદ્ધિધનને જોઈ અગ્રેસર ગરાસીઓ બોલ્યો:

"કેમ, બુદ્ધિધનભાઈ, ક્યાં ચાલ્યા? કામદાર છે કે?"

"પધારો, પધારો ભૂપસિંહજી! કામદાર હમણાં જ ગયા."

મ્હોં કસમોડું કરી ભૂપસિંહ બોલ્યો: "ઠીક! ત્યારે અમને ફેરો શા-
"માટે ખવરાવ્યો? ઠીક, ભાઈ, ઠીક. આજ એનો પણ દી છે. બુદ્ધિધન,
"તમે કેમ હાલ દેખાતા નથી? હવે અમારે ઘેરે કોઈ દિવસ આવતા રૂહો.
"કારભારીના ઘરમાં સોનું લાખ મણ હશે, પણ તમારે એમાંથી કાંઈ કામ
"આવવાનું નથી. આ કામદારને ઉમ્મરે જોડા ઘસવી નાંખશો તેના કરતાં
"અમારા જેવાને ઘેર કોઈ વખત આવતા રૂહો તો તમારા જેવાને અમે
"તો કાંઈ કામ લાગીયે હોં! પછી તો, ભાઈ, તમારી મરજી!"

"એમ શા વાસ્તે? ઘણા દિવસથી હું પણ તમારે ત્યાં આવ-
"વાનો વિચાર રાખું છું."

હવેથી બુદ્ધિધને ભૂપસિંહ સાથે પોતાનો પ્રસંગ વધારવા માંડ્યો. ભૂપસિંહ રાણા જડસિંહનો પાસેમાં પાસેનો પિત્રાઈ હતો. સગીર વયને લીધે આજસુધી તેના વંશનો ગરાસ રાણાના કારભારીયોના વહીવટ તળે હતો અને ગરાસનો વહીવટદાર તથા કારભારી મળી તેની ઉપજમાંથી અવાય એટલું ખાઈ ગયા હતા. રાણાને પણ પીત્રાઈપણું સાચવવા ભણાવી મુક્યો હતો. અત્યાર સુધી ભૂપસિંહને ગરાસમાંથી જીવાઈ જોગ મળતું હતું અને સગીર ઉમ્મરમાં જીવ જોખમમાં ન રૂહે માટે તે મોસાળ જઈ રહ્યો હતો. હાલ તે ઉમ્મરમાં આવવાથી ગરાસનો સ્વતંત્ર વહીવટ પાછો મેળવવા તજવીજ કરતો હતો, અને જીવ જોખમમાં નાંખી સુવર્ણપુર આવ્યો હતો: પરંતુ તેને કોઈ દાદ આપતું ન હતું અને સઉ ધક્કેલે ચ્હડાવતા હતા. આથી રાણા અને કારભારીયો ઉપર તે મનમાં પુષ્કળ વેર રાખતો હતો પણ તે વેર નપુંસક હતું, કારણ તે કાંઈ કરી શકે એમ ન હતું. હલકા મુત્સદ્દીઓ પાસે બેસી કામ ક્હાડવાના રસ્તા ખોળતો અને કારભારીને લાંચ આપવા વિના બીજો માર્ગ તેને કોઈ બતાવતું ન હતું. કારભારી અને તેના જુદા

જુદા પાસવાનો મળી સઉને ઓછામાં ઓછા પચાસ હજાર લાંચના જોઈતા હતા અને એટલો જ દરબારને નજરાણો જોઈતો હતો.

આવા વખતમાં શત્રુનો શત્રુ તે મિત્ર એમ થયું. બુદ્ધિધને ભૂપસિંહને અર્થે કારભારીયો સાથે બાથ ભીડવા હીંમત કરી. ભૂપસિંહને પઈસે ટકે મોસાળમાંથી આશ્રય હતો અને તેમાંથી બુદ્ધિધનને પણ ઘરના નિર્વાહની ચિંતા દૂર થઈ અને કારભારીયો સાથે લ્હડતાં ‘હળવટ કે જળવટ’ કરવા તત્પર થયો. ભૂપસિંહને પણ બીજું કોઈ કારભારીની ભ્હીકે મળતું ન હતું એટલે આ ઠીક પડી ગયું. ગરાસીયો અને મુત્સદ્દી રાત્રે રાત્રે મળતા, વર્તમાન તથા ભવિષ્યનો વિચાર કરતા, અને હજીસુધી કોઈની નજર ચ્હડે એટલું તેમનું વજન થયું ન્હોતું.

એમ કરતાં કરતાં બુદ્ધિધન અને ભૂપસિંહનો પ્રસંગ પ્રસિદ્ધ થયો, અને એક સાથે બીજો પણ કારભારીયોના શત્રુમાં લેખાવા લાગ્યો. પોતે કાંઈ પણ દેખીતું કામ કરી શક્યો ન હતો એટલામાં આ પરિણામ થયું જોઈ બુદ્ધિધનને સારું ન લાગ્યું. આખરે સામા શસ્ત્ર વાપરવા સજ્જ ર્‌હેવાની તેને જરુર લાગી. સુવર્ણપુરમાંથી ઘર તથા જમીન વેચી ઈંગ્રેજી હદમાં જમીન લીધી અને લીલાપુર નામના ઈંગ્રેજી થાણામાં બેજણ જઈ રહ્યા. બુદ્ધિધને કુટુંબ પણ સાથે લીધું. કુટુંબ નીકળ્યું તે દિવસે દુષ્ટરાય તરફથી સૌભાગ્યદેવીને પકડવા નીચ હુમલો કરવા ધારેલો પાછળથી માલમ પડ્યો તે ઉપરથી કુટુંબ સાથે લેઈ લીધું સાર્થક થયું લાગ્યું.

લીલાપુરમાં બન્ને જણાએ જુદાં જુદાં ઘર ભાડે રાખ્યાં. ગામથી એક બે ગાઉને છેટે સરકારી એજંટ કર્નલ બસ્કિન્ સાહેબ ર્‌હેતા. તેમના તાબામાં સુવર્ણપુર, રત્નપુરી તથા બીજાં બેચાર સંસ્થાનો અને સાત આઠ તાલુકા હતા. તે સંસ્થાનો દશથી પચાશ લાખ સુધીની જુદી જુદી ઉપજનાં હતાં. સાહેબ જાતે લશ્કરી માણસ હોવાથી આનંદી મીજાજના હતા, શીઘ્ર વિચાર પસંદ કરતા, અને હુકમનો અમલ થતાં ક્ષણ પણ ઢીલ થતી અથવા સામું કારણ કોઈ બતાવે તો અધીરા થઈ જતા અને તપી જતા. સિદ્ધો રસ્તો લેવાની જાતે ટેવ રાખતા, સામું માણસ આડે રસ્તે જાય છે એમ હંમેશ વ્હેમાતા, અને તેવા માણસ સામે સર્વ જાતના ઉપાય લેવામાં ન્યાયબુદ્ધિને નિરુપયોગી ગણતા. જાતે કામ કરવું હોય ત્યારે સ્વાભાવિક ડ્હાપણ ભરેલા અને દૂરદર્શી વિચાર કરી શકતા પરંતુ ઘણું ખરું કામ શીરસ્તેદાર મારફત લેતા. શીરસ્તેદારને ઘણી બાબતમાં સામા માણસના સારા નરસાપણા વિશે પૂછતા અને તેનો તથા

પોતાનો મત મળ્યે ખુશી થતા અને શીરસ્તેદારને હોંશીયાર તથા સારા માણસમાં ગણવા લાગ્યા હતા, શીરસ્તેદારની જગા ઉપર હાલમાં એક દક્ષિણી ગૃહસ્થ સદાશિવપંત નામનો હતો. તે ઈંગ્રેજી સારું જાણતો, ચાલાક હતો, અને સાહેબનો મીજાજ જાળવી સ્વતંત્ર દેખાવ કરવામાં પ્રવીણ હતો. સાહેબની મ્હેરબાનીથી એક વખત તેણે શાન્તિગઢની દીવાનગીરી મેળવી હતી. પરંતુ સાહેબની મ્હેરબાનીથી આ પદ મળ્યું એટલે એ સંસ્થાનના ઠાકોર પ્રતિ પોતાનો કાંઈપણ ધર્મ હોય એમ માનતો ન હતો. કેટલાંક કામમાં દરબારી માણસોની ગરજ પડતી તે વખત તેમને ખુશી કરતો હતો પણ ગરજ સર્યે તેમની પરવા પણ ન રાખતો. આથી એક પણ મંડળ તેને પોતાના વર્ગનો ન ગણતું. ન્યુસ્પેપરોવાળામાં આ રીતથી તેણે નિષ્પક્ષપાત અને ન્યાયીપણાની કીર્ત્તિ મેળવી હતી અને સાહેબ પાસે પ્રતિષ્ઠા વધારી હતી. આથી એના સામી ફરીયાદ કરવાનાં દ્વાર સર્વત્ર બંધ થઈ ગયાં હતાં અને પોતાની ગુપ્ત ઈચ્છાઓ પુરી પાડવામાં અને લોભ તથા ઉદ્ધતપણાનો પુરો અમલ કરવામાં, નિરંકુશ બની 'નામીચો સાહુકાર રળી ખાતો હતો.' દેશી માણસો લાયક નથી અથવા તો સ્વતંત્રતા જાળવી શકતાં નથી અથવા તો તેમનું વજન પડતું નથી એવે એવે બ્હાને ઘણીક જગાઓ પરદેશી માણસોથી ભરી દીધી હતી અને તે પરદેશીયોમાં દક્ષિણીવર્ગ કરતાં બીજી જાતનાં માણસો જડી આવ્યાં ન હતાં. આખરે ઠાકોર, દેશી સુત્સદ્દિ-વર્ગ, ગરાસીયાઓ અને રૈયત–સર્વના તરફથી જુલમની બુમ ઉઠી. પરંતુ રાજ્યના અને ઠાકોરના શત્રુઓ સાહેબપાસે જતા અને પોતે દેશી છતાં દીવાનસાહેબના ન્યાયથી સંતોષી છીએ એમ બતાવતા એટલે બીજા લોકોની બુમને સાહેબ ગણકારતા નહી. પણ એક વખત તો ઠાકોરને અપમાન મળવાથી સાહેબને જાતે મળી ફરીયાદ કરી અને કેટલીક ખટપટ જાગી. તેમાંથી સાહેબનો અભિપ્રાય એવો બંધાયો કે દીવાન પ્રમાણિકપણાને લીધે આ સર્વને 'મૅનેજ' કરી શકતો નથી એટલે તેને પાછો અસલ જગા ઉપર બોલાવી લીધો. તેનો 'જાત દરમાયો' વધારી આપ્યો, અને પ્રસંગ મળ્યે મ્હોટી જગા અપાવવા કહ્યું.

સાહેબની પાસે ન્યાયનું પણ કામ હતું. તે તથા રજવાડી કામ સંબંધમાં વકીલ મુખ્ત્યારો રાખવામાં આવતા. બુદ્ધિધને સાહેબને મળી પોતાની બુદ્ધિથી ખુશ કરી સનંદ મેળવી અને સ્વતંત્ર ગુજરાન જોગ પઈસો તથા એજંસીના અમલદારોમાં જવા આવવા જોગ મોભો મેળવ્યો. સદાશિવપંત સાથે મિત્રતા કરી અને ભૂપસિંહનું તથા તેનું ઓળખાણ કરી આપ્યું. પંતને સમજાવી દીધું કે ભૂપસિંહને જતે દિવસે ગાદી મળવાનો સંભવ છે

અને તરતમાં ગરાસ વાસ્તે કાંઈ ખરચી શકે એમ છે. પોતે પણ ધંધા પ્રસંગે સાહેબપાસે જવર અવર વધાર્યો અને ધંધામાં પોતાની પ્રમાણિકતા, ચાલાકી, અને વિવેકબુદ્ધિથી સાહેબની પ્રીતિ મેળવી. તે એટલે સુધી કે સઉની બાબતમાં સાહેબ પંતને પુછી ન્યાય કરતો, અને બુદ્ધિધનની હકીકત સાંભળે ત્યારે કોઇને પુછવાપણું રહેતું નહી. શીરસ્તેદાર અદેખાઈ કરી પોતાના કામમાં વચ્ચે ન પડે માટે બુદ્ધિધન તેને પણ પ્રથમથી મળતો અને તેનું મન રીઝવતો. અને એટલું કરવામાં પોતે કાંઈ દોષ કરે છે એમ તેના મનમાં ન આવતું. સદાશિવનો ભૂપસિંહ સાથે સંબંધ વધતો ગયો તેમ તેમ એને બુદ્ધિધનની આડખીલ લાગવા માંડી અને એને ખસેડી જાતે પરભાર્યો સંબંધ કરવા લાગ્યો. ઉદારતાની રીત બુદ્ધિધને ભૂપસિંહને શીખવી હતી અને એ શીખામણનો અમલ કરવાને પ્રત્યેક પ્રસંગે બુદ્ધિધનને પુછવામાં આવતું હતું તે બંધ થયું. બુદ્ધિધને આ સંબંધ બાંધી આપવામાં જુદો જ વિચાર કર્યો હતો. ભૂપસિંહને તરત ગરાસ મળશે તો તે મોજશોખમાં પડશે, તેના મનના ઉભરા નરમ પડશે; અને સાહેબ લોકોમાં તેનો પરિચય વધવાનો પ્રસંગ નહી રહે, માટે ગરાસને બ્હાને તેને લીલાપુરમાં વધારે વાર રાખવો, સાહેબલોકોમાં તેને જતો આવતો કરવો, પોતે ત્રાહીત દેખાઈ સાહેબની પાસે તેનાં વખાણ કરવાં, અને શીરસ્તેદારો લાંબા તથા ઉદાર પરિચયની શરમે તથા અગાડીની આશાએ પ્રસંગ પડ્યે કામ લાગે, એવા એવા વિચારથી ગરાસ મેળવવાના ખરા ઉપાય બુદ્ધિધન મુલતવી રાખતો અને આ સર્વ પ્રસંગનો લાભ લેઈ ભૂપસિંહની સાધારણ સમજણ સુધારવાની મ્હેનત કરતો. તેવામાં સદાશિવ તરફથી આ અનર્થ થયો અને જે બુદ્ધિધને તેને લાભ કરી આપેલો તે જ બુદ્ધિધન અને ભૂપસિંહની વચ્ચે ભેદ પડ્યો. આ બાબત જાણે પોતાના કળ્યામાં પણ આવી નથી એવો વેશ તેણે ધારણ કર્યો.

આ સર્વનો પ્રતીકાર કરવા અને ખોટામાંથી સારું ક્હાડવા હવે તેણે યુક્તિયો રચવા માંડી. 'સારો અર્થ અને સારાં સાધન' એ નિયમ તેણે સાંભળ્યો પણ ન હતો. સ્વભાવિક રીતે અંતઃકરણ શુદ્ધ હોવાથી હમેશાં સારાં સાધન ખોળતો, પરંતુ સારા અર્થને વળગી રહેવાથી જ તેનું અંતઃકરણ તૃપ્ત થતું અને 'સારે અર્થે ગમે તે સાધન' લેવું તેમાં તેને કાંઈ દોષ સમજાય એવો ઉપદેશ મળ્યો ન હતો અને એમ સુઝાડે એવું કાંઈ પણ તેના સંસારમાં ન હતું. સારાં સાધન મળ્યે ખોટાં સાધન લેવાની તેને જરુર લાગી. ભૂપસિંહના ઉપર પોતાની સારી અસર કરવી તરત તો છોડી દીધી

અને વાતચીતને માત્ર મોજશોખના વિષયનું જ સંગ્રહસ્થાન થવા દીધી. સદાશિવ દારુનો વ્યસની હતો. તે વ્યસનમાં ભૂપસિંહને પડવા દીધો. સદાશિવ સ્ત્રીલંપટ હતો અને નિશાચરવૃત્તિ રાખતો. આ નિશાચરવૃત્તિનો લાભ લેવા ભૂપસિંહને પોતાની મેળે સુઝે એવા પ્રસંગ બુદ્ધિધને જાતે તટસ્થ રહી ઉત્પન્ન કર્યા. ગરાસીયો દક્ષિણીને ત્યાં રાતદિવસ પડી રહેવા લાગ્યો, અને સદાશિવ દિવસે કચેરીમાં જાય અને રાત્રે બ્હાર જાય તે વખત તેની સ્ત્રી રમાબાઈસાથે ભૂપસિંહે ગાળવા માંડ્યો. બુદ્ધિધન ભૂપ-સિંહને ઘેર જાય તો મેળાપ થવો મુશ્કલ થવા લાગ્યો અને ત્યાં ઘડી બે ઘડી એકલો બેસી વાટ જોઈ પાછો જતો અને માત્ર શું થાય છે તે નજરમાં રાખતો. ભૂપસિંહની સ્ત્રી રાજબા આજસુધી તો સુપાત્ર રહી હતી. બુદ્ધિ-ધન બાબત તેના મનમાં ઉંચો વિચાર હતો, અને બેમાંથી એકકેના મનમાં કુબુદ્ધિ હતી નહી. પરંતુ ભૂપસિંહ બ્હાર રહેતો એટલે હવે આ બેની એકાંત વધારે થવા લાગી. પતિની કુચાલ સાંભળી રાજબાને અસંતોષ અને ઈર્ષ્યા ઉ-ત્પન્ન થયાં, અને મનના વલણે તેને એવી બુદ્ધિ સુઝાડી કે હવે પતીધર્મ પાળવા હું બંધાઈ નથી. આથી તેને મોહ થયો અને એક દિવસ બુદ્ધિધન એકલો બેઠો છે અને રાજબા બેઠી છે, વાતો કરતાં કરતાં થોડીકવાર તે છાની રહી, અને કાંઈક મનમાં આવ્યું એટલે થોડીવાર બુદ્ધિધન સામું જોઈ રહી અને બુદ્ધિધન તેના સામું જોતાં તેના વિકાર કળી ગયો—અને તેની પવિત્રતા ડગમગવા લાગી. તે ઉઠ્યો–તે ઉઠી. પોતાની ઇચ્છાવિરુદ્ધ–કોઈકનાં ધક્કેલ્યાં લાચાર બન્યાં હોય તેમ બન્ને જણે એકમેકની હાથેલીમાં હાથેલી મુકી. બન્નેની નાડીયો વેગવાળી થવા લાગી અને છાતીયો ધબકવા લાગી, બન્નેનાં શરીર કંપવા લાગ્યાં, વિચાર–વિવેક હોલાઈ ગયાં, મ્હોં બ્હાવરાં બની ગયાં, શરીર તાવવાળાં થઈ ગયાં, અને સમયનો પ્રેર્યો રાજબાની છાતીપરનો છેડો સરી ગયો. એટલામાં કાંઈક આકસ્મિક ધબકારાનો અવાજ થયો–પરવશ થયલાં બન્ને જણ ચમક્યાં, હાથમાંથી હાથ પડી ગયો. ‘કાલ આવીશ’ કહી બુદ્ધિધન વિચારમાં પડી ઘરભણી ચાલ્યો અને તેને પાછો ખેંચવા–બોલા-વવા દિઙ્મૂઢ અને પરવશ રાજબાએ હાથ લાંબો કર્યો–મ્હોં પ્હોળું કર્યું અને વળી તુરત જ બંધ થઈ ગઈ અને પોતાને ઠેકાણે જઈ બેઠી તથા થોડીવાર વિચારશૂન્ય પડી–વિચારમાં પડી આખરે છાની માની રોઈ પડી, અને અંતે નવો અવતાર લીધો હોય એવી મનમાં બની–વિહ્વળ મનથી પોતાને કામે પડવા યત્ન કરવા લાગી.

બુદ્ધિધન આ બનાવને આપત્તિરૂપ ગણી શોકમાં ડુબી ફીકે મ્હોંયે

ઘેર ગયો. તેના અંતઃકરણમાં પશ્ચાત્તાપ અગ્નિ પેઠે સળગ્યો. બાઈ માણસસાથે એકાંતમાં હવે ન રહેવું એવી મનમાં ગાંઠ વાળી. વળી કલ્પનાશક્તિ જાગી અને બનેલા બનાવનો ચીતાર પ્રત્યક્ષની પેઠે મન આગળ ખડો થયો અને સરી ગયલા છેડાવાળી—ટકટક જોઈ રહેતી—ઉઠતી—હાથમાં હાથ મુકતી—આતુર મુખવાળી રાજબા તેના મન આગળ આવી ઉભી રહેતી અને તેના સુવિચારને હાંકી મુકતી. આમ કરતાં કરતાં ઘરમાં આવ્યો. માતુઃશ્રી બેઠાં હતાં તેમનું મુખ એવું ને એવું છતાં બુદ્ધિધનને જુદું લાગ્યું. પોતે ભ્રષ્ટ અને અપરાધી હોય તેમ છેટે ઉભો રહ્યો અને માતુઃશ્રીના પવિત્ર પ્રતાપી મુખ સામું જોઈ ન શક્યો. શયનગૃહમાં ગયો ત્યાં નિર્દોષ સૌભાગ્યદેવી હસતી હસતી સામી આવી અને કણ્ઠે હસ્તદાન કરી પતિવ્રતા પતિને સ્નેહસત્કાર દેવા લાગી. પોતાના સ્પર્શથી તેને દૂષિત કરતો હોય તેમ આ સત્કારનો પ્રત્યાઘાત ન વાળતાં પોતે સ્તબ્ધ ઉભો રહ્યો અને મનમાંથી સ્પર્શ ન કરતો હોય એવી વૃત્તિ અનુભવવા લાગ્યો. આ મ્હારી દેવી—મ્હારી ધર્મપત્ની એની મ્હેં અવગણના કરી એમ ગણી પશ્ચાત્તાપના અગ્નિમાં બળવા લાગ્યો. વળી એના પવિત્ર નિર્દોષ મુગ્ધ મુખ સામું જોઈ રહ્યો. તેને પોતે છેતરી એ વિચાર તેને સાલવા લાગ્યો. હજુ સુધી આ મ્હારીપાસે ઉભેલો પતિ આવો દુષ્ટ છે એ આ જાણતી નથી એવી પ્રતિભા જાગી. વળી એના મુખ ભણી જોઈ રહ્યો—તેમાં કાંઈક નવીન સુંદરતા લાગવા માંડી. તેની સાથે રાજબાનું મુખ સરખાવવા લાગ્યો—આખરે નક્કી થયું કે સૌભાગ્યદેવીની કાન્તિ આગળ રાજબા કાંઈ લેખામાં નથી. આવી હલકી સ્ત્રીપર પોતે ઘડીક પણ મોહિત થયો તે સારુ પોતાની કમઅક્કલપર તિરસ્કાર કરવા લાગ્યો. બુદ્ધિ શાથી ગુમ થઈ ગઈ અને આ હંસીને મુકી કાગડીપર મન કેમ ગયું એ બાબત બહુ આશ્ચર્ય લાગવા માંડ્યું. અંતે આ પવિત્ર પતિવ્રતા—મ્હારી દેવી—તે જ મ્હારા સ્નેહને યોગ્ય છે એમ ગણી તેના સ્નેહને ઉત્તર દેવા બુદ્ધિધનનું અંતઃકરણ તત્પર થયું. હવેથી ભૂપસિંહને ઘેર જવું નહી અને જવું તો રાજબા પાસે અથવા એકલાં બેસવું નહી એવો પાકો ઠરાવ કર્યો અને ઈશ્વરે આવી રીતે ગમે તેમ પણ મહા પાપમાંથી ઉગાર્યો માટે તેનો આભારી બની ગયો અને મન મર્દન કરાવી સ્નેહ—તેલ—ચોળાવી ન્હાયું હોય તેમ નિદ્રાવશ જેવું લાગતાં—મનનો ધણી—મનસ્વી પતિવ્રતાની પવિત્ર પાવક અને શાંત સોડમાં ઘસઘસાટ ઉંઘી ગયો. ઉંઘમાં માત્ર તેને જ જોઈ રહ્યો. એના એક સ્વપ્નમાં તો "હૃદય-મન્દિર" નામનાં વિશાળ મન્દિરનાં સિંહાસનપર સૌભાગ્યદેવી બેઠેલી, તેના મુખ આગળથી ચંદ્રમાના જેવા કોમળ કિરણ ફુટતા હતા, બુદ્ધિધન પોતે પોતાને કૃતાર્થ અને ભાગ્ય-

શાળી માનતો દેવીને ઘડીવાર ચામર ઢોળતો હતો, ઘડીક તેનો છડીદાર થતો હતો, અને ઘડીકમાં મન્દિરના દ્વાર આગળ કલબલાટ મચાવી મુકી પચાશેક રાજબાઓ આવી ઉભી ર્‌હેતી તેને આવેથી ફ્‌હાડી મુકતો હતો. “ ઉભો ર્‌હેજે, શઠ !” કરી તેને હસવામાં મન્દ પ્રહારે ધોલ મારતી હોય તેમ દેવીનો કોમળ હાથ ઉંઘમાં બુદ્ધિધનના લમણા ઉપર રહ્યો હતો અને તેના રમણીય બિંબાધર નિદ્રામાં મલકતા હતા.

બીજે દિવસે બુદ્ધિધન રીતસર કામકાજમાં ગુંથાયો. પણ સંધ્યાકાળ પડી અને ભૂપસિંહને ઘેર જવાનો સમય થયો એટલે રાજબા સાંભરી, મન ઉત્સુક થયું, પ્રથમ દિવસનો ઠરાવ ભુલી ગયો અને કપડાં પ્હેરી બ્હાર જવાનો વિચાર કરે છે એટલામાં સૌભાગ્યદેવી કાંઈક પુછવા આવી. તેને જોતાં જ પવિત્ર વિચાર પાછા ઉત્પન્ન થયા અને આટલા સરખા બનાવથી એનું પત્નીવ્રત સદાકાળ અમર ર્‌હેવા બચ્યું ! ‘હટ ! હું કાંઈ નથી જતો રાજબાને ઘેર !’ કરી તે બીજે રસ્તે બીજે કામે ગયો અને તે સમયથી એ વિચાર-રાહુ એના મન આગળ કદી પોતાની મેળે પાછો આવ્યો નહી. પરંતુ રાજબા સ્ત્રીબુદ્ધિવાળી હતી. તેનું મન આગ્રહી હતું અને તેમાં પકડાયલી વાત ત્યાંથી ખસતી ન હતી. રજપુતાણીમાં હીમ્મત પણ જબરી હતી. વચન આપવા છતાં બુદ્ધિધન આવ્યો નહી. આજ રોકાઈ ગયો હશે-કાલે આવશે. કાલ થઈ, ન આવ્યો. પરમ દિવસ થયો અને ન આવ્યો: એમ સાત આઠ દિવસ થયા. અંતે એક દિવસે ભૂપસિંહ ઘરમાંથી રમાબાઈને ઘેર ચાલ્યો એટલે રાજબા પણ તેની પાછળ જોતી જોતી ઈર્ષ્યા ભરી જવા વિચાર કરી વિહ્વળ બની ઉઠી પુરુષનો વેશ લીધો. કેડે હથીઆર બાંધી લીધાં અને બુદ્ધિધનના ઘર આગળ રાતના આઠ વાગે આવી ઉભી અને સંદેશો ફ્‌હાવ્યો કે “ભૂપ-સિંહના દોસ્ત રાજસિંહ તમને મળવા આવ્યા છે—કાંઈ એકાંત કરવાની છે.” બુદ્ધિધન આ નવીન નામ સાંભળી ચમક્યો-ઉભો થયો અને એકલો આગળ આવી “આવો, આવો રાજસિંહ” કરી તેને પોતાના દીવાન-ખાનામાં લઈ ગયો. તેનું મ્હોડું અને પોશાક ન્યાળતાં ન્યાળતાં—ઘણાક તર્ક વિતર્ક કરવા લાગ્યો અને અદ્‌ભુત આશ્ચર્યમાં મગ્ન થતો બોલ્યો:

“ આ શું ? તમે-અત્યારે-આમ ક્યાંથી ?”

“ બુદ્ધિધન ! તમે સારું ન કર્યું. ભૂપસિંહને તો સદાશિવપંતને “ ઘેરથી મદદ મળવા માંડી અને મને વચન આપ્યા છતાં તમે મદદ ન આપી “ એ શું મ્હારા તમારા સ્નેહ-”એમ ક્‌હેતાં ક્‌હેતાં રાજબા અટકી પડી-પુરુષનો ચાળો કરી અક્કડ અને ટટાર થઈ હાથ જમૈયાપર મુકવા ગઈ, પણ

તે સ્રીની પેઠે કેડે અર્ધચંદ્ર કરી મુક્યો. છાતી ફ્હાડવા ગઈ, પણ અણધાર્યો દેખાવ દીધો અને છેતરાઈ. વળી આંખ ઢાંકી ન રહી.

"રાજસિંહ ! હું તમારે વાસ્તે દીલગીર છું. ભૂપસિંહને લીધે મ્હારો
"તમારો સંબંધ છે અને ભૂપસિંહને અળગા રાખી તમારીસાથે સ્વતંત્ર
"સંબંધ બાંધવાથી તમારા કે મ્હારા હકમાં સારું નથી. તમે ભૂપ-
"સિંહને પાછા હાથમાં લ્યો અને હું તમો બન્ને દોસ્તોને અધીન છું.
"ભૂપસિંહ તમને જાતે જ મદદ આપે તે વધારે સારું છે." ઘણીક હીમ્મત આણી બેશરમ જેવો દેખાઈ બુદ્ધિધન બોલ્યો.

"અને તમારો કોલ ! તમારો બોલ ! તમારું વચન !"

"હું બહુ દીલગીર છું. ભુલમાં બોલેલું પળતું નથી. વધારે
"મ્હોટા કોલને લીધે આ બોલ તોડવો પડે છે."

"પણ કાંઈ મ્હારો વિચાર કર્યો ?"

"તમારો પણ સારો જ વિચાર કર્યો છે."

"તમે નક્કી કહો છો ? સરત રાખજો."

"હા. નક્કી."

"ફરી વિચાર કરો."

"પુરો વિચાર કર્યો છે. રામ રામ"—કરી ગભરાયલો બુદ્ધિધન ઉઠવા લાગ્યો.

"હવે જાણ્યો જાણ્યો તમારો વિચાર"—કરી રાજબાએ બુદ્ધિધનનો હાથ ઝાલી એક ઉંચો તકીયો પડ્યો હતો તેપર બેસાડ્યો અને તેના શરીર સરસી જઈને શરીર ચાંપતી ઉભી. કોણ જાણે ક્યાંથી તેનામાં આ હીમ્મત આવી. રજપુતાણી ! ગજબ કર્યો ! બેસતો બેસતો, હાથ લેઈ લેતો, શરીર સંકોચતો બુદ્ધિધન બોલ્યો: "રાજ—હવે બસ
"થયું. મને ભૂપસિંહ મારફત બોલાવજો. હું આવીશ."

"એની બ્હીક લાગે છે ?" કહી રજપુતાણીએ ભ્રુકુટી ચ્હડાવી અને તિરસ્કારભર્યું હાસ્ય કરવા લાગી અને નીચી નમી, બેઠલા ઉઠતા બુદ્ધિધનના ખભાઉપર હાથ અને હડપચી મુકતી અડોઅડ ઉભી.

"બ્હીક ઈશ્વરની ! બીજા કોઈની મને નથી."

નહી ચાલે જાણી રજપુતાણી ડોળા ફેરવતી ઉઠી.

"ઠીક છે. ઈશ્વરની બ્હીક રાખો. ભૂપસિંહના બોલાવ્યા આવજો.
"પણ કોલ પળાતું ત્યારે હું રજપુતા—ખરો. વારું જાઉં છું." એમ

કહી હાથ તરછોડી, પોતાને શરીરે બુદ્ધિધનના શરીરને ધક્કો મારી રુઆબબંધ રજપુતાણી ચાલી ગઈ.

સહજ વિચાર અને આશ્ચર્યમાં પડી બુદ્ધિધને આ સ્વપ્ન સ્મરણમાંથી હાંકી મુક્યું અને કામે લાગ્યો—જાણે કે કાંઈ બન્યું જ ન હોય! ભૂપસિંહને ઘેર જવું તરત તો એકદમ બંધ કરી દીધું. છેક સુવર્ણપુર સુધી કર્ણોપકર્ણ આ ન્હાની સરખી વાત ઉડી. જગત માનવા લાગ્યું કે કાંઈક કારણથી ભૂપસિંહ અને બુદ્ધિધનની મિત્રતા તુટી, અને કારણ વિષે ગણદેવીએ શેષનાગ જેવા લોકની જીભો ઉપર હજારો ખુલાસા મુક્યા. બન્ને મિત્રો રસ્તામાં મળતા તો માત્ર લટકસલામ થતી.

ભૂપસિંહ અને સદાશિવ એને જુદા શી રીતે પાડવા અને ગરાસીયાને ગરજીલો શી રીતે કરવો તે હવે બુદ્ધિધનનું ગુરુકાર્ય થઈ પડ્યું. એ એનો સંબંધ કરવામાં પોતે ભુલ કરી એવું સ્પષ્ટ દીસવા લાગ્યું. અને હવેથી કોઇનો પણ વિશ્વાસ ન રાખવો, કોઈને પણ સારો ન ગણવો, અને પોતાનું તંત્ર કોઈના હાથમાં જવા ન દેવું એવો મ્હોટો ઉપદેશ આટલી ન્હાની બાબતમાંથી લીધો. ગરાસીયાને પોતાના કાર્યનું સાધન બનાવવા હાથમાં લેવાની જરૂર લાગી પરંતુ તેને પણ પોતાનો ન ગણવો એવો નિર્ણય કર્યો. તેમ જ એ પણ શીખામણ મળી કે ભૂપસિંહને ખોટે રસ્તે ન પાડવો, કારણ ખોટે રસ્તે પડનાર માણસ પાડનારની પણ લગામમાં આગળ જતાં રહી શકતું નથી એ અનુભવસિદ્ધ થયું. કદાચિત્ લગામમાં રહે પણ તેમ કરવાને પોતાને નીચે રસ્તે જવું પડે એ પણ ખરાબ વાત. જો બુદ્ધિધન રાજબાની વૃત્તિમાં સામેલ થયો હત તો ભૂપસિંહને આંગળીના ટેરવાપર રમાડી શકત, પરંતુ તે વિચાર શુદ્ધ અંતઃકરણમાંથી પારાની પેઠે સરી જતો.

એક દિવસ બુદ્ધિધન સાહેબની કચેરીમાં ચાલ્યો જાય છે ત્યાં પોતાનાથી આગળ ભૂપસિંહને જતો દીઠો. રસ્તામાં સદાશિવનું ઘર આવ્યું. મેડીએ બારીપર રમાબાઈ ઉભી હતી. નીચે આવી તેણે બારણું ઉઘાડ્યું, ભૂપસિંહ અંદર ગયો. બારણું બંધ થયું, અને બુદ્ધિધન તેની આ દશા જોઈ નિઃશ્વાસ નાંખી ચાલતો થયો. કચેરીમાં જઈ પોતે બેઠો તો ખરો પણ મન ચંચળ થયું હતું. એટલામાં સાહેબે બુમ પાડી—"બુદ્ધિધન!" એકદમ ઉઠી બુદ્ધિધન ત્યાં ગયો.

સાહેબ એક ટેબલ પાસે ખુરસીપર પીછું મ્હોંમાં ઘાલી બેઠા હતા અને એક દફતર લેઈ સામે બીજી ખુરસીપર સદાશિવ બેઠો હતો.

મ્હોંમાંથી પીછું કહાડી સાહેબ બોલ્યાઃ "બુદ્ધિધન, તમને ખબર "છે કે સુવર્ણપુરના ગરાસીયાનો જવાબ રાણાએ કીયા વરસમાં આપ્યો ?"

બુદ્ધિધન વિચારમાં પડી બોલ્યો. "પંત, બેચાર દિવસ ઉપર જે "દફતર તપાસ સારું આપ ઘેર લેઈ ગયા છો તેમાં એ જવાબ હશે ને "તેમાં તારીખ હશે."

સાહેબઃ—"જાઓ, માણસ મોકલી મંગાવો."

પંત તાબેદારીથી–નરમાશથી બોલ્યોઃ "સાહેબ, આજ હું ઑફિ- "સમાં જોઉં છું, ત્યાં નહી હોય તો કાલ ઘેર જોતો આવીશ."

સાહેબઃ—"નહી નહી, અત્યારે જ માણસ મોકલો કે તમે જાઓ."

પંતઃ—"બુદ્ધિધન, મ્હેરબાની કરી કોઈને મ્હારે ત્યાં મોકલશો ?"

બુદ્ધિધનને લાગ મળ્યો. નરભેરામ કરી એક ખંદો, મશ્કરો, અટકચાળો, અદેખો, બહુબોલો, કોઈની શરમ ન રાખે એવો કારકુન હતો. રમાબાઇને સ્વતંત્રતા આપવા સારું પંતની પુઠ પાછળ તે ટોળ કરતો, દક્ષિણીઓને ધિક્કારતો, અને પંતની કડવી મશ્કરીયો કરતો. તે પોતાના બીજા કામમાં બહુ લાગતો એટલે પંત આ સઘળું માફ કરતો અને તેને પોતાનો ગણતો. બુદ્ધિધને દસ્તાવેજ ખોળવા તથા લાવવા નરભેરામને શોધી ક્હાડી મોકલ્યો. નરભેરામ જઈ જુવે છે તો પંતનાં બારણાં બંધ. કોઈને બોલાવવાને બદલે ઉલાળાકુંચીના કાણામાંથી નીચો પડી જોવા લાગ્યો તો ભૂપસિંહને અંદર દીઠો. કોઈને ખબર કર્યા કે બોલાવ્યા વિના એકદમ પાછો ફર્યો, બુદ્ધિધનના કાનમાં ગમત પામી સમાચાર કહ્યા. એણે પંતને ક્હેવા કહ્યું, અને પંત સાહેબનાથી જુદી ઓરડીમાં ગયો હતો ત્યાં જઈ નરભેરામ ઉભો રહ્યો અને મ્હોંપર શોક આણી–ગુસ્સો આણી, મનમાં આનંદ પામી, જાણે કે જીભ ઉપડતી ન હોય તેમ ટોળ કર્યાં. આખરે સઉ સમાચાર કહ્યા. સદાશિવનો ચ્હેરો બદલાઈ ગયો, માથું ફરી ગયું, અને નરભેરામની સલાહ માગી. નરભેરામ કહે "બુદ્ધિધનને પુછો તો સારું, એ ઉપાય સુઝાડશે. મને તો લાગે છે કે "આ લુચ્ચા ભૂપસિંહની ફજેતી કરવી ને મારવો." મનમાં જાણ્યું કે "ઠીક લાગમાં આવ્યો છે–ભૂપસિંહ તો મરદ છે. બચ્ચા, ફજેતી "તો ત્હારી બાયડીની થશે ને સાથે ત્હારી !" ગભરાયલા સદાશિવને બુદ્ધિધને ગંભીર, ચિંતાવાળું અને અજાણ્યું મ્હોં રાખી શીખામણ આપી કે "દસ્તાવેજ જડતો નથી માટે જાતે શોધવાની પરવાનગી લેઈ ઘેર ચાલો." ત્રણે જણ ચાલ્યા. ગરાસીયાનું કામ અને મારામારી થાય કરી એક બે સીપાઇયોને પણ સાથે લીધા. બારણાના કાણાંમાંથી જુવે છે તો ભૂપસિંહ

દાદરે ચ્હડતો જણાયો. કાણાંમાં જુવે છે એટલામાં વાંકા વળેલા નરભેરામે હાથ પાછળ રાખી નિશાની કરી રસ્તે જનાર આવનારને પણ ઉભા રાખ્યા. નરભેરામની સૂચનાથી પાડોશીનું ઘર ઉઘડાવી વંડેથી સઉ ચ્હડી ઉતર્યા અને ભૂપસિંહ તથા રમાબાઈ બેઠાં હતાં તે મેડીની જોડની મેડીમાં સઉ ભરાયા અને પાટીયાં ભરી દીધેલાં હતાં તેનાં વચાળાંમાંથી ત્રણે જણ જાતે અને સીપાઈઓ નજર કરવા લાગ્યા. સદાશિવની આંખ ફરી ગઈ- લાલચોળ થઈ, તેના હોઠ ધ્રુજવા તથા ફરફડવા લાગ્યા અને ગાંડા જેવો દેખાયો. "મારું કે મરું" એ એનો નિશ્ચય થયો તે એણે જણાવ્યો. નરભેરામ પાછળ ઉભો ઉભો કાખલીયો કુટવા મંડી ગયો અને બુદ્ધિધનના કાનમાં ક્હે "હાશ! ઠીક સ્વતંત્રતા લેવાય છે. મડમ સાહેબ "સાહેબને લાયક છે."

બારી બ્હાર લોકો વધારે ભરાયા અને શોર બકોર થયો. રમાબાઈનું ધ્યાન ખેંચાયું અને તેણે ભૂપસિંહને ખબર કરી. ગરાસીયો ચમક્યો, રાતો પીળો થઈ ગયો, મુછપર હાથ નાંખ્યો અને લોક ઉપર આવે છે એમ સમજી એક હાથે રમાબાઈને બગલમાં વાલી બીજે હાથે તરવાર મ્યાનમાંથી અર્ધી બ્હાર ક્હાડી અને બોલી ઉઠ્યો, "લુંડીયાં, ક્યાં કરને વાલી હેં—આ "સદાશિવ જાતે આવે કની તો એને તો ખીસામાં ઘાલું અને તને મ્હારા "ઘરમાં રાજબાની સાથે રાખું. મ્હારી તરવાર અચળ છે!" સદાશિવ ભયભીત થઈ ગયો, ક્રોધ ઉતરી ગયો, બુદ્ધિધનના હાથ વચ્ચે દયામણે મ્હોંયે પડી ગયો, અને બુદ્ધિધનને તેની ખરેખરી દયા આવી.

"સદાશિવ! તમે આને નહીં પ્હોંચો. અત્યારે દીઠું ન દીઠું કરો. "ગમે તો ગરાસીયો મારશે કે ગમે તો બાયડી ઝેર દેશે. ચાલો, લોકોને "કહીયે કે કંઈ નથી એટલે વેરાઈ જાય અને ફજેતી બંધ થાય. સાહેબની "પાસેથી બેચાર માસની રજા લેઈ દેશ જાઓ. દસ્તાવેજ ન જડ્યો "કહીશું. દેશ જઈ રમાબાઈને ગમે તે કરજો. જીવ જોખમમાં ન નાંખો." સઉ ગયા, લોકો 'હો! હો!' કરતા વેરાયા. કેમ વેરાય છે તે અધ- ઉઘાડી બારી કરી રમાબાઈએ જોયું, અને સઉની વચ્ચે પાઘડી ઉપરથી સદાશિવને ઓળખ્યો. સઉ ગયા પછી ભૂપસિંહ છાનોમાનો ઘેર ગયો અને રાજબા તો જાણે પોતાની જ હોય તેમ તેના ઉપર રોજની પેઠે અમલ ચલાવવા લાગ્યો. પણ રાજબાએ તો રુસણુ લીધું. રમાબાઇની ફજેતી કોઈ માણસે રાજબાને કરી હતી અને તેણે ઠરાવ કર્યો કે હવે ઝગડો મચાવી બુદ્ધિધનને ઘેર બોલાવવો.

"ઠકરાળાં! હુક્કો ભરો."

"અમારું કામ તો એ જ છેસ્તો. બીજાં કામમાં બીજાં."—ફરી રાજબા રોઈ પડી અને બોર બોર જેવાં આંસું આણ્યાં.

"આ શું?"

"નહી જાણુતા હો? બુદ્ધિધન જેવા સારા દોસ્તની સોબત છોડી; "ગરાસ પાછો મેળવવાનું તો મનમાં જ શાનું હોય! સદાશિવ જેવા "લુચ્ચાની સોબત શોધી અને—"

"અને શું?"

"શું તે એ કે હવે તમારે મ્હારું કામ રહ્યું નથી. હાસ્તો, દક્ષિણી "જેવાં રુપાળાં અમે તે ક્યાંથી હઈએ?"

એકપાસ આ સંવાદ શરુ થયો. બીજીપાસ સદાશિવે રજા માગી. તરત તેનું કામ ઉપાડી લે એવું કોઈ આફીસમાં ન હોવાથી સાહેબે રજા આપવા આનાકાની કરી. સદાશિવને મન હવે બુદ્ધિધન તેનો પોતાનો થયો હતો તેને વિનંતિ કરી અને બુદ્ધિધને ઉપકાર કરતો હોય તેમ તે કબુલ કરી તેની અવેજીમાં કામ કરવા સ્વીકાર્યું. સાહેબે પણ તે ગોઠવણ પસંદ કરી. બુદ્ધિધનને ધાર્યો અર્થ સાધવામાં એક પગથીયું ચ્હડવા મળ્યું.

ભૂપસિંહ હવે એકલો પડ્યો. રમાબાઈ ગઈ. રાજબા બમણું જોર કરી ચાલવા લાગી. રમાબાઈમાં અને સદાશિવમાં ભૂપસિંહનો પઈસો તણાઈ ગયો હતો અને ગરાસ સાંભરવા લાગ્યો. ગરાસ સાંભર્યો એટલે બુદ્ધિધન પણ પાછો સાંભર્યો અને તેની ગરજ પાછી પડી; પણ ટેક છોડી તેને ગરજ બતાવવી તે મરવા જેવું હતું. પણ રાજબાને રઢ લાગી. તેણે ધણીને મોસાળ સમાચાર મોકલ્યા. મામાએ ક્હાવ્યું કે, "બુદ્ધિ- "ધનને શોધો: એ હવે શીરસ્તેદાર થયો છે. આમ બાયલા થઈ બેસી "ર્‌હો છો અને કુછંદે પડો છો તે ઠીક નહી." ઘરમાં વધારે વખત ર્‌હેવાનું થયું અને રાજબાએ પણ પોતાની વાત છોડી નહી અને કહ્યું કે, "બુદ્ધિધન સાથે ટેક હોય નહી; તે આપણા હિતેચ્છુ છે. તમારી કચાલને "લીધે તેણે તમને છોડ્યા છે. તમે સુધર્યા જાણી તે રાજી થશે. હવે તે પદવી "ઉપર છે અને તમને કામ પણ લાગશે." આખરે ગરાસીયણે જય મેળવ્યો અને એનાથી કાયર થઈ ગરાસીયો ઉદાસી બની બુદ્ધિધન પાસે પાછો જવા આવવા લાગ્યો. એવામાં કાંઈક રોગથી રાજબા અચિન્તી એકાએક ગુજરી ગઈ, એટલે બુદ્ધિધન પણ ભૂપસિંહને ઘેર નિર્ભય બની જવા લાગ્યો, તેને પઈસે ટકે મદદ કરવા માંડી, બન્નેનો સંબંધ પાછો થયો, અને બુદ્ધિધનમાં આવેલી સાવચેતીથી એ વાત ઉઘાડી પડવા ન પામી.

આ સમયે લીલાપુર આવ્યે બુદ્ધિધનને પાંચેક વરસ થઈ ગયાં હતાં. સૌભાગ્યદેવીને વર્ષ દિવસની એક દીકરી થઈ હતી. પડોશમાં એક બંગાળી બાબુ મુસાફરીએ આવેલો રહેતો હતો તેની વહુનું નામ સઉને નવું નવું લાગતું હતું અને ગમી ગયું હતું એટલે તે ઉપરથી ડોસીએ દીકરીનું નામ અલકકિશોરી રાખ્યું. વળી થોડાક દિવસ થયાં એક પુત્ર પ્રસવ્યો હતો. તેની રાશિ પપ્પા ઉપર હતી. એટલે બાપના નામ સાથે મળતું આણવાને પ્રમાદધન નામ રાખ્યું. છોકરો ન્હાનપણમાં માતુઃશ્રીના ખોળામાં હાલવા ચાલવા વગર ઘેનમાં પડી રહેતો એટલે પ્રમાદધન નામ બાપને પણ ગમી ગયું. આ સર્વ વર્ત્તમાન પછી બુદ્ધિધનને શીરસ્તેદારની જગા મળી જોઈ માને સંતોષ થયો અને પોતાને ભાગ્યશાળી ગણતી ડોસી પુત્ર પૌત્ર અને વહુની નજર આગળ ગુજરી ગઈ અને ગુજરતાં પ્હેલાં દીકરાયે, હવે કારભારની બાબતમાં જીવ ઉંચો ન રાખવા, માને કહ્યું કે તેનો જીવ ગતે જાય.

દીકરાવહુને માતુઃશ્રી ગયા પછી ઘર સુનું લાગવા માંડ્યું અને બન્નેને ઘણું દુઃખ થયું. પણ દીકરાને કચેરીના કામમાં અને વહુને છોકરછૈયાંની જંજાળમાં સઉ ભુલી જવું પડ્યું. ચકોર, બુદ્ધિશાળી, અને ડાહ્યાં માતુઃશ્રી વગર છોકરાં ખરોખર ઉછરવાનાં નથી એ વિચાર બુદ્ધિધનના મનમાં ઘણી વાર ઉઠતો. પોતાને એ બાબતમાં કાંઈ કરવા નવરાશ ન હતી, અને સૌભાગ્યદેવી પતિવ્રતા અને હેતાળ હતી પરંતુ સંસારવ્યવહારમાં તેની બુદ્ધિ ઝાઝી ચાલતી નહીં અને ડોશી હતાં ત્યાંસુધી કાંઈ ચિંતા માથે પડી ન હતી. ડોશી પાસે ઘરકામમાં માહેર થઈ હતી પરંતુ છોકરાં કેમ ઉછેરવાં તે શીખવાનો પ્રસંગ આવ્યો ન હતો અને પોતાને ઉછેરી તે સરત રાખવા જેટલી બુદ્ધિ ન્હોતી તો પોતાની મેળે ચલવવા જેવી બુદ્ધિ તો ક્યાંથી હોય? તે બીચારી સાદી, ભોળી, સારા વિચારની, સાધારણ સમજવાળી, અને જગતને સાસુ ને વરના જેવાં સારાં માણસોથી ભરેલું માનનારી હતી. પતિવ્રતાપણું તેને સ્વાભાવિક થઈ ગયું હતું અને જગતની ગાડી પોતાની મેળે જ ચાલી જાય છે તેને ધક્કેલવાની જરુર કદાપિ પણ પડતી હશે એનું તેને ભાન પણ ન હતું. આવી સ્ત્રીથી બુદ્ધિધન પોતાને સુખી માનતો. શીરસ્તેદારની જગા અને આવો નિષ્કંટક સંસાર એ બે જેટલા દિવસ નભ્યાં ત્યાંસુધીના જેવા દિવસ બુદ્ધિધનના આખા જીવતરમાં પ્હેલાં કદી જોવામાં આવ્યા ન હતા. કચેરીમાંથી આવ્યા પછી વહુની પાસે બેસી છોકરાંને રમાડતાં રમાડતાં, રાત્રે ઉંઘેલાં છોકરાંનાં મ્હોં ન્યાળી ન્યાળી દેવીસાથે આનંદ ભોગવતાં, સવારે પવનની મીઠી લ્હેર બારીમાં આવતી હોય તે વખતે તેના ગાલઉપર

કોમલ હાથ મુકી દેવી જગાડે અને છોકરાંને હળવે રહી જાગે નહીં એમ આવાં ખસેડી ઉઠતાં ઉઠતાં—આવા રમણીય દિવસો ફરી આવવાના નથી એ વિચાર ઘણી વાર બુદ્ધિધનને થતો અને તે વિચારના આનંદનો ઉભરો સૌભાગ્યદેવીને અથવા છોકરાંને આલિંગન થઈ ક્હાડતો.

સદાશિવપંત રજા ઉપર ગયો અને પોતાના દેશમાં એક સારી નોકરી શોધી ક્હાડી. બસ્કિન્ સાહેબે સારું સર્ટીફીકેટ મોકલ્યું, અને બુદ્ધિધનને કાયમ કર્યો. રજવાડાઓમાં એનું માન વધ્યું. ભૂપસિંહનો અને એનો સંબંધ તુટ્યો હતો એટલે સુવર્ણપુરમાં પણ આ નીમણુક પસંદ કરવામાં આવી અને ત્યાંના મંડલસાથે બુદ્ધિધને સંબંધ વધારવા માંડ્યો. પ્રસંગે પ્રસંગે નવા શીરસ્તેદારે સુવર્ણપુર જવા માંડ્યું અને કારભારી મંડળ તરફથી માન અને પઈસા મળવા માંડ્યા. દુષ્ટરાય તેની ખુશામતમાં અગ્રેસર થયો અને જડસિંહના દરબારમાં શઠરાયની જોડની જગા ઉપર તેને બેસાડવામાં આવતો. પ્રસંગે પ્રસંગે સઉની પાસે બુદ્ધિધન પઈસા ક્હડાવતો અને આ દુષ્ટ લોકો સાથે આવો વ્યવહાર રાખવામાં તેને કાંઈ અણઘટતું ન લાગતું. વળી આ સઉનો લાભ લેઈ સુવર્ણપુરના રાજમ્હેલની ખટપટો જાણી લેવાય એવા સંબંધ બાંધવા માંડ્યા અને તે કાર્યમાં શઠરાય પાસેથી મળતા દ્રવ્યનો ઉદાર હાથે ઉપયોગ કરતો. હજી સુધી શઠરાયનો સંપૂર્ણ વિશ્વાસ તેના ઉપર થયો ન હતો.

જડસિંહને એક ખોટો દીકરો પર્વતસિંહ નામનો હતો. શઠરાય તેને તેનાં ખરાં માબાપ બતાવી ક્હાડી મુકાવવાની ધમકી આપી કબજામાં રાખવાનું કરતો તેથી તે કંટાળેલો હતો. શઠરાયના પ્હેલાંના કારભારીનો દીકરો ગરબડદાસ નામનો આજ વહીવટદાર હતો અને તેણે પર્વતસિંહને સાધ્યો હતો. ગરબડદાસ ઘડીયે ઘડીયે લોકોપાસે શઠરાય સામે સરકારમાં અરજીઓ કરાવતો અને રાજમ્હેલમાં રાણીયો અને ગોલાઓ પાસે કંઈ કંઈ ખટપટો ઉભી કરાવતો. આ લોકોયે પણ બુદ્ધિધનને સાધવા માંડ્યો. ભૂપસિંહને ગાદીયે બેસવામાં આ ખોટા પર્વતસિંહની આડખીલ હતી. બુદ્ધિધને પોતાની પાસે આવતી ખટપટનો ભેદ શઠરાયને તેનો પોતાનો થઈ જણાવ્યો અને ત્યારપછી શઠરાયને બુદ્ધિધન ઉપર વિશ્વાસ બ્હેઠો; પોતાની ખાનગી બાબતોમાં તેની કંઈક સલાહ લેવા લાગ્યો, અને કામનો માણસ ગણી દરબારમાંથી પઈસા ખવડાવવા લાગ્યો. શઠરાયે આખરે પર્વતસિંહનું કાટલું કરાવ્યું અને ગરબડદાસને બરતરફ કર્યો. ગરબડદાસ બુદ્ધિધન ઉપર વિશ્વાસ રાખતો, કારણ પોતાનો ભેદ એનાથી ફુટ્યો હશે તેની એને ખબર ન હતી.

હવેથી ગરખડદાસ પોતાની વાતો તથા શઠરાયની વાતોની બાતમી બુદ્ધિધન પાસે મુકતો. શઠરાય એમ સમજતો કે બુદ્ધિધન મ્હારું માણસ છે અને ગરખડદાસ સાથે માત્ર ઠગાઇનો સંબંધ રાખે છે. બુદ્ધિધન આ બન્ને લુચ્ચાઓને ઠગવામાં પાપ ન ગણતો અને પોતાનું છેવટ કાર્ય વ્યાજબી હતું એટલે शठं प्रति शाठ्यं कुर्यात् એ ધોરણને અનુસરતો.

હવે પર્વતસિંહ ગયો એટલે જડસિંહને બીજો કુંવર ઉભો કરી આપવાની જરુર કારભારી મંડળને લાગી. માત્રાઓ, ધાતુઓ અને રસાયણો ખાઈ ખાઈ અતિભોગ કરી કરી જડસિંહે પુરુષત્વ હીન કરી દીધું હતું અને રાણીયો યથેચ્છ વર્ત્તતી હતી. કોઈ પણ રાણીને ખરો પુત્ર થાય તો તે રાણીનું તેમ જ તેના યારનું જોર વધે અને પોતાનું જોર કમી થાય એ શઠરાયને અનિષ્ટ હતું, અને પોતાના કબજામાં રહે એવો ખોટો પુત્ર ઉભો કરવા તેણે યુક્તિયો કરવા માંડી. આ વાત બુદ્ધિધનને કાને આવી હતી પરંતુ કારભારીયોની મારફત આવી ન હતી. ભૂપસિંહ સાથે ઉઘાડો સંબંધ પોતે રાખી શકે એમ ન હતું તેમ એ માણસ બીજાના હાથમાં જાય એ સારું નહી એ અનુભવે સિદ્ધ કરી આપ્યું હતું. કારભારી મંડળથી વિરુદ્ધ ન દેખાવું પણ વિરોધ કરવાનાં સાધનની આવશ્યકતા હતી. ગરખડદાસ કાંઈ કામ પ્રસંગે લીલાપુર આવ્યો ત્યારે બુદ્ધિધનને મળ્યો અને બે જણ ભૂપસિંહને મળ્યા. રાણીની ઇચ્છા શિવાય ખોટો પુત્ર થાય નહી માટે તે કાર્યમાં પટરાણીને સામીલ કરવા યુક્તિયો ચાલતી હતી તે ગરખડદાસે કહ્યું. પર્વતસિંહ ગયો એટલે ભવિષ્યનો લોભ કરી સુવર્ણપુર ખાતે ભૂપસિંહના ગુપ્ત દૂતનું કામ કરવા ગરખડદાસે માથે લીધું અને ભૂપસિંહને હાથમાં લેઈ શકે નહી એમ છેટે રહી તેનું કામ કરનાર માણસ મળ્યું જોઈ બુદ્ધિધનની ઇચ્છા સફળ થઈ. ગરખડદાસને સલાહ પુછવાનું ઠેકાણું બુદ્ધિધન થયું.

જડસિંહની પટરાણી ઉંચા કુળની હતી અને કારભારીયોની ખટપટ પસંદ કરતી ન હતી. પરંતુ આખરે તે લોભમાં લેવાઈ અને જગતમાં પ્રસિદ્ધ થયું કે તેને દિવસ છે. ભૂપસિંહ અને ગરખડદાસ ઉપરાઉપરી સાહેબપાસે અરજીયો કરવા લાગ્યા કે સીમંત ખોટું છે, પણ કારભારીયો મુછે તાલ દેઈ ફરતા પરંતુ મનમાં ડરતા. એક પ્રસંગે શઠરાય લીલાપુર આવ્યો અને બુદ્ધિધનની પરીક્ષા કરવા વાત ક્‌હાડી, અને ગરખડદાસની અરજીઓ બાબત ફરીયાદ કરી. બુદ્ધિધન ક્‌હે, "જખ મારે છેઃ એમ તો હાથી પછવાડે કુતરાં ઘણાં ભસે. આ તો ઠીક છે કે આપણી વાત સાચી છે, પણ કોઈ વખત એવોએ હોય કે આપણે એમ કરવુંએ પડે. આપણે પણ આપણો સ્વાર્થ

છે." આટલી વાતથી કાંઈ શઠરાયે ભેદ આપ્યો નહી અને બુદ્ધિધનના બોલ્યામાં તેને કાંઈક વ્હેમ પડ્યો પણ તે જતો રહ્યો.

ભૂપસિંહનો ગરાસ હજીસુધી દરબાર પાસે હતો. ભૂપસિંહ અને એનાં ભાઈ બ્હેનનાં લગ્ન, તેમના માબાપના ક્રિયા ખરચ ઇત્યાદિમાં ઘણું ખરચ કરવું પડ્યું છે, દુકાળ ગયા, અને એવાં નિમિત્ત ક્‌હાડી જડસિંહનો કારભારી ભૂપસિંહ પાસે દરબારનું લ્હેણું ક્‌હાડતો હતો અને તે વસુલ કરવાને નિમિત્તે પોતાનો વહીવટ લંબાવતો હતો. બુદ્ધિધને ચાલતા અરસામાં ભૂપસિંહ પાસે આ વહીવટ પાછો લેવા બસ્કિન્ સાહેબને અરજી કરાવી. બુદ્ધિધને તે અરજી શઠરાયને દેખાડી. હા ના કરતાં સુવર્ણપુરના દરબારમાંથી બુદ્ધિધનને પચાસ હજાર રુપીઆ મળ્યા અને ભૂપસિંહને ગરાસ ન મળવા દેવાનું તેણે માથે લીધું. વાતમાં વાત કરતા અને પોતાને ભરોસો ઉપજ્યો હતો તેવી કારભારીયોએ કીયા કીયા ચોપડા કેવી કેવી રીતે જુઠા રાખ્યા હતા અને હીસાબ કેવી રીતે જુઠો રાખ્યો હતો તે સમજવાની તક મળી અને તે તકનો ઉપયોગ કર્યો. સાહેબને અઇંપઇં સમજાવ્યો, હીસાબમાં કુંડાળાં વાળ્યાં, અને બીજાં પાંચ વરસ સુધી ગરાસ દરબારના હાથમાં રૂહે એવો ફેંસલો થયો. પચાશે હજાર ભૂપસિંહને ગાદી મેળવવામાં વાપરવાના હતા તે એને ખબર હતી એટલે એ લોકમાં બડબડ્યો પણ મનમાં સંતોષ પામ્યો.

ભૂપસિંહ અને બુદ્ધિધનને કાંઈ સગપણ નથી અને બુદ્ધિધન પઈસાથી જીતાય એવો છે એવું હવે શઠરાયને સ્પષ્ટ લાગ્યું અને તેને હઇએ નીરાંત વળી. હવે તો સુવર્ણપુર આવે ત્યારે શીરસ્તેદારને આગ્રહ કરી કારભારી એક બે વાર પોતાને ઘેર જમાડે અને તેની સાથે ગપાટા હાંકે અને બીજાં માણસો પણ શીરસ્તેદાર સાથે હળી ગયાં. હળવે હળવે કારભારીના ઘરનાં સઉ માણસો અને તેમની ઘણીક વાતો બુદ્ધિધન જાણી ગયો. નરભેરામ પણ તેની સાથે આવતો અને એ ઘરનાં છિદ્ર શોધી ક્‌હાડી, જાણી, આનંદ પામતો.

દુષ્ટરાયની બ્હેન ખલકનંદા હતી અને વહુ રૂપાળી હતી. ખલકનંદા સાસરે જાય ત્યારે એક જમાલખાન નામનો સીપાઈ ફાનસ લેઈ તેને મુકવા જતો. જમાલખાન ગાતો તથા ચિત્ર ક્‌હાડતો અને વાળબાળની ટાપટીપ કરતો. સાસરે જતાં જતાં ખલકનંદા કોઈ વખત જમાલખાનને ઘેર પણ જાય અને ઘડી બે ઘડી ક્‌હાડે. કોઈ વખત મરદનો લેબાસ પ્હેરી જમાલખાનને હાથે વળગી ગેલ કરતી કરતી રાત્રે ફરવા પણ જાય. રૂપાળીવહુને

જુદો રસ્તો સુઝચો હતો. દુષ્ટરાય ફોજદાર હતો એટલે ગામ પરગામ ફરવા જતો અને ઘરમાં રુપાળીવહુ સાથે મેરુલો નામનો રજપૂત સીપાઈ રહેતો. ઘરમાં એકાંત પડે એટલે મેરુલો દુષ્ટરાયના શૃંગારગૃહમાં બીરાજતો. ચિકિત્સાખોર નરભેરામને આ બન્ને નાટક કંઈક જોયામાં અને બાકી સાંભળ્યામાં આવ્યાં હતાં અને બુદ્ધિધનને તેણે કહ્યાં હતાં. બઈરાંના વિશ્વાસુ, પુરુષોના વિશ્વાસુ થઈ ગયા હતા. જમાલખાનપર શઠરાયનો અને મેરુલા ઉપર દુષ્ટરાયનો વિશ્વાસ હતો અને પટરાણીને છુટા છેડાના દિવસ પાસે આવ્યા એટલે કુંવર શોધવાનું કામ આ બન્ને વિશ્વાસુ ગૃહસ્થો ઉપર પડ્યું. જમાલખાન અને મેરુલો સ્વાભાવિક રીતે એકબીજાના પ્રતિસ્પર્ધી હતા અને આ કામમાં વધારે થયા. જમાલખાને એક તરકડીનો છોકરો શોધી ક્હાડ્યો અને મેરુલાએ એક કોળી શોધી ક્હાડ્યો. તરકડો રુપાળો હતો અને શઠરાય પાસે જમાલખાનનું ચાલતું હતું માટે તરકડો પસંદ પડ્યો અને મેરુલો નિરાશ થયો.

બુદ્ધિધનની સૂચનાથી ગરબડદાસે આ બે જણા સાથે પરિચય કર્યો હતો અને એક દિવસ મેરુલો ખીજવાયલો નિરાશ બનેલા ગરબડદાસ સાથે ગપ્પાં મારવા બેઠો અને વાએ ચ્હડ્યો તેમાં કાંઈક લવી ગયો. લાલચ આપી વધારે ભેદ લીધો. એકદમ ગરબડદાસ લીલાપુર આવ્યો અને બુદ્ધિધનની સલાહ અને સૂચનાઓ વધતી ગઈ. આ તક ન જવા દેવી–વખત ખોવો નહી એમ ઠરાવ થયો. સાહેબની પાસે અરજી થઈ અને તેમાં ભૂપસિંહે બંદોબસ્ત માગ્યો. એકદમ સવારો મળતાં તેને લેઈ ભૂપસિંહ અને ગરબડદાસ જડસિંહને મ્હેલ ગયા, સાહેબનો કાગળ દેખાડી અંદર ઘુસ્યા, અને જડસિંહ સાથે એકાંત માગી જડસિંહને સમજાવ્યોઃ "સાહેબને બધી ખબર પડી છે. તમે આ કામમાં સામીલ રહેશો તો "જીવતાં ગાદી જશે. મરતાં ગાદી કોને જાય તેની તમારે શી ચિંતા છે? "પિતરાઈને મુકી તરકડાને ગાદી જાય તેમાં તમારી આબરુ નથી–અને "પરલોકમાં તમને લાભ નથી. કાલ સવારે તમારે ખરો છોકરો થશે તો "તેને મુકી ખોટાને સોંપવું પડશે. અમને સાહેબે મોકલ્યા છે. દેવો હોય "તે જવાબ દેજો. તમે જાણો. તમારે માથે જુમ્મો છે." જડસિંહ સાહેબનું નામ સાંભળી ગભરાઈ ગયો. કાગળમાં સાહેબના નામનો શેરો હતો અને ભૂપસિંહની વાત સાંભળી તેને યોગ્ય ખુલાસો કરવામાં આવશે એવી આશા બતાવી હતી. જડસિંહ ક્હેઃ "આ બાબત હું કાંઈ જાણતો "નથી. કારભારીને પુછી જોઈશ, અને ખુલાસો લખી મોકલાવીશ. ભૂપ-

" સિંહના કરતાં કોળી તરકડાંનાં છોકરાં મને વધારે વ્હાલાં નથી. હું
" મ્હારાથી ચાલતો બંદોબસ્ત કરીશ."

ગરબડદાસઃ—" પણ આજ રાત્રે જ સઉ નક્કી થઈ જાય તો ?"

જડસિંહઃ—" ભાઈ, કોણ જાણે. હું તો કારભારીને કહીશ એ જાણું.
" હું બીજું શું કરું ?"

ગરબડદાસઃ—" ત્યારે તમારાથી જાતે મદદ નહી થાય ?"

જડસિંહઃ—"જાતે તે કાંઇ હું પોલીસનું કામ કરું ? મળો કારભારીને."

આવ્યા હતા તેવી જ ઝડપથી સઉ જણ ઘોડા દોડાવતા પાછા દોડ્યા. સુવર્ણપુરમાં ગભરાટ થઈ રહ્યો અને કારભારી રાજમ્હેલે આવ્યો. રાણાએ વાત કહી તેથી સંતોષ ન વળ્યો અને આમ આવ્યા અને આમ ગયા તે કંઇ આટલાથી સંતોષ પામી ન જાય એમ ધાર્યું. લીલાપુર અને સુવર્ણપુર વચ્ચે ઝાઝું છેટું ન હતું. ગરબડ તરત પ્હોંચ્યો અને બુદ્ધિધનને સમાચાર કહી બોલ્યોઃ " રાણો જાતે કાંઈ કરી શકે તેમ નથી તે તમને
" ખબર છે. કોળી ને તરકડાં એટલું તો એના મ્હોંમાંથી નીકળી ગયું. વાત
" મુદ્દે ખરી છે. ત્યાં વધારે ર્હેવાથી લાભ નથી જાણી અમે પાછા આવ્યા."

થોડી વારમાં શઠરાયનું માણસ દોડતે ઘોડે આવ્યું અને તેની સલામ કહી બુદ્ધિધન પાસે બાતમી માગી. બુદ્ધિધન ક્‌હેઃ "મ્હારાથી
" આ બાબતમા ઝાઝો ભેદ ખોલાય નહી. કંઈક ગોલાં તરકડાંના
" છોકરાંની વાત અને કારભારી જાણે છે એવી વાત રાણાજીએ
" કરી છે. બીજું સઉ સાહેબ જાણે. શઠરાય તરત સઉ માંડેલી
" વાત બંધ કરશે તો ઠીક છે." માણસ ગયું. બુદ્ધિધન પાસેથી બે હજાર રુપીયા લેઇ ગરબડદાસે મેરુલાને આપ્યા અને તેની મદદથી તરકડીનું ઘર શોધી ક્‌હાડ્યું અને એક બે સ્વાર ત્યાં રાખ્યા અને પોતે, ભૂપસિંહ અને એક બે સ્વાર રાણીના મ્હેલની પડોશમાં સંતાઇ રહ્યા. કારભારી ગભરાઈ ગયો. વધારે વાર લગાડ્યાથી વધારે તપાસ થશે અને માણસ ફુટ્યાં એટલે ભોપાળું બ્હાર પડશે અને સાહેબ અગાડી તપાસ કરાવશે તો રાણાનું ઠેકાણું નહી એટલે કોણ જાણે શું પરિણામ થાય. રાણીને દિવસ છે એવું જાહેર કર્યું હતું માટે પોતાનું મંડળ એકઠું કર્યું. રાત્રે ને રાત્રે વિચાર કર્યો અને એક બે દિવસમાં રાણીને સુવેલી દીકરી આણી દટાવી દીધી તથા જીવતો કુંવર આણવાનો વિચાર સઉ વાત ટ્‌હાડી પડ્યા પછી કરવાનો રાખ્યો.

એવામાં બસ્કિન્ સાહેબ તરફથી પત્ર આવ્યો તેમાં જડસિંહને ખોટા પુત્રની બાબતમાં લખ્યું હતું કે,—

"આ બાબત સાંભળી હું ઘણો દીલગીર થયો છું. મ્હારે તમને "ક્હેવું જોઈયે કે આ ખટપટમાં તમારા કારભારીયો સાથે તમે પણ સામીલ "હશો એવો વ્હેમ આણવાનું અમને તમારા તરફથી મજબુત કારણ મળ્યું "છે. આ વખત તો આ બાબત સરકારમાં લખવામાં નથી આવતું પણ "બીજી વખત આવો પ્રસંગ આવશે તો તમારા હકમાં સારું નહી થાય એ "યાદ રાખવું. વળી તમને સૂચના કરવામાં આવે છે કે હવેથી તમારા "અંતઃપુરમાં કોઈ પણ રાણીને દિવસ હોય તો પ્રથમથી આ એજંસીમાં "સમાચાર આપવામાં આવે. આ સૂચનાનો અમલ કરવામાં કાંઈ પણ "શિથિલતા દેખાડવામાં આવશે તો તમારા વિરુદ્ધ શંકા સબળ થશે અને "સરકારને ખબર કરવામાં આવશે. માટે આશા રાખવામાં આવે છે કે આ "વિશે તમારા કારભારીયો તરફથી સખ્ત બંદોબસ્ત થશે. આ તુમારની "નકલ એજંટના ખાસ દફતરમાં રાખવામાં આવશે."

આ પત્રથી સર્વ મંડળ નરમ બની ગયું અને તેના ઉત્તર પ્રત્યુત્તર થોડાક થયા પરંતુ મૂળ પત્રના અસરનો પટ સઉના મનમાં કાયમ બેસી ગયો.

કારભારીની આ સઉ વાત તથા ત્યાર પછી થતી સઉ બાતમી મેળવવાનાં સાધન હવે **બુદ્ધિ**ધને ગરબડદાસ મારફત કરી આપ્યાં અને **શઠ**રાયે આપેલા રુપીયા તેનું જ ઘર ફોડવાના કામમાં લાગવા માંડ્યા. નવો કુંવર કરવાનો વખત આવતા પ્હેલાં કોણ જાણે કાંઈ ખટપટથી કે કોણ જાણે કાંઈ રોગથી જડસિંહ અચિન્ત્યો ગુજરી ગયો. તેની બાતમી એકદમ **લી**લાપુર પ્હોંચી, અને **સુ**વર્ણપુર ઉપર જપ્તી બેઠી. રાણીયોના મ્હેલ, તીજોરી, દફતરખાનું, સઉ ઠેકાણે ચામડાનાં અને જીવતાં તાળાં દેવાયાં. **ભૂ**પસિંહને રાજ્ય મળવાની સામગ્રી ચાલવા માંડી. તેના ઝુંપડા જેવા ઘર આગળ ચોબદારો અને અમલદારો જઈ ઉભા ર્‌હેવા લાગ્યા. પોતે કરેલા અપરાધ માફ કરાવવા **શઠ**રાય જાતે **બુ**દ્ધિધનને ત્યાં ફેરા ખાવા લાગ્યો. ગરબડદાસનો દોર વધ્યો. મહાસંપત્તિનો સૂર્ય ઉગતો જોઈ **બુ**દ્ધિધનની ગંભીરતા ખસી નહી અને તેના મનના ઉદ્યોગને ઉત્સાહને ઉભરે ઢાંકી દેવાયો નહી. તે મોહમાં પડ્યો નહી, ઉતાવળો થયો નહી, અને આંધળો બન્યો નહી. સંપત્તિના સૂર્યને વગર ઝાંઝવે, વણ અંજાયે, સ્થિર વૃત્તિથી જોવા લાગ્યો. **ભૂ**પસિંહની સંપત્તિ સાથે એને સંબંધ છે તે એના અને **ભૂ**પસિંહના વિના બીજું કોઈ જાણતું નહી. સર્વની આંખે એ ત્રિકાળમાં શીરસ્તેદાર જ ભાસતો.

સાહેબના તરફથી અભિનંદન પત્ર લેઈ **બુ**દ્ધિધન **ભૂ**પસિંહને મળ્યો. **ભૂ**પસિંહનું અંતઃકરણ ઉપકારથી ભરાઈ આવ્યું. "**મ્હારા રાણા !**

"સુવર્ણપુરના સ્વામી!" એટલા શબ્દ ગદ્‌ગદ કંઠે બોલી બુદ્ધિધન હર્ષનાં આંસુ સારતો ભૂપસિંહના સામું જોઈ ઉભો રહ્યો. ભૂપસિંહ એકદમ તેને ભેટી પડ્યો અને જોરથી બાઝયો. "બુદ્ધિધન! તમારે લીધે આ દિવસ "આવ્યા! તમારો આભાર મ્હારાથી નહી ભુલાય! હા! હવે હું રાજા અને "તમે પ્રધાન, અને પાછલા દિવસ ભુલી નવા દિવસ બન્ને જણ જોઈશું." નવા રાણાના મનના આ વેગને તેમ જ પ્રસંગે સ્મરણમાં આણેલા પોતાના વૈરભાવને મનસ્વી પુરુષે રોકી રાખવાનું યોગ્ય ધાર્યું. અભિષેકકાળનું મંગળાચરણ કોઈનું નુકસાન કરી કરવું, નવો રાણો પોતાની ખાનગી સ્થિતિનાં જુનાં વેર તાજાં કરશે એ આશા સાહેબના મનમાં ઉત્પન્ન કરવી, અને સત્તાથી ન ખસેલા જુના અમલદારોની મનમાંની બ્હીક ખરી પાડી તેમને બુમાટો કરવાનું દેખીતું કારણ આપી તેમની પ્રપંચબુદ્ધિના વીર્યને ઉત્તેજિત કરવું: આ અને બીજાં પરિણામોના વિચાર બુદ્ધિધનના મગજ આગળ તરી આવ્યા અને તે પરિણામો ન થાય એવો તેણે માર્ગ પકડ્યો. "કાલે "તમે સાહેબને મળવા આવો, લીલાપુરમાં રહ્યા તેના સ્મરણવાસ્તે અહીંયાં "ઈંગ્રેજીશાળા ક્હાડી અને સુવર્ણપુરમાં 'બસ્કિન્ બાગ' કરાવી તમારા "અભિષેકનું મંગળાચરણ કરવાની વાત ક્હાડો, જુના અમલદારોને કાયમ "રાખવાનો વિચાર જણવો, અને તમારે વિશ્વાસ રાખી શકવા લાયક પ્રમાણીક "અને સારું બ્હારનું માણસ તમારા અંગનું કરી રાખવા સાહેબ પાસે માગો, "અને 'બુદ્ધિધન ઉપર આપનો વિશ્વાસ અનુભવથી થયો હોય તો તેને આપો "નીકર બીજા કોઈ ને' એમ સૂચના કરો;" આ રીતે બુદ્ધિધને કહ્યું. તે પ્રમાણે થયું. ભૂપસિંહ વાસ્તે બસ્કિન્ સાહેબનો અભિપ્રાય ગરાસના પ્રસંગમાં કાંઈક ઠીક બંધાયો હતો અને તેની અવસ્થા જોઈ દયા ઉપજી હતી. તેમાં આ પ્રસંગે તેના મુખમાંથી આવા સારા વિચાર નીકળતા જોઈ સાહેબ ઘણા જ પ્રસન્ન થઈ ગયા, તેને વાસ્તે સરકારમાં બહુ સારો રીપોર્ટ કર્યો, જોઈએ તેટલી મદદ આપવા સ્વીકાર્યું, પોતાની આફીસનો બંદોબસ્ત કરી બુદ્ધિધનની મરજી હોય તો રાણાની નોકરીમાં તેને જ જવા દેવાની હા કહી, અને સરકારનો હુકમ આવતાં સુવર્ણપુર જઈ ઠાઠમાઠથી અભિષેક કર્યો. આ પ્રસંગે મુંબાઈના વર્ત્તમાનપત્રોવાળાઓને બુદ્ધિધનની સૂચનાથી બોલાવવામાં આવ્યા હતા. તેમની ખાતર બરદાશ અચ્છી રીતેથી કરી. પરાયા માણસ તરીકે બુદ્ધિધન તેમને મળતો અને રાણાનાં વખાણ કરતો. મુંબાઈનાં ઈંગ્રેજી અને દેશી સઉ પત્રોમાં રાણા ભૂપસિંહના રાજ્યાભિષેકની લાંબી લાંબી અને છટાદાર હકીકત આવી, તેની બુદ્ધિ વગેરેનાં વખાણનાં બુણગાં ફુંકાયાં, અને જગતના ઘણા ભાગે સઉ ખરું જ માન્યું.

બુદ્ધિધનને ઠેકાણે બીજો માણસ આવ્યો એટલે એ સુવર્ણપુર આવ્યો અને 'હજુર સેક્રેટરી' ની નોકરી લીધી. ગરબડદાસ રાણાની પ્રીતિનું બીજું પાત્ર હતું તેને હીસાબી ખાતું સોંપાવ્યું. બીજા અમલદારો કાયમ રહ્યા. જતે દિવસે બુદ્ધિધનની પદવીનું નામ ફેરવી તેની ઇચ્છાથી એના એ કામ ઉપર રાખી તેને 'અમાત્ય' બનાવ્યો અને પગાર વધાર્યો. સર્વ મામલો હળવે હળવે શાંત થઈ ગયો હતો. કોઈ કોઈ વાર ખટપટ-વાયુથી મોજાં ઉછળતાં તો અમાત્યની બુદ્ધિ તેલ પેઠે તે ઉપર રેડાઈ તોફાન શાંત કરી દેતી. કેટલાક ન્હાના મ્હોટા બનાવો બનતા, અંદર અંદર ઈર્ષ્યા, વૈર, આદિ રહેતાં પરંતુ પરદેશી જોનારને મન કાંઈ દેખાય એમ ન હતું.

અમાત્ય પોતાનું કામ શાન્તિથી કરતો. સઉને સારે રસ્તે પાડી કોઈના કામમાં બહુ વચ્ચે ન આવી કારભારી વગેરેને સમજાવી કામ લેવા યત્ન કરતો અને બધા એકઠા મળતા ત્યારે કોઈના મ્હોં ઉપર અસંતોષનો લેશ દેખાતો ન હતો.

અમાત્યનું માન દિવસે દિવસે વધતું હતું. પોતાના પૂર્વજોના બંધાવેલા રાજેશ્વર મહાદેવનો તેણે જીર્ણોદ્ધાર કર્યો. લોકો તેના ઉપર આશાથી જોવા લાગ્યા. મુંબાઈ જવાના પ્રસંગ મળતા ત્યારે ત્યાંના સાહેબ લોકોમાં જતો અને પ્રતિષ્ઠા પામી કાર્ય સાધી ઘેર આવતો. શાસ્ત્રીયોનો પરિચય રાખતો અને કર્મકાંડપર શ્રદ્ધા બતાવતો. આ સર્વ તેનાં ભૂષણ થઈ પડ્યાં, અને રાણાપાસે એનું વધારે વધારે ચાલતું દેખાયું તેમ તેમ આ સઉ ભૂષણનાં વધારે વધારે વખાણ થવા લાગ્યાં.

રાજેશ્વર મહાદેવમાં રાણો અને અમાત્ય આવ્યા તે પ્રસંગે રાજ્યકાર્યની આ વ્યવસ્થા હતી અને અભિષેક થયે ત્રણ ચાર વર્ષ વીતી ગયાં હતાં.

રાજેશ્વરમાં આ બન્ને જણને બેસારી, અને નવીનચંદ્ર વાડામાં હતો તે સમયે અલકકિશોરી અને કુમુદસુંદરીને એ જ વાડામાં કેદ કરી, અત્યાર સુધી આપણું ધ્યાન આડી વાતોમાં ગુંચાયું અને બુદ્ધિધનનો ઇતિહાસ જાણવામાં વાર્ત્તાનો પ્રસંગ આપણી આંખ આગળથી આટલી વાર દૂર રહ્યો તે બનાવ, વાંચનાર, જો તને સકારણ અને સફળ ન લાગે તો હવે એ ન જ બન્યો હોય એમ ત્હારી નજર આગળથી ક્હાડી નાંખી, ગઈ ગુજરી વિસારી દે અને ભૂતકાળને ભુલી વર્ત્તમાન કાળની વાર્ત્તામાં ડુબવા નીચલા પ્રકરણના પ્રવાહમાં વહ્યો જા.

# પ્રકરણ ૬.

## *રાજેશ્વરમાં રાજ-ખટપટ.

॥ तटस्थः स्वानर्थान् घटयति च मौनं च भजते ॥

સુવર્ણપુરનું રાજતંત્ર ઘેનમાં પડ્યું હોય તેમ પોતાની મેળે ચાલ્યું જતું દેખાતું હતું અને રાણો તથા અમાત્ય બે શિવાય સર્વ મંડળ ખરેખર ઘેનમાં જ હતું. જોનારને મન એમ જ વિચાર થતો કે આ ઘેન સ્વાભાવિક રીતે આવ્યું હશે અને તેના મન ઉપર અસર થાય એ પણ જાગનારને ઇષ્ટાપત્તિ જ હતી.

આ સર્વ નાટકનો સૂત્રધાર બુદ્ધિધન હજી પડદામાં જ હતો અને વેશધારીયો પણ તેને પોતાના જેવો જ સમજતા હતા. અમાત્યનું રાણા-પાસે ચાલે છે એ શિવાય બુદ્ધિધનને વાસ્તે બીજો અભિપ્રાય કોઈને હતો નહી, પરંતુ આ કુંચીને બળે રાણો જરાપણ–ચાલે–ચલવે–છે–કાંઈ પણ કરે છે એમ કોઈના મનમાં પણ આભાસ થવા પામ્યો ન હતો. સર્વ એમ કલ્પતાં હતાં કે આપણે આપણી મેળે જ ચાલીયે છીયે. પરંતુ આ સર્વ શાંતિનો પણ સૂત્રધાર હતો. પોતાની રંક અવસ્થામાં સળગેલા વૈરનો તનખો તેના મનમાંથી કજળી ગયો ન હતો. પરંતુ તેની હયાતી ભૂપસિંહને પણ ખબર ન હતી. રાણો એમ જ સમજતો કે બુદ્ધિધન મ્હારી ઇચ્છાઓનો સેવક જ છે અને તેમ ગણી તેના ઉપર નિર્મળ પ્રીતિ રાખતો. પરંતુ બુદ્ધિધને તો ભૂપસિંહને અને તેના સર્વ રાજ્યતંત્રને પોતાના ઉંડા વૈરને સફળ કરવાનું સાધન કરી દીધું હતું. હળવે હળવે એ વૈરભાવની વચ્ચોવચ નિઃસ્વાર્થ રાજભક્તિ અને મિત્રતા, મહત્તાનો અભિલાષ, અને એવા એવા બીજા રમણીય વૃક્ષ ઉત્પન્ન થતા હતા એ ખરું. તોપણ વૈરભાવ શાંત થયો ન હતો અને વૈરીયોનાં નિત્ય દર્શનથી તે દૃઢ થતો હતો. ભૂપસિંહનો વૈરભાવ એ પોતાના વૈરભાવનું માત્ર સાધન હતું, જાતે કાંઈ પણ કરવું નહી–કશામાં દેખાવું નહી, પરંતુ સર્વ ફળ સાધનદ્વારા લેવાં; પોતાનો હાથ કોઈ ઠેકાણે દેખાય નહી પરંતુ સર્વના હાથ પોતાના જ ચલવ્યા ચાલે–ટુંકામાં સૂર્યચંદ્રની પેઠે પોતે આઘાં ઉભાં રહી અદૃષ્ટ રીતે આખા સમુદ્રની પાસે પછાડા મરાવવા અને પોતે તો માત્ર સર્વ જોયાં કરવું અને ધાર્યું થયું જોવું એ ભૂપસિંહના અમાત્યની પ્રકૃતિ–નીતિ હતી. આમ સ્વાભાવિક રીતે અદૃષ્ટ સાધનો

* પૃષ્ઠ ૨૧ સાથે અનુસંધાન.

ન જોઈ શકનાર સાધનભૂત ભૂપસિંહ અધીરો બની નિષ્કર્મ જેવા દેખાતા અમાત્યની નીતિનો વેગ અને તેનાં નિર્માણ પામેલાં ફળ ચચ્ચાર વર્ષ સુધી ન દેખાતાં જોઈ ધુંધવાતો હતો અને તે જોઈ અમાત્ય પોતાનું એક સાધન દૃઢ થયું માનતો હતો.

સોનેરી ગલીચા ઉપર મહાદેવનું બાણ દેખાય એમ ભૂપસિંહ એક તકીયાનું અઠીંગણ દેઈ બેઠો હતો; જુની અવસ્થાના કરતાં આજ સ્વાભાવિક રીતે તેનાં વસ્ત્રમાં, શરીરમાં, મ્હોંમાં, અને સ્વભાવમાં ફેર પડી ગયો હતો. જડસિંહના કારભારીથી કંટાળેલા ગરાસીયાને ક્ષુદ્ર મુત્સદ્દીની ગરજ પડી હતી તેમ જ પોતાના કારભારીથી કંટાળેલા રાણાને અમાત્યની ગરજ હતી. પણ એ ગરજનો દેખાવ પ્હેલાં જુદો હતો અને આજ જુદો હતો. ભાઈબાપા, સમાનભાવ, દેખીતી એક પાસની ગરજ, અને સ્વાર્થ દેખાડી જોરથી કરવામાં આવતી મિત્રતા; તેને ઠેકાણે આજ અધીરાપણું, હુકમ, અને રાજા પ્રધાનનો અરસપરસ સ્નેહ અને ધર્મભાવ, એ સર્વ સ્પષ્ટ દેખાતાં હતાં અને વચ્ચે વચ્ચે જુના સંબંધના ફુવારા ફુટતા હતા.

"બુદ્ધિધન, તમે આજસુધી કાંઈ ન કર્યું. આ ત્રણ ટકાનો શઠરાય
"જેણે મને આટલું આટલું દુઃખ દીધેલું તેને આમ મ્હારી પાસે આવી
"બેસતો જોઉં, મ્હારો કારભારી ટહું, મ્હારું રાજ્ય સોંપું—એવું એવું હું કેટલા
"દિવસ ખમી શકું? મ્હારા ગરાસમાંથી ખાઈ જનારને ગરદન ન મારવા
"જોઈયે? તમે જ્યાંસુધી એની બાબત કાંઈ કરશો નહી ત્યાંસુધી મને
"સંતોષ નથી:" એમ કહી બોલતાં બોલતાં ઉંચો થયલો રાણો પાછો તકીયાપર પડ્યો અને અમાત્ય સામી આંખો ફ્હાડી જોઈ રહ્યો.

બુદ્ધિધન રાણા સામો ઉંધે પગે બેઠો હતો તે જરીક હસ્યો અને બોલ્યો: "રાણાજી, જરા ક્ષમા રાખો. આપને ગાદી મળે તેમાં આપના
"શત્રુને એટલો લાભ ન મળે? અપકારનો બદલો ઉપકાર ઘટે"
કહી પાઘડી હેઠે મુકી નિરાંતે બેઠો.

રાણો મ્હોટે સાદે હસી પડ્યો. "વાહ વાહ! વાહ વાહ! એ તો આજ
"જ જાણ્યું. પણ અપકારનો બદલો ઉપકાર અને ઉપકારનો બદલો અપ-
"કાર એમ ઉલટ સુલટ કરવાનું તો તમને મુત્સદ્દીયોને જ સોંપ્યું, હોં! અમે
"તો એક વટવાળા. જીવાડતાને જીવ આપીયે ને મારતાને તો મારીયે
"જ. તમે મિત્ર અને એ શત્રુ—બેને એક અસ્ત્રે ન—, ખાજું ને ભાજી બે
"ટકે શેર થાય તે તો અંધેરી નગરીમાં જ. નિશાળીયાએ એ તો જાણે!"

"બહુ સારું, ત્યારે હવે હુકમ! કારભારીને કાલે બરતરફ કરવો
"હોય તો તે આપના જ હાથમાં છે."

"હવે એ મશ્કરી જવા દ્યો. શું ધાર્યું તે ક્હો." બન્ને જણ શાંત અને ગંભીર બની ગયા અને બુદ્ધિધને ભાષણ આરંભ્યું.

"રાણાજી! ઇચ્છાઓ ઉતાવળથી અને ધીરે ધીરે બે રીતે પાર
"પડે છે. પરંતુ ઉતાવળથી ફાલેલી વનસ્પતિ તરત સુકાઈ જાય છે.
"અને ધીરે ધીરે ઉગતા વૃક્ષનાં મૂળ જમીનમાં ઉંડાં ઉંડાં પેંસે છે.
"દાખલો જુવો. શઠરાયનાં મૂળ કેટલાં ઉંડાં છે? આપ ગાદીયે બેઠા ત્યારે
"સર્વ અધિકારી મંડળ એનું હતું. રાજમ્હેલનાં માણસો એનાં જ
"હતાં. એજંસીમાં અને મુંબાઈ સરકારમાં તે પંકાયલો છે. છાપાં-
"ઓમાં તેની કીર્ત્તિ ઘણી છે. બસ્કિન્ સાહેબને ઠેકાણે રસલ સાહેબ
"આવ્યા તેમનો એના ઉપર વિશ્વાસ જણાય છે. મને પણ પોતાનો
"કરવા એણે કેટલી યુક્તિયો કરી છે? જો એને આપણે એકદમ
"ફ્હાડ્યો હત તો એ કોચેલું ગુમડું ભરનીગળ થઈ જાત. હજારો
"તરકટો રચત, ખટપટો ઉભી કરત, રાજ્યમાં અને સરકારમાં શક્તિ
"અજમાવી વિઘ્નો નાંખત! તમારી પ્રતિષ્ઠાનો ઉગતી અવસ્થામાં નાશ
"કરત. એમ શું શું ન થાત! એ સઉ ઉતાવળથી થાત."

"હાસ્તો? ખરી વાત:" નરમ બની ભૂપસિંહ બોલ્યો, અને ફુંફાડા મારતો રજપુતનો મીજાજ સાંડસામાં આવ્યો જોઈ તેને યોગ્ય ઠેકાણે આણવા ચતુર પકડનાર ધીરજથી યત્ન કરવા લાગ્યો.

"ત્યારે એનાં ઉંડાં ગયેલાં મૂળ પૂરેપુરાં ઉખાડી નાંખી આપણાં
"મૂળ ઉંડાં નાંખવાં એમાં બહુ વખત જોઈયે, અને બહુ ધીરજ જોઈયે."

રાણો જરાક નિરાશ દેખાયો અને નરમ બની તકીયાપર પડ્યો.

"પણ હવે અડચણ નથી. આપણું કર્ત્તવ્ય કામ ઘણું ખરું થઈ
"ગયું છે. ઇમારતનું ખોખું તૈયાર થઈ ગયું છે અને ઈંટો ચણાઈ
"ગઈ છે. હવે તો ઉપરઉપરનું કામ બાકી છે—માત્ર 'પલાસ્તર' કરવું
"અને એવું એવું કરવાનું રહ્યું છે."

ભૂપસિંહ પાછો ટટાર બેઠો અને ખરેખર ધ્યાન આપવા તત્પર થયો અને બોલ્યો, "ઠીક, ચાલો."

બુદ્ધિધને અલંકારશાસ્ત્ર પડતું મુક્યું અને સ્વાર્થ–વાર્ત્તાના રસમાં ડુબતા રાણાની આંખ આગળ હકીકતની કાયા ઉઘાડી કરવા માંડી.

"મ્હારો અને આપનો સંબંધ એ હવે ઢાંકી શકાય એમ નથી. હું
"આપની સાથે આવ્યો ત્યારથી એ વાત સઉ જાણે છે. શઠરાયને સ્વાભા-
"વિક રીતે મ્હારાઉપર વિશ્વાસ નથી પરંતુ તે મીઠા બોલો છે અને આપણા

" તરફથી એના ઉપર દેખીતો ઘા થયો નથી ત્યાંસુધી એનો અવિશ્વાસ
" સંપૂર્ણ નથી. અને એ વાત સારી છે. હું એના કારભારમાં વચ્ચે પડતો
" નથી દેખાતો એથી એની સર્વ ખટપટ આજસુધી શાંત રહી છે પણ
" સદા કાળ એમ નહી રહે. અને એ ખટપટ કરવા પ્રયત્ન કરે ત્યારે તે લુલી
" થાય એના ઉપાય આપણે કરેલા જ છે. **નરભેરામને** એના સેક્રેટરીની
" જગા આપેલી છે. એ એના સ્વભાવપ્રમાણે મ્હારી પણ ચેષ્ટા કરે છે અને
" મ્હારી નિંદા થતી હોય છે ત્યારે સામીલ રહે છે. આથી કારભારીનો
" વિશ્વાસ એના ઉપર સજડ ચ્હોંટી ગયો છે. પરંતુ આપને ખબર છે કે
" એ આપણો જ માણસ છે. એણે **મેરુલા** સાથે દોસ્તી કરી છે અને **દુષ્ટરાય**
" પોતાની અને પોતાના બાપની જે જે બડાશો અને છાની વાતો **રુપાળી-**
" પાસે કરે છે તે આપણી પાસે ચાલી આવે છે. ન્યાયાધીશ **ફરવતરાય** અને
" કારભારી, બે ભાઇયો અને ત્રીજો ફોજદાર **દુષ્ટરાય** મળી ગરીબ પ્રજા
" ઉપર જે જે જુલમ કરે છે તેના આપણે આજ આંખ આડા કાન કરીયે
" છીયે એટલે એ લોક વધારે વધારે નિરંકુશ થાય છે એટલે એ સઉના પાપનો
" ઘડો એની મેળે નહી ફુટે તો જ્યારે ઇચ્છા હશે ત્યારે એક ટકોરો માર્યે
" ફુટશે. ટકોરો ક્યારે મારવો એ આપણી ઇચ્છાની વાત છે. એના નિરંકુશ
" બનવાથી પ્રજા બળી રહી છે. રાજા સારા પણ પ્રધાન ખોટો–એ સઉનો
" વિચાર થઈ ગયો છે, અને તેમના પોકારનો ભડકો ફુંક મારતાં
" સળગી ઉઠશે. કારભારીને ક્હાડવાનું જગતની અને સાહેબની આંખે
" આ એક સબળ કારણ થશે. આપનો કોઈ દોષ નહી ક્હાડે અને
" પડેલા ઉપર પ્રજા પાટુ મારવાની."

" હાથી પાછળ કુતરાં ઘણાં ભસે એ આપણી શીખામણ કારભારીને
" ગમી જવાથી તે દિવસે મુંબાઈનાં છાપાવાળાંઓ રુપીઆ માગતા હતા
" ત્યારે તેણે આપ્યા નહી. કારભારી મુંબાઈ ગયો હતો ત્યારે એક બે
" છાપાવાળાઓ આવ્યા હતા તેને **નરભેરામની** ઉશ્કેરણીથી **મેરુલાએ** કાર-
" ભારીને નામે અપમાન આપ્યું. પ્રજામાંથી કેટલાંક માણસો મુંબાઈ રહે છે
" તેને આપણા તરફથી આવકાર મળે છે. પણ **શઠરાયને** **રાવણના** જેટલું
" અભિમાન છે અને આવાં માણસો સાથે ભારેખમ રહે છે એટલે તેને
" મળી પાછા જતાં તેઓ તેને ધિક્કારે છે અને કેટલીક વાર તો **નરભેરામ**
" તેમનો અને કારભારીનો મેળાપ પણ થવા નથી દેતો. બીજા સીપાઈયો
" તેનું અનુકરણ કરે છે. આ સઉની અસર જોવી હોય તો આ છાપું
" વાંચજો. એમાં છપાયું એટલે જુઠામાંથી સાચું ચાળી ક્હાડવા કોઈ બેસતું

" નથી. પરંતુ તેના લખાણનું વજન સરકાર અને લોકમાં કેવું રહે છે તે
" પ્રસંગ પડ્યે બતાવીશ."

" રસલ સાહેબ લશ્કરી માણસ નથી. બ્રસ્કિન્ સાહેબની પેઠે
" તેમનું અંતઃકરણ સમઝાય એમ નથી. કોઈને નકામું અપમાન
" આપવું અથવા નઠારાને નઠારો ક્હેવો એ એમની પ્રકૃતિ નથી. શઠ-
" રાયના ઉપર એમનો વિશ્વાસ છે એમ આપની અને જગતની જાણમાં
" છે પણ સાહેબ ઉંડા છે. તરકડીના છોકરા બાબતનો ઠરાવ ખાસ દફ્-
" તરમાં છે. તે સાહેબના જાણવામાં છે. એ બાબત આ લીલાપુરથી
" કાગળ આવ્યો છે તે નિરાંતે વાંચજો."

" પ્રજાનો પોકાર સાહેબ પાસે કાંઈક ગયો છે. આપ જશો ત્યારે
" સાહેબ એ વાત ક્હાડશે. કારભારીની નિંદા કર્યા સિવાય ખરી વાત
" કેમ કરવી તે હું કાલ વિચારી ક્હાડીશ. હાલના સર્વ કારભાર બાબત
" જુમ્મો કારભારીને શિર છે."

" પેલા વાણીયાના કામમાં કરવતરાયે જુલમ કર્યો તે બાબત વાણી-
" યાને સાહેબ પાસે મોકલવા યુક્તિ કરી છે, વાણીયાને લાભ કાંઈ નહી
" થાય પરંતુ એ કામ સરકાર મારફતે આપની પાસે આવશે એ ઠીક પડશે."

" હળવે હળવે દરબાર અને મ્હેલમાંથી સઉ જુનાં માણસોને વધારે
" પગારે દૂર ક્હાડ્યાં છે અને નવાં માણસ આપણાં છે. એ આપને
" ખબર છે. શઠરાય તેમને પોતાનાં કરવા મથે છે અને એ સઉ
" વાત એમની જ મારફત આપણી પાસે આવે છે."

" ગરબડદાસનો કેવો ઉપયોગ થવાનો છે તે આપને ખબર છે. એ
" ઉપયોગ કરવાનો વખત હવે આપની ઇચ્છા છે તો આવે છે. તમે
" સાહેબને મળી આવો એટલે સઉ વાત ઉપાડીયે."

'રીપોર્ટ' પુરો થઈ રહ્યો એટલે રાણાએ આળસ મરડ્યું અને મ્હોં મલકાવી ઉભો થયો. બુદ્ધિધન પણ ઉભો થયો અને ઉઠતાં ઉઠતાં બોલ્યો " આપણી પાસે ખેલનાં બધાં સાધન છે. ખામીમાં એક ઈંગ્રેજી
" ભણેલો અને ગણેલો માણસ જોઈયે."

" ઠીક, ઠીક, એ તો હવે જોજો. સરત રાખજો કે શઠરાયને બીજાં
" બે ચાર વરસ ન મળે."

" રાણાજી, ધીરજ રાખો. વખત આવ્યે પ્રસવ એકદમ થાય છે અને
" જગત જાણે છે, પણ માના પેટમાં ગર્ભ પાકતાં નવ માસ લાગે છે અને
" તે ક્રિયા શી રીતે થાય છે તે કોઈથી સમઝાતું નથી. લીલાપુરમાં
" કેટલાં વર્ષ થયાં ત્યારે ગાદી મળી ?"

" હા, એ ઇશ્વર અધીન વાત હતી."

" શઠરાયે પર્વતસિંહનું કરાવ્યું એમ તમે જડસિંહનું કરાવ્યું હત " તો તમારા હાથમાં હતું."

રાણો મ્હાત થયો.

" ઠીક, ભાઈ, પ્રસવકાળ આણો. પણ એ યે પ્હેલથી જણાય છે હોં! " છોકરાવાળું પેટ ઢાંક્યું નથી રૂહેતું."

" પણ આ તો વગરપેટે છોકરું આવવાનું છે."

રાણો ફરી મ્હાત થયો.

" બહુ સારું. તમે ક્‌હો–કરો તે ખરું."

આગળ રાણો અને પાછળ અમાત્ય એમ બે જણ ચાલ્યા. પાછળ ચાલતાં ચાલતાં બુદ્ધિધન બોલ્યો, " રાણાજી! હવે થોડા દિવસમાં સઉ " જણાશે." ફરી પાસે જઈ કાનમાં કેટલીક વાત કરી.

ભૂપસિંહ ખુશ થયો, પાછો ફર્યો, પ્રધાનનો વાંસો થાબડ્યો, અને મંદિર બ્હાર નીકળ્યો.

" નીચા રખો, મ્હેરબાન "–બુમ પડી. ગાડીમાં બેસી, ગાડીનાં ચક્ર, ઘોડાઓની ખરીઓ, અને સ્વારોની તરવારોના ખડખડાટ ભડભડાટ સાથે સ્વારી ચાલી. ગાડી નજર બ્હાર થઈ જોઈ બુદ્ધિધન પાછો અંદર ચાલ્યો. મંદિરનાં પગથીયાં પર ઉભો રહી, દાઢીયે હાથ મુકી, વિચારમાં પડી, બોલ્યો: "ઈશ્વર! હું કાંઈ કરતો નથી. આ સઉ તું જ કરે છે."

છાતી પર હાથ મુકી બોલ્યો, " ઈશ્વર, મ્હેં કોઈનું નુકસાન–વગર- " કારણ નુકસાન–કર્યું નથી–કરનાર નથી. યોગ્ય કારણસર નુકસાન " કરવું–તે તો તું એ ક્યાં નથી કરતો? અંતઃકરણને દીલાસો મળ્યો. તેમાંથી ખુંચ નીકળી ગઈ. તે સાફ થતાં જાગ્યો હોય તેવો બની ચારે પાસ નજર કરી બુમ પાડી, " દત્ત! દત્ત!"

મૂર્ખદત્ત ઉતાવળો ઉતાવળો આવ્યો. તે રસોઈ કરી રહ્યો હતો અને રાણો કલાક બેઠો હતો એટલે મૂર્ખદત્તને પણ અંદર ભરાઈ રૂહેવું પડ્યું હતું. અંદર ગયા પછી સાંભર્યું કે નવીનચંદ્ર પણ વાડામાં છે અને અમાત્ય કુટુંબ પણ ત્યાં ગયું. ગભરાયલો ગભરાયલો ઉઠ્યો અને રસોઈની ઓરડીમાંથી એક જાળીયું બ્હાર તળાવમાં પડતું હતું ત્યાંથી અંગુઠાપર ઉભો રહી બે હાથે જાળીના સળીયા ઝાલી જોવા લાગ્યો. સારે ભાગ્યે નવીનચંદ્ર વાડામાં ઝાઝી વાર ન રૂહેતાં તળાવમાં ન્હાવા પડ્યો હતો અને ન્હાઈ રહી ઓટલાપર ઉભો રહી દીલ લ્હોતો હતો. બુમ ન પાડવી ઠીક કરી દત્તે ઝપ લઈ ભોંય ઉપરથી લીંપણના પોપડા ઉખાડી નવીન-

ચંદ્ર પર ફેંક્યા. જાળી બ્હાર હાથ નીકળતો ન હતો એટલે પોપડા બરોબર વાગ્યા નહી. આખરે એક પોપડો બરોબર ન્હાયેલા નવીનચંદ્રના વાંસાપર પડી, વાગી, ભાગી ગયો. નવીનચંદ્ર ચમક્યો અને પાછળ ફરી ઉંચે આંખો ચ્હડાવી જુવે છે તો દત્તને દીઠો અને જાળીયા પાસે ગયો. દત્તે રાણો તથા અમાત્ય અને એનું કુટુંબ આવ્યાના સમાચાર ધીમે સાદે કહ્યા અને સૂચના આપી કે "સઉ જાય ત્યાંસુધી વાડામાંએ ન જશો અને મંદિરમાંએ ન આવશો. રાણાને જોવા હોય તો પેલી પાસ થઈ દરવાજા આગળ ઉભા ર્‌હેજો" એમ કહ્યું. નવીનચંદ્રે વખત ગાળવા ગાંસડી છોડાવી એક ચોપડી માગી. દત્ત ચમક્યો અને આ વળી પંડિતની પેઠે ચોપડી માગે છે તે શું એમ વિચાર કરતાં કરતાં આપી. ઝાડની ડાળીમાં પોતાનું ભીનું પોતીયું ધોઈ નચોવી મ્હોંપર છાંયડો આવે એમ નવીનચંદ્રે સુકવ્યું. અને શીયાળાની સવારનો તડકો સારો લાગવાથી ધડ તડકામાં રાખી ચોપડી વાંચતો બેઠો અને વચમાં વચમાં આસપાસનો દેખાવ જોવા લાગ્યો. મૂર્ખદત્ત રસોઈમાં પડ્યો, પરવાર્યો, અને અમાત્યે બોલાવ્યો તે સાંભળી બ્હાર આવ્યો. ડોકું ઉંચું કરી બોલ્યો, "જી!" ઘુમટમાં જીકારના પડઘા થયા.

બુદ્ધિધનઃ "કેમ "કેમ આજ કોઈ આવ્યું નથી કે?"

મૂર્ખદત્તઃ "અલકબ્હેન અને ભાભીસાહેબ આવ્યાં છે ને."

"ક્યાં છે?"

"વાડામાં. પધારો. રાણાજી આવ્યા હતા એટલે તાળું વાસ્યું હતું."

આગળ તપોધન દોડ્યો અને પાછળ અમાત્યે ચાલવા માંડ્યું.

"હાલ કોઈ ઉતારુ નથી કે ધર્મશાળામાં?"

"હાજી, એક જણ છે તળાવપર કે ઓટલે બેઠા હશે."

તાળું ઉઘાડ્યું અને બારણું ઉઘાડ્યું.

---

## પ્રકરણ ૭.

## વાડામાં લીલા.

મહાદેવની પાછળના વાડામાં થોડા દિવસ થયા મોગરો, ગુલાબ, ચંપો, અને એવાં એવાં ફુલની વાડી જેવું બનાવવા યત્ન કરવામાં આવ્યો હતો. મૂર્ખદત્તનો એક સુતળીનો ભરેલો ઉંચાનીચા પાયાવાળો ખાટલો વચ્ચોવચ પડ્યો ર્‌હેતો, તેમાં એકલો હોય ત્યારે તે ચતો સુતો સુતો કહોર

ગાયન કરતો અથવા અશુદ્ધ શ્લોક ગાતો. અલકકિશોરી અને કુમુદસુંદરીએ વાડામાં આ ખાટલાની બેઠક શોધી ક્હાડી, અને એક બાજુપર બેઠાં. સાહેલીયો માથા અને પાંગથ આગળ બેઠી. અલકકિશોરીયે ઉઠી ફુલ તોડી સઉને વ્હેંચી આપ્યાં.

"ક્હો, ભાભીસાહેબ, કીયું ફુલ લેશો ?"

"તમે આપો તે."

"ના, પણ તમે પસંદ કરો."

"તમે આપશો તે હું પસંદ જ કરીશ."

"બધી બાબતમાં એમ કરશો તો તમને ભારે પડશે."

"આખા સારા તમારા આપેલા ભાઈને લીધા તો હવે એમ "શા મેળે ક્હો છો ?"

"લ્યો ત્યારે આ શાહાળી લ્યો. તમારા જેવાં નાજુક ને તમારા જેવા રંગવાળાં." હસતાં હસતાં કુમુદસુંદરીયે નાજુક હાથેલીમાં ફુલ લીધાં. લાંબા કરેલા, રુપેરી પાણીવાળી નદી જેવા, હાથમાં ફુલ શ્વેત કમળ જેવાં લાગવા માંડ્યાં.

અલકકિશોરી—"જો વનલીલા, મ્હારી ભાભીનો હાથ અત્યારે "દેખાય છે એવો કોઈનો દેખાય છે ?"

રાધા—"બ્હેન, તમારાં ભાભી, એમાં તે કાંઈ મણા હોય ?"

વનલીલા—"તમે આ ફુલ આપ્યાં પણ એવાં ફુલની વેણી ગુંથાવી "આપો અને અંબોડે ઘલાવો. આ વસંતના દિવસ છે."

રાધા—"વસંતે નવો અને એ પણ નવાં.

અલક૦—"જો, આ ફુલના હાર કરાવી એમના પલંગની ચારે "પાસ બાંધીશું. ને ગુલાબનું ફુલ ઘાલી વેણી કરીશું."

વનલીલા—"ને ચંપા ને મોગરાના ગજરા કરજો."

અલક૦—"ને ભાભી, મ્હારા ભાઈપાસે મુજરા કરજે."

કૃષ્ણકલિકા—(હસી પડી) "મરો, મુજરા તો ગુણકા કરે."

અલક૦—"મેર, મેર, બોલનારી ન જોઈ હોય તો. લાજ."

કાળી અને શીળીના ડાઘાવાળા મ્હોંવાળી પણ શક્કાદાર કૃષ્ણકલિકા ઓછી બુદ્ધિની હતી અને વર્તણુકમાં શિથિલ હતી એટલે આ ઠપકો નકામો ગણ્યો અને મનમાં અલકકિશોરીને ડ્હાપણ ડાહ્યલી અને ચોળી ગણવા લાગી. એમાં તે શું કહ્યું એમ જ મનમાં આવ્યું. એનું વચન સાંભળી કુમુદસુંદરીનું મ્હોં ઉતરી ગયું. પોતાની અવગણના થઈ લાગી. પોતે નીચ સોબતનું ફ્લ ભોગવે છે એમ વિચાર થયો. શરીરના ભોગ અને વૈભવ પુરા પાડનાર પ્રમાદધન સાથેના સંબંધ ઉપર તર્ક કરવા લાગી અને તે જોતાં,

" ખરે, આ શું ખોટું કહે છે ?" એમ મનમાં આવ્યું. પોતાનાં પ્રિય પુસ્તકો સાંભર્યાં, સરસ્વતીચંદ્ર સાથનો સંબંધ સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરત–સર્વ મનોરથ પુરા કરત એવો અસંતોષ થયો, સરસ્વતીચંદ્રના ગુણ સાંભરી આવ્યા, હૈયું ભરાઈ આવ્યું, અને રોવા જેવી થઈ ગઈ. સર્વેયે જાણ્યું કે કૃષ્ણકલિકાપર ખોટું લાગ્યું અને એને ઠપકો દેવા તથા કુમુદસુંદરીને સમજાવવા મંડી ગયાં. કુમુદસુંદરીયે આંખો લોહી નાંખી, કૃષ્ણકલિકાપર ખોટું લાગ્યું નથી એવું કહ્યું, પણ તેની સાથે પોતાના મનોવિકારનું કારણ આપી શકી નહી એટલે સઉને પોતાનો તર્ક ખરો જ લાગ્યો. સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી એકબીજાને ઘણાક દિવસ ઉપર માત્ર એક જ વખત મળ્યાં હતાં અને પ્રમાદધન સાથે તો આટલો સંબંધ થયો હતો–પ્રમાદધનનો ‘ સવારથ ’ (સ્વાર્થ) દીઠો હતો તે છતાં બીચારીના મનમાં એ ચંદ્ર જેવાના સ્મરણનો સ્પર્શ થતાં ચંદ્રકાન્તમાંથી રસ ઝરે તેમ શોકમય રસ ઝરતો. સરસ્વતીચંદ્ર રૂપવાન છે કે નહી તેનો તેને વિચાર પણ ન્હોતો થયો. માત્ર તેના પત્રવ્યવહાર અને વચનામૃત ઉપરથી મોહ પામી હતી. અને પ્રમાદધન કાન્તિવાળો, ફક્કડ અને ભોગી હતો તે છતાં આ મોહ ખસતો ન હતો. વયમાં અને શરીરમાં તેમ જ વિદ્યા, બુદ્ધિ, ડ્હાપણ, ચતુરાઈ, અને રસિકતા તેમાં પણ ધણી કરતાં સ્ત્રી ચ્હડતી ન જોઈએ. એવી સ્ત્રી કજોડાનું દુઃખ ભોગવે છે, પતિથી તૃપ્ત થઈ શકતી નથી, પતિ મ્હોટો છે એવું સમજી શકતી નથી, તેને મનમાં માન આપતી નથી, તેના ઉપર સ્નેહ થતો નથી, તેની સાથે અંતર્‌માંથી એક થઈ શકતી નથી. જો કુલીન વૃત્તિવાળી ન હોય તો મનમાં તિરસ્કાર પણ કરેછે. કુમુદસુંદરીમાં ઇશ્વરે કુલીનતા વાવી હતી, માબાપે ઉછેરી હતી, અને વિદ્યાએ ફળફુલવાળી કરી હતી. પણ બુદ્ધિધનનાથી વિદ્યાચતુરના ઘરની હવા જ જુદી હતી અને તેમાં એ ઉછરી હતી. વર અને સાસરીયાં સર્વને ચ્હાતી હતી, સર્વનું સારું વાંછતી હતી, અને તેમનાથી મનમાં પણ જુદાઈ ન આણવા મથતી હતી. પરંતુ તેની શક્તિની હદ હતી અને પાણી વગર હવામાં માછલી તરફડે તેમ વિદ્યા વગરના ઘરમાં વિદ્યાચતુરની બાળકી વલોપાત કરતી હતી. મહામ્હેનતે એ વલોપાત ઓછા થવા આવ્યા હતા, એટલામાં આ કૃષ્ણકલિકાના વચનથી સરસ્વતીચંદ્ર પાછો સાંભર્યો. તેણે મોકલેલા શ્લોકવાળો કાગળ અત્યારે પણ કમખામાં હતો. સઉના દેખતાં કાગળ કહડાયો તો નહી, પણ એમાં મન ભરાયું. મગજમાંથી છાતીમાં તાર ગયો હોય તેમ કાગળના સ્પર્શનું ભાન આણી હૈયું ધબકવા માંડ્યું. ટ્હાડની કંપારી આવી હોય તેમ શરીરમાં ચમકારા થયા અને રુવે રુવાં ઉભાં થયાં. કાંઈક પરસેવો પણ થયો. પરંતુ આ સર્વ તેણે એકલીએ જ

જાણ્યું. મ્હોં ઉપર આનંદ ઉત્પન્ન કર્યો. અને રંગમાં ભંગ પડ્યો હતો તે જતો રહ્યો. સઉ પાછાં વિનોદમાં પડ્યાં. ખાટલો ખુંચવા લાગ્યો અને સઉ ઉઠ્યાં. વનલીલા અને કુમુદસુંદરી આંગળીએ વળગી તળાવ ભણીની બાજુએ ચાલ્યાં. અલકકિશોરીયે કૃષ્ણકલિકાને ગળે હાથ નાંખી વાડા વચ્ચોવચ ફરવા માંડ્યું. રાધા મોગરાના છોડની ડાળ હલાવતી ઉભી.

અલકકિશોરી કૃષ્ણકલિકા સાથે વાતોમાં પડી. "અલી, ખરેખરું "બોલજે કાલ પેલાં નણંદ ભોજાઈ જતાં હતાં અને અગાડી જમાલ ને "મેરુલો હતો તેમાં મેં મ્હોં મરડ્યું તેથી એ કાંઈ બોલ્યાં ?"

"ના, ના."

"રાંડ કાળકા માતા, ખરું બોલ !" કહી ગળાપરના હાથવડે ઉન્મત્ત કિશોરીયે કૃષ્ણકલિકાને ગાલે ચુંટી ભરી.

"બળ્યું, આમ ચુંટી શું ખઈણો છો જે ? તમારા ઘરમાં જ સુવર્ણ-"પુરનું રાજ્ય હશે" કહી કૃષ્ણકલિકાએ ડોકું ધુણાવ્યું. અલકકિશોરીયે એને બે હાથવડે બાથભરી જોરથી ડાબી.

"બોલ, બોલ, હવે ડાહીલી."

"જેવું તમે કર્યું તેવું તેણે કહ્યું.

"શું કહ્યું ?"

"આ અલકનંદાએ કહ્યું જે–આ જોને આજકાલની ટીચકુડી ! "સતી થઈ બેઠી છે ! હું ખરી જે એનો મદ ઉતારું."

"બેર, રાંડ, તું તે શું ઉતારનારી હતી ?—પછી ?"

રૂપાળી બોલી કે "ચારણી કરબડાને હસે છે. આ જોને."

"જોયું, જોયું. મ્હારી વાત કોણ કરનારું હતું જે ? કુવામાં હોય ત્યારે "હવાડામાં આવે કની ? મ્હારામાં કવાણો નહી હોય તો એ વાત શી કરશે?"

"કોઈ બોલે સાચું તો કોઈ બોલે જુઠું. કોણ સાચું જુઠું જોવા "જનાર છે ?"

"જીભ ખેંચી નાંખું, મ્હારી વાત કરે તો."

"કારભારીની દીકરી છે."

અલકકિશોરીયે બોઠવડે પૂકાર કર્યો:—

"બહુ સારું, કારભાર કેવો રહે છે તે જોશે."

"પણ, બ્હેન, આપણે અભિમાન ન રાખીયે. ગમે તેટલું પણ એ "મ્હોટા ઘરની."

"વારું, વારું. આ એની સાથે કની તો હું બોલુંયે નહી."

એકપાસ આ સંવાદ ચાલે છે. બીજીપાસ કુમુદસુંદરી અને વનલીલા છાનાંમાનાં ફરતાં હતાં અને વનલીલા ઝીણે રાગે ગાતી હતી—

"આશાભંગ થઈ ભામિની,
"રુવે, સ્તુતિ કરે સ્વામિની."*

પોતે પણ "આશાભંગ" થઈ હતી તે કુમુદસુંદરીને સાભર્યું. હળવે રહી વનલીલાથી છુટી પડી અને ઓટલાના મૂળ આગળ મહાદેવની પછીતની ભીંતને અઢીંગી તળાવ ભણી જોતી જોતી એકલી ઉભી રહી, વનલીલાવાળી કડી ફરી ફરી ગાતાં અણધારી એક નવી કડી એનાથી એની મેળે જ જોડાઈ-ગવાઈ ગઈ.

"ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંય?
"પડ્યું તિમિરે- કુમુદ મીંચાય!"

વળી થોડીવાર અટકી બોલી ઉઠી;

"સુઝયું, ભ્રમરને શાથી આવું રે?
"કેમ કમળ તજી દઈ જવાયું રે?"

ચિત્તવૃત્તિ આમ સળગ્યાં જતી હતી અને તેનો ભડકો કલ્પનાના રાતાપીળા રંગ ફેરબદલ ધારી વધ્યાં જતો હતો. વિચાર અંજાઈ ગયા અને કોમળ અંતઃકરણ તપી જતાં આંખે અને કાને પોતાનું કામ કરવું છોડી દીધું. જાગૃત અવસ્થામાં સ્વપ્નની પેઠ કુમુદસુંદરીના મગજમાં સરસ્વતીચંદ્ર આબેહુબ ખડો થયો. પળવાર એક મ્હોટા અરણ્યમાં એક ઝાડની છાયા તળે ઉભેલો દેખાયો. બીજી પળે એક ગામડાની ભાગોળે કોઈ કણબીના ખાટલા ઉપર થાક્યો પાક્યો બેઠેલો લાગ્યો. વળી એક મહાનગરના ધોરી રસ્તાપર ભીંડમાં એકલો અજાણ્યો અપ્રસિદ્ધ આથડતો લાગ્યો. થોડીવારમાં એક ધર્મશાળામાં માંદો પડેલો અને કોઈ સંભાળનાર ન મળે એવું સ્વપ્ન થયું. પોતાની પાસે વેશ બદલી ઉભો રહ્યો હોય અને પોતે ટપકાભરી આંખે જોતી હોય એમ લાગ્યું. આ જાગતી નિદ્રા--આ અવસ્થા–તેને ઘણીવાર અનુભવવી પડતી હતી, પરંતુ તે તેને પતિવ્રતા-ધર્મથી વિરુદ્ધ લાગતી હતી અને કાંઈક ઉપાય કરવા ઇચ્છતી હતી. સાસરે આવ્યા પછી આ આધિથી તે દુબળી થઈ ગઈ હતી અને મન પણ નબળું પડ્યું હતું. સુવર્ણપુરનું પાણી નવા આવનારને માફક થઈ જતાં વાર લાગે છે એવું કેટલાકનું માનવું હતું. ઔષધ ઉપચાર અને

---

* ઓખાહરણમાંથી.

વસાણાં ચાલવા માંડ્યાં હતાં પણ ગુણ લાગતો ન હતો. બુદ્ધિધનનો ખ્યાલ એવો હતો કે વહુ પીયર સંભારી સોરે છે. તેથી તેણે હુકમ કર્યો હતો કે એને સોબતમાં રાખવી, રમત ગમતમાં એનો દિવસ ફ્હડાવવો અને ગામબ્હાર ફરવા હરવા લઈ જવી, કારણ વિદ્યાચતુરના ઘરમાં સુધારો હતો અને સ્ત્રીવર્ગને ફરવા હરવાની ટેવ હતી તે બુદ્ધિધનને માલમ હતું. આ હુકમનો અમલ અલકકિશોરી પુરા ભાવથી કરતી. પણ કુસુદસુંદરી પોતાનો રોગ જાણતી હતી અને એમાંથી મુક્ત થવા પ્રમાદધનને મુંબાઈથી કેટલાંક પુસ્તક મંગાવવા કહ્યું હતું, તે એવું ધારીને કે પુસ્તકમાં લક્ષ જવાથી પરપુરુષ થયલા સરસ્વતીચંદ્રનું ભૂત મગજમાંથી જતું ર્‌હેશે. પુસ્તક હજી આવ્યાં ન હતાં એટલે આ અવસ્થા ઘણી વાર થઈ આવતી અને અનુભવહીન બાળકી પુસ્તકની વાટ જોતી હતી. પરંતુ આજ તો સ્વપ્ન જોસપર આવ્યું હતું અને નિઃશ્વસ્ત બની ભીંતસાથે લપ્પાઈ રહેલી આ પુતળીના અંતર્‌માં કેવી જાતનો સંચો ચાલતો હશે તેની કોઈને ખબર ન હતી. એટલામાં વનલીલા છુટી પડી હતી તે ગાતી ગાતી પાસે આવીઃ

"સહીયર વેરણ ક્યાં થઈ લાગી,
"મને નિદ્રામાંથી જગાડી રે
"પિયુથી વીખુટી મને પાડી રે—સહીયર."*

પાસે આવી ગાતી બંધ પડી. "ભાભીસાહેબ, આ તો જુવો" એમ બુમ પાડી. કુસુદસુંદરીના રોકાયલા મગજમાં બુમના પ્હેલાં ગાયન ગયું અને તેના સંસ્કાર બુમ કરતાં લાંબા પ્હોંચ્યા.

"ભાભીસાહેબ, આ તો જુવો" એમ વનલીલાએ ફરી કહ્યું. "વેરણ" થયલી "સહીયર" ના સામું ટકટક જોઈ રહી કુસુદસુંદરી જાગી હોય તેમ બોલી, "હાં, શું ક્હો છો?"

"એ તો આ એક કૌતક જોવું હોય તો, આ ઓટલાપર કોક સુતું "છે ને વળી ચોપડી વાંચતાં વાંચતાં સુતું હશે ને ઉંઘ આવી હશે તે "ચોપડી છાતીપર પડી ગઈ છે. લોકો શું કરે છે? તળાવપરે ચોપડી!"

"હશે. આપણે શું? પારકા પુરુષની આપણે શી ચિંતા?"

"પણ કલાંઠી બદલતાં કે ઉઠતાં તળાવમાં પડશે તે?"

"જગાડો ત્યારે."

"અરે ઓ ભાઈ, ઓ ભાઈ!"

---

* ઓખાહરણમાંથી.

કાનમાં સ્વર જતાં નવીનચંદ્ર જાગ્યો અને પાછું જોયું. "જરા સંભાળીને "ઉઠજો. ઉંઘમાં પાસું બદલતાં તળાવમાં પડાય માટે જગાડ્યા છે."

"બહુ સારું કર્યું, બ્હેન."

નવીનચંદ્ર બેઠો થયો. એની અને કુમુદસુંદરીની પળવાર

"મળી દૃષ્ટોદૃષ્ટ."*

નવીનચંદ્રની આંખ તો આ સ્હેજ હોય એમ પાછી ફરી અને તે પાછો ચોપડી ઉઘાડવા જાય છે એટલામાં મંદિરના દ્વાર ભણી "નીઘા રખો મેહેરબાન" નો પોકાર સાંભળ્યો એટલે રાણો જતો હશે જાણી જોવા ઉઠ્યો અને ચોપડી ત્યાં જ મુકી ઓટલાની પેલી પાસ ગયો.

ગરીબ બીચારી કુમુદસુંદરી! નવીનચંદ્ર પાછળ એની આંખ ગઈ, પોતે અને વનલીલા પાછાં ફર્યાં તોપણ આંખ પાછી ફરી નહી અને એક પાસ આંખ અને બીજી પાસ શરીર એમ ચાલ્યાં. થોડીકવાર પ્હેલાં જેનો ચીતાર મન આગળ હતો તેના જેવો જ નવીનચંદ્ર લાગ્યો. "શું એ જ "સરસ્વતીચંદ્ર? ભમતા ભમતા અહીંયાં આવ્યા હશે? ના,ના, એમ તો ન હોય. "મ્હારી કેવી દશા થઈ તે જોવા અહીંયાં આવ્યા હશે? ના ના, એમ એ "મ્હારા દુઃખની મશ્કરી કરે એવા નથી. પણ છે તો એ જ—હા ક્હો કે ના. "હશે."—નિઃશ્વાસ નાંખી—"મ્હારો હવે એની સાથે શો સંબંધ છે? એનો "તો વિચાર જ ક્હાડી નાંખવો. એ હોય ત્હોયે શું ને બીજો કોઈ હોય ત્હોયે "શું? ઈશ્વરે જેની સાથે પાનું પાડ્યું તે ખરો, બીજા સઉ ખોટા." નરમ બની "જઈ મરજી ઉપરાંત વનલીલા સાથે ચાલી. વળી વિચાર થયો. "પણ એ જ "એ હોય તો સારું. હશે. મ્હારે એનો બીજો કાંઈ તો સ્વાર્થ નથી, મ્હારી "પ્રીતિનો કળસ તો લગ્નથી રેડાયો તે રેડાયો. પણ આ અહીયાં ર્‌હેશે તો "કોઈ વખત કોઈની સાથે પણ વાત કરશે તે એકલી બેઠી બેઠી સાંભળીશ. "જો એ જ હશે તો એની વિદ્યા ઢાંકી નહી ર્‌હે, કોઈક વખતે પણ તેના "ઝરણ ઝરશે અને આ અવિદ્યાના દેશમાં—આ અરણ્યમાં—એમાં સંસ્કારી "વચનામૃત આઘેથી પણ મ્હારે કાને આવશે."

"ના. ના, પણ એટલો યે સંબંધ ખોટો."

"પણ એવા અશરીર સંબંધમાં શો દોષ છે?"

---

* નળાખ્યાનમાંથી.

"પણ શાથી જાણ્યું કે આ તે જ ?"

"એ જ મુખારવિંદ. વળી પુસ્તક પાસે હતું—એ તો
"અમથું હોય–કોણ જાણે શુંયે હશે."

"પણ એ તો અહીંયાં રૂહે તો સારું. એની ક્ષેમકુશળતો જાણી જ
"મગ્ન રહીશ. મ્હારો રોગ જશે. મ્હારે બીજું વધારે શું જોઈએ ? આટલો
"જ સંબંધ રૂહે તેમાં શો દોષ ? એની સાથે બોલીશ ચાલીશ નહીં.
"એના સામું જોઈશ નહી. માત્ર એ કોઈની સાથે વાત કરશે તે
"સાંભળીશ. એને ક્ષેમકુશળ જાણી મને ચિંતા નહી રૂહે."

વિચારમાળાનો મેર આવ્યો. બે જણ ચાલતાં ચાલતાં અલક-કિશોરી ભણી ગયાં. અલકકિશોરી પાસે આવી, ભાભીને ખભે હાથ મુક્યા, સામું જોઈ રહી, અને બોલી.

"કેમ ભાભીસાહેબ, આજ આમ કેમ છો ? કાંઈક ઉંડા વિચા-
"રમાં પડ્યાં છો. તમારે શોક તો હોય નહી. મનસુખા તો કારભારીયો
"કરે. કહો, પીયર સાંભર્યું છે કે મ્હારો ભાઈ સાંભર્યો છે ?"

"ઈશ્વર જાણે શાથી, આજ હું થાકી ગઈ હોઉં તેવી થઈ છું."

એટલામાં વાડાનાં બારણાં ઉઘડ્યાં. આગળ બુદ્ધિધન અને પાછળ મૂર્ખદત્ત તાળુંકુંચી હાથમાં લીધેલાં એવો–એમ બે જણ અંદર આવ્યા.

અલકકિશોરી, કુમુદસુંદરી, વનલીલા અને કૃષ્ણકલિકા સઉ એકઠાં થઈ થયાં અને અમાત્યની સામે ટોળું બની વીંટાઈ વળ્યાં. રાધા એકલી ફરતી હતી તેણે ઓટલા ઉપર એકલી ચોપડી પડી દીઠી. "કોની હશે ?" "કોણે અહીંયાં મુકી હશે ?" કરી ઓટલે જઈ નીચાં વળી લીધી અને પાનાં ફેરવી જોવા લાગી. સઉને બતાવવા પાછી આવે છે તો ટોળું થતાં દીઠાં, તેમાં પોતે પણ ભળી અને કુમુદસુંદરીને ખભે એક હાથ મુકી ઉભી રહી.

"રાધા ક્યાં ?" કરી પાછું જુવે છે તો એને અલકકિશોરીયે દીઠી. કુમુદસુંદરીએ એના હાથમાંથી ચોપડી લેઈ જોઈ.

"શાની ચોપડી છે ?" બુદ્ધિધને પુછ્યું. ચોપડીમાં પાનું જોતી જોતી શરમાતી કુમુદસુંદરી બોલી:"આ તો રાધાના હાથમાં હતી. એનું નામ–ધી
"પંડિત–કાશીવિદ્યાસુધાનિધિ એવું છે. એમાં સંસ્કૃત તથા ઈંગ્રેજી 'આર્ટિ-
"કલો' તથા જુનાં પુસ્તકોના ઉતારા આવે છે. મ્હારા પિતાજીને ત્યાં પ્રતિ-
"માસે આવે છે." સઉ સ્ત્રીવર્ગ જોઈ રહ્યો, કાંઈ સમજાયું નહી.

રાધા–"એ તો પેલે ઓટલે પડી હતી કોકની તે મ્હેં આણી."

મૂર્ખદત્ત–"આપણી ધર્મશાળામાં ઉતરેલા છે તેમની ચોપડી છે
"એ. એ ખોળતા હશે."

બુદ્ધિધને ચોપડી હાથમાં લીધી અને નવીનચંદ્રને વાડામાં બોલાવવા કહ્યું. તપોધન દોડ્યો. નવીનચંદ્ર પાછો ફરી ચોપડી શોધતો હતો તેને કહ્યું કે "અમાત્ય બોલાવે છે, આ ઓળખાણનો પ્રસંગ ઠીક છે, તમારી " ચોપડી એમની પાસે છે, ચાલો." બન્ને જણ આવ્યા. નવીનચંદ્રે નમસ્કાર કર્યા, બુદ્ધિધને ગંભીરતાથી સ્વીકાર્યા, સ્ત્રીવર્ગ છેટે સંકોચ પામી ઉભો રહ્યો, અને કુમુદસુંદરી ધ્રુજવા લાગી—પુસ્તક ઉપરથી તેની શંકા વધારે બળવાન્ બની હતી અને સઉની પાછળ ઉભાં રહી બધાં પોતાને દેખે નહી એમ સઉના માથાંની વચ્ચે રહેતા અંતરમાંથી નવીનચંદ્રનું મુખ નીરાંતે અને નિઃશંક ન્યાળી શકતી હતી. તેના મનમાં એમ હતું કે જો મ્હારી શંકા ખરી હશે તો એ મ્હારો દૃષ્ટિપાત ખમતાં ક્ષોભ પામશે.

બુદ્ધિધનઃ—" તમે ક્યાંના વતની છો ? અહીંયાં કાંઈ પ્રયોજને " આવવું થયું હશે."

નવીનચંદ્રઃ—" હું મુંબાઈ ભણીથી આવું છું. રજવાડો નજરે " ન્યાળવાના હેતુથી આણી પાસ આવ્યો છું.

" તમે મુંબાઈમાં કાંઈ ધંધો કરો છો ?"

" આપણા દેશમાં કહેવાય છે કે અન્નપૂર્ણા કોઈને ભુખ્યું મુકી " સુતી નથી તે હું અનુભવવા ઈચ્છુંછું. મુંબાઈમાં હું વિદ્યાર્થી હતો. " હવે અનુભવાર્થી છું."

" તો કાંઈ ધંધો કરો."

" એક ધંધામાં એક જ જાતનો અનુભવ આવે છે. મ્હારે સઉ " જાતનો અનુભવ જોઈએ છીયે."

બુદ્ધિધનને આ માણસ વિચિત્ર લાગ્યો અને કાંઈક હસવું આવ્યું.

" તમે એ કાર્ય શી રીતે પુરું પાડશો ?"

" હું બોલ્યા વગર જોઈ શકું છું. કાને સાંભળેલું મનમાં રાખી " શકું છું. જાતે રંગાયાવિના સઉ રંગ જોઈ શકું છું,"

બુદ્ધિધને મહામ્હેનતથી હસવું ખાળી રાખ્યું.

" આ પુસ્તક તમારું છે ?"

" હાજી."

" તમે શું ભણ્યા છો ?"

" કાંઈક ઈંગ્રેજી અને કાંઈક સંસ્કૃત."

" ક્યાં શીખ્યા છો ? કુમુદસુંદરી ઉત્તર સાંભળવા આતુર થઈ.

" મુંબાઈમાં." કુમુદસુંદરી પુરી તૃપ્ત થઈ નહી.

"લ્યો આ પુસ્તક; તમે જ્ઞાતે કેવા છો ?"

"જી, આપની જ જ્ઞાતનો છું."

"અત્રે રહો ત્યાંસુધી આપણે ઘેર જમજો."

"જેવી ઇચ્છા."

કુમુદસુંદરીની ચિત્તવૃત્તિ ગમ્યું, તેની પતિવ્રતાવૃત્તિને ન ગમ્યું.

બુદ્ધિધન પોતાને ઘેર વિચિત્ર મનુષ્યોનું પ્રદર્શન જમાવતો તેમાં ઉમેરો થયો જાણી રાજી થયો. નવા અતિથિને યોગ્ય સત્કાર કરવાનું અલકકિશોરીને માથે પડ્યું–તેણે માથે લીધું. તપોધનને હુકમ થયો કે વાળુ વખત **ન**વીનચંદ્રને ઘેર આણવો.

કુમુદસુંદરી જાણી જોઈ આના સામું જોઈ રહી હતી. કદી કદી તેના દૃષ્ટિપાત ન ખમાતા હોય એમ આંખો મળતાં તે આંખ ખેંચી લેતો હતો, ઘડીક બેધડક જોઈ રહેતો. ઘડીક દરકાર ન હોય તેમ જોઈ બીજે ઠેકાણે નજર નાંખતો. પરીક્ષાના કાર્યમાં સુંદરીના મનની અમુઝણ ધોવાઈ ગઈ. "ચંદ્ર" અને "ભ્રમર" વાળી કડીયો જોડી હતી તે ફરી ફરી મનમાં ગાતી સઉની જોડે ગાડીમાં બેઠી. બુદ્ધિધન પોતાની ગાડીમાં બેસી ગયો.

---

## પ્રકરણ ૮.

### અમાત્યને ઘેર.

નવીનચંદ્ર અમાત્યને ઘેર સવાર સાંઝ જમવા જવા લાગ્યો. શઠરાયને ઘેર કોઈનો–અતિથિનો પણ–ભાવે પુછાતો ન હતો અને શેઠ આવ્યા તો નાંખો વખારે એમ સઉ કોઈને થતું. ઘરમાં આવનાર, પાસે બેસનાર, સાથે જમનાર સઉ કોઈ શઠરાયને ઘેર જાય ત્યારે જાય તેમનાં તેમ પાછા આવતાં, કુતરાની પેઠે કોળીયો ધાન ખાય, પણ **શઠરાય** પોતાની સાથે બોલે કે ચાલે નહી એટલે આવનારને મન એમ જ થતું કે અહીંયાં ક્યાં ભરાઈ પડ્યા. બુદ્ધિધનને ન્હાનપણમાં કોઈવાર ન્હોતરું તો તેડું નહી ને તેડું તો ન્હોતરું નહી એમ થતું, ન જાય ને પાછળથી **શઠરાય**ને સાંભરે કે એ આવ્યો નથી તો એને માથાના ફરેલમાં ગણે. કોઈ વાર તો કોઈ એવી મશ્કરી કરે અથવા એવું તો અભિમાન ભરેલું વાક્ય બોલે કે ઘરમાં આવેલો માણસ બેઠો ને બેઠો બળી જાય. બુદ્ધિધન તો કોઈવાર **શઠરાય**ને ઘેર ભરાઈ પડે ને લાગ મળે તો છાનોમાનો અથવા કાંઈ બ્હાનું ક્હાડી ઘેર નાસી આવતો. આ સઉ જુના જમાનાની વાત હતી પણ બુદ્ધિધનને

હજી સુધી સાંભરતી હતી અને પોતાના ઘરમાં કોઈને એવું ન થાય માટે જાતે બહુ સાવચેત રહેતો અને છોકરાં તથા ચાકરોને પણ સભ્યતા અને વિવેકની રીતમાં તેણે કેળવી મુક્યાં હતાં. બુદ્ધિધનની જોડે નવીનચંદ્રનો પાટલો નંખાતો. પંક્તિભેદ રજ પણ થતો નહી. અને અથડાતા ભમતા વટેમાર્ગુ જેવા અતિથિ જોડે શુદ્ધ મનથી વાણીથી અને કર્મથી સમાનભાવ રાખી સુવર્ણપુરના મહારાજાનો પ્રિય બુદ્ધિશાળી અમાત્ય રસભેર વાતો કરતો અને ન બોલતાને બોલાવી ચર્ચા ચલાવતો, અને તે ચર્ચામાં બુદ્ધિનું અભિમાન લેશ પણ દેખાતું ન હતું. જમવાને પ્રસંગે સાથે જમવા બેઠલો પ્રમાદધન અતિથિને હઠહઠ કરતો, અને તેની સગવડની સંભાળ રાખતો. સૌભાગ્યદેવી, અલકકિશોરી, અને કુમુદસુંદરી ગુંચળું વળી જમનારની આગળ બેસતાં અને છાનાંમાનાં પાનની બીડીયો કરતાં.

શઠરાયને ઘેર બુદ્ધિધને જુદી જ જાતનો દેખાવ જોયલો હતો. અલકનંદા અને રુપાળી ઘરમાં ધબ ધબ ચાલે, દોડાદોડ કરે, હોંકારા પાડે, અને ચાકરોની સાથે ઘડીમાં હસે અને ઘડીમાં તેમને છડકા કરે. પઈસો ઘણો હોવાથી શરીરપર ઘરેણાં ઘણાં રાખે અને તેથી વધારે છાક રાખે પણ એટલામાં જ તેમના મ્હોટાપણાની સીમા આવી રહેતી. ઘરની સંભાળ રાખવી કે ત્રેવડ કરવી તેનું કોઈને ભાન નહી. માથે લુગડું હોડવાની તો બાધા. એક બે લટીયાં ઉડતા ન હોય તો ભાગ્યશાળી. ભલું હોય તો વાંસો ઉઘાડો હોય કે ભલું હોય તો કમખો પ્હેર્યો ન હોય. ચણીયા પ્હેરવાથી શ્રમ લાગતો અને ઉઠતાં બેસતાં પ્હેરેલું લુગડું કેમ રહે છે તેની જાતે સરત રાખવાની ટેવ ન હતી અને પરભાર્યાને યાદ આપવાની જરુર ન રહેતી અથવા જરુર લાગે તો આવી બાબતમાં બઈરાંમાણસને મ્હોંયે કહેતાં શરમ આવતી. ઘરના પુરુષો પારકાં બઈરાંની ચેષ્ટા કરતા પણ પોતાના ઘરમાં જોતા ન હતા. એમાંથી પરિણામ એ થયું હતું કે ઘરમાં આવનાર જનાર લાગ મળ્યે બઈરાં સાથે અણઘટતો પરિચય લેતા. બુદ્ધિધને આ સઉ જોયું હતું, કંટાળો આવ્યો હતો, અને પોતાના ઘરમાં એવું ન થાય તે સારું ખાસ ચટ અને ચેવટ રાખતો હતો. એની નાતમાં દેખીતો ઘુંઘટો તાણવાનો ચાલ તો ન હતો પરંતુ પરભાર્યાં મ્હોટાં માણસો આવે ત્યારે સ્ત્રીયો સંતાઈ રહેવા જેવું કરતી. નવીનચંદ્ર મ્હોટાં માણસમાં ગણાતો ન હતો અને પોતાની નાતનો એટલે એ જમતો હોય તે વખત કોઈ એની શરમ ન પાળતાં પણ ચાલતા સુધી તેના દેખતાં વાતોમાં ભાગ ન્હોતાં લેતાં.

**નવીનચંદ્ર** પણ કાંઈક શરમાળ હતો, સ્ત્રીવર્ગ સાથે જાતે પરિચય લેતો ન હતો, અને ચાલતાસુધી ઘરમાં કોઈને ભારે ન થઈ પડે એવી રીત રાખતો. બે ચાર દિવસમાં તો તેની સુશીલતાને લીધે તે સઉને ઘરના માણસ જેવો લાગવા માંડ્યો. પ્રથમ મેળાપને સમયે એ **બુદ્ધિધન**ને વિચિત્ર લાગ્યો હતો તે અભિપ્રાયમાં કાંઈક ફેર પડ્યો. જમ્યા પ્હેલાં અને પછી **પ્રમાદધન** જોડે તે ગપ્પાં મારવા બેસતો. **પ્રમાદધન**ને એનું "ઈંગ્લિશ નૉલેજ" સારું લાગ્યું અને તેની તેણે પિતાને વાત કહી. એમ પણ માલમ પડ્યું કે એ મુંબાઈનાં મ્હોટાં ઈંગ્રેજી વર્તમાનપત્રોમાં લખવાનો પ્રસંગ રાખે છે. આવા આથડતા માણસની બાબતમાં **બુદ્ધિધન**ને આ તરત માન્યું નહી.

એવામાં એક દિવસ **નવીનચંદ્ર** વાળુસારુ આવેલો હતો. તે દિવસ દરબારના કામમાં **બુદ્ધિધન** રોકાયલો હોવાથી વાળુનો વખત વીતી જવા છતાં કાંઈ ઠેકાણું ન હતું. **નવીનચંદ્ર પ્રમાદધન** સાથે એક દીવાનખાનામાં બેઠો હતો. બીજા છ સાતેક જણ **પ્રમાદધન**ને મળવા આવેલા હતા તે પણ બેઠા હતા. **પ્રમાદધન** સઉની વચમાં એક આરામખુરશીપર પડ્યો હતો. બધા બેઠા હતા તેમાંથી એક જણે એની પાઘડી લેઈ ખુંટીયે મુકી અને બીજાએ અંગરખું મુક્યું. ત્રીજાએ એને બંડી ક્હાડતાં મદદ કરી. ચોથો એનાં વખાણ કરવામાં રોકાયો હતો. પાંચમો તેમાં હાજીયા ભણતો હતો અને છઠ્ઠો એના શત્રુઓ અથવા પ્રતિસ્પર્ધિયો શોધી ક્હાડી તેમની નિંદા કરતો હતો.

એવામાં ટપાલ આવી. કાગળો એકદમ સર્વ મંડળના અધ્યક્ષ **પ્રમાદધન**ના હાથમાં મુકાયા. પ્હેલવ્હેલું ઈંગ્રેજી 'ન્યુસ્પેપર' ફોડ્યું. ચારે બાજુઓ ઝપ ઝપ અધીરાઈથી ઉથલાવી આંખો તળે ક્હાડી હર્ષ અને ઉત્સાહથી **પ્રમાદધન** બોલ્યો.

"**નવીનચંદ્ર**, પેલો 'આર્ટિકલ' આવ્યો છે." પિતાની ખાતરી કરી આપવા **નવીનચંદ્ર** પાસે લખાવી એક વાનું મોકલ્યું હતું તે આજના છાપામાં હતું.

"હેં ! આવ્યું ! વાંચો, વાંચો:" એક મિત્ર બોલ્યો.

તે વંચાવા માંડ્યું. એટલામાં **બુદ્ધિધન** આવ્યાની ખબર પડી. સર્વ મંડળ વેરાયું. **પ્રમાદધન** અને **નવીનચંદ્ર** ભોજનગૃહમા ગયા ત્યાં એક પાટ ઉપર વચ્ચોવચ ભીંતનો તકીયો કરી **અલકકિશોરી** બેઠી હતી. પાટપાસે એક બારીપર હાથ મુકી **કુસુદસુંદરી** ઉભી હતી. જમીનપર એક પાટલાપર બેસી પાસેની સગડીમાં **સૌભાગ્યદેવી** તાપતી હતી. પાંચ છ યુવતિયો પાટપર

બેઠી હતી અને ગામ ગપાટા હાંકતી હતી. વૃદ્ધ થયલા દયાશંકરની સ્ત્રી ડોશી થયલાં 'જમનાકાકી' સૌભાગ્યદેવીની પાસે બેસી તાપતાં તાપતાં ધીમે સાદે વાતો કરતાં હતાં. અમાત્ય આવ્યાની પ્રમાદધનને ખબર કરી એટલે સઉ મંડળ વેરાઈ ગયું અને માત્ર ઘરનાં જ માણસ રહ્યાં. અલકકિશોરી પાટ ઉપરથી ઉઠી અને ત્યાં પ્રમાદધન બેઠો તથા બાજુએ નવીનચંદ્ર બેઠો.

કુમુદસુંદરી ભણી પુરુષોની પીઠ હતી. અલકકિશોરી ભાભી પાસે જઈ સોડમાં ઉભી, હળવે રહી તેને બે ભુજ ભરી ડાબી અને કાનમાં કહ્યું. "હાશ, હવે હુંફ વળી. ભાભી, તમારા શરીરમાં ગરમાવો તો ઠીક રહે છે— "શીયાળાની રાતમાં." કુમુદસુંદરીયે મ્હોં મલકાવ્યું અને અલકકિશોરી બાથ છોડી છુટી ઉભી રહી. કુમુદસુંદરીને નવીનચંદ્રને જોતાં ઉપજતો ક્ષોભ દિવસે દિવસે ઓછો થતો હતો.

બુદ્ધિધન આવ્યો. પાટલા નંખાયા. સઉ જમ્યાં. જમતી વખત પ્રમાદધને નવીનચંદ્રના 'આર્ટિકલ'ની વાત કરી. બુદ્ધિધન કહે, "હા, એ "મ્હેં જાણ્યું. સાહેબના શીરસ્તેદાર આવ્યા છે તેમણે એ વાંચ્યું અને "વખાણ્યું. ઠીક લખ્યું છે. નવીનચંદ્ર, તમારે બધી જાતનો અનુભવ જોઈતો "હોય તો અત્રે રહો. અમારે એક ઈંગ્રેજી લખનાર જોઈએ છીયે. "જો અનુકૂળ પડશે તો રાણાજીને કહીશું પ્રસંગ આવ્યે."

સઉ જમી રહ્યાં. રાત ઘણી ગઈ હતી. નવીનચંદ્રને અમાત્યને ઘેર સુવાનું ઠર્યું અને પ્રમાદધનને બેસવાના દીવાનખાનામાં પથારી થઈ. તે સુતો. જોડના દીવાનખાનામાં બુદ્ધિધન અને પ્રમાદધન ગયા. અલકકિશોરી રાત વીતી હતી એટલે સાસરે ન ગઈ અને માએ તથા ભાભીએ શીખામણ દીધી કે 'સાસરે ના કહાવ.' પણ 'ના શું કહાવવી 'છે? જાણશેસ્તો' કરી ના કહાવ્યું. પ્રમાદધનને સુવાને વાર હતી એટલે નણંદ ભોજાઈ સગડી કરાવી ગપાટા મારવા બેઠાં.

બુદ્ધિધનને આજ કાંઈક અસાધારણ બનાવો સાંભળવાનો દિવસ હતો. બાપ દીકરો દીવાનખાનામાં જઈને બેઠા.

"પિતાજી, શઠરાયના તરફના સમાચાર સાંભળ્યા?"

"મને લાગે છે કે આપણી વાત કાંઈક ફુટી છે. કોના તરફથી "ફુટી છે અને કેઈ રીતે તે જોવાનું છે."

એવામાં વરધી મંગાવી અંદર એક સીપાઈના વેશવાળો આવ્યો. તે

નરભેરામ હતો. એ શઠરાયનું માણસ થઈ રહ્યો હતો પરંતુ અંદરથી બુદ્ધિધનના પક્ષમાં હતો. બાપદીકરાસામો તે બેઠો.

"બુદ્ધિધનભાઈ, કામ વસમું થયું છે."

"શું?"

"આજ સુધી તો આપનો અને રાણાનો સંબંધ શઠરાયને અંધારામાં
"રહ્યો. હાલમાં આપ બે જણ વારંવાર મળો છો અને રાણા શીકારે ગયા
"હતા ત્યારે રાજેશ્વર મહાદેવમાં મળ્યા હતા તે કારભારીને ખબર થઈ છે."

"બસ? એટલું જ કે?"

"વ્હેમવાળા માણસને દૂર કરવો એ એનો નિશ્ચય છે–એવી
"એને ટેવ છે."

"તે?"

"રાજબા અને આપની વચ્ચેના જુઠ્ઠા કાગળ ઉભા કર્યા છે
"તે રાણાને બતાવવાના છે."

બુદ્ધિધન રાતો પીળો થયો. "એ બતાવવાનું કોણે માથે લીધું છે?"

"રાણાના જુના ખવાસ મ્હાવાએ."

"ઠી–ક!"

"કાગળ લખ્યા છે મ્હેં." એમ કહી પંદર વીશ કાગળ અમાત્યના ખોળામાં નાંખ્યા.

"ક્યારે બતાવવાના છે?"

"આપ દરબારમાંથી પાછા ફરો તે પછી."

"મ્હારા હાથમાં ર્‌હેવા દ્યો. કાલ બાર વાગતે પાછા મોકલીશ."

નરભેરામના ઉપર બુદ્ધિધનનો વિશ્વાસ હતો તે હવે સજડ થયો. ઘણાંક માણસો એણે દરબારમાં અને બીજે ઠેકાણે ઉઘાડાં અથવા છાનાં પોતાનાં કરી રાખ્યાં હતાં. પરંતુ થોડાકને જ કસી જોવાનો પ્રસંગ આવ્યો હતો. નરભેરામ કસોટીમાં શુદ્ધ નીકળ્યો અને અમાત્યનું અંતઃકરણ તેના ઉપર નવીન સ્નેહ અને ઉપકારથી સ્ફુરવા લાગ્યું. પરંતુ કાકા પરણ્યા અને કોઈ રાંડ્યાં થયું. રાણાનો વિશ્વાસ રાખતાં સાવધાન ર્‌હેવાની જરુર લાગી. આજ સુધી તે પોતાનો છે એવું માનનાર અમાત્યને નક્કી લાગ્યું કે રાજબાની બાબત રાણાના મનમાં ભરાશે તો નીકળવી કઠણ થશે અને પોતાની સઉ યુક્તિયો, 'કાંતી પીંજી કપાસ' થશે. આજસુધી દરબારના ભેદ રાણો પોતે જ ઉઘાડતો, હવે રાણાપાસે પોતાનો

માણસ રાખવાની જરુર લાગી. પોતાનું માણસ કોણ? ગરબડદાસ? ના, નરભેરામ? હા. વળી રાણાપાસે રાખતાં નરભેરામે કરેલા ઉપકારનો બદલો પણ વળવાનો. આખા આકાશમાં વીજળી પુષ્કળ ચમકારા કરતી ચાલી જાય તેમ એક પળમાં અમાત્યના મનમાં આ સર્વ વિચારનો ચમકાર થઈ રહ્યો. બીજી પણ ઘણીક ખટપટ સમજાતી ન હતી તેનો મનમાં ખુલાસો થયો. યુદ્ધસામગ્રી તૈયાર કરી રાખી પણ સામાયે હુમલો કર્યા શિવાય પ્હેલો ઘા પોતે કરતાં શુદ્ધ અંતઃકરણ આચકો ખાતું હતું તે ટટાર થયું. સંશયકાળ જતો ર્‌હેતો લાગ્યો અને નિર્ણયકાળ દોરતો સમીપ આવ્યો લાગ્યો.

"નરભેરામ, હવે અણીનો સમય આવશે. આ કાગળ જોયા પછી "રાણા શઠરાયપર વિશ્વાસ બતાવશે, મ્હારાપર કોપાયમાન દેખાશે, અને "શઠરાયનું વિશ્વાસુ માણસ પોતાની પાસે રાખવા માગશે તે વખત "એ ત્હારું નામ આપે એમ કરવું. એ થાય એવું છેકની?"

"હંમ્. થઈ શકશે. મ્હારા જેવું વિશ્વાસનું પાત્ર આજે એને કોણ છે?"

"વારુ, ગરબડ હાલ એનીપાસે વધારે આવે છે?"

"હા. એ તો ક્‌હેવાનું જ ભુલી ગયો. એને રુપાળીબાઈએ આંજ્યો છે."

"ખરોખર. પણ એના ચાળા સરત રાખજે. એની સાથે એનું "અને આપણી સાથે આપણું માણસ થાય–એ ધારની તરવારે રમે "એવો હાલ, એનો ઘાટ છે."

"એમાં એને લાભ શો?"

"કારભારી અને અમાત્ય બે લ્હડી લ્હડી નકામા થાય તો એ "કારભારી થાય–પોતાને રાણાનો વિશ્વાસુ સમજે છે."

"એનું શું કરશો?"

"એ તો થઈ ર્‌હેશે, કહેવાનું એટલું કે એ ત્યાં આવે જાય "ત્યારે શા પ્રપંચ ઘડે છે તે સરત રાખજે."

"બહુ સારું. ત્યારે હાલ તો રજા લઉં છું."

"વારું. પણ મને મળવાનું વધારે રાખવું." નરભેરામ ગયો. એની પાછળ આઘે સુધી નજર નાંખી સીપાઈનો વેશ સાંગોપાંગ ઉતર્યો જોઈ અમાત્ય હસ્યો.

"પ્રમાદ! કારભારીને ત્યાંથી કાંઈ પણ ખાવાનું આવે તો હાલ "સંભાળ રાખવી હાં! લેવું, પણ જમીનમાં ડાટી દેવું."

" શું કાંઈ ઝેર દેવાનું છે ?"

" રાણો જડસિંહ માર્યો કહેવાયો અને પર્વતને તો માર્યો જ,
" તેનો આપણે વિશ્વાસ શો ? વારું. જાવ. ઉંઘી જાવ."

પ્રમાદધન આભો બન્યો અને વિસ્મય પામતો પામતો ગયો.

બુદ્ધિધન ઉઠ્યો અને લાંબા દીવાનખાનામાં એકલો હેરાફેરા કરવા લાગ્યો અને ઓઠપર આંગળી મુકી પોતાના મન સાથે બોલવા લાગ્યો.

" ત્હારું કાળું થાય કારભારી ! છેવટ જાતઉપર જ આવ્યો ?
" આજસુધી ગમે તેટલું પણ મ્હારો જાતભાઈ–મ્હારો સગો–કરી મ્હેં
" ત્હારાપર ઘા ન કર્યો."

" બહુ સારું ત્યારે–હવે પડો મેદાનમાં. આજ સુધી છાના વેરી
" હતા. હવે ઉઘાડા થાઓ."

" ગરબડ, ત્હેં પણ ઠીક ધંધો માંડ્યો છે–મ્હેં પણ એક વખત
" એમ જ કર્યું હતું; પણ આપણા બેમાં ફેર છે. મ્હેં કોઈનું ખુન કરાવ્યું
" નથી–મને ઈશ્વરની કાંઈક બ્હીક છે–મ્હારા કહેવા વિના કોઈએ કોઈનું
" ખુન કર્યું હોય તેમાં હું શું કરું ? પર્વત મુવો તેમાં મને દોષ નથી."

" તું પણ મ્હારો ગુરુ મળ્યો. અલ્યા, મ્હારું જ ખુન ?"

" પણ જો રજપુત હાથમાંથી ગયો તો ઉપાય નથી. એક વાર
" રમાબાઈના હાથમાં ગયલો પાછો કબજ થતાં સાત પાંચ વીતી છે અને
" આ કલાવતીમાં લપટાયો તો એને સટકવાનું નથી. પછી તો ભૂપસિંહ
" ત્હારો નહી જ, બુદ્ધિધન !" મ્હોટા અરણ્ય વચ્ચોવચ રાત્રે બ્રહ્મ-રાક્ષસ એકલો ઉભો રૂહે તેમ અદબ વાળી દીવાનખાના વચ્ચોવચ બુદ્ધિધન ઘડીક વાર ઉભો રહ્યો. તેનું મગજ ઉશ્કેરાઈ ગયું અને કાળજું ધબકવા લાગ્યું—"અલ્યા, ખુની ! મ્હારું જ ખુન !"

" ત્હારું સત્યાનાશ જાય, શઠરાય ! કલાવતી ક્યાંથી સુઝી ?
" રાજબાની વાત જાણી ત્યારે કલાવતીનો ભેદ સમજાયો. એ તો ત્હેં જ
" ભૂત ભરવેલું ! મને અને રાણાને જુદા પાડવાનો રસ્તો !"

" રાજબા !"–આંખ આગળ બનેલો બનાવ ખડો થયો. મરેલી રાજબા હાથમાં હાથ મુકવા તત્પર થતી પાસે આવતી લાગી.

" ભૂત !"–બુદ્ધિધન ગભરાયો. પગ ધ્રુજવા લાગ્યા. પરસેવાના ઓઘેઓઘ વળ્યા. જીભ ઉપડતી બંધ થઈ, અચિંતી દોટ મુકી ગાદીપર

બેઠો–તખ્તીયે બેઠો: રાજસિંહનો વેશ ધરનારી પાસે આવી દેખાઈ અને ખભા ઉપર તેના હાથ અને હડપચીનો ભાર લાગ્યો. સુવર્ણપુરનો અમાત્ય બ્હાવરો–દીન જેવો–ક્ષુદ્ર બની ગયો અને ફાટી આંખે દૃષ્ટિકલ્પના ભણી જોવા લાગ્યો–બેશુદ્ધ બનવા જેવો થયો.

એટલામાં દીવાનખાનાનું એકપાસનું બારણું ભચકાયું–ઉઘડ્યું. સૌભાગ્યદેવી અંદર આવી. ગાયત્રી જેવી પવિત્ર દેવીપર દૃષ્ટિ પડતાં મલિન સત્ત્વ અદૃશ્ય થયું. સ્નેહભક્ત દેવી ભણી જોઈ રહ્યો.

“મ્હારા વ્હાલા! હવે તમે કારભારી થવાના–એટલે અમારા “મટવાના. આમ ને આમ રાતરેડા જવાના અને અમારી સાથે વાતો-“ચીતોનું તો બાઠમ્. ન્હાનાં હતાં ત્યારે તો બાર બાર વાગતા સુધી વાતો કરતાં “અને હવે તો તમે અને તમારો કારભાર. મ્હારે વગર શોક્યે શોક્ય.”

હસતી હસતી દેવી આવી. પતિની પાસે શરીર સ્પર્શી બેઠી, ગળે હાથ નાંખ્યો, અને ઉઠાડી શયનગૃહમાં લેઈ ગઈ, બબ્બે મ્હોટી વયનાં બાળકવાળા માબાપનાં વય અને મન હજી તરુણ જ હતાં અને વૃદ્ધ વિચારો જય પામી શક્યા ન હતા.

દેવીની સોડમાં સુતેલો પુરુષ નિદ્રામાં લવતો હતો–નિદ્રામાંથી જાગી ઉઠી, સાંભળી રહી, દેવી પાછી આંખ મીંચતી હતી અને પતિને કોમળ ઉંફાળી છાંતી સરસો વધારે વધારે જોરથી ચાંપતી હતી.

“અલ્યા શઠરાય! મ્હારું જ ખુન કરવાના વિચારથી તને સંતોષ “રહ્યો હત તો હું ખરોખર ફાવત નહી. સાથે રાણાને પણ મારવાનો “ત્હારે મનસુબો છે એટલી મ્હારે અનકૂળતા થશે–રાણો મ્હારો “રૂહેવાનો એટલો રસ્તો છે.”

“ત્હારા મનમાં એમ હશે કે બુદ્ધિધન જાય તો રાણો રૂહેશે, ને “રાણો પણ હાથમાં ન રૂહે તો એ પણ સ્વાહા! વાહ વાહ!”

“પણ એ પણ ઠીક છે. દુષ્ટરાય કલાવતીને ઘેર જાય છે.”

સ્વપ્નસૃષ્ટિના ધૂમકેતુ આમ મુખાકાશમાં ચ્હડી આવતા તેને જોનાર જડ દીવા વગર કોઈ ન હતું. એ સ્વપ્નને બળે પુરુષ પાસું બદલવા જતો અને તેથી નિદ્રામાં પણ ચમકતી સ્ત્રી તેમ થવા ન દેતાં તેને હાથના જોરથી પોતાની સન્મુખ જ ખેંચતી–રાખતી–વિમુખ થવા ન દેતી. આ બનાવનો ઇતિહાસ ચારણ જેવો પલંગ ‘કચડ કચડ’ બોલી–ગાન કરી–કાનવિનાના બ્હેરા શૂન્ય શયનગૃહને સંભળાવવા યત્ન કરતો. શીયાળાની લાંબી રાત આમ ટુંકી થઈ જતી હતી.

# પ્રકરણ ૯.

## ઉન્મત્તપણાનું પરિણામ.

લીલાપુરથી પાછાં આવ્યા પછી રાણાની ઉદારતાને લીધે બુદ્ધિધને સારું અને વિશાળ ઘર બંધાવ્યું હતું. દરવાજાઅંદર મ્હોટી ખડકી હતી અને ખડકી પાછળ મ્હોટો ચોક હતો. ચોકની બે પાસ મ્હોટા ખંડ હતા તેમાં ખંડના ભાગ કરી રસોડું, પાણીયારું, જમવાનો ખંડ વગેરે કરાવ્યું હતું. બીજી પાસના ખંડમાં જુવાન સ્ત્રીવર્ગની કચેરી ભરાતી. ચોક પાછળ પરસાળ, ઓરડો, ગજાર વગેરે હતું. પરસાળમાં સૌભાગ્યદેવી બેઠક રાખતી. ચોક અને ખડકી વચ્ચે પાટીયાં ભરી દીધાં હતાં. ખડકીમાં ઈંગ્રેજોની ‘વેટિંગ રૂમ’ જેવી ગોઠવણ હતી અને બ્હારના ઓટલા ઉપર અમાત્યના સીપાઈયો તથા ચાકરો બેસતા અને રાત્રે ખડકીમાં સુતા. સ્ત્રીવર્ગના ખંડમાંથી જોડની ગલીમાં બારી પડતી. એ ખંડ ઉપરની મેડીમાં પ્રમાદધનનું શયનગૃહ હતું. ખડકીની મેડી વિશાળ હતી. તેમાં બુદ્ધિધને પોતાનું દીવાનખાનું રાખ્યું હતું. પ્રમાદધનના શયનગૃહ ભણીથી દીવાનખાનાનો થોડોક ભાગ નીરાળો રાખ્યો હતો અને તેમાં મિત્રમંડળ સાથે એ બેસતો. બીજી પાસના ખંડઉપર બુદ્ધિધનનું શયનગૃહ હતું. તેમાંથી પણ દીવાનખાનામાં બારી પડતી હતી.

ચારેપાસની મેડીઓ ઉપર બીજો માળ હતો અને ચોક ઉપર રવેશોવાળી ફરતી અગાશી હતી તેમાં ચારેપાસની બધી મેડીઓમાંથી જુદી જુદી બારીયો પડતી હતી. નવીનચંદ્રને પ્રમાદધનવાળા દીવાનખાનામાં સુવાનું રાખ્યું હતું. એની પથારી કરાવી પ્રમાદધન અમાત્યના દીવાનખાનામાં બારણું અડકાવી ગયો. નવીનચંદ્ર દીવો હોલવી સુવાની તૈયારી કરે છે એટલામાં બે પાસથી સ્વર સંભળાયા. એકપાસ દીવાનખાનામાં અમાત્ય, નરભેરામ અને પ્રમાદધન વાતો કરતા હતા. બીજીપાસ પ્રમાદધનનું શયનગૃહ હતું અને પ્રમાદધન પિતાપાસે બેઠો હતો એટલીવાર નણંદ ભોજાઇપાસે બેઠી બેઠી ગપાટા મારતી હતી. મુંબાઈથી મંગાવેલાં પુસ્તકો એક બે દિવસ થયાં આવ્યાં હતાં અને તે વાંચ્યાથી એકલપેટો આનંદ ભોગવતાં સંતોષ ન વળતાં નણંદપાસે ભાભી વાંચી બતાવતી હતી અને ઈંગ્રેજી તથા સંસ્કૃત પુસ્તકોના રમણીય ભાગોનું ભાષાંતર કરતી હતી તે અલકકિશોરી એકાગ્ર ચિત્તે સાંભળતી લીન અને દીન બનતી હતી.

“ અલક બ્હેન, સાંભળો. આ એક રસિક વાત છે. એક બાયડીને

" મુકીને એનો ધણી જતો રહ્યો તે ઉપરથી એ બીચારી એકાંતમાં મનમાં
" ને મનમાં રુવે છે ને ક્‌હે છે તે બોલ રોજ આવે એવા છે. સાંભળો."

" બધાંને તો દુઃખ ખમતાં ખમતાં નીરાંતની ઘડી આખરે મળે છે,
" કારણ કોઈક વખત પણ ખોળ્યું હાથ આવે છે અને ખરેખરાં તોફાન
" મચી ર્‌હે છે તે પણ કાંઈ જન્મારો ર્‌હેતાં નથી. ગમે તેવું પાપ કર્યું
" હોય તેવાંને પણ ઈશ્વર ગઈ ગુજરી વિસરાવે છે—"

" એનો અર્થ શો ?"

" એટલે એમ કે આપણે ગમે તેવું પાપ કર્યું હોય ને તેથી જીવ તો
" બળ્યાં કરે, પણ એયે રોજ નથી ર્‌હેતું. આખરે ભુલી જવાય અને
" ભુલી ગયાં તે તો ઈશ્વરે જ પશ્ચત્તાપ બંધ કર્યા જેવું કની ?"

" હાસ્તો."

" ત્યારે ક્‌હે છે કે પાપી માણસોને એ આવું થાય છે તો આ મ્હારે જે
" દુઃખ ભોગવવું પડે છે તેનો છેડો ઈશ્વર ક્યારે આણશે ? હું તો નિર્દોષ છું
" તો મ્હારી શિક્ષા કદીયે ક્‌હાડી નાંખશે કે નહી ? મ્હારે તો કાંઈ વધારે
" નથી જોઈતું. માત્ર એટલું માગું છું કે અનિષ્ટમાં અનિષ્ટ મ્હારું થવાનું
" હોય તે મને માલમ પડે–કે, બ્હેન, પછી આટલેથી તો હદ. પછી
" તો કાળજું ફાટી જાય એટલું જ બાકી ર્‌હે તે ઈશ્વર આપે."

" એ શું કહ્યું ?"

" એટલે એવું ક્‌હે છે કે હવે મ્હારો ને એનો એટલે મ્હારા વરનો
" મેળાપ ન થવાનો હોય તો તે પણ કશુંએ મને માલમ પડે એટલે બસ. આ
" ફરી મળવાની આશા ર્‌હે છે તે છોડાતી નથી ને આશા પ્રમાણે થવાનું
" નથી એટલે મન ચણચણ્યાં કરે છે. તેને ઠેકાણે એક વખત સાથે લાગી જ
" આશા જતી ર્‌હે તો નિરાંત કે કાળજું ફાટી જાય એટલે થયું !"[1] કુમુદ-
સુંદરીને કાંઈક વિચાર થયા ને મનમાં નિઃશ્વાસ મુક્યો. અલકકિશોરી બોલી–

" ઠીક આવું આવું સમજીયે છીએ તે કેવું લાગે છે ? પણ તમે
" કાલે ગાતાતાં તે આનાથી સારું હતું: અર્થ તો હું સમજું છું. તમે
" કહ્યોતો. પણ જરા ગાઓ." ભાભીએ ગાવા માંડ્યું.

" रुरुदिषा वदनाम्बुरुहश्रियः
" सुतनु सत्यमलंकरणाय ते ।

---

૧. વર્ડ્સ્વર્થ કૃત " ધી ફર્સેકન."

"तदपि संप्रति संनिहिते मधा-
" वधिगमं धिगमंगलमश्रुणः ॥[1]

" કહેવાત જ જો હત કહ્યું, ભલે સાંભળે સખી ઉભી પાસે;
" કહ્યું ત્હોય કાનમાં આવી લલિત તુજ મુખસ્પર્શની આશેઃ
" થયું શુણવું અશક્ય જ એવું-પ્રિય એ કાજ આંખ શીંદ તલ્પે?
" મુજ મુખ એ ફ્હાવે આસ, વળી આતુર, જોડી પદ, જલ્પે."[2]

" આ છેલ્લું તે કાલે મ્હેં ન્હોય મેઘદૂતની વાત કરી હતી તેમાંથી મ્હેં " આજ ભાષાંતર કરી ફ્હાડ્યું." એમ કહી તેનો અર્થ સમજાવ્યો.

" ઓત્ તમારું ભલું થાય. તમે તો રંગીલાં દેખાઓ છો." એમ કહી અલકકિશોરી કુમુદસુંદરીને બાઝી પડી અને તેને જોરથી ડાબી.

ભાભીના મ્હોં સામું જોઈ—ગાલ ભણી ઓઠ ધરી—બોલીઃ "કરું " અટકચાળું-તમે ગાયું એવું જ? જો તમે ભાયડો હતકની તો નક્કી " તમને જ પરણત ને એક દિવસે પીયર ર્‌હેત નહી."

" ભાભી, આવું આવું વાંચો ને સમજો તે પછી રંગીલાં કેમ ન હો? " અમારા જેવું મ્હોંયે બોલો તો નહી, પણ સમજો વધારે. બા, શાણી " બગલી જેવાં છો. વારું, તમે ગાજો ને અમે સાંભળીશું."

નવીનચંદ્રને પ્રમાદધનના દીવાનખાનામાં સુવાનું રાખ્યું હતું અને દીવો ઘેર કરી સુતો. પણ એક પાસના દીવાનખાનામાં બુદ્ધિધન અને નરભેરામની વાતો ઉઘાડા અંતઃકરણથી ચાલતી હતી, અને બીજી-પાસની મેડીમાં નણંદ ભોજાઈ ધીમે ધીમે પણ તેમની જોડની મેડીમાં સંભળાય એમ વાતો કરતાં હતાં અને બેમાંથી એકે પાસનાં માણસોને નવીનચંદ્ર ધ્યાનમાં ન રહ્યાથી એ ધ્યાન રાખીને સાંભળે તોપણ ન સંભળાય એટલે ધીમે બોલવું એવું કોઈને સુઝ્યું ન હતું. બારણામાંથી કાંઈ નજરે પડે એમ ન હતું પણ કાનનો પુરો ઉપયોગ થાય એવું હતું. અને નરભેરામ શિવાય સર્વના સ્વર નવીનચંદ્રના કાનને પરિચિત હતા. બે પાસના આકર્ષણથી તેના કાન ઘડી ઘડી ચમકતા હતા. પથારીમાંથી ઉઠી ઘડીકમાં આ બારી આગળ જાય અને ઘડીકમાં આ

---

૧. માઘ, સર્ગ ૬. "હે શોભન-અંગવાળા! પતિ-વિયોગને લીધે ત્હારું મુખકમળ રોવા જેવું થયું છે એ જ તેની લક્ષ્મીને અલંકાર આપવા બસ છે. પણ આ વસંત-માસ પાસે આવ્યો છે તેવે સમયે આંસુ પાડી અમંગલ ન કરીશ!"

૨. યક્ષવિરહથી અમુઝાતી સ્ત્રીને પતિનો સંદેશો તેના જ શબ્દોમાં પહોંચાડતાં પ્હેલાં મેઘ આટલું પોતે જ ક્હે છે.

બારી આગળ જાય અને બારણાં સરસા કાન માંડે. સાંભળેલી વાતો કોઈને કહી દેવાનો અથવા તેનો ખોટો ઉપયોગ કરવાનો હેતુ ન હતો પરંતુ માત્ર કુતૂહળને લીધે આ છાની વાતો સાંભળવી એ ક્રિયા એને નિર્દોષ લાગી.

નણંદભોજાઈની વાતો સાંભળી તે ખુશ થતો હતો અને વિનોદ પામતો હતો. અમાત્યની વાતો સાંભળી તે અદ્ભુત આશ્ચર્યમાં પડતો અને ચમકતો હતો. કુમુદસુંદરીની કવિતાથી–રાગથી–અને તેના બોલે-બોલમાં સ્ફુરી આવતી મનોવૃત્તિથી–અને બીજા પણ કાંઈક અકથ હેતુથી નવીનચંદ્રનું અંતઃકરણ દ્રવતું હતું અને જો દીવો તથા દીવાવડે એની મુખાકૃતિની કલ્પના કરનાર હત તો તેને તર્ક કરવાનો હેતુ મળે એવું તેનું મુખ થતું હતું. પરંતુ એ સ્થિતિ થોડીક જ વાર ટકતી અને કારભારની ખટપટ જાણવાની વૃત્તિ તેને બીજી પાસ દોરતી હતી.

સુખી અને નિશ્ચિંત દેખાતા બુદ્ધિધનને આટલી ચિંતાનાં ઉંડાં પાણીમાં ગળા સુધી ડુબેલો જોઈ તેને નવાઈ લાગી તેના કરતાં વાંચેલું વધારે સાંભરી આવ્યું. નરભેરામના કહેલા સમાચાર અને બાપદીકરાની વાતો સાંભળતાં જ–તેણે શબ્દપ્રમાણથી જ જાણ્યું હતું કે રાજાઓના મુગટ ચિંતાની ગાદીથી ભરેલા હોય છે, કારભારીનાં દુઃખ કારભારી જ જાણે, સોનામાં કલિયુગ છે, ઇત્યાદિ એને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયું. બુદ્ધિધનને અમાત્યપદવીમાં સંતોષ ન મળતાં કારભાર શોધવો પડે છે, લોભવિના તેનું બીજું કારણ નથી દેખાતું, કારભારને સારુ આટલા શત્રુ, આટલી યુક્તિયો અને આટલી ચિંતા કરવી પડે છે, આવાં માણસોમાં ભળવું પડે છે એવા એવા વિચારમાં નવીનચંદ્ર ડુબી ગયો અને,

अतिलोभाभिभूतस्य चक्रं भ्रमति मस्तके ।

એનું હાર્દ બુદ્ધિધન એકલો પડ્યા પછી બોલતો હતો તે ઉપરથી, પ્રત્યક્ષ સમજાયું. રાજખાની વાત સમજાઈ નહી. સૌભાગ્યદેવીનું બોલવું સાંભળી નવાઈ લાગી, વિષયવાસના આટલી વય સુધી જતી નથી અને આવી અવસ્થામાં પણ રૂહે છે એવો વિચાર સુઝ્યો, અને મ્હોટાઈ અને વ્યવહારની જંજાળમાં પલોટાતો પુરુષ ઘરસંસારનાં સુખ ભોગવી શકતો નથી તથા પઈસાને પરણતો પુરુષ ઘરની સ્ત્રીનો ત્યાગ કરે છે એવા એવા તર્ક મનમાં ઉભરાવા લાગ્યા.

"અરરર ! આ કારભાર ! આ ખુન શાં ? આ ખટપટ ? આ "સઉ શાને માટે ? આ ભાર માણસનું મગજ કેમ ખમતું હશે ? આ તો "બ્હાર–વ્હાઈટ્‌વૉશ" અને અંદર કચરો ! ઈશ્વર સર્વ રચનાઓ એવી જ

" કરે છે. સુંદર શરીરમાં માંસ જેવું જ ભરે છે. ઉદયકાળની સૃષ્ટિ
" અંધારી રાત્રિમાં ડુબેલી પૃથ્વીમાંથી જ સ્ફુરે છે. મ્હોટાઈનો પાછલો
" ઇતિહાસ જ ન પુછવો—કંઈ કંઈ ભોપાળાં નીકળે. ભણેલાઓને
" અસંતોષ રૂહે છે કે આટલી આટલી મ્હેનત કરતાં કાંઈ પ્રમાણમાં
" દ્રવ્ય મળતું નથી અને કારભારીયો અને બીજાઓ અમસ્તા દ્રવ્યમાં
" લોટે છે. પણ એ વિચાર ખોટો છે. આ ચિંતા, આ ખટપટ, આવા
" નીચ રસ્તા, આવાં અઘોર કર્મ અને આ 'વ્હાઈટ્‌વૉશ' એ બધાની
" કીમ્મતમાં આટલી નામની–ન ખવાય ન પીવાય એવી મ્હોટાઈ–
" આવું દ્રવ્ય મળે છે તો મળો ! કારભારીયો, તમારું સુખ તમને જ હજો !"

" પણ વિદ્વાન કારભારીયોને આવું નહી હોય."

" અરે જવા દેને ! જાત એક–ભાત જુદી, તેને તેના જેવું.
" સુધરેલા કારભારીનાં સુધરેલાં દુઃખ ! "

" અને આ સૌભાગ્યદેવી જેવી ફરીઆદ તો બધી કારભારણોની.
" મજુર બીચારા કારભારીયો !–અને મુંબાઈના શેઠીયાઓ–એ પણ
" એવા ને એવા જ ! "

" કારભારીયો ! તમે રાજ્ય ચલાવો છો તેમાં શાં શાં પરાક્રમો
" કરો છો ? મૂર્ખવર્ગને નચાવવાની કળા વાપરો છો અને લુચ્ચાઓમાં
" લુચ્ચા થઈ ફાવતાં શીખો છો. તમે બુદ્ધિવાળા અથવા સારા અંતઃક-
" રણવાળા નથી જ એવું ક્‌હેનારાઓ બેવકુફ છે. પણ તમારા સંસારનાં
" હવાપાણી મલિન છે અને તેનો મેલ તમારાં અંતઃકરણને અને
" બુદ્ધિને કેમ નહી લાગતો હોય ? ઈશ્વર જાણે. એ મેલનો પટ ભણેલા-
" ઓને કેટલો ચ્હોટતો હશે ? ઈશ્વર જાણે. હું એવા અનુભવમાં
" બાળક છું–અને આજ જોયેલું તે પણ અનુભવમાળાનો પ્રથમ પાઠ
" છે. ઈશ્વર જાણે, પાછળથી શાં નાટક જોવાના હશે ? "

" પણ કુમુદસુંદરી ! ગમે તે હો પણ આ તો ખરું કે ત્‍હારું દર્શન
" આ દેશમાં ન જોઈએ ! કમળ ! તું તો સરોવરમાં જ જોઈએ.
" વિદ્યાચતુરની બાળકી–તું કોણ ? આ માણસો કોણ ? કારભારે
" ચ્હડેલાં આ ક્ષુદ્ર માનવો ત્‍હારી આગળ શું મ્હોટાં થઈ ગયાં ?

" गिरिशिखरगतापि काकपङ्क्ति-
" र्न हि तुलनामुपयाति राजहंसैः ॥

" રાજહંસિની! તું બાળક છે-સ્ત્રી જાત છે-પણ

" गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥

" રાજહંસિની! ત્હારા દિવસ અહીં કેમ જાય છે? વિશુદ્ધ " પવિત્ર સુંદરી! મલિન અપવિત્ર દેશમાં તું! અરેરે! દિવ્ય ઉત્કર્ષ- " ભરી રાજહંસિની!

" માનસ-સરમાં ઉછરેલી તું દિવસ કેમ અહીં ક્‌હાડે? (ધ્રુવ)
" સારસ[1] શુદ્ધ તરે વિકસેલાં, અલિકુલ ગુંજા માંડે; માનસ૦ ૧.
" માંડી ગુંજા એ સરી જાતાં સુરભિ પરાગની માંહે,
" સુરભિ પરાગ કરે સુરભિ ખરી, પ્રસરે સલિલપ્રવાહે! માનસ૦ ૨.
" એ માનસસરમાં ઉછરેલી! પડી અહીં તું આજ!
" મલિન દેડકાં ભર્યા જ ખાડામાં પડી હંસિની: હાય!
" માનસરારમાં ઉછરેલી! તુજ દિવસ કેમ અહીં જાય?"[2]

" અરેરે! સ્વાર્થમાં પરમાર્થ ડુબ્યો. ન્હોતી ખબર કે આમ " થશે-સરસ્વતીચંદ્ર! બહુ ખોટું કર્યું! ધૂળ પડી ત્હારી સરસ્વતીપર!"

ઉછળતા અંતઃકરણે મગજને વીજળીના સંચાનો સ્પર્શ કરાવ્યો હોય તેમ આવેશવાળું મગજ થઈ ગયું અને એ આવેશમાં ને આવેશમાં રઝળતો રખડતો પરદેશી વટેમાર્ગુ નવીનચંદ્ર સુવર્ણપુરમાં-સુવર્ણપુરના અમાત્યના દીવાનખાનામાં, અંધારામાં મ્હોટી પથારીમાં,-ત્હાડે થરથરતો, ગોદડું હોડી ટુંટીયાં વાળી નિદ્રાવશ થઈ ગયો. અમાત્યના ઘરમાં સર્વ સુઈ ગયાં અને સુવર્ણપુર શાંત થઈ ગયું હોય એમ એ ઘરમાં લાગવા માંડ્યું. કુમુદસુંદરીનું શરીર શરીરના પતિસાથે સુતું અને શરીર જોડે ઘસડાતું મન ક્લિષ્ટ નિદ્રા પામ્યું. અલકકિશોરી પરસાળની મેડીનાં બારી બારણાં વાસી પથારીમાં ચતીપાટ પડી, પગથી માથા સુધી હોડી, ઘોરણ બોલાવવા લાગી અને સ્વપ્નમાં "તું આજ કેમ ત્યાં સુતી હતી" એમ ક્‌હીતો ક્‌હીતો પતિ પુછતો હતો તેને કાંઈ ચિંતાવગર ક્‌હેતી હતી કે "વારું-વળી ત્યાં જ " સુતાં હતાં; ત્યાં ને અહીંયાં! જ્યાં સુતાં ત્યાં ખરાં, એમાં તમારે શું?" કરી જવાબ દેતી હતી અને એ સ્વપ્ન પુરું થતાં પ્હેલાં બીજું સ્વપ્ન જોતી હતી. તેમાં કૃષ્ણકલિકા સાથે મેઘદૂતમાંથી સાંભળેલાં અટકચાળાં કરતી હતી અને એ સામાં અટકચાળાં કરે એટલે કોપાયમાન થઈ ધમકાવતી હતી.

અમાત્યના ઘરમાં કલાકેક સુધી આ શાંતિ ટકી. એના ઘરમાંથી જોડે ગલીમાં બારી પડતી હતી ત્યાં આગળ રાતના આઠ નવ વાગ્યાથી બેચાર

---

૧. કમળ. ૨. જગન્નાથના ભામિનીવિલાસ ઉપરથી.

માણસો ફર્યાં કરતાં હતાં. તેમાં સઉથી અગ્રેસર જમાલખાન હતો. અલક-કિશોરીને કૃષ્ણકલિકાએ ્હીતે ્હીતે શીખામણ દીધી હતી પણ તે શીખામણનો એ અમાત્યકુમારીએ અભિમાનમાં તિરસ્કાર કર્યો હતો. ન્હાની બાબતમાંથી મ્હોટાં પરિણામ થાય છે તેની એ બાળકીને ખબર ન હતી. ખલકનંદાને તથા રુપાળીને તેમના યારોની સાથે ચાલતાં જોઈ એણે મ્હોં મરડ્યું હતું અને શા વાસ્તે મરડ્યું હતું તેનો ખુલાસો પણ બેચાર બઈરાં વચ્ચે આપી ચુકી હતી. હાલ એ વાત એ સમુળગી ભુલી ગઈ હતી પણ ખલકનંદા વીસરી ન હતી. એ પણ કારભારીની દીકરી હતી અને સૌભાગ્યદેવીનાથી વયમાં ઝાઝી ન્હાની ન હતી એટલે આ ન્હાની છોકરી તેને ફાટી ગઈ લાગી. બઈરાંએ તેને મ્હોંયે કહ્યું કે માયે દીકરાને શીખવ્યું અને તેથી એણે મ્હોં મરડ્યું. ખલકનંદાને મ્હોંયે કોઈ એની વાત કરી શકતું નહી પણ એક જણીએ કહ્યું કે અલકકિશોરી ત્હારી આવી આવી વાતો કરે છે. અમાત્યને કારભાર મળવાનો છે એવી ફુલાશનાં વચન પણ કિશો-રીના મ્હોંમાંથી નીકળી જતાં અને કારભારી તથા અમાત્યનું એકબીજા-સાથનું વેર તેમનાં બઈરાં છોકરાંમાં પણ આવ્યું હતું.

સૌભાગ્યદેવી પવિત્ર હતી તેમ તેનો પટ તેની પુત્રીમાં પણ હતો. પરંતુ ફેર એ હતો કે અલકકિશોરીને પવિત્રતાનું ગુમાન હતું અને કારભા-રીનાં અપવિત્ર બઈરાંપર દેખીતો તિરસ્કાર આમ ઘણીવાર બતાવતી. વરને ડાબમાં રાખતી તેમ બીજા કોઈ પુરુષને પણ લેખામાં ગણતી ન હતી. રુપાળીએ સુઝાડ્યું અને ખલકનંદાએ કબુલ કર્યું કે આ ગુમાન ઉતરે એવું છે. જમાલને ઉશ્કેર્યો અને મને કોણ પુછનાર છે કરી મીયાંભાઈએ બીડું ઝડપ્યું. એને તો એક પંથ ને દો કાજ થયાં. અલકકિશોરીની ધમક જોઈને અંજાઈ ગયો હતો અને તે ખલકનંદા જેવી પોતાની થાય એમ બહુ ઇચ્છતો. એવામાં આ લાગ મળ્યો. એને સાસરે જતાં પકડવાના મૂર્ખ હેતુથી બુદ્ધિ-ધનના ઘર આગળ બેચાર મિત્ર સાથે રાખી હેરા ફેરા કરતો હતો. સાસરે તો ગઈ નહી. બાર વાગ્યા, એક વાગ્યો અને મિત્રો પાછા ગયા એટલે પોતે એકલો પડ્યો અને ઘેર જવાનો વિચાર કરે છે એટલામાં સુઝ્યું!

" સાળું હવે ઘેર જઈએ તે તો ખોટું. આટલી બધી તાલમેલ લગાવી " તે ધુળ જાય. આજ ફક્કડ બન્યો છું અને એ ગોરી ગોરી ન મળે તોં તો " થઈ જ રહ્યું. ચલોબે. રોજ ફોજદાર સાથે ચોરમાં ભળીયે છીયે.આજ " બંદા જ ચોર." વિચાર કર્યો કે બુદ્ધિધનના ઘરમાં ચ્હડી ઉતરવું. ઘરની પછીતમાં ગયો, ઉંચું જોયું તો એક ઓરડી ઉપર થઈ છાપરે છાપરે થઈ

જવાય એવું લાગ્યું. મીયાંએ મુછપર હાથ નાંખ્યો અને ચ્હડવા માંડ્યું.

"સાલા સબ દોસ્તો હુંડીયાં જેસા–મ્હારી સાથે રહ્યા હત તો "એ પણ ચમન કરત."

"સાલા નસીબ ઉનકા. ગયા એહી અચ્છા હુવા." રાત અંધારી હતી અને હળવે હળવે ચતુષ્પાદ પશુ બની છાપરેથી વંડે ને વંડેથી છાપરે ચ્હડ્યા અને એક જણના મોભ ઉપર ઉભા રહ્યા.

ઘુવડ બોલ્યું અને સામું મળ્યું. અપશકુન થયાં માની એક નળીયું તેના ઉપર રીસ ચ્હડાવી ફેંક્યું.

"ચલ, ચલ, સાલા, મીયાંભાઈકુ અપશકુન ક્યા?" બુદ્ધિધનનું છાપરું આવ્યું અને તેની પાંખ ઉપર ઉભા. આકાશ સામું જોયું. ચારે પાસ જોયું–કોઈ દેખાય નહી. આઘે એક છાપરાપર કોઈ દેખાયું.

"સાલા, ચોર હોયગા, પકડ સાલેકુ. સાલે, ક્યા મીલેગા તેરેકુ? "બંદાકુ તો અલકકિશોરી મીલેગી. સાલીને ક્યા નામ રખાહે! અલ- "કકિશોરી! દેખો તો સહી! અલકકિશોરી! અલકકિશોરી!"

"ઓ સબ તો અચ્છા–લેકીન આપન જાવે કીધરસે?" હળવે રહી અગાસીમાં ઉતરવા માંડ્યું. પરસાળપરની મેડીની એક બારી ઉઘાડી રહી ગઈ હતી તેમાં વાંકા વળી દાખલ થઈ ગયા. દાદર પણ ઈશ્વરે ઉઘાડો રાખ્યો હતો. પોતાનું જ ઘર હોય એમ જમાલખાન ઉતર્યો અને અમાત્યપુત્રીના પલંગ આગળ દુષ્ટ હલકો મુસલમાન ઉભો રહ્યો.

એક ચાડાપર દીવેલનો દીવો કોડીયામાં બળતો હતો. નદીકીનારે મસ્ત વાઘેણ પડી રહી હોય તેમ પલંગ ઉપર 'પરછંડ' (પ્રચંડ) ઉન્મત્ત–યૌવના ચતીપાટ પડી હતી. તેણે હોડેલું ગોદડું આઘું પડ્યું હતું–જાણે કે ટ્હાડ તેના શરીરમાં પેસી શકતી ન હોય! પ્હેરેલું લુગડું સંભાળથી રાખ્યું હતું તોપણ આઘું પાછું થયું હતું અને બે પાસ પડેલી તીરની ઉંચી ભેખડો જેવા પ્હોળા પડેલા પગની વચ્ચે પર્વતપરથી ઉતરતી નદીના પાણીના પટ પેઠે પાટલીનો પટ વેરાઈ જઈ પથરાઈ ગયો હતો. પલંગની ભમરીયોમાં થઈને દીવાનું ઝાંખું અજવાળું ઠેઠ છાતીઉપર અને મ્હોં ઉપર આવતું હતું. દીવાના કંપ સાથે એ તેજ પણ હાલતું હતું અને પરછાયાથી ઢંકાયલી સુંદરતા ઉઘાડી કરી આપી, જોનારની કલ્પનાને મોહક સૂચનાઓ અને દૃષ્ટિને ઉલ્લંઘાય નહી એવી સાનો કરતું હતું. લાંબી પથરાયલી પાંખો પેઠે બે પાસ હાથ લાંબા નાંખ્યા હતા અને પગની પણ જુદી અવસ્થા ન હતી. મહિષાસુરનો

વધ કરવા ઉભેલી ચંડીનું પલંગપાટી ઉપર કોતરેલું સ્વરૂપ હોય તેમ અલકકિશોરી સુતી સુતી પણ ઉગ્ર દેખાતી હતી અને તેને સ્પર્શ કરવા દુષ્ટ અસુરની હીમ્મત સરખી ચાલી નહી. સ્ત્રીજાતિ ! તું રાખે તો ત્હારો પ્રતાપ અમાપ છે. પુરુષનું ગજું નથી કે ત્હારા અબળાપણાનો લાભ થઈ ત્હારી ઇચ્છાવિરુદ્ધ ત્હારી પવિત્રતા ઉપર ધસી શકે. ત્હારો એક પવિત્ર ભ્રૂભંગ પુરુષોની દુષ્ટતાને આઘેથી રોકી રાખવા–પાસે ન આવવા દેવા–બસ છે. એ બળ ત્હારું છે. તેને અજમાવવું એ કેવળ ત્હારી વૃત્તિની વાત છે. અલકકિશોરીની આંખ મીંચેલી હતી પણ તેનાં પોપચાં ઉપર પતિવ્રતા-પણાના રત્નભંડારની ચોકી કરવા ભમરરૂપી સાપ ફણા માંડી બેઠો હતો, અને પોતે ઉભો હતો તેથી જરાપણ ખસી પાસે જવા ક્ષુદ્ર તરકડાના પગ ચાલ્યા નહી અને તેના અંતઃકરણે આ પગઉપર હુકમ કરવો મુકી દીધો. પવિત્રતાપર હુમલો થતાં પણ વાર લાગે છે.

મુસલમાને ફક્કડ પોશાક પ્હેર્યો હતો અને ચોરીમાં પણ અડચણ ન પડે એમ તેને રાખ્યો હતો. માથે એક કાળી પણ દેખાવડી દીલ્હીશાહી ટોપી પ્હેરી બુકાની બાંધી દીધી હતી. દાઢીમુછોની ટાપટીપ કરી હતી અને સુગંધી તેલ વાપર્યું હતું. શીયાળાને લીધે બનાતનો રુપાના બટનવાળો કુબજો પ્હેર્યો હતો અને તેને છેલબટાઉના જેવા કાપ મુક્યા હતા. કેડે એક ધોતીયું કસકસી બાંધ્યું હતું અને અંદર ન્હાની સરખી કટાર રાખી હતી. પગે ઇંગ્રેજી દેખાવનાં પણ દેશી બૂટ ચ્હડાવી દીધાં હતાં અને પોતાની ખુબસુરતીઉપર એકદમ અલકકિશોરી મોહી પડે એવી આશા રાખી હતી અને આંખમાં સુરમો, કાનમાં અત્તર અને ખીસાના રુમાલમાં ગુલાબજળઃ એ સામગ્રી રાખી હતી. મ્હોં પણ ધોઈ કરી સાફ બનાવ્યું હતું અને આવા ‘ જુવાન ’ ને જોઈ ‘ લુગાઈ ’ આશક થશે એમ તેના મનમાં નક્કી હતું. પણ ખલકનંદાએ તેને ચેતાવ્યો હતો અને કહ્યું ન માને તો બળાત્કાર કરવા પણ મન તૈયાર હતું. ‘ મરદ આગે રંડીકા જોર ક્યા ’ એ બુદ્ધિમાં સંશયનો અંશ ન હતો. વળી એક ન્હાનો સરખો કાળો જાડો ડંડુકો મીયાંએ બગલમાં માર્યો હતો. આ વેશે હાથે ‘ અદબ ’ વાળી પ્હોળે પગે મીયાં ઉંઘતી અલકકિશોરીના પલંગ આગળ ઉભા રહ્યા અને સ્તબ્ધ બની વિષયલાલસા ભરી ભીંની થતી ચળકતી આંખવડે કંઈક ઢંકાયલાં, કંઈક ઉઘાડાં, ગોરાં અને ઉજ્વળ, નિદ્રાયમાન ચિત્ત-વેધક ઉચ્ચાવચ અવયવો જોતા જોતા શું કરવું તેના મોહક વિચારમાં પડ્યા. સ્થળ, સમય અને સત્તાનું ભાનઃ એ ત્રિપુટીના સંભાર ( મસાલા )–થી વિષયાભિલાષ ધમધમાટ થઈ ગયો, તેના તીખટથી લંપટ મગજ પ્રફુલ્લ

થતું હોય તેમ સુજવા લાગ્યું, અને તીવ્ર અસહ્ય મદનવેદનાએ આનંદ-અનુભવનો આભાસ ધરવા માંડ્યો. "આહા ! ક્યા ખુબસુરતી ! એ મુખડા–એ ગુલાબકા જૈસા ગાલ......યા અલ્લા ! અજબ તેરા ખેલ દેખા નહી જાતા હૈ–ખલકનંદા ઉસકી પાસ બીસાદમે નહી. આ જ મેરી માશુક"–કરી વિષયકિંકર હાથ લાંબા કરવા ગયો, પલંગપર ચ્હડવા ઇચ્છા કરી–પણ તાકાત માલમ ન પડી. વધારે વધારે જોઈ રહ્યો, વધારે તર્ક કરવા લાગ્યો, તેમ તેમ ઇચ્છાઓ–વૃત્તિયો–વધારે પ્રબળ થઈ, મુખ લાચાર બની ગયું, મસ્તિકમાં–મગજમાં કામાસક્તિ પ્રસરી ગઈ, નયનમાં ઘેનના જેવો આભાસ થયો, પગ ધ્રુજવા લાગ્યા, અને નખથી શિખ સુધી આખું શરીર દ્રવવા લાગ્યું. એમ ઇચ્છા થઈ કે એક ફાળ ભરી–ફલંગ મારી–પલંગપર ચ્હડી બેસું. તેને રોકનાર કોઈ હતું નહી. પણ ઉંઘતી કિશોરીના મુખપર પ્રતાપ તીવ્ર હતો. તેનું તેજ દુષ્ટથી ખમાયું નહી–તે અગ્નિની પાસે જતાં હીમ્મત અટકી. અલકકિશોરીએ જાગૃતાવસ્થામાં કોઈ વખત જમાલઉપર હુકમ બજાવ્યો હશે અને ચાલ્યે ન ચાલ્યે તેને તે પાળવો પડ્યો હશે.

"ખુદા માલુમ ! ક્યા હોતા હે ! ઉસકી પાસ જાનેકી હી મેરી "મગદુર નહી !"

પારકા ઘરમાં–વસ્તી ભર્યા ઘરમાં–સુવર્ણપુરના અમાત્યના મ્હેલમાં એકલો આવ્યો હતો.

"અમાત્યકું માલુમ હોયગા ! મેરા ક્યા હોયગા ?"

ઉંઘમાં ને ઉંઘમાં અલકકિશોરીએ પાસું ફેરવ્યું અને તેનું મુખ બીજી પાસ ગયું. મીયાંનો ક્ષોભ મટ્યો. એકલી વિષયવાસના નિષ્કંટક રહી અને ખલકનંદાનો હુકમ મન આગળ આવવા પામ્યો. ઝટ ફ્હાડી મુસલમાન પલંગપર ચ્હડ્યો અને સુતેલીની સાથે સુતો, પણ સ્પર્શ કરતાં જરીક ખચક્યો–સચેત થયો–અને દુષ્ટ હાથ–દુષ્ટ પગ–પવિત્ર શરીરપર પડ્યો.

ચકોર કિશોરી–બુદ્ધિધનની કિશોરી–શરીરને અગ્નિ અટક્યો હોય તેમ ચમકી–જાગી ઉઠી. જાગ્યા પ્હેલાં ચમકી–ચમકની સાથે સફાળી–સડક્ લેઈ ઉઠી, દુષ્ટના કરચરણ તરછોડી નાંખ્યા, અને કુદકો મારી પલંગબ્હાર જઈ ઉભી. ચીઠી આમથી તેમ ખસી જાય–પોપચું મીંચાઈ ઉઘડે–એટલી વારમાં, પોતે પુરેપુરી જાગી તે પ્હેલાં, આટલો બધો બનાવ થઈ ગયો અને તેની ઉંઘ ઉડી ગઈ. કેડે છેડો ખોશી સજ્જ થઈ રોપ ભરી આંખે જોતી આભા બનેલા નિશાચર ભણી ત્રાડીઃ ઘાંટો ફાટો થઈ ગયો,

" કોણ છે આ ! જાગજો ! જાગજો ! પ્રમાદધનભાઈ ! જાગજો !
" જાગજો ! ચોર ! ચોર !"

ભય અને કોપ કિશોરીમાં પેઠાં. મીયાં સજ્જ થયો અને બેઠો થઈ બોલ્યોઃ—

" માશુક, એ તો મેં જમાલ. બ્હીયો મત. એ તો તમારાપર
" આશક થયો છું તે આ અંધારી રાત્રે પણ તમારી પાસે આવ્યો."

કિશોરીનો ભયત્રાસ ઓછો થયો પણ પગ થરથરતા બંધ ન થયા.

" અલ્યા જમાલીયા ! લુચ્ચા ! તું અહીંયાં ! ઉઠ, નીકળ, નીકર
" જોઈ લેઈશ. એ તે ત્હારી ખલકીબલકી દીઠી કે શું ?"

" બાઈસાહેબ–ધીરાં પડો–માશુક !—"

" લુચ્ચા, જીભ કાપી નાંખીશ જો બોલ્યો ઝાઝું તો–બોલાવું છું
" મ્હારા ઘરમાંથી બધાંને—" કહી બારી ભણી ચાલી અને કાંઈક હીમ્મત આવી. ભયપાસે જોઈ મીયાં સજ્જ થયા, ઉઠ્યા, અને સામધર્મ છોડી જોર અજમાવવા વિચાર કર્યો. પલંગપરથી હેઠે ઉતરી અલકકિશોરીનો હાથ ઝાલ્યો અને બારી ભણી જતી અટકાવી.

" અબે ઉભી રૂહેને !–"

" છોડ હાથ " કહી કિશોરીયે હાથ વછોડ્યો. મીયાંએ ફરી ઝાલ્યો અને પાસે જઈ દુષ્ટ સ્પર્શ કરી ગળે હાથ નાંખ્યો. " અરે
" એમ શું કરે છે–જો–એકવાર—"

પવિત્ર કિશોરી પળવાર તેની આંખ સામું જોઈ રહી. એની આંખમાંથી જાણે અગ્નિ ઝરશે એમ થઈ ગયું. આમ પળવાર જ જોઈ રહી ડોકું નીચું કરી દુષ્ટ હાથમાંથી છુટું કર્યું, અને સામી ઉભી રહી ઉંચી થઈ અચિંતી કુમળા પણ જોસ ભર્યા હાથની મુક્કી જમાલના મ્હોંપર–ઓઠપર મારી–ઓઠ પીશી ઉભી રહી. નજર પૃથ્વીભણી ગઈ–જાણે કે પૃથ્વી-માતા " વાહ ! વાહ ! સાબાશ !" એમ કંઈ ક્હે છે ! જમાલ મ્હોં ચંચવાળતો ઉભો રહ્યો, જરીક દિઙ્મૂઢ થયો, અને આખરે ગુસ્સે થઈ પેલી નીચું જોતી હતી તેને પાછળથી જોરથી બાઝી પડ્યો. ગમે તેટલું પણ સ્ત્રીજાત ! તેને વળી કાયા સાચવી–સંભાળી–લ્હડવું. પાછળથી બાઝેલો અને પુરુષનું જોરઃ તેનાથી છુટાં ન થવાનું, પણ હીમ્મત ન મુકી. અને બુમેબુમ પાડવા લાગી. જમાલ તેનું મ્હોં ડાબવા લાગ્યો અને ઘડીક ફાવે પણ ઘડીક હાથ ઢીલો પડે એટલે કિશોરી બુમ પાડે.

"ઓ ભાઈ! પિતાજી! દેવી! ધાજો, ધાજો!"

બાઝાબાઝી જબરી થઈ. કોણ જાણે ક્યાંથી જોર આવ્યું તે અલકકિશોરી થાકી નહી અને આખી મેડીમાં ચકરડી ભમરડી થવા માંડી. એક બીજાથી હારે નહી. ઉંચું કરી કરી કિશોરી જમાલની હડપચીમાં, ડાચામાં, અને નાકમાં માથું મારતી હતી તે કોઈક વખત વાગતું હતું, કોઈક વખત માત્ર શિથિલ થયલો અંબોડો જ વાગતો, અને કોઈક વખત જમાલ સંભાળી લેતો. આમથી તેમ કિશોરી તેને ખેંચતી હતી અને તે ખેંચાતો હતો.

અલકકિશોરીની પ્હેલી જ બુમે ઘરમાં સઉ જાગી ઉઠ્યાં અને અવાજ કેણી પાસથી આવે છે તે જાણવા સઉ કાન માંડવા લાગ્યાં. બુદ્ધિધનના મનમાં એમ આવ્યું કે શઠરાયનું કોઈ માણસ મ્હારા ઘરમાં ખુનખુન કરવા ભરાયલું. નવીનચંદ્રે 'ચોર' શબ્દ સાંભળ્યો, કુમુદસુંદરી સફાળી ઉઠી અને પ્રમાદધનને ઉઠાડ્યો. તેમણે જાણ્યું કે ઘરમાં આગ લાગી. સૌભાગ્યદેવીએ અલકકિશોરીનો સ્વર ઓળખ્યો અને એકદમ અગાશીનાં બારણાં ઉઘાડી બ્હાર ધસી. નીચે ચાકરો માંહોમાંહી પુછાપુછ કરવા લાગ્યા અને ચોકમાં આવી ઉંચું જોવા લાગ્યા. ઉપર સુતેલાં સઉ અગાશીમાં ભેગાં થઈ ગયાં. પ્રમાદધનને દાદર ઉઘાડી સઉને ઉપર બોલાવ્યાં. અલકકિશોરીવાળી મેડીની બારી આગળ સઉ અગાશીમાં ભેગાં થયાં અને 'ઉઘાડો' 'ઉઘાડ' એમ જુદી જુદી બુમો પાડવા લાગ્યાં. સૌભાગ્યદેવી સઉથી મોખરે ઉભી રહી બારી હચહચાવતી હતી. જોડે બુદ્ધિધન ઉભો ઉભો "બ્હીનીશ નહી, આ આવ્યો" કરી બુમો પાડતો હતો. સઉની પાછળ એકલી ધ્રુજતી ધ્રુજતી કુમુદસુંદરી ઉભી હતી અને ચાકરો વચ્ચેથી ધક્કા મારી અગાડી જવા નવીનચંદ્ર યત્ન કરતો હતો. ઘરમાં કોળાહળ મચી રહ્યું. બુદ્ધિધન અને એક બે ચાકરો બારણું ઉતારવા યત્ન કરવા લાગ્યા. પ્રમાદધન નીચે પરસાળમાંથી જવાય તો જવા એક બે ચાકરો લેઈ નીચે ઉતર્યો. એટલામાં કુમુદસુંદરીએ બુમ પાડી "આ ઉપલી બારી ઉઘાડી છે–એમાં થઈ પેઠેલો." નવીનચંદ્રે તે સાંભળ્યું. તેણે કસરતશાળામાં ચ્હડી ઉતરવાની પણ કળા અનુભવી હતી. કુમુદસુંદરીનો બોલ સાંભળી, પાછો ફરી તેના ભણી જોઈ, ઉંચું બારી ભણી જોઈ, કચ્છો માર્યો અને થોડીક વારમાં પરસાળપરની મેડીના ઉપરના માળમાં દાખલ થયો અને નીચે ઉતરવાનો દાદર તેમાંથી અજવાળું અને અવાજ આવતાં હતાં તેથી, શોધી ક્હાડ્યો.

અંદર બાઝાબાઝી ઘણી ચાલી રહી હતી. અલકકિશોરી પુરુષ આગળ થાકી ગઈ, હાંફી ગઈ, અને ફેં ફેં થઈ. તોપણ બળ અજમાવતાં

અજમાવતાં દીવા આગળ જમાલને ઘસડી લાવી. દુષ્ટ તરકડાએ માણસો આવી પ્હોંચ્યાં જાણ્યાં. પોતાને બ્હાર જવાનો માર્ગ નથી. હવે તો થાય તે થવા દ્યો એમ નિશ્ચય કર્યો અને તેમને અંદર આવવાનો માર્ગ સુઝતો નથી જાણી નિરંકુશ થયો. બીચારી અબળાપર બળ કરતાં કંઈ કંઈ વિકાર અનુભવતો અને કંઈ કંઈ ભ્રષ્ટ વ્યવહાર અજમાવતો. એવામાં દીવો પાસે આવતાં અબળાના મગજમાં ઈશ્વરે તર્ક મુક્યો. અંધારામાં દીવો સળગે તેમ તે સળગ્યો અને કિશોરી સમજી કે હવે હું બચી. દીવો પાસે આવતાં ઝડપથી જમાલની કેડના ધોતીયાની ફડક અચિંતી દીવા પર ધરી. ધોતીયું સળગ્યું અને ભડભડ લાગવા માંડ્યું. મુસલમાને અમાત્ય-પુત્રીને પડતી–છુટી–મુકી અને મનમાં જય પામી અબળા બારી ભણી દોડી, પણ નિષ્ફળ થઈ. કેડેથી ધોતીયું છોડી બળતું ને બળતું જમાલે જમીનપર નાંખી દીધું, કટાર પડવા દીધી, અને બારી આગળ પ્હોંચી તે પ્હેલાં ફાળ ભરી સામે મ્હોંયે અલકકિશોરીને બાઝ્યો. દુષ્ટતાની–મર્યાદાની–મર્યાદા આવી રહી. તે લાચાર બની ગઈ. તેનું જોર સમુળગું જતું રહ્યું; નિરાશ થઈ, અને હવે ઉપાય નથી એમ સમજી મ્હોં વિકાસી પરાધીન થઈ અને શું થાય છે તેનો વિચાર કરવા ભાન ન રહ્યું. ઘણે સ્થળેથી પવિત્ર સુંદરતા સ્પર્શદૂષિત થઈ. છાતીપરથી તાણાતાણમાં છેડો નીકળી ગયો હતો અને પૃથ્વીમાતાને ખોળે પથરાતો હતો કે કાંઈ આશ્રય આપ. ધક્કો મારી અબળાને જમાલે ચતીપાટ નાંખી, ગાય જેવી-પર વાઘ પેઠે ચ્હડી બેઠો, અને હાથ ઝાલી દુષ્ટે અતિ દુષ્ટ વચન કહ્યું— “ માશુક, બ્હી મત. ” રાહુએ ચંદ્રલેખાને છાઈ.

પડતાં પડતાં નિરાશ નિરુપાય બાળસ્ત્રીએ મ્હોટે સાદે કારમી ચીસ પાડી—“ હાય હાયરે ! ઓ માડી ! મારી નાંખી રે ! ” કરી ઠુઠવો મુક્યો. આવી ચીસ કોઈએ કદી સાંભળી ન હતી. સઉનો ત્રાસ અત્યંત સીમાએ પ્હોંચ્યો અને બારી બ્હાર તેમના ધમપછાડા વધ્યા. પણ નિરર્થક !–અંદર આવવા કોઈની તાકાત ન હતી અને તે વાત દુષ્ટ નિશાચર જાણતો હતો. તેનો દુષ્ટાચાર વધવા લાગ્યો અને અબળાનાં થાકેલા હાથ અને રાક્ષસનો જયવંત હાથ, તે બેની લ્હડાઈ નીવિબંધ પાસે થવા માંડી. એક પળ વધારે જાત તો પતિવ્રતાપણું છેદાઈ જાત અને ઈશ્વરને માથે કલંક ર્‌હેત. બ્હાર સૌભાગ્યદેવી ગાંડી બનતી હતી અને માતાને બાધા ઉપર બાધા માન્યાં જતી હતી. નિરાધારનો આખર બેલી ઈશ્વર છે—

**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।**

આ પ્રમાણે બુદ્ધિધનની દૃઢ શ્રદ્ધા હતી અને ગમે તો એના પુણ્ય આડે

આવ્યાં, ગમે તો સૌભાગ્યદેવીની બાધાઓ સંભળાઈ કે કોણ જાણે શાથી પણ અરોબર અણીને સમયે દાદર ઉપરથી ધબ ધબ કરતો નવીનચંદ્ર ઉતર્યો, રોષથી અને જોરથી જમાલના વાંસામાં લાત મુકી અને હાથ આવતાં તેની બુકાનીનો ઉપલો ભાગ પકડી એવો તો પાછો ખેંચ્યો કે ગળે ફાંસો આવવાની બ્હીકથી મુસલમાને અલકકિશોરીને પડતી મુકી, પાછો ખેંચ્યો ખેંચાયો, અને સાવધ બની ગળા અને બુકાની વચ્ચે હાથ ઘાલી ફાંસો દેવાતો અટકાવી પાછો ફર્યો અને નવીનચંદ્રના પંજામાંથી જોર કરી છુટી ગયો. નવીનચંદ્રે બ્હારનાં માણસોને બુમ પાડી "ફીકર ન કરશો-મ્હેં "નવીનચંદ્રે બ્હેનને છોડવ્યાં છે." સઉના જીવમાં જીવ આવ્યો. પણ એણે બુમ પાડી એટલામાં તૈયાર થવાનો વખત મળતાં મુસલમાન ઉભી થયેલી અલકકિશોરી ભણી દોડ્યો. મહા મ્હેનતે સજજ થયલી બાળા બ્હીની-ત્રાસી, અને દુષ્ટને દેખી છળી જઈ, "ઓ નવીનચંદ્ર-મને સાચવી લ્યોરે" કરી દોટ મુકી એની પાછળ જઈ, હતી એવી ને એવી પાછળથી બાઝી પડી અને અશરણ અબળા તથા દુષ્ટ તરકડાની વચ્ચે રહેલો નવીનચંદ્ર આમથી તેમ ફરતો પોતાની ભીરુને-ભીરુ હરિણાક્ષીને-વાઘની ફાળ બ્હાર રાખવા લાગ્યો. મુસલમાન નિરાશ થયો. ઉપાય ન સુઝ્યો. એવામાં જમીનપર પડેલી કટાર દીઠી-લેવા દોડ્યો. તે તેમ કરવા જાય છે એટ-લામાં કાંઈક સુઝી આવતાં નવીનચંદ્રને છોડી પાછી ફરી અલકકિશોરીએ બારીની સાંકળ ઉઘાડી દીધી અને બ્હારથી સઉ ધક્કા તો મારતાં જ હતાં એટલે ફડાક લેઈને બારી ઉઘડી ગઈ. તરકડો દાદરપર ચ્હડી ગયો તેનો પગ નવીનચંદ્રે ખેંચ્યો અને જમાલ જમીનપર પડ્યો પણ પડતાં પડતાં નવીનચંદ્રના ખભામાં કટાર મારી.

બારી ઉઘડતાં સઉ હડુહડુ અંદર ભરાઈ ગયાં. સઉથી આગાડી સૌભા-ગ્યદેવી હતી તેના ઉપર-તેના હાથમાં-દીકરીએ "ઓ મ્હારી મા રે!" કરી પડતું મુક્યું, અને રોજ માતું ન હતું એવી છળેલી દીકરીને માયે છાતી સરસી ચાંપી લીધી. બુદ્ધિધન અને પ્રમાદધન તેની આસના વાસના કરવા મંડી ગયા. ચાકરોએ પડેલા જમાલને પકડ્યો, ઉશ્કેરાઈ લાતે લાતે માર્યો, અને ચસકે નહી એમ ઝાલી ઉભો રાખ્યો અને મુક્કાબાજી તથા ગડદાપાટુ અજ-માવ્યાં તે તેણે ચુપકીથી સહન કર્યું. કટાર વાગવાથી નવીનચંદ્ર જમીનપર પડ્યો હતો; લોહી ઘણું નીકળવાથી આંખે અંધારાં આવ્યાં હતાં અને બેશુદ્ધ થયો હતો તેના તરફ કોઈની નજર ન હતી. માત્ર માર ખાતો ખાતો પણ જમાલ તેના ભણી એકલો એકટશે જયવંત નજરે જોઈ રહ્યો હતો અને માર ન ગણતાં મનમાં ક્હેવા લાગ્યો કે "જખ મારે છે-સાલા-તું તો લેતો જા."

અલકકિશોરીને જોતો જોતો ખીજાઈને ઓઠ કરડતો કરડતો મનમાં ધુવ-ડને ગાળો દેવા લાગ્યો. અને આખરે દીલાસો લીધો કે ધુળ નાંખી—આટલો સ્પર્શ તો થયો છે ! ઉચ્ચનીચની લ્હડાઈમાં નીચને કાંઈ ખોવાનું નથી, હારે તો કાંઈ જતું નથી, અને એ જેટલું જીતે એટલું ઉચ્ચને એવડું હારવાનું. પાણીને કચરાનો સંગમ થતાં, કચરો ધોવાશે નહી અને ધોવાશે ત્હોયે પાણી તો મેલું થવાનું જ ! એ ઇશ્વરની લીલા છે.

જમાલને સઉ અગાશીમાં ખેંચી ગયાં અને ત્યાંથી નીચે ચોકમાં આણ્યો. પુછતાં પુછતાં ક્હે કે મને તો અલકકિશોરીએ બોલાવ્યો હતો. એ વચન તેના મ્હોંમાંથી નીકળ્યું અને કોઈના કોપનો પાર રહ્યો નહી. ઘણો માર ખાતાં ખાતાં મુસલ્લો ઠેકાણે આવ્યો અને પોતે શા કારણથી કોનો મોકલ્યો આવ્યો હતો તે ખરી વાત ક્હેવા માંડી. ઉપર મેડીના ઉમરાપર સૌભાગ્યદેવી બેઠી હતી અને ખોળામાં અલકકિશોરી હુસકાં ખાતી બેભાન જેવી પડી હતી. કુમુદસુંદરી તથા પ્રમાદધન આસના વાસના કરતાં હતા અને બુદ્ધિધન વિચારમાં ગરક થઈ અગાશીમાં હેરા ફેરા કરતો હતો. બેભાન અવસ્થામાં પણ જમાલના હેઠળથી ઉચ્ચારેલા શબ્દ અલક-કિશોરીના કાનમાં જતા હતા અને **આ સઉ તોફાન એક ઉન્મત્ત અટક-ચાળામાંથી થયું** એવું ભાન આણી તેના મનની વેદના વધારતા હતા. આ વખત સુધી પરાયા ઘરમાં બીચારો પરદેશી નવીનચંદ્ર કોઈને સાંભ-રતો ન હતો અને તે બેભાન પડ્યો રહ્યો હતો તથા લોહી નિરંકુશ વહેતું ર્‌હેવાથી ભાન આવવાનું સાધન ન હતું. અલકકિશોરી પાસે બેઠેલી કુમુદસુંદરી ચારે પાસ જો જો કરતી હતી પણ તેને એ જડતો ન હતો. આખરે તેના શબ જેવા શરીરપર નજર પડી. કાંઈ બ્હાનું ક્હાડી ઉઠી અને ફરવા લાગી. “ એ જ આ ” એમ નિશ્ચય થયો અને તેની અવસ્થા જોઈ અમંગળ શંકાથી અંતર્‌માં ઉંડો ત્રાસ પડ્યો પણ કોઈને ક્હેવાયું નહી. આખરે અંતર્‌ના સગપણે લોકલજ્જાને જીતી અને નસાડી મુકી.

“ અરે—આ—નવીનચંદ્ર કે કોણ પડ્યું છે અહીંયાં ?” પાછું જોઈ એકદમ ઉભી થઈ કુમુદસુંદરી બોલી ઉઠી. પોતાની અવસ્થા ભુલી એક-દમ અલકકિશોરી પણ જાગી ઉઠ્યા જેવી થઈ ઉભી થઈ. પરદેશીએ પોતાના ઉપર કેટલો બધો ઉપકાર કર્યો હતો તે તેના મનમાંથી પળવાર પણ ખસ્યું માટે પસ્તાઈ અને નવીનચંદ્ર ભણી દોડી.

“ ઓ દેવી—ઓ દેવી ! આમને કટાર વાગી છે તે લોહી નીકળે છે. વ્હેલી “ આવ. વ્હેલી આવ.” સઉ ચમક્યાં અને ગયાં. સઉથી અગાડી અલક-

કિશોરી બેઠી. આસપાસ સઉ ભરાઈ ગયાં. કુમુદસુંદરી દીવો લાવી અને બેભાન થયલાના શરીર આગળ ધરી ઘવાયલી જગા જોઈ લીધી. તેના હોંસકોંસ ઉડી ગયા. આંખમાં આવેલાં આંસુ પાછું જોઈ લોહ્યાં. નીસરણીપર સઉ બેઠાં હતાં ત્યાં અજવાળું આવે તેમ, દીવો ગોઠવ્યો, ગભરાયલી પાછી ફરી, નવીનચંદ્રનું મ્હોં જોયું અને કોઈ દેખે નહી એમ કપાળે હાથેલી મુકી અલકકિશોરીના સામી નવીનચંદ્રના શરીરની બીજી પાસ બેઠી.

બુદ્ધિધન અગાશીમાંથી આવ્યો. પ્રમાદધનને ઉતાવળે હુકમ કર્યો કે "ઝટ, જા, એક ચીથરાનો કડકો અને ઘાતેલ લાવ." સીપાઈને હુકમ કર્યો કે "જા વૈદ્યને બોલાવ." મુંબાઈથી ઘાતેલ આણી ઘરમાં મુક્યું હતું, પણ તેની માહિતી પ્રમાદધનને ન હતી. તે આમતેમ ફાંફાં મારવા લાગ્યો.

"ક્યાં છે ઘાતેલ? કેવું છે એ?"

એકદમ અલકકિશોરી ઉઠી. ઘરનો કારભાર તેનો હતો. ઘાતેલ શોધી ક્હાડ્યું અને ભાઈ પાસે નામ વંચાવી શીશી આણી, પણ ચીથરું ન મળે. મ્હોટાંનાં ઘરમાં ચીર હોય, ચીથરાં શોધ્યાં ન જડે; ખોળાખોળ થઈ રહી. બુદ્ધિધન ચ્હીડાયો.

"લાવોને, એક ચીથરું ખોળતાં કેટલી વાર?" તેણે પોતે હોડેલા ધોતીયા સામી નજર કરી અને ફાડવાનો વિચાર કર્યો. તે પ્હેલાં તો કુમુદસુંદરીએ પોતે પહેરેલા સાળુમાંથી ચીંદરડું ક્હાડ્યું અને તેના ચરડકા ભણી કાન જતાં બુદ્ધિધને એણીપાસ નજર કરી. બાઝીના ઉપચાર બુદ્ધિધન અને પ્રમાદધને મળી કર્યા. વૈદ્ય પણ આવી પ્હોંચ્યો. સવાર સુધી આ જ ઉદ્યોગ ચાલ્યો. નવીનચંદ્રને ભાન આવતાં ઝાઝીવાર ન લાગી. પરંતુ એ નક્કી થયું કે અમાત્યના ઘરમાં કેટલાક દિવસસુધી એણે પથારીવશ ર્‌હેવું, તેને ઉચકીને સઉ તેનાવાળી મેડીમાં લેઈ ગયા. તેની બરદાસ સ્વાભાવિક રીતે કિશોરીને માથે પડી.

જમાલનો ભેદ વધારે જાણવા–તેનો વિશેષ ઉપયોગ કરવા–અવસર આવ્યો. એણે કરેલું કામ એ ને એ રૂપમાં પ્રસિદ્ધ કરવું એ પોતાની ફજેતી કરવા જેવું હતું. સમરસેન રજપુત બુદ્ધિધનનો વિશ્વાસુ સીપાઈ હતો. એજંસીમાંથી એનો અને બુદ્ધિધનનો પ્રસંગ થયો હતો અને બસ્કિન્ સાહેબના ખરેખરા કોપમાંથી ઉગારી લેનારનો રજપુત અંતઃકરણથી બદલો વાળવા ઈચ્છતો. સુવર્ણપુરમાં એક મ્હોટું દરબારી મકાન સચવાય કરી તેની એક ઓરડી ર્‌હેવાને સમરસેનને અપાવી હતી. આ મકાનમાં એક ભોંયરું હતું. તેમાં છાનોમાનો જમાલને લેઈ જઈ પુરવો એવો હુકમ થયો.

કુમુદસુંદરીએ દ્રૌપદીનું કામ કર્યું. હજી **નવીનચંદ્ર** તે **સરસ્વતીચંદ્ર** કે બીજો તે બાબત તેની ખાતરી થઈ ન હતી, પરંતુ બળવાન કલ્પનાને મનોવૃત્તિ અનુસરી. ફાડેલું લુગડું તેણે જુદું રાખી મુક્યું–સાચવી મુક્યું.

"ભાભી, જાઓ. સુઈજાઓ ! હું ને દેવી આ ખટપટ કરીયે છીયે."

પરપુરુષ થયલાપર પક્ષપાત ન જણાવવો એ કર્ત્તવ્ય હતું. બળાત્કારે પાછી ફરી કુમુદસુંદરી પોતાની મેડીના બારણામાં જઈ ઉભી.

"હવે બધાં છે. આપણે હવે શું કરવાનાં હતાં ?" કરી **પ્રમાદધન** ઉઠ્યો, સઉની નજર ચુકાવી બારીમાં ઉભેલી કુમુદસુંદરીને ગળે હાથ નાંખી મેડીમાં ખેંચી લીધી અને બારી અડકાવી દઈ બાકી રાતનો પ્રહર પલંગપર ગાળ્યો. તેની સાથે સુતેલીનું ચિત્ત જોડની મેડીમાં હતું અને જે કાળ પતિયે નિદ્રા-વિલાસમાં ગાળ્યો તે જ કાળ પત્નીએ ગુપ્ત ઈશ્વરપ્રાર્થનામાં આંખો મીંચી ગાળ્યો. કાંઈક ઉંઘ આખરે આવી તેમાંથી, પ્રાતઃકાળ થયો ત્યારે, ગજેન્દ્રમોક્ષ ગાતી ગાતી ઉઠી અને **નવીનચંદ્રને** સાવધાન જોઈ રાજી થઈ.

---

## પ્રકરણ ૧૦.

### ખટપટનાં શસ્ત્ર અને કારભારીઓની યુદ્ધકળા.

નવીનચંદ્રની ચિંતા **અલકકિશોરીને** માથે પડી. **મૂર્ખદત્ત** આવતો જતો અને ખબર લેતો વૈદ્ય ઔષધ કરતો. ચાકરો ચાકરજોગ કામ કરતા. **સૌભાગ્યદેવી** નીચે રહી પુછપરછ કરી તપાસ રાખતી અને દિવસમાં એકવાર ઉપર આવી સમાચાર પુછી જતી. **પ્રમાદધન** 'ન્યુસ્પેપર' વાંચી જતો અને જતાં આવતાં ફેરો ખાતો ને મિત્રમંડળ સાથે પથારીની આસપાસ બેસી ગામગપાટા ચલાવતો. **બુદ્ધિધન** પણ નિત્ય આવી પથારીમાં બેસી કાંઈક વાતો કરી જતો અને વૈદ્યને હુકમ આપ્યો હતો કે રોજ સમાચાર કહી જવા. કોઈપણ બીજું હાજર હોય તે વખતે કુમુદસુંદરી આવવાનો પ્રસંગ ભુલતી નહી, આવી આઘે રહી કુશળ વર્ત્તમાન જોઈ જાણી આનંદ પામી પાછી જતી, અને જોડની મેડીમાં બેસી કોઈની સાથે પણ **નવીનચંદ્ર** કામની કે નકામી કાંઈ પણ વાતો કરે તે રસથી સાંભળતી. ત્રાહીત પુરુષો જોવા ન આવ્યા હોય ત્યારે ઘણું ખરું **અલકકિશોરી** એકલી હોય તોપણ પથારી પાસે બેસી રહેતી, ઉપચાર કરતી, નિર્દોષ વાતો કરતી, અને ભાભીને કે જે કોઈ હોય તેને અને તો વાતોમાં ભાગ લેવા બોલાવતી. કોઈ વખત નણંદ, ભોજાઈ, અતિથિ, અને **પ્રમાદધન** ચોપટ રમતાં. અતિથિ

ઘરના માણસ જેવો થોડા કાળમાં થઈ ગયો અને તેની પ્રકૃતિ સુધરતી ચાલી. તેને પરાયા ઘર જેવું લાગતું બંધ થઈ ગયું. અમાત્યના ઘરમાં આ શાંતિ વર્તતી હતી તે જ સમયે દરબારમાં ખટપટ જામી રહી હતી અને તે નજરે જોવા શક્તિ ન હોવાથી નવીનચંદ્ર પોતાને હીનભાગ્ય સમજતો હતો. વાયે વાતો ઉડતી હતી અને એની પાસે કાંઈ કાંઈ તડાકા ચાલ્યા આવતા હતા.

જમાલવાળા બનાવથી બુદ્ધિધનનું માથું ફરી ગયું હતું અને એ બનાવનું મૂળ દેખાતું હતું તેથી વધારે ઉંડું એ કલ્પતો. ભોંયરામાં પુરેલો જમાલ ન જડવાથી તેની તપાસ છાનીમાની ચાલી રહી હતી અને ચિંતામાં પડેલી અલકનંદાયે એ તપાસ કરવા પોતાના ભાઈને કંઈ કંઈ નિમિત્તે ઉશ્કેર્યો અને કંઈ કંઈ કાર્યોમાં પ્રેર્યો. બુદ્ધિધને આ પરિણામ કલ્પી મુક્યું હતું અને તે પરિણામનાં પરિણામ પોતાનાં ઇષ્ટ કરી દેવા તત્પર હતો. શઠરાય સાથે મેદાનમાં ઉઘાડાં પડવાનો દિવસ તેની દૃષ્ટિમર્યાદાની ભાગોળ આગળ ભમતો દેખાયો. માતુઃશ્રીને અને સૌભાગ્યદેવીની પવિત્રતાને આપેલા અપમાનથી ઉત્પન્ન થયેલો વૈરનો તનખો હોલાઈ ગયો ન હતો અને શઠરાયની ખટપટે તેને જાગૃત રાખ્યો હતો અને ધીકધીકતા અંગારા જેવો બનાવી દીધો હતો. અલકકિશોરીએ ખમેલા અસહ્ય અપમાનથી આ અંગારા ઉપર ઘી હોમાયું અને ભડકો થયો. શઠરાયના કુટુંબ અને કારભારની આસપાસ બુદ્ધિધનની બુદ્ધિરૂપ વાયુ આ ભડકાને ફેલાવી દેતો હતો. એ આગ ચારે પાસ ફરી વળશે અને વચમાંની વસ્તુ બળી રાખ થઈ જવાની એ પ્રસંગ એકલા પડ્યા બુદ્ધિધનની દૃષ્ટિ આગળ આવતો દેખાયો. તેની પાછળ અમાત્યનો પોતાનો મધ્યાહ્નકાળ ઉભો લાગ્યો. અનાથ વિધવાના ગરીબ અને બાળક દીકરા બુદ્ધિધનના વૈરભાવના આવેશને મંદવાડના લવારામાં ગણનાર પણ હેતસ્વી દયાશંકર ઘણા વૃદ્ધ અને જર્જરિત બની જીવતા હતા તેમણે હસી ફ્હાડેલી વાતનું મહાપરિણામ તેમને પ્રત્યક્ષ કરાવવાનો સમય આવેછે એવું બુદ્ધિધનને લાગતું અને તેથી એક જાતનો આનંદ મળતો. માતુઃશ્રી આ સમયે હત તો ! તે કેટલું અનુમોદન કરત ! તે આજ નથી એવું ભાન આવતાં પોતાનો આનંદચંદ્ર નિષ્કલંક નહી ઉગે એવો કોઈક વખત તેને વિચાર થતો. પરંતુ માતાનું શ્રાદ્ધ–તર્પણ પુરું કરી દેવાના અવસરે દીકરાની વૃત્તિયો જબરી ઉછળવા લાગી. એ તોફાની વૃત્તિયોના સાગરમાં પોતાની 'પ્રિય પુત્રીને' થયલા અપમાનરૂપી વાયુએ ખટપટનાં મોજાંને ઉંચા ઉછાળવા માંડ્યાં અને જે રાત્રે, પકડાયલો જમાલ ચોકમાં માર ખાતો હતો, અને અલકકિશોરી પરસાળની મેડીપરના ઉમરાપર માના ખોળામાં પડી

પડી ડુસકાં ભરતી હતી, તે વખત અગાસીમાં હેરાફેરા કરતો બુદ્ધિધન ભ્રૂકુટિ ચ્હડાવી, મુછપર હાથ નાંખી, બોલી ઉઠ્યો હતો કે "સંભાળજે ! "શઠરાય ! હવે હું અશસ્ત્ર નથી ! એ તો હું !" બુમાબુમમાં આ શબ્દ કોઈએ સાંભળ્યા ન હતા. અંધારામાં ભ્રૂકુટિ ચ્હડેલી કોઈએ દીઠી ન હતી.

આમ અમાત્યનું મગજ ચકડોળે ચ્હડ્યું હતું અને દિને દિને વધારે વધારે સ્હેજસ્હેજ નિમિત્તથી ચ્હડતું હતું. એક દિવસ તો પ્રાતઃકાળમાં ઉઠ્યો. દેવી રોજ વ્હેલી ઉઠતી હતી પણ આજ કાંઈક મોડી ઉઠી અને બુદ્ધિધન પ્હેલો ઉઠ્યો; પથારીમાં બેઠો થયો; પતિવ્રતાના મુખસામું જોઈ રહ્યો; તેને પ્હોંચેલા અપમાનનું વેર લેવાયું નથી અને તેથી પોતે હજી દેવાદાર છે એમ મનમાં લાગ્યું. કમળની પાંખડીયો પેઠે બીડાયેલી નાજુક આંખો, ઉશીકાની આસપાસ વેરાયલા છુટા લાંબા કાળા કેશ, ચળકતું ભવ્ય કપાળ, પક્વ-બિમ્બાધરનું સંપુટ, અને ઉજાસ મારતા લોલાવતા કોમળ ગાલઃ સર્વ જોતાં મનોવૃત્તિ લલચાઈ, ન્હાની ઉમ્મરના અને આજના દેખાવમાં ફેર લાગવા છતાં સુંદરતા કમી લાગી નહી અને પોતાના અંતઃકરણમાંથી વ્હાલની સેર વધારે જોસભેર વછુટી. વૈર લેવાયું નથી ત્યાંસુધી આ સર્વ વ્હાલ લુખું અને ઠગાઈભરેલું લાગ્યું. એ કલંક પોતાને માથેથી એકદમ ઉતારવા ઠરાવ કર્યો અને મનમાં ને મનમાં દેવીને વચન આપી, હાથ ઉંચો કરી બોલી ઉઠ્યો; "દેવી, મને બાયલો ધારીશ નહી ! હવે,

"રણવચ્ચે પડે બુમડી ત્યાં જોજે મારો હત્થ !"[1]

એમ કહી હસ્યો, દેવીના મ્હોં સામો બરોબર ફર્યો. હાથવતે ગાલસંપુટ સાહી–ડાબી–નીચો પડ્યો અને લાંબા કરેલા ઓઠદ્વારા નિદ્રાવશ ઓઠમાં, ને ઓઠમાંથી મગજમાં આત્મામૃત રેડ્યું. દેવી જાગી, અમૃત-પાનથી સ્મિતમય બની અને પ્રત્યાઘાતરૂપ તેના મનહર સાકાર વિકારને મંગળ શકુન ગણી–સત્કાર આપી–બુદ્ધિધન ઉઠ્યો. અને કર્ત્તવ્ય કામનાં વૈરભાવ વગેરે સાધનોમાં ઉત્સાહ ઉમેર્યો. કારભારી થવાના ઉત્સાહની ગંગામાં આ ઉત્સાહનદી વેગથી ભળી.

આણીપાસ શઠરાયે પણ બુદ્ધિધનને દૂર કરવા ઠરાવ કર્યો હતો. ઘણા વર્ષ સુધી એણે કારભાર કર્યો હતો અને નિષ્કંટક સત્તા ભોગવી હતી. કંટક રાખવો નહી એ તેનો નિશ્ચય હતો. ભૂપસિંહનો ડર હવે તેના મનમાંથી જતો રહ્યો હતો, પરંતુ બુદ્ધિધનની બ્હીક તેને લાગવા માંડી. બ્હીક તો મૂળથી જ હતી. પરંતુ રાણાની બ્હીક હતી ત્યાંસુધી અમાત્યની બ્હીક જણાઈ પડતી ન હતી. ભૂપસિંહ પોતાની પાસે શૂન્ય જેવો વસતો અને માત્ર

---

૧. ભવાઈસંગ્રહ–સુરા સામળો.

બુદ્ધિધન કાળ જેવો લાગતો. એ કાંટો ક્હાડી નાંખવો અને તેમ કરવામાં ભૂપસિંહ પ્રતિકૂળતા બતાવે તો તેનું પણ ઓસડ કરવું એ સર્વ લક્ષ્યનાં સાધન શઠરાય ચલાવતો હતો.

એક મ્યાનમાં બે તરવારો કોઈએ ઠેકાણે સમાઈ સાંભળી નથી. જ્યાંસુધી બુદ્ધિધન અને શઠરાય એકબીજાને નમીને ચાલતા હતા ત્યાંસુધી સર્વ સમું ચાલ્યું, પરંતુ,

"અભિલાષી એક બાતકો યામે હોત વિરોધ."

વિરોધ તો ગુપ્ત હતો જ, પરંતુ જુનો સમો બદલાયો અને બુદ્ધિધનને પોતાનો પાયો સ્થિર લાગ્યો એટલે દેખીતી ઈમારત ચણવાનો પ્રસંગ આવ્યો. એનો તનમનાટ શઠરાય કળી ગયો. બુદ્ધિધનની જ બુદ્ધિથી ભૂપસિંહ શઠરાયના હાથમાં જતો જણાયો, અને શઠરાયે તેમ જાણ્યું અને ધાર્યું કે ભૂપસિંહ બુદ્ધિધનનાથી પુરો જુદો પડતાં વાર નહી લાગે. બુદ્ધિધન જેવા ચાંચણને મસળી નાંખવામાં એને કાંઈ મુશ્કેલી લાગી નહી. ખટપટમાં તે અનુભવી હતો. ઘણી કળાઓ તેને આવડતી હતી. ફલાણું કામ કરતાં ચિત્ત અટકે એમ ન હતું. ઘણી મીલકત અને ઘણાં માણસ તેનાં પોતાનાં હતાં. ભૂપસિંહની કૃપા, ઈશ્વરે આપેલી બુદ્ધિ અને તેથી મળેલાં ફળ, થોડાંક પણ સાચાં માણસો, અને સાધારણ દ્રવ્ય: એટલામાં બુદ્ધિધનનાં સાધનોનો સમાવેશ થઈ રહ્યો હતો.

સંસ્થાનનો વડો ન્યાયાધીશ શઠરાયનો ભાઈ કરવતરાય હતો. અમાત્ય થયા પછી કરવતરાયના ફેંસલા ઉપર ભૂપસિંહ પાસે અપીલો જતી અને એની જોડે અમાત્ય બેસતો અને અમાત્યના જ કહ્યા પ્રમાણે થતું. આ કામ કરવાનો સમય બપોરનો રાખ્યો હતો. તે વખતે સ્વાભાવિક રીતે રાણાને અને અમાત્યને એકલાં પડવાનો પ્રસંગ આવતો. પ્રથમ તો બુદ્ધિધન ઝાઝું વચ્ચે ન પડતો પણ આખરે ઉઘાડાં પડવાનો પ્રસંગ વધારે વધારે પાસે આવ્યો તેમ તેમ કરવતરાયના ફેંસલા ફરવા માંડ્યા અને એમ થયું એટલે એને મળતી દક્ષિણા પણ ઓછી થઈ. આ હુમલાની ખબર શઠરાય પાસે જતાં તેણે ઔષધ શોધવા માંડ્યું. કલાવતી કરીને એક નાજુક, પાતળી, ગોરી, અને સુંદર ગાનારી નાયકાને દુષ્ટરાયે મુંબાઈથી આણી સુવર્ણપુરમાં વસાવી હતી. તેને એક દિવસ દરબારમાં ગાવા આણી. રાણાને ગાયન ગમ્યું અને હળવે હળવે દરબાર વેરાઈ જાય તો પણ શીખવી મુકેલા દરબારીયોની સૂચનાથી તે વધારે વાર બેસતી અને રાણો ના ન ક્હેતો. મંડળ થોડું હોય ત્યારે એનાં ગાનનાં વખાણમાંથી શરીરનાં વખાણની વાત ક્હાડવામાં

આવતી. મૂર્ખ રાણો તે પ્રીતિથી સાંભળતો, અને આઘે બેસી ગાતી હોય અથવા ઉભી ઉભી ફરતી ફરતી નાચતી હોય તે વખત તેનાં જાણી જોઈ નિર્લજ્જ અવસ્થામાં રહેતાં આવી જતાં અવયવો ઉપર રાણાની આંખ લાચાર બની ઠરતી. તોપણ બુદ્ધિધનની બ્હીકે તે ઝાઝું ન બોલતો. એમ કરતાં એક દિવસ તો ખાનગીમાં—બુદ્ધિધનની ગેરહાજરીમાં–તેણે એની ખુબી વખાણી અને શઠરાયે પોતાનો કરી મુકેલો મ્હાવો ખવાસ હાજર જ હતો તેણે સમયસૂચકતાથી કલાવતીને મહારાણાની સેવામાં હાજર કરવા માથે લીધું. રાણાએ ના ન કહી અને એક દિવસ બપોરે તેને રાજમ્હેલમાં આણી–રાજમ્હેલ અપવિત્ર કર્યો–સુવર્ણપુરના રાણાના શરીરને દૂષિત કર્યું–તેના મનને ભ્રષ્ટ કર્યું અને સુવર્ણપુરની પ્રજાને માથે અતિ નીચ શોક્ય લાવી બેસારી. બપોરે ન્યાયનું કામ કરવા બેસવું તે ભૂપસિંહને વસમું લાગવા માંડ્યું. હજુરીયો તે વાત સમજ્યા. ખાનગી કારભારી નીચદાસે વાત ક્‌હાડી, "રાણાજી, આપને કાંઈ ઈશ્વરે આ વૈતરા સારું સરજેલા "નથી. કરવા દ્યોને અમાત્યને જ એ કામ." અમાત્યને કોણ ક્‌હે? નીચદાસે શઠરાયને સમાચાર કહ્યા. બુદ્ધિધનના દેખતાં શઠરાયના શીખવી મુકેલા જગાભાઈ ચારણે પ્રસંગ આણી કવિત ગાયું.

"ભલો ભલો ભૂપ, ભૂપ, ગુણ રૂપ બે અનુપ,
"રાતદિન રાજકાજના જ સાજમાં જ આજ
"ચિત્ત વિત્ત સર્વ દીધ, રીધ સીધ એ જ કીધ,
"મોજશોખ ને વિલાસ છોડી દીધ છે વિહાર!
"ભલો ભલો ભૂપસિંહ! થા તું હવે સિંહ, સિંહ!
"દિવસમાંહીં એક વાર હોય તાહરે શીકાર!
"રુડી ઘટા ઘાડીવાળી ઝાડીમાંહીં ર્‌હેવું દ્‌હાડી—
"એ જ મૃગરાજ તાજ, રાજને શું બીજું કાજ?"

"ભલો, ભલો, ભૂપ ભૂપસિંહ!" કરી ચારણે હાથ જોડ્યા અને બોલ્યો: "દીનાનાથ? મ્હારા જેવાને ય રાત દિવસ વૈતરું ને આપના "જેવાને ય વૈતરું–એ કાંઈ હોય?"

બુદ્ધિધન જરીક ચમક્યો અને વ્હેમાઈ ચારણ સામું જોઈ રહ્યો. ચારણે નજર ચુકાવી.

શઠરાય: "ત્યારે જગાભાઈ, રાજકાજ ન કરે તો બેસી ર્‌હે! શું "ઈનસાફ ન કરે?"

જગાભાઈ: "ઓય, ઓય, બાપજી, જ્યારે એ કડાકુટો યે રાણોજી "કરશે ત્યારે આવા વિશ્વાસુ અમાત્ય શું કરશે?"

આવી આવી વાતોથી પત્થર ઘસાયો અને ભૂપસિંહનો જીવ કામ-કાજમાંથી ઓછો થયો. બપોરે બુદ્ધિધન આવે ત્યારે રાણો ક્‌હાવે કે “ ચાલતું કરો, હું આવું છું.” આખરે આવે અને કાગળપર બે લીલાડાં તાણી આપે–બુદ્ધિધન સઉ જોયાં કરતો. પોતાનાપરથી ભાવ ઉઠી શઠ-રાયપર થયો ન હતો પણ તેમ થવાનો આ રસ્તો હતો. કલાવતી રોજ બપોરે આવતી તે એને માલમ પડ્યું. કલાવતીનો ઇતિહાસ માલમ પડ્યો. બપોરે રાણાને ત્યાં એ ને રાત્રે એને ત્યાં દુષ્ટરાય એમ થતું. રાણો પઈસા ખરચે એટલે દુષ્ટરાય વગર પઈસે મોજ માણતો. મેરુલાને પણ ગમત થઈ. એ નરભેરામની પાસે ફુલ્યો ને નરભેરામે અમાત્યને બધી વાત કહી. હળવે હળવે રાણો નષ્ટ થયો અને સેવા કરવાને બ્હાને રઘી ખવાસણ, રાણો ને કલાવતી એકાંતમાં હોય તે સમયે હાજર ર્‌હેતી. રઘી કલા-વતીની પણ સેવા કરતી અને એની માનીતી થઈ પડી હતી. મ્હાવાસાથે એને સંબંધ હતો, અને એ લુચ્ચો છતાં બધી વાતો એને મ્હોંયે કરતો. મ્હાવો લંપટ હતો અને રઘી પઈસાની અને ઘરેણાંની લોભી હતી. મ્હાવો લુચ્ચો હતો પણ રઘીની પાસે ગરજ વખતે મૂર્ખ બની જતો. રઘી મૂર્ખ હતી પણ રમતીયાળ હતી અને મ્હાવાને ગરજ હોય ત્યારે ચેતતી અને એને ઠગતી, ધમકાવતી, લુટતી, અને ફાવી જતી. બે જણને મ્હેલમાં યથેચ્છ વર્તવા પુષ્કળ સગવડ મળતી; મ્હોટાનાં ઘર એવાં જ હોય છે. શઠરાયના ઘરમાં રઘીને સઉ ખેલાવતાં અને ખેલાવ-નારમાં અગ્રેસર નરભેરામ હતો. નરભેરામે રઘીને છાનાંમાનાં શીખવ્યું કે “ રાંડ, જાને, રાણો ને કલાવતી હોય ત્યારે જઈયે ને બધી જાતની “ ચાકરી કરીયે. એમાંથી પઈસાવાળી થઈશ ને કોઈ દ્‌હાડો રાણાની “ રાણીયે થવાય !” રઘીએ આ ખરું માન્યું અને તેનું ફળ આપણે જાણીયે છીયે. નરભેરામનો રઘી ઉપકાર માનતી અને બધી વાતો સાંભળતી તે નરભેરામ કલાવે એટલે કહી દેતી. એક મ્હાવાએ કરેલી વાતો એ કોઈને ક્‌હેતી નહી. નરભેરામે એક દિવસ કહ્યું. “ રાંડ, “ મ્હાવો ત્‌હારો ક્યારે કે એની વહુને રાણીએ નથડી આપી છે તે તને “ આણી આપે તો. ગમે એટલું પણ તું તે રાખ–રાખેલી.” રઘી ઉત્સાહ આણી ઉછળી બોલી: “ હા, હા, એ તો હું આણું.” નિષ્ફળ થઈ. મ્હાવાને વહુ પાસેથી મળે એમ હતું નહી. મ્હાવે બ્હાનું ક્‌હાડ્યું અને રઘીને સમઝાવી. પણ રઘીએ માન્યું નહી. નરભેરામે ફુલીને કહ્યું: “હં, “ લેતી જા. મ્હારો મ્હાવો–મ્હારો મ્હાવો–તે ત્‌હારો નહી નીવડ્યો હોય ! “ વખત આવ્યે સઉ જણાય.” મ્હાવાનો સંબંધ તો રઘીથી તુટ્યો નહી. પણ

જીવ જુદો થયો. મ્હાવાની વાતો થોડી થોડી નરભેરામ પાસે કરવા માંડી. રાણાને રણજીત નામનો ચોબદાર હતો. તેને આંખ એક જ હતી. મેરુલાના પ્હેલાં એને રુપાળી સાથે સંબંધ હતો. દુષ્ટરાયને માલમ પડવાથી એનો ઘડોઘાટ કરવાનો વિચાર થયો હતો. જડસિંહના વખતમાં પોતે લીલાપુર ગયો તે પ્હેલાં બુદ્ધિધનને શઠરાયને ત્યાં જવાનો પરિચય હતો ત્યારે આ વાત કાને આવ્યાથી બુદ્ધિધને રણજીતને ચેતાવ્યો હતો અને ઉપાય બતાવ્યો હતો. તે ઉપરથી રણજીત શઠરાયને મળ્યો અને ફરીયાદી કરી કે "સાહેબ, દુષ્ટરાયજીની પાસે મ્હારા વૈરીયો ખોટું ખોટું ભરવે છે, "માટે કૃપા કરી મ્હારી બદલી કરો; ત્યાં રાખવો હોય તો હું રજા લઉં છું." દુષ્ટરાયથી ખરું કારણ ક્‌હેવાયું નહી અને 'મુવો, છો બીજે ઠેકાણે જતો' કરી હરકત ન કરી. એ બદલીમાંથી આખરે રણજીત ચોબદાર થયો. તે હજી બુદ્ધિધનનો ઉપકાર માનતો હતો અને અંદરથી એના પક્ષમાં હતો. બુદ્ધિધને સમરસેનપાસે શીખવાવ્યું અને રણજીતે રઘી જતી આવતી હતી તે વખત મશ્કેરી કરી અને એમ કરતાં કરતાં એનો સંબંધ થયો એટલે મ્હાવાની બધી વાતો કુટવા માંડી. રઘી રાણીયોની પણ માનીતી હતી. નરભેરામ અને રણજીત એની કમાન બુદ્ધિધનની બુદ્ધિ હતી અને એ બુદ્ધિના બળથી રાણાનો મ્હેલ, અંતઃપુર, અને દરબાર બુદ્ધિધનને મન પારદર્શક થઈ ગયાં હતાં. કલાવતી અમાત્યને પોતાના હાથમાં લાગી અને તેની કરેલી રજેરજ વાત પોતાની પાસે આવતી. હજીસુધી શઠરાયે તેને રાણાના બીગાડ શિવાય બીજા પ્રપંચની સહાયભૂત ન્હોતી કરી, કારણ તે કરવાનો સમય આવ્યો લાગ્યો ન હતો. એમ કરતાં કોઈ કોઈ વખત તે ક્‌હેવા લાગી, "હવે અમારા ધંધો પડ્યો "એટલે અમે વગોવાઈયે. અમને સારાં ક્‌હેવડાવે એવી સ્ત્રીયો "અંતઃપુરમાં ક્યાં નથી હોતી?" "કર્ણદોષ થયો છે–ખરું ખોટું "ઈશ્વર જાણે, રાણીયોની વાતો કોણ કરી શકે?" "રાજબાની વાત "સાંભળવામાં આવી છે." એમ ક્રમે ક્રમે ચ્હડી.

આખરે નરભેરામે કાગળ આપ્યા તે લેઈ સવારના પ્હોરમાં બુદ્ધિધન દરબારમાં ગયો અને રાણાના ખોળામાં કાગળો નાંખ્યા. કંઈક આંસુભરી આંખે બોલ્યો; "રાજબાને મ્હેં માતુઃશ્રીને ઠેકાણે ગણ્યાં છે. "આ કાગળો જોઈ મને કંપારી વછુટે છે. એ કાગળ વાંચી લ્યો. શઠરાય "મ્હાવા મારફત તમને બતાવશે. તમારા મનમાં લેશ પણ વ્હેમ હોય તો "મને ક્‌હેજો. હું રાજીનામું આપી તમને આશીર્વાદ આપી તમારી ચ્હડતી "જોઈ રાજી રહીશ." રાણાને દયા આવી અને ઉઠી જુના મિત્રનાં આંસુ

લ્હોંઈ બોલ્યો; "બુદ્ધિધન, તમારો મ્હારે પૂર્ણ વિશ્વાસ છે. તમારે લીધે મ્હારા
" આ દિવસ છે. આ તરકટી કાગળો મ્હારી પાસે આવવા દો. આપનારને
" હું ફાંસીયે ચ્હડાવીશ. શા વાસ્તે તમે શઠરાયનો ઉપાય કરતા નથી ?"

કાગળો લઈ બુદ્ધિધને શીખામણ આપી: " આ કાગળો મ્હાવો
" આપે ત્યારે લેજે. માનતા હો તેમ જણવજે. મ્હારાપર દ્વેષ જણવજે
" અને શઠરાયના હો તેમ બ્હારથી ચાલજે." બીજી જોઈતી સૂચના
આપી અમાત્ય ઘેર ગયો.

મ્હાવાયે બપોરે કાગળો રાણાને આપ્યા. રાણો કોપાયમાન દેખાયો, બુદ્ધિધનને પાયમાલ કરવાની ગર્જના કરી, શઠરાયને બોલાવ્યો, સઉ વાત કહી, શઠરાય મનમાં ફુલ્યો, અને વચન આપ્યું કે એ બુદ્ધિધન-નું મ્હોં તમારે જોવું ન પડે એમ કરી આપું. રાણો ક્હે " અમાત્યનું
" કામ માથે લેવા કોઈ માણસ તૈયાર રાખો અને આપણું ધાર્યું થાય
" ત્યાં સુધી અમાત્ય જાણે નહી એમ કરજો." કારભારી વિચાર કરી ક્હે;
" નરભેરામને આપની સાથે હજુર સેક્રેટરી કરી રાખો. બુદ્ધિધનની
" પ્રથમ જગા એ જ હતી. એને નીમશો તો અમાત્ય વ્હેમ નહી
" ખાય ને નરભેરામ તરત સઉ કામ શીખી જશે." એ પ્રમાણે થયું.

બે ચાર દિવસ પછી ચૈત્રી પડવો હતો. તે દિવસે દરબાર ભરાવાનો ત્યાં સઉ ખેલ રચવાનું નિર્માણ થયું. બુદ્ધિધને પઈસા ખાધેલા—ન્યાયમાં કુંડાળાં વાળેલાં–તેની ચાડી ખાવાનું ભારેખમ પણ બેશરમ ગર-બડદાસે માથે લીધું. મ્હાવાનો ભાઈ ખોડો થોડા દિવસ લીલાપુર ટપાલખાતામાં હતો તેણે રાજખાવાળા કાગળો ઉઘાડા કરવાનું માથે લીધું. તેણે પોતાની પાસે કાગળો શી રીતે આવ્યા તેની હકીકત જોડી ક્હાડી. રાજખાની વાતમાં સાક્ષી પુરવાનું નરભેરામને માથે પડ્યું. રાણો ગુસ્સે થાય અને હુકમ કરે કે દુષ્ટરાયે બુદ્ધિધનને પકડવો અને એનું ઘર જપ્ત કરવું એ નક્કી થયું. રાણાને માથે કામ નાંખવામાં આવ્યું કે બુદ્ધિધનને માથે આવેલા ચાર્જનો ઈનસાફ કરવતરાયને સોંપવો. દુષ્ટરાયે રાણાના કાનમાં કહ્યું " બુદ્ધિધનને પકડ્યો એટલે એના ઘરનાં
" ત્રણે બઈરાંને આપની પાસે લાવીશું. બહુ દેખાવડાં છે." રાણાને કંપારી છુટી પણ મનોવૃત્તિ સંતાડી. દરબારમાંથી નીકળ્યા પછી રસ્તામાં જ શઠરાયે કરવતરાયના કાનમાં વાત કરી; " ત્હારે માથે વળી શું કરવા
" જોઈયે ? પોલીટીકલનું લફરું આવી બેસે. રણજીત, મ્હાવો, ને એ બધાંને
" સમઝાવીશું એટલે છાનીમાની કાશ ક્હાડશે. લોક જાણશે એણે
" આપઘાત કર્યો. રાણાને કહીશું કે રાજખાની કોર્ટમાં ફજેતી થતી

"અટકી. ઠીક પડશે. ટુંકું ને ટચ." પાપમાં વૃદ્ધ થયલાને આ વિચાર ખુંચ્યો સરખો નહિ. "બુદ્ધિધન મુવો, રાણો કલાવતીમાં પડ્યો, અને રાણીયોને એક છોકરો કરી આપીશું–એટલે પછી બીજું શું જોઈએ?" રાણાની દાસીયોમાં બે ત્રણ સગર્ભા રાખી કે ઝપ લઈ અદલાબદલી થાય અને જડસિંહની રાણીની બાબતમાં થયું એમ ન થાય. શઠરાયની ખાતરી થઈ કે હું અને મ્હારા પછી દુષ્ટરાય એના કારભારનો તો બ્રહ્માએ લેખ કરી આપ્યો–રાણીને ખોટો છોકરો એટલે છોકરો ને મા બે જણ હાથમાં! પરણ્યા પ્હેલાં સીમંતના વિચાર થઈ ગયા!

ચૈત્રી પડવે નવું વર્ષ તેમ રાણાનો જન્મદિવસ હતો. બે દરબાર, એક સવારે અને એક સાંઝે, એમ ભરાતા. સવારના દરબારમાં બુદ્ધિધનને પદવી-ભ્રષ્ટ કરવાનું ઠર્યું. એ દરબારમાંથી પાછો નીકળે તે જ સમયે સીપાઈયોને સ્વાધીન કરવાનું પણ નક્કી થયું. દુષ્ટરાયને આ બાબતમાં કેટલીક ગોઠવણ કરવાની આવી અને તેને કહ્યું કેઃ "ત્હારા સીપાઈયો થોડીકવાર એને માન "આપી એની સાથે ચાલે અને એને છુટો ફરવા દે એમ રાખવું; દરબારની "પાછળના ભાગમાંથી એને લેઈ જવો." દરબારની પાછળ મ્હોટો બાગ અને તેમાં ગલીકુંચીઓ હતી. તે ગલીકુંચીઓઉપર વેલા ચ્હડાવી અંધારી જગા કરવામાં આવી હતી અને પક્ષીઓ રાખવામાં આવેલાં હતાં. જડસિંહના વખતમાં તેની રાણીયો, દાસીયો, કારભારીયો, અને બીજા હજુરીયોનાં એમાં જુદે જુદે સ્થળે સંકેતસ્થાન થતાં. પાછળ એક શિવાલય હતું તેમાં દર્શન સારું આવેલી સ્ત્રીયોને, ફોસલાવી, લલચાવી, ધમકાવી, છેતરી અને કોઈ કોઈ વખતે તો ઉંચકી આણી, આ ગલીયોમાં ગુંચવવામાં આવતી અને સર્વ ભ્રષ્ટ મંડળમાં જડસિંહ પણ તે લાચાર સ્ત્રીયો સાથે અનાચાર કરવા-માં ભળતો. ભૂપસિંહ આવ્યા પછી બુદ્ધિધનના દોરથી આ સઉ બંધ પડ્યું હતું. અને એ રસ્તો માત્ર કલાવતીને જ કામમાં લાગતો. એ ગલીઓ-ના મધ્યભાગમાં એક ન્હાનું પણ પાતાળપાણીવાળું ઉંડુ તળાવ હતું. બુદ્ધિ-ધનને એણીપાસ દોરવો–જવા દેવો અને તળાવ પાસે આવે કે મ્હાવાએ અને રણજીતે એક ગલીમાંથી નીકળી અચિંતો એને પાછળથી ધક્કો મારી તળાવ પાસેના એક ખાડામાં ઉંધે માથે નાંખી દેવો, અને પીઠપર ચ્હડી બેસી ગળે ફાંસો દેઈ મારી નાંખી તળાવમાં ઝબકોળી પાછો ખાડામાં નાંખવો અને ડુબેલાને બ્હાર ક્હાડી આસનાવાસના કરતા હોય તેમ કરવું એવી ગોઠવણ થઈ. દરબારમાં ઉઘાડાં પડવાથી એણે આપઘાત કર્યો એમ ઠરાવી બાળી મુકવો અને શઠરાયે અત્યંત શોક પાળવો એ પણ ઠર્યું.

રૂપી ખવાસણે રણજીતને આ વાત કહી અને રણજીત દ્વારા બુદ્ધિ-

ધનપાસે આવી. રણજીત ઉપર કેટલો વિશ્વાસ રાખવો તે શંકાભરેલી વાત હતી. રાણો ગમે તેટલું પણ ગરાસીયો–ગરાસીયો કોઈનો નહી–તે પણ કલાવતીના હાથમાં ગયલો ! નરભેરામ પણ વખત આવ્યે કેમ વટલાય નહી? આ અ-વિશ્વાસમાં અને અંતર્ભયમાં અમાત્ય અર્ધો થઈ ગયો. દેવી અને છોકરાં જોઈ પાછળ તેમનું શું થશે એ વિચાર તેના મગજમાં ભમતો.

"ત્રુટી સરખી ઝુંપડી ને લુટી સરખી નાર,
"સળ્યા સરખાં છોકરાં મને મળ્યાં ન બીજીવાર !"

સુદામાચરિત સૌભાગ્યદેવીને મ્હોંએ હતું તે એ અને વનલીલા બેસી ગાતાં ત્યારે આ કડી એક દિવસ કાનમાં પડવાથી બુદ્ધિધનના મનમાં કંઈક થઈ આવ્યું–તેનું હૈયું ભરાઈ આવ્યું–આંખમાં આંસુ આવ્યાં. અચિન્ત્યો ઉઠી મ્હોં ધોઈ લ્હોઈ કામે વળગી ગયો. આવા પ્રસંગ હાલમાં ઘણા આવતા. પોતે કારણ પુરું જાણતો ન હોવા છતાં સુતો સુતો નવીનચંદ્ર આ અવસ્થા કદી કદી આઘેથી દેખતો, વિસ્મય પામતો, અને દયા આણતો. આ અવસ્થા બુદ્ધિધનને થઈ આવતી તે છતાં તેનું ધૈર્ય ગયું નહી, તેની પ્રતિભા મીંચાઈ નહી, અને તેની બુદ્ધિની સતેજતામાં ન્યૂનતા આવી નહી. મનની મ્હોટાઈ કઠિનતામાં નથી, પણ કોમળ હોવા છતાં સંસારના ઘા સ્હેવામાં છે. મન મ્હોટું તેમ તેની રસજ્ઞતા વધારે હોય છે અને તેના મર્મ કોમળ થાય છે. જ્ઞાનેન્દ્રિય તીક્ષ્ણ અને પટુ થાય છે તેમ તેમ રસેન્દ્રિય પણ તેવી જ થાય છે. મ્હોટાં મન 'નઘરોળ' 'નઠોર' નથી હોતાં. માત્ર તેની સ્થિતિસ્થાપકતા વધારે હોય છે. તરવારના ઘાથી રુ ડબાય છે પણ કપાતું નથી, કદી કપાય છે તો પાછું એકઠું થઈ શકે છે. જડ પત્થરપર પદાર્થ પડતાં એવો ને એવો રહેછે અથવા તો કડકા થઈ જઈ સંધાતો નથી. પણ પાણીપર પદાર્થ પડતાં પાણીનું અંતઃકરણ ચીરાય છે અને પદાર્થને સમાસ આપે છે, પણ આખરે એ જ પાણી પોતાની મેળે એકઠું થઈ જાય છે. દેવતાઓને શસ્ત્ર વાગતાં નથી એમ નથી. પણ તેમના ઘા પોતાની મેળે જ રુઝે છે. બુદ્ધિધનના મર્મસ્થળ બ્હેર મારી ન જતાં વધારે વધારે સચેત થયાં હતાં, પરંતુ તેમની સ્થિતિસ્થાપકતા બળવાન હતી.

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि कोऽत्र पारयितुं क्षमः ॥

કુટુંબનો વિચાર કરતાં કુસુમથી કોમળ બનતું હૃદય કર્ત્તવ્ય કામ વિચારતાં પત્થર કરતાં કઠોર બનતું, વૈરભાવ વિચારી ફુંફાડા મારતું, શઠરાય આદિની દુષ્ટતા જોઈ કોપાયમાન થતું, ભવિષ્ય વિચારી કેશરીયાં કરવા

તત્પર થતું, યુદ્ધપ્રસંગ પાસે જોઈ આતુર થતું, શત્રુની સ્થિતિ જોઈ બે હાથને એક બીજાની બ્હાંયો ચ્હડાવવા ઉશ્કેરતું, પોતાના બળની અજમાશ ફ્હાડી બળવાન બનતું, પુરાણ ઇચ્છાઓ પૂર્ણ થવાનો અવસર જોઈ ઉત્સાહ પામતું, સમૃદ્ધિ ખોળે બેસવા આવતી જોઈ પ્રફુલ્લ થતું અને ઉદયસૂર્યના કિરણોને અવકાશ આપવા બુદ્ધિની પાંખડીયોને પ્હોળી કરતું.

ચૈત્રી પડવો પાસે આવતો ગયો તેમ તેમ મુબાઈનાં વર્ત્તમાનપત્રોમાં સુવર્ણપુરવીશે ઉપરાઉપરી લખાણ થવા માંડ્યું. **શઠરાય**નો કારભાર, તેનું અંધેર અને તેમાં સુધારાની જરુર; પ્રજાઉપર જુલમ, **ભૂપસિંહ** ઉપર **શઠરાય**ની ખરાબ અસર, અને કુલાંવતીની વાતઃ ઈત્યાદિ વિષયોની ચર્ચાથી દિવસે દિવસે વર્ત્તમાનપત્રોની કટારો ભરાવા માંડી. ઈંગ્રેજી પત્રોમાં તાન્ત્રિક લખાણ ન્હોતું આવતું, પણ લોકનાં ચર્ચાપત્ર આવતાં તે સ્વીકારાતાં. **શઠરાય**ના મંડળમાં તે સર્વ વંચાતું અને **બુદ્ધિધન**ને માથે એ લખાણની ઉશ્કેરણીનો આરોપ થતો. **નરભેરામે** કહ્યુંઃ “રાણાજીને આ બતાવવું જોઈએ–આ “વાત **અમાત્ય**ને ન ઘટે.” **શઠરાયે** આ મત સ્વીકાર્યો અને દરરોજ **નરભેરામ** રાણાપાસે આવા પત્ર મુકવા–વાંચી બતાવવા–લાગ્યો. રાણો કોપાયમાન દેખાતો, અને **નરભેરામ**ને પણ કેટલીક વાર તે કોપ ખરો લાગતો. કુલાવતીની વાત બાબત રાણાને ખોટું લાગ્યું પણ ખરું. **બુદ્ધિધને** કેટલીક વાત લખાવી હતી, રાણાને તે વીશે ભોમીયો રાખ્યો હતો, અને આટલો બધો બુમાટ ઉઠાડવાની શક્તિ **બુદ્ધિધન**માં જોઈ તે વિસ્મય પામતો. **બુદ્ધિધને** કહ્યું કે કુલાવતીની વાત મ્હેં ઉઘાડી પાડી નથી, પણ એ શબ્દપર રાણાને પુરો વિશ્વાસ ન આવ્યો અને **અમાત્ય** તે કળી ગયો. ગરાસીયાપર અવિશ્વાસ આણવાનું આ એક કારણ હતું.

પ્રજામાંથી ઘણીક પોકારની અરજો આવતી તે **શઠરાય**ને કહી **નરભેરામ** રાણાસુધી જવા ન દેતો અને સંતાડી રાખતો; **શઠરાય**નો વિશ્વાસ **નરભેરામ**પર સંપૂર્ણ થયો.

કરવતરાયે કરેલા જુલમ બાબત એક વાણીયે સાહેબપાસે અરજી કરી હતી. તે અરજી સરકારમાંથી એજંટપાસે અને એજંટપાસેથી દરબારમાં ખુલાસા સારુ આવી હતી. દરબારના મન્ત્રી **નરભેરામે** તે **શઠરાય**પર મોકલી; **શઠરાય**ને **નરભેરામે** સુઝાડ્યું એટલે વાણીયાને કેદ કરી એની પાસેથી લખાવ્યું કે મને દરબાર તરફથી આખરે ઈનસાફ મળ્યો છે. આ લખાણ સરકારમાં ગયું અને વણિક કેદમાં જ રહ્યો.

વર્ત્તમાનપત્રોની નકલો, અને પ્રજા પોકારની અરજીયોની નકલો સાહેબ-પાસે પણ પરભારી જાય એ બંદોબસ્ત, બુદ્ધિધને કર્યો. વાણીયાની સ્ત્રીને લીલાપુર મોકલી અને અરજી કરાવી. બસ્કિન્ સાહેબ બીજા પ્રાંતમાં હતા તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો અને પોતાની સ્થિતિ કંઈક અંશે જણાવી. બસ્કિનસાહેબે ઉત્તરમાં એક આશ્વાસનપત્ર મોકલ્યું, અને જણાવ્યું કે હું રસલસાહેબને ત્હારે વાસ્તે લખીશ. બસ્કિનસાહેબનાં મડમ વીલાયતથી આવવાનાં હતાં: તેમનો રસ્તો લીલાપુર થઈને હતો; બુદ્ધિધન પ્રમાદધનને સાથે લઈ તેમને મળી આવ્યો, મડમ સાહેબ મારફત રસલસાહેબને મળ્યો, સંસ્થાનની વાતો કરી, અને સાહેબને ખુલાસો મળતાં બોલ્યા કે, "સમય "પડ્યે માગજો, હું સારી રીતે આશ્રય આપીશ." રસલસાહેબનાં મડમ પણ મળ્યાં, અને મેવામીઠાઈનો ઉપયોગી વિવેક થયો. સાહેબપાસે ભૂપસિંહને જવાનો વિચાર કલાવતી આવ્યા પછી ફર્યો હતો, રાણાએ કરવાની વાત બુદ્ધિધને જ કરી, સાહેબના ઉપર રાણાનો કાગળ હતો, અને ઉત્તરમાં સાહેબે કાગળ લખ્યો તેમાં બુદ્ધિધનનાં વખાણ કર્યાં. લીલાપુર ખાતે સુવર્ણપુરનો એક વકીલ રાખવામાં આવ્યો હતો તે રોજ દરબારમા ખોટા ખોટા અને અતિશયોક્તિભરેલા રીપોર્ટ કરતો ને વર્ણનની છટામાં લખતો કે આજ તો સાહેબ સાથે બે કલાક વાત કરી, આજ તો કારભારીનાં બહુ વખાણ કર્યાં, આજ તો કારભાર વખાણ્યો, ઇત્યાદિ ઇત્યાદિ. બુદ્ધિધન સાહેબને મળી આવ્યો તે બાબત તેણે શઠરાયને એક બે લીટીયો લખી અને જણાવ્યું કે બુ-દ્ધિધનને અત્રે કાંઈ માન મળ્યું નથી. શઠરાય ખુશી થયો. એ ખુશી ખોટી પાડવી એમાં બુદ્ધિધનને સ્વાર્થ ન હતો. બે મડમ સાહેબોએ પોતાની છબીયો અમાત્યને આપી હતી અને ઉપર સ્વહસ્તે સહીયો કરી હતી તે તથા સાહેબનો કાગળ બુદ્ધિધને રાણાને બતાવ્યો અને એ સર્વ મંડળ તરફથી મળેલા માન બાબત સંતોષ જણાવ્યો. રાણાની ખાતરી થઈ કે એજંસીમાં બુદ્ધિધનની પ્રતિષ્ઠા બળવાન છે અને તે ધાર્યું કરે એમ છે. વર્ત્તમાનપત્રો તથા સાહેબ બે ઠેકાણે પોતાનું બળ છે એ જણવ્યાથી ભૂપસિંહ હાથમાં રહેશે એમ અમાત્યના મનમાં હતું. એ જણાવવાનો મનોરથ સિદ્ધ થયો. બરોબર ચૈત્રી પડવાથી એક દિવસ પ્હેલાં ઈંગ્રેજી પત્રમાં બુદ્ધિધનની બાબત લખાણ આવે એ બંદોબસ્ત કરવાનું નવીનચંદ્રને માથે પડ્યું. તેનામાં બેસવાની શક્તિ આવી હતી અને તે કામ તેણે ઉત્સાહથી સ્વીકાર્યું. પ્રકૃતિ સારી થાય તો પડવાના દરબારમાં જવા તેને અભિલાષ હતો અને તે અભિલાષ પાર પાડવા અમાત્યે કહ્યું હતું.

અમાત્યની નીતિ કારભારીપર ઘા કરવાની ન હતી પરંતુ તેને તેના પોતાના જ ખોદેલા ખાડામાં પાડવાની હતી અને તેમ કરવા સારુ યોગ્ય ઉપાય લેવા તે તત્પર હતો. દરબારને દિવસે કારભારીએ ધારેલા પ્રપંચ સામી ઢાલ રાખવાની પણ જરુર હતી. ખટપટાસ્ત્ર સામું ખટપટાસ્ત્ર મુકવાની તો યોજના હતી જ; પણ વખત છે, ધારેલી સિદ્ધિ ન થઈ અને કાંઈક હરકત પડી તો દુષ્ટરાયની પોલીસના હાથમાં ન પડવા સારુ યોગ્ય ઉપાય તેણે શોધ્યો.

અણીને સમયે દુષ્ટરાયને દરબારમાંથી ઘેર જવું પડે એવી યુક્તિનો અમલ નરભેરામને સોંપ્યો, તે એવા વિચારથી કે ફોજદારની આંખની શરમ દૂર થતાં એના સીપાઈયોમાં કેટલાકને બુદ્ધિધનની શરમ પડવાનો અવસર મળે, એમ પણ ન થાય તો પોલીસને વશ કરવા રસાલાનાં માણસોને તત્પર રાખ્યાં. સમરસેનનો મ્હોટો ભાઈ વિજયસેન રસાલામાં એક ટુકડીનો ઉપરી હતો. આ શાંતિના અને ઈંગ્રેજ સરકારની સત્તાના દિવસોમાં રસાલો કટાતો હતો અને માત્ર શોભાકાર્યે સ્મરણમાં આવતો. દરબારપ્રસંગે તોપો ફુટે અને આનંદોત્સવ થાય ત્યારે તે ઉત્સવની પૂર્તિ સારુ રસાલાની એક ટુકડી ઉઘાડી તરવારે રાજમ્હેલમાં હાજર રહેતી. આ વખતે વિજયસેન અને તેની ટુકડી હાજર રહે એવો હુકમ થયો. વિજયસેન થનાર ઉથલપાથલની વાત જાણતો ન હતો. પણ બુદ્ધિધને સમરસેનને હુકમ આવ્યો હતો કે દરબાર સમયે મ્હારા શરીર પાસે રહેવું, અને પ્રસંગ પડ્યે વિજયસેનને કેવી સૂચના આપવી તે શીખવી મુક્યું. પોતે દરબારમાં જાય તે સમયે ઘરનો બંદોબસ્ત રાખવા બે ત્રણ વિશ્વાસુ રજપુત સીપાઈઓ અને આરબોને વરધી આપી અને ખાનગી કહી મુક્યું કે હું આવું ત્યાંસુધી કોઈ પરભાર્યાં માણસને ઘરમાં ન જવા દેવો અને ફોજદાર અને તેનાં માણસોથી સાવધ રહેવું. સ્ત્રી-વર્ગને સખત હુકમ થયો કે તે સમયે ઘરમાંથી બ્હાર ન નીકળવું. આ સર્વ સૂચનાઓ શિવાયનો સર્વ બંદોબસ્ત સાધારણ હતો, પણ સૂચનાઓ સઉને અસાધારણ લાગી. સૂચના ઉપરાંત કાંઈ વાત કોઈને ખબર ન હતી અને તર્ક વિતર્ક કરતાં સઉ માણસો સૂચનાઓ અમલ કરવા તૈયાર બન્યો અને એ વિચિત્ર દિવસમાં શું બનવાનું છે તે જોવા તળે ઉપર થઈ રહ્યાં.

ફાગણ વદ અમાસની રાત્રે અમાત્યના ઘરમાં આ સ્થિતિ હતી. કાલ કેવી પડે છે ને કાલની રાત કેવી જશે તે જોવા સઉ આતુર થઈ રહ્યાં. ઉન્હાળામાં વગર પવનની રાત્રે ઉકળતી પથારીમાં સુતો હોય તેમ બુદ્ધિધને આખી રાત પથારીમાં તરફડીયાં માર્યાં અને ત્યાંસુધી મેડીની છત સામી ઉઘાડી આંખો જોઈ રહી. તેને મીંચાવવા સૌભાગ્યદેવીની શય્યા અશક્ત નીવડી. આખરે

છેક એ વાગતે થાકીને નિદ્રા જ આવી અને ચતા સુતેલાને કલાંકી બદલવા ન દીધી. રાજ્યચિંતાએ ગ્રહેલા હૃદયમાં મ્હારે સારું કાંઈ અવકાશ ખાલી છે કે નહી તે જાણવા સારુ અથવા તો એ હૃદયને પકડી પોતાને સ્વાધીન રાખવા સારુ ઉંઘતી અબળાનો હાથ જુના મિત્રની છાતીપર પડાવ નાંખી રહ્યો હતો.

---

## પ્રકરણ ૧૧.

### દરબારમાં જવાની તૈયારીયો.

ઘણા લોક જેની વાટ જોઈ રહ્યા હતા એ ચૈત્ર સુદ પડવો આવ્યો. ઉગતા મળસ્કામાંથી દરબારીયોનાં ઘરમાં ચંચળતા વ્યાપી ગઈ. શઠરાય ન્હાઈ ધોઈ તૈયાર થવા લાગ્યો. નરભેરામ કારભારીની સેવા બજાવવા સઉથી પ્હેલો આવી ઉભો. સીપાઈયો બારણા આગળ ગરબડ મચાવતા એકઠા થવા લાગ્યા. શઠરાય જરાક નીરાંત વાળી ગાદીતકીયે બેઠો, એક ચાકરે તેને બંડી અંગરખું પ્હેરાવ્યું તે પ્હેરી આદર્શ (તકતો) મંગાવી વિચાર કરતો કરતો તેમાં મ્હોં જોતો જોતો મુછો આમળતો કારભારી બેઠો. નરભેરામ આમથી તેમ હેરફેરા કરતો હતો તે જરાક ઉભો અને કારભારીને જોઈ મનમાં બોલ્યો:

"મુખડા ક્યા દેખો દર્પનમેં?
"નહી કછુ દયા ધર્મ હે દીલમેં!"

"હે ઇશ્વર!" કરી માથું અને શરીર કંપાવતો કંપાવતો બીજી દિશામાં ચાલ્યો.

દુષ્ટરાયની મેડીના બારણા આગળ પોલીસસીપાઈયોની ઠઠ બાઝી હતી. એ અંદર એક પલંગપર રુપાળીસાથે બેઠો હતો. રુપાળી, કપડાં આણતી આણતી, જવાની ત્વરામાં મદદ કરતી હતી. દુષ્ટરાય, કપડાં પ્હેરતો પ્હેરતો, રુપાળીની સાથે કંઈ કંઈ અટકચાળાં કરતો કરતો, પોતાની હોંશીયારીની બડાશો બાયડીને સંભળાવતો હતો, બુદ્ધિધનના ભાગ્યની મશ્કરીયો કરતો હતો, અને "આજ રાત્રે તો અલકકિશોરી–કુમુદસુંદરી–"અને સૌભાગ્યદેવીને પણ આવી આવી અવસ્થામાં આણવાનાં છે–મ્હારું, "ફક્કડપણું આમ જણાવાનું છે" ઇત્યાદિ વાતો પ્રફુલ્લ અને આનંદમગ્ન બની કરતો હતો, અને પરપુરુષલંપટ કુલટા પતિની સ્ત્રીલંપટ બડાશો સાંભળી પોતે સૌભાગ્યની સીમાએ પ્હોંચી સમઝતી હતી.

સર્વ પાસ ગરબડ મચી રહી હતી અને સઉ, વાતોમાં, આમ તેમ ફરવામાં, કંઈ કંઈ હુકમ કરવામાં અથવા અમલમાં આણવામાં, ગુંથાયાં હતાં એવામાં નરભેરામે મેરુલાને શોધી ક્‌હાડ્યો. મેરુલો એક ઠેકાણે ઉભો ઉભો અલકનંદાનાં લુગડાંની ઘડીયો કરતો હતો. પાસે એક ત્રાંબાનું પવાલું ઉંધુ પડ્યું હતું તેપર ઉઘાડે માથે લાંબી ચોટલી છુટી રાખી નરભેરામ બેઠો.

"આજ તો કાંઈ બ્હેનનાં લુગડાં સમાં કરવાં માંડ્યાં છે?"

"હાસ્તો. કરવાં કની."

"બ્હેન ખરાં કની,"

"એ તો હોય તો ના ક્‌હેવાય?"

"હા, ભાઈ, હા, ત્‍હારોએ વારો છે. ગોપીયોમાં ક્‌હાન, નહી "મ્‍હાલું તો ભોગ. જમાલ ગયો એટલે ત્‍હારે એકનાં બે થયાં. અલ્યા "જમાલનું કાંઈ જણાયું?"

"મુવો તરકડો. કોણ જાણે ક્યાંયે ક્‌હોઈ જતો હશે. બલા ગઈ."

"અલ્યા, પણ ત્‍હેં વાત ઉડાવી. ત્‍હારી બ્હેનની વાત ન કહી."

"બ્હેન હોય તેની. જુવો નરભેરામભાઈ–આપણે તો ચોખ્ખા "માણસ! મ્‍હોટી એટલી મા ને ન્‍હાની એટલી બ્હેન."

"ને સરખી એ?"

"સરખી એ તો મ્‍હારે સમાણી. જમાલની સરખી તે મ્‍હારે "એ સરખી."

"અલ્યા, પણ રુપાળી અદેખાઈ નથી કરતી?"

"શી બાબત અદેખાઈ કરે? એને ગરબડ મળ્યો તેની હું "અદેખાઈ કરું છું? એનેયે બે ને મ્‍હારેયે બે."

"એ ગરબડ મ્‍હારો વ્‍હાલો જોને પ્‍હેર્યો પડ્યો છે!"

"ભાઈસાહેબ, કહું? ગરબડે કરી ગરબડ. અમારા કારભારી કાર- "ભારમાં પડ્યા ને ફોજદાર ફોજદારી કરવા ગયા. ઘરમાં બેમાંથી કોઈ ન "હોય ત્યારે ગરબડદાસ બેને મળવા આવે ને તે પાછા ફરવાના એટલે વાટ "જુવે. બુદ્ધિધનને ખરાબ કરવામાં એનું કામ, એટલે સદર પરવાનગી "મળેલી તે ભાઈને પાછા ક્‌હાડવાનો અમને અખત્યાર નહી. એટલે એકલા "દીવાનખાનામાં બેસે ને બારીયે ડોકીયાં કરેને અગાસીમાં પણ હેરાફેરા કરે."

"ત્યારે તેવામાં તું ક્યાં મુવોતો જે?"

"અરે, ભાઈસાહેબ, હું તો પેલા કામમાં રોકાયો હતો કની, તેમાં
"એનું ફાવ્યું, હં, એણે તો આમ કરવા માંડ્યું. પછી કની તે ખલક બ્હેન–
"બ્હેન એના ભાઈની–તો એને સાસરે હોય એટલે રુપાળી પડે એકલાં;
"ચોકમાં આવે–માથે ચોટલો છુટો રાખે, ને પેલો ઉપર ઉભો હોય."

"તે જાણી જોઈને કે?"

"ના, ભાઈસાહેબ, પ્હેલું તો અજાણમાં. એ તો એવી એને ટેવ જ
"છે. પછી તો એક દિવસ ગરખડથી છાનાં રૂહેવાયું નહી તે તે ખોંખાર્યો.
"પછી તો જાણો જ છોસ્તો. અગાશીમાં આવજાવ થવા માંડી!"

"ત્હેં બધી વાત શાથી જાણી?"

"કંઈક નજરે પડી ને બાઠીની ફોસલાવી–ધમકાવી મનાવી."
"ત્યારે આજ તો ગમત પડશે."

"હાસ્તો. મ્હોટાં માણસો દરબારમાં કારભારની ઉથલપાથલ કરશે.
"મ્હારા જેવાં માણસ એમના ઘરનો કારભાર કરશે. એક પાસ રુપાળી ને
"બીજીપાસ લટકાળી. પણ ભાઈસાહેબ, આજ દરબારમાં કેટલીવાર થશે?"

"એ–બાર વાગ્યા સુધી ત્યાં રોકાશે. ત્હારે ત્યાં સુધી રાજધાની
"છે. તને ખબર નહી હોય ક્યાં સુધી દરબાર છે તેની?"

"મને તો સાંઝના દરબારની ખબર છે, અલકકિશોરી અને બધાંને
"પકડી આણવાં છે તે વખતની. ત્યારે હું બાર વાગ્યા સુધી ઘરનો રાજા."

"આજ તો સીપાઈયોએ સાથે આવવાના છે. તું ફીકર ન
"કરીશ. સઉ પ્હેલો હું આવીશ ને છેક બારણેથી બુમ પાડીશ."

"પાડ તમારો."

"જો ભોગ હશે તો બાર વાગ્યા પ્હેલો બ્હીનીશ."

"અરે, ભાઈસાહેબ, આસપાસ ગોપીયો ને વચ્ચે ખેલે કનૈયો.
"તેને વખતે કેની તો શકરાય જાતે આવે ત્હોયે બ્હીતું નહી ને. એ
"તો કરતા હોય સો કીજીયે. બધાને સમઝાતું ને પ્હોંચું એનો છું."

"ફક્કડ! પણ બલ્યા બે સંપે છે ભલાં!"

"સંપે નહી? નણંદ ભોજાઈ આખું ગામ ધ્રુજાવે એવાં છે પણ
"મ્હારીપાસે બકરીયો–ગઉવાં."

જે કુટુંબમાં વડીલવર્ગ સળેલો તે કુટુંબમાં સર્વ સળેલું હોય છે. ઉપરીની
નીત–અનીતિનું છોકરાં અને ચાકરો સૂક્ષ્મ અવલોકન કરે છે, ઉપરી-

ના ઉપર જેટલું માન તેટલા માનનો આરોપ તેની નીતિ–અનીતિ ઉપર મુકવામાં આવે છે અને તેને જ ઉત્તમ ગણવામાં આવે છે, તેનું જ દૃષ્ટાંત લેવાય છે, તેનું જ અનુકરણ થાય છે, અને તેનાં જ પુણ્યપાપ આખા કુટુંબને તો શું પણ તેની સાથે સહવાસ કરનાર સર્વને વળગે છે. જો આમ ન હોય તો **શઠરાય** જેવા ઉગ્ર કારભારીની વ્હાલામાં વ્હાલી વહુદીકરી ઉપર એક હલકો ચાકર આટલું જોર શી રીતે કરી કરી શકે? સ્વર્ગ અને નરક બે વાનાં ઈશ્વર આ જગતમાં જ દેખાડે છે તેનાં દૃષ્ટાંત **બુદ્ધિધન** અને **શઠરાય**ના ઘરમાં પ્રત્યક્ષ જ છે, આ પ્રમાણે વિચાર કરતો કરતો **નરભેરામ** **મેરુ**લા પાસેથી ઉઠ્યો.

એટલામાં સઉ એકઠા થયા. ચપોચપ જોડા પ્હેરવા મંડી ગયા અને સરઘસ ધીમે ધીમે ઝુલતું ઝુલતું દરબાર ભણી ચાલ્યું. **નરભેરામે** **દુષ્ટ-રાય**ને શોધી ક્હાડ્યો–એનો સંગાત કર્યો–સઉથી આગળ નીકળી આંગળીયે વળગી બે ગૃહસ્થો જેવા એકલા પડી ચાલ્યા. એક બે સીપાઈયો બારણું સાચવવા રહ્યા. **રુપાળી** બારીયે સઉને જતા જોતી ઉભી. **દુષ્ટરાયે** પાછાં ફરી તેના મ્હોં સામું જોયું ને મલકાયો; અને છાતી ફ્હાડી મનમાં ફુલ્યો. સઉ નજર બ્હાર થયા એટલે **રુપાળી** નીચે ઉતરી. **મેરુલો** નીચે બેઠો બેઠો કાંઈકિ કામ કરતો હતો તેના વાંસાઉપર પડી. થોડી વારે **અલકનંદા** આવી. **મેરુલા**ને આસપાસથી ગળે બાઝી બે જણી હીંચકા ખાવા લાગી. એ સ્થિતિ ન કલ્પતા **શઠરાય**નું સરઘસ **બુદ્ધિધન**નો વિનાશ કરવા દરબાર ભણી વાધતું હતું. પરવિનાશની નિસંશયતાની કલ્પના મનપાત્રમાં ઉકળતી ઉકળતી ઉભરાતી હતી અને તેના જોરથી અહંકારનું ઢાંકણું તે પાત્રપર ઘડી ઘડી ઉછળતું ખખડતું હતું.

**નરભેરામ**: "કહો, ફોજદારસાહેબ, આજ તો પૂરવેગમાં છો."

**દુષ્ટરાય**: "હાસ્તો."

"હવે જડસિંહના વખતમાં ચાલતું હતું એટલું ચાલવા માંડશે?"

"એમાં કાંઈ વાંધો કે? અરે જુવોને!"

"પણ દરબારને જ રંગમ્હેલ કરી મુકતા હતા તે કાંઈ થશે?"

"એ પણ વખત આવશે."

"કરોને આજ શ્રીગણેશાય નમઃ!"

"શી રીતે?"

"આજ તો નાચ હશે."

"તે?"

"તમારાં કલાવતીબાઈ વેશ બદલવા ઓરડામાં જશે કની?
"આપણેયે સાથે ભરાયા. સદર પરવાનગીવાળા માણસ છો."

"ના. ના, આજ શું? આવશે વખત."

"હીમ્મત ક્યાંથી મળે જે! જાઓ મ્હારા સાહેબ, બ્હાદુર
"થાઓ. એ તો હમ્! કારભાર તે તમારો જ છે કની! એ તો સ્વાહા!
"કરો મંગળાચરણ! પછી તો તમે જાણો."

"રાણો ચેતે તો ખોટું."

"ચેત્યો, ચેત્યો, એ તે શું ગરાસીયો સમજવાનો છે? એ તો
"હુક્કો ફુંકે."

"ત્યારે ઝંપલાવું? ખરે, એમાં શી હરકત છે? બહુ વરસ થયાં
"છુટ ભોગવ્યે."

"કંઈ હરકત નથી. હું રાણાનું ધ્યાન બીજી બાબતમાં નાંખીશ."

"ઠીક છે ત્યારે. પણ બાપા જાણે ત્યારે?"

"અંહ! આવા બીકણ બીલાડી તો કોઈ ન દીઠા. બાપાયે
"ન્હાનપણમાં કીયા બીજા હતા જે? ન્હાનપણમાં સઉ નાગું."

"જો, જો, ત્યારે.

"હા, હા, હમ્. એ તો એ."

"ઠીક છે ત્યારે. જોજો આજ બંદાનાં પરાક્રમ. પણ તમે યાદ
"રાખજો હોં!"

"હા હા:" કરી **નરભેરામ** મનમાં બોલ્યો: "અડચણ પડે તો
"મને ક્હેજો. હું હાથીને શીયાળવે કહ્યું હતું તેમ કહીશ,—**भगवन् मम**
"**पुच्छकावलंबनं कुरु**–ભાઈ, પુંછડું પકડો મ્હારું. સાળો, લુચ્ચો, જોને,
"ગરજ આગળ અક્કલ આંધળી. બાપનું રાજ્ય થઈ ગયું! આજ જ
"જોવાનું છે તો! હત, તમારી માના લુચ્ચાઓ–ગદ્ધાઓ!" કહી
ચાલતાં ચાલતાં અમસ્તો હાથ ઉગામ્યો અને નીચલો ઓઠ કરડ્યો.
કારભારીયો, ન્યાયાધીશો અને વહીવટદારોના સીપાઈયોના પાલવવાળો
પટ રસ્તામાં હાલતો હાલતો કરચલીયોવાળો થતો થતો પ્રસરતો હતો,
તેની વચ્ચે માખીની પેઠે ભમતો ભમતો **નરભેરામ** ભરાઈ ગયો.

બુદ્ધિધનને ઘેર પણ દરબારમાં જવાની ધામધુમ હતી. રાતના ચાર વાગે બે કલાકની નિદ્રા ભોગવી ઉઠ્યો અને ન્હાઈ ધોઈ સંધ્યા પૂજા કરી દીવાનખાનામાં ફરવા લાગ્યો. સૌભાગ્યદેવી પણ ન્હાઈ અને કપાળે ભસ્મની ત્રિરેખા તથા મધ્યભાગે કંકુનો ચાંલ્લો કરી સૂર્યોદય પ્હેલાં શિવપૂજા કરવા મંડી ગઈ. રુપાનાં વાસણ પાસે રાખ્યાં છે, ઘીના દીવા બે પાસ દીવીઓમાં

બળી રહ્યા છે, અગરબત્તીનો ધૂપ આખો ખંડ સુવાસિત કરે છે, અને પલાંઠી વાળી તકીયાવાળા પાટલા ઉપર અનાતની વિવિધરંગી આસનીપર સ્વચ્છ વસ્ત્ર ધારી યોગીશ્વરી જેવી બેઠેલી સુઘડ પતિવ્રતા **સૌભાગ્યદેવીને** જોઈ **નવીનચંદ્રને** કાદમ્બરીમાંની **મહાશ્વેતા** સ્મરણમાં આવી અને ઘડીક-વાર તેનું પૂજનીય પ્રતાપી મુખારવિંદ અને પ્રતિમા જોઈ એનાં જ દર્શન કરતો હોય તેવો પવિત્ર વિકાર એના મનમાં ઉગ્યો.

કુમુદસુંદરી ઈંગ્રેજી ભણી હતી પરંતુ ધર્મવિષયમાં બાળક જ હતી અને સુધરેલા સંસ્કાર આ બાબતમાં લાગ્યા ન હતા. સાસુને પૂજા કરતી જોઈ, પૂજાનો ઠાઠ જોઈ, અને એ ઠાઠને સાસુ શોભા આપતી તે જોઈ, બાળક અબળાની સંસ્કૃત કલ્પના પ્રફુલ્લ થઈ. કુમુદસુંદરી આમ એ પવિત્ર દેખાવપર મોહી પડી હતી અને સાસુ પાસે સૂર્યપૂજા શીખવાનો એણે આરંભ કર્યો હતો. પુત્રીને આ વિષયપર ચિત્ત ન હતું પણ વહુનું ચિત્ત જોઈ સાસુ સંતોષ પામતી અને ઉત્સાહથી એને પોતાના સંસ્કારવાળી કરવા મથતી. સૂર્યપૂજા હજી પુરી આવડી ન હતી એટલે વહુ માત્ર સાસુને સામગ્રી કરી આપવામાં ગુંથાઈ હતી અને માતુઃશ્રીની સેવા પોતે કરી હતી તેમ પોતાની સેવા કુમુદસુંદરીને કરતી જોઈ **સૌભાગ્યદેવીને** સંસારનો ઓરીયો વીતતો હતો. બુદ્ધિધનને જવાનું હતું એટલે સર્વ કામ ઉતાવળથી સમે-ટાતું હતું. સાસુની સામગ્રી પુરી કરી, દરબારમાં બહુ વાર લાગવાની એટલે પુરુષવર્ગ સારું હાજરી તૈયાર કરવાની સામગ્રી કરવામાં વહુ પડી. વ્હેલો ઉઠેલો **નવીનચંદ્ર** દાતણ કરી, ન્હાઈ, બીજું કાંઈ કામ ન હોવાથી અગાશીની રવેશ આગળ એકલો બેઠો બેઠો **અમાત્યના** ઘરનું આ મંગળ આહ્નિક જોતો હતો. સામગ્રીની વેતરણમાં પડેલી કુમુદસુંદરી, હાથમાં દીવો લઈ ચોકમાં આવતી જતી, થતા ઝળઝાંખળામાં ઝાંખી દેખાતી રવેશપરની મુખાકૃતિપર છાનીમાની દૃષ્ટિ કરતી અને ચાલી જતી હતી.

ખડકીમાં **સમરસેન** અને બીજાં માણસો ખડખડાટ ભડભડાટ કરતાં હતાં. ઘરના ચાકરો ઝાડુ ફ્હાડવામાં, સાસુવહુના હુકમ પાળતાં ફેરાહેરા કરવામાં, અને એવાં બીજાં કામોમાં રોકાયા હતા. **પ્રમાદધનને** પિતાયે કેટલુંક કામ સોંપેલું તે દીવીપાસે બેસી તૈયાર કરતો હતો. અને તે કરી રહ્યો એટલે દયાશંકરકાકા અને બીજા કેટલાક સ્નેહીયોને તેડવા માણસ મોકલવા નીચે ઉતર્યો. એટલામાં માણસ લેઈ સાસરેથી **અલક-કિશોરી** ન્હાઈ ધોઈ આવી અને ઘરકામમાં ભળી ગઈ.

બુદ્ધિધનના દીવાનખાનામાં પણ માણસો ભરાતાં હતાં. એને ચિત્ર-

વિચિત્ર માણસોનું સંગ્રહસ્થાન કરવાનો અને તેમની સાથે પરિચય પાડી વિનોદ પામવાનો શોખ હતો. દયાશંકરકાકા લાકડી લેઈ ધીમે ધીમે આવ્યા અને એક કોચપર પડ્યા. સ્કુલનો હેડમાસ્તર બૂટ્સ્ટોકિંગ ચ્હડાવી આવ્યો અને ટેબલ આગળ ખુરસીપર બેસી પ્હેલા દિવસે આવેલું વર્ત્તમાનપત્ર વાંચવા મંડ્યો તેમાં નવીનચંદ્રવાળો આર્ટિકલ્ હતો. એણે લખ્યો હતો એ ગુપ્ત હતું. શાસ્ત્રી મહારાજ શ્લોક ગાતા ગાતા દાદરપર ચ્હડ્યા અને દયાશંકર સાથે બેસી વાતોમાં પડ્યા. કાજીસાહેબ ગંભીર દેખાવ ધારણ કરી આવ્યા અને વિવેકભરી સલામો કરી માસ્તરસાહેબ પાસે બેઠા. નગરનો ન્યાયાધીશ જીલ્લાવકીલની પરીક્ષામાં પાસ થયલો, પ્રમાણિક, અને સ્પષ્ટવક્તા હતો તે પણ આવ્યો. એને કરવતરાય સાથે કડાકડી ઉડતી અને બીજા અમલદારોને, કોઈ ઉપરીને, અથવા રાણાને, કારભારીને, કે અમાત્યને કાંઈ ઉઘાડું ક્હેવડાવવું હોય ત્યારે આ ન્યાયાધીશને ઉભો કરતા. એની બુદ્ધિ ચોખ્ખી હતી પણ આડા રસ્તા પસંદ ન કરતી અને સ્વાભાવિક રીતે રજવાડામાં એનું હિત કરવા અયોગ્ય હતી. પણ બસ્કિન્સાહેબના વખતમાં એમની ભલામણથી પેંશી ગયો હતો અને બુદ્ધિધનની એને ઢાલ હતી. દરબારમાં જવા બધા અમલદારો શઠરાયને ઘેર ભેગા થયા ત્યારે એ બુદ્ધિધનને ઘેર આવ્યો. એ ખરેખર બેપરવા માણસ હતો અને એની પાસે કામ ક્હડાવવું હોય ત્યારે સઉ એની પ્રમાણિકતા અને સ્વતંત્રતા વખાણી તે બેને નિમિત્તે સ્વાર્થ સારતા. એનું નામ તર્કપ્રસાદ હતું પણ ભુજંગવૃત્તિવાળા અમલદારો આ સીદ્ધો રસ્તો લેનારને ઘેલો ગણતા ને પુંઠપાછળ એનું નામ તેઓએ "ડાહ્યાભાઈ" પાડ્યું હતું. ડાહ્યાભાઈ ડાહ્યો પણ હતો. ચારે પાસની અવસ્થાઓ વિચાર કરી તેણે સિદ્ધાંત કરી મુક્યો હતો કે જતે દિવસે ધર્મજય અને પાપક્ષય થશે–શઠરાય નાશ પામશે અને બુદ્ધિધનનો ઉદય થશે. બુદ્ધિધનના પક્ષને તો વળગી ર્‌હેતો તેમાં આવી સ્વાર્થબુદ્ધિ પણ હતી. તર્કપ્રસાદ આવી સઉને નમસ્કાર અથવા સલામ યથાયોગ્ય કરી એક આરામખુરશીપર પડ્યો. બુદ્ધિધનનો જમાઈ વિદુરપ્રસાદ આવ્યો અને તર્કપ્રસાદ જોડે એક હાથ વિનાની ખુરશીપર બેસી ન્યાયાધીશને વાતોમાં નાંખ્યો. એને હીસાબી ખાતામાં ગરબડદાસના 'આસિસ્ટંટ'ની નોકરી હતી. થોડાક દિવસ પોલીસ ખાતામાં તથા થોડાક દિવસ ભાયાતી ખાતામાં પણ એણે નોકરી કરી હતી. જાતે નરમ સ્વભાવનો હતો પણ કોઈ કોઈ વખત માબાપના શીખવ્યાથી બુદ્ધિધનને કનડતો અને યોગ્યતા ઉપરાંત ઇચ્છાઓ શ્વશુર પાસે પુરી પડાવવા મથતો, તેમ કરતાં બુદ્ધિધનને બીજી પ્રતિકૂળતા છે કે નહી તેનો વિચાર ન કરતો, એક

ઇચ્છા પુરી પડતાં બીજી ઇચ્છા રાખતો, અને બુદ્ધિધન કાંઈ પણ કરે તો "હોય સ્તો, એમાં શી નવાઈ કરી?" એવો વિચાર કરી ઉપકારવૃત્તિને ભાગ્યે જ મનમાં પેંસવા દેતો; પરંતુ અલકકિશોરી આગળ 'જી લબ્બે' થઈ રહ્યો હોવાથી ઘણું ખરું શાંત રહેતો. બીજી રીતે સમજુ પણ હતો, પરંતુ શ્વશુરપક્ષનું ઘસાતું બોલાય ત્યારે તેનો શુભેચ્છક હોવા છતાં જરા રસથી સાંભળતો. કામકાજમાં આવડ હતી તે છતાં ભુલો કરતો તેની બુદ્ધિધન ઘરમાં વાતો કરે તે સરત રાખી અલકકિશોરી રાત્રે વખતસર જીભવડે ચાબકા લગાવતી તે વિદુરપ્રસાદ એક બોલ બોલ્યાવિના વેઠતો. એનાં માબાપ પણ તેમની અણઓશીયાળી વહુ ઘરમાં પગ મુકે એટલે ચુપ થઈ જતાં અને નિંદાને વહુની પુંઠપાછળ જ પુરી રાખતાં. દયાશંકરનો દીકરો જયમલશંકર પણ આવ્યો. બુદ્ધિધને આપેલી દ્રવ્યની સહાયતાથી એ ઈંગ્રેજી ભણ્યો હતો અને "મેટ્રીક્યુલેશન"માં મુંબાઈ જઈ પાસ થઈ આવ્યો હતો. એ શરીરે પ્રચંડ હતો, દેખાવમાં પ્રતાપી હતો, અને વ્યવહારકાર્યમાં બુદ્ધિ ઠીક ચલાવતો. એના મોસાળ ભણીથી એ શઠરાયનો સગો હતો, અને ભૂપસિંહના મ્હેલમાં ખરચખુટણ તથા બીજી વ્યવસ્થા-ની દેખરેખપર નીમાયો હતો. બુદ્ધિધન એની બાબતમાં વાંધો નહી આણે જાણી શઠરાયે એને આ જગાયે ગોઠવી દીધો હતો અને તેને ગોઠવી દેવા શઠરાયને ઉશ્કેરનાર નરભેરામ હતો. રાણાએ જયમલશંકરને બુદ્ધિધનને તેડવા મોકલ્યો હતો. એ આવ્યો કે તરત એણે બુદ્ધિધનને શોધી ક્હાડ્યો અને કાનમાં સમાચાર કહ્યા:

"ભાઈસાહેબ, આજ ફુલાવતી આખી રાત દરબારમાં રહી સવારે
"ચારવાગે ઘેર ગઈ. રણજીતે ક્હાવ્યું છે કે એણે રાજબાની જ વાતો
"કર્યાં કરી છે અને રાણા ઉશ્કેરાયા છે. રાણાનો વિશ્વાસ કરવો ન કરવો
"એ તમે જાણો. ફુલાવતી ગયા પછી એમણે શઠરાયપર ચીઠી લખી
"મોકલી. કોણ જાણે શું લખ્યું હશે. એમ બબડતા હતા કે 'આટલું
"બધું જુઠાણું ન હોય'–'રમાબાઈ' કે પછી એવું કંઈ નામ દીધું અને
"લવ્યા કે એણે પણ કાંઈક એવી જ વાત કરી હતી."

આ વાત સાંભળી બુદ્ધિધને જયમલને પાછો દરબારમાં રવાને કર્યો અને ક્હાવ્યું કે હું થોડી વારમાં આવું છું. રાણો શઠરાયને ઠગે છે કે પોતાને ઠગે છે એ એને સમજણ ન પડી. તોપણ હવે લાંબો વિચાર કરવાનો વખત ન હતો. સર્વ વિચાર, સર્વ ગોઠવણ, થઈ ગયાં હતાં. માત્ર ત્વરાના ગભરાટથી એક વાત નવી સુઝી. થોડા સહવાસમાં એણે નવીનચંદ્રને નાણી જોયો હતો અને એ રુપીઓ બાદલો નથી એવી તેની ખાત્રી થઈ હતી. એને

શઠરાયસાથે સંબંધ નહી ને દરબારમાં સ્વાર્થ નહી એટલે નરભેરામ કરતાં પણ વધારે વિશ્વાસપાત્ર ગણાયો. જયમલશંકર ગયો એટલે તરત નવીનચંદ્રને અને અલકકિશોરીને બોલાવ્યાં. "દશમીનું તરત મેડીમાં આણો" કહી અલકકિશોરીને મોકલી અને નવીનચંદ્રને ખભે હાથ મુકી તેની આંખો સામું જોઈ રહી અમાત્ય બોલ્યોઃ

"નવીનચંદ્ર, આજ મ્હારે તમને એક કામ સોંપવાનું છે–ઘણા "વિશ્વાસનું અને છાનું કામ છે. મ્હારાં અમૂલ્ય રત્ન તમારા હાથમાં "મુકવા જેવું છે. તમે વિદ્વાન્ છો, કુલીન દેખાઓ છો, અને સર્વ બાબતમાં "પ્રમાણિક સમજું છું. હું ધારું છું કે મ્હારી આંખની શરમ ન રૂહે "તેવે સમયે પણ એ ગુણ તમારામાં રૂહેશે."

નવીનચંદ્રને કાંઈક નવાઈ લાગીઃ "હાજી, મ્હારે મ્હોંયે મ્હારી "વાત કરવી યોગ્ય નથી. મ્હારાપર જે વિશ્વાસ રાખશો તેનું કુપાત્રે "દાન નહી થાય એવી દૃઢ શ્રદ્ધા રાખજો. આપે મને ઉપકારથી બાંધી લીધો "છે. આપની કાંઈ પણ યોગ્ય સેવા કરવી તે હું ઈશ્વરપ્રીત્યર્થે જ કરીશ."

"તમે જાણો છો કે દરબારમાં આજ નવાજુની થવાની છે."

"હાજી, વીગત નથી જાણતો."

"વીગત પછીથી જણાશે. હાલ એટલું કૂહેવાનું છે કે આજ ગમે તો "શઠરાય કે ગમે તો હું એ નક્કી થશે. ઈશ્વર કરશે તો સારું જ પરિણામ "થશે. પણ વખત છે, મ્હારે માથે કાંઈ અડચણ આવી લાગે અથવા "હું સૂચના કરું તો એકદમ તમારે ઘેર આવવું અને આ કુટુંબને લેઈ "લીલાપુર જઈ ઘરબર ભાડે રાખી રૂહેવું. મ્હારા દ્રવ્ય તથા દાગીના "બાબત સઉ વાત અલક જાણે છે તે બાબત દયાશંકરકાકાની સલાહ "લેઈ વર્ત્તવું. લીલાપુર ગયા પછી સાહેબને મળી મ્હારા સમાચાર "કૂહેવા અને વિદ્યાચતુરને લખવું તથા એ કૂહે તે પ્રમાણે યોજના "કરવી. પ્રમાદ બાળક છે–એની સંભાળ લેવાની પણ તરત તમારે શિર "છે. જવું પડે તો જોડેના વ્હેલામાં ગાડી તથા વાહનો મ્હેં તૈયાર "રખાવ્યાં છે. સમરસેન કે એ મોકલે તેને હથીયારબંધ સાથે લેવા."

નવીનચંદ્ર બાલો બન્યો. એકદમ આ પ્રસંગ આવશે–આટલા વિશ્વાસનું પાત્ર પરરાજ્યમાં પોતાને થવું પડશે–એ તેની કલ્પનામાં પણ ન હતું.

"શઠરાય અથવા તેના દીકરાનો–અજાણ્યા કોઈ પણ માણસનો "વિશ્વાસ કરવો નહી. એકદમ કુચ કરવી. એ લોકના વિચાર અતિ- "દુષ્ટ છે. હું ધારું છું કે આ કામ તમારા ગજા ઉપરાંતનું નહી લાગે." અમાત્ય એક ટશે અને આતુરતાથી જોઈ રહ્યો.

"આપે બીલકુલ ડર ન રાખવો. મ્હારી કુલીનતાની પરીક્ષાનો
"સમય ઈશ્વરે આ પ્હેલવ્હેલો આણ્યો છે, અને હું નિષ્ફળ નહી થાઉં."

કપાળથી આંખો ઉપર, અને આંખો ઉપરથી મ્હોં ઉપર, હાથ ફેરવી, નીકળતા નિઃશ્વાસને ઢાંકી, અમાત્ય બોલ્યો.

"નવીનચંદ્ર, હું મ્હારાં વ્હાલામાં વ્હાલાં રત્ન તમને સોંપું છું.
"આજ સુધી આવો વખત મ્હારે આવ્યો નથી."

"ભાઈસાહેબ, મને આપના ભાઈ જેવો–પુત્ર જેવો–ગણજો. હું આ-
"પને પગે હાથ મુકું છું. આપનું કુટુંબ તેની સાથે મ્હારે ભિન્નભાવ નથી–
"વધારે શું કહું? કહ્યા કરતાં કરી અતાવવું એ વધારે યોગ્ય છે.
"આપનું દ્રવ્ય મ્હારે શિવનિર્માલ્ય છે. દેવી મ્હારાં માતુઃશ્રી છે અને
"અલકબ્હેન મ્હારાં બ્હેન છે—."

"મ્હારા બીજા મિત્રો છે. પણ તેમને રાજ્યમાં સ્વાર્થ છે.
"શઠરાય દ્રવ્યવાન્ છે—."

"ભાઈસાહેબ, હું આપના સંપૂર્ણ વિશ્વાસનું પાત્ર થવા ઇચ્છું છું.
"હું અપાત્ર નથી. પઈસાથી મને કોઈ ફ્રોડે એમ નથી. મ્હારી ગુપ્ત
"વાત હું પણ આપને કહું છું. મ્હારા પિતા લક્ષાધિપતિ છે."

આ વાત અમાત્ય ન માનતો હોય એમ દેખાયો. નવીનચંદ્રને તે જોઈ કાંઈક ખેદ થયો.

"સાબીતીમાં આ મુદ્રા મ્હેં મ્હારી પાસે રાખેલી છે તે જુવો." હીરાની વીંટી જનોઈયે બાંધેલી અને પંચ્યાંની બેવડમાં કેડે સંતાડેલી બતાવી. બુદ્ધિધને તે હાથમાં લીધી અને જોઈ રહ્યો. સાતઆઠ હજારનો હીરો લાગ્યો.

"ભાઈસાહેબ, આપની કેટલીક ગુપ્ત વાતો પણ હું જાણું છું.
"દુષ્ટ શઠરાયે આપની હત્યા કરવા ધારેલી છે તે મને ખબર છે.
"કલાવતીની બાબત હું જાણું છું—"

બુદ્ધિધન ચમક્યો, ટટાર થયો, ખભા ઉંચા કર્યા, હાથ ઉંચો કર્યો, મ્હોંડે અરકાવ્યો, આંખો વિકસાવી, કીકીયો ફેરવી–ચ્હડાવી, ભમ્મર ભાંગી, અને મ્હોં પ્હોળું કર્યું–"હેં!"

"ભાઈસાહેબ, ચમકશો નહી. એ બધી વાત શી રીતે જાણી તે હું
"પછી કહીશ. આટલી વાત જાણી પણ હજી સુધી કોઈને મ્હોંયે–
"પ્રમાદભાઈને મ્હોંયે પણ–ઓઠ ફરકડ્યો હોય તો ઈશ્વરની આણ છે.
"હું વાત છાની રાખી શકું છું. આપની છાની વાતનો મ્હેં ગેરઉપયોગ
"કર્યો નથી–આપના વિશ્વાસને હું પાત્ર છું એ જણાવવા હું આ કહું છું."

બુદ્ધિધન વિચારમાં પડ્યો.

" મને આ કામ સોંપતાં આપના મનમાં કાંઈ આશંકા રહેતી હોય
" તો હું તે કામ લેવા આતુર છું એમ નથી. હું તો પરદેશી–પ્રવાસી–પંખી
" છું. આપને અનુકૂળ હોય તો બીજે દેશ અબઘડી છાનો માનો જતો
" રહેવા તૈયાર છું અને આપ મને સોંપો છો તે કામ ગમે તેને સોંપજો."

" ના, ના. એવું કંઈ નથી. ચાલો, ચાલો. તમે મ્હારા ભાંડુ છો.
" એ કામ તો તમારે જ માથે પડશે. એટલું સરત રાખજો કે દાંતને
" જીભ ભળાવવી નથી પડતી. મ્હારાં અમૂલ્ય રત્ન.—"

" જી, કાંઈ ચિંતા ન કરો."

અલકકિશોરી આવી. સઉ દશમી કરવા ગયા. જમાઈ પણ દશમીમાં દાખલ થયો. દયાશંકર એક પાટલાપર વાતો કરવા બેઠો. સ્ત્રીવર્ગને હબકાવવો નહી કરી આજ સુધી રાજ્યખટપટમાંની કાંઈ પણ વાત તેમની આગળ બુદ્ધિધને કરી ન હતી. આજ જરુર પડી. નવીનચંદ્રને કહ્યું હતું તે જ વાત સઉને કહી–તે જ યોજના પ્રમાણે સઉને આજ્ઞા કરવામાં આવી. સઉ ચમક્યાં, ચિંતામાં પડ્યાં, પણ શોક કરવા વખત ન હતો. જમી લેઈ લુગડાં પ્હેરવા અમાત્ય શયનગૃહમાં ગયો. પાછળ શોક ભરી સૌભાગ્યદેવી આવી.

" દેવી, આ પેટીમાં કાગળીયાં છે. જો નવીનચંદ્ર જોડે લીલાપુર
" જવાનો પ્રસંગ આવે તો એ ઉઘાડવી અને કાગળોમાં લખ્યા
" પ્રમાણે કરવું."

" પણ આ બધું છે શું ? અચિંત્યુ" ગભરાયલે મ્હોંયે દેવીએ પુછ્યું.

" કંઈ નથી, તમારે ગભરાવું નહી. હું પાછો આવું ત્યાં સુધી
" દયાશંકરકાકાને આપણે ઘેર રાખજો."

" તમે મ્હારાથી આવી છાન આજ સુધી રાખતા ન્હોતા ! શું
" કાંઈ એવો દોષ મ્હેં કર્યો છે કે મ્હારો ભરોસો નથી પડતો ?"
આંખ ચોળતી દેવી બોલી.

" ના, ના, એ તો સ્હેજ. બધી વાત હું પછી કહીશ. અત્યારે કહેવાનો
" વખત છે ? આ તો એટલું કે આજ દરબારમાં ખટપટ થવાની અને—"

" હું તમારા મ્હોં ઉપરથી સમજું છું. તમને કાંઈ મ્હોટી
" બ્હીક લાગે છે."

બુદ્ધિધન ઉપરથી હસ્યોઃ " ના, ના, બ્હીક શાની ? શું છે તે
" કહ્યું જ છે કની ?"

"હા, એ બ્હીક તો ખરી. પણ મ્હારું મન ક્હે છે કે આજ "સારું જ થશે. મને કાંઈ બ્હીક લાગતી નથી. કાંઈ બીજું હશે—" અલકકિશોરી આવી.

"અલક, જો નવીનચંદ્રસાથે જવું પડે તો હોંશીયારી રાખજો "હોં! ત્હારી ભાભીને જોઈયે કેવી છાતીપર રાખે છે?"

પ્રમાદધન આવ્યો અને કહ્યું કે સઉ એકઠા થયા છે અને દરબારમાંથી બીજું તેડું આવ્યું છે. અલકકિશોરીને કંકુ લેવા સૌભાગ્યદેવીએ મોકલી. કપડાં પ્હેરી બુદ્ધિધન નીચે ઉતર્યો, દાદર અર્ધો ઉતરે છે, એટલામાં અલકકિશોરી કંકાવટી લેઈ સામી આવી.

"ફતેહ! પિતાજી, લ્યો. હું જ સામી મળી. હવે જોઈ લ્યો! "કપાળ ધરો. હું ચાંલ્લો કરું, આજ તો ડંકા!"

સઉ મેડી ઉપરથી ઉતર્યા અને ખડકીમાં આવી જોડા પ્હેરી બારણા બ્હાર નીકળવા તત્પર થયા. નવીનચંદ્ર પણ તૈયાર થયો. બુદ્ધિધનના ક્હેવાથી પ્રમાદધને તેને સારાં કપડાં, અંગવસ્ત્ર વગેરે પ્હેરાવ્યું હતું. અને અમાત્યે આંગળીયે લીધો. વનલીલા સવારમાં સાસરેથી ઘેર જવા નીકળી હતી અને વરપાસેથી કાંઇકિ ખટપટની વાત સાંભળી હતી તે ક્હેવા કુમુદસુંદરીને બારણે બોલાવી હતી. એટલે ઉભાં ઉભાં બે જણે વાતો કરી વનલીલા ગઈ અને કુમુદસુંદરી ઘરમાં પેંસે છે એટલામાં અમાત્ય અને સર્વ મંડળ બ્હાર નીકળતું સામું મળ્યું એટલે સંકોડાઈ સોડીયું વાળી બ્હાર ખુણામાં ઉભી રહી અને સઉ નીકળી ચુક્યા એટલે અંદર ગઈ.

"નવીનચંદ્ર, શકુન તો સારા થયા. દાદર આગળ અલક મળી "અને બારણા આગળ કુમુદસુંદરી મળ્યાં:" પ્રસન્ન વદને અમાત્ય બોલ્યો.

"હાજી, મંગળ શકુન સંપૂર્ણ થયા. વારું, આનંદ પામો." સઉ અમાત્યને અભિનંદન કરવા મંડી ગયાં અને ઘર બ્હાર ચાલ્યાં.

આવું છતાં બુદ્ધિધનના મનમાં આશંકા રહી. "આ ઘર પાછું જોવા "વારો આવશે કે નહી? કુટુંબનો ફરી ભેટો થશે કે અત્યારે જાઉં છું તે છેલું "પ્હેલું? નીકળતાં નીકળતાં દેવીને આખરનું સ્નેહાલિંગન ન દેવાયું! હે "ઈશ્વર, શું થશે? આ મ્હારાં અલક અને કુમુદ—ફરી મળશે? પ્રમાદ—" આ વિચારોથી ઉભરાતું મગજ આંખોની બારીયોમાંથી ઘરનાં બારણામાં ઉભેલી પવિત્ર સુંદરીયોને જોતું જોતું શરીરની સાથે ઘસડાયું અને, ઘર અદૃશ્ય થતાં, ઘરને ભુલી ગયું અને દરબારના વિચારમાં લીન થયું. રંક જન્મેલાને ભવિષ્ય કારભારના બારણામાં કંઈ કંઈ વિઘ્નો દેખાયાં. તે દૂર કરવાનાં સાધનો પણ પોતે ઉભાં કરેલાં દેખાયાં. એની આસપાસ વિચિત્ર

વિચારો કરનારું જુદા જુદા વેશવાળું વિચિત્ર મંડળ ચાલ્યું. રસ્તામાં શઠરાયના મંડળ સાથે ભેગું થયું. મળી ગયું. મળી ગયા છતાં જુદું જણાઈ આવ્યું. અને સર્વ મંડળમાં ભળેલો છતાં સર્વથી જુદો, પોતે નવો હોવાથી સર્વની આંખો ખેંચતો હોવા છતાં કોઈથી ન ઓળખાય એવો, નવીનચંદ્ર નવી સૃષ્ટિ નવી વૃત્તિથી નીરખતો ચાલ્યો.

---

## પ્રકરણ ૧૨.

### રાજા, રાજદરબાર, અને રાજકારભાર.

"આ એકપાસ ઉતરે શશી અસ્તમાર્ગે,
"આ ઉગતા રવિતણા જ કુસુંબી પાદ !
"સંસાર આ અંહિ દ-શાયુગ-અંતરાળે
"બે તેજના ઉદય-અસ્તથી બાંધી રાખ્યો." —શાકુંતલ.

રાણા ભૂપસિંહનો રાજમ્હેલ એક મ્હોટા બગીચાની વચ્ચોવચ હતો અને બગીચાની આસપાસ એક કોટ જેવી ચારે પાસ ફરતી ભીંત હતી. ભીંતમાં બુરજોનું અનુકરણ હતું અને બધે ઠેકાણે કાંગરા હતા. ભીંતની ઉંચાઈ દશેક હાથ હતી. ભીંતપર ચ્હડાવેલો ચુનો કેટલેક ઠેકાણે કાળો થઈ ગરતો હતો, કેટલેક ઠેકાણે પોપડા વળ્યા હતા, અને કેટલેક ઠેકાણે પાલખો બાંધી કડીયાઓ કામ કરતા હતા. બગીચામાંનાં ઉંચા ઝાડોનાં લીલા પાંદડાનું વન ભીંતોને ખભે ચ્હડી ડોકીયાં કરતું હતું, અને વચ્ચે વચ્ચે સુકાઈ ગયલાં ઝાડોનાં લાકડાં તથા પાંદડાં વિનાની ડાળીયો ખખડતી હતી અને સાથેનાં લીલાં ઝાડનાં પાંદડાંની સાથે અથડાઈ તેમને પણ ખેરવી દેઈ પોતાના જેવાં કરવા મથતી હતી. કેટલાક ઉંચા આંબાને મથાળે રાતા મ્હોર બેઠેલા જણાતા હતા અને ઉગતા સૂર્યના પ્રકાશમાં ન્હાતાં નાચતા હતા. લીલા વનમાંથી ફુલની ધોળી કળી નીકળે તેમ આ ઝાડોની વચ્ચોવચ મ્હેલના ઉપલા માળ દીસી આવતા હતા. બાગ અને ચારપાસની ભીંતો કરતાં મ્હેલની સંભાળ વધારે લેવામાં આવતી હતી. મૂળ બે માળનો મ્હેલ હતો તેમાં ભૂપસિંહના વારામાં બીજા બે માળ વધારવામાં આવ્યા હતા અને ઝાડો ઉપરથી તે જ દેખાતા હતા. પડવાની બ્હીક ઓછી કરવાના હેતુથી બીજા માળ કરતાં ત્રીજા માળનો ઘેર ન્હાનો રાખ્યો હતો અને તેના કરતાં ચોથાનો ઓછો રાખ્યો હતો. ચોથે માળે તો એક જ શયનગૃહનો મ્હોટો ખંડ હતો અને તેને બુદ્ધિ-

ધનની કલ્પના પ્રમાણે મુંબાઈનો ઘાટ આપ્યો હતો. એ શયનગૃહને ચારે પાસ કાચની તકતીઓ ભીંતને ઠેકાણે હતી. દ્હોડ બે હાથેલીથી મ્હોટી તકતી ક્વચિત જ હતી અને સીસમના ઘરમાં બેસારી હતી. કેટલીક તકતીઓ ચોખંડી, કેટલીક લંબગોળ, અને કેટલીક છપાસાંવાળી એમ જુદા જુદા આકાર હતા. અંદરથી રાતા કસુંબાના પડદા ભરી દીધા હતા અને કેટલીક બારી આગળ એ પડદાઓ ઉઘાડા રાખ્યા હતા. તે કુસુંબાનાં દ્વાર કોઈ ઠેકાણે ત્રિકોણાકાર, અને કોઈક ઠેકાણે ચતુષ્કોણ હતાં. કેટલેક ઠેકાણે કાચ રંગીન પણ હતા. એ આયનામ્હેલ ઉપર સૂર્યનાં કિરણ પડતાં તેનું પ્રતિવચન તીવ્ર થતું અને મ્હેલ બ્હાર—ભીંત બ્હાર—નીચે ઉભેલા જોનારની આંખ પણ એકદમ તેનું પ્રતિફલ સહી શકતી ન હતી. કન્યાવય ગયા છતાં પણ ઘાટડી ચણીયો પ્હેરનારી કાઠીયાવાડની કદાવર સ્ત્રીના જેવો રાજમ્હેલનો દેખાવ હતો. ફરતી મ્હોટી ભીંત કાળા પટાવાળા ધોળા ચણીયાના ઘેર જેવી લાગતી હતી. રાતી ભાતવાળી, કરચલીવાળી, લીલીછમ ઘાટડી શરીર ઢાંકી નેફા ઉપર વેરાઈ રૂહે તેમ ભીંતના કાંગરાપર ઝાડો દેખાતાં હતાં, અને તેમના શિખરપર લીલો ગોળાકાર રચતી શાખાઓ લીલી ઘાટડીમાં ઢંકાયલા સ્તનમંડળનો આભાસ ઉત્પન્ન કરતી હતી. સઉને માથે માથાની પેઠે મ્હેલના માળ દેખાતા હતા અને તીવ્ર કટાક્ષ મારતી ચળકતી આંખોની પેઠે કાચગૃહ તેજ મારતું હતું. એ નારીની સેંથીના આગલા છેડાપર બોર મુક્યું હોય તેમ કાચગૃહ ઉપર અગ્રભાગે ઉડતો ઉડતો એક પોપટ આવી બેઠો હતો. રંગીન કાચ મ્હોંપરનાં છુંદડાંત્રાજવાં—જેવા લાગતા હતા.

આ મ્હેલની અંદર વસ્તી ગમે તેટલી હો પણ સૂર્યના તાપથી સળગતા જતા આકાશ-ઘુમટ નીચે એકાંતે એકલા ઉભેલા આ મ્હેલ ભણી પાસે પાસે આવતો પુરુષસંઘ આઘેથી ઉંચું જોઈ ચૈત્રના તેજસ્વી પ્રભાતના તડકામાં ક્લાંત થતો હતો, સઉનાં મ્હોં રાતાચોળ બનતાં હતાં, પરસેવો વળતો હતો, અંગરખાં ભીનાં થતાં હતાં, અને મ્હેલપાસે આવતાં—છાંયડો પાસે આવતાં—પગનું જોર વધતું જતું હતું. તડકામાં રમી રમી ખાવાનો વખત થયે—પેટમાં કુકડાં બોલતાં—રમતીયાળ બાળક સઉ સાથ છોડી ઘરભણી વૃત્તિ કરે અને માને સંભારે તેમ નગર છોડી રાજમ્હેલ ભણી ધસતું મંડળ દરબારના અને રાણાના વિચાર કરવા માંડતું હતું અને ખટપટનાં ભુખ્યાં ચિત્ત ફળ ચાખવા તળેઉપર થતાં હતાં. ઘણી ગાડીયો વચ્ચેથી આગળ નીકળી રાજવાહન ધસે એમ દરબારનો દિવસ હોવાથી આવતા

નિરપેક્ષી કૌતુકવાન્ સામાન્ય લોકવર્ગના સંઘમાંથી જુદો પડતો અમલદારોનો ન્હાનો પણ સજડાસજડી થતો સંઘ આગળ નીકળી આવતો હતો અને બીજા લોક તેને માર્ગ આપતા હતા.

આવતા સરઘસને સમાસ આપે એવો મ્હોટો ભીંતનો દરવાજો હતો. દરવાજાને બે મ્હોટાં કમાડ જાડાં અને લોખંડનાં ચાપડાથી નીચેથી તે ઠેઠ ઉપર સુધી ચ્હોડી દીધેલાં હતાં. દરવાજાના માથા ઉપર એક મેડી હતી ત્યાં ટકોરખાનાવાળા બેસતા અને રાતદિવસના પ્રહર, દરબારના અવનવા બનાવો, તથા મહિમાવાળા દિવસો, જુદા જુદા રાગની ગર્જના મચાવી મુક્ષી, નગરસુધી જણવતા. આખી ભીંતની જોડે અંદરથી ફરતો સાંકડો ઓટલો હતો તથા બુરજોમાંથી તોપો ગોઠવાય એવી જગા અને કાણાં હતાં. જુદે જુદે ઠેકાણે આ ઓટલાપર ચ્હડવાના અંદરથી દાદર હતા અને દરવાજાપરની મેડીમાંથી ઓટલાપર જવાનાં બારણાં હતાં, મેડીની નીચે કમાડની પાછળ મ્હોટા બે ઓટલા હતા તે ઉપર રાતદિવસ સીપાઈયો સુતા, બેસતા, ગપાટા મારતા, કટાતી તરવારો ઘસી તાજી રાખતા, બંદુકો ગોઠવી મુકતા, અને ચોકી કરતા. આજ તેઓ હારબંધ ઓટલા નીચે દરવાજામાં ખડા થઈ ગયા હતા અને અમલદારો અંદર જાય તેમ તેમ સલામો કરતો હતા. એક બે સવારો અંદરબ્હાર આવજાવ કરતા હતા અને કંઈ કંઈ સૂચનાઓ કરતા હતા.

દરવાજામાં પેઠા એટલે ચારે પાસે ઝાડી જેવી ઝાડની ઘટા અને વચ્ચે વચ્ચે ખરેલાં પાંદડાંથી ભરેલી પગે ચાલવાની સાંકડી નેળો નજરે પડતી હતી. નેળોની આસપાસ કોસનાં વ્હેતાં નિર્મળ પાણી ભરેલી નીકો હતી, તેમાં ચકલીયો અને ખબુતરો ઠેકાણે ઠેકાણે ચાંચો બોળતાં હતાં, ન્હાતાં હતા અને પાંખો ફફડાવતાં હતાં. કોસનો અભિન્ન અવિચ્છિન્ન ચીકારશબ્દ ઝાડોમાંથી આવતો કાને પડતો હતો; અને નેળોમાં ઉભેલા તથા ફરતા કામ કરતા માળીયો અને મજુરોનાં અર્ધાં ઉઘાડાં, તરી આવતી રગોથી ભરપુર, અને બળવાન્ કાળાં ચળકતાં શરીર આસપાસના બાગથી અસંવાદી ન હતાં. આ સ્થળે ઈશ્વરરચના ઉપર માનવોની કારીગરીએ ડ્હાપણડાહ્યલાપણું ઘણું ઓછું કર્યું છે અને જુના વખતના સંસ્કારોને સ્મરણમાં રાખવાનો પ્રયત્ન અત્રે ઘસાયો નથી: આવા આવા વિચારો મુંબાઈમાં ઉછરેલા મુંબાઈના કૃત્રિમ બાગબગીચાના અનુભવી નવીનચંદ્રને દરવાજામાં પેસતાં થયા. પ્રાચીન પુસ્તકોમાં લખેલા ચીતાર નાટકરૂપે તેની આંખ આગળ ખડા થતા જણાયા. તેના મન ઉપર ગંભીરતાનું પ્રતિબિંબ પડ્યું.

ચોપાસ; જામફળ, દાડમ, સીતાફળ, રામફળ એવાં એવાં ફળનાં ન્હાનાં મ્હોટાં ઝાડ હતાં. કંઈ કંઈ ઠેકાણે જુદા જુદા રંગનાં ફળ લચી રહ્યાં હતાં. જુદા જુદા રંગનાં અને જુદી જુદી વાસનાવાળાં ફુલ ઘણે ઠેકાણે આંખ અને નાકને ઈશ્વરપ્રસાદીથી તૃપ્ત કરતાં. કોઈ કોઈ ઠેકાણે પોપટ, મોર, કોયલ, ચકલી, અને ખબુતર ઉડતાં, ફળ ખાતાં અને વેરતાં, અને પાંખના ફફડાટથી તથા તીવ્ર શબ્દથી સાંભળનારનો કાન ભરી મુકતાં. માત્ર આંખને જ ઠારનારી શોભાથી ભરેલા સુંબાઇના બાગની નવીનચંદ્રને દયા આવી. તેનું ગંભીર થયેલું અંતઃકરણ દ્રવવા લાગ્યું. ઉંચાં એકાંત ઝાડ, ઉંચો એકલો મ્હેલ, સર્વને ઢાંકતું તપતું ત્રાંબા–પીત્તળ જેવું થતું આકાશ, અને સર્વેની વચ્ચે ક્ષુદ્ર જંતુ જેવો ડુબેલો પોતે એ જોઈ નવીનચંદ્રનું મન દીનવૃત્તિ અનુભવવા લાગ્યું. દુષ્યન્તે તપોવનમાં અનુભવેલા વિકાર સમજાયા. સમળીની ઉંડી લાંબી ચીસ સાંભળી કાઉપુરે કરેલું વર્ણન સ્મરણમાં આવ્યું. પોતાની સાથનાં ધીમે ધીમે શાંત દેખાતાં ચાલતાં મનુષ્યો પણ આ જડસૃષ્ટિમાં ભળતાં જણાયાં. પોતે એકલો પડ્યો લાગ્યો અને ઘર તથા સુંબાઈમાં ર્‌હેલાં માતાપિતા નવીનચંદ્રના મન આગળ આવતાં, કોઈ સાંભળે નહી એમ મનમાં મ્હોટે સાદે, ગાવા લાગ્યો.

"ઘર તજી ભમું હું દૂર સ્વજન– હીન, ઉર ભરાઈ આવે,
"નહીં ચરણ ઉપડે હુંથી શોકને માર્યે !
"ધીમી ધીમી શેલ્ટ વહીં જતી, ભટકતી વળી પો નદી છન્દે.
"ભમીં ભમી મુક્યા નિઃશ્વાસ ત્યાં જ મન મન્દે.

* * * * * * * *

"જઉં ત્યાં, હું આવું વળી અંહી, જઉં ક્યાં ક્યાંક, કંઈ કંઈ જોવા;
"મ્હારી ઠરે ન કંઈ પણ આંખ, માંડતી રોવા.
"ડસડસી નિરંતર રહ્યું, ભાઈ, મુજ ઉર ભમતું ત્હારામાં,
"બધું જોઈ જોઈ, રહી રોઈ, જાય વ્હાલામાં !
"તે રહે તુંમાં દિનરાત્ર, રહે તુજ સાથ સદા સંધાઈ,
"દૂર જાતું જાય તે તેમ પ્રીતિની દોરી જાય લંબાતી !
"મ્હારા મિત્ર !

" મ્હારીં રમતગમતના મિત્ર ! પુરાણ શીં પ્રીત ! સદા સુખી ર્‌હેજે !
" તુજ ઘરની ચોકીં પ્રતિપાળ કરો સ્થળોંદેવ હોય જે જે તે.*
" આહા ! કુમુદસુંદરી ! દૂર કરી પાસે આવી. શું ત્હારી સંભાળ
" લેવાનો વખત મ્હારે આવશે ? ઘર ! મિત્રતા ! સ્નેહ ! શું તમે ભુલાઓ એવી
" વસ્તુઓ નથી ? સુંદરતા ! પવિત્ર મનની સુંદરતા ! સરસ્વતીભરી સુંદરતા !
" શું ત્હારો મોહ અનિવાર્ય છે ? ના, ના."

અચિન્તી ટકોરખાનાએ ગર્જના કરી. કાન ચમક્યા. ઉંચું જોયું. મ્હેલપર ધજા ચ્હડી અભિમાનભરી ફરકતી જણાઈ. જનસમૂહ સચેતન થતો લાગ્યો. પોતાની દુનિયા મુકી આંખકાનની દુનિયામાં મન સરી ગયું. દરબારીયો વચ્ચે બુદ્ધિધન જોડે પોતે ચાલે છે એ ભાન પરદેશી પ્રવાસીને થયું. સુવર્ણપુરના રાજ–ઉદ્યાનના એક ભાગમાં એક જણના પણ મનમાં આવી જાતના વિચારો સૃષ્ટિની ઉત્પત્તિ પછી આજ પ્હેલવ્હેલા જ થયા હશે, થયા તે કોઈએ જાણ્યાએ નહી, એ જાણવાની યોગ્યતા કોઈનામાં હતીએ નહી, એ વિચાર ઉત્પન્ન થતાં જ તરત ત્યાંના ત્યાં જ શાંત થયાઃ આ પરિણામ સુવર્ણપુરના સંસારને ઉચિત જ થયું.

દરવાજાથી આગળ બે પાસનાં ઝાડો વચ્ચે થઈને એક રસ્તો હતો તેપર ચાલતાં ગોળાકાર ઝાડનું ઝુંડ આવ્યું. તેમાંના વચાળામાંથી જતાં વિશાળ રાજમ્હેલ આવ્યો અને આકાશનું દર્શન બંધ થયું. રાજમ્હેલ પૂર્વાભિમુખ હતો પણ બીજી બાજુઓ બારણાં વિનાની ન હતી. પૂર્વાભિમુખ દ્વાર આગળ વિજયસેન અને તેના ઉઘાડી તરવારોવાળા હારબંધ સ્વારોની એકપાસ એક વૃદ્ધ પણ બળવાન હાથી ઝુલતો હતો. તેનું ભવ્ય મસ્તક ધીરે ધીરે આમ તેમ ફરતું હતું અને સર્વ આવનારપર એની ગંભીર દૃષ્ટિ જિજ્ઞાસાથી–કૌતુકથી–પડતી હતી અને વચગાળે ઘંટારવ થતો હતો. આ મહાન્ પ્રાણીને જોવાના પરિચયવાળા ઘોડા ચમકતા ન હતા, પણ ઘંટારવ થતાં કાન ઉંચા કરતા અને તોફાન તથા ખોંખારા મુકી દઈ પ્રતાપી હાથી આગળ શાંત થઈ ઉભા હતા. રાજમ્હેલ સામે ઉભેલા આ, બુદ્ધિવાળી ચેષ્ટાથી અને મનભર પ્રચંડ આકારથી સર્વને ગંભીર કરી નાંખનાર, પ્રાણીને જોઈ સર્વ મંડળ તેને માન આપી સંકોચાઈ મ્હેલમાં જતાં હતાં. ભૂપસિંહ તેપર બેસી થોડી વારપર જ આવ્યો હતો. "માતંગરાજ" હાથીપર ઘણા રાણાઓએ સ્વારી કરી હતી અને કારભારીયોને તે ઓળખતો હતો. શઠરાયને અને બુદ્ધિધનને જોઈ તેણે વિભૂતિવાળી શુંઢ ઉંચી કરી અને મસ્તક કંપાવ્યું. શઠરાય તે જોઈ

---

* ગોલ્ડ્સ્મિથ્.

ચાલ્યો ગયો. બુદ્ધિધન તેની પાસે ગયો, શુંઢ પર હાથ ફેરવ્યો, અને મ્હાવત સાથે મીઠાશથી વાત કરી હાથીની ખબર પુછી પાછો વળ્યો અને માતંગરાજ તેની પાછળ જોઈ રહ્યો. નવીનચંદ્ર આ સર્વ જોઈ વિસ્મય પામ્યો અને તર્ક વિતર્ક કરતો કરતો સઉની સાથે મ્હેલમાં પેંઠો.

મ્હેલમાં પ્હેલે માળે દરબાર ભરાવાનો હતો. પીત્તળના કઠેરાવાળા પ્હોળા દાદરપર ઉંચી ભરતવાળી શેતરંજી જડી દીધી હતી. હેઠ જોડાનો ઢગલો કરી સઉ મંડળ ઉપર ચ્હડ્યું. અને દરબારના દીવાનખાનામાં ગયું. દ્હોડ બે હજાર માણસ માય એવડું મ્હોટું દીવાનખાનું હતું. ઉંચો ઉનનો ગલીચો આખા દીવાનખાનામાં પાથરેલો હતો અને સામીપાસ રાણાનું સોનારુપાએ જડેલું ખુરશીના આકારનું સિંહાસન હતું. તેને હાથાને ઠેકાણે સિંહ હતા. તેના ઉપર સોનેરી ભરતવાળા રેશમનાં ગાદી તકીયો હતાં. સિંહાસન નીચેથી તે લગભગ અર્ધા દીવાનખાનામાં ઉંચા સોનેરી ભરતવાળો ગલીચો પાથરી દીધો હતો. વિવિધરંગી મ્હોટી બારીયોમાંથી સૂર્યના પ્રકાશનો પ્રવાહ આવતો. તે તેમનાં પીત્તળની જાળીવાળાં ચકચકીત કમાડમાંથી પ્રતિફલિત થઈ આખા દીવાનખાનામાં તેજનો અંબાર ભરતો. બારીયોની સામી પાસ ભીંતે એવા જ રંગ અને આકારની કૃત્રિમ બારીયો રાખી હતી. અથવા એવો જ આભાસ આપનાર મ્હોટાં તાકાં–કબાટ–હતાં. ખોટી ખરી બારીયોના ગાળાઓમાં સામાસામી મ્હોટાં નિર્મળ કાચવાળા તકતાઓ ટેબલ જેવી બેસણીપર મુક્યા હતા અને તેમની આગળ રમકડાં, ચીનાઈ વાસણો, અને એવા એવા પદાર્થો મુકેલા હતા. ભીંતપર પણ આસમાની રંગ હતો અને નાટકના પડદા પેઠે તે ચીતરી ક્હાડી હતી. છતપર રાતો ચળકતો રંગ, બીલોરી ઝુમરો, હાંડીયો, કાચના ગોળા અને એવા એવા શણગાર હતા. છતની રંગીન કીનારીની આસપાસ ભીંતપર કીનખાબની ઝુલ કરચલી પાડેલી હતી. નીચે ઉંચે અને આસપાસ જોતાં દીવાનખાનું એક વિશાળ પલંગ જેવું લાગતું હતું. એ પલંગપર પડતાં માનવીનું મન અંજાઈ જઈ મોહનિદ્રા પામતું, રાજવૈભવનું સ્વપ્ન જોઈ ઘડી વાર પોતાની ખરી સ્થિતિ ભુલી જતું, અને અધિકારેષણા સાથે વધારે વધારે ગાઢ બાથ ભીડતું.

કારભારીયો અને અમલદારો આ દીવાનખાનામાં એકઠા થતાં અહીંયાં ત્યાં ફરવા લાગ્યા, કોઈ બારીયે ઉભા રહ્યા, કોઈ આયનામાં જોવા લાગ્યા, કોઈ ઉંચે નજર કરવા લાગ્યા, કોઈ વાતોમાં ભળવા લાગ્યા, કોઈ દરબારની તૈયારીના કામમાં ગુંથાતા આમતેમ ઉતાવળથી હેરફેરા કરવા લાગ્યા, કોઈ ઉભા, કોઈ બેઠા, કોઈ વાટ જુવે છે, કોઈ વિચાર કરે છે, કોઈ

જોઈ રહે છે, કોઈ કાન માંડે છે, કોઈ શૂન્ય મનવાળા બની આરામ ભોગવે છે, કોઈ નવાજુની પુછે છે, કોઈ ગપાટા મારે છે, કોઈ ખરા સમાચાર કહે છે, કોઈ કોઈના કાનમાં આજનું ભવિષ્ય વર્તે છે, કોઈ બનનાર બનાવપર પોતાના ભાગ્યનો આધાર વિચારે છે, કોઈ ઉત્સાહમાં છે, કોઈ ચિંતામાં છે, કોઈ નિરાશ છે, કોઈ પોતાની વૃત્તિ સંતાડે છે, કોઈ પારકાની વૃત્તિ જાણી લેવા પ્રયત્ન કરે છે, કોઈ શત્રુતા સંતાડી જીભ ઉપર મિત્રતાના ઉભરા આણે છે, કોઈક તે સમજે છે, કોઈક તેથી ભોળવાય છે, કોઈક સામા સાથે સામા જેવા બને છે, કોઈક સ્પષ્ટવક્તા થઈ હાસ્ય પામે છે, કોઈક વેરની આંટી વાળે છે, અને અનેક આદર્શોમાં, કાચના ગોળામાં, બીલોરમાં, ચળકતા પીત્તળમાં, અને એમ જ અનેક સાંભળનાર, જોનાર, અને વિચારનારના કાનમાં, કીકીમાં, મનમાં અને બોલમાં સર્વનાં પ્રતિબિમ્બ ઓછાંવત્તાં, ન્હાનાંમ્હોટાં, ઝાંખાં અથવા સ્પષ્ટ, જુદે જુદે રૂપેરંગે, અને જુદી જુદી સ્થિરતાથી પડે છે. તે સર્વનો આભાસ બુદ્ધિધનની આંગળીયે વળગી ફરનાર અને તેથી સર્વની દૃષ્ટિ ખેંચનાર નવા નવીનચંદ્રના અંતઃકરણમાં સ્ફુરવા લાગ્યો–ચમકારા કરવા લાગ્યો. વીલાયતી માલનું મહાપ્રદર્શન જોતો હોય, બોલતાં ચાલતાં પુતળાં જોતો હોય, અજાણી ભાષા બોલનાર લોકના બજારમાં ફરતો હોય, સંસારજાળના સમૂહ વચ્ચે સંન્યાસ લેઈ ઉભો હોય,–તેમ આ સર્વ મંડળ વચ્ચે ઉભેલો તથાપિ પોતાને એકલો ધારતો નવીનચંદ્ર, આ સર્વ ઇંદ્રજાળ ઉપર ધીર દૃષ્ટિ નાંખતો, કૌતુક ધરતો અને અવલોકન કર્મ કરતો, કંઈ કંઈ વિષયનાં મનમાં પૃથક્કરણ કરવા લાગ્યો–અને ઘડી એ ક્રિયામાંથી વિરામ લેતાં સૂર્યકિરણના પૃથક્કરણનું સાધનભૂત થતા વિચિત્ર રમણીય રંગોથી ભરાતા માથા ઉપરના બીલોર સાથે પોતાને સરખાવવા લાગ્યો અને મનમાં હસ્યો.

આ અંતઃક્રિયા થતી હતી એટલામાં ઉનના ગલીચા ઉપર પ્રજાવર્ગના લોક આવી ભરાઈ ગયા અને ગરબડાટ મચાવતા ધક્કામુક્કી કરતા બેસવા લાગ્યા; કેટલાક તો ગામડીયા વર્ગપેઠે ચારેપાસ જોવા લાગ્યા, કેટલાક ભારેખમ થઈ આઘા ઉભા રહ્યા, કેટલાક રાજદરબારમાં હક ધરાવતા હોય તેમ સઉથી આગળ આવી ઉભા, કેટલાક અમલદારોને સલામ કરવા લાગ્યા, કેટલાક પોતાની વગના અમલદારો ભણી આંગળી કરી પોતાના સ્નેહીયોને આનંદભેર બતાવવા લાગ્યા, અમલદારો પોતાની સલામ ઝીલે એટલે પોતાનું મહત્વ વધ્યું માની કેટલાક મનમાં ફુલવા લાગ્યા, અને રાજસત્તાએ જેને નમસ્કાર કરવા જોઈએ–જેને પૂજનીય ગણવી જોઈએ એવી–રાજા અને કારભારીયોની કામધેનુ–પ્રજા ક્ષુદ્ર અધિકાર આગળ પોતાનું ગૌરવ ભુલી જઈ દીનતા ધરતી ઉત્સાહ માનવા લાગી. તેમના ઉત્સાહઉપર નવીનચંદ્રની આંખ

ઠરી. આંખ જરી ફરી તો એક બારી આગળ ઘણા ગાઢ મિત્રો હોય એમ શઠરાય અને બુદ્ધિધનને એકબીજા સાથે હસતા અને દેખાઈ આવતા રસભેર રાજ્યકાર્યની વાતો કરતા જોઈ એ અદ્‌ભુત આશ્ચર્ય પામ્યો.

એવામાં અચિંતી દૂરના ખંડમાંથી ધીરગંભીર ગર્જના થઈ: "નીઘા "રખો મ્હેરબાન!" મેઘનાદથી મોરનું ટોળું ચમકે તેમ સર્વ એકદમ ચમક્યા અને ઝટોઝટ પોતાનાં ઠેકાણાં ખોળવા લાગ્યા. સિંહાસનની જમણી પાસ શઠરાય બેઠો. જોડે કરવતરાય, દુષ્ટરાય, અને પછી બીજા કારભારીયો અને અધિકારીયો ક્રમ પ્રમાણે ગોઠવાઈ ગયા અને વચ્ચે કોઈ કોઈએ ક્રમવિરુદ્ધ પણ જગા લેઈ લીધી અને બીજા ચેંપે કરતા રહ્યા. સિંહાસનની ડાબી બાજુએ બુદ્ધિધન બેઠો અને જોડે પ્રમાદધન બેઠો. નવીનચંદ્ર તેની પાછળ બેઠો. સમરસેન કેડે તરવાર બાંધી સિંહાસન પાછળ ડાબીપાસ એક ખુણામાં મુછે હાથ ફેરવતો ઉભો. બુદ્ધિધન સાથે આવેલાં બીજાં માણસો—શાળાના માસ્તર વગેરે–જેની સાથે ફાવ્યું તેની સાથે ગોઠવાઈ ગયા. અમાત્ય અને તેના પુત્રના પછી કાંઈક માર્ગ મુકી રાણાના ભાયાતો દાઢી મુછનું આડંબર જુદી જુદી રીતે ધારી સુનેરી વળ અને પેચવાળાં પાઘડાં ઘાલી કેડે કટારો અને જમૈયા ભરી બેઠા અને નવા નવા આવતા જાય તેમ તેમ ખસતા જાય અને માર્ગ આપતા જાય. એવામાં અંધકાર જેવા પાછળ આવતા તબલચી વગેરે મંડળને અગ્રભાગે ઝુલતી ઝુલતી, પશ્ચિમમુખે ઉભેલા વાદળાના લીસોટા જેવા ઓઠને મ્હોમાં સારીપેઠે ભરેલા પાનના બીડાના રસથી રાતાચોળ કરતી, ઉજાસવાળી સંધ્યા (સંધ્યા-કાળ) જેવી કલાવતી ઠમકા કરતી કરતી આવી અને દીવાનખાનાની દુનિયાના મધ્યભાગમાં સપરિવાર બેઠી. નિદ્રા સમીપ આવતી હોય તેમ સર્વની આંખો ઘૂર્ણાયમાન થવા માંડી. સુવાનો સમય આવ્યો હોય અને વિષયવાસના ચારેપાસ પ્રબળ બનતી ઉડતી હોય તેમ સર્વનાં ચિત્ત નિર્લજ્જ થવા લાગ્યાં. સર્વની વચ્ચે ખાલી રહેલી જગા પથારી જેવી હોય અને તેમાં બેઠેલી કલાવતી સજ્જિત નાયિકા જ હોય તેમ તેના ઉપર સર્વ પુરૂષવર્ગની આંખ જવા લાગી—ગઈ.

આવે વખતે માત્ર બે ત્રણ જણની આંખો જુદું કામ કરતી હતી: સર્વની આંખોનો વ્યવહાર જોવામાં નવીનચંદ્રની આંખ ગુંથાઈ. બુદ્ધિ-ધનની પાછળ ભરાઈ સિંહાસનને ઓથે રહી જયમલ કાંઈક વાતો કરવા લાગ્યો અને મ્હોં પાછું ફેરવી બુદ્ધિધને કાન માંડ્યા. શઠરાયની પાછળ બેઠેલા નરભેરામની આંખ આ દેખાવ એક ટશે જોઈ રહી.

" દુષ્ટરાય કલાવતીના ખંડમાં કાંઈક તપાસ કરવા પેઠો હતો." શ્વાસ ન માતાં જયમલશંકરે અમાત્યના કાનમાં કહ્યું.

" શું કરવા?" આતુરતા સંતાડી અમાત્યે પુછ્યું.

" તે તો કોણ જાણે, પણ અંદર કાંઈક આડપલું કરતો હતો."

" ક્યાં મ્હેલ વચ્ચોવચ?" અજાણ્યો બની અમાત્ય ચાલો બનેલો દેખાઈ બોલ્યો.

" હા. હા. હું ને નરભેરામભાઈ તે વખત રાણાજી પાસે ઉભા " હતા ને નરભેરામભાઈ આજનું ઈંગ્રેજી વર્ત્તમાનપત્ર રાણાજીને વાંચી " સંભળાવતા હતા. એટલામાં આ નવાં ઈંગ્રેજી 'ફાશન'નાં પટપટીયાં " હવણાં કરાવ્યાં છે તેમાં એમની નજર પડી એટલે વાંચવું છોડી જરીક " બાડી આંખે જોવા લાગ્યા."

" એટલે ?"

" રાણાજીએ પુછ્યું કે કેમ બંધ પડ્યા ? શું જુવો છો ?" નરભે- " રામભાઈએ 'કંઈ નહીં' કહી વાત ઉડાવવા માંડી પણ રાણાજીએ " આગ્રહ કર્યો અને પટપટીયાંમાંથી જોયું અને મીજાજ ગયો."

બુદ્ધિધનના અંતઃકરણમાં અમૃત રેડાયું પણ બ્હારથી જણવ્યું નહીઃ " રાણાજી કાંઈ બોલ્યા ?"

" તરવારપર હાથ મુકી ઓઠ પીસી બારણું ઉઘાડવા દોડ્યા અને " આંખો રાતી ચોળ કરી દીધી."

" હેં !"

" પછી તો નરભેરામભાઈએ પાસે જઈ રાણાજીનો હાથ ઝાલ્યો " અને મને ફ્હાડી મુકી કાનમાં કાંઈક ફ્હેતા હતા ને હું બ્હાર આવ્યો."

વિચારમાં પડી બુદ્ધિધને જયમલને "ઠીક, બેસો" કહ્યું. થોડી- વારે પાછો બોલાવ્યો અને કાનમાં કહ્યું.

" જયમલ, ઉપલે માળે જઈ બારીયે ઉભા રહો અને લીલા- " પુરને રસ્તેથી ઘોડાગાડી આવતી દેખો એટલે પાછા આવી મને ક્હેજો. " કોઈને ખબર પાડવાની જરુર નથી."

" બહુ સારું" કરી જુવાન સઉની પાછળ થઈ છજામાં ચાલ્યો ગયો. નરભેરામને કાંઈ સમજણ ન પડી–માત્ર જતાની પુંઠ પર નજર નાંખી તે અદૃશ્ય થતા અમાત્યસામી ફેરવી કલાવતીને અને તેની આસ- પાસ પાંખો પેઠ બીજી બે ગણિકાઓ આવી બેઠી હતી તેને બધાની

પેઠે જોવા લાગ્યો અને સઉમાં સુંદર કોણ છે તે વિષે શઠરાય અને કરવતરાય સાથે ચર્ચામાં પડ્યો.

એટલામાં સિંહાસન પાછળનું દ્વાર ઉઘડ્યું અને “ નીઘા રખો મહારાણા—મહારાજાધિરાજ—નીઘા રખો”ની ગર્જનાએ સઉના કાનપર છાપો માર્યો અને કલાવતીને જોવી મુકી દઈ, રાણા ભણી જોતું જોતું સર્વ મંડળ એકદમ વાના ઝપાટા પેઠે ઉભું થયું—આખું દીવાનખાનું જ ઉભું થયું, ઉપર ને આસપાસના કાચમાં અને અંતઃકરણમાં સર્વ ઉભા જ થયા. અને એકદમ બે હજાર માણસ નીચા પડી સલામો કરવા મંડી ગયા. સલામોનો વર્ષાદ વર્ષવા લાગ્યો. અગણિત કપાળક્ષેત્રોપર તીડની પેઠે હાથ ઉભરાવા લાગ્યા—ઉંચા નીચા થવા લાગ્યા.

જરીયાનનાં વસ્ત્રો અને હીરામોતીનાં આભૂષણ પ્હેરેલાં, હીરે જડેલી સોનાની મુઠવાળી તરવાર કેડે રાખેલી, કસબી લપેટાવાળા માથાના મંડીલપર હીરાનો મુકુટ ધરેલો, એવો રાણો, દેખાતા પ્રસન્ન મુખથી, દબદબા સાથે, છાતી ફ્હાડી, આવ્યો અને શઠરાય ભણી જોઈ હસી સિંહાસનપર બીરાજ્યો. સર્વ મંડળ પણ બેસી ગયું. સિંહાસન પાછળનો ભાગ છડીદારોથી ઉભરાવા લાગ્યો. બે પાસ સોનેરી ચામરો ઢોળાવા લાગ્યાં. એક પાસ વિજયસેન રાણાના શરીરરક્ષકને સ્થળે ઉઘાડી તરવારે ઉભો. દરબારસમયે આમ ર્‌હેવાનો સુવર્ણપુરના રાજમહાલનો વહીવટ હતો. બીજીપાસ રણજીત સોનેરી છડી લેઈ ઉભો. આગળ એક પાસ ઉભો રહી એક મ્હોટો પંખો એકજણ ઉરાડવા લાગ્યો. ગુલાબ વગેરે ફુલના મ્હોટા મ્હોટા ગોટા, અત્તરદાનીયો, ગુલાબદાનીયો, સોનારુપાના વરગવાળાં પાનનાં બીડાં, ઇત્યાદિથી ભરેલા મ્હોટા રુપેરી થાળો વચ્ચોવચ મુકવામાં આવ્યા. રાણાના શરીરપરના અત્તરઆદિ સુગંધી પદાર્થો મગમગાટ થવા લાગ્યા. સર્વનાં નેત્ર અને નાક તૃપ્તિ ભોગવવા લાગ્યાં. કાનને તૃપ્ત કરવા પ્રથમ સારંગીયે અને પછી કલાવતીના મધુર ઝીણા કંઠે આરંભ કર્યો.

“ આઆ ... ... ... ... ... ... ... ...”

અને મૃદંગ, સારંગી, અને સતાર ત્રણેનો યોગ્યક્રમે ઉપયોગ થયો. વસંત ઉતર્યા જેવો હતો તોપણ રાણાને શોખ હતો તેથી બીજું બધું ગાયું તેમાં દ્વિભાષિક હોરીયો પણ ગાઈ અને

“ મેં તો નહી રહુંગી તેરા નગરમેં;
“ ધોળે દ્હાડે ક્રીસનજી લુટે છે અમને !

એ હોરી ગવાતાં સર્વ સભાનાં અંતઃકરણ આનંદમાં લીન થયાં. ગણિકાના ગાન સાથે અને હાવભાવ સાથે શ્રોતાગણનાં ચિત્ત ચમકતાં હતાં અને દ્રવતાં હતાં. સારંગીનો સંવાદ કરતો ગાનનો સ્વર આખા સભાલયમાં–આખી સભાના અંતઃકરણમાં–લય પામતો હતો અને સતારના તારના રણકારથી સર્વનાં ચિત્ત ભેદાયાં. સર્વ સમાધિસ્થ થયા. છેલું ચરણ આવ્યું.

"જુલમ કરે તેને કોઈ ન પુછે,
"ન્યાય નહી એ નગરમેં !—ધોળે દ્હાડે[૧]."

એ સ્વર કલાવતીના મુખમાંથી બ્હાર ભાગ્યે નીકળ્યા હશે એટલામાં જયમલ પાછો આવ્યો, બુદ્ધિધનના કાનમાં વાત કરી અને બે મીનીટમાં ઘોડાગાડીના પડઘા સંભળાયા. સર્વની સમાધિ ભાગી ન ભાગી થઈ એટલામાં રસલસાહેબનો શીરસ્તેદાર રામચંદ્રરાવ સીપાઈ સાથે અંદર દાખલ થયો, ગાન જરીક અટક્યું, રામભાઉને સારુ રસ્તો થયો, બુદ્ધિધન સામો લેવા ગયો, શઠરાયે ઉઠી હાથ મેળવ્યા, રાણાએ બેઠાં બેઠાં સલામ સ્વીકારી અને રાણા અને અમાત્યની વચ્ચે રામભાઉ બેઠા.

ઉશ્કેરાયલા જેવો રાણો મુછો મરડતો મનમાં મનન કરતો હતોઃ અકવીય અનુકરણ કરતો હતો.

"તું તો મત રહે મેરા નગરમેં.
"ધોળે દ્હાડે, ઓ રંડી, ઠગે છે તું અમને."

તે મનમાં રામભાઉ આવ્યાથી વિક્ષેપ પડ્યો. રાણાએ સાહેબની પ્રકૃતિના સમાચાર પુછ્યા. શઠરાયે આગમનપ્રયોજન પુછ્યું. રામભાઉએ કહ્યું: "દરબાર પુરો થયા પછી કહીશ, એટલી ઉતાવળ જેવું નથી." આ વાતો થાય છે તેનો લાભ લેઈ કલાવતી ઉઠી. બેઠી બેઠી ગાયન કરતી હતી તે વેશ બદલવા ગઈ. એટલામાં એક સીપાઈ આવ્યો અને રણજીતના કાનમાં કાંઈ વાત કહી. રણજીત દુષ્ટરાયને ખુણે બોલાવી ક્હેવા લાગ્યો:

"ભાઈસાહેબ, માફ કરજો. હું તો નીમકહલાલ છું કે હરામ છું "તે મ્હારો ઈશ્વર જાણે છે. પણ આપનો મેરુલો કેવો છે? તે જાણો છો?"

"ત્હારા કરતાં બહુ સારો છે."

"તો, ભાઈસાહેબ, આવો લાગ નહી મળે. આપને અહીં રોકાયા "જાણી ઘરમાં—"

---

૧. આ હોરી અર્ધી ગુજરાતી અને અર્ધી હિંદુસ્તાની છે. દ્વિભાષિકતા લાડમાં તણાયાનું ચિહ્ન હશે.

"સાળાં, લુચ્ચા! જીભ કાપી નાંખીશ." ભરદરબાર ન હત તો દુષ્ટરાય હાથ ઉગામત.

"ભાઈસાહેબ, અધઘડીનું કામ છે. ઘેર છાનામાના પધારો અને "આંખવડે ખાતરી કરો. હું જુઠું બોલતો હઉં તો તમારી તરવાર ને "મ્હારું માથું" કહી એક આંખે જોનાર તાકીને જોઈ રહ્યો. દુષ્ટરાય પાછો પોતાને ઠેકાણે ગયો પણ જીવ સ્થિર ન રહ્યો. ધુંવાપુંવા થયો. સંશયમાં રહેવું એ માણસને મહાવસમું લાગે છે. ભ્હાનું ક્હાડી ઘેર જઈ તપાસ કરી જોવી એ તો નક્કી થયું. પણ આજ દરબારમાં હતું એનાથી કાંઈ પણ કામ વધારે જરુરનું નહી ગણાય. ઘરમાં કોઈ અચિંત્યુ માંદું થયું છે તે જઈ બંદોબસ્ત કરી તરત પાછો આવું છું એવું કહી પિતાની રજા લઈ ઉઠ્યો અને ગભરાયલો ગભરાયલો ઘેર ગયો. ગભરાટમાં કોઈ સીપાઈને સાથે લેવાનું ભુલી ગયો. સીપાઈઓનાં મન દરબારના જોયામણામાં હતાં તેમણે એને જતો દીઠો નહી એટલે એની સાથે જવાનું કોઈએ કહ્યું નહી. એકલો એકલો ગયો.

કલાવતી અંદર ગઈ એટલા વખતમાં બીજી નાયકાઓ ગાતી હતી: કોઈ કોઈ સ્થળે તેમનું ગાન કલાવતી કરતાં ચ્હડતું હતું પણ હજુરીયોએ દરબારની માનીતીનું જ ગાન વખાણ્યું. ટપ્પા, ઠુમરી, અને એવા એવા ગાનથી થોડો વખત પ્રજાવર્ગને રમણીય થઈ પડ્યો. અને દરબારીયોએ જાણી જોઈ તેપર ધ્યાન ન આપ્યું અને ગરબડાટ મચાવી મુક્યો. મનમાં ખીજવાતી પણ નિરુપાય ગાનારીયો તે સર્વ મનમાં સહન કરી પોતાનો પ્રયત્ન વધારતી હતી કે કંઈ કરતાં પણ કોઈ વખતે પણ પોતાની અસર એની મેળે રાણાપર થાય.

બુદ્ધિધને હળવે રહી **રામભાઉ** પાસેથી સાહેબનો કાગળ માગી લીધો અને વાંચ્યો. **શઠરાયે** માગ્યો. બુદ્ધિધને **રામભાઉને** આપ્યો અને કહ્યું કે લાંબે હાથે પ્હોંચાડો. **રાણાએ** વચમાંથી માગ્યો, લીધો, વાંચ્યો અને **શઠરાયને** આપ્યો. જોડે બેઠેલા કરવતરાયે વાંકાં વળી વાંચ્યો. કરવતરાયના જુલમનો ભોગ થઈ પડેલો વાણીયો છુટો છે કે કેદમાં છે, તેના ઘરની-શી અવસ્થા છે વગેરે બાબતો જાતે પ્રત્યક્ષ કરવા **રામભાઉને** મોકલ્યા છે તેને એ કાર્યમાં સઉ વાતની અનુકૂળતા કરી આપવી એવો રાણાપર કાગળ હતો. વાંચી સઉની ગુપચુપ વાતો થવા માંડી. વળી વળી એક બીજાના કાન સઉએ કરડવા માંડ્યા. **શઠરાયે** કાગળ **રામભાઉને** પાછો આપ્યો; દુષ્ટરાયને શોધ્યો પણ પાછો આવ્યો ન હતો; **નરભેરામ**

પાછળ બેઠો બેઠો ખાનગી થઈ વાતો કરતો હતો. શઠરાયના પેટમાં તેલ રેડાયું તે એ કળી ગયો. અમાત્ય ને નરભેરામની નેત્રપલ્લવી થઈ. શઠરાયે ચારેપાસ ઉંચું નીચું જોવા માંડ્યું. મનનું ધાર્યું કામ કરવતરાયને સોંપાય પણ એ જ તહોમતનું પાત્ર એટલે તેમ થાય એમ ન હતું. આખરે નરભો જ જડ્યો. તેને કાનમાં કહ્યું:–"દરબાર થઈ રહે એટલે રાજખાની વાત ઉપા-
"ડવી છે તેમાં આ વિઘ્ન આવ્યું તે દૂર કરવાનું છે. તમે ઉઠો. જઈને જેલર-
"પર ચીઠ્ઠી લખો કે એકદમ વાણીયાને છોડી એને ઘેર રવાને કરે અને
"પઈસા બઈસા આપી સામદામ કરી ચટણાપાસે જોઈતા જવાબ આપે એવો
"બંદોબસ્ત કરાવી પાછા આવો એટલે દરબાર પુરો થઈ રહેશે ને ચટણો
"ખાતરી કરી લેશે."

"ચીઠ્ઠી કોની સાથે મોકલું? જયમલ કરશે એ કામ?"

"હા.–મોકલો એને. એ આપણું જ માણસ છે. તમે પણ તમારે
"જવાને ઠેકાણે જજો." નરભેરામ ચાલ્યો. રામભાઉ ખટપટ ચેતી ગયો. બુદ્ધિધનને લીલાપુરમાં નોકરી કરી ત્યાં સુધી એ રામભાઉ એના હાથ નીચે હતો અને એનો તથા સદાશિવપંતનો સંબંધ સારો જાણી પોતે પણ એના-પર પ્રીતિ રાખતો. બુદ્ધિધન લીલાપુરથી નીકળ્યો ત્યારે શીરસ્તેદારની જગાસારુ બે ત્રણ ઉમેદવાર હતા પણ જય રામભાઉને જ મળે એમ હતું એટલે બુદ્ધિધને એની ભલામણ કરી. શઠરાય બીજા ઉમેદવાર તરફ હતો અને રામભાઉ હલકી અવસ્થામાં હતો તે વખતે શઠરાયે એની આફીસના માણસોનો સત્કાર કરતાં પંક્તિભેદ કરેલો અને તેમાંથી એને હાડોહાડ ચ્હડી ગયેલી. આથી શઠરાયના પઈસા ખાતાં છતાં પણ વખત આવ્યે જોઈ લેવા એની વૃત્તિ હતી. શઠરાય પઈસા આપતો તે છતાં કાંઈ ઉપકાર ન રાખતાં રામભાઉ એમ ગણતો કે એ તો બુદ્ધિધન કારભારી થશે તો એ પણ આપશે ને ક્યાં મ્હારી ગરજે આપે છે જે? બુદ્ધિધન રામભાઉને સારી પેઠ ઓળખતો હતો અને પોતે ગરજ બતાવ્યા વિના એને કેમ ગરજાળ કરવો તે સમજતો હતો. રસલસાહેબ સાથે પોતે કરેલા ઓળખાણથી શીર-સ્તેદારના મન ઉપર સત્તા ભોગવતો અને નિઃસ્વાર્થ દેખાઈ તેને સાહેબપાસે લાભ કરાવી આપવા તત્પર રહેતો તેથી એ જણની ઠીક ગાંઠ પડી હતી. દક્ષિણી બ્રાહ્મણ ઘણો ચકોર હતો અને નરભેરામ ઉઠ્યો ત્યાંથી જ એને ચટપટી થઈ.

"કારભારી સાહેબ, દરબાર ચાલે છે એટલામાં હું જરા કાંઈ ખાનગી
"કામ છે તે જઈ આવું છું. પછી સાહેબની ફરમાશ બજાવી તરત પાછાં
"ફરવું છે."

"બહુ સારૂં."

રામભાઉએ બુદ્ધિધનને કાનમાં પુછ્યું:"જેલની તપાસ કોણ કરેછે ?"

"તર્કપ્રસાદ." બુદ્ધિધને કાનમાં કહ્યું.

રામભાઉ ઉઠ્યો. ઉઠતાં ઉઠતાં બોલ્યો; "રાણાજી ! રજા લઉં છું. "તર્કપ્રસાદને જરા મ્હારી સાથે લઉં છું."

કોઈથી ના ન ક્‌હેવાઈ. ન્યાયાધીશ એની સાથે જવા ઉઠ્યો.

શઠરાય અને કરવતરાય બેને ગભરાટ થયો. એમ લાગ્યું કે વાણી-યાને સમુળગો સંતાડવો હતો અને ક્યાં છે તેનો પત્તો જ ન લાગવા દીધો હત તો ઠીક થાત. પણ હવે વખત ગયો અને એ ઉત્તમ વિચાર પશ્ચિમ બુદ્ધિનો લાગવાથી પસ્તાવાનું સાધન થઈ પડ્યો. "હવે તો થાય "તે થવા દ્યો. પડશે એવા દેવાશે. ક્યાં ચટણાને પઈસો વ્હાલો નથી ?" એ વિચાર કરી હીમ્મત ધારી શઠરાયે નિશ્ચિંત દેખાવ ધારણ કર્યો.

આ સર્વ કાળ નવીનચંદ્રે શાળાના માસ્તર સાથે વાતોમાં ગાળ્યો. કારભારીની સાથે બેઠલા સર્વ અમલદારોનું માસ્તરે આગ્રેથી ઓળખાણ કરાવ્યું. સુવર્ણપુર સંસ્થાનને વીશ મહાલ હતા. દરેક મહાલમાં "મહા-લકરી," "ન્યાયાધીશ," "ફોજદાર," આદિ અમલદારો ર્‌હેતા હતા. સુવર્ણપુર પણ એક મહાલનું મુખ્ય સ્થાન હતું અને એવા અમલદારો ત્યાં ર્‌હેતા હતા અને એ ઉપરાંત એ નગર ખાતેના અમલદારો–જેવા કે "નગરન્યાયાધીશ," "વેરાંઉઘરાતદાર," "શહેર ફોજદાર" વગેરે–પણ ર્‌હેતા. અમલદારોનાં નામ પેશવાઈ, મોઘલાઈ, ઈંગ્રેજીરાજ્ય, વગેરે ઉપ-રથી ખીચડંપાક કરી રાખવામાં આવ્યાં હતાં અને નામ ઉપરથી અધિકારીનું કામ સમજાય એમ ન હતું, જેમકે "ફોજદાર" ક્‌હેવાતા "દુષ્ટરાય" ના હાથમાં આખા સંસ્થાનના "પોલીસ કમીશનર" નો અધિકાર હતો. માસ્તરે નવા નવીનચંદ્રપાસે આંખવડે સઉને બતાવી મ્હોંવડે વર્ણવવા માંડ્યાઃ

"આ કારભારી સાથે કરવતરાય છે–તે એમના ભાઈ. એમને બે "હજારનું વરસ છે. પંદર વર્ષથી નોકરી કરે છે. એમના બાપે પઇસો મુક્યો "ન હતો. આજ એમની પાસે દશલાખનો જીવ છે."

"એ શી રીતે ?"

"સાહેબ, એ બધું ક્‌હેવાનો અત્ર શીરસ્તો નથી. વળી જુવો. આ "એમની સાથે બેઠા છે તે દુષ્ટરાયના સસરા. દીકરીથી એમનું ઘર ઉજળું થયું "છે. કન્યાદાનના બદલામાં નોકરી લેવી એ અત્રે યોગ્ય ગણાય છે. સઉના "કરતાં એમની લાગવગ વધારે છે. પાસે પઇસો પણ ઠીક છે. જમાઈની

" ચાકરી ઠીક ઉઠાવી છે. બુદ્ધિની જરૂર ઇશ્વરે રાખી નથી. એમને હાલ
" વસુલ ખાતાના ઉપરીની જગા છે."

" આ કોણ ?"

" એ સાહેબ જે જાડાજેવા બેઠા છે તેમનો કરબ બહુ છે. એમનું
" નામ સાંભળી લોક ત્રાસે છે. એઓ સાહેબ કારભારીના સાળા છે. એઓ
" સાહેબ સર્વજ્ઞ ગણાય છે. પોલીસ ખાતામાં પ્રથમ હતા. ત્યાં પરસ્ત્રી અને
" પરધન એ બાબત જુલમ કરવા માંડ્યો એટલે બસ્કિનસાહેબની તાકીદ
" આવ્યાથી એમને આ ખાતામાં નાલાયક ગણી એમને ન્યાયાસનપર
" બેસાડવામાં આવ્યા. ત્યાં, સાહેબ, એઓ બન્ને પક્ષકારોનું સારું ઇચ્છતા અને
" જે પક્ષકાર એમનું વધારે સારું ઇચ્છે તેના ઉપકારનો બદલો વાળવો
" ચુકતા નહી. અમાત્ય આવ્યા પછી એમને મ્હાલ સોંપવામાં આવ્યો છે
" એટલે, સાહેબ, રાજા અને પ્રજા બેના તરફથી લાભ પામે છે."

" ત્યારે એમને કોઇ પુછતું નથી ?"

" અરરરર ! એ શું બોલ્યા ! તમારાપર ફરીયાદ કરીયે તો
" તમારા મ્હોટા ભાઈ સાંભળે ? તાકાત કોની હોય કે ફરીયાદ કરે ?"

" પણ મહાલના કામમાં તો ગરબડગોટા અને નાલાયકી તરત
" જણાઈ આવે."

" નાજી, ના. એ તો આપને અનુભવ નથી. કારભારી સાહેબના
" રસોઇઆને નાયબકારભારીની જગા આપવામાં આવે તો તે જ દિવસથી
" એની હોંશીયારી પંકાય જ—એની કદર જણાય જ. એ તો કોઇ હરામખોર
" પરભાર્યો પેંશી ગયો હોય તો તેની ખોડો તરત બ્હાર પડે. તેનામાં હોંશી-
" યારી હોય જ નહીં. વારું સાહેબ, આમને ઓળખ્યા ?"

" હા, એ નરભેરામ. એમને વીશે કાંઈક જાણું છું. ઇતિહાસ ક્હો."

" જુવો, સાહેબ, અમાત્યની નિન્દા એ એમનું અને કારભારીનું
" સગપણ, અને નીચામાં નીચી ખુશામત એ એમની હોંશીયારી."

" એટલું કરનાર તો ઘણાએ હશે."

" હા. પણ બસ્કિન સાહેબે એમને મોકલ્યા એટલે દાખલ થઈ
" ગયા અને રાણાનો એમના પર કાંઈક વિશ્વાસ એટલે કારભારી તરફથી
" માન મળે છે."

" ઠીક."

ઘણા અમલદારોનું આ પ્રમાણે વખાણ થયું. તર્કપ્રસાદ બધું સાંભળ્યાં કરતો હતો. તેને અચિંત્યુ રામભાઉ સાથે જવાનું ઠર્યું એટલે મૌન તજી દઈ ઉઠતાં ઉઠતાં એ વાતો કરનારને ખભે હાથ દઈ બોલ્યો.

" આ મ્હારું વર્ણન ટુંકામાં સાંભળો. ફોજદારીકાયદાની જેને સમજણ " ન પડતી હોય તેને મ્હારી પાસે આણજો. આ બધા જે ભારેખમ, ઠાવકા, " લાલચોળ પાઘડીઓ પ્હેરી બેઠા છે અને ઇંદ્રસભાના દેવો જેવા દેખાવમાં છે " તે બધાનાં કૃત્યનો ઇતિહાસ જાણ્યો હોય તો દ્રવ્યના દંડની શિક્ષાથી તે દેહાંત " દંડની શિક્ષાયોગ્ય જે જે અપરાધો છે તેમનાં ઉદાહરણો આ સાહેબોનાં " કૃત્યોમાંથી મળે એવાં છે ! લાંચખાઉ, ચોર, વ્યભિચારી, વિશ્વાસઘાતી, " ખુની અને એવા એવા યોગ્યતાવાળા આ ગૃહસ્થો સારાં કપડાંમાં ઢંકાઈ " અધિકારે ચ્હડ્યા છે અને નિર્દોષ અને પવિત્ર પ્રજાનું રક્ષણ–ભક્ષણ કરનારા " એ લોક જગતની આંખમાં ધુળ નાંખે છે. દુષ્ટ મુત્સદ્દીપણાથી સાહેબોને " ઠગી અધિકાર જાળવી રાખે છે, અને દ્રવ્યની સત્તાથી સર્વ ઇચ્છાઓમાં " ફાવી જાય છે. થોડું બોલ્યે ઘણું કરી માનજો." એમ કહી મરોડમાં હસતો હસતો તર્કપ્રસાદ રામભાઉ સાથે ચાલ્યો ગયો એટલે નવીનચંદ્રનું ધ્યાન ગાનારી ભણી ગયું. ' પાસે બેસનાર માણસ છે ' એવું સમજનાર અચિંત્યો એમ જાણે કે 'આ તો માણસ નથી, ભૂત છે' એટલે તેનું અંતઃકરણ જેવું બની જાય તેવું જ નવીનચંદ્રનું અંતઃકરણ આ સર્વ વર્ણન સાંભળી થયું. નાયકાઓ હજી સુધી ઘડીક શાંત વૃત્તિથી, ઘડીક તાળીઓ પાડી, ઘડીક હાવભાવ કરી, ઘડીક મ્હોં ખ્હોળું ગુફા જેવું કરી, ઘડીક મ્હોં બગાડી, ઘડીક આંખોને ઢાળી; ઘડીક કીકીયો ચંચળ કરી, ઘડીક ડોળા વિકસાવી, ઘડીક ઉંચા ચ્હડાવી, ઘડીક પાંપણોની કલી કરી, ઉંચી કરી, અને ઘડીક ભમ્મર ચ્હડાવી, ઉંચેનીચે રાગે ગાઈ રહી હતી અને સભામંડળ ચિત્ર પેઠ તલ્લીન થઈ ગયું હતું. આ સર્વ નવીનચંદ્ર–જોઈ રહ્યો, માસ્તર અને ન્યાયાધીશે ભરેલા વિચારોના ઉભરા ઉપરાઉપરી આવતા તેથી આમતેમ નજર ફેરવી અહુણાં આના ને અહુણાં આના મ્હોંડા સાંમું જોતો ગયો, અને આખરે બુદ્ધિધન ભણી જોઈ દયા આણવા લાગ્યો. 'અરેબ્યન નાઈટ્સ'ની વાતો પ્રત્યક્ષ કરતો હોય, રમતીયાળ અલાદિન જેવો–તેની પેઠ પોતે રાક્ષસોના મ્હેલમાં આવી ઉભો હોય–તેમ કલ્પના કરવા લાગ્યો.

એટલામાં આવેની બારીમાં નજર પડતાં નાયકાઓ ગાતી બંધ પડી અને ઠસ્સાદાર ફલાવતી આવી અને નૃત્ય આરંભ્યું. તેણે હવે પોતાની કલ્પના પ્રમાણે વૃન્દાવનની ગોપીનો વેશ લીધો હતો. મ્હોટા ઉડતા ઘેરવાળો ભુરા

રેશમનો ઝીણી કસબી કોરનો રાતી કસુંબલ ભાતવાળો ઘાઘરો પ્હેર્યો હતો. તેના ઉપર ઓરણાથી કોઈ કોઈ ઠેકાણે ઢંકાયલો નેફ્રો ભાગ્યા તુટ્યા મેઘચાપ જેવો શોભતો હતો. સમુદ્ર જેવા કરચલીવાળા ઘાઘરાની-કીનારાપર જતા કીણવાળા મોજા જેવી ચળકતી–કોરતળેનાં ઘુટણ નીચે કમાન બની ઢળકતાં ઝંઝીરાં માછલીયો પેઠે ચળકતાં હતાં; અને પગની નાજુક આંગળીયોપર પ્હેરેલી વીંટીયો, માછલીયો, વગેરે ઝીણા અલંકાર અને નૃત્યસમયે ઉછળતાં સુંદર નાના નખ; એ સર્વથી સમુદ્રના જોરથી કીનારે ઉછળી પડતાં શંખલા, અને છીપોનું ભાન થતું હતું. એ સર્વ અલંકાર અને વસ્ત્રોની વચ્ચે દીસી આવતાં ગોરાં ઘુટણ, પગની નસો અને નખ, અને નાચતી વખત ઉંચી નીચી થતી એડીયો અને પ્હાનીયો: તેપર ઘણાકની નજર પડતી હતી અને માત્ર તેમના વિરામસમયે જ ભભકધમકવાળા વસ્ત્રાલંકારપર લોકની દૃષ્ટિ જતી. બેઠેલા સભાજનની દૃષ્ટિ આટલે જ અટકતી ન હતી. જગતને શિરે કાળાં વાદળાંપર પડી ક્ષિતિજરૂપી કેડે પ્રસરતી ચંદ્રિકા (ચંદની)ની પેઠે કાળા વાળપર હોડેલી હોડણી શરીર ઓછું વત્તું ઢાંકી કેડપર પથરાઈ હતી. કોટે અને હાથે સોના અને હીરામોતીના અલંકારથી, તારાભરેલા આકાશ પેઠે, નાયકા હળવે હળવે ચમકારા કરવા લાગી. તેના ગૌરવદનથી સર્વનાં બુદ્ધિલોચનને ઝાંઝવાં વળ્યાં. તેની આંજેલી આંખો પલકારા મારી રહી; ચંચળ બની, ચારેપાસ ફરતી, સર્વની આંખો સાથે સંગમ કરવા લાગી. તેના હાથ, તેના આંગળાં, તેનો પગ, તેનો ઘાઘરો, તેની ઓરણી અને ઓરણીનો પાલવ: સર્વનું સાથે લાગું નૃત્ય [illegible]ા લાગ્યું. સ્થિર આકાશમાં વીજળી આમથી તેમ ખસતી ચમકારા કરે, [illegible] સરોવરમાં ન્હાની માછલી આમતેમ દોડે, તેમ સ્તબ્ધ રાજશાલામાં નાજુક નાયકા ત્વરાથી પગની આંગળીયોપર ચાલતી આગળ પાછળ ખસતી નૃત્ય કરવા લાગી. સર્વ બેઠેલામાં એ જ એક ચાલતી હતી. સર્વનાં મન વીંધી નાંખી–તેમાં એ જ અનિવારિત ગતિથી પેંસતી હતી–પરોવાતી હતી. વગરબોલ્યે હાથના જ ચાળાથી સમજાય, હાવભાવમાં ઢંકાયલા હોવાથી વધારે કૌતુક ખેંચે, નાચનારીના અંતઃકરણમાં રજ પણ ન હોવા છતાં તેમાં પ્રબળપણે દેખાય, તેના બિમ્બાધરપર અશબ્દ હોવા છતાં લસી રૂહે, પારદર્શક આંખમાં અને કીકીમાં છપાયા ન રૂહે, અને લલાટ-મેઘને ઢંકાયલા સૂર્ય પેઠે તપાવી સળગાવે, એવા મદનવિકાર–મનોવિકાર–ચિત્રતુલ્ય સભામાં એકલી કલાવતી વગરબોલ્યે વગરગાયે બતાવી રહી. તેના પગ નૂપુર સાથે થનથન થઈ રહ્યા. તેના આસપાસ વેરાતા ચળકતા ઘાઘરાની ઝાડકટમાં સર્વનાં મન આવી જવા–ભરાઈ જવા–લાગ્યા. કોઈ

કોઈ વખત જરીક દેખાઈ આવી કુતૂહળ ખેંચી કલ્પના પ્રકટતું તેનું કૃશો-દર સર્વના દૃષ્ટિપાતથી સગર્ભ થવા લાગતું–પ્રફુલ્લ થતું–હોય તેમ સ્ફુરવા માંડ્યું. તેની ઉરધરામાં ધરતીકંપ થતો હોય તેવા કમ્પાયમાન અને નૃત્યથી આગળ પાછળ ધસતા સ્તનમંડળપર ચ્હડી સર્વની આંખો થાક્યા જેવી થઈ ગઈ–સર્વનાં અંતઃકરણ શ્વાસથી ભરાઈ ગયાં લાગ્યાં–સળગતા જણાયાં. ફણા-ધરના ફણાકમળ પેઠે મુખકમળ ડોલવા લાગ્યું અને તેના ચારેપાસ પ્રસ-રતા વિષમય ઉચ્છ્વાસથી સર્વને લ્હેર આવવા લાગી. સ્ત્રી જેવા પુરુષવર્ગને પુરુષ જેવી સ્ત્રી આંગળીનાં ટેરવાંવડે રમાડવા લાગી. તેનું સર્વ નૃત્ય અને ગાન, હાથમાં, હાડકાં વિનાની હોય તેમ સર્વ પાસ વળી જતી મરડાઈ જતી હાથેલીમાં, અને હાથની નાજુક આંગળીયોમાં, મૂર્ત્તિમાન થઈ ગયું. એટલામાં અંતઃકરણના કૃત્રિમ ઉભરાનાં મોજાં ઓઠપર આવવા લાગ્યા, ઓઠ સ્ફુરવા લાગ્યા, મ્હોં પ્હોળું થતું હોય એમ આભાસ થવા લાગ્યો, કોમળ ગોરા ઉજળા ગાલ પ્રફુલ્લ થવા લાગ્યા અને સઉએ જાણ્યું કે અંહી સુધી ગાન આવી પ્હોંચ્યું છે. એટલામાં તણાઈ જતી આંખ વિકસવા માંડી, મ્હોં પણ વિકસ્યું, અને શબ્દનું આશ્રી રહી જતું હોય તેમ ગાનરૂપે તે નીકળવા લાગ્યા અને નૃત્ય પણ સર્વાંગે ખીલવા લાગ્યું. હાવભાવમાં જણાઈ આવતા વિકાર ગાનમાં ચ્હડી આવ્યા.

" અબ જાન દે, અબ જાન દે, સાંમ પરી ઘનસ્યામ વે ! ( ધ્રુવ )
" દૈયા મેં દુપ્પેરકી આઈ, બીત ગઈ જુગ જામ વેઃ અબ૦
" સીસ લરેગી, મોકું પીયું પુછેગો, લોક કરે બદલામ વેઃ અબ૦"

સર્વ મંડળનાં મન નૃત્ય કરવા લાગ્યાં, ગાનવશ થઈ ગયાં, તાલ દેવા લાગ્યાં. ભૂપસિંહ પણ સર્વના જેવો જ દેખાવ ધારણ કરી રહ્યો હતો. પરંતુ તે હવે અધીરા જેવો થઈ જવા લાગ્યો. અને મનમાં બડબડ્યોઃ 'રાંડ, જાને 'જા, કાલ જતી હોય તો આજ જા.' એટલામાં ગાનની છેલી કડી આવીઃ

" દયાપ્રીતમ કહે, સુન મેરી પ્યારી અબ ઇહિ કરો ઑસરામ વે,
" અબ જાન દે, અબ જાન દે, સાંમ પરી ઘનસ્યામ વે !"

કોણ જાણે શું ભૂત ભરાયું તે રાણાથી શાંત ગંભીર ર્‌હેવાયું નહી અને એકદમ ઉઠ્યો. સર્વ સભા આ અતર્કિત બનાવથી આશ્ચર્ય અને ચિંતામાં પડી. રાણો જે દ્વારેથી આવ્યો હતો તેમાં જ પાછો પેઠો. 'નીઘા રખો મ્હેરબાન' ની બુમ ઉપરાઉપરી પડવા માંડી અને ઉઠી જતા, વેરાતા, ટોળે મળતા, પુછાપુછ કરતા, ગરબડાટ મચાવતા સભાજનના શોરબકોરમાં ચોપદારોનો પોકાર ડુબી ગયો. રાણાની પાછળ દ્વારમાં બુદ્ધિધન, શઠરાય,

અને બીજા મુખ્ય અમલદારોનો ધસારો થયો અને ભીંડાભીંડમાં માન અપમાન કે પદવીનું ભાન કોઈને રહ્યું નહી. રંગમાં ભંગ પામેલી નૃત્ય કરતી બંધ પડી સર્વની વચ્ચે ફુલાવતી ઉભી રહી અને બીજી નાયકાઓ ઉઠી; તે કોઈને ન દેખતા જેવા–ન ગણતા–લોક ધક્કા મારી અથવા તેમનાપર નજર પડતાં સંકોચાઈ આમ તેમ ચાલવા માંડ્યા. ભીંડમાં બુદ્ધિધનની આંખ આગળથી જુદો પડેલો પણ તેની આંગળીયે વળગેલો નવીનચંદ્ર પણ અમાત્યની પાછળ ગયો. અને સંસારમાં આવા બનાવ કેટલા બનતા હશે તે વિચારમાં–ભરભીંડ વચ્ચે ઉભો–ઉભો–પડતાં, આગળ નજર રાખવી ચુકી જતાં પોતાની અને અમાત્યની વચ્ચે આવી જનારના ધક્કા ખાતો અમાત્યના હાથના બળથી ઘસડાતો અને ધક્કો ખાઈ વિચારસ્વપ્નમાંથી જાગતો, સર્વ પ્રવાહનો એક ભાગ બની, એ પણ આખરે ચાલ્યો.

રાણાને બેસવાના ખંડમાં તેના સિંહાસન પાછળના દ્વારમાં થઈ દાદરે ઉતરી આ સર્વ મંડળ ભરાયું. એ ખંડ સો દ્હોડસો માણસો માય તેટલો હતો. તેમાં ચારેપાસ ઉંચી શેતરંજી પાથરી દીધી હતી. વચ્ચે એક ન્હાનું ઝુમર અને બાટીની હાંડીયો લટકાવી હતી; પુરાણનાં, જયપુરી ચિત્રોના, ઈંગ્રેજી ચિત્રોના, ચીનાઈ ચિત્રોના, અને સાદા પણ સોનેરી ઘરના ચારેપાસ તકતાઓ હતા. એ શિવાય ભીંતો ઉપર બબ્બે ત્રણત્રણ વાલ્સેટોનાં જોડાં ચ્હોડ્યાં હતાં. એક પાસ પોતાની મેળે કેટલાક રાગ ગાતું ઈંગ્રેજી વાજું એક સુંદર અર્ધગોળ ટેબલપર મુક્યું હતું. બીજી પાસ ભૂપસિંહની પોતાની સર્વાંગી મ્હોટી છબી હાથની ક્હાડેલી અને રંગેલી હતી. તેની સામેની ભીંતે અઢીંગી એક મ્હોટો લંબગોળ તકીયો અને ચોખંડી ગાદી પાથર્યાં હતાં. અને તે ઉપર કીનખાબી કપડું ચાદરને ઠેકાણે પાથર્યું હતું. ભૂપસિંહ એ ગાદીતકીયે ઓઠ કરડતો લાંબા પગ નાંખી પડ્યો. રુપાસુનેરી–ગંગાજમનાની ભાતવાળો–હુક્કો આવ્યો તે તે પીવા મંડ્યો અને બીજા સર્વ આસપાસ શેતરંજીપર ગોઠવાઈ બેસી ગયા.

“ મહારાણા ! અધિરાજ ! શું કાંઈ આપની પ્રકૃતિ સ્વસ્થ નથી ?” હાથ જોડી શઠરાયે પુછ્યું અને ઉત્તર જાણવા તેની આતુરતા સર્વસામાન્ય જણાઈ.

“ કામદાર ! હા. એવું કાંઈ છે.” હુક્કાની નળી તથા વરાળ મ્હોંમાંથી ક્હાડતાં ક્હાડતાં ઉશ્કેરાયલા જેવો રાણો બોલ્યો. વળી નળીમાંથી એક ઘુટડો ભરી બોલ્યો: “મ્હારે અત્યારે જરી એકાંત જોઈએ છીયે.” સર્વ મંડળ એકદમ ઉઠ્યું અને ભીંડાભીંડ કરતું બારણા બ્હાર ચાલ્યું.

"કામદાર, તમે જરા અંદર રહેજો." શઠરાયે જતાં જતાં પાછું ફરી જોયું અને અટક્યો. અમાત્ય સર્વ ત્રાંસી આંખે જોતો જોતો રાણાપર એક તીવ્ર દૃષ્ટિપાત નાંખી–આંખે આંખ મળી એટલે– બ્હાર ચાલ્યો. થોડીવારમાં આખા ખંડમાં રાણો અને શઠરાય બે જ રહ્યા અને શઠરાય ગાદીસામો જઈને બેઠો.

"કામદાર, આ કાગળોની વાત હું હવે ઉપાડું છું."

"જી બહુ સારું. પણ આપની પ્રકૃતિને અચિન્ત્યું શું થયું ?"

"તમને ખબર નથી કે માણસની ધીરજને પણ કાંઈક હદ હોય "છે ? મ્હારા મગજમાં ગુંચવારો કેટલા વખત સુધી રાખું ?"

કામદાર ખુશી થયો. "ખરી વાત છે. કાંઈ નીકાલ થવો જોઈએ. "અરેરે ! મહારાણાની સાથે આ વર્તણુક આટલા વિશ્વાસુને ન ઘટે."

"પણ સર્વ સાધન તૈયાર છે ? આ કામ પ્રસિદ્ધ કરવાની જરુર "નથી–પોતાની જ ફજેતી કરવાનું કારણ નથી. તમે જાઓ અને અમાત્યને "એકલાને મોકલો."

"સર્વ સાધન હાજર છે. એક નરભેરામ ગયા છે તે અહુણાં "આવશે." કહી શઠરાય ઉઠ્યો. રાણો તેના ભણી જોઈ રહ્યો. ચિંતાતુર અને રાણાના દુઃખમાં ભાગ લેતી મુખાકૃતિ કરી દઈ અંતઃસંતુષ્ટ શઠરાય બારણામાં અદૃશ્ય થયો અને થોડીવારમાં બુદ્ધિધન એકલો અંદર આવ્યો. રાણાની પાસે જતાં સંશય આવ્યો–કાંઈક ભય લાગ્યું. એ સર્વ અનુભવ બુદ્ધિધનને આખા જન્મારામાં આજ પ્રથમ જ થયો. તે ગુપ્ત રાખ્યો. કૃત્રિમ ગંભીરતા ધારી. શઠરાયની સાથે થયલી વાત પોતાની પાસે કેવી રીતે આવે છે તે જોવા ઉપરથી ભય અભય યોગ્ય જણાશે ધાર્યું.

રોકી રાખેલા પાણીની અડચણ દૂર થતાં તેનો પ્રવાહ છુટે તેમ બુદ્ધિધનને બારણું બંધ કરી અંદર આવતો જોઈ રાણાનો ધુંધવાટ બ્હાર નીકળતો જણાયો, અને શઠરાય સાથે થયલી વાત ગમે તો તેના વેગ નીચે ડબાઈ ગઈ અથવા તો રાણાએ જાણી જોઈને ન ક્હાડી કે પછી શું થયું તે અમાત્યને ન સુઝ્યું.

"બુદ્ધિધન, હવે તો આ તમારી ધીરજને કુવામાં ધક્કેલી પાડવી "પડશે. આ દરબાર પુરો થતાં સુધીએ મ્હારી ધીરજ રહી નહી એટલે "મ્હારું મન મ્હારા હાથમાં નથી."

"કારણ ? રાણાજી, આટલું બધું શું છે ?" અમાત્ય આવ્યો અને સામો ચિંતાતુર મુખથી બેઠો. ચિંતાનું કારણ મનમાં જુદું હતું અને દેખાડવાનું જુદું હતું.

"આ તમારો દુષ્ટરાય કલાવતીની સાથે મ્હારા મ્હેલ વચ્ચે ગેલ
"કરતો હતો–મ્હારી આંખમાં ધુળ નાંખીને!"

"હેં! ક્યારે?–રાણાજી–યાદ હશે કે મ્હેં આપને પ્રથમથી કહ્યું
"હતું કે એ ગણિકા કોઈની નહી."

"હા, ભાઈ, હા. તમારાં કહ્યાં તે હું કેટલાં સંભારું? આજ સુધીમાં
"તમારી કહેલી અનેક વાતો ખરી પડી હશે, પણ અમારા લોકનાં ચિત્ત
"જ ઠેકાણે નહી ને! એ દોષ દૈવનો. પણ હું તો આજ એને પુરાં કરત–
"આ **નરભેરામે** અટકાવ્યો–એ ખરેખર તમારો જ માણસ છે કે
"નહી એ બાબત હજી મ્હારા મનમાં વ્હેમ છે–હવે એ સાળી રંડી
"મ્હારા દરબારમાં ગાય તે હું કેટલીવાર જોઈ રહું?–બુદ્ધિધનભાઈ,
"મ્હારે તો હવે એ એનું કાટલું કરવું–મ્હારી આંખમાં ખુન ભરાયું છે–
"મ્હારાથી તો દરબારમાં રહેવાયું નહી–હવે તમારે તરત કાંઈ કરવું
"જોઈએ–હું તો દરબારમાંથી એટલા વાસ્તે જ ઉઠ્યો–હવે ઢીલ કરશો
"તો મ્હારે તમારે નહી બને!" હુક્કો ઘડીકમાં પીતો, ઘડીક મુઠી
દેતો, પગ લાંબા કરતો અને વાળતો, ગાદીપર ઘડીક પડતો અને ઘડીક
ટટાર બેસતો, અસ્વસ્થ રાણો બુદ્ધિધનને આશાનું નિમિત્ત થઈ પડ્યો
પણ–હજી "પણ" હતું–હજી શઠરાયને શું કહ્યું તે વાત અમાત્ય પાસે
ક્હાડી નહી એ શંકાકંટક રહ્યો.

"રાણાજી, જે ઉપાય મ્હારી પાસે માગો છો તે આપના હાથમાં છે,
"હું આપનો ઇચ્છાધીન સેવક છું."

"હા, હા, પણ શું કરવું ધાર્યું? એ સાળો દુષ્ટરાય ક્યાં નાસી ગયો?"

"શઠરાય બ્હાર એ જ ચિંતામાં છે અને દુષ્ટરાયને તેડવા
"માણસો ઉપરાઉપરી મોકલે છે."

"વારું–પણ તમે શું ધાર્યું?"

રાણાની પાસે પુરો ભરમ ફોડવો એ હજી નિર્ભય ન લાગ્યું.
"મહારાણા, રામભાઉ આવ્યા છે–એક કાગળ તો આપે વાંચ્યો છે.
"બીજા લખોટા હજી ફોડવાના છે. શઠરાયનું ઔષધ એમાંથી નીક-
"ળશે એવી હું આશા રાખું છું."

"કેવી રીતે?"

"મ્હારે ને સાહેબને થયલી વાત આપને ખબર છે. હવે આજ
"કાગળમાં એ વીશે શું લખ્યું હશે તે તો વાંચ્યાવિના શી રીતે જણાય?
"પણ આપની ઇચ્છા જયવંત થશે જ."

"પણ આ કલાવતીનું હાંલ્લુ તો આજ ફોડવું જ અને એને ગધેડે
"બેસાડવાં! હા."

"હું આપને સાન કરીશ એટલે એ વાત ઉપાડજો."

"પણ આજ જ."

"હા, જી, હા!"

એટલામાં એક અંતર્દ્વાર ઉઘાડી હાંફતો હાંફતો મ્હાવો આવ્યોઃ રાણો ગુસ્સે થયો.

"મ્હાવા! હરામખોર, ખબર નથી કે આ એકાંત ચાલે છે?"

"હાજી, મને ખબર છે અને એટલા વાસ્તે જ આવ્યો છું. રાણા-
"જીની વાત બે લોકમાં થાય તેના કરતાં એકાંતમાં જ એનો છેડો
"આવે તો સારું એ આપના સેવકજન ઇચ્છે."

બુદ્ધિધને ભયથી ડોકું ફેરવી પાછું જોયું. મ્હાવાના હાથમાં કાગળનો બીડો દીઠો, મ્હાવાએ તે રાણાના પગપર નાંખ્યો અને હાથ જોડી ઉભો રહ્યો. રાણાએ કાગળ વાંચવા માંડ્યા, અને કપાળપર ભ્રૂકુટિ ચ્હડાવવા માંડી. બુદ્ધિધને પુછ્યું.

"મ્હાવા, શું છે?"

"ભાઈસાહેબ, રાણાજી પાસે કાગળો છતાં ઉત્તર આપવા મને
"ગરીબને શો અધિકાર? આપ જ રાણાજીના વિશ્વાસુ ક્યાં નથી?"

"બહુ સારું." બુદ્ધિધને રાણા ભણી જોયું. રાજખા બાબતનાં કાગળ ઓળખ્યા. ઉત્તરમાં મ્હાવાયે તિરસ્કારભરી દૃષ્ટિ નાંખી. તેની આંખને, અમાત્યના અધિકારને સન્નિપાત થયો સ્પષ્ટ લાગ્યો. રાણાએ કાગળો અમાત્ય ઉપર ફેંક્યા.

"કેવું તરકટ! મ્હાવા, તને ફાંસીયે લટકાવવો જોઈએ. મ્હારા
"વિશ્વાસુ અમાત્ય ઉપર આવો આરોપ આણતાં તને શરમ ન આવી? બ્હીક
"ન લાગી? શું ત્હેં એમ જાણ્યું કે રાણો એટલો ભોળો છે કે આથી ઠગાશે?
"પ્રિય બુદ્ધિધન, આ દુષ્ટ કાગળો જોઈ તમે રજ ગભરાશો નહી!"

મ્હાવો હસીને બોલ્યોઃ "દીનાનાથ! રંકનું બોલ્યું રંક. મ્હારી તાકાત
"શી કે આ કાગળો ખોટા હોય ને હું આપની પાસે લાવું? અમાત્ય આપના
"વિશ્વાસુ છે તેમ મ્હારાપર પણ એમના ઉપકાર છે. પરંતુ આપનો
"ઉપકાર અત્યંત છે. આપના પ્રત્યે મ્હારો ધર્મ વિશેષ એવી મ્હારી સમજણ
"ન હત તો અમાત્યના ઉપકારનો બદલો હું આમ ન વાળત. આ કામ
"કરતાં મ્હારે મ્હારા મનનું કેટલું સમાધાન કરવું પડ્યું તે ઈશ્વર જ જાણે છે."

બુદ્ધિધન મ્હાવા ભણી જોઈ રહ્યો: "મ્હાવાભાઈ, તમે કેટલા "રાજનિષ્ઠ છો તે હવે કહી બતાવવાની જરુર નથી. તમે મ્હારો ઉપકાર "જાણ્યો એ મ્હોટી વાત છે. ઉપકાર તો ઉંઘી ગયો: પણ હવે મને "કાંઈક ઈનસાફ કરો અને આ કાગળો મ્હારા જ લખેલા છે અને તમારી "પાસે ક્યાંથી આવ્યા તે બધું સાબીત કરી બતાવશો?"

અમાત્યની આંખની કાંઈક શરમ પડી હોય અને તે ન ખમાઈ હોય એમ જરીક નીચું જોઈ, શરમ છોડી દેવાની શક્તિ આવતાં ઉંચું જોઈ, મ્હાવો બેધડક બોલ્યો, "હાજી, અમાત્યને જ્યારે આવું કામ કરતાં "શરમ ન આવી ત્યારે ખવાસને સાબીત કરતાં શી હરકત છે?"

રાણો ઓઠ પીસી મ્હાવા સામું જોઈ રહ્યો હતો તે હાથ પછાડી ગાજી ઉઠ્યો. "હરામખોર, બસ કર. મ્હારે ત્હારો પુરાવો કાંઈ નથી "જોઈતો. તું આણીશ તોપણ હું એને માનનાર નથી. કેવો જુલમ! જા, "ત્હારું મ્હોં કાળું કર—શઠરાય! કામદાર!"

શઠરાય દોડતો દોડતો અંદર આવ્યો.

"પકડાવો આ લુચ્ચા મ્હાવાને! કેદ કરો એને—સોંપો એને "દુષ્ટરાયને—ક્યાં છે દુષ્ટરાય?"

"જી, આવે છે." શઠરાય અમાત્યની પાસે બેઠો, અને કાનમાં પુછવા લાગ્યો કે શું છે.

"કામદાર જુવો તો ખરા—આ કાગળો. આ ત્રણ ટકાનો ખવાસડો "આપણા અમાત્ય સામી કેવી બાથ ભીડે છે તે! શો ગજબ! દુષ્ટરાય ન "હોય તો કોઈ સીપાઈને બોલાવો. અરે—કોણ છે સીપાઈ બારણે?" રાણો પોતે સીપાઈને બુમ પાડી બોલાવે એ અનુભવ સઉને પ્રથમ જ થયો અને બ્હાર ઉભેલા સર્વ અમલદારમંડળમાં ક્ષોભ પ્રસર્યો.

"જી, હું છું"–કહી વિજયસેન અંદર આવ્યો.

વિજયસેનને હુકમ થયો અને તે મ્હાવાને પકડી બ્હાર લઈ ગયો.

રાણો નિઃશ્વસ્ત થઈ તકીયાપર પડ્યો.

બુદ્ધિધન બોલ્યો: "રાણાજી, આ યોગ્ય નથી થતું. મ્હાવાની "પાસે સાબીતી હોય તે લેવી જોઈએ. આપની આંખમાં હું નિર્દોષ "છું તેવો જ જગતની આંખે પણ મ્હારે ઠરવું જોઈએ."

"હવે સાબીતી ને બાબીતી; જવા દોને બધું. જે થયું તે ઠીક જ "થયું છે. નીચ માણસોને ઉંચાં ચ્હડાવવાં એ મ્હોટાંને છાજ્યા કરતાં વધારે

"છે. એની પાસે સાબીતી માગી એટલે એ ફુલી જાય ને કંઈ કંઈ કુભાંડ "કરે." શઠરાયે કહ્યું.

"રાણાજી ! મ્હારી પ્રાર્થના સાંભળવી જોઈએ."

રાણો જરીક બેઠો થઈ ધીમે રહી બોલ્યો: "શઠરાય, અમાત્ય ખરું "કહે છે. મ્હાવાને ધમકાવ્યો તે મ્હેં જાણી જોઈને ધમકાવ્યો છે. નીચને "ઉંચો ચ્હડાવવો નહી. પણ વાત મ્હારી પાસે ઘણે ઠેકાણેથી આવી "છે. હું એ વાત બીલકુલ માનતો નથી. પણ, બુદ્ધિધન, મનમાં ન લાવશો– "હું એ માણસ છું.આજ નહી તો ભવિષ્યમાં મ્હારા મનમાં વ્હેમ ઉત્પન્ન થાય. "અને તેમ થાય તો તે ખોટું. માટે તમારી ઇચ્છાપ્રમાણે થવું જોઈએ."

"હા જી." અમાત્ય ધારી ધારીને રાણાસામું જોવા લાગ્યો.

"કામદાર, તમે આ બાબત તપાસ કરવાનો બંદોબસ્ત કરો. "એટલામાં હું અંતઃપુરમાં જઈ આવું છું. રાણીને પણ આ બાબતમાં "કાંઈક ખબર છે ને મારે તેની તપાસ કરવી જોઈએ."

શઠરાયની ખટપટનું ઉંડાણ જોઈ અમાત્ય આભો ન બન્યો. પણ રાણીપર રાણાનો વિશ્વાસ ઘણો હતો તેની એને ખબર હતી તેથી તેની બ્હીક સમીપ લાગી. રાણો ઉઠ્યો અને વેગથી અંતર્દ્વાર ભણી ચાલ્યો. દ્વાર ઊઘડતાં જ બંધુકના જેવો–કાંઈ તુટી પડ્યું હોય તેવો–કડાકો થયો. રાણો ખચક્યો, અને આશ્ચર્ય તથા ભયથી ઉંચુંનીચું જોવા લાગ્યો. "હાં, હાં–ખમાં ખમાં" કરી શઠરાય અને અમાત્ય દોડી આવ્યા. રાણાના પગ તળેથી જમીન તુટી પડી, એક મ્હોટું ગાબડું પડ્યું, અને નીચે ધસતી માટીમાં રાણાનો પગ સર્યો. બુદ્ધિધને બાથ ભીંડી રાણાને પકડી રાખ્યો અને બે જણ પાછા ખસી નક્કુર જમીનપર આવી ઉભા. બે ચાર પળમાં ચાર પાંચ ફુટનો એક ખાડો થયો, અને, માટીનો ઢગ બે પાસથી કોણાકારે પડી તેમાં સ્થિર થયો. મ્હેલની જમીનના સુંદર આરસ છુટા થઈ માટીમાં અર્ધા ડબાયા અને વ્હેંતીયાં માણસની દુનીયામાં ધરતીકંપથી અર્ધ ડુબેલાં ઘર જેવા લાગવા માંડ્યા. અંતર્દ્વારનો લાકડાનો ઉમ્મર પુલ પેઠે ખાડાપર રહ્યો. ખાડાની સામી બાજુએ અંદરથી માણસો ભરાયાં. રાણા ભણીની બાજુએ પણ બ્હારથી માણસો આવી ભરાયાં. ગભરામણ, શંકા, તર્ક, સૂચનાઓ, બુમાબુમ, અને એવાં એવાં મ્હોટાંન્હાનાં પંખીયોનાં ટોળેટોળાં સર્વનાં મુખતરુપરથી ઉડી ખાડાપર ભમવા લાગ્યાં.

"દગો, દગો, કપટ, કપટ" કરી બુદ્ધિધને રાણાને ઝાલી રાખી બુમ પાડી. સમરસેન, વિજયસેન, પ્રમાદધન, જયમલ, નવીનચંદ્ર, અને

તેમની સાથે આવેલું મંડળ અમાત્યની આસપાસ વીંટાઈ વળ્યું. બુદ્ધિધનની આંખના ઈસારાની વાટ જોતો નવીનચંદ્ર સામો ઉભો રહ્યો. સમરસેન અને વિજયસેન તરવારપર હાથ મુકી અમાત્ય અને રાણાની આસપાસ આવી ઉભા. ચોબદારો અને સીપાઈઓ ખડખડાટ ભડભડાટ કરતા દોડાદોડ કરવા લાગ્યા. બીલકુલ અજાણ્યો શઠરાય–આંખવતે દુષ્ટરાયને ખોળતો–દિઙ્‌મૂઢ બની ગયો અને 'શું છે શું છે' કરતો રાણાની આસનાવાસના કરવા લાગ્યો. ફરવતરાય અને બીજા અમલદારો તેની પાછળ તરવરવા લાગ્યા.

"અરે જુવો છો શું? કોઈ મહાનીચ રાજદ્રોહીનો આ પ્રપંચ છે! "મ્હારા મહારાણા, ઈશ્વર તમપર પ્રસન્ન રહો!–વિજયસેન, વિજયસેન, "જુવો છો શું? બાંધો કેડ અને એકદમ તપાસ કરો, શું આ ?–પ્રિય "રાણાજી, આપને કાંઈ ઈજા તો નથી થઈ?–અરે કરો આઘો આ માટીનો "ઢગ અને જુવો એની પાછળ અને નીચે; સાવધાન રહેજો,–હથીયાર "સજ્જ રાખજો–અને કાંઈ દારુખારુનું તો તોફાન નથી–જુવો પણે માટી "ગરે છે!" બુદ્ધિધન ગાંડા જેવો બની, આંખો ફાટી કરી દઈ, ઘાંટો ફાટો કરી દઈ, ચારેપાસ નજર ફેરવતો એક હાથે રાણાને ઝાલી બીજે હાથે વિજયસેનને ધક્કેલતો ચિત્રગર્જના કરવા લાગ્યો.

"શું, શું, બુદ્ધિધન, આટલા બ્હાવરા કેમ બની ગયા છો? જખ "મારે છે. છોડો મને–જુવો એ ખાડામાં અજવાળાં જેવું શું જણાય છે!" –કરી ભૂપસિંહ ખાડામાં ઉતરવા લાગ્યો.

"ના, મ્હારા રાણા, સુવર્ણપુરના સદ્‌ભાગ્યને એ જોખમમાં પડવાની "જરી પણ જરુર નથી. આપ છેટે ઉભા રહો. અમે તપાસ કરનાર "ઘણા છીયે. ચાલો, કામદાર"—કરી બુદ્ધિધન ખાડામાં ઉતર્યો ને પાછળ સઉ ઉતરવા લાગ્યા. શઠરાય ચિંતામાં પડી વિચાર કરવા ઉભો.

ભૂપસિંહને બુદ્ધિધનની રાજભક્તિ સાકાર થતી પ્રિયદર્શન લાગી. શઠરાયના ભણી શંકાસાથે જોવા લાગ્યો. વિજયસેન, સમરસેન, અને કેટલાક અમલદારો મજુર પેઠે કામ કરવા મંડી ગયા. માટી દૂર ખસેડી દીધી. તેની તળેની છત ભાગી ગયાથી કડકા થઈ આડાં પડેલાં પાટીયાંની એક બાજુએ થઈ સઉ અંદર ગયા. તે જમીનનીચે ગલી જેવું દેખાયું તેમાં નીચા વળી જુવે છે તો તેને મોખરે હાથમાં સળગાવેલું ફાનસ ધરી જમાલ અને પાછળ તરવાર લેઈ રણજીત ઉભેલા દેખાયા! "પકડો, પકડો, ફ્હાડો ફ્હાડો!" એમ ભોંયરામાં બુમ પડી અને ઉપર ઉભેલાઓએ જોસભર ઉપાડી લીધી. ચોબદારો અને સીપાઈઓએ તેમને પકડી ઘસડી ઉપર આણ્યા અને તેમના મ્હોંઉપર અજવાળું પડતાં સઉ આશ્ચર્યમાં પડ્યા,

તેમને મારવા લાગ્યા, અને જમાલ અહીં ક્યાંથી તે વિચારમાં પડ્યા. જમાલને જોઈ શઠરાયનું મ્હોં ઉતરી ગયું; આશ્ચર્ય, ઉંડા વિચાર, અને ખેદમાં તે પડી ગયો; નીચી રાખેલી આંખો ત્રાંસી કરી બુદ્ધિધનભણી ન્યાળવા લાગ્યો, અને ઉભો ઉભો ખશીયાણો પડી જઈ ધરતીમાં કળી જતો હોય તેમ શિથિલ વિકારને વશ થઈ ગયો. જમાલ શઠરાયનું પોતાનું માણસ છે એ રાણો સારી રીતે જાણતો હતો. 'હવે જમાલ અહીંયાં નીકળ્યો એ બાબત 'શો ખુલાસો કરવો? ગમે તે ખુલાસો કરીશું પણ રાણો શી રીતે માનશે? 'રાણાના કોપનું સમાધાન શી રીતે થશે અને એ કોપનું ફળ શું નીવડશે? 'આટલી ખોળ કર્યા છતાં પત્તો ન લાગ્યો અને આજ જમાલ આ પ્રકારે 'શાથી, શી રીતે, શા કારણથી, શું કરવા, અને કોની પ્રેરણાથી આવ્યો 'હશે? દુષ્ટરાય હજી કેમ ન આવ્યો? આ સર્વ બનાવો અને રામભાઉનું 'પ્રકરણ એ સર્વ વચ્ચે સંબંધ તો નહી હોય? અને એ પ્રકરણોનો સૂત્રધાર 'અમાત્ય જ હશે–અથવા એ ન હોય તો બીજું કોણ હોય?–'એવા એવા અનેક તર્કમાં પડતું સુવર્ણપુરના જુના કારભારીનું ચિત્ત, ક્ષિતિજ બ્હાર ઉભેલા બીજા કોઈ જ્યોતિનો પ્રકાશ–ભાગ્યનું દ્વાર ઉઘાડવા તત્પર થયેલા કોઈ ન દેખાતા પરાક્રમીનો હાથ દ્વારની સાંકળ આગળ ઉભેલો–જોવા લાગ્યું, અને સૂર્યનો કિરણ જોઈ ચંદ્ર અસ્ત થાય તેમ અંતરમાં ઝાંખું પડવા લાગ્યું. તેની સમયસૂચકતા જતી રહી, ભાન ખસી ગયું, અમંગળ શંકાઓ અને ભય ચિત્તપર ચ્હડી બેઠાં, અને આવતી આપત્તિને બળે પોતાના પાસામાંથી ખસી જનાર સર્વ મંડળમાં પોતાની બુદ્ધિ જ અગ્રેસર થઈ હોય એમ લાગ્યું. જગતના જાણવા પ્હેલું પોતાનું ભવિષ્ય પોતે જ વર્તી ક્‌હાડતા જેવું ચિત્ત નિર્બળ થઈ ગયું. બુદ્ધિસાથે ધૈર્ય ગયું અને કલ્પનારાત્રિનો કાળો અંધકાર પડ્યો અને તેથી એની નજર આગળ કંઈ કંઈ ભૂતો નાચતાં ખડાં થયાં. ભૂતકાળના પ્રપંચો અને પાપોનું ભયંકર નૃત્ય શ્મશાનમાં ઉભેલા જેવા તેના દીન મનને મુઝવવા લાગ્યું. વિજયસેનપાસે રાણાએ મ્હાવાને પકડાવ્યો હતો તેમાં પોતે કૃત્રિમતા સમજતો હતો તેને ઠેકાણે ભયંકર સત્ય જણાયું. આપત્તિકાળના મિત્ર જોશી જેવી ખોટી આશા તેને વ્યર્થ વ્હાવા લાગી અને તે છતાં ભય ઓછું થયું નહી. તેને કાંઈ સુઝ્યું નહી અને બુદ્ધિ પણ અવળી ફરી બેઠી. સર્વ સંપત્તિનો નાશ મનપાસે આવી ઉભો ર્‌હેતાં એકલા દુષ્ટરાયપર ચિત્ત ચ્હોટ્યું અને તેની ચિંતામાં પડ્યું. મડદું બની જતાં શરીરના રુધિર પેઠે એની વૃત્તિ ઠરી ગઈ–જડ થઈ ગઈ. આણીપાસ અમાત્યનો ઉત્સાહી પ્રયત્ન પાણીદાર ઘોડા પેઠે વેગભર દોડતો હતો ત્યારે આ કારભારી અદલે ગળીયા બળદ જેવો થઈને એક ખુરસીપર

બેઠો અને આસપાસનો બનાવ એને ચંચળ કરવા અશક્ત નીવડ્યો. જે કારભારીની પ્રપંચબુદ્ધિ આખા રજવાડામાં ઘણા અનુભવવાળી, શીઘ્ર, તીવ્ર, સર્વકાર્યગ્રાહી, રાણાઓ અને ઠાકોરોને વશ કરનારી અને જયવંત ગણાતી હતી તે કારભારી વીર્યહીન અને ભાનવગરનો–બાળક જેવો–વૃદ્ધ જેવો–નપુંસક જેવો–થઈ શૂન્યમતિ બન્યો અને સાધનહીન જેવો ખોળામાં હાથ નાંખી એક ખુરસીપર બેઠો, એ નો એ શઠરાય–એનાં એ એનાં સાધન–સર્વ નિષ્પ્રયોજન થયું લાગ્યું.

"કાબે અર્જુન લુંટીયો, એ ધનુષ્ય, એ બાણ!"

નવીનચંદ્ર–જે આ સર્વ તમાસો જોઈ રહ્યો હતો, જેને કારભારીની કળા જોવાનો લાભ મળ્યો હતો–તેને પણ જમાલને ખાડામાંથી નીકળતો જોઈ નવું ભાન આવ્યા જેવું થયું. નીરનીરાળી છુટી છુટી ઘણીક વાતો તે જાણતો હતો તે સર્વ જમાલને જોતાં સંધાઈ ગઈ. ખટપટનું પરિણામ કાંઈક કળી ગયો અને બુદ્ધિધનને સોંપેલું કાર્ય પોતાને કરવા વખત નહી આવે એટલું શુભ પરિણામ ચેતી ગયો. શઠરાયની ધારણાઓ તેને અમાત્યે જ કહી હતી. કેવી તે ધારણાઓ હતી અને કેવું તેનું પરિણામ નીકળશે તે વિચારતાં તે મનમાં બોલી ઉઠ્યોઃ

"આવ્યો છે કોડે, પણ જશે માથે બોડે,
"ધિક્કાર ફટ એના નામને રે!"

અને પોતે આવી જાતનું બોલી ઉઠ્યો તે વિચિત્ર લાગ્યાથી હસ્યો. પાછલા દિવસે–અમાસે જ વનલીલા કુમુદસુંદરીપાસ રુક્મિણીવિવાહ-માંથી આ ગાતી હતી તે અત્યારે સાંભરી આવ્યું. કુમુદસુંદરી સાંભરી. તેની જોડની મેડીમાં રહી અમાત્યના ઉજાગરાની પણ સાક્ષી સ્મરણશક્તિ પુરવા લાગી અને વિચાર કરવા લાગ્યોઃ "આહા! આટલા ઉજાગરાથી આ ફળ
"મળવા વખત આવ્યો છે–શી વાત–શી બુદ્ધિ–પોતાના કુટુંબની ફજેતી ન
"થાય અને અપરાધી શિક્ષા પામે એ રસ્તો–બુદ્ધિધન–આ ઠીક શોધી
"ક્હાડ્યો! વારુ, જમાલ, ત્હેં આટલું ન કર્યું હત તો આ અનુભવ પ્રત્યક્ષ
"ન થાત!–અને તેની સાથે એ જ બનાવમાંથી શઠરાયને નુકસાન કરવાનો
"પ્રસંગ આણ્યો! ખોટામાંથી સારું પરિણામ આણવું–વિપત્તિને સંપત્તિનું
"સાધન કરી દેવું–વગર ભણેલા બુદ્ધિધન–તમે ક્યાં શીખ્યા? ગજબ છે!"
આ વિચારનદી વ્હેતી વ્હેતી રાજખટપટના અવલોકનકાર્યમાં ભળી ગઇ.

જમાલ ને શુક્રાચાર્ય રણજીત બેનાપર મુક્કાબાજી કરવા રાજનિષ્ઠ તેમ જ ખુશામતીયો વર્ગ એક થઈ ગયો. રાણાએ તેમને અટકાવ્યા.

બુદ્ધિધનઃ "સમરસેન, તું બીજા માણસો લઈ આ સુરંગનું મૂળ શોધી "ફ્હાડ. જોજે, સંભાળીને જજે. રાણાજી, આ જમાલ અને રણજીતને "વિજયસેનને સોંપો. એમની ખાનગી તપાસ એકાંતમાં થશે–, કેમ, "કામદાર સાહેબ?" બુદ્ધિધને ચારેપાસ જોવા માંડ્યું.

ઉભેલા મંડળની પાછળથી બેઠેલા શઠરાયે ઉંડાણમાંથી જવાબ આપ્યો "હાં!"

"આવો, આવો, કામદાર, પાછળ કેમ બેઠા છો? આજ કેમ આમ "છે?" રાણાએ શઠરાયનો સ્વર આવ્યો તેણી પાસ નજર કરી કહ્યું. સઉ ખશી ગયા અને માણસોની ઠઠની ભીંતો વચ્ચે રાણાપાસેથી તે શઠરાય બેઠો હતો ત્યાં સુધી એક સાંકડી ગલી બની. રાણાએ શઠરાયભણી ચાલવા માંડ્યું. ભાંયરામાંથી જમાલ નીકળ્યો અને શઠરાય આમ મન્દ બન્યો તે જોઈ સર્વ તર્કારૂઢ થયા. આખરે શઠરાય ઉઠ્યો અને મંદગતિથી વ્હીલે મ્હોંયે રાણા ભણી આવવા માંડ્યું. તેને ઉઠતાં કાંઈ એવી વાર લાગી ન હતી, ચાલવામાં કાંઈ અસાધારણ મંદતા હતી નહી, અને તેના મુખની ક્લાંતિ હમેશાં ધ્યાન ખેંચે એવી ન હતી. પણ એની રોજની ચપળતા અને આજનો બનાવ સરખાવી સર્વના મનમાં સ્વયંભૂ સૂચનાઓ ઉત્પન્ન થઈ આવી અને રજપૂત તેના ભણી જે સભ્યતા દર્શાવતો હતો તેમાં સર્વને ભયંકર કૃત્રિમતા લાગવા માંડી. છાતી ફ્હાડી જમણો હાથ લાંબો કરી રાણાએ કારભારીનો હાથ પકડ્યો અને બોલ્યોઃ

"મ્હારા અનુભવી રાજભક્ત કામદાર, આજ તમારી મદદની "ખરેખરી અગત્ય છે. તમને ખબર છે કે–" (બુદ્ધિધન ભણી નજર કરી) "અમારા જુના સ્નેહીયોપર વિશ્વાસ રાખવાનો વખત રહ્યો નથી. ત્યારે, તમે "આમ મન્દ રૂહેશો તો અમારે કોને શોધવા જવું? જુવો, આ તરકટનો "ભાવાર્થ શોધો, બોલાવો દુષ્ટરાયને." કામદારનો હાથ ઝાલી રાખી તેની આંખ ભણી શકરાબાજના જેવી–ગરુડના જેવી–તીની દૃષ્ટિથી રજપુત જોઈ રહ્યો.

"આહા! વિશ્વાસુ કારભારીયોનો ખપ આવે પ્રસંગે જ પડે છે–તેમની "કીમ્મત આવે સમયે જ જણાય છે!" મુછ આમળતો રાજા બોલ્યો.

રાણાનો અક્કેકો બોલ કારભારીને અંતર્માંથી ઉભો ને ઉભો બાળી મુકવા લાગ્યો; અક્કેકો અક્ષર તેને અક્કેકા, પળે પળે દેવાતા, વિષદંષ જેવા, ચાટકા દેવા લાગ્યો; તેને આભ અને ધરા એક થયાં લાગ્યાં; પોતાના સર્વ મંડળમાં પોતાનું કોણ તે તેને ન સુઝ્યું. આખરે તેનું પોતાનું માણસ નીકળી આવ્યું.

નરભેરામ પાછો આવ્યો હતો અને કેટલીક વાર થયાં કરવતરાયના કાનમાં કાંઈ લાંબી વાત કહ્યાં કરતો હતો. એ વાત થઈ રહી અને નરભેરામે ન્યાયાધીશનો કાન મુક્ત કર્યો એટલે કરવતરાયની દૃષ્ટિ શઠરાયપર પડી અને ભાઈની વિપદ અવસ્થા દેખી ભાઈ વ્હારે ધાયો.

કરવતરાયની પ્રપંચશક્તિ શઠરાયના જેવી ન હતી. તે દેખાવમાં પ્રતાપી ઓછો પણ કદાવર વધારે હતો. શઠરાયને કપાળે કરચલીઓ વળી હતી, તેને ધોળાં આવ્યાં હતાં, અને ઉતરતી અવસ્થા શરીરપર બેઠી હતી. કરવતરાય હજી દેખાવે જુવાન અને મજબુત હતો. તેની મુછોના થોભીયા ફક્કડ અને કાળાં ભમ્મર હોવા છતાં કંઈ કંઈ ધોળાશ આવી હતી તેનાપર કલફ મજબુત લગાડ્યો હતો. તેની હીમ્મત શઠરાયના કરતાં ઘણી વધારે હતી અને મ્હોટા ભાઈના કરતાં મન ઓછું તાર્કિક હોવાથી દુઃખ સહેવાની શક્તિ વધારે ધરતું હતું. એની આંખમાં શરમનો લેશ પણ ન હતો, હૃદય દયા અને ઉપકારને ઓળખતું ન હતું. બુદ્ધિ સત્ય અને ન્યાયે ચાલવાનું કારણ સમજતી ન હતી. આવું છતાં તેનું મન કુટુંબવત્સલ વધારે હતું અને ભાઈની અવસ્થા જોઈ એનું હૈયું ભરાઈ આવ્યું; બધા સમજ્યા એટલું તો સમજ્યો પણ ભાઈને થયા હતા તેનાથી અર્ધા પણ વિચાર પોતાને થયા ન હતા એટલે "શું થનાર છે?" એ વિચારથી મન મજબુત રહ્યું, અને ભાઈને પડખે આવી ઉભો. અને ભાઈના સામું જોઈ, પછી રાણાના સામું જોઈ, બોલ્યો:

"પ્રતાપી મહારાણા, આ રાજદ્રોહી તરકટ થોડીવારમાં આપણી "પોલીસ શોધી ક્હાડશે અને અપરાધીયો કઠણ સજા ભોગવશે. આપના "ચરણના પ્રતાપથી આ સર્વ પરિણામ પળવારમાં થયું સમજો, સુવર્ણ-"પુરના મહારાણાના શત્રુ નાશ પામશે જ."

"નિસંશય એમ થવાનું જ!" ભાઈને જોઈ કારભારીને બોલવાની શક્તિ આવી.

"ત્યારે બોલાવો દુષ્ટરાયને! બુદ્ધિધન, લક્ષમાં રાખજો જે કારભારી "ક્હે છે તે. રાણાના શત્રુ નાશ પામશે!" ડોકું ધુણાવી રાણો કારભારી સાથે હસ્યો.

સ્મિત કરી અમાત્ય બોલ્યો, "રાણાજી, આપ તો નાશ પામશે "ક્હો છો પણ હું તો એમ જ જાણું છું કે તેઓ નષ્ટ થયા જ."

"દુષ્ટરાય ક્યાં?–બુદ્ધિધન સરત રાખજો–રાજાઓની આગળ "બોલેલા બોલ કરેલાં કામના કરતાં વધારે ભારે થઈ પડે છે."

"નિઃસંશય!"

સર્વ આ વાતોથી વિસ્મયમાં પડતા હતા. કરવતરાય મનમાં જય પામતો હતો–તે એવું સમજીને કે રાણો હવે રાજખાનું પ્રકરણ ક્‌હાડશે. શઠરાય એથી ઉલટું જ સમજ્યો; તેના પગ થરથરવા લાગ્યા, બુદ્ધિધન સામું કઠણ દૃષ્ટિથી–ઉંડા વૈરભાવથી–જોઈ રહ્યો. રાણા અને અમાત્યનો ક્રૂર સંવાદ તેણે અટકાવ્યો.

" મહારાણા, હવે વાતો કરતાં કામની વધારે જરુર છે. આ બાબતનું " મૂળ શોધી કહાડવું જોઈએ. હમે બે ભાઈઓ અને સર્વ અમલ- " દારોએ તરત નીકળવું જોઈએ. બુદ્ધિધન, આપણી સાથે ચાલો. આ " કાર્યની તપાસ કરવી જોઈએ–તેમાં તમારી પણ જરુર પડશે જ–" કંઈક સારો વિચાર સુઝી આવવાથી કારભારી ટટાર થઈ બોલ્યો. કંઈ પણ બ્હાને રાણાના પંઝામાંથી તરત છુટી જઈ–એને જ ફુલાવતી અને નરભેરામના પંઝામાં ર્‌હેવા દેઈ, સઉ વાત હાથથી ગઈ માલમ પડે તો ગમે તો રાણાને જ આ દુનિયામાંથી વીદાય કરવો અથવા તેમ ન બને તો પોતે કુટુંબ અને દ્રવ્ય લેઈ સુવર્ણપુરમાંથી પોબારા ગણવા એ કલ્પના તેના મગજમાં તરી આવી. અમાત્યને પણ રાણા પાસે ર્‌હેવા દેવો નહી એવું પણ ધાર્યું. આ છેલ્લો ધુમાડાનો બાચકો ભર્યો તેનો તેને લાભ મળે એ થવા ન દેવા જેટલી અક્કલ રાણામાં હતી જ.

" ના રે ના, કામદાર, હાલ તમને છુટા ન મુકાય. આજના " બનાવથી હું અસ્વસ્થ થયો છું અને મ્હારા મનનું સમાધાન કરવા " તમે અંહી જ ર્‌હો."

કારભારીનો છેલ્લો પાસો ધાર્યો ન પડ્યો. તે નિરાશ થયો.

" દુષ્ટરાયને બોલાવો, કામદાર. આ બાબતમાં તમે કેમ " સાંભળતા નથી ? "

શઠરાયે ઉત્તર ઘડી ક્‌હાડ્યો તે પ્‌હેલાં કરવતરાય બોલી ઉઠ્યો: " રાણાજી, આ નરભેરામ અહુણાં જ ઘેરથી આવ્યા તેમણે સમાચાર " આણ્યા છે કે એ હાલ આવી શકે એવી તેના શરીરની અવસ્થા નથી."

" હેં! શું થયું છે એમને? અહુણાં તો દરબારમાં હતા. શું " તમારા ઘરમાં પણ દગો ફટકો થયો છે કંઈ?"

" હાજી, કાંઈ એમ જ છે." શઠરાય અને સર્વ ચમક્યા.

" શું હા ? શું થયું છે ? શું થયું છે ? નરભેરામ ? "

" જી મ્હારી જીભ ઉપડે એમ નથી; ક્ષમા કરો."

" શું ? મ્હારી આજ્ઞા તમે નહી પાળો ?"

" જી, ક્‌હેનાર આ આવે." ઘાયલ થયલો બેરુલો હાથ ઉપર

લોહીવાળો પાટો બાંધી શ્વાસભર્યો દોડતો દોડતો આવ્યો, અને બુમ પાડતાં પાડતાં રાણાના પગ આગળ પડતું મુક્યું.

"જુલમ જુલમ, મહારાણા, આપના રાજ્યમાં જુલમ–મ્હારી "વ્હારે કોઈ ધાવ રે–બાપજી !" કહી પોક મુકી. સીપાઈઓ તેની આસપાસ ભરાઈ તેને ઉઠાડવા લાગ્યા. દુષ્ટરાયની કૃપાના પાત્રની સીપાઈઓ આસનાવાસના કરવા લાગ્યા.

એટલામાં ખાડામાં પણ કાંઈ ગરબડાટ થયો, તેના ભણી સઉનું લક્ષ ગયું, અને થોડીવારમાં રૂપી, **ની**ચદાસ, અને બેઉને સુરંગના મૂળ આગળથી હાંકતો હાંકતો **સ**મરસેન પોતાના મંડળ સાથે આવ્યો.

સઉનાં લક્ષ્ય બહુપાસ ખેંચાયાં. કરવતરાયે પણ ભાગ્યનો ઓટ દીઠો. **ન**રભેરામે કાનમાં કરેલી વાતથી તેનું અંતઃકરણ નબળું પડ્યું હતું પણ પ્રસંગ સાચવવા તમાચો મારી ગાલ રાતો રાખવા પ્રયત્ન કરી જાણેલી વાત ઢાંકી રાણાસાથે દમભેર વાત કરી હતી. **મે**રુલાને જોઈ ઘરની બાબત ભય લાગ્યું, **સ**મરસેનનો સાથ જોઈ બીજી પાસથી ભયદર્શન થયું.

દુષ્ટરાય એકલો ઘેર દોડ્યો અને પ્હોંચ્યો તો ઓટલે સીપાઈઓ તડાકા મારતા હતા. તેમને વટાવી અંદર જાય છે તો બારણું બંધ. મેડીયે ચ્હડી ચોકમાં જોતાં તેની આંખ ફાટી. ચોકમાં રમનારાંયે મીયાંબીબીનો વેશ ક્હાડ્યો હતો. **મે**રુલો મીયાં બનેલો, **રૂ**પાળી અને ખલકનંદા બીબીયો બનેલી અને ભવાઈ ચાલી રહેલી. અગાશીમાં ખડખડાટ સાંભળી ખલક-નંદા ચમકી અને સંતાઈ ગઈ. તરવાર લેઈ દુષ્ટરાય બીજે દાદરે થઈ ચોકમાં ગયો, અને આંખની શરમ વિના બીજી સર્વ મર્યાદાથી ભ્રષ્ટ થયલાંની આટલી રહેલી મર્યાદા પણ મુકાવી. દુષ્ટરાયને મત્સર ચ્હડ્યો અને **મે**રુલાપર તરવાર ખેંચી. **મે**રુલાને હાથે તરવાર વાગી, વાગતા સુધી શરમ રાખી, પણ વાગી એટલે શરમ તોડી ચાકર ધણીની સાથે દ્વન્દ્વયુદ્ધમાં પડ્યો અને દુષ્ટરાયની તરવાર ખેંચી લીધી. નિરાશ થયલા દુષ્ટરાયે બુમ પાડી, ચોકનાં બારણાં ઉઘાડી દીધાં. સીપાઈયો અંદર આવ્યા, પણ તે આવતાં પ્હેલાં દુષ્ટરાયપર ઘા કરી પાછલે બારણેથી **મે**રુલો નાઠો. નાસતાં નાસતાં પોતે તરવાર સાથે પકડાય નહી માટે તરવાર **રૂ**પાળીના ભણી ફેંકી, 'ઉગારજે કે મારજે' કરી, મંત્ર મુક્યો. તરવાર એક ખુણામાં પડી. દુષ્ટરાયને ઘા કારમો થયો અને જાતે નબળો હોવાથી જમીનપર પડ્યો. **રૂ**પાળીયે બાજં-દાવેડા કરવા માંડ્યા અને મ્હોં વાળવા તથા કુટવા લાગી. દુષ્ટરાયમાં બોલ-વાની તાકાત ન હતી. સીપાઈઓએ **રૂ**પાળીને પકડવા વિચાર કર્યો પણ ઠીક

ન લાગ્યું. આખરે બધાં બારણાં આંતરી બેઠાં, અને "બાઈ, કારભારી "આવશે એટલે તમારા આ કામના સમાચાર કહીશું–તમને જવા નહી "દઈએ" એમ રુપાળીને કહ્યું. રુપાળી તેમને ધમકાવી મેડીયે ગઈ, પુરુષનો વેશ લેઈ છાપરે ચ્હડી, દુષ્ટરાયની તરવાર લેઈ જોડના ઘરમાં ઉતરી, તે ઘરવાળાં ચમક્યાં અને પાછળ આવ્યાં, તેમને વટાવી તેમને ઉઘાડે બારણેથી રસ્તામાં નાઠી, એક બે ગલીયો બદલાઈ એટલે લોકનાં ટોળામાં ભળી જઈ, નીરાંતે ચાલી–મેરુલાને ઘેર ગઈ. મેરુલાનો ભાઈ ઘરમાં હતો તેની પાસે વાતો કરવા મંડી, અને બારણાં અડકાવી, તેને સમાચાર કહી, મેરુલાની શોધ કરવા મોકલ્યો.

ભાઈના ઉપર વીતેલું તોફાન પરસાળના એક જાળીયામાંથી છાનુંમાનું જોઈ ખલકનંદા અજાણી બની ઢોંગ કરી પરસાળની મેડીપરના હીંચકાપર આંખો મીંચી સુતી.

દુષ્ટરાય શું કરે છે ને શી ગમત થાય છે તે જોવાના રસથી તેમ જ તે જાણવું અમાત્યના કામને ઉપયોગી હોવાથી, દરબારમાંથી બ્હાર નીકળવાનું મળતાં શઠરાયે સોંપેલું કામ મુકી તેના જ ઘરભણી નરભેરામ ચાલ્યો. રસ્તામાં મેરુલો દોડતો સંતાતો મળ્યો તેને પકડી ઉભો રાખ્યો અને સમાચાર જાણી લેઈ શીખામણ દીધી કે 'તું દરબારમાં અહુણાં જ જા અને દુષ્ટરાયના સામી તું જ ફરીયાદ કર–તેનો તારો અસ્ત થવા બેઠો છે માટે તું કહીશ તે મનાશે. સંતાઈ(પેંસી)શ તો ગુન્હેગાર ઠરી મરીશ.' કેવી રીતે દરબારમાં વાત કરવી તે પણ શીખવી. મેરુલો કહે. 'મ્હારે ઘેર જઈ પછી દરબારમાં જઈશ. મરવા પડેલા દુષ્ટરાય વિના મને કોઈએ દીઠો નથી, ને દેખનાર મ્હારી વાત નહી કરે–પણ મ્હારા ભાઈને સાવધાન કરી આવું.' રસ્તામાં ભાઈ મળ્યો. બે ભાઈ ઘેર ગયા. રુપાળીને મળ્યા–તેને મેરુલાએ ભાઈની સાથે બે ત્રણ ગાઉ છેટે બીજા રાજ્યના ગામડા ભણી રવાને કરી પોતે દરબારમાં આવ્યો. નરભેરામ ત્યાંથી જેલ ભણી જાય છે તો રામભાઉ અને તર્કપ્રસાદ પોતાનાથી પ્હેલા જઈ પ્હોંચેલા, કારણ તેઓ ઘોડા-ગાડીમાં નીકળ્યાં હતા. વાણીયો જેલમાં તેમને મળ્યો અને સર્વ સમાચારનું રામભાઉએ ટીપ્પણ કર્યું. નરભેરામ તે સર્વ જાણી ઉતાવળે પગે દરબારમાં પાછો ફર્યો અને શઠરાય રાણાસાથે વાતોમાં હોવાથી કરવતરાયને સઉ સમાચાર કહ્યા. તેમ જ એવું પણ કહ્યું મને રસ્તામાં ઘાયલ થયલો મેરુલો મળ્યો અને તે દુષ્ટરાયના સામી ફરીયાદ કરવા આવનાર છે. મેરુલો શાથી ઘાયલ થયો તે કારણ પણ કહી બતાવ્યું–કુટુંબની લાજ ગઈ જાણી કરવત-રાયને ક્લેશ થયો. દરબારમાં એ વાત કહી નહી બતાવાય એ નક્કી. તેમાં

ઉલટો ચોર કોટવાળાને દંડે-મેરુલો ઉલટો ફરીયાદ કરવા આવ્યો જોઈ શું ક્‌હેવું તે સુઝ્યું નહી. દુષ્ટરાય પોતે ઘાયલ થયાની વાત નરભેરામે કરી નહી.

મેરુલાને ઘાયલ સ્થિતિમાં જોઈ સઉ ચમક્યા અને ફરીયાદનું કારણ પુછ્યું. શઠરાય કારણ જાણતો ન હતો-તે એને પોતાનો ગણી જમીનપરથી ઉઠાડવા ગયો.

"કામદારસાહેબ, મ્હારો બચાવ હવે આપ કરી શકો તેમ નથી. "મ્હોટાભાઈની જ સામી મ્હારે ફરીયાદ છે."

શઠરાય ચમક્યો અને આઘો ખસ્યો.

"રાણાજી, મ્હેં કામદારનું લુણ ખાધું છે. તેમના ઘરસામે ફરી- "યાદી કરવી એ મને ઘટતું નથી. પણ હવે ન ચાલ્યે કરવી પડે છે. "ફોજદારસાહેબની કાંઈક રાજદરબારી છાની વાત મ્હેં જાણી તે એમના "જાણવામાં આવ્યું અને મ્હારા પેટમાં છાની ર્‌હેશે નહી જાણી મ્હારી "આ દશા કરી છે. જો હું નાઠો ન હત તો મને પુરો કરત. મને "હવે ઘરમાં જતાં પણ બ્હીક લાગે છે માટે અહીં આવ્યો છું."

"એવી શી વાત હતી?" રાણાએ પુછ્યું.

"અરે, બાપજી, તે વળી આપને ક્‌હેવાય? હોય એ તો. ખટલા છે. "પણ, માબાપ, મને મ્હોટાભાઈએ ધાર્યો એટલા હલકા પેટનો હું નથી. "મ્હારે માગવાનું એટલું છે કે ગમે તો મ્હારી ફરીયાદનો નીવેડો આવે "ત્યાંસુધી કે ગમે તો હું મ્હારે ગામ જવા નીકળવા પરવારું ત્યાંસુધી આપનાં "વિશ્વાસુ માણસોની ચોકી આપો કે પોલીસના સીપાઈઓ મને સતાવે "નહી. મ્હારે બીજું કાંઈ નથી જોઈતું. હું ગરીબ માણસ છું."

"પણ એ છાની વાત શી? તું જુઠ્ઠો કે સાચો તે શું જણાય? "કેવો હરામખોર-પુછ્યું તેનો જવાબ નહી!"

"અરે રાણાજી-લ્યો ત્યારે કહું પણ-પણ એકલા આપને કહું." કરી શઠરાય ભણી બ્હીકની નજર કરી.

"તું શું જુઠું બકે છે તે જાણવાનો એમને પણ-હક છે. બોલ "અને ખોટું બોલ્યો તો મરવાનો."

"તો રાણાજી-આ તો ઉલટી બલા થઈ-માફ કરજો કામદારસાહેબ- "ન ચાલ્યે કહી દેઉ છું. રાણાજી, આપની વાડીમાં પાછળ તળાવ છે ત્યાંથી "બાસાહેબના ઓરડા સુધી કાંઈક ભાંયરામાં રસ્તો કરવાની વાત કામદારે "કરી હશે તે મને ખબર પડી-અરે કામદારસાહેબ, હું ધ્રુજું છું-મ્હારા- "પર ગુસ્સો ન કરશો-અરે જમાલ અંહી ઉભો છે કે-લ્યો રાણાજી-

" એ જમાલ બધી વાત જાણે છે–એને પુછજો–માબાપ, હવે મને જવા દ્યો
" –મને વધારે ન પુછશો–સઉ જમાલ ક્‌હેશે."

" હરામખોર !–લેઈ જાઓ એને વિજયસેન !"

" મહારાણા, પણ ફરીયાદી કરવા આવીયે ત્યારે સજા થાય એવો
" આપનો ધારો હોય તો મ્હેં ભુલ કરી–હવે નહી ફરીયાદી કરું ! આપ
" લોકને પાળનાર છો. મને ઘેર જવા દ્યો–આપના કેદખાના કરતાં
" મ્હારું ઘર સારું છે. પોલીસનાં માણસ મને કનડશે તો જે થશે તે
" ખરું પણ મ્હેં એવો ગુન્હો નથી કર્યો કે મને કેદ કરો."

હીમ્મતવાન બોલકણા મેરુલાને જોઈ રાણો વિસ્મય પામ્યો.
" જા જા, ઘેર જા. વિજયસેન, એને ઘેર જવા દે અને એની ફરીયાદની
" તપાસ કરવાનું તને સોંપું છું."

મેરુલો સલામ કરી ગયો.

" જોયું, કામદાર, શા લુચ્ચાં માણસો હોય છે ? ઘરમાં–રાજ્યમાં–
" માણસો રાખવાં તે વિશ્વાસુ ને બુનીયાત હોવાં જોઈએ–નીકર આવું થાય.
" મ્હારા વિશ્વાસુ અમલદારો સામે આવું ત્હોમત મુકતાં એની જીભ ન
" કપાઈ! ધણીનું ઘર ફોડતાં એનું કાળજું કેમ ચાલ્યું ? આશ્ચર્ય છે
" કે તમારા જેવાનું લુણ ખાઈ તેનો ગુણ એનામાં ન આવ્યો:" કરી
રાણો ભમ્મર ચ્હડાવી ગંભીર બની કારભારી સામું જોઈ રહ્યો.

એટલામાં રામભાઉ અને તર્કપ્રસાદ પાછા આવ્યા. શઠરાયે જોયું કે રામભાઉને લાંચ આપવાનો અવસર હવે ગયો હતો. વાણીયો કેદખાનામાં રામભાઉને મળ્યો હતો અને સર્વ હકીકત કહી હતી. વાણીયાની બાબતમાં સાહેબની એકલાની જ આંખમાં ધુળ નાંખવાની હત તો લાંચ આપવી એ સ્હેલી વાત હતી. અને એમ જાણીને જ એની કલ્પના કરવામાં આવી હતી. પણ હવે તો એ બનાવનો લાભ લેવા રાણો જ તત્પર થશે એ શઠરાય સમજ્યો. નિ:શ્વાસ મુકી તેણે મનમાં વિચાર કર્યો: "આભ ફાટ્યું ત્યાં
" થીંગડા નકામાં. રામભાઉ ગયો ત્યારે જુદી અવસ્થા દેખાતી હતી–
" હું કારભારી હતો. હવે એ અવસ્થા બદલાઈ–શઠરાય ! પઈસા ખરચ્યે
" છુટકો થાય એ વખત ગયો." રામભાઉ વાણીયા બાબત શઠરાયને અને કરવતરાયને માથે ત્હોમત મુકી બોલ્યો:

" રાણાજી, સાહેબને આપની બાબત ઘણો ઉંચો અભિપ્રાય છે. પણ

" આવા કારભારીયોથી આપને હાનિ પ્હોંચશે. ખરી વાત છે કે એ
" કારભારી જુના છે–પણ એ જુના રોગ છે. આપના રાજ્યના જુલમ
" વીશે કેટલી બુમ છે તે સાહેબ સારી પેઠે જાણે છે. પણ સુધારાની
" આશા રાખી આજ સુધી કાંઈ બોલ્યા નહી. એ આશા ખોટી નીકળી.
" જો એમ જ એમના મનમાં હત કે સુધારો થઈ શકનાર જ નથી તો
" સાહેબ જુદા ઉપાય લેત. પણ એમ નથી. સાહેબના મનમાં ખાતરી છે કે
" કારભારીયો આપના સુધી પોકાર આવવા દેતા નથી અને આપ જાણો તો
" એવા જુલમ થવા દ્યો એમ નથી. આપના રાજ્યમાં સારાં માણસ નથી
" જ એમ સાહેબના મનમાં હત તો સાહેબ કોઈ બ્હારના માણસની
" ભલામણ કરત. પણ એમને સારી માહીતી છે કે આપના રાજ્યમાં
" પ્રવીણ, પ્રમાણિક, અને પ્રજાનું હિત ઇચ્છે એવાં માણસ નથી એમ નથી.
" આજ કારભારીના બળથી એમનું ચાલતું નથી પણ સાહેબ ધારે છે
" કે રાજ્યની ખરી સ્થિતિ આપ જાણશો ત્યારે તેમનું બળ ચાલશે
" અને પ્રજા સુખી થશે. આથી વધારે વાત મ્હોંયે કરવા મને હુકમ
" નથી. સાહેબપાસે અને સરકારમાં આપના રાજ્ય સામી કેટલી અને
" કેવી રીતની ફરીયાદો થઈ છે તે જણવવા આ સર્વ અરજીયોના
" કાગળ સાહેબ મોકલે છે તે હું આપની પાસે યોગ્ય તપાસ સારું
" રજુ કરું છું. આ ઈંગ્રેજી વર્ત્તમાનપત્રો સાહેબે મોકલ્યાં છે તેમાં આપના
" રાજ્યનાં સારાં નરસાં માણસોનું વર્ણન છે. તેની તુલના સાહેબ આપને
" સોંપે છે. સાહેબ જાતે ઘણું ખરું વર્ત્તમાનપત્રોપર વિશ્વાસ રાખતા
" નથી, પણ આ બાબતમાં એ પત્રોનો અને એમનો અભિપ્રાય એક છે
" એટલે સવિસ્તર હકીકત જણવવા એ પત્રો જ મોકલ્યાં છે તે કોઈ
" પ્રમાણિક ઈંગ્રેજી ભણેલા માણસપાસે વંચાવી સમજી લેશો. હાં, બીજી
" વાત સાહેબ તરફથી એ ક્‌હેવાની છે કે આપ સમજો છો કે જમાનાની
" પાછળ ન પડી જવું એ આજ જરુરનું છે અને એ વાત આપને ધ્યાનમાં
" લેવાની છે. જમાનો કેવો છે તે જાણવા ઈંગ્રેજી વિદ્યા જાણનારા અને તેવા
" ન મળે તો ઈંગ્રેજી રાજ્યની નીતિ રીતિ જાણનાર માણસો હળવે હળવે
" આપે મેળવવા યોગ્ય છે. એ ઉપરાંત જે ક્‌હેવાનું છે તે કાગળ સાહેબે
" પોતે આપેલો છે તે ઉપરથી સમજશો. મ્હારે સાહેબ તરફથી હવે કાંઈ
" ક્‌હેવાનું બાકી નથી. પણ મ્હારે જાતે આપને કાંઈક વિનંતિ કરવાની છે
" તે છાની વાત નથી એટલે આ મંડળવચ્ચે કહું તો અયોગ્ય નહી ગણો. હું
" પણ આપના રાજ્યનું સારું ઇચ્છું છું. અને હું તો શીખામણ દેવા લાયક
" નથી પણ મ્હારી શીખામણ આપને સાંભળવા લાયક હોય તો ક્‌હેવાની

" રજા માગું છું કે રસલસાહેબ જેવા સારા સાહેબ રજવાડામાં ક્વચિત
" જ આવતા હશે અને તેમનો દરેક અક્ષર સોનાના મુલનો માનજો.
" સાહેબને આપના અમાત્ય સારી રીતે ઓળખે છે અને હું કહું છું તે
" કેટલા પ્રમાણમાં ખરું છે તે વાત મ્હારા કરતાં વધારે છટાથી, વધારે
" શક્તિથી, અને વધારે અનુભવથી આપના એ વિશ્વાસુ અમાત્ય કહી
" શકશે. એ સાહેબે એજંસીમાં નોકરી કરી છે, આપના હાથનીચે પણ
" નોકરી કરી છે, સાહેબ એમને સારી રીતે ઓળખે છે, અને એમના
" ઉપર આપનો વિશ્વાસ છે તે એજંટસાહેબ યોગ્ય માને છે. એવાં
" માણસો છે ત્યાંસુધી આપનું અને આપના રાજ્યનું કલ્યાણ છે એમ
" સાહેબ માને છે અને સાહેબની શીખામણ પ્રમાણે વર્તવાથી કેટલો
" લાભ છે તે અમાત્યસાહેબ કહી શકશે. તે સર્વ સાંભળવું, ન સાંભળવું
" એ આપની મુખ્ત્યારીની વાત છે. અને એ મુખ્ત્યારીને અંગે સારાં
" નરસાં પરિણામનું જોખમ આપને જ વ્હોરવાનું છે. અમે તો માત્ર
" બોલવાના અધિકારી. રાજ્યની લગામ આપના હાથમાં છે અને પરિ-
" ણામની લગામ ઈશ્વરના હાથમાં છે. સદ્બુદ્ધિવાળાને ઈશ્વરની લગામ
" કદી ખુંચતી નથી. મ્હારે હવે કાંઈ કહેવાનું બાકી રહેતું નથી. કામ-
" દારસાહેબ, મ્હારાઉપર ખોટું લગાડશે નહી. હું તો ચીઠ્ઠીનો ચાકર છું."

ભાષણ પુરું થઈ રહ્યું. સર્વ મંડળ ચિત્રપેઠે સ્તબ્ધ થઈ ગયું હતું તેવું જ પળવાર રહ્યું, અને પોતાના સીપાઈના હાથમાં નેતરની પેટી હતી તેમાંથી ન્યુસપેપરો અને અરજીયોના કાગળના થોકડા રામભાઉ રાણાની સાથે ઉભેલા બુદ્ધિધનને આપતો ગયો તેમ તેમ સર્વ અમલદારો એકબીજાના મ્હોં સામું જોવા લાગ્યા, એકબીજાના કાનમાં પ્રશ્નોત્તર કરવા લાગ્યા, અને પોતાના અને પારકાઓના લાભાલાભના વિચાર મનમાં કરવા લાગ્યા. આખરે સાહેબના કાગળવાળું એક જરા મ્હોટું ચતુષ્કોણ પરબીડીયું રામભાઉએ આપ્યું તે ફોડી રાણાએ વાંચ્યું અને કાંઇક વિચારમાં પડી ઉત્તર આપ્યો:–

" રામચંદ્રરાવ, સાહેબ મ્હારા હિતેચ્છુ છે તે કહેવું પડે એમ નથી.
" આ કાગળમાં જે મમતા એ બતાવે છે તે ઘણી છે. સાહેબની શીખામણ
" વ્યાજબી છે અને તેનું ખરાપણું સમજાય એવા બનાવો આજ જ મ્હારા
" રાજ્યમાં બન્યા છે તેથી મ્હારી આંખ ઉઘડી છે. હું દીલગીર છું કે મ્હારા
" વિશ્વાસનું દાન અપાત્રે થયું નીવડ્યું. તમે ઉતારે જાઓ અને જમો.
" કલાક બે કલાકમાં હું ઉત્તર મોકલીશ." રામભાઉ સલામ કરી ગયો.

શઠરાય નીચું જોઈ રહ્યો હતો. બુદ્ધિધન રાણાનો હુકમ સાંભળવા

તેના સામું જોઈ રહ્યો હતો. બીજા સર્વ અમલદારો રાણાના મ્હોંમાંથી શા અક્ષર નીકળે છે તેની વાટ જોતા હતા. કપાળે, આંખોપર, અને આખરે મુછો પર હાથ ફેરવી રાણો બોલ્યોઃ

"બુદ્ધિધન, મ્હારું મગજ આજ ગુંચવાઈ ગયું છે. કામદાર, "હું બહુ દીલગીર છું. આ કાગળો અને છાપાં જોવાઈ રહે, તેમાં "લખેલી બાબતોની તપાસ થાય, મ્હારા મ્હેલમાં જે ખટપટ "જણાઈ છે તેનો સાર હાથ લાગે ત્યાં સુધી તમારું નસીબ મ્હારા "હાથમાં નથી. પણ હવે મ્હારે ભરમ ફોડવો જોઈએ. તમે અને "તમારું મંડળ અતિ દુષ્ટ છો–એમાં કાંઈ સંશય નથી. બુદ્ધિધનનો "વિનાશ કરવા મ્હાવાયે જે કાગળો મને આપ્યા છે તે ખોટા છે, તે "કોણે લખ્યા છે, અને તે પ્રપંચનું મૂળ તમે છો એ હું સારી રીતે જાણું "છું અને તેને વાસ્તે તમને શિક્ષા થવી જોઈશું. હું બહુ જ દીલગીર છું– "મને તમારા ઉપર ઘણો જ ક્રોધ ચ્હડે છે. અરે રે, માણસ માણસમાં "શું ફેર હોય છે? ક્યાં બુદ્ધિધન અને ક્યાં તમે? શું મ્હેં તમારું ઓછું "સારું કર્યું છે? શું મ્હેં તમને કોઈ વાતમાં ન્યૂનતા રાખી છે? તમારા "ઉપર વિશ્વાસ કેટલો રાખેલો? તેનું ફળ આવું ન ઘટે!" એમ કહી માથું મન્દ કંપાવ્યું.

"બસ, હવે મને દયા નથી. બુદ્ધિધન, દયા રાખવાની, નરમાશ "રાખવાની, વેર ભુલી જવાની, અપકારને સટે ઉપકાર કરવાની, "અને એવી હજારો શીખામણો તમે દીધેલી તે મ્હારો ક્ષત્રિયનો સ્વભાવ "ભુલી–વશ કરી–આજ સુધી મ્હેં માની. પણ હવે તેમ થનાર નથી. "અરે રે! જે માણસને બચાવવા તમે આટલો શ્રમ લીધો "તે જ માણસ અતિ-નીચ રીતે તમારો નાશ કરવા પ્રપંચ રચે એ "કેવી વાત! એ તો સારું છે કે ઈશ્વર મને સારી બુદ્ધિ આપે છે. "નીકર તમારું શું થાત? અરે, એટલાથી જ આ રાક્ષસને સંતોષ "નથી વળ્યો, પણ કમઅક્કલે મ્હારા મ્હેલમાં–મને પોતાને– "બસ, એ વાત હું નથી ક્હેતો. કોણ એવો આંધળો છે જે તે આ "સર્વ જોઈ શકતો નથી? અમલદારો, જો ડાહ્યા હો તો દેખો છો તે "ઉપરથી શીખામણ લેજો. તમારો રાણો બીજા રાણાઓ જેવો આંધળો "નથી. પણ એ પોતાની આંખે દેખે છે. ભલા બીચારા રસલસાહેબ! "એ જાણે છે કે શઠરાયે રાણાની આંખમાં ધુળ નાંખી છે, પણ જાણતા "નથી કે સઉ જાણતાં છતાં રાણાએ ગમ ખાધી છે. મ્હારી ગરીબડી "પ્રજા ઉપર વીતતો જુલમ મને અંધારામાં નથી ગયો, પણ એ તો

" આ બુદ્ધિધન હોય નહી અને શઠરાય આજ સુધી કારભાર કરે
" નહી. પણ હવે તો બસ! પાપનો ઘડો ભરાયો અને મેળે જ ફુટ્યો.
" હવે બુદ્ધિધન, હું તમારું કહ્યું નહી માનું."

" વિજયસેન! વિજયસેન! કામદાર અને એના ભાઈ આ
" કરવતને કાચી જેલમાં ત્હારા કબજામાં રાખ. પેલા નીચ દુષ્ટરાયને
" પણ પકડી આણ અને ત્રણે જણને જુદા જુદા રાખ. ખબડદાર,
" જો કોઈ પણ છુટવા–અથવા કોઈની સાથે વાત કરવા—પામ્યા તો!
" ત્હારું પોતાનું માથું જોખમમાં નાંખવું હોય તો તેમ થવા દેજે. એ
" એના ઘરપર તાળાં લગાવ અને સખત જાપતો કર."

બુદ્ધિધન અચિંત્યો રાણાને પગે પડ્યો અને હાથ જોડી બોલી ઉઠ્યો:
" દીનાનાથ! એક વિનંતિ છે—"

" અરે ઉઠો, આ નાટક વળી શું ક્‌હાડ્યું? ઉભા ઉભા માગો
" ને કરો જોઈએ તેટલી વિનંતીઓ, કોણ ના ક્‌હે છે?"–એમ કહી
રાણાએ અમાત્યનો હાથ ઉંચો ખેંચવા માંડ્યો.

" ના, રાણાજી, ના; વિનંતિ સાંભળો અને સ્વીકારો; પછી ઉઠીશ.
" મ્હારા જાતભાઈ–આઘેના પણ મ્હારા સગા–આ ગૃહસ્થોને જેલમાં
" ધર્મ સચવાય નહી એવે ઠેકાણે મોકલવા ન ઘટે. એમના જેવાં
" આપને થવું નથી ઘટતું!"

" બહુ સારું. બહુ સારું. એમ કરો. વિજયસેન, જા એમને
" બીજે કોઈ ઠેકાણે પણ જાસાબંધ રાખજે અને એમને ખાવા પીવાનો
" બંદોબસ્ત બરોબર કરજે. કેમ, હવે કાંઈ જોઈએ બીજું–એમને
" જલેબી ઘેબર ખાવાનો બંદોબસ્ત કરીયે ક્‌હો તો!"

" ના, રાણાજી, એટલી કૃપા હાલ બસ. પછીની વાત પછી."

રાણો: "વિજયસેન, પેલી રાંડ દુષ્ટ કલાવતીને પકડો અને ઘસડીને
" એને તો નક્કી જેલમાં લઈ જાઓ. એનાં ભારે કસબી વસ્ત્ર ધુળમાં
" ઘસડાય, એનાં ઘરેણાં વેરણછેરણ થઈ રસ્તામાં પડે અને ભીખારા રંક
" લોકને જડે–એવું એવું જોવાને મ્હારી મરજી થઈ છે. વિજયસેન, નીચમાં
" નીચ–કાળામાં કાળો–કદ્દરૂપામાં કદ્દરૂપો અને ગંદામાં ગંદો કોઈ ગોલો
" અથવા ઢેડો–એ રાંડને આખે શરીરે, મ્હોંપર, અને વાળમાં ધુળ ભરે, રાખ
" ભરે, અને કાજળ ચોપડે એ હું જોઈશ. અને આ બીજા જે જે લુચ્ચાઓ
" છે તેમને પણ કબજામાં રાખવા. બધાની તપાસ અને બધાનો
" ઈનસાફ થશે."

" જયમલ ! "–જયમલ પાસે આવતાં રાણાએ કાનમાં કહ્યું;–"એક
" ઘણું વસમું કામ તને સોંપુ છું, રાણીનું મ્હોં જોવા હું ઇચ્છતો નથી.
" તેને આપણા જુના મ્હેલમાં લેઈ જવી અને ત્યાં જ રાખવી."

" બુદ્ધિધન, તમે ચાલો મ્હારી સાથે. આ સર્વ ગુંચવારામાંથી
" છુટવા સારુ બાંધછોડ કરવાને હવે મ્હારે તમે જ રહ્યા."

" અમલદારો, આજ મ્હારો જન્મદિવસ છે તે તમને ખબર છે. એ
" દિવસનો આરંભ આજ ખુશાલીમાં ન ગયો, પણ–હરકત નહી. આજના
" કામથી મ્હારી જુલમમાંથી છુટેલી પ્રજા આ બનાવોથી આનંદ પામશે
" અને તે મ્હારે મન ઉત્સવ જ છે. વળી પાંચ વાગ્યાનો દરબાર રીતસર
" ભરાશે અને તે વખત હું તમને પૂર્ણ ઉત્સવનું કારણ આપીશ. એ ઘાટ કેમ
" ઉતારવો તે હું અને અમાત્ય અત્યારે એકાંતમાં જઈ વિચારીયે છીયે."

" શઠરાય, આપણે હવે જુદાં થવું પડે છે. હું દીલગીર છું પણ
" મ્હારો દોષ ક્‌હાડી ઈશ્વરના વધારે અપરાધી ન બનશો. સારું પ્રારબ્ધ
" સંચિત કરવાનો અવકાશ ઈશ્વરના રાજ્યમાં સદૈવ છે."

રાણો અમાત્યને આંગળીયે લેઈ ચાલ્યો અને સઉને અદૃશ્ય થયો. પોતે અદૃશ્ય થતાં થતાં બુદ્ધિધને પ્રમાદધન અને નવીનચંદ્રને ઘેર જવા સાન કરી.

રાણાના તત્ત્વતઃ સત્ય અક્ષરને મનમાં પણ ઉત્તર દેવાની શક્તિ શઠરાયે અનુભવી નહી. તેના શરીરપર એનાં એ વસ્ત્ર હતાં, તેનાં અવયવો પણ એનાં એ હતાં, તે પોતે પણ એનો એ હતો. તોપણ સુવર્ણપુરના રાજ્યમ્હેલમાં મધ્યાહ્ન સૂર્યની પેઠ ઉગ્રરૂપે આવ્યો હતો તે ત્યાંથી નીકળતી વખતે અસ્તકાન્તિ ધરવા લાગ્યો. સર્વની અવલોકન વૃત્તિઉપર નિષ્કંટક રાજ્ય ચલાવતો હતો તે પદભ્રષ્ટ થયો. તોપણ હોલાતી વાટને મ્હોંયે ર્‌હેતા મોગરા પેઠે તેના મુખઉપર ગુમાન દેખાતું હતું. એટલું કે સમયને અનુચિત, નિષ્ફલ, નિષ્પ્રકાશ અને નપુંસક હોવાને લીધે એ ગુમાનપર કોઈએ દૃષ્ટિ ન કરી. આ અસ્તમાન કારભારી ઉપર સઉ ઉદાસીન વૃત્તિથી જોવા લાગ્યા. જે રાજમ્હેલમાં આવી, રાજાઓ, અમલદારો, અને પ્રજાઉપર તેણે ઘણાંક વર્ષસુધી અધિકારને અમર માની નિષ્કંટક સત્તા ચલાવી હતી તેની રજા લેઈ–તેમાં ફરી ન આવવા સરજેલો–તે શૂન્ય ગોઝારો થયો હોય તેવી વૃત્તિ અનુભવતો, તેને પોતાને વાસ્તે ભયંકર અરણ્ય જેવો લેખતો, નીચી દૃષ્ટિ ઘડી ઘડી પાછી ફેરવતો શઠરાય તેમાંથી નીકળ્યો–નીકળીને એકવાર ઉભો રહી પાછો ફરી નિઃશ્વાસ મુકી ઉંચું જોઈ મ્હેલને નીચેથી શિખર સુધી ન્યાળી રહ્યો–

અને આખરે મ્હોં ઉપરથી અને મનમાં રહ્યું હોય તો ત્યાંથી પણ ગુમાન ઉતરી ગયું, અને એ ગુમાન મ્હેલના અંગનું હોવાને લીધે શઠરાયની જગા લેનારની સેવા કરવા તે લેનારને શોધતું શઠરાયને રાજઉદ્યાનના દ્વાર આગળથી વળાવી પાછું વળ્યું. શઠરાયની આંખમાં આંસુનું એક બિંદુ આવ્યું. વિજયસેને સોંપેલા નવા પરિવારનાં વધારે ત્વરાવાળાં પગલાં જોડે પોતાને દોડવું પડતું હોય એવા શ્રમવિકારના અનુભવમાં આંસુનું એ એક બિંદુ પણ અદૃશ્ય થયું. સીપાઈઓ પોતાના વેગને અનુસરે તેને ઠેકાણે પોતાને સીપાઈઓના વેગને અનુસરવું પડ્યું. આ પરિવાર–વિપરીતતા અનુભવતો વિપરીત દશાનો વિદ્યાર્થી, કારભારપરિવર્ત્તની વાતો કરતા કરતા લોકની કદીક નજરે પડતાં, તેમની અંગુલિદર્શનનું–ક્ષણિક દયાનું–અને આખરે સંતોષનું પાત્ર થતો થતો, ભાઈ શીવાય બીજા કોઈ સમોવડીયાના સાથ વિનાનો, લોકસંઘમાં પરિવારની મદદથી માર્ગ મેળવતો, રાજઉદ્યાનના દરવાજામાં ઉભેલાઓની દૃષ્ટિને અગોચર થયો. જનતાના વિચારમાંથી પણ તેને ખસેડનાર મળ્યું. તેની બાબતના–પ્રાતઃકાળના દરબારના–વિચારો સાંઝે ભરાવાના દરબારના તર્કવિતર્ક આગળ જરી જરી અદૃશ્ય થવા લાગ્યા.

મ્હેલમાં પેંસતી વખત કલબલાટ મચાવી મુકનાર મંડળ, રાણો અદૃશ્ય થતાં અંદરથી મધ્યરાત્રિના જેવી શાંતિ મ્હેલમાં ઉત્પન્ન કરી, નીકળ્યું. એક શબ્દ પણ કોઈના મુખમાંથી નીકળતો ન હતો. રામાયણ કે મહાભારત વાંચી ઉઠ્યા હોય અને વિચારલીન થયા હોય તેમ સર્વ ભાસવા લાગ્યા. આખા મંડળના મુખ ઉપર ગંભીરતાની ગંભીર છાપ પડી. મડદું બાળી, રાખ કરી, રોવું કરવું છોડી દઈ, સ્મશાનમાંથી પાછા ફરનાર મંડળની પેઠે સર્વ નીકળ્યા અને જમીનપર પડતા અનેક પગના ઘસારા શીવાય કાનમાં બીજો સ્વર જતો ન હતો. એમ શઠરાયની પાછળ આવ્યા હતા તે એના વિનાના એકલા પાછા ગયા.

સઉની પાછળ નવીનચંદ્ર અને પ્રમાદધન બે ત્રણ સીપાઈઓ સાથે નીકળ્યા. બંને જણનું ભય જતું રહેવાથી નિર્ભય થયા હતા અને તેથી તેમના મુખ ઉપર પણ શાંતિ હતી, તેમની સાથે આવેલું મંડળ પણ જુદું પડી ચેર ચાલ્યું.

મ્હેલમાંથી નીકળતા શઠરાય પાછળ નવીનચંદ્રની દૃષ્ટિ પડી હતી અને ચાલતો ચાલતો તે ગણગણતો હતો:

“ સમય !—એ જ રચેછ બળાબળઃ
“ શરીરીને[1] કહીં એવું મધુરતા
“ શરદમાં ધરતા સ્વર હંસના
“ ભરી જ દે પિકકંઠ[2] કઠોરતા !”[3]

“ સમય એ જ રચેછ બળાબળ !—સમય એ જ રચેછ બળાબળ !—
“ બળ—અબળ ! તમને રચનાર ‘સમય’ જ છે—બીજું કોઈ નથી !
“ માનવી ! ત્હારું અભિમાન નકામું છે. શઠરાય, ત્હારી હીકમત હારી
“ નથી, પણ ત્હારો સમય હાર્યો છે.”

ચાલતાં ચાલતાં બાગનો દરવાજો આવ્યો એટલામાં પાછળથી દોડતો દોડતો સમરસેન આવી પ્હોંચ્યો.

“ પ્રમાદભાઈ, ભાઈસાહેબ બોલાવે છે આપને. નવીનચંદ્રભાઈ,
“ આપ ઘેર વ્હેલા પધારો અને ભાઈસાહેબ અને પ્રમાદભાઈ પણ થોડી
“ વારમાં ઘેર આવશે. અરે, રામસેન, જા નવીનચંદ્રભાઈ સાથે.”

આ આમ ચાલ્યા અને આ આમ ચાલ્યા. માથાપર પંખીયો ભમે તેમ આખા રસ્તામાં નવીનચંદ્રના મગજમાં કંઈ કંઈ વિચાર તરવરવા લાગ્યા.

## પ્રકરણ ૧૩.

### રસ્તામાં.

પ્રત્યક્ષ ઈન્દ્રજાળ પરોક્ષ થયું. પણ તેણે રચેલા સંસ્કાર રહ્યા. દરબારમાંથી અમાત્યને ઘેર જવાનું. મંદવાડના સમયમાં ત્યાં પણ કંઈ કંઈ અનુભવ થયા હતા. એ ઘરમાં જવાનું તેથી તેના પણ વિચાર થવા માંડ્યા. ‘અનુભવાર્થી’ ને અભ્યાસની સવડ ખરેખરી થઈ ગઈ હતી, એટલે અભ્યાસ ઝડપબંધ વધતો હતો. અમાત્યના ઘરમાં થતાં શાંત સ્વપ્નને દરબારના ઉગ્ર સ્વપ્ને ડાબી નાંખ્યું હતું. સઉથી પાછળ નીકળેલા—એકાંત ઘડેલા રસ્તા ઉપર એક સીપાઈને પાછળ રાખી ચાલતા નવીનચંદ્રને ચૈત્રમધ્યાહ્નના પ્રચંડ સૂર્યના તેજ નીચે તપતા સળગતા બળતા વિશાળ અને શૂન્ય મેદાન-વચ્ચેના લાંબા રસ્તાનો દેખાવ ઓથારની પેઠે ચાંપવા લાગ્યો અને દરબારમાં ડખાઈ ગયેલી થાકી ગયેલી કલ્પના શિથિલ પડી જઈ એ ઓથારના હઠ-સંભોગને જાતે જ અનુકૂળતા કરી આપવા લાગી. મનની સાથે શરીર પણ થાક્યું હતું. બાર વાગવાથી ભુખ પણ કકડીને લાગી હતી. સૂર્યે તનમનને

---

૧. દેહીને—દેહધારીને. ૨. મોરના કંઠમાં. ૩. માઘ—સર્ગ ૬.

ફ્લાંત કરવામાં નિરંકુશ વર્ત્તતો હતો. અગ્નિના પુલ જેવો રસ્તો તાપનું ઉંચે પ્રતિવમન કરતો હતો, અને માનવીનું ઉકળતું શરીર પરસેવાથી પાણી પાણી થઈ જતું હતું. અંદરની અને બ્હારની અવસ્થાઓએ આમ એકસંપ કર્યો હોવાથી સુકુમાર **નવીનચંદ્ર** હારી ગયેલા જેવો દેખાવા લાગ્યો. તેના કપાળપર પરસેવાનાં જાળ બાઝયાં અને પાઘડીમાંથી ટપકતા વર્ષાદે તેમાં ઉમેરો કર્યો. તેની આંખો રાતી રાતી થઈ ગઈ, અને કુમળા ગાલે પણ એ જ રંગ પકડ્યો. **નવીનચંદ્ર**, તું આવી દશા શા દુઃખે ભોગવે છે? **અમાત્ય**નું દુઃખ સફળ થવા વખત આવ્યો હતો. પણ તેમાં કાંઈ એને સ્વાર્થ ન હતો. એવું છતાં **અમાત્ય**કુટુંબના ઉત્સાહનો પટ એને પણ લાગ્યો. **અમાત્ય**ને ઘેર અને દરબારમાં ઘણુંક નવું જોયું, નવું શીખાયું. હા. એ બધું ખરું. પણ હાલ તો થાકેલા મન આગળથી એ ઉત્સાહ–એ જોયા શીખ્યાનો સંતોષ–સર્વ પરોક્ષ થયું. સેંકડો ગાઉ ઉપરનું ઘર–તેમાં અત્યારે શું શું થતું હશે તેના વિચાર માતાપિતા–મિત્રમંડળ અને એવા એવા સંસ્કારો મનમાં સ્ફુરવા લાગ્યા અને સુવર્ણપુરના ઉંચા રસ્તા ઉપરથી **ભદ્રા** અને સમુદ્રના સંગમનું સ્થાન દેખાતું હતું ત્યાં દૃષ્ટિ પડતાં ઘડીક નાવમાં બેસી ઘેર જવાની વૃત્તિ થઈ–ઘડીક ઘરમાં જ ઉભો હોય તેમ અનુભવવા માંડ્યું. રસ્તા ઉપર બીજું કોઈ આવે છે કે નહી, કેણીપાસ જવાનું છે, એવું એવું એ કાંઈ જોતો ન હતો. “એની આંખ એના હૃદયમાં હતી–અને એ હૃદય ઘણે ઘણે છેટે હતું.”[1] તે એના ઘરમાં હતું. સુવર્ણપુરનું કોઈ પણ પ્રાણી–કંઈ પણ પદાર્થ તેના મનમાં વસતો ન હતો. ઘરમાં હૃદય અને હૃદયમાં ઘર એમ હતું. એમ છતાં સુવર્ણપુરના એક જણને તેમાં અવકાશ મળ્યો. પોતાના ઘરની સર્વ સૃષ્ટિ વચ્ચોવચ્ચ **અમાત્ય**ના ઘરની–ને સગી–ને... એવી **કુમુદસુંદરી** ઉભી. કુમુદસુંદરી! તું અંહીયાં ક્યાંથી? **નવીનચંદ્ર**! આજ તને શું થયું? રાજ–ઉદ્યાનમાં પેંઠો ત્યારેયે ઘર સાંભર્યું અને અહુણાંયે સાંભર્યું. એ શાથી? ઘરની સાથે **કુમુદસુંદરી**ને સંભારવાનું કારણ શું? આ સર્વ પ્રશ્ન પણ **નવીનચંદ્ર**ના જ હૃદયમાં સમુદ્રના તરંગ પેઠે ઉઠતા હતા અને આકાશ સુધી ઉછાળા મારતા હતા. વચ્ચે વચ્ચે **અમાત્ય**ના ઘરમાં બનેલા કેટલાક બનાવો સાંભરતા હતા. **નવીનચંદ્ર**ના મનની સ્થિતિનું કારણ એ બનાવો તો નહી હોય? વાંચનાર, એ બનાવો સાંભળ.

**નવીનચંદ્ર** **અલકકિશોરી**ના પતિવ્રતાપણાનું રક્ષણ કરતાં ઘવાયો એટલે ઉપકારની મારી એ કિશોરી સ્વાભાવિક રીતે એની પથારી આગળ બેશી રહેતી અને એનો ઘા રુઝાવાની વાટ જોતી. એ બાળાને

---

૧. બાયરન.—‘ગ્લૅડિએટર.’

પતિ વાસ્તે મનમાં રજ પણ માન ન હતું, અને આખા જગત્‌ને તૃણવત્ ગણતી તેમ એને પણ ગણતી. માતાપિતા શીવાય બીજા કોઈને એ માન આપતી ન હતી અને મામાં પણ અક્કલ ઝાઝી છે એવું માનતી ન હતી. સહીયરો ઉપર અમલ ચલાવતી હતી, પણ પતિ અથવા બીજું કોઈ મ્હારું સમોવડીયું છે એવું ધારતી ન હતી અને તેથી કોઈના ઉપર સમાનભાવનો સ્નેહ રાખવો તે શું એ સમજતી ન હતી. હા, મમતાળુ હતી, પોતાનું કહ્યું તેને પોતાનું ગણતી, અને દયાળુ હતી. પણ આ માણસ બાંધછોડ કરવા લાયક છે, આની આગળ એકલા દ્રવ્યનું જ નહી પણ રૂપનું, ગુણનું, ડ્‌હાપણનું, બુદ્ધિનું, પદવીનું, કુલીનતાનું અને એવું સર્વ ગુમાન છોડી દઈ નરમ થવું ઘટે–સ્નેહ–મિત્રતા રાખવી ઘટે એમ મનમાં જરી પણ ન હતું. આ ગુણ એના બાપનામાં બીજે રૂપે હતો અને તે પુત્રને ઠેકાણે પુત્રીમાં ઉતર્યો હતો. એનામાં જે કાંઈ તોછડાઈ હતી તે આ જ ગુણને લીધે હતી, અને એ પતિવ્રતાપણું જાળવી શકતી અને તેમ કરતાં ડગતી નહી તેનું કારણ પણ આ જ ગુણ હતો–કારણ કોઈ પણ પુરુષના સામું જોતાં "અહં, એ કોણ–" શા લેખામાં છે ?–હું કોણ ? એ કોણ ? શું હું કોઈને નમ્યું આપું ? શું " કોઈ મ્હારું સમોવડીયું થવા યોગ્ય છે ?" આ વિચારો જ તેના મગજમાં તરી આવતા. આજ સુધી તેનું ગુમાન ઉતર્યા વિનાનું રહ્યું હતું, તે બે જણાંએ ઉતાર્યું. એનો અણઢોળાયો સ્નેહ ભાભી ઉપર ઢોળાયો. કુમુદસુંદરીને જોઈ એને કાંઈક ઉમળકો જ આવતો–કાંઈક ઊર્મિ જ ઉઠી આવતી. એનું એક કારણ એ મુગ્ધાનું સ્હોઝીલાપણું હતું અને બીજું કારણ એ હતું કે એને કિશોરીયે પોતે ઘરમાં આણી હતી. બસ, ભાભીને દીઠી એટલે નણંદ ઘેલી ઘેલી થઈ જતી અને ઘેલાં ક્હાડતી. સઉ આ જોઈ હસતાં અને એની મા પણ હસતી. તે એ જાણતી અને દેખતી પણ ગાંઠે નહી. કોઈક વખત તો માને પણ ધમકાવે કે "બસ, અમારાં ભાભીને અમે ગમે તે કરીશું તેમાં ત્હારું શું ગયું ? "તું ત્હારું કામ કર." કુમુદસુંદરીના રૂપ આગળ પોતાનું રૂપ ભુલી જતી અને એ ચોપડીમાંથી વાતો વાંચે અને સમજાવે ત્યારે ગરીબ ગાય થઈ જતી. વળી આટલું બધું ગુમાન ઉતરેલું પણ તેની પોતાનેયે ખબર ન હતી. કારણ ઘરમાં ભાભી નણંદનું જ ચાલવા દેતી; લોકમાં એને જ મ્હોટે પાટલે બેસાડતી અને એનું જ કહ્યું કરતી: એટલે નણંદનું અભિમાન સંતોષ પામતું અને ભાભી વ્હાલી જ રહેતી. પણ કોઈ ઝીણી નજરે જુવે તો થતું એ કે ભાભી નણંદના ઉપર રાજ્ય ચલાવતી અને નણંદ ભાભીના જ કહ્યામાં રહેતી, એમાં કારીગરી ભાભીની હતી. કારણ ભાભીનું ચાલે છે એવું એ નણંદને સમજવા જ

ન દેતી. એક ગુમાન ભાભી આગળ ઉતર્યું અને બીજું નવીનચંદ્રે ઉતાર્યું. તેના ઉપકારથી તે અત્યન્ત વશ થઈ. તેના ખાટલા આગળ જ બેસી ર્‌હેવું અને ઓસડવેસડની–ખાવાની–કરીની–સઉની ચિંતા પોતે જ રાખવી. કોઈ આવ્યું હોય ત્હોયે એ ત્યાંની ત્યાં. એની સહીયરો–અને કોઈ કોઈ વખત તો મા પણ–શીખામણ આપે કે "બ્હેન, ગમે એટલું પણ એ "પરપુરુષ; હા, એની ચાકરી કરવી, એની આસના વાસના કરવી એ "સઉ ઠીક છે, પણ આમ આખો દિવસ એકાંતમાં અને લોકના દેખતાં "એની પાસે ખાટલાસરસાં બેસી ર્‌હેવું એ સારું નહી. લોકમાં વાત "થાય. ગમે તો એક ચાકરને બેસાડી મુક ને તું જતી આવતી દેખરેખ "રાખ." આના ઉત્તરમાં એ કિશોરી શીખામણ આપનારને ખાવા ધાતી અને ભમર ચ્હડાવી ઓઠવડે પૂકાર કરી–મ્હોં મરડી ક્‌હેતી કે "વારુ વારું, જોયા એ લોક. લોકને તે કોણ ગણે? હસો જેને હસવું "હોય તે." "વારું, બ્હેન, મરજી પડે તે કરો" એમ કરી ક્‌હેનાર ચુપ થતું અને અલકકિશોરી માથું મરડી, "અંહ, શું લોકો છે–એમના "બાપનું જાણે જતું જ ર્‌હેતું હોયની! જાણે કે તમે જ ડાહ્યા અને "તમે જ સારા હશો." એમ કહી ચાલી જતી અને નવીનચંદ્રની પાસે આવી બેશી બાધેભારે લોકના ડ્‌હાપણડાહ્યલાવેડાની મશ્કરીયો કરતી. પોતાને કોઈ મળવા આવે તો તેને પણ નવીનચંદ્રવાળી મેડીમાં બોલાવે અને બેસાડે. કુમુદસુંદરી ત્યાં આવતાં શરમાતી ત્યારે જોડે એની મેડી હતી તેમાં જઈ બાથમાં લેઈ એને ઘસડી આણતી અને સાથે બેસાડી ક્‌હેતી, "ભાભી, ઘરના માણસ જેવું જે માણસ થયું "તેની પાસે આવતાં શરમ શી? જુવો, એ ભણેલા છે અને તમે "ભણેલાં છો. તો બેસો અને કાંઈક સારું સારું વાંચો. હું સાંભળીશ. "એએ સાંભળશે. તમનેયે કાંઈ બધે ઠેકાણે સમજણ નહી પડતી હોય "તે એ સમજાવશે. હું બેઠી છું એટલે તમારે અંહી બેસતાં હરકત "નહી." ભાભીનો હાથ તાણી નીચે બેસાડે. કુમુદસુંદરી બીચારી હજારો ગુપ્ત વિકાર અનુભવતી બેસતી, બળાત્કારે કોઈક દિવસ કાંઈ વાંચતી અને સાંભળતી, પણ એકે દિવસ એવું ન થવા દીધું કે નવીનચંદ્રની સાથે પોતે જરીક બોલી છે, હસી છે, કે એક પણ પ્રશ્નોત્તર થયો છે. નવીનચંદ્રના સામી એટલા દિવસોમાં એક વખત પણ–એક પળ પણ–નજરસરખી ન કરી. નવીનચંદ્ર અને કુમુદસુંદરી–એમાંથી કોઈને કંઈ પણ બોલવું હોય, પુછવું હોય, કે માગવું હોય તો તે અલકકિશોરીની જ પાસે.

નવીનચંદ્ર સુતો સુતો સર્વ સમજતો; અલકકિશોરીના ઉપકારના નિર્દોષ ઉભરા લોકાચાર વિરુદ્ધ હતા તે એ જાણતો; અણસમજી ખેંચતાણ

કરી બેસાડી નણંદ ભાભીના મનમાં સ્વાભાવિક ગુંચવારો ઉત્પન્ન કરતી તે એ કળી જતો; પરંતુ જાતે માંદો હોવાથી અને અલકકિશોરીના તુન્દા સ્વભાવ આગળ કાંઈ વળશે નહી એવું ભાન હોવાથી તે નિરુપાય હતો.

હળવે હળવે સ્ત્રીવર્ગમાં અલકકિશોરીની વાતો ચાલવા માંડી અને અમાત્યની ચ્હડતી ખમી ન શકનાર વર્ગ પ્રમાણમાં ઝાઝો હોવાથી એ વાત અતિશયોક્ત થઈ અને મ્હોટા ઘરની નિન્દામાં સર્વને રસ પડવા માંડ્યો. વનલીલાને મ્હોંડેથી એ વાત કુમુદસુંદરીને પણ કાને આવી, પણ એણે તે ધિક્કારી ક્હાડી. વિદુરપ્રસાદે પણ એ વાત સાંભળી અને ઘડીક માની અને અલકકિશોરીને ઠપકો દેવાની બ્હીતે બ્હીતે હીમ્મત ધરી. અલકકિશોરીયે એને એવો તો ધમકાવ્યો કે એ ડબાઈ ગયો. પણ ડબાઈ ગયાથી મનની ખાતરી ન થઈ. આખરે એક દિવસ ગરબડદાસ એને ઘેર જમવા આવ્યો હતો અને નવણના ચોકામાં અંધારાનો લાભ લેઈ રાંધવા નાહેલી કિશોરીની કાંઈ મશ્કેરી કરી કે ઉત્તરમાં એ ઉન્મત્તાએ એના મ્હોં ઉપર ઉકળતી દાળ ભરી કડછી ઝાપટી અને ઘરમાંથી એ લુચ્ચાનો પગ ટળાવ્યો. આ દિવસથી એ નીચ પુરુષ પરસ્ત્રીની મશ્કેરી કરવી ભુલી ગયો, અને વિદુરપ્રસાદના મનમાં અલકકિશોરીની શુદ્ધતાની ખાતરી થઈ.

કિશોરીની સ્વતંત્રતા આમ સર્વ સ્થળે અપ્રતિહત અને જયવંત નીવડી. આ શુદ્ધતા અને સ્વતંત્રતાનું અભિમાન એને એટલું બધું હતું કે શિથિલ વર્તણુકવાળાંની સોબત કરવાથી તે ડરતી નહી, અને એમ જ ગણતી કે "અંહ, ભેંશનાં શીગડાં ભેંશને ભારે છે–પારકું માણસ "નઠારું તેમાં આપણને શું થનાર છે?" આથી તેની સહીયરોમાં કેટલીક અશુદ્ધ સ્ત્રીયો પણ હતી અને તેવી સ્ત્રીયો વિશેષ વિલાસશીલ અને ઉઘાડી રસિકતાવાળી હોવાથી કિશોરીની વિશેષ પ્રીતિનું પાત્ર થઈ હતી; કારણ કે ક્ષુદ્ર લાગતા પતિ આગળ નિરુત્સાહી અને ઢંકાઈ ર્‌હેતી વિલાસવૃત્તિને શુદ્ધ અબળા, પોતાની ઇચ્છાને શરણ ર્‌હેતી આવી સહીયરો આગળ, ધમકભરી સાકાર કરતી, અને તે રીતિનો યોગ્ય અનુકમ્પ એવી સહીયરો જ કરી શકતી. કૃષ્ણકલિકા ઉપર અમાત્યપુત્રીના ચારે હાથ હતા અને તેનું કારણ આ જ હતું. આવી પ્રિય સયહીરોને છોડ એવું એને ક્‌હેવા કોઈની તાકાત ન હતી.

અધમ સંગતિ વંધ્યા ન રહી. અલકકિશોરીપાસે આવતી જતી કૃષ્ણકલિકાને નવીનચંદ્ર ગમી ગયો અને અર્થ સારવા એકલીની તાકાત ન હોવાથી અમાત્યપુત્રીને પોતાની સાધનભૂત જોડીયણ કરવા ધાર્યું. કુલીન

કિશોરી પોતાની પાસે અપવિત્ર વાતો થવા ન દેતી અને કોઈ પુરુષનાં તો શું પણ સ્ત્રીનાંયે વખાણ થવા ન દેતી. નવીનચંદ્રની એના મન ઉપર થયેલી નિર્દોષ અને પવિત્ર અસર કૃષ્ણકલિકાએ જોઈ અને તેનો ઉપયોગ કર્યો. નવીનચંદ્રના સ્વભાવનાં, સુશીલતાનાં, સદ્‍ગુણનાં અને અંતે સ્વરૂપનાં વખાણ એણે ક્રમે ક્રમે કરવા માંડ્યાં, અને ઉપકારની અમીથી ભરેલી દૃષ્ટિયે જોનારી કુલીન માનિની આ સર્વ વખાણ આનંદથી સાંભળતી. આ પવિત્ર આનંદચંદ્રમાં કૃષ્ણકલિકાએ હળવે હળવે કલંક ઉત્પન્ન કર્યું. એક દિવસ નવીનચંદ્રની સુંદરતાની વાત ક્‌હાડી, કજોડાંની વાત ક્‌હાડી, હીમ્મત આણી કૃષ્ણકલિકા અચિંતી બોલી ઉઠી: “બ્હેન, ખરું “ પુછો તો તમારે તો નવીનચંદ્ર જેવો વર જોઈએ–હા, વિદુરપ્રસાદ “ ઠીક છે પણ તે ઠીક જ. કાગડો દહીંથરું લઈ ગયો છે.” અલકકિશોરીયે એને ધમકાવી આ વાત બંધ પાડી અને તરત તો પોતે પણ ભૂલી ગઈ.

કલાક બે કલાક વીત્યા પછી તે નવીનચંદ્રની મેડીમાં આવી. તે ખાટલામાં ઉંઘી ગયો હતો. એને ઔષધ પાવાનો વખત વીતી ગયો હતો તે જગાડવો કે ન જગાડવો એ વિચારમાં ઘડી વાર ઉભી અને સુતેલા નવીનચંદ્રના મુખઉપર દૃષ્ટિ પડી–દૃષ્ટિ પડી જ. એનો ઘા રુઝવા માંડ્યો હતો પણ પાટા કરવા પડતા હતા. તાવ આવતો બંધ થયો હતો પણ શક્તિ સારુ ઔષધ પીવું પડતું. ઉઠવા બેસવાનો શ્રમ ચાલતા સુધી ન લેવો એવી વૈદ્યની આજ્ઞા હતી, પણ ધારે તો શ્રમ લેવા જેટલી શક્તિ આવી હતી અને મ્હોંપર તેજી પણ આવી હતી. સુતેલાના વિશાળ કપાળપર પરસેવો વળ્યો હતો અને પુરુષત્વભરી કાળી ભમ્મરો અને પાંપણો વચ્ચે મીંચાયલાં ગોરાં પોપચાંની ગાદી ઉપર અંગવિનાનો–અદૃશ્ય–મન્મથ આવી બેઠો. તેના બાણનો અશ્રાવ્ય નિર્ઘોષ પાસે ઉભેલી અબળાના અંતઃકરણમાં અચિંત્યો કોણ જાણે ક્યાં થઈને પેઠો અને તેને મુંજાવવા લાગ્યો. પરદેશીના ગાલની રતાશ ચળકાટ મારતી જણાઈ અને તેના તેજથી સર્વની આંખને ઝાંઝવા વાળનારીની આંખો આજ અંજાઈ ગઈ. મુછનો દોરો જ ફુટેલો હતો તેનાથી બાંધી દીધેલા ઓઠ-સંપુટને જોઈ–તેમાં કાંઈ અમૃત ભર્યું હોય તેમ–આત્મસંતુષ્ટાના ઓઠ કાંઈક પ્હોળા થયા. આ સર્વ શું થાય છે? એ વાત અલકકિશોરી સમજી નહી. એણે આવી સ્થિતિ કદી અનુભવી ન હતી–સાંભળી પણ ન હતી. પુછવું પણ કોને? તે નિઃશ્વસ્ત અને દીન બની નવીનચંદ્રના માથા આગળ–ખાટલા પાસે–નીચે બેઠી અને એના સામું જોવા લાગી. આજ આ પુરુષને જોઈ આ બધું શું થાય છે? નવીનચંદ્ર તે આજ કાંઈક બદલાઈ જ ગયેલો લાગ્યો. એને જોઈને જ અબળાના અંગમાં

કાંઈક ઝેર વ્યાપી ગયું–વિષથી વિષ ઉતર્યું–એ ઝેરથી પતિવ્રતાપણાને સાચવનારું બળવાન ગુમાન પળવારમાં ઉતરી ગયું. મહાપ્રતાપવાળી–છાકવાળી–હતી તે રાંક જેવી થઈ થઈ. એક લાંબો નિઃશ્વાસ મુકી તેણે સામી ભીંતઉપર નજર ફેરવી. ત્યાં એક આરસો આડો ટાંગ્યો હતો, તેમાં સુતેલા નવીનચંદ્રનું અને બેઠેલી અલકકિશોરીનું એમ બેનાં મ્હોં જોડાજોડ દેખાયાં તે એ જોઈ રહી. તે જોઈ–નવીનચંદ્રના સામું પાછું જોવા લાગી. કૃષ્ણકલિકાના શબ્દ યાદ આવ્યા–આરસા ઉપરથી એ શબ્દ ખરા લાગવા માંડ્યા. જમાલને પકડ્યો તે દિવસ થયલો સ્પર્શ સ્મરણમાં આવતાં કલ્પનાને ગલીપચી કરવા લાગ્યો અને વધારે વધારે પ્રિય લાગવા માંડ્યો. જમાલ દૈત્યની સાથે સફળ યુદ્ધ કરનારી ચંડિકા અને દુષ્ટ ગરબડની મદમર્દની ઉન્મત્ત કિશોરીના પતિવ્રતનું ઇન્દ્રાસન સુતેલા નવીનચંદ્રની સુંદરતાના પ્રતાપ આગળ ડગમગવા લાગ્યું અને અબળા તે અબળા બની. કાંઈ પણ વિચાર કરવાની તેની શક્તિ હોલાઈ ગઈ. વિકારપવનના ઝપાટાથી બુદ્ધિદીપ હોલાયો. મદનાસ્ત્ર આગળ અભિમાનાસ્ત્ર ચુરા થયું. પુરુષની છબી સ્ત્રીની કીકીમાં પ્રતિબિમ્બાકારે વસવા લાગી–હૃદયતરંગમાં નૌકાપેઠે હિંદોળા ખાવા લાગી–હૃદયમહાસાગરના અંત્યભાગે ક્ષિતિજરેખામાં ઉગતા સકળચંદ્ર પેઠે ઉગી અને તેના મર્મભાગને ખેંચી ક્હાડવા લાગી–તેમાં ઉથલપાથલ કરવા લાગી. પરન્તુ આ સર્વ તોફાન કોઈ જુવે એમ ન હતું. તેનો આવિર્ભાવ શરીરપર રજ પણ ન થયો; માત્ર નવીનચંદ્ર અને આરસા વચે હેરાફેરા કરતી આંખમાં ઝળઝળીયાં આવ્યાં અને આશ્ચર્યમાં પડતી–આ શું થાય છે તે ન સમજતી–બાળકી ખાટલા પાસે બેઠી હતી તેમની તેમ બેશી રહી. કલ્પનામાં વાનરનો ગુણ છે. કૃષ્ણકલિકાએ અલકકિશોરી જેવીની કલ્પનાને સળી કરી એટલામાં તો મગજમાંથી હૃદયમાં અને હૃદયમાંથી મગજમાં ચ્હડઉતર કરતી કલ્પનાએ અમાત્યપુત્રીને ગભરાવી દીધી અને તે અમસ્તી એકલી સ્તબ્ધ બેશી રહી હતી તે છતાં કલ્પનાએ અંતર્મર્મમાં ભરેલા ઉઝરડાઓએ મદનબાણના પાડેલા ઘાની વેદનાને અસહ્ય કરી મુકી અને તે ન ખમાતાં અંતઃકરણમાં દરેક નવો ચરેડો પડતાં આંખો ચ્હડાવી દેવા લાગી અને "હર, હર, હર" "શિવ, શિવ, શિવ" કરી ઉંડો નિઃશ્વાસ નાંખી છાતીપરના છેડાવડે પારકા થયલા પોતાના હૃદયને શાંત કરવા પવન નાંખવા લાગી. એ પવનથી શાંત થવાને બદલે મદનજ્વાળા વધારે વધારે સળગી. ભયંકર દશા! તને શોધનારા–વરનારા–જગતમાં વસતા હશે. તું કેટલાકને–સુખરૂપ પણ ભાસતી હઈશ. અલકકિશોરી આ દશાથી બ્હાવરી–જર્જરિત–થઈ ગઈ. તેને છુટકારાનો માર્ગ ન દેખાયો. નવીનચંદ્ર! તું

ઉંઘે છે કે જાગે છે ? કુલીન વનિતા વિનંતી ન કરી શકી–તેની આંખમાંથી આંસુનાં ટીપાં ગરગર ટપકવા લાગ્યાં. એટલામાં **નવીનચંદ્રે** પાસું અદલ્યું. તે ખરેખર ઉંઘતો જ હતો. પાસું ફરતાં તેનો હાથ પાસે બેઠેલીના ખભા ઉપર ઉંઘમાં અચિંત્યો પડ્યો. તૃપ્તિનો સમય અચિંત્યો પાસે આવતો હોય–મદનવેદનામાંથી અચિન્તી છુટવાની આશા સફલ થવા નિર્મિત થઈ દેખાતી હોય–તેમ **અલકકિશોરી** ચમકી–એ ચમક આનંદમય લાગી. તૃપ્તિનો ભોગ અનુભવતો હોય તેમ થરથરતા ઓઠઉપર સ્મિત આવી બેઠું. આ હાથને આમ પળવાર પણ ટકવા દીધો–તેને ખસેડી ન નાંખ્યો–આ દશામાં આનંદ મનાયો–તે ન ખમાતું હોય તેમ આજસુધી રૂહેલા પતિવ્રતને ઓછું આવ્યું–ઘણા દિવસનું પવિત્ર ઘર છોડતાં તે ઘરમાંથી ફ્હાડી મુકનારસાથે પળવાર લ્હડવા લાગ્યું. જાણે હિતૈષિ પતિવ્રતની જ શીખામણથી મદનાવસ્થાનું ખરું દુષ્ટ સ્વરૂપ પ્રકાશિત થતું હોય તેમ આટલા ભોગથી **અલકકિશોરી** તૃપ્ત ન થઈ. તૃપ્તિને વેશે અતૃપ્તિ જ આવી હોય–તૃપ્તિ વધારવાને બ્હાને અતૃપ્તિ પગલે પગલે વધારે ક્રૂર બની બળ અજમાવતી હોય–તેમ થયું. છુટકારાને બદલે બંધન વધારે સખત થવા લાગ્યાં અને તે બંધથી તનમન સખત ચુસાવા માંડ્યાં. અમૃતને બદલે આખા શરીરમાં ઝેર વ્યાપ્યું. આ સર્વ તીવ્ર અતિતીવ્ર વેદના સૂચવતી આંખમાંથી આંસુની ધારા વધારે વધારે છુટવા લાગી અને ખાળી ખળી નહીં. એટલામાં **નવીનચંદ્રનો** હાથ હાલ્યો. તેને છુટો થવા દેવા ખુશી ન હોવાથી તેને પકડી રાખવા કિશોરીનો હાથ ઉપડ્યો–પણ હીમ્મત હારી પાછો પડ્યો. આથી **નવીનચંદ્રનો** હાથ સ્થાનભ્રષ્ટ થયો, ખભા ઉપરથી રજ નીચે સર્યો અને ઝીલી લીધો હોય–પડતાં પડતાં ખુંટીપર ભરાઈ રહ્યો હોય–તેમ રસરહસ્ય જાળવનાર અસ્પર્શ્યશરીરને આધારે થંભ્યો. તેના ઉપર કિશોરીનાં ઉષ્ણ આંસુ પડવા લાગ્યાં–નિદ્રામાં ને નિદ્રામાં આંસુના સ્પર્શથી એકલો જાગેલો હાથ ઉંચો થયો. મર્યાદાની મર્યાદા તોડતા આતુર હાથે તે હાથ અનિચ્છાથી પકડી લીધો. હાથપર બળ આવતાં ઉંઘેલો **નવીનચંદ્ર** જાગી ઉઠ્યો. જાગ્યો તે છતાં તેની આંખ ઘેરાયલી જ રહી. તેમાં આંખ આગળ આ ન મનાય એવો સ્વપ્ન જેવો દેખાવ જોવા લાગ્યો. આ શું ? **નવીનચંદ્ર** પણ પોતાનો હાથ ખેંચી લેતો નથી ! શું એના મનમાં પણ **અલકકિશોરીની** પતિત વૃત્તિનો પ્રતિધ્વનિ થયો ? અથવા શું આ એને ખરેખર સ્વપ્ન જ ભાસ્યું ? અથવા શું આ સ્વપ્ન જ હતું ? આ શો સન્નિપાત ! અધમ સંગતિ થવા દીધી તો અધમ કલ્પના થવા વખત આવ્યો ! કલ્પનામાંથી અધમ મનોવિકાર થયો. મનમાં જ વિકારમાંથી શરીરને વિકાર થયો. એટલેથી જ અંત ન આવ્યો. વિકારવશ

શરીરે અગ્રાહ્ય પરપુરુષ–સ્પર્શ થવા દીધો—સ્વીકાર્યો—અભિનન્દ્યો ! એ સ્પર્શને ટકવા પણ દીધો ! વધવા પણ દીધો ! અસ્પર્શ્ય સ્થાનપર સરવા પણ દીધો ! અરેરે ! શો સન્નિપાત ! જાતે–ઈશ્વરઇચ્છાથી બંધ થતા સ્પર્શને બંધ થતો અટકાવ્યો–પકડી રાખ્યો ! પતિવ્રતા–હવે તું પતિવ્રતા મટી ગઈ ! આટલાથી જ ! ઘણી વખત ઔષધ પાતાં નવીનચંદ્રનો સ્પર્શ અનુભવતી–બેદરકારપણાને લીધે–અત્યંત મમતાને લીધે સુતેલાને હોરાડતાં, પાણી પાતાં, તેના શરીરપર વળતાં–અજાણ્યે પવિત્ર અંગનો સ્પર્શ થતો–તે છતાં તું પતિવ્રતા જ હતી. આજ એ જ સ્પર્શથી તું પતિતા થઈ ! ભ્રષ્ટ થઈ ! એક સંગતિ–એક કલ્પના ! શી તમારી કુળપરંપરા ! શું નવીનચંદ્ર પણ ભ્રષ્ટ થયો ! શું ઈશ્વરની આ દેખાવપર નજર હતી ? શું નિર્જીવ મેડી એ દેખાવ જોતી હતી ? શું બેમાંથી એકના પણ ધારવામાં હતું કે આ દેખાવ કોઈ પણ માનવી જુવે છે ? શું કોઈ પણ માનવીની આંખપર આ બનાવનું પ્રતિબિમ્બ પડતું હતું અને આ બે જણ અંધ જ બની ગયાં હતાં ? ઈશ્વરની ગતિ અકલ છે !

અલકકિશોરી નવીનચંદ્રપાસે રોજ પવિત્ર વૃત્તિથી બેસતી હતી એટલે બારણાં ઉઘાડાં અથવા અધઉઘાડાં રહેતાં તેની હરકત ન હતી. રોજની પેઠે આજ પણ અધઉઘાડાં હતાં અને તેના અપવિત્ર વિચારનો જન્મ મેડીમાં આવ્યા પછી થવાને લીધે એ વાતપર તેનું લક્ષ્ય જ ન હતું. બારણાભણી તેની પુંઠ હતી. પણ એ બારણાના બીજાગરા આગળ જગા રહેતી તેમાં એક નવું બીજાગરું હોય એમ એક કાળી ઝીણી દેખાતી હતી. તે કોની હતી ?

સ્ત્રીવર્ગમાં, તેમાં વિશેષે કરીને તરુણીવર્ગમાં, રસસમાનતા પ્રમાણે અને વયસમાનતા પ્રમાણે સહીપણાં થઈ જતાં વાર લાગતી નથી અને તેથી તરત પક્ષ બંધાઈ જાય છે. કૃષ્ણકલિકાને અલકકિશોરી સાથે ફાવી ગયું હતું તેમ વનલીલાને કુમુદસુંદરી સાથે ફાવી ગયું હતું. તે રમતીયાળ પણ ડાહીલી હતી. રસીલી પણ સદ્‌ગુણી હતી, વાંચવા ગાવાની શોખીન હતી, નિંદા કરવાની બહુ ટેવ ન હતી તો પણ પરચેષ્ટા જોવાની રસીયણ હતી, સૌભાગ્યદેવી પાસે ગીત શીખવા આવતી, કંઠ તીનો હતો અને તેથી વધારે તીનો કરવા મથતી, અલકકિશોરીની કચેરીમાં ચર્ચા ચલાવનારીયોમાં એક એ હતી, કુમુદસુંદરીપાસે નિત્ય આવતી, તેની જોડે આખો દિવસ છાનીમાની કોણ જાણે શીયે વાતો કર્યા કરતી, તેની જોડે શેતરંજ રમતી, કુમુદસુંદરી ગાતી તેમાં પોતાને તો સમજણ ન્હોતી પડતી પણ પોતે ગાઈ બતાવતી, અને એનીપાસે પુસ્તકોમાંથી રસીલી વાતો વંચાવી સાંભળતી. રીત પ્રમાણે આજ પણ

વનલીલા જમી પરવારી આવી અને આવતાં આવતાં ડોકીયું કર્યું તો અલકકિશોરીને ખભે નવીનચંદ્રનો હાથ જોઈ ચમકી, ખમચી, વિસ્મય પામી ઓઠે આંગળી મુકી વિચાર કર્યો, અને લોકવાયકા ન માનનારી કુમુદસુંદરીને ખબર કરવા દોડી. તેની સાથે છાનીમાની વાત કરવા મંડી ગઈ.

" ભાભીસાહેબ, ન્હોતાં માનતાં તે આજ ચાલો. આંખે ખરું કરો."

" વનલીલા! તું હજી એવી ને એવી રહી. ભોગ એ એના. આપણે "તે પારકી ચેષ્ટા જોવાનું શું કારણ? આપણે આપણું કામ નથી?"

" વારું, તમે તે આવાં ક્યાંથી? એવું એવું જોઈએયે નહી? "ચાલો, ચાલો, જુવો તો ખરાં. એતો એવાં લટ્ટુ બન્યાં છે કે આપણે "અર્ધો કલાક જોઈશું ત્હોયે નહી દેખે. ચાલો." કહી વનલીલા કુમુદસુંદરીનો સુંદર હાથ બારણા ભણી ખેંચવા લાગી.

તેને બીચારીને ખબર ન હતી કે આ સમાચારથી કુમુદસુંદરીના અંતઃકરણમાં કેવી તીવ્ર વેદના થવા લાગી હતી અને તેણે મનમાં કેટલું મુંઝાવા માંડ્યું હતું.

" શું આ ખરું કહે છે? વિદ્વાન સરસ્વતીચંદ્ર! આ શું? આ "શું કહે છે? શું મ્હારો ત્યાગ કર્યો તે આ અર્થે? અથવા નવીનચંદ્ર! "શું તું સરસ્વતીચંદ્ર ન હોય? તું નહી જ હોય. મ્હારો–અરેરે–એક "વેળા જે મ્હારો હતો તે શુદ્ધ સરસ્વતીચંદ્ર આવો ન હોય!" આંખોપર હાથ ફેરવતી કુમુદસુંદરીયે વનલીલાનો હાથ વછોડ્યો.

" વનલીલા, જા તું ત્હારે જોવું હોય તો. હું તો નહી આવું."

" ત્યારે તમે અંહીયાં બેઠાં બેઠાં શું કરશો?"

" હું બેસીશ મ્હારી મેળે.–ગાઈશ– સારંગી લેઈને."

" તે તમને આ જોવાનું મુકી ગાવું કેમ ગમશે? તમારા જેવું તો "કોઈ દીઠું નહી."

" વારું, બ્હેન, વારું. તું જા–જો ત્હારી મેળે."

વનલીલા આ ઉદાસીન અને નિષ્કુતૂહળ દેખાતી વૃત્તિ જોઈ વિસ્મય પામતી એકલી ચાલી, નવીનચંદ્રની મેડીના બારણા આગળ વાંકી વળી ઉભી, અને મીજાગરા આગળથી રસભરી છાનીમાની જોવા લાગી.

વનલીલાને ક્હાડી કુમુદસુંદરી પાછી ફરી. આંખમાં આંસુ તો માય નહી એમ ભરાઈ આવ્યાં–જાણે કે પોતાના જ પતિને પરકીયા સાથે દીઠો હોય–જાણે કે પોતે જ ખંડિત થઈ હોય. પલંગપર પડતું મુક્યું અને ઉંધે

સાથે રહી છાનુંમાનું પુષ્કળ રોઈ, કંઈક નવો વિચાર ઉઠતાં અચિંતી સફાળી ઉઠી અને આંસુ લોહી નાંખી મેડીવચ્ચે ઉભી.

" અરે, પણ આ શું? એની ફજેતી હું થવા દેઉં? સરસ્વતીચંદ્ર,
" તને આ રસ્તે નહી ચ્હડવા દેઉં. હશે. ભુલ થઈ હશે–પણ ત્હારા પવિત્ર
" સંસ્કારને જગાડું એટલે તું જાગવાનો જ. આ કુમાર્ગે તું ચ્હડ્યો તો બાપડા
" જગત્‌ની શી વલે થવાની–બીજા લોકોને તો કાંઈ ક્‌હેવાશે જ નહિ. તને આ
" રસ્તે જોતાં મ્હારું કાળજું કહ્યું કેમ કરે–મ્હારું કાળજું કેમ ર્‌હેશે!
" મચ્છેન્દ્રનાથ, તને સ્ત્રીરાજ્યમાં લપટાઈ દીન થયલો જોઈ ગોરખ શું
" બેશી ર્‌હેશે? ગોરખનાથ, મને સહાયતા કરો. મ્હારામાં તમારી શક્તિનો
" કાંઈક અંશ મુકો. સંસ્કારી સરસ્વતીચંદ્ર! આ શું?"

"**त्वं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः।**
" હે ઈશ્વર.–"

વળી આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. લ્હોતી લ્હોતી સારંગી લઈ નવીનચંદ્રવાળી મેડીનીપાસે ખુરશી માંડી બેઠી અને એ મેડીમાં સંભળાય એમ સારંગીસાથે ઝીણે કંઠે ગાવા લાગી.

" શુભ્ર સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હર–શિરે,
" પડવા માંડેલી પડી પાછી! ટકી ન, હર! હર–શિરે.–શુભ્ર૦ ૧
" પડી! ગિરિપર; ઉચ્ચ ગિરિવર મુકી પડી એ પાછી–
" અવનિપર આળોટતી ચાલી ધુળવાળી ઘણી થાતી.–શુભ્ર૦
" મલિન ગંગા! ક્ષાર સમુદ્રે પેઠી અંતે એ તો!
" ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!"[1]—
" ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!" ૨

પોતાની મેડી બ્હાર સંભળાય એમ કુમુદસુંદરી કદી પણ ગાતી ન હતી. હૃદયના સંબંધે એની મર્યાદા આજ છોડાવી અને ગાતાં ગાતાં તે ખરેખરી ખીલી. જેમ જેમ ગાયન અગાડી ચાલ્યું તેમ તેમ તેની આંખમાંથી આંસુની ધાર વધી, સારંગીને પલાળી નાંખી, અને છેલું પદ ગાતાં ગાતાં "આથી વધારે મ્હારું બળ નથી" એમ શબ્દવિના ક્‌હેતાં ક્‌હેતાં કંપતાં મૂર્છા પામતા હૃદયપરથી સારંગી જમીનપર સરી પડી, ડોક ઢીલી થઈ ગઈ, માથું ખુરશીની પીઠપર ભાગી ગયું હોય એમ ઢળી પડ્યું, કમળની પાંખડીયો જેવી લલિત આંખો અંધારું પડ્યું હોય એમ મીંચાઈ ગઈ, નિઃશ્વાસને

---

૧. ભર્તૃહરિ ઉપરથી.

જવા આવવાનો રસ્તો રાખવા પ્હોળું રહી મુખ સ્તબ્ધ થયું; નાજુક કળીયો જેવા દાંતનાં કિરણ હવામાં ચળકવા લાગ્યાં, હાથ પ્હોળા થઈ ગયા અને ખુરશીની આસપાસ લટકવા લાગ્યા, અને પગ પણ ખુરશી આગળ લંબાઈ ટકી રહ્યા. આ શબ જેવા શરીરમાં એકલું જીવતું દેખાતું કોમળ વક્ષઃસ્થળ ધડકતું હતું. લજ્જાળુ મુગ્ધાનાં વસ્ત્રની કરચલીયોમાં ઢંકાઈ રહી જીવતા જગતની દૃષ્ટિને નિત્ય નિષ્ફળ કરતું હતું તે કોમળ વક્ષઃસ્થળ આજ પ્રમાદધનના રંગભવનની જડદૃષ્ટિ આગળ બાળગજના કુંભસ્થળ જેવું—બીડાયલા શતપત્ર કમળની કળીયોની સુંદર જોડ જેવું—ઉપસી આવ્યું, તરી આવ્યું, અને અંતઃકરણના ઉછળતા શ્વાસને બળે કરુણ મંદ લીલાથી ઉત્કંપ અનુભવવા લાગ્યું. હૃદય ચીરી નાંખે એવી આ અવસ્થા જોનાર—સમજનાર આ પ્રસંગે—કુમુદસુંદરી! ત્હારી પાસે કોઈ ન હતું. સરસ્વતીવાળા સાસરાના ઘરમાં તું એકલી જ હતી. મૂર્છા પામેલા ઉજળા ગાલઉપર નિર્જીવ થયેલાં આંસુ સુકાઈ ગયાં અને માત્ર તેના ચળકતા સુકા શેરડા રહ્યા. એની આસનાવાસના કરનાર કોઈ ન હતું.

આણીપાસ નવીનચંદ્ર જાગી ઉઠ્યો હતો. પણ તે ન જાગ્યા જેવો જ હતો. તેની ઉંઘ ઉડી ગઈ ન હતી. જાગું છું કે ઉંઘું છું તે વિચાર તેને થયો ન હતો. જાગતાં પ્હેલાં કિશોરીના સ્પર્શથી તે રમણીય સ્વપ્નમાં પડ્યો હતો. એવો સ્પર્શ જન્મ્યા પછી તેને પ્રથમ જ થયો હતો અને તે સ્પર્શે ઉત્પન્ન કરેલા સ્વપ્નને અંતે આંખ કાંઈક ઉઘડી તોપણ એક સ્વપ્ન પલટાઈ બીજું સ્વપ્ન અનુભવતો હોય એમ જ એને લાગ્યું. અર્ધું મીંચેલું અને અર્ધું ઉઘાડું એવા પોપચા આગળથી અલકકિશોરી સ્વપ્નમાં આવી હોય એમ પળવાર વિકારભરી રમમાણ આંખે તેને જોઈ રહ્યો અને દૂષિત હાથ ખેંચી ન લેતાં નિમિષમાત્ર આનંદસમાધિમાં પડ્યો. એટલામાં સારંગીના રણકા સાથે ભળી જતું કુમુદસુંદરીનું મિષ્ટ—મધુર—ગાયન તેના કાનમાં ધીમે ધીમે આવવા લાગ્યું. કર્ણેન્દ્રિય આનંદવ્યાપારમાં લીન થતાં સ્પર્શેન્દ્રિય બ્હેર મારી ગઈ, અને ઉઘાડી આંખ વગરવીંચાયે મીંચાઈ. કુમુદસુંદરીના ગાયન સાથે ઉંડાં ડુસકાં વચ્ચે વચ્ચે ભળતાં હતાં અને સુતેલાની નિદ્રાને વીજળીના સંચા પેઠે ધક્કા મારતાં હતાં—તેનાથી સ્પષ્ટ સમજાતાં હતાં—તેના હૃદયના હૃદયમાં પેસતાં હતાં. કુમુદસુંદરીનું—દિવ્ય અપ્સરાના જેવું—ગાન પણ આજ તેણે પ્હેલવ્હેલું સાંભળ્યું અને તેથી તેની આનંદનિદ્રા મધુર મધુર થતી વધી. બ્હારથી જોનારને મન અલકકિશોરી અને નવીનચંદ્ર આમ એમનાં એમ ચિત્રવત્ સ્તબ્ધ રહી એક બીજાનાં સામું જોઈ રહેતાં લાગ્યાં અને ઉભય મદનાવસ્થ છે એવું મનમાં આણતાં વેનેલીલાને કોઈ પણ શંકાસ્થાન ન રહ્યું.

આખરે કુમુદસુંદરીના ગાનનું છેલ્લું પદ આવ્યું–તેનો અર્થ સ્પષ્ટ હતો–તે પદ એક વાર ગવાયું–જરીક ફેર સાથે બીજી વાર ગવાયું–તેની સાથે સારંગીનું ગાન અચિંત્યું ક્રમવિરુદ્ધ બંધ પડ્યું. સારંગી પડી તેનો ધબાકો થયો, હાથમાંથી છુટતાં–પડતાં–તાર ત્રુટતો હોય એમ અસંવાદી કઠોર રણકારો લંબાયો, તે રણકારામાં અચિંત્યા બંધ પડેલા ગાયનના અંત્ય-સ્વરનો પ્લુતોચ્ચાર ભળ્યો, અને તે સર્વમાં ત્રુટતા મર્મસ્થાનથી તણાયલું હુશીયું સંભળાયું, અને એકદમ સારંગી અને કંઠ ઉભય બંધ પડ્યાં. તેની જ સાથે સ્વપ્નાવસ્થ નવીનચંદ્રનું હૃદય ચીરાયું, તે ખરેખરો જાગ્યો, જાગતાં જ કિશોરી સામું જોઈ રહ્યો, જોતામાં જ ધીમા બળથી હાથ ખેંચી લીધો, અને એકદમ પણ ધીમે રહીને–દીન વદનથી પણ ઠપકા ભરી આંખ કરી–લાચાર સ્વરથી પણ ઉગ્ર નરકમાંથી તારવા ઇચ્છતો હોય તેવો, મધુર નરમ વચન બોલ્યો:

"અલકબ્હેન, હું તો તમારો ભાઈ થાઉં હો!" એમ બોલી પવિત્ર દૃષ્ટિથી તેના ભણી જોઈ રહ્યો.

અલકકિશોરી શરમાઈ જ ગઈ, નીચું જોયું, અને મનમાંથી ધરતી માતા પાસે માગ માગ્યો, તેને ભાન આવ્યું. તપેલા વાસણપરથી પાણીનો છાંટો ઉડી જાય તેમ તેનો અપવિત્ર વિકાર એકદમ જતો રહ્યો. પણ શું કરવું તે તેને સુઝયું નહી–મુઝાઈ–ગુંચવાઈ. બેઠેલી રહી જમીનપર જોઈ રહી–આંખો મીંચ્યા જેવી કરી–જીભ કરડવા મંડી. "અરરરર! આ શું થયું" એ વિચાર તેના આખા મગજમાં નિષ્કંટક એકલો રાજ્ય કરવા લાગ્યો. સાપે કરડી હોય એમ તેના મગજમાં ઝાટકા નંખાવા લાગ્યા. વગર ઉંચું જોયે–અંહીયાં ને અંહીયાં આપઘાત કરું–એ વિચાર તેના મનમાં અંતે તરી આવ્યો અને તે વિચાર પ્રમાણે વર્ત્તવા તૈયાર થઈ. મનમાં બોલી–"હવે તો જીભ કરડીને મરું–કે શ્વાસ રુંધીને મરું–પણ આમ ને આમ જ." એ વિચાર પ્રબળ થતાં જ તેના મનનો ગુંચવારો મટ્યો–છુટકારો પાસે આવ્યો હોય તેમ તેને લાગ્યું.

નવીનચંદ્ર તેની અમુઝણ સમજ્યો, અને દીલાસો આપી બોલ્યો:
"બ્હેન, અમુઝાશો નહી. એક ભુલ તો બ્રહ્માએયે કરી છે. ફરી ભુલ
"ન કરશો. તમારું અંતઃકરણ પવિત્ર છે તે હું જાણું છું. હું નાદાન
"નથી. થયું તે ન થયું થનાર નથી. ગઈ ગુજરી વિસારી દ્યો. તમારો
"ધર્મ અંતે સચવાયો તે ઈશ્વરનો ઉપકાર માનો."

અલકકિશોરીયે ઉત્તર ન વાળ્યો–ઉંચું પણ ન જોયું. બનેલ બનાવથી એનું અંતઃકરણ ભરાઈ આવ્યું.

"ઉઠો, બ્હેન, ઉઠો, મને ઔષધ આપો."

હજી કિશોરી ઉઠી નહી.

"બ્હેન—"

"ભાઈ, તમે ખરેખર મ્હારા ભાઈ જ છો."—આખરે હીમ્મત આવી—"ભાઈ, જમાલ પાસેથી મને છોડવી તેના કરતાં આજ મ્હારા "ઉપર વધારે ઉપકાર કર્યો. અરેરે! ઉજળે લુગડે ડાઘ બેઠો, હેં! "આ શું થઈ ગયું? ભાઈ, મ્હારા ભાઈ, હવે મ્હારે જીવવું નકામું છે— "અરેરે"—રોતી રોતી આંસુભરી આંખે ઉંચું જોયું—"હાય, હાય."

"બ્હેન, ધીરાં થાઓ."

"ભાઈ, સોનાની થાળીમાં લ્હોઢાની મેખ ન ખમાય. મ્હારા જેવીને "આટલું થયું ન વેઠાય. હું હવે કોઈને મ્હોં શું બતાવીશ?"

"લોક શું જાણનાર છે? ઇશ્વિર જાણે છે તે દયાળુ છે."

"એ બધું ખરું પણ મ્હારાથી જ આ સ્હેવાતું નથી—આ આવી "હું તેને આજ આમ—"

"બ્હેન—"

"હું જીવનાર નથી—" છલકાતી આંખે અબલા ઉઠી બારણા ભણી ચાલી. વનલીલા ત્યાં ન હતી. સૌભાગ્યદેવી બારણાના ઉમ્મર આગળ અંદર આવતી સામી મળી.

હાથ ખેંચી લીધો તે જોઈ, અને પોતાની પવિત્રતાની ખાતરી કરી આપનાર શબ્દો નવીનચંદ્ર બોલ્યો તે સાંભળી, વનલીલા સંતોષ પામી. તોપણ કિશોરી શો ઉત્તર દે છે તે જાણવાનું બાકી હતું. પરંતુ એટલામાં કુમુદસુંદરી ગાતી હતી તે અચિંતી બંધ પડી અને સારંગી પડી ગઈ તે ઉપર ધ્યાન જતાં વનલીલા એણીપાસ દોડી અને ખુરશીપર મૂર્ચ્છા પામેલી કુમુદસુંદરી પાસે "શું છે, ભાભી, શું?" કરી આસના વાસના કરવા લાગી. મીજાગરામાંથી એ જોતી હતી તે સૌભાગ્યદેવીએ પોતાની મેડીમાંથી જોયું; અને કોઈને ન ગાંઠનારી ઉન્મત્ત પુત્રીને ઠપકો આપવા, લોકવાયકા રખેને સાચી તો નહી હોય તે જાણવા, વનલીલા પાસે ચોકશી કરવા, અને એવા હજારો હેતુથી, પુત્રીપર ચ્હીડાતી દુઃખી થતી કુટુંબ કલંકિત થયાનો ભય રાખતી સૌભાગ્યદેવી નવીનચંદ્રવાળી મેડીઆગળ દુઃખ અને રોષભરી આવી; પણ વનલીલાને ગયેલી જોઈ અને કિશોરી જ આંસુ વર્ષાવતી સામી મળી તેથી પોતાનો તર્ક ખોટો હશે એમ ધારતી પણ આ શું હશે એનો વિચાર કરતી દેવી પુત્રી સામું પળવાર ધારીને જોઈ રહી. અને મ્હારી વાત ઉઘાડી જ પડી એવું

ધારતી કિશોરી તેનું પવિત્ર પ્રતાપી મુખ જોઈ ફીકી પડી અને વ્હીલી-છાશબાકળી-દેખાઈ. સૌભાગ્યદેવી કાંઈક પુછવાનું કરતી હતી એટલામાં વનલીલા ગભરાયલી ગભરાયલી કુમુદસુંદરીની મેડીના બારણા આગળ "કોઈ આવો રે-કોઈ આવો રે" એમ બુમ પાડતી આવી.

"ઓ દેવી-ઓ દેવી-ઓ અલકબ્હેન-કોઈ આવો-આ જુવો-આ "જુવો-ભાભી શીંગડું થઈ ગયાં છે-તે કોઈ જુવો."

"હેં!" કરી સઉથી આગળ સૌભાગ્યદેવી દોડી-દોડતાં દોડતાં એકવાર પડી-તે ન ગણતાં કોઈ ઝીલે તે પ્હેલાં પાછી ઉઠી અને દોડી. ભૂત બનાવ ભુલી જઈ-મરવાનો વિચાર પડતો મુકી-અલકકિશોરી પણ પાછળ ઉતાવળી ચાલી, પણ તેના મન્દ મગજની અસર પગપર હતી. માંદો માંદો નવીનચંદ્ર પણ મંદવાડ ન ગણી ખાટલામાંથી કુદકો મારી ઉઠ્યો અને ફલંગો ભરતો બ્હાવરા જેવો કુમુદસુંદરીની મેડીમાં સઉની પાછળ આવી ઉભો. એ મેડીમાં એ પ્રથમ જ આવ્યો.

કુમુદસુંદરી હજી એ ખુરશીપર એની એ અવસ્થામાં હતી. ખુરશીની આસપાસ સઉ વીંટાઈ વળ્યાં. સઉનાં કાળજાં ધડકવા લાગ્યાં. સઉને શ્વાસ ભરાયો. આંખમાં આંસુ આણી દેવી બોલી: "વનલીલા, આ શું?"

વનલીલા ગભરાઈ. તે મેડીબ્હાર નીકળી એટલામાં આ થયું હતું. મેડીબ્હાર નીકળી શું કર્યું તે પુછે તો શું કહેવું? તોપણ જવાબ દીધો: "કોણ જાણે, સારંગી લેઈ ગાતાં હતાં અને ગાતાં ગાતાં કાંઈક આમ "થઈ ગયું અને માથું નાંખી દીધું."

નવીનચંદ્ર આગળ આવ્યો. સ્ત્રીયોને ધીરજ આપવી-ઉપાય બતાવવો-એ પુરુષને માથે પડ્યું. કુમુદસુંદરીના મ્હોંસામું જોઈ, ધડકતી છાતી સામું જોઈ, ગાયન સંભારી, સર્વનું કારણ કલ્પી, હૃદયમાં પડેલો ચીરો ઢાંકી રાખી, બોલ્યો: "દેવી, ચિંતા કરશો નહી. એમને ઉચકી પલંગ ઉપર "સુવાડો. અહુણાં સજ્જ થશે. અલકબ્હેન, જરા ગુલાબજળ મંગાવો."

અલકકિશોરી જાતે જ લેવા ગઈ. જતાં જતાં દાદરે ડોકીયું કરી સમરસેનને કહ્યું કે "એક જણને પિતાને તેડવા મોકલો અને એક જણ "વૈદને તેડવા જાઓ." વનલીલા પાછળ આવી અને કહે કે "એમને "વાઈ જેવું છે. મ્હારે ઘેર મુંબાઈથી સુંઘાડવાની શીશી આણી છે તે

"મંગાવો." એક જણને તે સારુ પણ મોકલ્યો; ઘરમાં એકલો **સમરસેન** રહ્યો તે બારણું સાચવવા રહ્યો અને કાન તથા મન મેડીપર રાખ્યાં.

**સૌભાગ્યદેવી** ખુરશીની એક પાસ ઉભી રહી કુમુદસુંદરીનું ગળું એક હાથે ઉંચું કરી બીજે હાથે એની હડપચી ઝાલી એના સામું જોતી રોતી પુછવા લાગી અને પુછતાં પુછતાં તેનું મ્હોં લેવાઈ જતું હતુંઃ

"કુમુદસુંદરી–કુમુદસુંદરી–વહુ–બેટા–બાપુ–બોલોને, આમ શું કરો "છો ? કુમુદસુંદરી–"

આહું જોઈ આંખોપર મ્હોંયો ફેરવતો **નવીનચંદ્ર** બોલ્યોઃ "દેવી, "ચાલો, એમને પલંગપર સુવાડીયે; અહુણાં એ નહી બોલે."

"શું નહી બોલે ! શું કુમુદ નહી બોલે ? **નવીનચંદ્ર** ! એમ શું બોલો "છો ? એ તો મ્હારા ઘરનો દીવો–હોં!" ઘેલી બનતી **સૌભાગ્યદેવી** લવી.

ઉતાવળી ઉતાવળી **અલક** આવી અને પાછળ **વનલીલા** આવી. **નવીનચંદ્રે** ગુલાબજળની શીશી લેઈ ખોબે ખોબે કુમુદસુંદરીના મ્હોંપર જોરથી છાંટવા માંડ્યું. સઉ સ્તબ્ધ થઈ જોઈ રહ્યાં. સાત આઠ ખોબા છંટાયા ત્યારે પ્રાતઃકાળ પ્હેલાં કમળની વિકસનાર પાંખડીયો હાલવા માંડે તેમ એ કાંઈક હાલી.

"દેવી, જો, ભાભી હાલ્યાં, હોં"–મલકાઈ **અલકકિશોરી** બોલી. પણ તે વ્યર્થ, અર્ધી શીશી છંટાઈ પણ કુમુદસુંદરી જાગી નહીં. **નવીનચંદ્ર** હાર્યો; "દેવી, એમને પલંગપર લ્યો. વૈદને આવવા ઘો."

**અલકકિશોરી** અને **વનલીલાએ** પગ અને કેડ આગળથી ઉચકી. **નવીનચંદ્રે** માથા નીચે અને વાંસા નીચે હાથ રાખ્યા. **સૌભાગ્યદેવી** વચ્ચેથી ઉચકવા ગઈ, પણ મડદું ઉચકવા જેવો દેખાવ જોઈ છળી હોય તેમ–કુમુદસુંદરી મરી જ ગઈ હોય એવું કલ્પી–પાછી પડીઃ "હાય હાય રે, ઓ "મ્હારી કુમુદ–આ શું ?" દેવી પડતી પડતી પાછલી ભીંતને આધારે ટકી.

માથાભણીના નીચા નમેલા **નવીનચંદ્રની** આંખ કુમુદસુંદરીના મ્હોંપર આવી. તેની આંખમાંથી આંસુ પડ્યાં. તે કુમુદસુંદરીની આંખ ઉપર–ગાલઉપર–પડ્યાં. હાથ રોકાયલો હોવાથી આંસુ લ્હોવાય એમ ન હતું.

હળવે રહીને, આંચ ન આવે એમ, મૂર્ચ્છા પામેલીને પલંગ ઠીક કરી તેપર સુવાડી. સઉ આસપાસ વૈદની વાટ જોતાં જ બેઠાં. દેવી માથાઆગળ આવી–વાંકી વળી–એના મ્હોંપર મ્હોં મુકી–ચુંબન કરી–વાળપર હાથ ફેરવી–રોઈ પડી. કોઈ કોઈને દીલાસો આપે એમ ન હતું. **નવીનચંદ્ર** બોટી

કઠિનતા બતાવી સઉને ધીરજ આપવા લાગ્યો. એટલામાં દેવીના શ્વાસથી કુમુદસુંદરીમાં નવો શ્વાસ આવ્યો હોય તેમ તેનું મ્હોં ઉઘડ્યું–આંખ ઉઘડી પણ ફાટેલી રહી–અને સઉને કાંઈક જીવમાં જીવ આવ્યો. પણ તે વ્યર્થ જ હતો. તેની મૂર્છા વળી ન હતી, પણ મૂર્છામાંથી ફાટી આંખ કરી લવવા માંડ્યુંઃ—

"તું મુજ જીવિત, તું મુજ હૃદય જ, તું કૌમુદી મુજ નેત્રતણી,
"તું મુજ પીયૂષ, તું મુજ વ્હાલી"–એમ જ પ્રિયશત કંઈ કંઈ–
"એમ જ જુઠાં જુઠાં પ્રિયશત કંઈ કંઈ કહી કહી,
"ભોળી મુગ્ધાને ભરમાવી–વ્હાલે વ્હાઈ ઘણી ઘણી—
"આખર કીધું શું–શા અર્થે[1]–એ–એ—"

અંત્ય એકારને લંબાવતી પાછી આંખ મીંચી દઈ, બંધ પડી. કોઈ સમજ્યાં નહી. સઉને ધ્રાશકો પડ્યો–સઉના જીવ ફટકી ગયા. ધીરજ આપવી છોડી દઈ નવીનચંદ્ર એકદમ ઉઠી ગયો અને એક ટેબલપર ચીત્રામણ પડ્યાં હતાં તેના ભણી નજર કરતો અફરાટો થઈ ઉભો રહ્યો, આંસુ ખાળી રાખવા મહાપ્રયાસ કરવા લાગ્યો અને કોઈ સાંભળે નહી એમ ગણગણવા લાગ્યોઃ

"हरि हरि हतादरतया सा गता कुपितेव ।
" किं करिष्यति किं वदिष्यति सा चिरं विरहेण ॥
" किं जनेन धनेन किं मम जीवितेन गृहेण ॥ हरि०॥ १ ॥
" चिंतयामि तदाननं कुटिलभ्रु रोपभरेण ।
" शोणपद्ममिवोपरि भ्रमताकुलं भ्रमरेण ॥ हरि० ॥ २ ॥[2]

"गता-गता-ગઈ–ગઈ–" એમ મનમાં બકતો બકતો ટેબલપર નીચું જોઈ રહ્યો અને સ્ત્રીની પેઠે પારકા ઘરમાં ગુપ્ત રીતે અશ્રુપાત કરવા લાગ્યો.

એટલામાં ટેબલપર નજર પડતાં કેટલાંક ચિત્ર જોવામાં આવ્યાં. તે કુમુદસુંદરીનાં કહાડેલાં હતાં. એક કાગળ ઉપર ઉત્તરરામચરિતનાંના ત્રીજા અંકનો દેખાવ હતો અને અદૃશ્ય સીતા દૃશ્ય રામને સ્નિગ્ધ રોષભરી ત્રાંસી નજરે જુવે છે તે આલેખ હતો. એક બીજા કાગળપર દુષ્યંતને કશ્યપ મુનિના આશ્રમ આગળ એક વેણીધર શકુંતલાને આવતી દેખતો ચીતર્યો હતો. પાસે શેક્સપિયર પડ્યું હતું તેમાં "ઑલ્સ વેલ્ ધૅટ્ ઍન્ડસ્ વૅલ્" અને

૧. ઉત્તરરામચરિત ઉપરથી.
૨. ગીત ગોવિન્દમાંથી.

"વિન્ટર્સ ટેલ"ની વચ્ચોવચ કાગળના કટકા મુકી નિશાનીયો રાખી હતી. દહાડીયે હાથ રાખી **નવીનચંદ્ર** સઉ જોઈ રહ્યો અને વિચારમાં ગરક થયો. એટલામાં પલંગમાં મૂર્છા પામેલીના મુખમાંથી ત્રુટક ગાન પાછું નીકળવા માંડ્યું:—

"ઓરે...વિદ્યા...ઓરે...વિદ્યા...સરસ્વતી...સરી ગઈ રે" પળવાર બંધ પડી પાછું ગાન આરંભાયું:

"ઓરે...ભ્રમરા...ઓરે ભ્રમરા...શાથી ઉડી ગયો રે!" વળી બંધ પડ્યું અને પ્રથમ ગાયલાના અનુસંધાન જેવું સંભળાયું:—"આ...

"સરી ગઈ નામથી...સરી...મુજ હાથથી...

"ઉરથી સરી નહી રે...ઉરથી સરી નહી રે...

"ભ્રમર, તને શાથી ગમ્યું–છેક આવું?"

**નવીનચંદ્ર** પાછો ફર્યો, પલંગપાસે આવ્યો, અને એના મૂર્છિત મુખ સામું જોઈ રહ્યો. તે ફલાંઠી સુતેલી પડી હતી, તેના કાળા ભ્રમર જેવા વાળ મોરના કલાપ પેઠે ચારે પાસ પથરાઈ વેરાયલા હતા અને તેમાં ગુંથેલાં ભાતભાતનાં સુશોભિત ફુલ છિન્નભિન્ન થયાં હતાં. સર્વ, છાનું ધીમું રોતાં રોતાં આંખો લ્હો લ્હો કરતાં, આસપાસ ચિત્ર પેઠે બેસી રહ્યાં હતાં અને આનું પરિણામ શું થાય છે તે દુઃખભર્યાં વીમાસતાં હતાં, એટલામાં વૈદ્ય આવ્યો. આવવા માંડ્યા ત્યારે સર્વ આવ્યા. બુદ્ધિધન અને પ્રમાદધન પણ આવ્યા. તેમને સઉ સમાચાર અલકે કહ્યા. વૈદ્ય ઉપચાર કરવામાં રોકાયો. વાઈનું દરદ ઠરાવવામાં આવ્યું. આખરે મૂર્છા વળી અને સર્વનો શ્રમ સફળ થયો. બુદ્ધિધને અલકકિશોરીને પુછ્યું:–"તું એમને અહુણાં ફરવા લઈ જતી ન હતી?"

"ના, અહુણાનું નથી જવાતું."

"હાં, એ જ કારણ. લઈ જજે હવે. આજે જઓને ગાડી જોડાવી, "કાંઈ હરકત છે?"

"ના, કંઈ હરકત નથી."

વડીલની આજ્ઞા સઉએ માન્ય રાખી. શ્રમથી ઉઠતી કુસુદસુંદરીયે પ્રથમ જ પોતાનો નિયમ તોડ્યો. શ્વશુરગૃહમાં **નવીનચંદ્ર** આવ્યો ત્યાર પછી તેના સામી નજર નાખતી ન હતી તેણે, ગાડીમાં બેસવા ઘરના દ્વારમાંથી નીકળતાં નીકળતાં કોઈ ન દેખે એમ ક્રોધ, દયા, અને દીનતા ત્રણે વાનાંથી ભરેલી દૃષ્ટિ ભમ્મરકમાન ચ્હડાવી **નવીનચંદ્ર** ઉપર નાંખી.

આ બનાવ બન્યા પછી જ્યારે જ્યારે તક મળતી ત્યારે કુમુદસુંદરી નવીનચંદ્રપર કઠોર કટાક્ષ નાંખતી જણાતી.

આ થયા પછીથી ઈશ્વર જાણે શાથી નવીનચંદ્રની મનોવૃત્તિ ફરી ગઈ હતી, ઘડીકમાં ઘેર જવાની અને ઘડીકમાં કંઈ કંઈ પ્રદેશમાં જવાની ઈચ્છા થતી હતી, અને બુદ્ધિધનનું ઘર તો ગમે તેમ કરી છોડવું એ તેના મનમાં નક્કી થયું હતું. આ ઈચ્છાનું પ્રબળ માત્ર ચૈત્રી પડવો જોવાના કુતૂહળથી ડબાઈ રહ્યું હતું. એટલામાં તે જ દિવસને પ્રાતઃકાળે બુદ્ધિધને ગુરુકાર્ય સોંપ્યું એટલે ઈચ્છા સફળ થવામાં વિઘ્ન આવ્યું દેખાયું. દરબારમાંથી નીકળ્યો તે સમયે જ એ વિઘ્ન પાછું દૂર ગયું તેનો વિચાર થયો, અને મનસ્વીની સ્વચ્છંદ-વૃત્તિયે પાછો તનમનાટ મચાવી મુક્યો. દરબારમાં મચેલું ભવ્ય અને મન-ભર સ્વપ્ન આ તનમનાટને બળે ઝપટાઈ ગયું. રસ્તાપર પડતો ઉગ્ર તાપ મગજને ઉકાળતો હતો તેથી સ્વચ્છંદી હૃદયને માત્ર રંગ ચ્હડ્યો અને તે ખીલ્યું. દૂર સમુદ્રમાં દેખાતાં વ્હાણો નજરે પડવાથી નીશો કરેલા જેવાને દીપદર્શન જેવું થયું અને રસ્તામાં ચાલતાં ચાલતાં તેના મગજમાં અનેક વિચારની લ્હેરો આવવા માંડી.

“ સરસ્વતીચંદ્ર ! તને કાંઈ ખબર છે કે કુમુદસુંદરી શું બકે છે?
“ ત્હારી સરસ્વતી.”

“ સરી ગઈ નામથી-સરી”–કુમુદસુંદરીના... હાથથી.’ ‘સરી’.
“ એના...‘ઉરથી નહી રે”

“ અરરરર ! નિર્દયતા અને મૂર્ખતાની હદ વળી ગઈ !–
“ થયો દારુણ મનમાન્યો, વિકળ થઈ સ્નેહની સાનો !
“ હવે સકુમાર ઉર ફાટી જશે, એ મૂર્ખ હતભાગી !”

“ હે ઈશ્વર, એ પાપ કોને? સરસ્વતીચંદ્ર, સરસ્વતીચંદ્ર, કાંઈ સુઝે
“ છે? આ શું કર્યું? મહાપતિવ્રતા–પતિની સ્વચ્છન્દ મૂર્ખતાની વેદીપર
“ હોમાયલી પતિવ્રતા! નવા અવતારમાં પાછલો અવતાર ન ભુલનારી
“ પતિવ્રતા!–મનને વરેલો પતિ મનથી છુટો નથી પડતો–વરેલા પતિને છોડી
“ મન વ્યભિચારી નથી થતું–શરીરે વરેલા પતિને છોડી શરીર અન્યત્ર નથી
“ રમતું ! આહા! બળવાન્ બાળકી! મનના પતિપર આટલો આવેશ છતાં
“ તેના ભણી પાંપણનો પલકારો પણ નહી! કેવા બળવાળી? પુરૂષ! તું સ્ત્રી
“ છે. અને સ્ત્રી! તું પુરુષ છે! પળવાર પરસ્ત્રીપર મોહેલા મનવાળા પુરુષને–
“ પળવાર અસંવાદી થયેલા મનને–સંવાદી કરી નાંખનાર સારંગી! શું
“ ત્હારું બળ! સારંગી! કુમુદસુંદરી–કુમુદસારંગી! અરેરે! હું ભ્રષ્ટ થાત જ.

" માણસને ખબર હોય છે કે તેના મનપર શી શી આપત્તિ આવવાની
" છે ? પતિત જીવ ! જો તું પતિત ને નિર્બળ હતો તો–ને છોડી શાને ?
" ગરીબ બીચારી અલકકિશોરી, તને શો ઠપકો દેઉં ?–ઠપકો દેનારનું
" ક્યાં ઠેકાણું હતું ?–કુમુદસુંદરી–કેવા રોષવાળી આંખ !

" भेदाद्भ्रुवोः कुटिलयोरतिलोहिताक्ष्या
" भग्नं शरासनमिवातिरुषा स्मरस्य ॥–[1]

" નક્કી, ત્હારું હૃદય અંદરથી ચીરાય છે–ત્હારું ગાયન, ત્હારાં ચિત્ર,
" ત્હારે વાંચવાના વિષય, ત્હારી વાતો–સર્વે એક સરખાં જ ! આહા,
" કોમળ સારંગી, ત્હારા સર્વ તાર સદૈવક એ જ ગાયન કરી રહે છે !
" પણ ઈશ્વરની ગતિ અકળ છે–એ શું થઈ ગયું ? એક પળવાર મતિ શી
" ભ્રષ્ટ થઈ ? ત્હેં તે શાથી જાણ્યું ? ત્હારે તે વિનિપાત પામતાને તારવા
" આવી હૃદય વીંધનારી યુક્તિ કરવી શાથી પડી ? અરેરે દુષ્ટ પાતકી-
" ચિત્ત ! પ્રસંગે ત્હેં ત્હારી દુષ્ટતા પ્રકાશી. શું ચિત્તને ઉદ્ધરવા વિદ્યા અસ
" નથી–શું કુમુદની કોમળ સૂચના ન થઈ હત તો તેના સંસ્કાર નપુંસક
" જ રહેત ? શું અભણ પુરુષનું અને ભણેલાનું ચિત્ત સરખું જ ? હા, હા,
" હા ! અભણ કિશોરી ! તું અભણ પણ મને શીખવે છે–સોનાની
" થાળીમાં લ્હોઢાની મેખ ન જોઈએ ! જો ત્હારે ન જોઈએ તો
" મ્હારે પણ ન જોઈએ."

" પણ માણસનું મન વિષયને શરણ શાથી થતું હશે ? ખાવાનું
" જોઈ કેટલાંક જિંહાલૌલ્યવાળાં માણસોનાં મુખ દ્રવે છે, પાસે દ્રવ્ય
" હોવા છતાં કેટલાંક માણસોથી દ્રવ્ય જોઈ ઢાંકી કે ઉઘાડી ચોરી કર્યા
" વિના રહેવાતું નથી, તે જ વિષયનો વિષય જોઈ શું આ થયું હશે ?
" શું વિષયમાં એવી વશીકાર શક્તિ છે કે જેથી વિદ્યા ડબાઈ જાય અને
" મનુષ્ય પશુ બને ? જો એમ હોય તો માણસને માથે જુમ્મો શી
" બાબત રહે ? આ કાર્યનું પરિણામ મરણ છે એવું સંપૂર્ણ ભાન છતાં **પાંડુ**-
" રાજા વિષયમોહિત શાથી થયો ? સ્વસ્ત્રીયા કે પછી પરસ્ત્રીયા–એમાંથી
" એકપણ શી બાબત જોઈએ ! **પાંડુ**રાજાની વાતમાં શો મર્મ છે તે **અલક**-
" કિશોરી, ત્હારા પ્રસંગે મને શીખવ્યું. દીવાસળીમાં જેમ અગ્નિ રહેછે તેમ
" જ માણસમાં વિષયવાસના સદૈવ વસતી હોવી જોઈએ અને વિષય-
" વિષયીનો પ્રસંગ પડતાં તે વાસના જાગૃત થતી હશે, સર્વ માણસમાં
" એમ જ હોવું જોઈએ, આવી **અલક**કિશોરી તેને આમ થયું. આવા
" ડાહ્યાડમકા, ગંભીર દેખાતા, આવા મ્હોટા રાજપ્રપંચના ધીટ સૂત્રધાર
" બુદ્ધિધનને જોઈ કોઈને એવો વિચાર થાય કે એને ગળે એક અબળાનો

---

1. શાકુન્તલમાંથી.

"હાથ પડતાં તેનું ચિત્ત શરણ થાય છે?—અને તેમ છતાં સૌભાગ્ય-
"દેવી! ત્હારી સત્તા આ લુગડાંલત્તાં પ્હેરનાર નાટકી કારભારી ઉપર
"કેટલી છે તેની સાક્ષી મ્હારો કાન પુરે એમ છે. પવિત્ર પતિવ્રતા-
"સૌભાગ્યદેવી–ત્હારાં સુલક્ષણ જોઈ શૈબ્યા સાંભરી આવે છે.

"શિરપર સાડી છોડી પુરી, મેળે ચ્હડી મુખ લાજ,
"બોલે થોડું મન્દમન્દ ને મધુર જ અક્ષર–સાજ,
"ધીમી ધીમી ચાલે, જો! જો! પદ-નખઉપર જ આંખ!
"દેવી! દેવી! પવિત્ર ઉંચું કુળ તે આનું જ નામ."[1]

"કુલીનતાની મૂર્ત્તિ પવિત્ર સૌભાગ્યદેવી! આહા! શુદ્ધ આર્યા-
"આર્યલોકનાં જ અંતઃકરણોમાં વસેલી આર્યા! જુનાં વર્ણનો જ વાંચ્યાથી
"ત્હારો પવિત્ર મોહક પ્રતાપ હું કદી પણ સમજ્યો ન હતો. વીલાયતમાં
"જાઓ, કે અમેરિકામાં ભમો, કે ઈરાનના દ્રાક્ષના વેલાઓની
"વાડીમાં જઈને ઉભા રહો, કે આર્માનિયામાં આથડો–પણ કોઈ ઠેકાણે,
"આર્યદેશની આર્યા, તું જડવાની નથી. આર્યદેશમાં પણ હવે કલ્પિત
"થતી જાય છે અને ઈંગ્રેજી વિદ્યાની ઉદ્ધતતા ત્હારો નાશ પણ કરે! પણ-
"સૌભાગ્યદેવી–મૂર્ત્તિમતી આર્યા–જેવી આ આપણા દેશની ભૂમિ પૂજ-
"નીય અને પ્રિયદર્શન છે તેવી જ તું પણ છે. આહા, ત્હારા જેવાં રત્નનો
"ધણી બુદ્ધિધન કેવો ભાગ્યશાળી! બુદ્ધિધન, ત્હારા કારભાર કરતાં
"આ આર્યાને હૃદયમાં વધારે રાખજે."

"આ તો એક વિચારમાંથી બીજે વિચારે ચ્હડ્યો. મ્હારા મનનો
"પ્રશ્ન એ છે કે–આવી સૌભાગ્યદેવી તે પણ બુદ્ધિધનના સ્પર્શને
"અભિનન્દે છે! એ શું?"

ગંભીર વિચારવચ્ચે અટ્ટાહાસ્યે[2] અચિંત્યું ડોકીયું કહાડ્યું: "મ્હારા
"બાપરે! આ શું! અધું! આ શો શરીરનો મહિમા! આ માણસ દેખાયછે
"આવો માટે આવો તો ન જ હોય એ ધારવું ખોટું છે. કલ્પનાશક્તિ બહુ
"ઠગારી છે–એ વધારે વેગવાળી હોય તેમાં પણ લાભ નથી. આ એમ. એ.
"પુરી થઈ, ઉંચામાં ઉંચી "ફિલૉસૉફી" મગજમાં ભરાઈ ગઈ–અને
"તેને અંતે–તે જ માણસનો હાથ એક અબળાની છાતીપર પળવાર
"ટકે–અને એ માણસને મગજ તો જાણે છે જ કહી એવો બની જાય-
"એ શું અતર્ક્ય નથી? એવી છબી કહાડી કોઈએ મ્હારી પાસે મુકી
"હોય તો હું નક્કી કહું છું કે હું એને અસંભવિત માનું અને હસી
"કહાડું. અરે, એ તો એકવાર થયું તે થયું–પણ બીજીવાર એવું

૧. ચન્દ્રકાન્તિક. ૨. અટ્ટહાસ્ય=ખડખડ હસી પડવું.

"થાય તે તો મનાય નહી. આ વનલીલા આઘે ઉભી હતી—એને તો
"ખબરે નહી હોય–અને એના સામી મ્હારી દૃષ્ટિ પળવાર આકર્ષાઈ—તરત
"મ્હેં પાછી ખેંચી એ વાત ખરી–પણ પળવાર આકર્ષાઈ—એને જોવાનું
"મને મન થયું, મ્હારી દૃષ્ટિ ઠરી એ, અનુભવ ન થયો હત તો, હું કેમ
"માનત? પણ ન માનત તેનું કારણ શું? કારણ? કારણ એ જ કે આકાશના
"ગ્રહોમાં ચિત્ત લગાડી ઉંચું જોઈ ચાલનાર નીચેનો ખાડો ન જોતાં તેમાં
"પડે તે. ઉંચી જતી કલ્પના નીચું જોતી નથી–સમુદ્ર ઓળંગનારની દૃષ્ટિ
"ફલંગવચ્ચે આવી જતા દરેક મોજાને જોતી નથી–દેશના, વિશ્વના, અને
"વિશ્વકર્ત્તાના વિચાર કરનાર ક્ષુધા અને મદનની હયાતી ભુલી જાય છે. પણ
"ક્ષુધા અને મદન કાન પકડી તેને ઠેકાણે આણે છે. પુસ્તક છોડી ખાવા ઉઠવું
"પડે છે–જ્હોન્ મિલ અને વર્ડ્ઝવર્થ્ જેવાને પણ પરણવું પડ્યું હતું. તે
"પરણ્યા હતા તે શું મનની મિત્રતા સારું? બ્હારથી તે લોકો એના ઉત્તરમાં
"હા ક્હે છે–પણ એ ઠગાઈ છે–એ બાબતનું ભાન મને આજ થયું. મનની
"મિત્રતા બસ હોય તો તે શોધનારા પરણે છે શું કરવા–વાતચીતના સંબં-
"ધથી સંતોષ કેમ નથી પામતા? પુરુષને પુરુષ મુકી સ્ત્રીની મિત્રતા શું
"કરવા કરવી પડે? પ્રીતિ એટલે મનની મિત્રતા–લગ્ન એટલે માનસિક જીવ-
"નનો સંયોગઃ એ વ્યાખ્યા અધુરી છે. અરેરે, આ જ્ઞાન મને આજ મળ્યું!
"અલકકિશોરી, તું મ્હારી ગુરુ થઈ–ચાર માસ પ્હેલાં એટલી ખબર હત
"તો–કુમુદસુંદરી–હું ત્હારી આ દશા ન થવા દત. પણ થયુ તે થયું. હવે જે
"થાય છે તેનો કાંઈ ઉપાય? મ્હારે પરણવું એ તો નહી જ બને–પણ આવી
"ભુલ ન થાય–આવી પરાધીનતા ફરી ન થાય–એનો કાંઈ ઉપાય? ઉપાય
"એ જ કે વિષયવિષયીનો પ્રસંગ જ ન થવા દેવો. સ્ત્રીને સાત ગાઉથી
"નમસ્કાર કરવા. બુદ્ધિધનનું ઘર છોડવું–છોડવું એ જ સિદ્ધ. એથી કુમુદ-
"સુંદરી પણ સુખી થશે. મને નહી દેખે એટલે મને વિસરી જશે, પણ
"મ્હારે અંહીથી ક્યાં જવું?"

"અરેરે! શું આપણી ઇચ્છાપ્રમાણે ઇન્દ્રિયો ન ચાલે?"

1 "Who can say 'Thus far, no farther' to the tide of his own nature?
"Who can mould the spirit's fashion to the counsel of his will?
"Square his being by enactment—shape his soul to legislature—
"Be himself his law of living: his own art of good and ill?"

1. F. Brunton Stephens.

"આહા! ક્રૂર કવિ! શું ત્હારા વચનમાં જેટલી ક્રૂરતા છે તેટલું જ
"સત્ય છે? અરે ક્રૂર કવિ! શું, શક્તિ કરતાં વૃત્તિ વધારે બળવાન છે એ
"ક્રૂર વચન ખરું પણ છે? શું આ કવિની પેઠે ઇન્દ્રિયો પણ પુરુષની
"પુરુષતાપર–માનવીની છાતીપર–માનવીના મસ્તિકપર–પગ મુકી
"લાતોનો પ્રહાર કરી તિરસ્કારભરેલું હાસ્ય કરી વિજયતાંડવનો નાચ
"કરી મુકે છે? શું જ્ઞાન કરતાં મોહ બળવાન છે? શું શરીરપર પણ
"બુદ્ધિનું ન ચાલે? અરેરે!" ચાલતાં ચાલતાં **નવીનચંદ્રે** ઉંડો નિઃશ્વાસ મુક્યો. તેની આંખમાંથી આંસુની ધારા ચાલી રહી અને સૂર્યના તાપથી તે સુકાઈ જતાં માત્ર તેના ડાઘ રહ્યા.

વિચારમાં ને વિચારમાં જુગ વીતી ગયો લાગવા છતાં અર્ધો રસ્તો પણ કપાયો ન હતો. એવામાં રસ્તાના બે ફાંટા આવ્યા. જેણી પાસથી પોતે આવ્યો તે રસ્તે ચાલવા માંડ્યું. પાછળ ચાલનાર **રામસેને** તેને અટકાવ્યો.

"ભાઈ, આ બીજે રસ્તે ચાલો–આ ગલીમાં થઈને."

વિચારમાળાનો મણીકો પડી ગયો અને **નવીનચંદ્રે** પુછ્યુંઃ "કેમ,
"**રામસેન**, આપણે આવ્યા હતા તો આ રસ્તે?"

"ભાઈ, પણ આ રસ્તો ટુંકો છે."

"એમ, ચાલો ત્યારે."

વિચારમાળા પાછી હાથમાં લીધી.

"લગ્નનો સંબંધ શરીરવાસ્તે જ હોય ત્યારે તો **પ્રમાદધનથી** કુમુદ-
"સુંદરીને સંપૂર્ણ સંતોષ મળવો જોઈએ, **સરસ્વતીચંદ્રનું** ભૂત એના
"મગજમાં ન હોવું જોઈએ. લગ્ન અને શરીરસંબંધ એક હોય તો જ્યાંસુધી
"કુમુદસુંદરીના મગજમાંથી આ ભૂત ખસ્યું નથી ત્યાંસુધી એના પતિ-
"વ્રતમાં ખામી છે–"

વિચાર આટલે સુધી જ આવ્યો એટલામાં અટક્યો–ગલીમાં પેંસતાં જ એક ન્હાનું પણ સુંદર ઘર આવ્યું. તેની મેડીની બારીયો ઉઘાડી હતી તેમાંથી હાંડી તકતા દેખાતાં હતાં. નીચે ઓટલા ઉપર ફુલ તથા રોપાનાં કુંડાં મુક્યાં હતાં. બારણું ઉઘાડું હતું અને તેની જાળી વાસેલી હતી. તે જાળી ઉપર નાજુક હાથ મુકી પંદરસોળ વર્ષની રંગે ગોરી અને રૂપે દેખાવડી ગણિકા **પદ્મા** ઉભી હતી. **નવીનચંદ્રને** જોઈ તેણે જાળી ઉઘાડી, પણ વિચારની ધુનમાં ચાલતા **નવીનચંદ્રે** તેના ભણી નજર ન કરી, અને એ પણ એને જોઈ ખશીયાણી પડી ગઈ અને પાછી જાળી અડકાવી.

"ભાઈ, જરા ઉભા રહો કે ચાલતા થાઓ, હું આવું છું" કહી

રામસેન પદ્માના કાનમાં કાંઈક વાત કરી આવ્યો અને નવીનચંદ્ર સાથે ચાલવા લાગ્યો.

"ભાઈ, આને જોઈ?"

અચિન્ત્યો પાછો ફરી નવીનચંદ્ર બોલ્યો: "શું!"

"કાંઈ નહી, આ તો પદ્મા અંહીયાં ર્‌હે છે."

"પદ્મા કોણ છે?"

"આપ નથી ઓળખતા? પ્રમાદભાઈ સાથે આપ બેસો છો એટલે "મ્હારા મનમાં આપ એને ઓળખતા હશો એમ હતું."

"એ છે કોણ?"

"એ પદ્મા નામની ગણિકા છે. તમે જોઈકની? કેવી રુપાળી છે? "ચાલો જોવી હોય તો, પાનસોપારી ખાઈ ઉઠજો."

આશ્ચર્યમાં ડુબી વિચારમાં લીન થઈ નવીનચંદ્ર બોલ્યો: "ના, બાપુ, "આપણે ત્યાં શું કામ છે? મને લાગે છે કે આ રસ્તે એટલા સારું આવ્યા "હશો."

"હા, એમ જ. મ્હારે એને કાંઈ ક્‌હેવું હતું."

"તમારે એને શું ક્‌હેવાનું હોય?"

"કાંઈક સ્હેજ હતું."

"ના, ના, ત્હોયે શું? કહો તો ખરા."

"કોઈને ક્‌હો નહીં તો કહું. વાત ઉઘાડી પડે તો મ્હારો રોટલો જાય."

"રોટલો નહી જાય; મ્હારે કોઈને શું કરવા ક્‌હેવું પડે? બોલો."

"પ્રમાદભાઈ કોઈ કોઈ વખત દોસ્તદારો સાથે આ ઠેકાણે આવે છે."

"પ્રમાદભાઈ! શું એ અંહીયાં આવે છે!"

"હા, ભાઈ સાહેબ, જોજો કોઈને ક્‌હેશો નહી, હોં. બપોરે જતા "આવતા પણ આંટો મારે. ભલા, ઘડીક ગમત છે."

"શું એમને કુમુદસુંદરીપર ભાવ નથી?"

"ના જી, ભાવ તો પુષ્કળ છે. એમનું નામ દેતાં તો એ ગાંડા ગાંડા "થઈ જાય છે. પણ આ તો ભલા, ઘર તો રોજ હોય છે. રોજને રોજ એક "ચીજ દેખે તો શ્રીમંતાઈ શા કામની?"

"ત્યારે આ શિવાય બીજાં ઠેકાણાં છે કે?"

" ના જી. ચાલોને આપ. એમની દોસ્તી છે એટલે પાનસોપારી
" ખાઈશું."

" બુદ્ધિધનભાઈ આ વાત જાણતા હશે ?"

" ના, જી, ના. એ જાણે તો તો પ્રમાદભાઈને અને અમારે મોત જ
" આવે તો. બુદ્ધિધનભાઈને કોઈ સ્ત્રી ઉપર આડી નજર જ ન મળે."

" ખાત્રીથી કહો છો ?"

" હાજી. એમાં તો વાંધો નહી ને ભાઈસાહેબ અને બાઈસાહેબ તો
" પેટે અવતાર લઈએ એવાં છે."

" ત્યારે પ્રમાદભાઈને આ રસ્તો ક્યાંથી સુઝયો ?"

" એ તો, ભાઈ, ન્હાનપણમાંથી અમારા જ ઉછેરેલાકની ? એટલી
" અમે ચાકરી કરી, અને એ ઘડી અંહીયાં વીસામો લે છે તો અમારા ઉપર
" આજ ચારે હાથ રાખે છે. એમના ભાઈબંધો પણ એ બ્હાને ચમન કરે છે
" અને અમારે બે પઈસાની પ્રાપ્તિ થાય છે."

" કુમુદસુંદરીને આની ખબર ખરી ?"

"ભાઈસાહેબ, પ્હેલાં તો ન્હોતી. પણ બે ચાર દિવસ ઉપર ભાભીસાહેબ
" રાજેશ્વરમાં ગયાં હતાં ત્યારે પેલો બેવકુફ મૂર્ખદત્ત કાંઈક લવી ગયો."

" મૂર્ખદત્તને શાથી ખબર ?"

" પન્નાને લેઈ કોઈ વખત રાત્રે રાજેશ્વરમાં સ્હેલ કરવા જાય એટલે
" મૂર્ખદત્ત જાણે. ચારેક દિવસપર ત્યાં ભાભીસાહેબ ગયાં હશે ત્યારે વાડામાં
" પન્નાનો કમખો પડેલો હાથ લાગતાં મૂર્ખદત્તને એમણે પુછ્યું ને ગભરામણે
" એ બકી ગયો કે ભાઈ કાલે આવ્યા હતા તે પેલીનો રહી ગયો હશે."

" પછી એમણે કંકાસ ન કર્યો ?"

" એ જ જાણવા જેવું છે તો. બીજી બાયડી હોય તો માલમ પડે.
" ભાભીસાહેબ કમખો ઘેર લેઈ ગયાં અને બોલ્યાચાલ્યા વિના પ્રમાદભાઈના
" હાથમાં મુક્યો અને કહ્યું કે આ કમખો કોઈનો આપણા મહાદેવમાં પડ્યો
" હતો તે જેનો હોય તેને આપજો. પ્રમાદભાઈ ગભરાયા અને બોલ્યા કે
" કોનો છે તે મને ખબર નથી. ભાભીસાહેબ કહે—આપ કારભારી છો—કોનો
" છે તે તપાસ કરજો—નીકર આપ એ કમખાના મુખત્યાર છો."

" પછી ?"

"પછી તો રાજખટપટને લીધે ભાઈનાથી અંહી અવાયું નથી."

"ઠીક"–કહી નવીનચંદ્રે નિઃશ્વાસ મુક્યો અને ગલી વટાવી સરીયામ રસ્તાપર આવ્યા.

"ભાઈ આ વાત કોઈને ક્‌હેશો નહી હોં–"પસ્તાતો રામસેન બોલ્યો.

"ત્યારે મને કહી શું કરવા અને આ ગલીમાં આવ્યા શું કરવા ?"

"ગલીમાં આવ્યા તે તો વધામણી ખાવાને કે હવે પદ્માબાઈનો "દરબારમાં પગ થશે, અને આપને કહ્યું તે તો આપ જાણતા જ હશો "જાણી ભુલ ખાધી."

"તમે ભુલ કરી તેમાં મ્હારે શું ?"

"ભાઈ–આપ દાના માણસ છો–કાંઈ નાદાન છો ? મ્હારા જેવા "ગરીબપર દયા રાખવી જોઈએ. બીજું શું ?"

"બહુ સારું. ફીકર ન રાખશો. તમારી વાત ઉઘાડી નહી પડે. "તમારું નામ તો નહી જ આવે."

વાતચીત બંધ પડી. વિચારમાળા ફરી આરંભાઈ.

"અંહંહંહં–કુમુદસુંદરી–વિશુદ્ધ પવિત્ર કુમુદસુંદરી–હવે તો જુલમની "હદ વળી. સરસ્વતીચંદ્ર ! આ સઉ પાપ ત્હારે માથે. અવિચારી "સાહસિક ! જુલમ કર્યો છે."

"મ્હોટાંનાં સંતાન કેવાં ભાગ્યહીન ! આવો શુદ્ધ બુદ્ધિધન–આવી "પવિત્ર સૌભાગ્યદેવી ! તમારી મ્હોટાઈનું પ્રથમ ફળ એ કે ચાકરોને "હાથે તમારા પ્રિય પુત્રને કેળવણી મળી. ચાકરને હાથે ઉછરેલું બાળક "આમ બગડે. શેઠ તે કેટલું લક્ષમાં રાખે ? પ્રમાદધન સ્વાભાવિક રીતે "દુષ્ટ નથી પણ–આ ચાકરોએ–દોસ્તોએ બગાડ્યો છે. મ્હોટાંનો ઘરસંસાર "અસ્વાભાવિક જ હોય છે. મ્હોટાં માણસ ઘરની સંભાળ રાખી શકતાં "નથી. રાજ્યતંત્ર ચલાવનારનું ઘરતંત્ર અંધારે ચાલે છે !"

"પવિત્રતાનો પ્રતાપ જોયો ? આવો ભ્રષ્ટ ચાકર, તે પણ એ "અમાત્ય–દંપતીને પેટે અવતાર લેવામાં ભાગ્ય માને છે !"

"પણ મ્હારામાં અને પ્રમાદધનમાં શો ફેર ? વિદ્યા અને અવિદ્યામાં "શો ફેર ? એ આચારમાં દૂષિત થયો છે–હું વિચારમાં દૂષિત થયો. "પણ મ્હારો દોષ જન્મતા મુવો–એના દોષનો પ્રવાહ હજી અવિચ્છિન્ન "છે અને કદાચિત્ વધશે.–વિદ્યા અને અવિદ્યામાં આ એક ફેર નહી ?"

"પણ મ્હારામાં એટલો યે દોષ આવ્યો શાથી ? આવા સ્થાનમાં "આવ્યાથી. સંગતિ સરખાંની–અને બને તો ઉંચાની જોઈએ. ઉચ્ચ

"ગતિથી નીચને લાભ છે તેમ જ નીચ સંગતિથી ઉચ્ચને હાનિ છે.
"અલકકિશોરીની સંગતિનું ફળ અનુભવ્યું. આ ચાકર એક રસ્તામાં સાથે
"રહ્યો તો ગણિકાના ઘર આગળ આવ્યો. કુમુદસુંદરીનો એક ભૂતસંબંધ–
"તેણે સારંગીદ્વારા મને ઘોર પાતકમાંથી–દુષ્ટ પરિણામમાંથી–ઉગાર્યો."

"ત્યારે હવે બુદ્ધિધનનું ઘર છોડવું, પણ—" બુદ્ધિધનનું ઘર આવ્યું; ટપાલના સીપાઈએ એક કાગળ આપ્યો, તે ફોડતો ફોડતો નવીનચંદ્ર અમાત્યગૃહના બારણામાં પેઠો.

---

## પ્રકરણ ૧૪.

### સૌભાગ્યનો સંપૂર્ણચંદ્ર.

બુદ્ધિધન દરબારમાં ગયો એટલે તેના દ્વારમાં એક બે વિશ્વાસુ સીપાઈઓ સજજ થઈ બેઠા. સૌભાગ્યદેવી ફરી ન્હાઈ અને ભસ્મ ચોળી દેવમંદિરમાં રૂપાની દીવીયોમાં ઘીના દીવા અને ધુપીયામાં ધુપ સળગાવી દેવની આગળ માતુઃશ્રીએ શીખવેલાં સ્તોત્ર ગાતી ગંભીર વદન કરી બેઠી. ચૈત્રના પ્રાતઃકાળમાં રમણીય લાગતી પવનની લ્હેર ખાતા ખાતા વૃદ્ધ દયાશંકર ચોકમાં પડ્યા; અને પાસે બેસી અલકકિશોરી અને કુમુદસુંદરી, દરબાર, રાણો, શઠરાય, બુદ્ધિધનના ન્હાનપણનો ઇતિહાસ, માતુઃશ્રીની વાતો, કારભારી કુટુંબની દંતકથાઓ, અને એવી કંઈ કંઈ બાબતો પુછવા લાગી અને સંજયની પેઠે દયાશંકર તેમની જિજ્ઞાસા રસ અને આનંદ સાથે પુરવા લાગ્યા. વાર્તા કરતાં કરતાં દયાશંકરને બુદ્ધિધનના મંદવાડના દિવસ સાંભરી આવ્યા, એની તીવ્ર પ્રતિજ્ઞા સાંભરી આવી; અને અનાથ વિધવા માતુઃશ્રી, બાળક સૌભાગ્યદેવી, અને ચિંતાગ્રસ્ત બુદ્ધિધન એ ત્રણના દુઃખના દિવસનું યથાસ્થિત વર્ણન વૃદ્ધ પુરાણી સ્મરણશક્તિને જુવાન કરી કરવા લાગ્યા. જુવાન બાળસ્ત્રીયો દયામણે મ્હોંયે તે સાંભળવા લાગી, અને વચ્ચે વચ્ચે કહેવા લાગી, "અરેરે, આવા દિવસ તો દુશ્મનને યે ન આવશો." સ્તોત્ર ભણતાં ભણતાં પોતે જોયેલા વખતનો ઇતિહાસ સાંભળી સંભારી સૌભાગ્યદેવી એકલી બેઠી બેઠી ડુસકાં ભરવા લાગી, માતુઃશ્રીની મમતા વધારે વધારે લક્ષમાં આણી ચોધાર આંસુ પાડવા લાગી, અને આખરે સ્તોત્રપાઠ પડતો મુકી આંસુ લ્હોઈ દયાશંકરકાકા પાસે ગઈ અને બધામાં બેસી વૃદ્ધ પુરુષની સ્મરણશક્તિને આશ્રય આપવા લાગી.

" દયાશંકરકાકા, આ વખતે માતુઃશ્રી જોઈએ, હોં. હાય હાય, એમના
" જેવું તો કોઈ થનારું નથી. મને તો એમનું હેત સાંભરી આવે છે કની
" ત્યારે એકલી બેઠી બેઠી હૈયાફાટ રોઉં છું. દુઃખ જ દીઠું–સુખના
" દિવસ જોવા વારો તો એમને આવ્યો જ નહી. એમણે તો અમને
" ઉછેરવાને જ દેહ ધારી હતી." ભૂપસિંહના દરબારમાં ભવ્ય ખટપટ મચી રહી હતી અને તેના અમાત્યની ફેરવેલી કુંચીવાળાં વાજાં એકદમ અણધાર્યાં ગાજી ઉઠતાં હતાં તે સમયે આ ઘરમાં આવો ચિત્તવેધક પણ શાંત રમણીય પ્રસંગ ચાલતો હતો.

અલકકિશોરી જમાલવાળા બનાવ પછી નિષ્કારણ અટકચાળાં કરવાં ભુલી ગઈ હતી. નવીનચંદ્રવાળા પ્રસંગ પછી ડાહી બની હતી. ભાભીની ચતુરાઈ અને સુશીલતાએ ઓગાળવા માંડેલું ગુમાન માતાપિતાના દુઃખના દિવસની કથાને પ્રતાપે આજ ચારે પાસથી ગળવા માંડ્યું. દીન અને શાંત થયલા સ્વભાવનો વેલો કુમુદસુંદરી જેવી માળણની ગોઠવણથી વિદુરપ્રસાદની આસપાસ વધારે વધારે અનુકૂળ બની ફરી વળતો હતો.

" બ્હેન, હું તો તમારો ભાઈ થાઉં, હોં !" એ શબ્દ પુરેપુરા કાનપર પડવાથી વનલીલાએ નવીનચંદ્રની શુદ્ધતાની ખાતરી કરી આપી હતી એટલે કુમુદસુંદરીના હૃદયમાંથી એક મહાકંટક નીકળી ગયો હતો. બેભાનપણામાં બકી જવાયલાં પદ જાગૃત અવસ્થામાં વનલીલાની શુદ્ધ સ્મરણશક્તિને બળે કુમુદસુંદરીએ સાંભળ્યાં અને નવીનચંદ્રના અંતઃકરણમાં એથી કેટલું દુઃખ થયું હશે તેનો વિચાર કરી એ પોતાને નિર્દય માનવા લાગી. પરપુરુષ થયલાની બાબતમાં આટલો મોહ થાય એ તો પતિવ્રતાધર્મથી કેવળ વિરુદ્ધ અને પોતાના મનમાં આટલી નિર્બળતા હોવા છતાં નણંદને ઠપકો દેવો એ કેવળ મૂર્ખતા–એમ વિચારી નવીનચંદ્રને જોઈ થતા વિકારો એકદમ ડાબી નાંખવા ઠરાવ કર્યો અને તરત જ તે ઠરાવ પ્રમાણે વર્તવા સમર્થ થઈ. પદ્માગણિકાના કમબાથી પડેલી ખબર ઉપરથી મનમાં એમ લાગ્યું કે 'મનોમન સાક્ષી છે' એ નિયમ પ્રમાણે જ બનાવો બને છે અને સરસ્વતીચંદ્ર મ્હારા મનમાં પણ ન હત તો આવા સુશીલ પતિને પદ્માનો જોગ ન હત. આમ વિચારી મનના સ્વામીને મનમાંથી દેશનિકાલ કરવા તત્પર થઈ. આ કઠિણ કાર્ય સાધવા સમર્થ થવા પ્રમાદધનના સારા ગુણોનું ચિન્તન કરવા લાગી અને તેના ઉપર અંતઃકરણ ચ્હોટાડવા ભારત પ્રયાસ કરવા માંડ્યો. દયાશંકરની વાતોથી કારભારી કુટુંબઉપર તેની અનુકંપા વધી અને તે કુટુંબના એક બાળકને પોતે વરી છે એ વિચારથી શ્વશુરકુટુંબનું અને પતિનું

અભિમાન પ્રથમ જ ઉત્પન્ન થયું. પોતાનું મન શુદ્ધ થશે તો પતિને પણ શુદ્ધ કરી શકાશે એમાં વાંધો ન લાગવાથી આજ સુધી દીન મનવાળી રહેનારી ઉત્સાહી બની.

પળ બેપળમાં મધ્યાહ્ન જેવા નિર્મેલી આંખોમાં આમ ચારે પાસથી તેજનો અમ્બાર પ્રવેશ કરતો હતો અને પોપચાને પણ ભેદી અંદર જવા મથતો હતો, ભાગ્યનો વર્ષાદ ઇશ્વરને ઘેરથી નીકળી ચુક્યો હતો, ઘરબ્હાર ઉભેલા બુદ્ધિધનપર તેના ફોરા પડવા માંડ્યાં હતાં. અને ઘરમાં રહેલા તેના કુટુંબને તેની ખબર ન હતી તોપણ પડનાર વર્ષાદની મધુર શીતળતા તેમને પણ આમ લાગવા માંડી હતી. **समयेन सर्वमुपकारि कृतम्** તે ન્યાયે સંપૂર્ણ થતા ભાગ્યોદયને સર્વ વાત અનુકૂળ થઈ ગઈ. અલકકિશોરીનું ચિત્ત પવિત્ર થયું, તેના અભિમાનને ઠેકાણે નમ્રતા આવી, ઉન્મત્તપણાને ઠેકાણે શાણપણ આવ્યું, અને પતિપર ઉદાસીનપણાને ઠેકાણે આદર થયો. કુમુદસુંદરી પાણિગ્રહણ કરનાર ભાવ સ્ફોટાડવામાં સફળ થઈ. આ સર્વ શું ભાગ્યોદય નહી? કારભાર મળે તેના કરતાં આની મહત્તા શું ઓછી? બુદ્ધિધન અને સૌભાગ્યદેવી:–એ દંપતીને જે સુખની પળ–ભાગ્યની પળ–આવવાની તેનાં સાધનોમાં આ બનાવોનો પણ ભાગ હતો. દેખીતા શત્રુસાથે પુત્રીના દુર્ગુણ અને વહુનો અસંતોષ એ બે ગુપ્ત કુળશત્રુ પણ પળવાર નાશ પામ્યા અને અમાત્યના વિજયના ઉપકારક બન્યા.

વાતોમાં દશેક વાગ્યા અને સૂર્યના કિરણનું સૈન્ય વધારે ચળકતું–વધારે ગરમ થતું–ચોકમાં ધસવા લાગ્યું તેમ તેમ સઉને ઉકળાટ લાગવા માંડ્યો. અને જયવંતનો તાપ ન સહેવાતાં સઉ તેને માર્ગ આપવા લાગ્યાં. દયાશંકર થાકી ઉઠ્યા અને દીવાનખાનામાં એક આરામખુરશીપર નિદ્રામાં પડ્યા. સૌભાગ્યદેવી એક હીંચકાપર બેસી પતિની ચિંતામાં પડી. કુમુદસુંદરી મેડીપર ચ્હડી. રસોઈઆને અને ચાકરોને આરંભ કરવાનો હુકમ કરી નણંદ પણ ભોજાઈ પાસે ગઈ.

“ ભાભી, આજ દરબારમાં શું થશે ?”

“ સઉ સારાં જ વાનાં થશે–આપણી ચિંતાની કાંઈ ત્યાં અસર “ નહી થાય. દસ વાગી ગયા હોં !”

“ હાસ્તો, હવે કોઈક આવશે. **નવીનચંદ્ર** આવે—” **નવીનચંદ્રનું** નામ લેતાં કુમુદસુંદરીના ગાલપર શેરડા પડ્યા.

“ ભાભી, **નવીનચંદ્ર** તો કાંઈ આડું અવળું થયું હશે તો જ આવશે.

“ એમ છે કે ? ત્યારે તો કાંઈ સારા વર્ત્તમાન હશે.”

"નવીનચંદ્ર માણસ સારું છે હોં!" વર્ત્તમાનકાળ જ જોઈ શકનારી કિશોરીના લક્ષમાંથી ભૂતકાળ ખસી ગયો હતો, અને અતિથિ સારો છે એટલું જ તેણે યાદ રાખ્યું જણાયું. બાળકહૃદયવાળી ઉઘાડા અંતઃકરણવાળી હતી, ભોળી હતી, અને જે બાબત સારું આપઘાત કરવા તૈયાર થઈ હતી તે વાત સ્હેજમાં ભુલી ગઈ હતી. નવીનચંદ્રની વાતો કરતાં તેને રજ પણ વિકાર થતો ન હતો.

કુમુદસુંદરીએ ઉત્તર ન વાળ્યો.

"ભાભી, આટલા દિવસ થયા પણ એ અંહીયાં કેમ આવ્યા છે ને "ઘેરથી કેમ નીકળ્યા છે તેનો કંઈ પત્તો જ લાગતો નથી, એ શું હશે?"

"દેવીને પુછો. તેમની સાથે આપણને લીલાપુર મોકલવાનો વિચાર "કર્યો તેને એ બાબતની ખબર નહી હોય?" વિચારમાં પડી કુમુદસુંદરી બોલી, અને કાંઈ બીજી વાત નીકળે એવું ઇચ્છવા લાગી. સામી પ્રમાદધનની છબી હતી તે જોઈ પાછી શાંત બની. બીજી વાત કહાડી. "બ્હેન, "મને લાગે છે કે સારા સમાચાર જ હશે અને તમારા ભાઈ જ ક્‌હેવા "આવશે. પછી તો કોણ જાણે કાંઈ બીજાું કામ હોય ને રોકાઈ જાય તો."

"જો, વરઘેલાં ખરાં! કશું હોય તો મ્હારા ભાઈની વાત."

"હવે તમે મને ક્‌હો એવું નથી."

"પણ મ્હારે છેક તમારા જેવું નહી."

"બહુ સારું. પણ માણસ વરઘેલું હોય તેમાં કાંઈ ખોટું ખરું?"

"હાસ્તો. આખો દ્હાડો વર વર ને વર. એનું એ. રાંડ ત્હારો રોટલો "ને ઘડતાં ભાંગ્યો. એ શું?"

"ક્‌હો ત્યારે–બાયડીને ભાયડા કરતાં કંઈ વધારે છે?"

"હા, એ વાત ખરી. વધારે કશું નથી. પણ આખો દ્હાડો એની "એ વાત?"

"પણ પ્હેલાં તો તમે એટલું યે ક્યાં કબુલ કરતાં હતાં જે? "નણદોઈની વાત નીકળતાં જ બડફાં નાંખતાં હતાં."

"હા, બ્હેન, હા. એ તો ભુલ્યાં. પણ હવે એમ કરું છું?"

"ના, ત્યારે હું કાંઈ કહું છું કે તમે એમ કરો છો? ક્‌હો, આ "દયાશંકરકાકાની વાતો સાંભળી?"

"હા. એ સાંભળતાં તો રુવાં ઉભાં થાય છે. પિતાજી અને દેવીને "યે કેટલાં દુઃખ પડ્યાં છે?"

"રાંડ અલકનંદાએ માતુઃશ્રીને જોઈ મ્હોં મરડ્યું અને પુચ્છા
"દુષ્ટરાયે સંદેશો ક્‌હાવ્યો તે બધું સાંભળ્યું ?"

"સાંભળ્યું. આજ જ જાણશે તો કે આમ કરીયે તો આમ થાય!"

"દેવીની એટલી બાબત ઉપરથી આજ સુધી કેટલાં બધાં વરસ
"સુધી પિતાજીએ એ વાત મનમાં રાખી અને કેટલા કાળસુધી ફીકર
"રાખી ત્યારે આજ આ વખત આવ્યો ?"

"ભાભી, એમને તો હદ છે હોં ! ચિંતા તે કેટલી ? પિતાજીનું
"શરીર એની એ ફીકરથી વળતું નથી."

"ક્‌હો, ત્યારે દેવી પિતાજીની બાબત રાતદિવસ વિચાર અને
"વાતો કર્યાં કરે છે તે અણઘટતું છે ?"

"નાસ્તો. અણઘટતું કેમ ક્‌હેવાય ?"

"ત્યારે સ્વામીની બાબત સ્ત્રી કેટલી ચિંતા કરે તો થયું કહેવાય ?"

"થયું કેમ ક્‌હેવાય ? આપણે સારું જેને આટલી ફીકર થાય
"તેને સારું આપણને જે થાય તે ઓછું."

"હા, હવે ખરોખર કહ્યું. ક્‌હો ત્યારે બિદુરપ્રસાદજીની બાબત રાત ને
"દિવસ તમે ચિંતા કરો કે વાતો કર્યાં કરો તો તેમાં શું ખોટું ? વરઘેલાં હોય
"તે તો સારું, હોં. વરઘેલું ન હોય તે ઇશ્વરના ઘરનું અપરાધી."

અલકકિશોરી શરમાઈ ગઈ. "ઈશ્વરના ઘરનું અપરાધી" એ શબ્દ બોલી કુમુદસુંદરી પોતે પણ મનમાં લેવાઈ ગઈ, પ્રમાદધનની છબી સામું જોઈ રહી; નિશ્વાસ મુકી મનમાં સરસ્વતીચંદ્રને છેલા નમસ્કાર કર્યા, હવે તેના વિચાર પોતે છોડી દીધા છે જાણી ઉંડો સંતોષ પામી, અને સામી છબીના સામું સ્નેહભરી ભીની આંખે જોઈ રહી.

"ભાભી, તમે ક્‌હો છો તે ખરું તો ખરું હો. તમે મને પેલી
"ચોપડી આપી છે તેમાંયે લલિતાએ કહ્યું છે કેઃ—

"રુડો ભુંડો ત્‌હો યે પ્રિય પતિ ગણીને મન ઠરું—
"વિચારો આવા છે પણ મન ન માને કશું ખરું—
"અધીરી એવી હું તરત મળવાને મન કરું."

"આ લીંટિયો તો બોલવામાં અદલબદલ થઈ છે. પણ વાત ખરી.
"આવો નઠારો નંદનકુમાર તેને જોઈને લલિતાને ઉમળકો આવ્યો..."

"અને બધાંયે હતાં તે વચ્ચે વરના વિચાર કરવા બેઠી," કુમુદસુંદરી બોલી-ઉઠી અને બોલતાં બોલતાં આવી સ્હેજ ભણેલી કલ્પિત લલિતાનો દાખલો પોતાને પણ લેવા લાયક ગણ્યો.

"હા, બાઈ, હા, ત્યારે અમે યે હવે વરઘેલાં થઈશું. પછી કંઈ? તમે વર-
"ઘેલાં, હું યે વરઘેલી, અને આખો સંસાર વરઘેલો ! વરઘેલાંનું ગામ વસશે."

ગંભીર વાતો કરતાં કરતાં બે જણ કાંઈક હસ્યાં.

બુદ્ધિધનનો ઘરસંસાર આમ શુદ્ધ થતો હતો.. અલકકિશોરી કોઈનું કહ્યું માનતી ન હતી તે ભાભીની આવી આવી વાતોથી સુધરતી હતી, અને વિદુરપ્રસાદનાં ભાગ્ય ભળતાં હતાં. એટલામાં વનલીલા આવી.

નણંદભોજાઈને એકલાં વાતો કરતાં–વિશ્રમ્ભની કથા કરતાં–જોઈ વનલીલા જરીક ખમચી પણ પછી તરત અંદર પેઠી.

"આવ, વનલીલા, કેમ અટકી ?" અલકકિશોરી એના ભણી જોઈ બોલી. "અત્યારે ક્યાંથી ?"

"હું તો ગામગપાટા કહેવા આવી છું. રૂપાળી દુષ્ટરાયને મારી
"નાશી ગઈ અને ખલકનંદા કંઈક સંતાઈ ગઈ છે તે જડતી નથી."

"હેં !" અલકકિશોરી વિસ્મય પામતી ઉઠી અને વનલીલાને ખભે હાથ મુકી ઉભી. કુમુદસુંદરી ઉઠી નહી પણ બેજણ ભણી જિજ્ઞાસાથી જોઈ રહી. જાણ્યામાં આવેલા સમાચાર વનલીલાએ હાંફતાં હાંફતાં કહી બતાવ્યા.

એટલામાં કૃષ્ણકલિકા અને રાધા આવ્યાં અને દરબારમાં જમાલ નીકળ્યો તે સમાચાર લાવ્યાં, સઉ સૌભાગ્યદેવી પાસે ગયાં અને એની એ કથા પુનરુક્તિથી નીરસ ન બની.

આખરે વિદુરપ્રસાદ આવ્યો અને દરબાર થઈ રહ્યો ત્યાં સુધીના સવિસ્તર સમાચાર લાવ્યો. અલકકિશોરીનો આનંદ માયો નહી અને તેનું ચાલત તો તે ગજ ગજ કુદત. કુમુદસુંદરી અમાત્યબુદ્ધિના વર્ણનથી અદ્ભુત રસમાં ડુબી, અમાત્ય કુટુંબમાં પ્રવેશ પામવામાં અભિમાનપ્રદ ગણવા લાગી, અને તેનો જય જોઈ તેના સ્વાર્થમાં આત્મસ્વાર્થવશ બની નિશ્ચિત થઈ. સુખસાગરની સીમા ગંભીરતામાં આવતી હોય તેમ સ્વામીના જયવર્તમાન સાંભળી અને તેના શત્રુઓનો સર્વતઃ નાશ કરવા ઈશ્વરઇચ્છાને પ્રવર્ત્તતી જોઈ સૌભાગ્યદેવી ગંભીર બની અને કદી ન વેઠેલા આનંદઓઘના ભાર નીચે ડબાઈ જતી હોય તેવી દેખાવા લાગી. દયાશંકર આવ્યા અને તેની પાસે વળી સર્વ કથાની પુનરુક્તિ થઈ અને સર્વેયે રસભેર સાંભળી.

સર્વે દીવાનખાનામાં ગયાં. વધારે વધારે સાંભળતાં વિદુરપ્રસાદ વધારે વધારે વીગત ક્‌હેવા લાગ્યો અને ઘડીવાર સર્વનાં મન તેને શરણ રહ્યાં. એમ શરણ ર્‌હેવાનો અનુભવ અલકકિશોરીને પણ પ્રથમ આજ થયો અને વિદુરપ્રસાદની વાત આજ તેણે પ્રથમ અભિનંદી. વાત કરતાં વેળા વીતી. આખરે ટપાલમાં આવેલો કાગળ વાંચીને ખીસામાં મુકતો મુકતો નવીનચંદ્ર દ્વારપર દાખલ થયો, અને ચાલતી વાર્ત્તામાં ઉમેરાની આશા રાખતું સર્વ મંડળ એના ભણી આકર્ષાયું. કુમુદસુંદરીનું મન એના ખીસામાં જરીક દેખાતી ટપાલની ટીકીટવાળા કાગળમાં ભમવા લાગ્યું. આજ સુધી કોઈની સાથે નવીનચંદ્રનો પત્રવ્યવહાર તેને જણાયો ન હતો, પત્રવ્યવહાર ઉપરથી તેની બાબત વધારે જણાશે એવો સુંદરીના મનમાં તર્ક હતો, પત્ર ઉપરના અક્ષર–આદિ જાણવા તેની જિજ્ઞાસા હતી, અને આજ એ જિજ્ઞાસા પુરી પડવાનો સંભવ તો નહી–પણ શક્યતા લાગી એટલે પોતાના બળથી પતિવ્રતા બનનારી પાછી ડગમગવા લાગી. બળવાન બાળકી તરત સાવધ બની અને પાછું મન વશ કરી લીધું.

જવાના વિચારમાં પડેલા નવીનચંદ્રે ચાલતી વાતોમાં ભળતાં પ્હેલાં–ભળતાં ભળતાં–કુમુદસુંદરીને પોતાના મનથી છેલ્લીવ્હેલી જોઈ લીધી. એકવાર જોઈ–બીજીવાર જોઈ ત્રીજીવાર જોઈ–જોવાનો પાર જ ન આવ્યો. “કુમુદસુંદરી! હવે આ છેલ્લો મેળાપ!” વિચારમાં ને વિચારમાં તેની વાર્ત્તા અવિચ્છિન્ન ચાલી નહી, પણ તેપર કોઈનું લક્ષ ખેંચાયું નહી. દૃષ્ટિ આગળથી પણ જુદાં પાડવાનો પ્રસંગ વિચારી તે ગળગળો થવા લાગ્યો. પદ્માના અભિલાષીના કબજામાં પડેલીને જોઈ તેનો અંતઃપશ્ચાત્તાપ વધ્યો. એની આંખોનું નવીન નૃત્ય, એના વદનમાં દેખાઈ આવતી મનની દીનતા, અને ટપાલનો કાગળઃ ત્રણને સાંધી કુમુદસુંદરી ચિંતાગ્રસ્ત થવા લાગી; “શું હશે?” તેનો તર્ક કરવા લાગી, તેના દૃષ્ટિપાતને પ્રત્યુત્તર ન વાળવામાં આજ સુધી જયવંત નીવડેલો નિશ્ચય હાથમાં ન ર્‌હેતો લાગ્યો, પણ મનનું સમાધાન કરવા રસ્તો ન સુઝ્યો.

અલકકિશોરીને સાધનભૂત કરવામાં ન ફાવેલી કૃષ્ણકલિકા નવીનચંદ્ર સામું જોઈ રહી, તેની દૃષ્ટિની સાથે સંધાતી કુમુદસુંદરીની દૃષ્ટિને શોધી ક્‌હાડી, અને ઈર્ષ્યાગ્નિથી બળવા લાગી. દુષ્ટ અસંભવ કલ્પી–કુમુદસુંદરીને નવીનચંદ્રથી મળતું સૌભાગ્ય કલ્પી–એ સૌભાગ્યનો અંત આણવા ઠરાવ કર્યા. સમયસૂચકતાથી, દેખાતા દૃષ્ટિસંગમ લાગી અલકકિશોરીનું ધ્યાન ખેંચ્યું.

"રાંડ, ખાલ ખેચી નાંખીશ–જો એવું એવું બોલી તો" કહી ભભાવતે કૃષ્ણકલિકાને ધક્કો માર્યો અને અલકકિશોરી વાતોમાં લીન થઈ.

એટલામાં બારણે શોરબકોર થયો. સઉ બારી ભણી દોડ્યાં અને જુવે છે તો ખલકનંદા બાવરી બનેલી રસ્તામાં દોડે છે અને લોકો કાંકરાં નાંખતા ગાળો દેતા તેની પાછળ પડેલા દીઠા. શઠરાયનું ઘર જપ્ત થયું તે વખત તે સુતી હતી ત્યાંથી તેને હાંકી ક્હાડી. સ્ત્રીવર્ગને અડકવું નહી એવો અમાત્યનો હુકમ હોવાથી તેને ઘરમાંથી ક્હાડી મુકવા ઉપરાંત કાંઈ થયું નહી. ધણીને ઘેર તેનો સ્વીકાર ન થયો અને એની ખરાબ વર્ત્તણુક જાણનારાઓ પ્રસંગનો લાભ લેઈ તેની પાછળ પડ્યા, શઠરાયની અપકીર્ત્તિના રસીયા લોક ચારેપાસ ભરાયા, તાળીયો પાડવા લાગ્યા, અને 'હો, હો,' કરતા ઉભરાયા. પડતા દુષ્ટ કુટુંબની કોઈને દયા ન આવી. ખલકનંદાને કોઈ પાસનો આશ્રય ન દેખાયો, ભાભીની સાથે ગઈ હત તો ઠીક થાત એમ લાગ્યું, ભયપાશમાં હવે કાંઈ માર્ગ ન સુઝ્યો; અને છાશબાકળા થયેલી, ગાળો અને કાંકરાના વર્ષાદ વચ્ચે આમ તેમ દોડતી ઠોકરો ખાતી પડી જતી ઉઠતી અને રોતી, ફાવ્યું તે રસ્તે જવા લાગી. આમ લોકને દેખે એટલે આમ જાય અને આમ દેખે એટલે આમ જાય. એમ કરતાં કરતાં બુદ્ધિધનનું ઘર આવ્યું. એની આ અવસ્થા જોઈ બારીમાં ઉભેલી કિશોરી બોલી ઉઠી: "દેવી, દેવી, જો રાંડને જમાલે કામમાં ન આવ્યો ને મ્હાવોયે ને આવ્યો. હત, રાંડ, લેતી જા–રાંડ, ડાકણ, શંખણી–." દેવીયે આંખ ક્હાડી અને પુત્રીને વારી નીચે ઉતરી ઓટલા ઉપર આવી. સઉ એની પાછળ આવ્યાં અને બારણું રોકી ઉભાં.

આ સઉને જોઈ ખલકનંદા વધારે ગભરાઈ અને હારી. શીકારી કુતરાઓ પેઠે લોકો ટોળાબંધ તેની પાછળ લાગ્યા હતા તે ચ્હડતી અવસ્થામાં આવેલી પવિત્ર અમાત્યપત્નીને આનંદની પરિસીમાપર આણવા ઉશ્કેરાશે એ વિચાર એકદમ દુષ્ટાના મનમાં આવ્યો. જમાલની બાબત ઉન્મત્ત અલકકિશોરી વેર લીધા વિના ર્‌હેશે નહી અને એ વેર લેવાનો પ્રસંગ આ અચિન્ત્યો પાસે આવ્યો જાણી શઠરાયની દીકરી ઉંડા અંતર્માંથી બળવા લાગી. ભયની જગાડેલી કલ્પનાએ દૂર ગયેલો ભૂતકાળ પાસે ખડો કર્યો અને બુદ્ધિધનની માતુ:શ્રીને કરેલું અપમાન–એ અનાથ વિધવાદ્વારા સૌભાગ્યદેવીને પોતાને પ્હોંચાડેલું અસહ્ય અપમાન–એ અને બીજી કાંઈ કાંઈ જુની ભુલી જવાયલી વાતો મગજમાં એકદમ ઉભરાઈ આવી–અરે, ક્હોઈ ગયેલા શબમાં અસંખ્ય જીવડા તરવરે તેમ તરવર તરવર થવા લાગી. બુદ્ધિધનનું ઘર મુકી બીજે રસ્તે નીકળી પડવા તેણે

યત્ન કર્યો પણ ઈશ્વરે એને નિષ્ફળ કરી. દોડતાં થાકી ગયેલીને પાછળથી આવી પ્હોંચેલાં માણસોમાંથી એક જણે ધક્કો માર્યો અને ઓટલાપાસે સૌભાગ્યદેવીના પગ આગળ દુષ્ટરાયની બ્હેન ઉંધે માથે પડી. પાછળથી એક માણસ "મારો રાંડને" કરતો આવ્યો અને એના વાંસા ઉપર પગ મુક્યો. દુષ્ટરાયની પાસે રહેનાર પોલીસનો એક સીપાઈ ઉભો હતો તેણે પણ આ માણસને વાર્યો નહી. એક પળ વાર વધારે જાત તો ગડદાપાટુનો આરંભ થાત.

ખલકનંદા પડી તેવી જ અલકકિશોરી હાથ ઉંચો કરી બોલી ઉઠી: "મારો રાંડને–એ તો એ જ લાગની." એમ કહી લોકસંઘ આગળ પડેલીનાં પાછલાં કંઈ કંઈ દુષ્કર્મ સંભારવા લાગી અને જીભવડે લોકોને ઉશ્કેરવા લાગી. રામસેન સીપાઈ ઘરમાંથી નીકળી બુદ્ધિધનના ઘરની કારભારણ દીકરીના હુકમનો અમલ કરવા બ્હાર આવ્યો.

કૃષ્ણકલિકા, વનલીલા, અને રાધા પાસે ઉભાં ઉભાં છાનાંમાનાં તાલ જોતાં હતાં.

વૃદ્ધ દયાશંકર પાછળથી જુવાન કિશોરીને વારતા હતા પણ એ તેમનું બોલ્યું સાંભળતી પણ ન હતી. વિદુરપ્રસાદ અને નવીનચંદ્ર લોકને દૂર રાખવામાં રોકાયા, પણ તેમનું બળ બસ ન થયું.

આખરે સૌભાગ્યદેવી ભમર ચ્હડાવી બોલી ઉઠી: "અલક, તું હવે "આઘી જા. આપણેયે એનાં જેવાં થવું?" વળી લોકો સામું જોઈ બોલી: "ચાલો, ચાલો, જાઓ બધા," "તમારું એણે શું બગાડ્યું છે–" "તમે બાઈ "માણસઉપર પગ મુકતાં શરમાતા નથી?"–"રામસેન, ખસેડ આમને."

લોકો જરાક ખસ્યા પણ પુરા છાના ન પડ્યા. ઠેકાણે ઠેકાણેથી ગણગણાટ નીકળવા લાગ્યો. "આ તો અમાત્યનાં ઘરવાળાં"–સૌભાગ્ય- "દેવી આ જ!" "મોઈ રાંડ જવા ઘો એને–દેવી એમ ક્હેછે" "અરે "મારો–એને તે જવા કેમ દેવાય?" "અલકબ્હેન–બરોબર ક્હેછે–એને "તો માર જ ઘટે!" "આ પેલાં અલકકિશોરી!"–"આ દેવીની પાસે "ઉભાં છે તે પ્રમાદભાઈના વહુ, હોં"–એમ જુદાં જુદાં વાક્ય લોક-સંઘમાંથી સંભળાવા લાગ્યાં.

અલકકિશોરી માની સાથે લ્હડવા લાગી: "દેવી, આજ ત્હારું "કહ્યું નહી માનું–તું તો એવીને એવી રહી–તને ખબર છે કે આ "રાંડના ઉપર દયા ન ઘટે. પકડ રાંડને–ચોટલો ઝાલીને–રામસેન!"

માદીકરીના હુકમમાંથી કોનો માનવો તે રામસેનને સમજાયું નહી. એનીસાથે બુદ્ધિધનના બીજા સીપાઈઓ હતા તેનું વલણ અમાત્યપુત્રીનું

વચન માનવાપર હતું. પણ દેવીનું વચન લોપવું એ વાત થઈ શકે એવી ન હતી,

"કુમુદવહુ! આ છોકરી અત્યારે મ્હારું કહ્યું નહી માને; જરા "તમે કાંઈ સમજાવોને એને:" વહુની સમજાવવાની શક્તિ સમજનારી બોલી—મા દીકરીની કળ જાણી ગઈ હતી.

નણંદના ખભા ઉપર પાછળથી હાથ મુકી લોજાઈ ઉભી રહી.

"અલકબ્હેન, જવા ઘોને એને હવે! મરેલાને તે શું મારવાં!"

"તમે યે દેવીના કહ્યામાં હશો!" કાંઈક ધીરો ઉત્તર આપવાનો અવકાશ કિશોરીને મળ્યો.

"હાસ્તો. દેવી કાંઈ ખોટું ક્‌હે છે?"

"પણ સવારે દયાશંકરકાકાની વાતો તમે સાંભળી છે?"

"હા, પણ એમાં તો ખોટું લાગે તો દેવીને લાગે!"

"ના, એને તો ન લાગે. એ તો એવી છે કે એને કોઈ મારી "નાંખે તો તેને જ એ ક્‌હેશે કે જીવ!"

"પણ તમારે શું–તમને શી બાબત ખોટું લાગે છે?"

"કેમ ન લાગે! મને જે કર્યું છે તે તો હું ભુલી જાઉં છું લ્યો! પણ "એને કરેલું કેમ ભુલી જાઉં? એ તો મ્હારી મા હોં–" અલકકિશોરી ક્‌હેતી ક્‌હેતી અટકી કે "તમારી સાસુ પણ મ્હારી તો મા." કુમુદસુંદરી એ સમજી પણ ખોટું ન લગાડ્યું અને બોલી.

"હા, તેની હું ના ક્યાં કહું છું જે? ખોટું તો તમને યે લાગે ને મને "યે લાગે. પણ, બ્હેન, દેવી ક્‌હે છે તે ઠીક ક્‌હે છે–તે પ્રમાણે કરો. એથી "તમારું ધાર્યું થશે. આઘાં આવો. મ્હારું કહ્યું કરો–પછી ખરી વાત "સમજાવીશ." તેલ પડવાથી સમુદ્ર શાંત થાય તેમ ઉન્મત્ત અલકકિશોરી નરમ પડી અને બડબડતી બડબડતી બોલી: "વારું, બ્હેન, વારું. રામસેન, "ત્યારે દેવી ક્‌હે છે તેમ કર. વારું, પણ, ભાભી, ભુલ કરો છો, હાં! આને "રાંડને શી ખબર પડશે કે આમ કરીયે તો આમ થાય?"

ખલકનંદાપર પગ મુકનાર આઘો ખસ્યો. રામસેન અને અમાત્યના બીજા સીપાઈઓ કુલટાની આસપાસ ફરી વળી કોટ રચી ઉભા અને એ ઉઠી ઉભી થઈ.

"ક્‌હે દેવી, હવે આનું શું કરવું છે? મને રજા આપે તો પિતાજીને "પુછી એને ગરદન મરાવું."

" હા, હા, એને તો એ જ ઘટે–લોકો બુમ પાડી ઉઠ્યા–મરાવો
" ગરદન એને."

" અલકકિશોરી, એમ કરો ત્યારે જ ખરાં તમે !" એક જણે આઘેથી બુમ પાડી. બીજા એક જણે આઘેથી એક કાંકરો ફેંક્યો તે બરોબર બલકનંદાની પીઠપર વાગ્યો.

" રામસેન, આ લોકો આમ શું કરતા હશે ? તું વાર એમને–" દયાર્દ્ર મુખ કરી સૌભાગ્યદેવી બોલી.

" બાઈ, તમે અમને પુછો નહી. એ રાંડે જે જે કામ કર્યાં છે તે મ્હોંયે
" કહેવાય એવાં નથી. એને જે કરતાં શરમ નથી આવી તે અમને ક્હેતાં
" શરમ આવે છે."–"અરે બ્હેન, તમારાં સાસુ નથી, નીકર બધું તમને
" કહી આપત." કંઈ કંઈ બુમો આમ પડવા માંડી. ભાઈની વિષયવાસનાની સાધનભૂત થયેલી બ્હેને કંઈ કંઈ ઘર ફોડ્યાં હતાં, કંઈ કંઈ પુરુષોની મરજી ઉપરાંત તેમની બ્હેનો, દીકરીયો, અને સ્ત્રીયોપર લાલચ, કપટ, જુલમ અને અધિકારની જાળ પાથરી હતી, કંઈ કંઈ ભોળી સ્ત્રીયોને ફસાવી હતી, નિર્દોષને દૂષિત કરી હતી, દૂષિત સ્ત્રીયોની માર્ગદર્શક થઈ હતી. પોતાના સ્વામી શીવાય બીજી કાંઈ બાબતની વાત કરવા સૌભાગ્યદેવી અવકાશ શોધતી ન હતી અને આ અપવિત્ર સંસારમાં એ પોતાના કાનને પણ પવિત્ર રાખી શકી હતી. અર્થાત્ બલકનંદાની સત્તા એને બીચારીને ખબર ન હતી. પોતાના ઉપર થયલો જુલમ તો તેના અંતઃકરણે ઘણાક દિવસથી માફ કર્યો હતો.

અધીરી અને ઉકળેલી અલકકિશોરી બોલી: "ક્‌હો ભાભી, દેવી તો
" બોલતી નથી. તમારે શું કરવું છે ?"

" દેવીનું મન તમારાથી સમજાય એમ ક્યાં નથી ?"

" હા, દેવીનું મન તો જાણીયે જ છીયે તો. આ લોકના હાથમાંથી
" આને છોડવીયે, ઘરબાર વિનાની થઈ છે તેને આપણા ઘરમાં રાખીયે, અને
" આપણી સાથે જમાડીયે–તો દેવી રાજી–એને સોનાનો સુરજ ઉગે."

સૌભાગ્યદેવીનું અંતઃકરણ એની પુત્રીએ ખરેખરું ખડું કર્યું. આ શબ્દોથી દેવી પ્રસન્નવદન બની: "કુમુદ, ક્‌હો વારું એમ કરીયે તો
" શું ખોટું થાય ?"

કુમુદસુંદરી અલકકિશોરી ભણી ફરીને બોલી: "બ્હેન, માનું કહ્યું
" કરવું એ દીકરીનું કામ છે."

" ના, એ હું સમજતી નથી. જુવો, તમે યે વળી એના ભણી
" ખરાં !"

"ના ના, આતો હું સ્હેજ વાત કહું છું. દેવી, મને લાગે છે કે એમને
"જુદે ઠેકાણે ચોકીમાં રખાવો ને ત્યાં જ ખાવાનો બંદોબસ્ત કરો.
"પછી પિતાજી આવશે ત્યારે ઘટતી વ્યવસ્થા કરશે."

"હા. હવે બરોબર:" પિતાને માન આપનાર પુત્રીને આ વાત બાધવિનાની લાગી. પતિવ્રતા દેવીને વહુની સલાહ ઘણી ગમી. લોકને સંતોષ વળ્યો. ખલકનંદા નીચું જોઈ રહી હતી તેણે ઉંચું ન જોયું. **અલકકિશોરીયે** હુકમ કર્યો એટલે **રામસેન** અને બીજા બે સીપાઈઓ વચ્ચે રાખી **શઠરાય**ની દીકરીને થોડેક છેટે એક ખાલી ઘર હતું ત્યાં લેઈ ગયા. "હો હો" કરતા લોકો વેરાયા. ખલકનંદાથી જુદાં પડતાં પડતાં **અલકકિશોરી** એના સામું જોઈ બોલી, "રાંડ ખલકી, ત્હારા અને અમારા કારભારમાં આટલો ફેર!
"જા! ત્હારું મ્હોં કાળું!" આટલું બોલી, તે કોઈની દરકાર વિના અભિમાનભરી ઘરમાં સઉથી પ્હેલી પેંઠી. એની પાછળ એની સહીયરો પેંઠી. ખલકનંદાને રસોઈ કરી આપવા અને એનું કામ કરવા, તથા પુરુષવર્ગ વચ્ચે એને એકલાં રહેવું ન પડે તે માટે, પોતાની એક વિશ્વાસુ દાસીને એની પાસે મોકલવા કોમળ સ્વરે વહુને સૂચના કરી, તેનો અમલ થઈ ર્‌હેતાં, **સૌભાગ્યદેવી** આંસુભરી આંખે સઉની પાછળ બારણાં ભણી વળી અને વળતાં વળતાં કુમુદસુંદરીનો હાથ ઝાલી બોલી: "કુમુદસુંદરી, જોયા
"વારાફેરા? શો એનો દિવસ હતો અને શો દિવસ આવ્યો છે! પ્રભુ કરે
"તે ખરું! તમારો તો જન્મે ન હતો તે દિવસની વાત–શી એની જુવાની
"અને શો એનો તોર હતો! હળવે સળવે સઉ ઘસાઈ ગયું–અને આખર
"આ વારો આવ્યો–પ્રભુ, તું કરે તે ખરું!"

સાસુના અંતઃકરણ ઉપર આસક્ત થતી કુમુદસુંદરી પ્રસન્ન વિચારમાં પડી સઉથી છેલી ઘરમાં પેંઠી. ઘરમાં સર્વે મેડીપર ચ્હડ્યાં હતાં. દાદરપર ચ્હડતાં ચ્હડતાં પગથીયાંપર દોડાદોડમાં **નવીનચંદ્ર**નો કાગળ ખીસામાંથી પડી ગયો હતો તેપર કુમુદસુંદરીની નજર પડી અને ઉંચકી લીધો. મેડી ઉપર ચ્હડી તો ખલકનંદાની વાતો થતી અને માદીકરીમાંથી કોનો વિચાર સારો હતો તે વિષય ચર્ચાતો હતો. એટલામાં બારણે પગરવ સંભળાયો અને બારીયે જુવે છે તો કેટલાંક માણસો આવતાં જણાયાં. **શઠરાય**નો અસ્ત સંપૂર્ણ થયો અને **બુદ્ધિધન**ને કારભાર મળ્યો જ સમજવો જાણી–હવે એની પાસે આવવાની જરુર લાગ્યાથી–અમલદારમંડળ દરબારના સમાચાર સાંભળવા અને નવા કારભારીની સેવામાં ખડું ર્‌હેવા જમી કરી બીજું કામ પડતું મુકી એને ઘેર આવ્યું અને બારણા આગળ ઉભું રહ્યું.

અલકકિશોરી ક્હે, "આ બધા કેમ અત્યારે અંહીયાં આવતાં હશે ?" સઉ કંઈ કંઈ કારણ બતાવવા મંડી ગયાં. અંતે વિદુરપ્રસાદે કહ્યું "એ " તો એસ્તો–કારભારીની ત્હેનાતમાં ર્‌હેવા આવે નહી તો ક્યાં જાય ? " હવે–કારભારીનું ઘર બદલાયું !"

વનલીલા બોલી: "અલકબ્હેન, હવે ઉઠો અંહીયાંથી; હવે આ " દીવાનખાનાની મેડીમાંથી બેસવાનું ગયું–હવે તો અમલદારો બેસશે– " હવે તો આ કચેરીની મેડી થઈ ગણો."

નીચેથી સીપાઈએ બારણું ઉઘાડ્યું અને સઉ સ્ત્રીવર્ગ દીવાનખાનામાંથી બારણું ઉઘાડી નવીનચંદ્રવાળી મેડીમાં ગયો. અમલદારો દાદરપર ઉભરાયા. સ્ત્રીવર્ગ જતાં તેમની પાછળ દયાશંકરે બારણું વાસ્યું. અને વાસતાં વાસતાં ગાયું કે,

"ભલે પધાર્યા, લક્ષ્મીબાઈ! સગાં સંબંધી આવે ધાઈ!"

"કોઈ કહે, મ્હારે મોળાઈ ભાઈ! કોઈ કહે, મ્હારે મશીયાઈ " ભાઈ!" વિદુરપ્રસાદ તે સાંભળી હસ્યો અને સઉ અમલદારોને સત્કાર દેવા દાદર ભણી ચાલ્યો.

અમલદારસંઘનાં કડકડ થતાં ઈસ્ત્રી–વાળાં અંગરખા, ચમચમ થતા અને પગેથી નીકળતાં જમીનપર ઘસાઈ શબ્દ કરતા અનેક જોડા, ગુપચુપ થતી વાતો, ઘડી ઘડી સંભળાતું બુદ્ધિધનનું નામ, એ નામની પાછળ પ્રત્યય પેઠે લગાડતો "ભાઈ" શબ્દઃ આ સર્વ વસ્તુ માંડવઆગળના ખંડમાં હીંચકાપર બેઠેલી સૌભાગ્યદેવીના શરવા થતા કાનના દ્વારપર ઉપરાઉપરી ધક્કેલા મારવા લાગી. જડસિંહના સમયમાં સર્વ અમલદારોની પાછળ ભલું હોય તો જોડાઆગળ એકલો અપ્રસિદ્ધ બેસનાર–તિરસ્કારને પાત્ર થનાર– અનાથ વિધવાનો ગરીબ દીકરો–બુદ્ધિધન ગરીબ ઘરમાં ર્‌હેનાર માતુઃશ્રી પાસે શઠરાયને ઘેરથી આવી મ્હોટા અભિમાની ઘરની વાતો રંક મ્હોંયે ક્હેતો, અને માતુઃશ્રીની પાસે બેઠી બેઠી છાનીમાની પોતે સાંભળતી તે પ્રસંગ દેવીના મન આગળ ઉભા થયા. તેમની સાથે નવા પ્રસંગને સરખાવતી, જુની અવસ્થાની અવગણના કર્યા વિના નવી અવસ્થાના ધ્વનિને પ્રધાનપદી બનતી રંક અબળા આનંદનાં આંસુવડે એકલી બેઠી બેઠી સત્કાર આપવા લાગી. સ્વામીની ઉચ્ચ પદવી દૃષ્ટિઆગળ મૂર્ત્તિમાન થતી જોઈ કોમળ કલ્પનાવાળીનાં રોમેરોમ ઉભા થયાં; અચિંત્યા સુખની શીતળતાથી શરીરને ચમક થતી હોય તેમ કંપારી ચમકાવવા લાગી; અમલદારોના ઓઠઉપર

પોતાના પતિનું જ નામ સાંભળી અમૃતસરોવરમાં ન્હાતી હોય તેમ દેવી આનંદપ્રફુલ્લ બની. આજ ઘેર આવશે ત્યારે કારભારી બનેલા સ્વામીનાથના મ્હોંપર કેટલી મ્હોટપ આવશે–તે કેવા દેખાશે–મ્હારી સાથે તો હતા એવાને એવા જ ર્‌હેશે–એવા એવા વિચારોથી એની સ્નિગ્ધભીની આંખ આતુર બની ઉઘાડા આઘા દ્વારમાં જ ઠરી. મેઘના એકઠા કરેલા મોર પ્રફુલ્લ વૃક્ષપર બેસી નાચે અને ટૌકા કરે તેમ સંપત્તિના વર્ષાદે એકઠા કરેલા અમલદારો જ્યારે બુદ્ધિધનની મેડીમાં ખુશામત ભરેલા ગપાટા મારતા હતા ત્યારે તેના દુ:ખના દિવસમાં ઠેઠસુધી સહચારિણી થયેલી રંક અવસ્થાની ભાગીયણ આજે પણ એકાંતમાં એકલી પતિના સુખથી અતુલ સુખી બનતી હતી–સૌભાગ્યદેવી પતિના સંપૂર્ણ સૌભાગ્યચંદ્રની ચંદ્રિકામાં રસભેર ન્હાતી હતી.

ઘડી બેઘડી એમ થઈ એટલામાં બુદ્ધિધન દ્વારમાં આવ્યો; શોધમાં ફરતી તેની આંખે દેવીની આંખ શોધી ક્‌હાડી, તેની સાથે તારામૈત્રક રચ્યું, વિકાસ પામી શુભ વર્ત્તમાન સૂચવ્યા, અને એ સંગીતને તાલ દેવા ઓઠપર સ્મિત ચમકવા લાગ્યું. પાછળ આવનાર પરિવાર સાથે તે ઉપર ચ્હડ્યો અને પ્રફુલ્લ અને પ્રસન્ન બનેલી સૌભાગ્યદેવી ભોજનખંડભણી ચાલી, ત્યાં તેની પુત્રી પાટપર કચેરી ભરી બેઠી હતી. એ કચેરીમાં આજ રોજના કરતાં વધારે સ્ત્રીયો ભરાઈ હતી અને અલકકિશોરીની ધમક, તડાકા, અને દોર કાંઈક જુદાં જ હતાં. એ કચેરીમાં કુમુદસુંદરી ન હતી.

---

## પ્રકરણ ૧૫.

### સરસ્વતીચંદ્ર—

**"भभुत लगायो ! अलक जगायो ! खलक कीयो सब खारो वे !!!"**

દીવાનખાનામાં પુરુષો ભરાવા માંડતાં સ્ત્રીવર્ગ નીચે ઉતરી પડ્યો તે વખતે કુમુદસુંદરી એકલી પોતાની મેડીમાં ગઈ, હાથમાં આવેલો નવીનચંદ્રવાળો કાગળ કોનો છે તે જોવા મંડી ગઈ, અને પોતાની પાસે એક બીજો કાગળ હતો તે વચ્ચે વચ્ચે જોવા લાગી. આ બીજો કાગળ આજ જ આવ્યો હતો. તે એની ન્હાની બ્હેન કુસુમસુંદરીનો લખેલો હતો. એના કાગળમાં સરસ્વતીચંદ્રની હકીકત હતી તેથી ટપાલમાં ન મોકલતાં સારી સોબતમાં વનલીલાઉપર બીડ્યો હતો અને સૂચના ક્‌હાવી હતી કે કુમુદ-

સુંદરીને હાથોહાથ છાનોમાનો આપવો. વનલીલા આ બે બ્હેનોની પીયર-ભણીની સગી હતી અને ગામના સમાચાર ક્હેવાને બ્હાને આવી આજ જ છાનોમાનો કુસુદસુંદરીના હાથમાં તેણે તે મુકી દીધો હતો અને કાનમાં કાગળ સંબંધી સમાચાર કહ્યા હતા. એકાંત હાથમાં આવ્યું એટલે એ કાગળ વાંચવા લાગી. નિઃશ્વાસ નાંખતી નાંખતી કુસુદસુંદરી સરસ્વતીચંદ્રના સમાચાર વાંચવા લાગી. પ્રમાદધન ઉપર જ મન ચ્હોંટાડનારીનું મન સરસ્વતીચંદ્રનું દુઃખ વાંચી હાથમાં ન રહ્યું.

સરસ્વતીચંદ્રનો બાપ લક્ષ્મીનંદન મુંબાઈનો ધનાઢ્ય વ્યાપારી હતો અને દશ બાર લાખ રુપિયાનો ધણી હતો. સાધારણ વ્યાપારીયો ભણે છે તેથી વધારે એ ભણ્યો ન હતો, પણ સરસ્વતીચંદ્રની મા ચંદ્રલક્ષ્મી ડાહી અને સુશીલ હોવાથી તેના સંસ્કાર લક્ષ્મીનંદનનામાં આવ્યા હતા. ચંદ્રલક્ષ્મીની સાસુ ઈશ્વરકોર સ્વભાવે તીખી હતી, દીકરાઉપર વહુનું ચલણ સાંખી શકતી ન હતી, ઘરમાં પોતાનું જ ધાર્યું કરતી અને પોતાનું જ ધાર્યું થાય છે એ, વહુને બાળી મુકવાના હેતુથી, દેખાઈ આવે એમ કરતી, ચંદ્રલક્ષ્મી મ્હોટું પેટ રાખી ઘુંટડા ગળી જતી અને સાસુનો સ્વભાવ મનમાં પણ આણતી ન હતી. લક્ષ્મીનંદનની આથી તેના ઉપર પ્રીતિ વધી હતી અને સરસ્વતીચંદ્રના જન્મ પછી ડોશીનો પણ સ્વભાવ ફર્યો અને વહુનાં માન વધ્યાં. પણ પુત્ર ચાર પાંચ વર્ષનો થયો એટલે ચંદ્રલક્ષ્મી ગુજરી ગઈ અને તે જ દિવસે ગુમાન નામની એક કન્યા સાથે લક્ષ્મીનંદનનો વિવાહ થયો. ગુમાન ઘેર આવતી જતી થઈ ત્યાં સુધી સરસ્વતીચંદ્ર બાપ અને વડીયાઈના હાથમાં ઉછર્યો. એને ખોળામાં રાખી ચંદ્રલક્ષ્મીની જોડે બેસી–સજોડે–લક્ષ્મીનંદને એક છબી પડાવી હતી. મુંબાઈવાસી હોવાને લીધે તેણે આ હીમ્મત ચલાવી હતી પણ છબી પડાવ્યાની ખબર પડ્યા પછી ઈશ્વરકોરે વહુની બેશરમાઈ બાબત મહીના સુધી જુદ્ધ ચલાવ્યું હતું પરંતુ દીકરાની બેશરમાઈ તેના મનમાં વસી ન હતી. લક્ષ્મીનંદને આ છબી પોતાની મેડીમાં રાખી હતી, પણ વહુ ગયા પછી માયે બ્હાર ક્હડાવી "મોઈ ભેશના મ્હોટા ડોળા" એ ગામડીયા ક્હેવત પ્રમાણે મરેલી વહુને સંભારી ડોશી બહુ રડતી હતી અને એ છબી બાળક સરસ્વતીચંદ્રને બતાવ્યાં કરતી હતી. એમ કરતાં કરતાં ગુમાન ઘેર આવી. તે હલકા કુટુંબની હતી, અને હોરમાણ દીકરા ઉપર તથા તેને જાળવનાર ડોશી ઉપર વૈર રાખતી હતી. હોરમાણ દીકરા ઉપર પ્રીતિ રાખવી એ તો ખોટું એમ ગુમાનને એની માયે જ શીખવ્યું હતું.

લક્ષ્મીનંદન જેવો દ્રવ્યવાન તેવો જ સત્તાવાળો હતો. વિદ્યાને ઉત્તેજન

આપવાનો તેને શોખ હોવાથી અને ઉત્તેજનથી મ્હોટા થયેલા ઘણાક વિદ્વાનો તેના આભારી હોવાથી તેને ઘેર વિદ્વાનોનું મંડળ ભરાતું, તેમના સંસ્કાર એનામાં પ્રસંગદ્વારા આવ્યા હતા, અને ન્હાના–મ્હોટા–ભણેલા–તથા ભણનારા–ની પ્રીતિનું પાત્ર, આ વિદ્યારસને લીધે, તે અધિક બન્યો હતો. આથી **સરસ્વતીચંદ્ર** રમાડવા જેવો થતાં જ વિદ્વાનોના ખોળામાં પડવા લાગ્યો અને **ચંદ્રલક્ષ્મીની** કાન્તિ જાળવનારું તેનું મધુર હસતું મ્હોં સર્વને પ્રિય લાગતું હતું. પિતાના આશ્રિત વિદ્યાર્થીયોયે બાળકને રમતમાં જ વિદ્યારસિક કર્યો. ગુમાનની ખુશામત કરનાર ગુમાસ્તા તથા ચાકરો **ચંદ્રલક્ષ્મીના** બાળકને ઝાઝું બોલાવતા ન હતા અને તેથી તેમની અધમ સંગતિમાં ઉછરવાના રોગથી બચી નિર્મળ સંગતિમાં ઉછરવાનો ગર્ભશ્રીમંત બાળકથી દૂર રહેતો લાભ **લક્ષ્મીનંદનના** ભાગ્યશાળી પુત્રને ઇશ્વરે આપ્યો.

**ચંદ્રકાંત** નામના અતિશય રંક પણ બુદ્ધિવાળા અને વિદ્યાના હોંસીલા સમોવડીયા વિદ્યાર્થી સાથે **સરસ્વતીચંદ્રને** લઘુવયમાં મિત્રતા બંધાઈ અને શાળામાં પણ સહાધ્યાયી હોવાથી પરસ્પરને લાભ આપતી મિત્રતા વય વધતાં વધારે વધારે ગાઢ થઈ. ઘણાક વિદ્યાર્થીયોની મિત્રતા બંધાઈ સરી પડી પણ આ મિત્રતા દિને દિને વજ્રલેપ બનવા લાગી.

**લક્ષ્મીનંદન** સંગતિને લીધે કાંઇક ઈંગ્રેજી પણ બોલતો લખતો હતો, **મુંબાઈના** નગરસુધારક સમાજનો સભાસદ હતો, કાપડ વણવાના એક બે યંત્રની કંપનિયોમાં અગ્રેસર હતો, ગુપ્ત તથા દેખીતો પરમાર્થ ઘણોક રાખતો, પરમાર્થમાં સ્વાર્થ પણ રાખતો, લોકૈષણાનો લોભી હતો, ઈંગ્રેજ વ્યાપારીયો તથા અમલદારોનો પ્રસંગ રાખતો, તેમને પોતાને ઘેર નવા નવા પ્રસંગ ઉત્પન્ન કરી બોલાવતો અને રીઝવતો, અને તેને બદલામાં દેખીતું માન સર્વે આપતા. ગવર્નર સાહેબની "લેવ્હી"માં તે જતો અને "ઈવનિંગ પાર્ટી"માં તેને આમંત્રણ થતું. આ સર્વ હકીકત વર્ત્તમાનપત્રોમાં આવવી રહી જતી નહી.

"**ધિ બૉમ્બે લાઈટ્**" પત્રનો તંત્રી પ્રખ્યાત વિદ્વાન્ **બુલ્વરસાહેબ**, "ગૂર્જરવાર્તિક" ચોપાનિયાનો તંત્રી ઉદ્ધતલાલ, મુંબાઈ નો પ્રખ્યાત નગરપ્રિય કવિ **તરંગશંકર**, ઉછરતો રંક ગ્રંથકાર **શાંતિશર્મા**, દક્ષિણી દેશવત્સલ **વીરરાવ ધમ્પાટે**, અને પારસી ભાષણ-યોદ્ધો **સમરશેરજી**, એવા એવા અનેક ગૃહસ્થોનો **લક્ષ્મીનંદનને** પ્રસંગ હતો. સેક્રેટરિયેટના એક અમલદારની વગથી શેઠ **લક્ષ્મીનંદન** જસ્ટિસ આવ્ ધિ પીસ બન્યા હતા.

આ સર્વ સત્તાને લીધે શેઠની રજવાડામાં પણ સારી પ્રતિષ્ઠા હતી. રત્નનગરીનો પ્રધાન વિદ્યાચતુર કાંઈ કામપ્રસંગે મુંબાઈ આવતો ત્યારે સ્વજ્ઞાતિના પ્રતિષ્ઠિત શેઠ લક્ષ્મીનંદનને ત્યાં જ ઉતરતો. શેઠનો પુત્ર સરસ્વતીચંદ્ર વિદ્યાર્થીઅવસ્થાસમયે જ વિદ્યાચતુરના પ્રસંગમાં પુષ્કળ આવી ગયો અને એ બાળકની બુદ્ધિ, વિદ્યાની હોંશ, નમ્રતા, વિનય, શુદ્ધ અંતઃકરણ, સંગતિ, મધુરતા અને એવા એવા ગુણો નિત્યના પ્રસંગે વિદ્યાચતુરના અંતઃકરણમાં વસી ગયા. તેમાં ચંદ્રલક્ષ્મીની કાંતિવાળું સ્મિતભર્યું ગૌર રમણીય વદન તેને ઘણું પ્રિય લાગ્યું.

"હુવા તો વિવાહ" એ પ્રમાણે આવા ધનાઢ્યનો આવો પુત્ર પારણામાંથી જ પરખાવો જોઈતો હતો, પણ કાંઈ કારણથી ચારપાંચ વર્ષ વિવાહવિના વીતી ગયાં. ત્યારપછી કોઈ વિવાહ કરવા આવતું તેને ગુમાન બ્હારોબ્હાર વીદાય કરી મુકતી હતી અને લક્ષ્મીનંદન સુધી વાત જવા ન દેતી. ડોશી ઘણું મથતી પણ ગુમાનના ટકોરા ન વેઠાવાથી સઉ કોઈ આવ્યું-જતું ર્‌હેતું. આખરે ડોશીયે માથાની થઈ લક્ષ્મીનંદનને સઉ વાત કહી તો ઉત્તર એ મળ્યો કે ન્હાનપણમાંથી છોકરાને લફરું વળગાડવાની જરુર નથી. આખરે સરસ્વતીચંદ્ર પંદરસોળ વર્ષનો થયો તેવામાં ગુમાનને પુત્ર પ્રસવ્યો અને તેનો વિવાહ તરત જ થયો તેમાં લક્ષ્મીનંદને કાંઈ બાધ દેખાડ્યો નહી. આથી ડોશીનું માથું ફરી ગયું, લક્ષ્મીનંદનને ફટકાર કરી મ્હેણું દીધું, અને શરમાયલે મ્હોંયે તેણે કન્યા શોધવાનું સ્વીકાર્યું. એવામાં રત્નનગરીનો પ્રધાન વિદ્યાચતુર કાંઈ કામસારું મુંબાઈ આવ્યો અને નિયમ પ્રમાણે જ પ્રથમની પેઠે લક્ષ્મીનંદનને ત્યાં ઉતર્યો. ત્યાં થોડાક દિવસ રહ્યો એ અરસામાં ઘરમાં હરતા ફરતા વિદ્યાર્થી, સરસ્વતીચંદ્રનો વધેલો વિદ્યાભ્યાસ, તેની હવે ખીલેલી બુદ્ધિ, સર્વકળાધર સ્વરૂપ, ઇત્યાદિ સર્વ એને ગમી ગયું અને પોતાની પુત્રી કુમુદસુંદરી સારું વર શોધતો હતો તે સુઝી આવ્યોઃ પણ મ્હોટા માણસને મ્હોંયે એકદમ વાત કરવા પ્હેલાં ડોશીની સલાહ માગી. ડોશી તો તૈયાર જ હતી અને લક્ષ્મીનંદને વિવાહ સ્વીકાર્યો. માત્ર ગુમાન અંતર્‌માંથી બળી, પણ પુરુષોએ માંહોમાંહે મળી જઈ કામ કર્યું અને સ્ત્રીવર્ગ વેગળો રહ્યો લાગ્યો એટલે ચુંમાઈને બેસી રહી. વિદ્યાચતુર જેવો વેવાહી, કુમુદસુંદરી જેવી કન્યા, અને બીજી સર્વ વાત રુચતી લાગવાથી પૌત્ર પંદર વર્ષ કુમારો રહ્યો તેનું સાટું વળી ગયું સમજી વત્સલ ડોશી આનંદપ્રફુલ્લ બની, ગુમાન ઉભી હોય ત્યારે બમણો આનંદ બતાવવા અને જોડાનાં વખાણ કરવા લાગી, અને પૌત્રને એકાંતમાં વારંવાર

ચસમાં ન્હડાવી ન્યાળી, રાચી, તેને મસ્તક હાથ મુકી, આશીર્વાદ દેઈ, લગ્નનો સમય ઇચ્છવા લાગી. “વિદ્યાચતુર શાને લગ્ન કરવામાં ઢીલ કરતા હશે ? “ લગ્ન કરે તો હું ભાગ્યશાળી થઈ અને વરકન્યાની જોડ બંધાઈજોઈ સંસાર- “ માંથી પરવારું.” આમ વિચારી કોઈ કોઈ સાથે વિદ્યાચતુરને સંદેશા ક્હાવતી. વિવાહ કરવાની બાબતમાં જેણે ઢીલ ન્હોતી કરી તે વિદ્યાચતુર લગ્નની ઉતાવળ કરવા ખુશી ન હતો, અને ડોશીને નારાજ કરવા પણ નાખુશ હોવાથી તેને દીલાસા ભરેલા વાયદા ક્હાવતો.

**સરસ્વતીચંદ્ર**નો વિદ્યાભ્યાસ ઘણો વધ્યો. સત્તર અઢાર વર્ષની કુમળી વયમાં તે એમ. એ. ની પરીક્ષામાં સફળ થયો અને તે પછીના વર્ષમાં કાયદાની પરીક્ષામાં પણ સફળ થયો. ઘણીક પરીક્ષાઓમાં અને ઘણાક નિબંધો લખી પારિતોષિકો ( ઈનામો ), પાંડિત્યવેતનો ( સ્કૉલરશિપો ), ચંદ્રક (ચાંદ) વગેરે તેણે મેળવ્યાં હતાં અને સર્વ ઠેકાણે ઉત્તમ વિજયી નીવડ્યો હતો. મહાશાળાના પાઠકો, પરીક્ષકો, અને બીજા પ્રસિદ્ધ પંડિતો તેના ઉપર પ્રીતિ રાખતા. તેનું મસ્તિક ( મગજ ) [1]સર્ગ શક્તિવાળું ગણાતું, તેની રસજ્ઞતા અને રસિકતા ઉંચા પ્રકારની લેખાતી, અને વિદ્યા-લક્ષ્મીના સંગમથી સોનું અને સુગન્ધ એનો રમણીય યોગ તેનામાં થયો લાગતો. ગર્ભશ્રીમંતના ગુણ સ્પષ્ટ જણાતાં છતાં શ્રીમંતાઈના સહચારી દોષ તેનામાં આવવા પામ્યા ન હતા. શરીર વ્યાયામ ( કસરત ) વાળું અને કાંતિમાન્ હતું. મુખ ઉપર પ્રતાપ અને કોમળતા એકઠો વાસ કરી રહ્યાં હતાં, રાક્ષસ જેવો ન લાગે એટલો ઉંચો, જાડો ન લાગે એવો બેવડીયા કોઠાનો, અને ફીક્કાસમાં ન ખપતાં આંખને ગમે એટલી ગૌરતાવાળો **સરસ્વતીચંદ્ર** ભણ્યો ન હત, શ્રીમંત ન હત, તોપણ શરીરના રમણીય અને પૌરુષ દેખાવથી જ સર્વનું મન હરત એમ તેના વિદ્વાન મિત્રો પણ ક્હેતા.

કુમુદસુંદરી વયમાં આવી અને વધારે વધારે ભણી તેમ તેમ **સરસ્વતીચંદ્ર**ની વાતો માતાપિતાને મ્હોંયે સાંભળવાની રસીયણ બની. શ્વશુરજામાતાને પત્ર વ્યવહાર હતો તેથી વિદ્યાચતુર ઘણીવાર ગુણસુંદરી પાસે સમાચાર ક્હેતો અને વિશેષ વાર્તાનો પ્રસંગ આણતો. આવો વિદ્વાન્ અને વત્સલ પિતા જેની આટલી સ્તુતિ કરે તે પુરુષ કેવો હશે ? પુત્રી આઘીપાછી બેઠી હોય તેવે સમયે પિતા જાણીજોઈ જામાતાની વાત ક્હાડતો તે એવી ઇચ્છાથી કે એનો પતિ-પ્રેમ ગાઢ થાય. આ ઇચ્છા સફળ થઈ. પણ

૧. Originality, નવીન કલ્પના ઉત્પન્ન કરવાની શક્તિ.

તેની સાથે નિર્દોષ બાળકીના અંતઃકરણમાં ઘણાક મનોવિકાર ઉદય પામ્યા અને કોઈ કોઈ સમયે અગ્નિની પેઠે સળગતા. ઉગતી યુવાવસ્થાનો તનમનાટ આથી વધ્યો. પતિને જોવાની, તેની સાથે પ્રસંગ પાડવાની, અને એવી કંઈ કંઈ આતુરતા આ જુવાન થતી વેલીના ફુટતા નવપલ્લવપર બેસી તેને કંપાવવા લાગી. એક દિવસ તો પતિએ પિતા ઉપર કાગળ લખેલો તે વાંચીને પિતાએ ટેબલમાં મુક્યો તે જોવાનું મન થયું. પિતાની રજાવિના તે કેમ બને? લજ્જા છોડી રજા માંગતાં જીભ કેમ ઉપડે? આખરે મને મનનો માર્ગ શોધ્યો. પિતા આઘાપાછા થતાં કાંઈક નિમિત્તે ટેબલ પાસે ગઈ, ઘણાક કાગળના જથામાંથી દૃષ્ટિપાતવડે જ જોઈતો કાગળ ઓળખ્યો અને સળગતા આકાશમાંથી પ્રભાતનું કોમળ ઉજળું કિરણ શ્વેત-કમળને પકડી ખીલાવે તેમ સ્વચ્છ આસમાની સાડીમાંથી નાજુક ગોરો હાથ ક્હાડી પત્ર પકડી લીધો અને તે જ હાથે પોતાની મેળે ઉકેલાઈ જતો એ પત્ર ઉંચો કર્યો! લઈ લીધો, જરીક તે ભણી જોઈ રહી, સ્મિતથી મલકાઈ, બ્હીતી આંખ ચારેપાસ ફેરવી, હાથ સોડીયામાં ભરવી દીધો, અને ડાહી ડમરી બની પોતાના ખંડમાં ચાલી! "પિતાના ટેબલમાંથી હું ચોરી કરું છું" એ વિચાર તેના મનમાં પળવાર આવ્યો પણ ઈશ્વરલીલાને બળે એ ચોરી એના પવિત્ર મનમાં પણ વસી નહી! કાગળ વાંચ્યો–બીજીવાર વાંચ્યો–ત્રીજીવાર વાંચ્યો–વાંચતાં ધરાઈ નહી જ. સરસ્વતીચંદ્રના સુંદર અક્ષરથી–મનહર ભાષાથી–પ્રૌઢ વિચારથી તે મોહ પામી–પરવશ બની. કાગળ છાતી સરસો ડાબ્યો, રોમાંચ અનુભવ્યો, અને શૂન્ય ભીંની આંખોથી ઉંચું જોઈ રહી. "મ્હારા પ્રિય–પ્રીતમ–પ્રાણનાથ–એના આ અક્ષર! આવા કાગળ "મ્હારા ઉપર ન આવે?" એવા જ કાગળની આતુર મુગ્ધાએ પતિપર કાગળ લખવા આરંભ્યો–કાગળ લખું છું એ વિચારથી એકાંતમાં ને એકાંતમાં શરમાઈ–મથાળું જ કેમ કરવું તે સુઝયું નહી. "મ્હારા પ્રિય" એમ લખું? "પ્રાણનાથ" લખું? કંઈ કંઈ વિશેષણો કંઈ કંઈ કારણથી રદ કરી આખરે "મ્હારા ચંદ્ર" અને "આપની કુમુદ" એ સંબંધથી લેખનાં અથઇતિ કર્યાં. તેના હૃદયને સાથે પકડી, હૃદયને ઠેકાણે આતુરતા–ઉત્સુકતા મુકી, કાગળ, ટપાલમાં ચાલ્યો અને પ્રવાસ કરતો કરતો લક્ષ્મીનંદનને ઘેર તેના ઉપરના કાગળોના બંડલભેગો એ પણ આવ્યો. લક્ષ્મીનંદને કાગળ ઉપરના અક્ષર જોઈ સહજ વિચાર કરી ચાકરને આપ્યો. ચાકરે ગુમાનને બતાવી સરસ્વતીચંદ્ર પોતાના ખંડમાં ચંદ્રકાંત સાથે બેઠો હતો તેને આપ્યો, અને ગુમાનની સૂચનાનો અમલ કરવા પાછાં જતાં પ્હેલાં જરીક

ઉભો કે કોનો કાગળ છે તે જણાય. સરસ્વતીચંદ્ર તે નવીન કાગળ જોઈ વિસ્મિત થયો, ફોડી પ્રથમ જ લખનારનું નામ વાંચતાં મનને ઉપભોગ થયો, કોનો કાગળ છે તે ન કહેતાં ચંદ્રકાંતના હાથમાં જ કાગળ મુક્યો અને હસ્યો અને મિત્રના ઉપર શી અસર થાય છે તે જોતો જોતો આનંદવિચારમાં પડ્યો.

"ભાઈ, મ્હોટાનું ભાગ્ય મ્હોટું હોય છે તેનું આ દૃષ્ટાંત. આપણા "લોકમાં તો આવી કન્યા આવતે અવતાર પામીએ !" કાગળ પાછો આપતાં આપતાં વાંચતો વાંચતો ચંદ્રકાંત આંખો વિકસાવી અભિનંદન કરતો બોલ્યો.

"ચંદ્રકાંત, એમાં મ્હોટું ભાગ્ય આવી ગયું ?" સરસ્વતીચંદ્ર પુષ્કળ હસ્યો.

"ત્યારે શું આવું રત્ન હીંદુઓનાં ભાગ્યમાં હોય છે ? ભાઈ,આ કન્યાદાન "વાસ્તે ઈશ્વરનો જેટલો ઓછો ઉપકાર માનશો તેટલી કૃતઘ્નતા થશે."

"તું તો હજી આવો ને આવો રહ્યો. ઈંગ્રેજી વિદ્યાનું પ્રથમ ફળ "તને એ મળ્યું કે સ્ત્રીમાં સંસારને સમાપ્ત કરી દીધો ! સ્ત્રીમાં પુરુષના "પુરુષાર્થની પર્યાપ્તિ થતી નથી."

"તમારા જેવા રસિકના મુખમાં આ વૈરાગ્ય સમજાતો નથી."

"હું ક્યાં વૈરાગ્યની વાત કરું છું ?"

"ત્યારે આ તે બીજું શું ? મ્હારે ઘેર આવો ને મૂર્ત્તિ બેઠી છે તે જુવો "ને પછી કહો કે મ્હારા ને તમારા ભાગ્યમાં કેટલો ફેર છે ? "આ કાગળ જ પ્રત્યુત્તર !"

"તું સ્ત્રીસંતુષ્ટ નથી. આપડી ગંગાભાભી ભોળી છે–તે શી ખોટી "છે કે આટલો અસંતોષ બતાવે છે ?"

"પોતાની બાબતમાં એક અને પારકી બાબતમાં બીજો એમ "વિચાર રાખનાર તો તમને જ જોયા ! આવાં કુમુદસુંદરી તેનાથી તમને "સંતોષ નથી વળતો અને મ્હારે માથે અસંતોષનો આરોપ મુકો છો ! વાહ "વાહ ! વાહ વાહ ! આવા સ્નેહથી ઉભરાતો મુગ્ધાનો રસિક પત્ર તેનાથી "તમે સંતોષ પામતા નથી અને હું અસંતોષી શા માટે ? મને તો સંતોષ જ "છે ને મ્હારી ગંગા તે મ્હારી જ છે. પણ આપ વિચાર કરો–કાગળ જુવો "તો ખરા !"

સરસ્વતીચંદ્ર ઉભો થયો, ફરવા લાગ્યો, અને હસ્યો.

"ચંદ્રકાંત, શું ત્હારા મનમાં એમ જ આવી ગયું કે આ કાગળની "મને કીમ્મત નથી ?"

"તમે બોલો તે ઉપરથી હું તો તુલના કરું."

"આ જગતમાં મ્હારું અંતઃકરણ કોઈ પણ જાણતું હશે તો તે તું
"છે અને તું જ આવી ભુલ કરે તો બીજાને દોષ ન દેવાય."

"ત્યારે શું તમે બોલ્યા તે બધું જુઠું?"

"ના, એ યે સાચું ને આ યે સાચું. અંતઃકરણવિના શરીર નકામું
"છે પણ અંતઃકરણવિના શરીરને બીજા ઘણાક ભાગ છે. સ્ત્રી ખરી પણ
"એના શીવાય ઘણો સંસાર બાકી રહેછે–તો સ્ત્રીમાં આખા ભાગ્યની
"પર્યાપ્તિ કેમ થાય?"

ઘણીક આવી વિનોદવાર્ત્તા થઈ. અંતે ચંદ્રકાંત ઘેર ગયો. એ પણ સરસ્વતીચંદ્ર જેટલું જ ભણ્યો હતો; પરંતુ રંક કુટુંબનો હતો અને મિત્રના આશ્રયથી જ અભ્યાસ કર્યો હતો. એ ગયો એટલે સરસ્વતીચંદ્રે બારણાં વાસી કાગળ લીધો–વાંચ્યો. કાગળમાં તે શું લખ્યું હશે? બાળક કન્યા વરને શું લખે? વાંચનાર, સાંભળ. એ કાગળ ઘણો ટુંકો હતો.

"મ્હારા ચંદ્ર,

"શું લખવું તે મને સુઝતું નથી. લખવાની સ્વયંભૂ વૃત્તિ થવાથી
"લખું છું અને અક્ષરદ્વારા આપના દર્શન ઇચ્છી રંક લેખ મોકલું છું.
"આપને તો આ નિર્માલ્ય પત્ર વાંચી હાસ્ય થશે. પરંતુ ચંદ્ર છો–સર્વ
"ગુણમાં આકાશ જેટલા ઉન્નત છો–તો પણ પૃથ્વીપર પડી રહેલા ક્ષુદ્ર
"કુમુદને વિકસાવવું તે ચંદ્રનું કર્ત્તવ્ય ગણાય છે. આખું જગત એમ
"ગણે છે તો હું કેમ ન ગણું? બીજું શું લખવું તે સુઝતું નથી."

"આપની છબિ આપની પાસે માગું તો?"

"આ પત્રનો વિષય મ્હેં નથી શોધી કહાડ્યો–મ્હારા અંતઃકરણે
"શોધી કહાડ્યો છે અને તેને પ્રેરનાર આપ છો."

"વિશેષ શું લખું?"

"લા૦ આપની કુમુદ."

રસિકના બીડાયલા મર્મસ્થળને વિકસાવનાર એકાંતે સરસ્વતીચંદ્રના હૃદયકમળની પાંખડીયો કંપાવી. તેના વિચાર પ્રમાણે તો માણસના જીવનને સ્ત્રી આવશ્યક ન હતી; લગ્ન આખા જન્મારાના પાશરૂપ હતું. નિર્વંશ થવામાં વૈરાગ્યની સંપત્તિ હતી; સ્નેહ માનસિક રાખવો જ ઉચિત હતો. શરીરસૌંદર્ય મૂર્ખનું જ મોહક હતું; મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાળે શક્ય હતું; અને સંસાર ક્ષુદ્ર, નિઃસત્વ, નિર્માલ્ય અને નિરુપયોગી હતો.

આવું છતાં સંસારના પ્રવાહથી અવળે માર્ગે જઈ વૃદ્ધ પિતામહીના વત્સલ ઉત્સાહનો ભંગ ન કરવો એટલી ઇચ્છાથી વિવાહ સ્વીકાર્યો હતો અને કુમુદસુંદરીના ગુણદોષ વીશે તેના મનમાં કેવળ ઉદાસીનતા હતી. પરંતુ કાચમાં સંતાયલા પારાને પણ શીતોષ્ણ્ય જણાયા વિના રહેતું નથી, તેમાં આવા વિરક્ત વિચારોમાં ઢંકાયલી રસજ્ઞતા શુદ્ધ સુંદરતાથી ચમકવા લાગી અને કુમુદસુંદરીના રમણીય પત્રમાં છલકાતા તરંગોના બળથી પત્થર જેવું અંતઃકરણ ભીનું થઈ ધોવાવા લાગ્યું. ચંદ્રકાંત ગયો એટલે તો હૃદયનું કમાડ ધક્કેલી, ઉઘાડી અંદરની રસિકવૃત્તિયો પાંજરામાંથી છુટતાં પક્ષિયોની પેઠે બ્હાર ઉડવા લાગી. એકદમ હડપચીએ હાથ મુકી સરસ્વતીચંદ્ર બોલી ઉઠ્યોઃ—

" આ શું–આ શું? આ શી બળવાન અસર–ચંદ્રકાંત ! તું એ જાણે " તો કેટલો હસે !" કાગળ સામું જોતાં આત્મપરીક્ષા અદૃશ્ય થઈ, અને શિથિલ થઈ ખુરસીપર બેઠો. ઘણી વાર સુધી પત્રના અક્ષરસાથે નેત્રવૃત્તિ "તદાકાર" થઈ ગઈ. એનો પ્રત્યુત્તર લખવા બેઠો. સ્ત્રીનો ઉત્કર્ષ સ્પષ્ટ સ્વીકારતાં શરમાયો નહી.

" રમણીય પ્રિય કુમુદ,

" ત્હારું પત્ર મને ઘણું પ્રિય થઈ પડ્યું છે. કુમુદથી વિકસતો નથી
" એ ચંદ્ર આકાશમાંનો ખરો. પણ ત્હારા પત્રે મને સિદ્ધ કરી આપ્યું છે
" કે આપણે બે માત્ર એક જ દેશનાં અન્યોઅન્ય અનુકંપી ક્ષુદ્ર પ્રાણી છીયે.

" धन्यासि वैदर्भि गुणैरुदारैर्यया समाकृष्यत नैषधोऽपि ।
" अतः स्तुतिः का खलु चंद्रिकाया यदब्धिमप्युत्तरलीकरोति ॥

" મ્હારા જેવા જ કઠિન ચિત્તવાળા બીજા કોઈ ઉપર ત્હારા જેવી
" રમણીય અસર કરનારીને ક્હેવું પડે તો આ શ્લોક હું કહું."

" પ્રિય કુમુદ ! મ્હારું અંતઃકરણ કેવું કઠિન છે તે મ્હારો મિત્ર
" ચંદ્રકાંત જ જાણે છે અને તેવું અંતઃકરણ ત્હારા એક ન્હાના પત્રથી
" એટલું બધું દોલાયમાન થતું હું અનુભવું છું કે કાંઈ ક્હેવાની જ વાત
" નહી! શરમ આવવાથી ચંદ્રકાંતની આગળ એ અસર મ્હેં દેખાડી નથી
" અને એ બીચારો મને હજી અસલના જેવો જ પત્થર ધારે છે!"

" તું મ્હારી છબિ માગે તો! ત્હારા માગ્યા વિના જ હું મોકલું
" છું–અને વળી ત્હારી પાસે જ આવીશ."–" ત્હારી છબિ જોઈશ."

" પ્રિય કુમુદ ! લાંબાં પ્રેમદર્શક વાગ્જાળ લખવાનો મને તિરસ્કાર છે;

" ત્હારી સાથે મ્હારે રજ પણ પરિચય–પ્રસંગ–પડ્યો નથી, તે છતાં આ
" આવો પત્ર મ્હારાથી કાંઈક લખી જ જવાય છે અને મ્હારું આત્મસંતુષ્ટ
" ચિત્ત ત્હારા પુનરુત્તરનો લોભ આગ્રહથી રાખે છે! લોકો જેને
" સ્નેહ ક્હે છે તે શું આ જ હશે? સ્વયંભૂ અને મનસિજ તે શું આ જ
" હશે? કઠિન અંતઃકરણ ઉપર પણ બળાત્કાર કરવામાં તે આટલો
" ફાવી ગયો લાગે છે તે શું ખરી વાત?"

" લા૦ હવે તો ત્હારો જ **સરસ્વતીચંદ્ર.**"

અનુભવ તે કેવળ જ્ઞાન અને વિચારથી કાંઈક જુદી જ વસ્તુ છે એ હવે સરસ્વતીચંદ્રને સિદ્ધ થવા લાગ્યું. આ સિદ્ધિ રમણીય તેમ ભયંકર હતી. તેના આગળ માનસિક વૈરાગ્યનો લોપ થયો અને સટે આખા શરીરનો અને મનનો નવા સંસારમાં જન્મ થયો. " કુમુદ મ્હારી અને હું ત્હેનો " એ સ્વપ્ને મસ્તિકને ધમધમાવી મુક્યું. જ્ઞાનની પ્રૌઢતા સ્નેહની રસવૃત્તિઆગળ મસ્તિક નમાવતી લાગી. એમ કરતાં કરતાં કાંઈ નિમિત્ત ક્હાડી સરસ્વતીચંદ્ર રત્નપુરી ગયો અને વિદ્યાચતુરના સ્નેહનો સત્કાર પામ્યો. કુમુદસુંદરીને તેણે દૃષ્ટિપાતથી ઓળખી લીધી અને વિદ્યાચતુર દરબારમાં ગયા પછી બપ્પોરે એકાંત શોધી ધ્રુજતી શરમાતી કુમુદસુંદરી સોડીયું વાળી ચોરની પેઠ સરસ્વતીચંદ્રને ઉતરવા આપેલી મેડીમાં અનિવાર્ય સ્નેહની પ્રેરી પોતાની મેળે છાનીમાની આવી ઉભી. માતાની રજાવિના તે આવી–રજા લેવા વિચાર પણ ન કર્યો અને આવી.

સરસ્વતીચંદ્ર એક ટેબલ આગળ બેસી ચંદ્રકાંતને પત્ર લખતો હતો. કુમુદસુંદરી ભણી તેની પીઠ હતી એટલે એ આવી જાણી નહી. કુમુદસુંદરી તેની દૃષ્ટિ પડે તેમ ટેબલની જમણીપાસ ભીંતમાં લપાતી ઉભી, પણ એની બોલવાની શક્તિ જતી રહી હોય એમ થયું અને પત્રમાં મગ્ન બોલાવનારે એના ભણી જોયું નહી. એટલામાં હાર હલાવતાં સોડીયું સજડ કરતાં કુમુદસુંદરીનો ઘસારો સંભળાયો અને ચમકી સરસ્વતીચંદ્રે તેના ભણી જોયું, રોમાંચ અનુભવ્યો અને મુંબાઈની પાઠશાળાનો વિદ્વાન ધનાઢ્ય લક્ષ્મીનંદન શેઠનો પ્રખ્યાત પુત્ર, સુંદરી કન્યાની લલિત લાવણ્યમય પાંદડી જેવી મુખકળા અને મુગ્ધ શરીરકળી જોઈ, સ્તબ્ધ બની ગયો, અને થોડીક વાર તો ઉભયમાંથી એક જણે પણ શબ્દ ઉચ્ચાર્યાં નહી, આંખ પલકારી નહી, અને સામી આંખ વિના બીજા કોઈને અને જગતને તો શું પણ પોતાને પણ સ્મરણમાં પણ રાખી શકાયું નહી. આટલા બધા ઉમળકાવાળાને બોલવાનો

વિષય તો શું જડે પણ બોલવાનું સુઝયું પણ નહી. કન્યા બીચારી મુગ્ધ હતી. આવા વરને આવું થાય તો એ કન્યાને થાય તેમાં શી નવાઈ? આખરે ભાન આવ્યું હોય, જાગ્યો હોય, તેમ સરસ્વતીચંદ્ર પરવશ ઓઠ ઉઘાડી બોલ્યો:

"મ્હેં એક બે પુસ્તક રચેલાં છે તે આણ્યાં છે." કહી પુસ્તક આપ્યાં.

એક હાથવતે પુસ્તક લેઈ છાતી આગળ ઝાલી રાખી કુમુદસુંદરીયે સોડીયામાં સંતાડ્યાં અને પોતાના તથા પતિના અંગુઠા ઉપર વારા ફરતી નીચી નજરે જોઈ રહી—બોલી નહી.

પુસ્તક આપતાં લેતાં એક બીજાની આંગળીયોનો સ્પર્શ થયો. જળથી ભરેલો મેઘ અચિન્ત્યો ઉજાસ મારવા માંડે તેમ રસથી ભરાતા સરસ્વતીચંદ્રનું મુખ ઉજ્વળ બન્યું. મળસ્કાના સ્વચ્છ આકાશનો પૂર્વપ્રદેશ સૂર્યકરના નવા સ્પર્શથી સળગી ઉઠે તેમ કુમુદસુંદરીના ગોરા રુપેરી ગાલપર લજ્જાભરી રતાશ ચ્હડી આવી. ઉભયનાં પરસ્પર અવલોકનથી રસે રસને વધાર્યો. પરંતુ મુગ્ધા નીચું જ જોઈ રહી. પુરુષ ધૃષ્ટ બન્યો અને વાર્ત્તાનો વિષય શોધ્યો.

"હવે ઈશ્વર કરશે તો તું થોડા સમયમાં મુંબાઈવાસી થઈશ."

ઉત્તર ન મળ્યો.

"આ પુસ્તકો આજ જ જોયાં કે પ્રથમ જોયાં હતાં?"

ઉત્તર કોણ આપે?

"આવા સુંદર પત્ર તો આટલા બધા લખાયા અને આ તો "મુખથી અક્ષર પણ નીકળતો નથી!"

પ્રતિમા જેવીના મુખથી અક્ષર ન જ નીકળ્યો.

"કુમુદ!–મ્હારી કુમુદ"–સરસ્વતીચંદ્ર ઉભો થયો.

પોતાના નામાક્ષર પ્રિયમુખમાં સાંભળી મુગ્ધા આનંદમાં ડુબી, નવીન ઉત્કર્ષથી ફુલતી ધ્રુજવા લાગી, અને પ્રિયને ઉઠતો જોઈ નિરુપાય બનતી લજ્જા શેરડારૂપે ગાલ ઉપર પડી તેના બળથી દીન બની. હતું એટલું બળ બોલવાનું સાહસ કરવામાં અજમાવ્યું અને ઉંડા પાતાળમાં ઉતરી પડતી હોય એવો વિકાર અનુભવતી ધીમે સુંદર સાદે બોલી:

"આપે અત્રે ર્‌હેવાનો વખત ઘણો થોડો જ રાખ્યો."

ચાંદીની ઘુઘરીયોવાળા નૂપુરમાંથી રણત્કાર ઝીણો ઝીણો નીકળે, મૂર્છનાસમયે સારંગીના તાર સ્વર કરી ર્‌હે: તેમ શુદ્ધ મોતી જેવા–હીરા

જેવા–દાંતની બેવડી તેજ મારતી શ્રેણિ વચ્ચે થઈને અદ્ધર ટપકતા આ મધુર મિતાક્ષર સરસ્વતીચંદ્રના કાનમાં પેઠા અને તેના હૃદય–સંપુટમાં સ્નેહ-સ્વાતિનાં મોતી પેઠે અદૃશ્ય રીતે ભરાઈ ગયા. આ મંગળ સમયે તેના આખા મસ્તિકમાં આનંદ-તરંગની છોળો અથડાવા લાગી. ઘૂર્ણાયમાન થતી તેની વિકસતી આંખો અદ્ધરે ઉડતા ચકોરની પેઠે લલનાના વદનચંદ્ર ઉપર જ ઠરી. માનસિક સ્નેહસંભોગના અનુભવથી નીશો ચ્હડ્યો હોય તેમ તે પાછો વેત્રાસન ( ખુરસી ) ઉપર ભારે શીસાની પેઠે પડ્યો. અને પડ્યાં પડ્યાં આઘે ઉભેલી કુમુદસુંદરીની સાથે તેણે કલાકેક સુધી નિર્દોષ પ્રમોદભર વાતો કર્યા કરી. પરંતુ તે કલાક જણાયો પણ નહી. આખરે બાળક કુસુમસુંદરીએ મેડી બ્હારથી–કાંઇક કામ સારું–કુમુદસુંદરીને બોલાવી લીધી એટલે વાર્ત્તાનો અંત આવ્યો અને જાગેલા જેવો સરસ્વતીચંદ્ર ઘડીકસુધી બનેલો દુર્ઘટ બનાવ વસ્તુતઃ સાચો હતો કે સર્વ રમણીય સ્વપ્ન જ હતું તેનો નિર્ણય કરતો હોય તેમ એક વિરામાસન (વિરામખુરશી) પર અર્ધ ઉઘાડી આંખો રાખી ઘડીવાર પડી રહ્યો.

આંગળીવ્હેડે ગણાય એટલા દિવસ આવાં મનભર સ્વપ્નોમાં ફ્હાડી સરસ્વતીચંદ્ર પાછો મુંબાઈ ગયો. વિદ્યાચતુર સાથે તેને વાર્ત્તાવિનોદ થતો તેમાંથી પણ કુમુદસુંદરી મોહિત થઈ ગઈ અને મુંબાઈ પ્હોંચ્યાનો સરસ્વતીચંદ્રનો કાગળ આવ્યો તેના ઉત્તરમાં લાચાર બનેલી બાળસ્ત્રીએ લખ્યું કે 'તમારા ગયા પછી " એણે રે મને મોહની લગાડી–એણે તે
' મને મોહની લગાડીઃ" એ પદ મ્હારી જીભ ઉપરથી ખસતું નથી અને
' તે ગાતી ગાતી તમારી મૂર્ત્તિ મ્હારી દૃષ્ટિઆગળ ખડી કરું છું.–મોહની
' શું તે હું હવે સમજી–મ્હારા પિતાજી લગ્નનો દિવસ આવતા માઘમાસમાં
' રાખનાર છે જાણી મ્હારો ઉત્સાહ માતો નથી !"

આવા પત્ર વરકન્યા વચ્ચે આવ્યા ગયા. કોઈ વિચારે કે કામ વિના આવા નકામા પત્રમાં તે શું ઘડીયે ઘડીયે લખવાનું હશે ? એક લખે કે હું ત્હારા વિના ઘેલો થયો છું અને બીજી લખે કે હું ત્હારા વિના ગાંડી થઈ છું ! "બાળકના રમકડાં ને વરવહુનાં ટાયલાં."–એ ઉપમા ગંભીર વર્ગની દૃષ્ટિયે પડતી લાગે છે. પરંતુ તેમને ખબર છે કે દ્રવ્ય, કીર્ત્તિ આદિ જે જે પદાર્થો ગંભીર વર્ગને મહાન લાગે છે તેને એ જ વરવહુ પોતાના પુનરુક્તિથી–પિષ્ટસ્ય પેષણ-થી વધારે વધારે ગાઢ બનતા સ્નેહ આગળ ક્ષુદ્ર ગણે છે; ત્યારે બેમાં ખરું કોણ? ઉભય વર્ગની મનમાંની વસ્તુઓ સરખી જ રીતે–કલ્પનાએ ઉત્પન્ન કરેલી, મન વાણી અને કર્મને પ્રેરનારી, સમયને બળે બળવાળી,

સ્વીકારનારને વ્હાલી અને સંન્યાસીને વર્જ્ય, સુખદુઃખ આપનારી, ગણે તો સત્ત્વમાં સત્ત્વ જેવી અને ન ગણે તો મૃગતૃષ્ણિકા જેવી, અને ક્ષણભંગુર છે. હજારો લાખો રુપીઆ–એક વખત જનારા–તેને ફરી ફરી ગણી સંગ્રહી રાજી થવું, કીર્ત્તિ સારું ધુમાડાના બાચકા ભરવા, ભુલવા સારુ ભણવું, મરવા સરજેલાને સારું મથવું, એ સર્વમાં ને હૃદયના વિલાસમાં ફેર શો? સરસ્વતીચંદ્રનું વિરક્તરંગી ચિત્ત નવીન અનુભવને વશ થતું થતું આવી રીતે વૃત્તિને અનુસરતું વાર્તિક રચતું હતું અને ભગવો પણ રાગ–રંગ–છે તો બીજા રાગનો શા વાસ્તે તિરસ્કાર કરવો તે સમજવા પોતાની અશક્તિ કલ્પતું હતું. ક્ષુદ્ર ઉદર ઉપર સંસારનાં પડ બંધાયાં જાય છે તો અંતઃકરણ ઉપર કેમ ન બંધાય? આવા આવા વિષયો શોધી ક્હાડી મુખથી ચંદ્રકાંત સાથે અને પત્રથી કુમુદસુંદરી સાથે સરસ્વતીચંદ્ર ચર્ચા ચલાવતો હતો અને એકના વ્યાવહારિક તથા બીજીના મુગ્ધ-રસિક ઉત્તર ગ્રહી નવું શીખતો શીખવતો હતો, રસમાં લપટાતો હતો, પ્રથમના વિચાર સાપની કાંચળી પેઠે તજી દેતો હતો, નવો અવતાર ધરતો હતો, અને કુમુદસુંદરીના કોમળ અંતઃકરણને અસ્વતંત્ર કરી નાંખતો હતો. વૈરાગ્ય એટલે એક સત્ત્વમાં ચિત્ત પરોવી અન્ય વસ્તુમાત્ર ઉપર વિરક્ત ર્‌હેવું એ વ્યાખ્યા પ્રમાણે પોતે હજી પણ વિરક્ત છે એવું નર્મવાક્ય પ્રસંગે પૂર્વાવસ્થાનું ભાન થતાં ક્હેતો, પરંતુ વર્ત્તમાન અવસ્થાનું સ્વપ્ન દૂર થઈ શકતું નહી. આ સર્વની છાયા મુગ્ધાપરના પત્રોમાં પડી ર્‌હેતી અને એક બે માસમાં તે મુગ્ધાના અંતઃકરણમાં પણ એ જ છાયા સર્વ ભાગે ફળી રહી. નદીના નિર્મળ જળમાં આકાશનું પ્રતિબિંબ અનિવાર્ય અત્યાજ્ય થઈ પડી ર્‌હે તેમ સરસ્વતીચંદ્રના અંતઃકરણનું પ્રતિબિંબ નિર્દોષ કન્યાની માનસિક સૃષ્ટિમાં સંપૂર્ણ અપ્રતિહત અને સર્વકાલીન અવકાશ પામી ગયું.

આણીપાસ ઈશ્વરે આ ખેલ રચ્યો અને બીજીપાસ બીજો રચ્યો. માનવી એક વાત ધારે તો ઈશ્વર બીજી ધારે.

ગુમાનનો પુત્ર હવે ઠળકો થવા આવ્યો હતો અને માના ચિત્તમાં સ્વાભાવિક અભિલાષ હતો કે પોતે સાસરે આવી ત્યારે સરસ્વતીચંદ્રને સર્વ તરફથી મળતાં જેટલાં લાલન ( લાડ ) જોયાં હતાં તેટલાં પોતાના પુત્ર ધનનંદનને મળે. પરંતુ કેટલાંક કારણોથી એની ઇચ્છા સફળ ન થઈ. સરસ્વતીચંદ્ર મ્હોટો થયો તેમ તેમ તેના પિતાની આસપાસ ર્‌હેનારા પંડિતો વિદ્યામાં વધેલા સરસ્વતીચંદ્રની સંગતિ કરવા લાગ્યા. વળી કાળક્રમે તેમની પોતાની સ્થિતિ પણ વધવાથી તેઓ ધનવાન્ લક્ષ્મીનંદનનો આશ્રય છોડી સ્વાશ્રયી થયા હતા, એટલે તેનો ઉપકાર માનતા હતા ખરા પણ તેની

પાસે મધુકરવૃત્તિ કરવાનો અવકાશ ઓછો મળતો. તેમ જ તેમની દૃષ્ટિને આંઝવાં વાળતાં હવે લક્ષ્મીને વાર લાગતી હતી. એ સર્વ વર્ગમાં હજી સરસ્વતીચંદ્રને પ્રસંગ રાખવાનો અવકાશ અનેકધા હતો. તે ધારાશાસ્ત્રની પરીક્ષામાં સફળ થઈ મુંબાઈના વરિષ્ઠ ધર્માસનનો[1] પક્ષવાદી[2] બન્યો હતો અને પક્ષમંત્રી[3] થવા અભ્યાસ કરતો હતો. પરંતુ તે અભ્યાસને ઉદરનિર્વાહનું સાધન કરવા તેની ધારણા ન હતી. પિતાના વ્યાપારભારમાં અવકાશને સમયે સહાયભૂત થવા યત્ન કરતો અને આખરે પક્ષમંત્રીની પદવી અલંકારસ્થાને રાખી વ્યાપારમાં જ ગુંથાવા ઇચ્છતો હતો. પરંતુ આ સમયમાં ઘણાક વિદ્વાન્ ગૃહસ્થો સાથે તેને પ્રસંગ પડતો હતો. ઘણીક સભાઓમાં એ અંગભૂત[4] હોવાથી આ પ્રસંગનાં સ્થાન અનેક થયાં હતાં. પિતાના વિદ્વાન્ મિત્રોમાં પરિચય હતો તે તો આ ઉપરાંત. પુત્રને આ લાભ થયો તે પિતાને ઓછો થયો. લક્ષ્મીનંદનની આસપાસ હવે માત્ર દ્રવ્યવાન્ અને દ્રવ્યાર્થી વર્ગ જ રહ્યો, કારણ વિદ્વાનો પુત્રની આસપાસ ભરાયા. અને વિદ્વાનવર્ગમાં તો ઘણેક સ્થળે પોતાના નામને ઠેકાણે 'સરસ્વતીચંદ્રનો પિતા' એ નામે ઓળખાવા લાગ્યો. ઈર્ષ્યાવાળી પણ કાંઈક બુદ્ધિશાળી ગુમાનને આ સર્વ વિપર્યય જણાયો અને તે બળવા લાગી, કારણ આ સર્વ હાનિ અંતે ધનનંદનને જ છે એવું તેના મનમાં આવ્યું. પોતાનાં બાળકને વારી રાખતી તોપણ તે સરસ્વતીચંદ્રપાસે જઈ બેસતો અને રમતો, એથી ગુમાન પ્રસન્ન થવાને બદલે વધારે વધારે ખીજવાઈ. એવામાં સરસ્વતીચંદ્ર પક્ષમંત્રીની પરીક્ષામાં સફળ થયો, લક્ષ્મીનંદન પણ મ્હોટા પુત્રની સ્તુતિ કરવા લાગ્યો, અને તેને વ્યાપારમાં પોતાનો સાથી કર્યો. તે જોઈ ગુમાનની અમુઝણનો પાર રહ્યો નહી. અધુરામાં પુરી ડોશી પણ ઉઘાડો આનંદ બતાવતી અને વહુના ઈર્ષ્યાગ્નિના સચેત અંગારાપર પવન નાંખ્યા જેવું કરતી. "જુવો, આ છૈયો-પેલાના ખોળામાં જ જઈને બેસે છે" એવું વચન એક વાર તેના મુખમાંથી નીકળી ગયું તે ડોશીને કાને પડ્યું અને ગુમાન મ્હોંની મીઠાશ રાખતી તે પણ ધોવાઈ ગઈ.

ઘરમાં જેમ ગુમાનનાં માણસો હતાં તેમ ડોશીનાં પણ હતાં. સરસ્વતીચંદ્રની જે જે વાતો ગુમાન લક્ષ્મીનંદનને મ્હોડે કરતી તે ડોશીની પાસે આવ્યા વિના ર્‌હેતી નહી, અને પૌત્રને તે સર્વ પોતે કહી દેતી. આ વાતો સાંભળી ક્ષોભ પામ્યા વિના સરસ્વતીચંદ્ર ડોશીને ત્હાડી પાડતો હતો.

---

૧. હાયકોર્ટ. ૨. વકીલ. ૩. કાઉંસલ-બારિસ્ટર. ૪. મેમ્બર.

લક્ષ્મીનંદન અને ગુમાન એકલાં પડતાં કે ગુમાનનું ભાષણ ચાલતું પણ વાળુ કરી પરવારી પથારીમાં થાકી પાકી સુવે તે સમય ભાષણને વાસ્તે વિશેષ અનુકૂળ પડતો. પતિને હાથે ડબાતા સ્ત્રીકંઠમાંથી જીભ વધારે વધારે નીકળતી. સ્વાર્થી પુરુષ તે જીભના જોરથી ડબાઈ જતો. નિર્લજ્જ વક્ષ:સ્થળ નીચે અસત્ય વધારે વધારે ભરાતું. આખા દિવસના શ્રમિત અને વિરામ શોધતા ચિત્તપર ઉશ્કેરાયલા ઉશ્કેરતા ભાષણની અસર નિરંકુશ થતી. અને નિશા–ગુરુ બનેલીના ઉપદેશને તરત તો ચેલા જેવો લક્ષાધિપતિ હા યે હા ભણતો.

પ્રતિદિવસ ભાષણ કરવા સારું ગુમાનને કંઈ કંઈ પણ વિષય જડતો જ; અને આંસુ, રોષ, મ્હેણાં ઈત્યાદિ અસરકારક અલંકારોનો ભંડાર તેની પાસે અક્ષય્ય હતો. કાલિદાસ કરતાં પણ તેની ઉપમાઓ વધારે સ્ફુટ હતી. બાણના કરતાં પણ તેની કથા વધારે સારી રીતે સંકલિત રહેતી.

સરસ્વતીચંદ્રે ઘરના વ્યાપારકાર્યમાં સારી પ્રવીણતા થોડાક કાળમાં મેળવી અને તેની સુજનતાથી પરભાર્યાં તથા હાથ નીચેનાં સર્વ માણસો તેને પ્રીતિવશ થયાં. પિતાનો ભાર થોડાક કાળમાં પુત્રે પોતાને શિર લેઈ લીધો. આમાંથી ગુમાનના ભાષણોને એક વિષય મળ્યો. સરસ્વતીચંદ્રને ઘરમાં સર્વે "ભાઈ" કહી બોલાવતાં અને ભાઈના સામી ફરીયાદો ગુમાનની શય્યાપર દૈવકોપદર્શક ઘીમેલોની પેઠે ઉભરાવા લાગી.

"શી વાત! હવે તમને તો જાણે કોઈ પુછતું જ નથી? ઘરમાં યે
"ભાઈ અને બ્હાર પણ ભાઈ! ભાઈ કરે તે ખરું–તે જ થાય. અમને તો
"કોઈ પુછે નહી એમાં નવાઈ નહી–પણ તમને યે હવે તો પૂજે તો દેવ
"નીકર પત્થર! તમને કાંઈ તેની ચિંતા છે? એ આંખની શરમ. તમે માથે
"છતાં અમારી આ સ્થિતિ તો પાછળ તો ઈશ્વર ક્હડાવે એ દિવસ ખરા.
"જુવો છો કની પેલી બાપડી દુર્ગાની કોઈ આજ ખબર પણ પુછે છે?"

"હવે થવાનું એમ કે ભાઈ આખું ઘર સંભાળશે અને અમે એનાં
"ચાકર થઈ રહીશું. પણ કોનો વાંક ક્હાડું? તમે જ આવા એટલે કોઈને
"શું કહું? પણ સરત રાખજો ને મને સંભારજો કે ભાઈ તમને પણ
"પાંદડે પાણી પાશે. તમે વિશ્વાસુ છો અને એ આજ કાલના ઈંગ્રેજી
"ભણેલાઓ ન દેવને ગાંઠે તો માબાપ તે શા લેખામાં? ઘર દરદાગીનો
"અને વેપાર સઉ હાથ કરી લેશે એટલે તમે માળા જપજો–કાકા મટી
"ભત્રીજા થજો–અને હું અને મ્હારો ધન–" એમ કરી હુસકાં ભરવા લાગી.

" જો આવો જ સ્વભાવ રાખવો હતો તો પરણ્યા શું કરવાને જો ?
" હું મારે કોઈ ન મળત તો દળણાં દળત પણ આમ કોઈની ઓશીયાળી
" થવાનો વખત તો ન આવત ! આ તો કાંઈ જોઈયે તો ભાઈ વગર
" થાય નહી. પેટના દીકરાનું યે આટલું ઓશીયાળું તો ન હોય."

" જો મ્હારું સાંભળો. એ કાયદા જાણે છે-સઉ એના છે. છાપાવાળા
" અને હાઈ કોરટના જડજો યે એના. ઘરમાં પેંશી બધું જાણી લેઈ
" લેશે ને પછી તમે પંચાત કરશો તો ભાગ લેવા ફરીયાદી કરશે કે પછી
" એના હાથમાં હશે તો તમારે જ ફરીયાદી કરવા વેળા આવશે. માટે
" ચેતો ! વેળાસર ચેતો ! હજી વખત છે. એનું આપ્યું આપણે લઈએ
" તેના કરતાં તમારું આપ્યું એ લે એવું કરો-કે પાછળની ચિંતા નહી."
" પણ હું જાણું જ છું તો. એ હોય એટલાં કાંઈ અમે હઈએ ! ભાઈનો
" બોલ પડતાં માણસો ઉપાડી લે છે. એમાં કાંઈ નવાઈ છે ? તમારે જ
" મન એ સોનું ને અમે રાખ. પાછળ મ્હારું રાંડનું ગમે તે થાઓ !
" એની કાંઈ તમને ચિંતા ?"

ઉદાર, સુશીલ, અને પ્રવીણ પુત્રની સત્તા સર્વના મનપર જામી ગઈ હતી અને તેમ થવાનું કારણ વિચારવું વિસરી પિતાએ કુળની સ્થિતિ સ્ત્રીના કહ્યા પ્રમાણે દીઠી અને સ્ત્રીના ભાપણમાં કાંઈક સત્ય લાગ્યું. આવાં આવાં નિશા-ભાપણ કાળક્રમે પત્થરને પ્રહારથી રેતી કરી દેતા સમુદ્રના તરંગની પેઠે એક પછી એક ચ્હડીયાતાં બની નિત્ય ઉછળતાં અને અસર કરતાં. પોતાના કાર્યમાં પરોવાયલું લક્ષ્મીનંદનનું મન આવા આવા વિષયોપર વિચાર કરવાનો અવકાશ પણ ન પામતું; કંટાળવા છતાં, સ્ત્રીને ધુતકારી ફ્હાડવા છતાં, અને તેની વાર્ત્તા ન માનવાનો નિશ્ચય વારંવાર કરવા અને ક્હેવા છતાં, રાત્રિ પડ્યા પછી પણ પશ્ચિમાકાશમાં રઝળતા સૂર્યકિરણની પેઠે ગુંચવાયલા મસ્તિકમાં ગુંચવાઈ ભરાઈ ર્‌હેતી ફરીયાદો પુરુષના મનમાં રહી જતી; સત્યાસત્ય શોધવાનો પ્રસંગ દૂર ર્‌હેતો; પુત્રની પરોક્ષે થતા વર્ત્તમાનનું તારણ ( ખુલાસો ) પુત્ર કરી શકતો નહી; અને અંતે ઉધાઈ લાકડાને આરોપાર કોતરી ખાય તેમ સ્ત્રીની નિષ્કંટક જીભે પુરુષના મસ્તિકને નિઃસત્ત્વ કરી દીધું.

એક દિવસ સંધ્યાકાળે શેઠ થાકી પાકી ઘેર આવ્યા, અને શયનગૃહમાં સ્ત્રીને ન દેખી " નીરાંત થઈ" જાણી એક આરામખુરસી પર બેસી ચાકર પાસે ખાવાનું મંગાવી, થાક ઉતારવા લાગ્યા. એવામાં ગુમાન જ ખાવાનું લાવી થાળી ધરી ઉભી. શેઠના પેટમાં " વળી હવે શું મહાભારત નીકળશે" વિચારી ફાળ પડી, પણ કોઈ બોલ્યું નહી અને શેઠ ખાવા માંડ્યું. ઈશ્વરલીલાને બળે અકળાયલા મનમાં પણ પુત્ર ર્‌હેતો અને શેઠ પુછી જવાયું:

"ભાઈ આવ્યો ? ખાધું એણે કાંઈ?"

અજાણતાં પણ દોષ થતાં કોઈ મેલી માતાને કુંડું પડે તેમ આટલા ઉચ્ચારના ફળમાં શેઠ કાંઈ નવું જ—ન્હોટું—ભાગવત સાંભળવાનું હોય અને તેનું મંગળાચરણ થવા માંડતું હોય તેમ સાંભળવા માંડ્યું. મ્હેં "કીલોત્પાટી વાનર"નું કામ કર્યું એમ શેઠને સ્પષ્ટ લાગ્યું અને પસ્તાવા લાગ્યા. ગુમાન ઉતરી પડી.

"આ શા ભાઈ ઉપર ઉમળકા ? ભાઈ તો આવ્યા યે ખરા અને "બાપના પ્હેલાં ક્યારનું ખાઈને બેઠા છે. બાપને ભાઈભાઈ થઈ રહ્યાં "છે. ભાઈને તો બાપ લેખામાંયે નથી. ભાઈ તો એ બેઠા બેઠા કાગળો "આવ્યા છે વહુના તે વાંચે. એમને પરણ્યા પ્હેલાંથી વહુ વહુ છે. "અને તમારે મન તો હજીયે ઠીક જ છે. કોણ જાણે ક્યાંથી લોકો "જુઠું જુઠું ગાય છે કે,

"બીજ વરની પરણી મહાસુખ પામશે !"

ઈંગ્રેજ લોક ક્હે છે કે હીંદુઓમાં સ્ત્રીઓને સ્વતંત્રતા નથી. પણ આવા ધનાઢ્ય અને વયવાળા પ્રતિષ્ઠિત ધણીને પોતે આમ ધમકાવે અને શેઠ સાંભળી રહે એ ગુમાનની સ્વતંત્રતામાં શું કાંઈ ન્યૂનતા છે ? વીલાયતથી આવેલો એક તાર લેઈ શેઠને આપવા આવેલો એક ગુમાસ્તો આવો વિચાર કરતો કરતો તાર આપી પાછો ગયો.

શેઠ તાર વાંચે છે એટલામાં થાળી પાછી મુકી આવી રસ્તામાં પડતી એક બારીની જાળીને અઢીંગી ગુમાન ઉભી રહી અને તાર વંચાઈ રહ્યો એટલે પાસેથી એક કાગળ ક્હાડી આપ્યો. શેઠે પુછ્યું "કોનો કાગળ છે આ ?"

"આ જુવો તો ખરા—ભાઈએ કાગળ લખ્યો છે વહુ ઉપર—તમે કોઈ દિવસે મને એવું લખ્યું ?" સરસ્વતીચંદ્રના ટેબલમાંથી ચોરેલો એક કાગળ શેઠને આપી ગુમાન બોલી. શેઠ કાગળ લેઈ, ગુમાન ભણી કતરાતી કોપાયમાન આંખે જોતા જોતા, ઉંડા વિચારમાં પડ્યા અને આખરે ગાજી ઉઠ્યા,

"ક્યાંથી આણ્યો કાગળ આ ? આવું કામ કરે છે ? આ કાગળ "મને વંચાવતાં શરમાતી નથી ?"

રજ પણ ગભરાયા વિના શાંતિ રાખી ગુમાન બોલી, "હું જાણું છું "કે એ કાગળ તમને વંચાવવો ન જોઈએ, એટલું જ નહી પણ મ્હારે યે "વાંચવો ન જોઈએ, એટલું તો હું સમજું છું. પણ આ તો ભાઈની "ખુબી બતલાવવા આણ્યો છે. કાંઈ ચોરીને આણ્યો નથી. ભાઈએ

"લખીને મુક્યો હશે તે વાથી ઉડતો ઉડતો મ્હારી મેડીમાં આવ્યો.
"આપવા જાઉં તો મ્હારે માથે ચોરી મુકે. માટે તમને આપું છું અને
"મરજી પડે તે કરો. પરણ્યાં તો આપણે બે છીયે અને હું બે ભાઈ
"કરતાં બે વર્ષે ન્હાની છું–પણ આજથી આવા બાયલા કાગળ લખવા
"ન ઘટે. બાયડી તે ભાઈને જ હશે કે બીજા કોઈને યે હશે?"

શેઠ જરા શાંત પડ્યા, પણ ક્રોધ ઉતરતાં ઉતરતાં કાંઈક વાર લાગી અને એટલામાં કાગળના અક્ષરો ઉપર કાંઈક દૃષ્ટિ પણ પડી હશે. અંતે ધીમા પડી બોલ્યા, "એ ગમે તેવા કાગળ લખે તેમાં ત્હારું શું ગયું? હોય, "છોકરાં છે તે ગમે તે કરે. કોઈ પારકી બાયડીને તો નથી લખ્યો?"

"હા એ ખરું. મ્હારો કાંઈ દોષ હોય ત્યારે હું ઘરડી અને ભાઈ "વાંક કરે તો બાળક. પણ હશે એ તો જે હોય તે. હું તો કાંઈ કામસર "બતાવું છું તે જુવો જોવું હોય તો. ન જોવું હોય તો મરજી. અમારો "કોઈ ભાવ પુછનાર છે?"–ફરી ડુસકાં ભરતી પાછી ફરી અને જવા લાગી.

શેઠે તેને ગણકારી નહી, જવા દીધી, અને તારમાં મન પરોવતા પરોવતા બરબડ્યા, "કોણ જાણે આ ઈશ્વિરે તે બઈરાંની જાત ક્યાંથી "કરી હશે? મૂર્ખ–મૂર્ખ–છેવટ સુધી મૂર્ખ–નખથી તે શિખ સુધી મૂર્ખ!" ગુમાન મૂર્ખ જ છે એટલું શેઠને ભાન હતું–તે શઠ નથી એવું સ્વાભાવિક પક્ષપાતે મનમાં વસાવ્યું હતું. મૂર્ખતા માફ કરવા લાયક લાગતી પણ કોઈ વાર તો કંટાળતા.

પોતાને ગાંઠી નહી–શેઠ મનાવતા નથી–જાણી ગુમાન મિષ ક્હાડી આંખો લ્હોતી લ્હોતી પાછી આવી અને બારણામાં ઉભી. શેઠનું ચિત્ત તારમાં હતું. લક્ષ ખેંચવા ઉભી ઉભી ડુસકાં બંધ કરવા યત્ન કરતી દેખાવા લાગી, કમાડ ઉઘાડ અડકાવ કરવા લાગી, અને ઉંડા સંભળાય એવા નિઃશ્વાસ મુકવા લાગી. શેઠને તેનો ઘસારો લાગ્યો, તેના ભણી નજર કરી, અને જરાક દયાનો અંશ ઉત્પન્ન થતાં પુછ્યું, "કેમ અંહીયાં ઉભી "છે? આવ, આવ, હવે. છાની ર્‌હે. જો હવે આવું કામ ન કરીશ. "એમાં રડે છે શું? આ કાગળ બતાવ્યાથી તને શું ફળ હતું?"

ગુમાન પાછી આવી–આંખો ફુલાવી શેઠના સામી ખુરશીપર બેઠી. શેઠને દયા આવી. જાતે ઉઠી બારણું વાસી ગુમાન બેઠી હતી તેની સાથે તેની તે ખુરશીપર બેઠા અને મનાવવા લાગ્યા. ગુમાને ખેલ જોઈ બમણું માન ધાર્યું અને આખરે બોલી:

"હા, અમારે શું ? જુવો તમને તો એક કાગળ આપ્યો છે. પણ
"વહુ પણ જોઈએ તેવી મળી છે. ટપાલવાળો ભુલમાં ભાઈનો કાગળ
"મને આપી ગયો અને મેં ભુલમાં ને ભુલમાં મ્હારો જાણી ફોડ્યો. જુવો,
"આ વહુએ કેવી પકી છે ? એનાં મૂળ ઉંડાં છે. બાયડીઓના સ્વભાવ
"તમે ભોળા ભાયડાઓ ન સમજો. અમે સમજીએ. આજથી આટલું
"ભાઈને ફોસલાવે છે તે અગાડી જતાં કેવી નીકળશે ? ભાઈ એને વશ
"આટલા થઈ ગયા છે તેનું તો ઠેકાણું એ નહી રહે અને અમે સઉને વશ
"થઈ જઈશું. સસરા સાથે પણ ભાઈને કાગળ લખવાનું ચાલે છે. રજ-
"વાડાના લોક કેવા લુચ્ચા છે તે તમે જ મને તે દિવસ ક્હેતાં હતા.
"વળી ઈંગ્રેજી ભણેલું માણસ કોઈનું નહી. વખત આવ્યે પોત પ્રકાશે.
"આજ તો તમે કમાઓ છો–તમારું ચાલે ને મ્હારું રાજ્ય હોય તેને સટે
"આ તો ઉલટી જ કથા છે ! એ ભાઈનો તમને વિશ્વાસ !"

દયામણે મ્હોંયે આ ભાષણ નીકળ્યું જોઈ શેઠ નરમ થયા અને બોલ્યા: "વારુ, પણ તેમાં આટલું બધું શું ?" પાસેના કાગળો વાંચવા જોઈએ જાણી ગુમાનને ખાતર વાંચી બોલ્યા: "આ કાગળોમાં એવું શું
"છે જે–હોય એ તો જવાન છોકરાં જરી લખે ગાંડું ઘેલું."

"એમ કેમ ? એ ભાઈના હાથમાં બધું સોંપો છો તે પછી મ્હારા
"ધનની શી વ્હલે–ને મ્હારી શી વ્હલે–થવાની તે કંઈ વિચાર કર્યો ?"

"એટલું જ કેની ?"

"તે એ ઓછું છે ?–તમારે મન તો કાંઈ નહી હોય !" "વારું–વારું–એ તો થઈ રહેશે" કરી ગુમાનને હસાવી પટાવી રમાડી બારી ઉઘાડી શેઠ બ્હાર ગયા.

આણીપાસ સરસ્વતીચંદ્રના મનમાં કુમુદસુંદરી રમી રહી હતી અને લગ્નનો દિવસ પાસે આવતો જાણી આનંદમાં રહેતો. પિતાના વ્યાપારનો ધણીરણી પોતે જ થઈ રહ્યો હતો અને પિતાનું દ્રવ્ય સ્વેચ્છાએ ખરચે તો કોઈના ક્હે એવું નથી તે પોતે જાણતો. પરંતુ ચંદ્રલક્ષ્મીને[1] તેનાં માબાપ પાસેથી તેમ જ લક્ષ્મીનંદન પાસેથી અલંકાર અને ઘણુંક દ્રવ્ય મળેલું હતું અને બધો મળી તે સંચય લાખેકના સુમારનો હતો. સરસ્વતીચંદ્ર વયમાં આવતાં આ સર્વ તેના હાથમાં આવ્યું હતું અને પિતાના દ્રવ્યને અડકવા કરતાં ચાલતાં સુધી પોતાના જ આ દ્રવ્યમાંથી વ્યય કરતો. વાલુકેશ્વરની ટેકરી ઉપર પિતાના બે ત્રણ બંગલા હતા તેમાંથી એક બંગલો એને સોંપવામાં આવ્યો હતો. આમાં અગ્રભાગે એક પ્રધાનખંડ[2] હતો તેમાં કાંઈ

૧. સરસ્વતીચંદ્રની મા. ૨. દીવાનખાનું.

વધારો ઘટાડો કરી પાંચ છ હજારનું ખરચ કરી મનસ્વીરીતે તેણે એ શણગાર્યાં અને એક ભીંત ઉપર કુમુદસુંદરીની એક મ્હોટી છવિ ( છબિ ) રંગાવી તથા રમણીય હાથીદાંતના આસનમાં જડાવી મુકી. તે આસનની ચારેપાસ કોતરકામ હતું અને તેમાં તથા છવિમાં મળી બેચાર હજારનું ખરચ થયું. ચંદ્રકાંતના ખભા ઉપર હાથ મુકી સરસ્વતીચંદ્ર જુગના જુગ વીતતા સુધી એ છબિ સામું જોઈ રહેતો અને આનંદમય અનિમિષ બનતો. તેનો ભૂતકાળનો વૈરાગ્ય સંભારી ચંદ્રકાંત મિત્રની પુષ્કળ મશ્કરી કરતો. સરસ્વતીચંદ્ર ઉત્તરમાં માત્ર હસતો જ. તે પોતાની પત્નીવ્રત વૃત્તિને શ્લાધ્ય ગણતો અને તેને સતેજ કરવી એ પોતાનો ધર્મ ગણતો. વિચાર વૃત્તિને અનુસરે છે: કાંઈ અધુરું હોય તે પુરું કરવાને સરસ્વતીચંદ્રે એક હીરાની મુદ્રા કરાવી.

આ મુદ્રામાં એક સુશોભિત પાસાંવાળો જળજેવો નિર્મળ મ્હોટો હીરો ચળકતો હતો અને તેને એક સુંદર સોનેરી આસનમાં જડ્યો હતો. વળી એવી ગોઠવણ કરી હતી કે આ આસન એક ચાંપવતે ઉઘડતું હતું અને ઉઘડતાં બીજી પાસ એક સૂક્ષ્મ મીજાગરાના આધારે હીરા સહિત છુટું ન પડતાં લટકતું રહેતું. તે આસન ઉઘડતાં નીચેના આસનમાં ઉપરના હીરા જેટલી જ જગામાં સરસ્વતીચંદ્રના ઉત્તમાંગની[1] એક સૂક્ષ્મ સુંદર હસતી છબિ હતી. ઉપલું આસન બંધ હોય ત્યારે આ છબિ અદૃશ્ય રહેતી. આ મુદ્રા કુમુદસુંદરીને મોકલવા ધારી અને તેનું મૂલ્ય પાંચ હજાર રુપિયાનું થતું. આમ સઉ મળી પંદર બીશ હજાર રુપિઆ ખરચી નાંખતાં લક્ષાધિપતિના પુત્રે કાંઈ આંચકો ખાધો નહી. કુમુદસુંદરીને સારું આટલું ખરચ કરવું તેમાં એને કાંઈ મ્હોટી વાત લાગી નહી. ચંદ્રકાંત મ્હોંયે તેને ઘેલો થઈગયો કહેતો પણ મનમાં તેની સ્ત્રીભક્તિની પ્રશંસા કરતો અને મનમાં ને મનમાં જ કહેતો કે " આહા ! મ્હોટાનું ભાગ્ય મ્હોટું જ !
" આટલું દ્રવ્ય, તે છતાં આટલું નિર્મળ અને નિરભિમાની મન, આટલી
" વિદ્યા, આટલી કીર્ત્તિ, આવી કન્યાનો યોગ, તેના ઉપર આવી
" પ્રીતિ !–કેવો ભાગ્યશાળી મિત્ર–ઈશ્વર એનું ભાગ્ય અખંડ રાખો !"
તેને બીચારાને ખબર ન હતી કે ભાગ્યના જ પ્રસાદને દુર્ભાગ્યનું નિમિત્ત થઈ પડતાં પળ પણ વાર નથી લાગતી. આ સંસારરૂપી ચોપટમાં ભાગ્ય દુર્ભાગ્ય એ એક જ પાસાની બે જુદી જુદી બાજુઓ છે.

આ સર્વ સમાચાર ગુમાનને કાને ગયા. તેણે શેઠને કહ્યા અને ભાઈ સ્ત્રીવશ બની સર્વ દ્રવ્ય વેડફી મારશે તે પ્રત્યક્ષ દૃષ્ટાંતથી સિદ્ધ કરી આપ્યું.

---

૧. માથું.

આવા વિષયોમાં શેઠ પણ કદી આમ દ્રવ્ય ખરચ્યું ન હતું અને તેને પણ પુત્રનો વ્યય વિવેક વિનાનો લાગ્યો. "તમે જે સોપ્યું છે તેનો આ ઉપયોગ " તો દેખીતો છે–બીજે આપણી દૃષ્ટિબ્હાર પણ કેટલો હશે તે તો ખબર જ " શી રીતે પડે? આ તમારા વિશ્વાસનું ફળ:" આમ ગુમાને સૂચવ્યું અને ચંદ્રલક્ષ્મીવાળા દ્રવ્યમાંથી આ ઉપયોગ થયો હશે તે તો શેઠને સાંભર્યું જ નહી. તેમનો મીજાજ ગયો પણ દેખીતો વશ રાખ્યો.

વૃદ્ધ પિતામહી, ગુમાનનાં સર્વ કાર્યસ્થાન (કારસ્તાન) શોધી ક્હાડી, સરસ્વતીચંદ્રને એકલો બોલાવી, ગુપચુપ વાતો કરી, કહી દેતી અને એ સર્વ વાત સાંભળી ર્‌હેતો, પિતામહીને શાંત પાડતો, પણ ગુમાનની દુષ્કૃતિ અને શેઠની ફરતી વૃત્તિ જાણી અંતરમાં ખિન્ન થયા વિના તેનાથી ર્‌હેવાતું નહી. પિતામહીના મનમાં એમ નક્કી આવ્યું કે લક્ષ્મીનંદન આખરે મ્હોટા પુત્રને રઝળાવશે. આનો ઉપાય પોતે તો શો કરે પરંતુ પોતાની પાસે પણ લાખ પોણાલાખનો સંચય હતો તે મ્હોટા પૌત્રને આપી દેવા ઇચ્છા જણવી. સરસ્વતીચંદ્ર તે સાંભળી જરી હસ્યો અને કહ્યું કે "માજી, ઈશ્વર સર્વની તેમ " મ્હારી સંભાળ રાખશે જ. તમારા વિચારનો નિર્વાહ (અમલ) કરવાથી " પિતા માતા વધારે કોપશે, કુટુંબમાં ક્લેશ વધશે, અને મ્હારે માથે વિશેષ " આરોપ આવશે, માટે વધારે સુતર તો એ છે કે એ સર્વ ન્હાના ભાઈને " મૃત્યુપત્ર કરી આપો. એટલે સઉ આજ તમારા હાથમાં ર્‌હેશે, પિતામાતા " પ્રસન્ન થશે અને ગુમાનબાએ જે વિપરીત ભાવ આરંભ્યો છે તે મુકી દેશે." આ વાત ડોશીને ન ગમી. આમ કરવાથી શેઠ કે ગુમાન સરસ્વતીચંદ્રનો પાડ માનશે નહી અને ગુમાન એટલાથી અમીદૃષ્ટિવાળી નહી બને અને મ્હોટા પૌત્રની હરકત દૂર નહી થાય એમ ડોશીના મનમાં આવ્યું. તે બીજે ધંધો કરી રળી ખાય એવી તેની તાકાત ડોશી જાણતી હતી, પણ એવા કુળના દીવાને કુળમાંથી કંઈ નહી મળે એવી શંકા ઉપજવાથી તેના મનમાં ઓછું આવતું અને રોતી. કારણ પોતાના વિચાર સાધવામાં સરસ્વતીચંદ્ર જ વચ્ચે આવતો દેખી ઉપાય ન સુઝ્યો. એમ કરતાં કરતાં પૌત્ર બ્હાર ગયો હતો એવે સમયે ચંદ્રકાંતને એકાંતે બોલાવી તેની સહાયતા માગી.

ચંદ્રકાંતે ડોશીની વાર્ત્તા સાંભળી અને તેને એ સ્વીકારવા યોગ્ય લાગી. પણ ડોશીની યોજના પાર પડવી કઠિન હતી તે પણ તે સમજતો હતો. એક સમય એવો હતો કે જ્યારે સરસ્વતીચંદ્રના મનમાં એવો સંકલ્પ થવા ઉપર હતો કે ચંદ્રલક્ષ્મીવાળું સર્વ દ્રવ્ય કંઈક દેશોન્નતિને અર્થે રોકી દેવું, પિતાનું

દ્રવ્ય પિતામહોપાર્જિત હતું તેમાં પોતાનો ભાગ હતો તેના ઉપરથી પોતાના સ્વત્વનો (માલકીનો) ન્યાસ[1] કરવો, પોતે ભગવાં ધારણ કર્યા વિના પણ અજ્ઞાત વેશે સાધારણ વર્ગમાં ભળી જઈ દેશાટન કરવું, લોકઅનુભવ અને ઈશ્વિર શોધવો, અને પણ ચાર વર્ષમાં પાછાં ફરી કોઈ ઠેકાણે સ્થિર રહી અવલોકન અને અનુભવનું ફળ લોકના ઐહિક અને આમૂત્રિકઅર્થે કેમ વાપરવું તે વિચારી તે પ્રમાણે યથાશક્તિ શાંત પણ ગુરુ યત્ન કરવો. આ સંકલ્પનો નિર્વાહ કરવા જતાં તરત તો સુધરેલાઓમાં અપકીર્તિ થશે અને પિતાને અત્યંત ખેદ થશે એમ તેને લાગ્યું. અંતઃકરણનું પરમાર્થે ઈષ્ટ કરવા જતાં પરોક્ષ અથવા પ્રત્યક્ષ અપકીર્ત્તિ થાય તે તો તેને ગાંઠવા જેવી લાગી નહી પણ પિતાને કેટલો ખેદ થશે એ વિચારી તેણે એ સંકલ્પ છોડી દીધો હતો. આ સર્વ ચંદ્રકાંત જાણતો હતો અને તેથી તથા પોતાના બીજા અનુભવ ઉપરથી તેના મનમાં સિદ્ધ હતું કે ડોશીની યોજના પાર પાડવામાં સરસ્વતીચંદ્ર પોતે જ અનિવાર્ય વિઘ્નરૂપ થઈ પડશે. યોજના પૂર્ણ થયા પ્હેલાં સરસ્વતીચંદ્રને માલમ ન પડે અને પૂર્ણ થયા પછી માલમ પડતાં નિષ્ફળ કરી શકે નહી એવી યોજના રચવાનો માર્ગ ચંદ્રકાંતે શોધવા માંડ્યો. ચંદ્રકાંત પોતે વ્યાવહારિક દૃષ્ટિ-વૃત્તિવાળો હતો અને મિત્રની સ્વાર્થસંન્યાસી વૃત્તિને લીધે એના ઉપર વધારે દૃઢ પ્રેમ રાખતો; તોપણ એ જ વૃત્તિથી આવું રત્ન વૈરાગ્યમાં ડુબી અપ્રસિદ્ધતાના અંધકારમાં લીન થઈ જાય, જે નિર્ધન અવસ્થાનું દુઃખ પોતે અનુભવ્યું હતું તેવી જ અવસ્થામાં આટલો અઢળક ભંડાર મુકી આવી પડે, અને સંસારની-સુધારાની-મોહક માયા મુકી આટલી વિદ્યા અને કીર્ત્તિને અંતે સુધારાવાળામાં અપકીર્ત્તિનું-તિરસ્કારનું-પાત્ર થાયઃ આ સર્વ સ્નેહથી ઉભરાતા ચંદ્રકાંતને મર્મચ્છેદક થઈ પડે એવું હતું અને તેનો વિચાર કરતાં, તેની કલ્પનાથી જ, દારુણ દુઃખમાં પડ્યા જેવો થતો. કોઈ પ્રસંગે પણ મિત્રની ડબાયલી વૃત્તિ પાછી ઉછળશે એવું તેને ભય ર્‌હેતું, પણ કુમુદસુંદરીપર ઉત્પન્ન થયેલા મિત્રપ્રેમની રમણીય વૃદ્ધિ જોઈ તે નિર્ભય થયો હતો. તોપણ પ્રથમ થયેલા વૈરાગ્ય અને પાછળનો સ્નેહ એમાં કાંઈક અવર્ણનીય સામાન્યતા જણાતી, અને તેથી કોઈક પ્રસંગે પોતાના પૂર્વસંસ્કાર જાગતાં કુમુદસુંદરીને સાથે લેઈ એ જ સરસ્વતીચંદ્ર વાનપ્રસ્થ સ્વીકારે એવો ચંદ્રકાંતના અંતઃકરણમાં ઝાંખો આભાસ થઈ આવતો અને તેથી જ ડોશીની યોજના પાર પાડવાનો પ્રસંગ ન મુકવા તેની વૃત્તિયે તેને અતિબળથી ઉશ્કેર્યો.

---

૧. ફારકતી.

ડોશીએ પોતાની મીલકત કોઈ વિશ્વાસપાત્ર માણસને નામે ચ્હડાવી સોંપી દેઈ તેનો વહીવટદાર નીમવો, અને તે વહીવટદાર ડોશી જીવતાં સુધી ડોશીને તેનું ઉત્પન્ન આપે, અને તેના મરણ પછી **સરસ્વતીચંદ્ર** અને તેની સ્ત્રીને નામે એ દ્રવ્ય ઉપર સામાયિક સ્વત્વનો લેખ કરી તેમને આપે એવી વ્યવસ્થા કરવાની ડોશીને સલાહ મળી. સ્ત્રી ન હોય તો **સરસ્વતીચંદ્રને** એકલાને આપવાનું ઠર્યું. સ્ત્રીના નામનું દ્રવ્ય **સરસ્વતીચંદ્ર** પોતાની ઇચ્છા પ્રમાણે વાપરશે નહી એવી **ચંદ્રકાંતની** ખાતરી હતી. પણ વહીવટદાર કોને નીમવો તે શંકાનું સમાધાન થયું નહી. ડોશીએ એ કામ ઉપાડવા **ચંદ્રકાંતને** જ કહ્યું અને ઘણા વિચારને અંતે મિત્રના હિતનો બીજો રસ્તો ન દેખાતાં તેણે સ્વીકાર્યું. આ વિષયનો લેખ વિધિવત્ સંપૂર્ણ થયો, **સરસ્વતીચંદ્રને** તેની જાણ પડવા ન દીધી, સારા પ્રતિષ્ઠિત મનુષ્યોને સાક્ષ કરવા બોલાવ્યા. અંતે **લક્ષ્મીનંદનને** અચિંત્યો ડોશીદ્વારા બોલાવ્યો. સર્વ દેખતાં કાંઈ બોલ્યા ચાલ્યાવિના કારણ બતાવ્યાવિના ડોશીયે **લક્ષ્મીનંદનને** ગંભીર મુખાકૃતિ ધારી લેખ આપ્યો અને તે ઉપર પોતાની સહી નીચે સંમત (મતુ) કરવા કહ્યું અને તેની આંખો સામું તાકીને જોઈ રહી. પોતાની આજ્ઞાના ઉત્તરમાં આજ્ઞાના પાલન શીવાય બીજો ઉત્તર આપવા પુત્રની તાકાત શૂન્ય થાય એવો પ્રતાપ માતાયે ધારી દીધો, સર્વ મંડળ બે જણના સામું શું થાય છે તેની જિજ્ઞાસાથી જોઈ રહ્યું, શેઠ લેખ વાંચ્યો, જરાક વિચારમાં પડતાં "ભાઈ સહી કર" એમ ડોશીએ ઉચિત પુનરુક્તિ કરી; ધનવાન્ વયવાન્ પ્રતિષ્ઠિત વ્યવહાર-કુશળ સ્વતંત્ર પુત્ર વૃદ્ધાવસ્થાના સિંહાસનપર બેઠેલી–વિજ્ઞાપના નહી પણ નિર્ણય નિરંકુશ આજ્ઞા કરતી–માતુઃશ્રીના આજ કાંઇક અપૂર્વ લાગતા–પ્રતાપ આગળ અંજાઈ ગયો, પોતે ગુમાનને વશ થઈ ગયો છે તેની આ શિક્ષા ધર્મરાજના દૂતોને વાટ જોવરાવતી માતા ધર્માસનપર બેસી કરતી હોય એવો સંસ્કાર શેઠ અનુભવ્યો, અને પોતે તે શિક્ષાને યોગ્ય છે એવું સ્વીકારતો હોય તેમ માતાના મુખમાંથી અક્ષર ખરતાં એકદમ લેખ ઉપર સહી કરી લેખ માતુઃશ્રીના હાથમાં મુક્યો. આજ્ઞા ગુરુણામવિચારણીયા તેનું આ કલિયુગમાં દૃષ્ટાંત બન્યું. પ્રત્યક્ષ મંડળે સાક્ષ કરી. આ સર્વ વ્યાપાર થયો તે સમયે કોઈ બોલ્યું ચાલ્યું નહી; સર્વ જીભવિનાનાં સયંત્ર પુતળાંની પેઠે જ વર્ત્યાં; અને અંતે ડોશીના ખંડના દ્વાર આગળ **ચંદ્રલક્ષ્મીની** છવિ હતી તે 'મ્હારા પ્રેમને ઉચિત જ કર્યું છે' એમ વગર બોલ્યે બોલતી હોય, વગર જીવે જીવ આણી પ્રસન્નતા બતાવતી હોય, તેમ છવિ ઉપર દૃષ્ટિ પડતાં **લક્ષ્મીનંદનને** લાગ્યું અને ભૂતકાળના પ્રેમ, ઉમળકા, અને આનંદનો નિર્મળ વિનિમય[1] સ્ત્રીપુરુષ વચ્ચે

---

૧. અદલાબદલી કરવી; સટેસટ્ટો.

ચડીક થતો હોય તેમ થયું. છવિ ઉપર સ્નિગ્ધ દૃષ્ટિ નાંખતો નાંખતો પુરુષ ક્ષડીક ગુમાનને ભુલી ઉઠ્યો, ચાલ્યો, ખંડ બ્હાર આવ્યો, પોતાના ખંડમાં ગયો, ત્યાં ગુમાન બેઠી હતી તેને જોઈ વિચારમાં પડ્યો, અને રામચંદ્રને યુવરાજ કરવાનો સમારંભ આરંભી કૌશલ્યાના મ્હેલમાંથી કૈકેયીનાં વચન સાંભળવા આવનાર બીચારા દશરથના જેવો ગુમાનને ખભે હાથ મુકી ઉભો. પળવારનું નિર્મળ સ્વપ્ન ભયંકર સત્ત્વની દૃષ્ટિએ પળવારમાં ભુલાવી દીધું.

"જઈ આવ્યા! શું કામ હતું?" આ પ્રશ્નથી આરંભી ધીમે ધીમે ગુમાને સર્વ વાત તથા સુવૃત્તિ પતિના ઉરમાંથી ક્‌હાડી લીધી અને તેની ખાતરી કરી કે આ સર્વ કામ સરસ્વતીચંદ્રનું છે. ઈંગ્રેજી વિદ્યાની કપટશક્તિ દૃષ્ટાંતથી સિદ્ધ કરી આપી. ધનનંદનને થયેલા અન્યાય સટે તેને કાંઈ બદલો વાળી આપવો શેઠને આવશ્યક લાગ્યો. "મને પુત્રે છેતર્યો" એવું વ્યલીક પિતાના મનમાં વશી ગયું, ચ્હોંટી ગયું. સ્નેહની અમીને ઠેકાણે વિષવૃક્ષનું બીજ પડ્યું. આવનાર કન્યાના મસ્તક ઉપર શંકા ભમવા લાગી–"આવા નિર્મલ પુત્રને આવું ક્યાંથી સુઝે?–ગમે તો "કન્યા કે ગમે તો કન્યાના ખટપટી બાપનું એ કામ!" સહી કરતાં શું તો કરી આપી પણ પાછળ પસ્તાવો થયો.

સરસ્વતીચંદ્રના કારભાર ઉપર હવે પિતાએ ઈર્ષ્યા અને અવિશ્વાસની ચોકી મુકવા માંડી. પુત્રના દરેક કામનું પૃથક્કરણ થવા લાગ્યું, કસોટીના કાળા પત્થર ઉપર ઉજળા સોનાના લીસોટા ઉપર લીસોટા થવા માંડ્યા અને દરેક લીસોટામાં સોનું છતાં પિત્તળ જ અપદૃષ્ટિને લાગવા માંડ્યું, જુના અને નવા મતનાં મગજો વચ્ચે ઘણાક મતભેદ થતા; નિઃશંક અને નિર્દોષ પુત્ર એમ જ ધારતો કે હજી પ્રથમની પેઠે જ તકરાર કરી મ્હારું મત ખરું દર્શાવી આપવાનો અધિકાર (હક) મને અપાય છેઃ શેઠ એ સર્વ ક્રિયાનું સૂક્ષ્મ અવલોકન કરવા લાગ્યા, વૃત્તિયે અનુરંગી વસ્તુ દેખાડી, અને "પુત્ર "પોતાના હાથ ઉપર રાખવા–મને ડાબી નાંખવા–સર્વ હાથમાં લેવા–યત્ન "કરે છે" એ આભાસ ભૂતપેઠે વ્હેમાયલા મગજમાં ભરાઈ ગયો!

ખરી ખાતરી કરવાનો ઉપાય શેઠે શોધી ક્‌હાડ્યો. ગુમાનનો ભાઈ ધૂર્ત્તલાલ બ્હેનના અંતઃકરણની કુંચી ફેરવતો. શેઠના ઘરમાં પગપેંસારો કરવાનો તેને લાગ મળતો ન હતો. હવે સમય જોઈ તેણે સમય-સૂચકતા વાપરી, કાંટાપરનું માંસ માંસલ માછલાના મ્હોમાં પેંસતું જોઈ માછીએ જાળ ખેંચી, સાળાના હાથમાં બનેવી આવ્યો. ભાઈએ બ્હેનની જીભ ઉપર પોતાની શક્તિ મુકી. "પુત્ર ઉપર ઘણોએ વિશ્વાસ રાખ્યો હતો–પણ આવું

"કહેલું સર્વ આમ ખરું પડતું જાય છે–મ્હારો વિશ્વાસ ખોટો પડ્યો—
"હવે એનું કહ્યું માન્યાવિના કેમ ચાલે ?"–શેઠે પોતાના મનને પુછ્યું. અને તેમાં ભરાયલા ભૂતે પ્રતિધ્વનિ કરીને જ ઉત્તર આપ્યો.

શેઠ એક સૂત્રયંત્ર ( સુતરની મિલ )ના મૂળ વ્યવસ્થાપક હતા. એક બે વર્ષ થયાં પોતાને ઠેકાણે મ્હોટા પુત્રને દાખલ કર્યો હતો. હવે એવો વિચાર કર્યો કે તરત પુત્રના હાથ નીચે ધૂર્ત્તલાલને દાખલ કરવો અને કાળક્રમે એને સંયુક્ત (જૉઇંટ) બનાવવા. તરત પાર પાડવા જેટલી ઇચ્છા પુત્રને કહી બતાવી. પાછલી ઇચ્છાનું ફળ–ધનનંદનનો સ્વાર્થ જળવાશે એવું–ધાર્યું. સરસ્વતીચંદ્ર ઉપર અંકુશ મુકવાની ઇચ્છિા તો પિતાની આંખે પુત્રે જોયું હત તો તરત જણાત. પણ તેની આંખ તેવી હતી નહી. એ આંખમાં તો ભરપૂર વિશ્વાસ હતો. સર્વ પ્રપંચ–બળ વિશ્વાસઘાતમાં પર્યાપ્ત થાય છે, એકનો વિશ્વાસ એ બીજાની શક્તિ છે, સારાની સારાશ એ નરસાને ફાવી જવાનું સ્થાન છે ! સામો સારો નીવડે ત્યાંસુધી તેને નરસો જ ગણી વર્ત્તવું એમાં ક્ષેમકારક સાવધાનપણું આવી જાય છે એવી એવી ઘણી કહેવતો સરસ્વતીચંદ્રને ખબર હતી; પરંતુ તેને અનુભવમાં આણવાનો પ્રસંગ તેણે કલ્પ્યો ન હતો. "મ્હારી સાથે મ્હારા પિતા દાવપેચ રમે છે"—આ વિચાર તાતવત્સલ પુત્રના મનમાં કેમ જન્મવા પામે ? પિતાએ જે ઇચ્છા જણાવી તેનો તેણે શુદ્ધ અંતઃકરણથી ઉત્તર આપ્યો.

"પિતાજી, ધૂર્ત્તલાલ આપણો સંબંધી છે અને આપણે બને તેટલું એનું
"હિત ઇચ્છિવું જોઈએ. પરંતુ એની વૃત્તિ અને વર્તણુક આપને ખબર નથી
"એમ નથી. આપણે ઉચ્ચ અને પ્રામાણિક મનુષ્ય સાથે જ ફાવે એમ છે.
"તેમ ન કરવાની શિક્ષા આપણને થશે. આપણા દ્રવ્યની હાનિ થાય તો
"હરકત નહી પણ સૂત્રયંત્રનાં ભાગસ્વામીયો (શેરહોલ્ડરો)ને હાનિ ન થવી
"જોઈએ, અને દ્રવ્યને હરકત થાય તો હરકત નહી પણ પ્રતિષ્ઠામાં ન્યૂનતા
"ન પડવી જોઈએ. જો ધૂર્ત્તલાલને કાંઈ કામે જ વળગાડવો હોય તો
"આપણા ઘરમાં ઘરના વ્યાપારમાં ક્યાં સમાસ થાય એમ નથી ? એને
"બે પૈસાની પ્રાપ્તિ કરી આપવાના બીજા નિર્દોષ માર્ગ ક્યાં નથી ?
"ગુમાનબાને સંતોષ મળે, ધૂર્ત્તલાલ સુમાર્ગે કાંઈ પ્રાપ્તિ કરે; અને આપણને
"હરકત ન થાય–એવા માર્ગ છે." આ ભાષણ નિશ્ચિત-સિદ્ધાન્તિને ઠીક ન પડ્યું. તેને વધારે શંકા થઈ.

"ભાઈ, બસ, મ્હારા મનમાં એ જ છે કે આમ કરવું."

"પણ કાંઈ યોગ્ય કારણસર કરવું એ ઉચિત છે."

"કારણ મ્હારી ઇચ્છા."

" તો જેવી ઈચ્છા. આપની ઈચ્છા એ મ્હારે મન આજ્ઞા જ છે–" માત્ર ઘરનું હિત લાગ્યું તે સૂચવ્યું."

" હવે ઠીક એ તો. આ વીશે જોજે."

" હાજી."

જન્મ્યા પછી પિતાને આમ બોલતા આજ પ્રથમ જ સાંભળ્યા. કારણ કલ્પાયું નહી, પણ કલ્પવાની જરુરે ધારી નહી. "આજ કાંઈ એમ જ હશે" એટલા વિચારથી સંતોષ આણ્યો. પોતાને દૂર કરવાનો માર્ગ શેઠ શોધે છે એવી કલ્પના પણ ન કરી. શેઠે જાણ્યું, "ઠીક ઉકલ્યું."

એટલામાં ભાગ્યશાળી ડોશી કાંઈ આકસ્મિક કારણથી માળા જપતાં જપતાં બગાસું આવ્યાથી પંચત્વ[1] પામ્યાં. લક્ષ્મીનંદનને કાંઈક દુઃખ થયું પણ મનમાં લાગેલા ડાઘને બળે તરત જ શાંત થઈ ગયું. શ્મશાનમાં સર્વ હસી હસી વાતો કરતા હતા તેમાં ભળી જતાં કાંઈ અસ્વાભાવિક લાગ્યું નહી. ગુમાન સાસુ પાછળ શણગાર સજી કુટવા ઉભી તેના ઉપર ઘડીક મોહથી દૃષ્ટિ કરી એકાંતમાં તેની તે સમયની સુંદરતા વખાણતાં તેને કાંઈ પણ ખેદ થયો નહી. ડોશીએ કરેલી વ્યવસ્થાથી અજાણ્યો પણ ન્હાનપણથી તે આજસુધી તેની માયામાં ઉછરેલો સરસ્વતીચંદ્ર ઘણો જ ખિન્ન થયો અને ઘડીવાર તેને એવી ભ્રાંતિ થઈ કે આ ઘરમાં હવે કોઈ મ્હારું સગું નથી. આત્મપ્રયાસથી તેણે મનનું સમાધાન કરી દીધું. ડોશીના ખંડમાંથી ચંદ્રલક્ષ્મીની છવિ અને બીજી કંઈ કંઈ સ્મારક વસ્તુઓ પોતાના ખંડમાં આણી તેના ભણી જોઈ રહેતો. ડોશી બેસતી, વાતો કરતી, માયા બતાવતી, ઈત્યાદિ કંઈ કંઈ બનાવોનો તાદૃશ ચીતાર મનમાં ખડો કરી ઘડીક તદ્રૂપ બનતો અને વ્યવહારમાં ચિત્ત પરોવવા પ્રયત્ન કરતો. ડોશીના દ્રવ્યનું શું થયું તેનો તેણે વિચાર પણ ન કર્યો.

ગુમાનને નામે અને અર્થે શેઠે ઘણા દિવસ થયાં એક સારી રકમ ક્‌હાડી મુકી હતી, સરસ્વતીચંદ્ર પોતાની સાથે વ્યવહારમાં ભળ્યો તેવામાં એ રકમ કોઈ સારા 'શેર'માં રોકી દેવા શેઠની ઈચ્છા હતી, પણ મ્હોટા પુત્ર ઉપર તે સમયે ભાવ હોવાથી તેનો અભિપ્રાય પુછ્યો. સ્ત્રીયોના દ્રવ્યને ચાલતા સુધી શેરમાં રોકવું નહી એવો વિચાર હોવાથી પુત્રે સલાહ આપી કે આ દ્રવ્ય સરકારી 'લોન'માં નાંખો. પિતાએ તે જ પ્રમાણે કર્યું. એ જ સમયમાં ચંદ્રલક્ષ્મીના નામની સરકારી 'લોન' હતી તે વટાવી પોતે

---

૧. મરણ.

સગીર મટતાં સરસ્વતીચંદ્રે શેર–ઇત્યાદિ વ્યાપારમાં તે દ્રવ્ય નાખ્યું. હાલ એમ થયું હતું કે રશિયા સાથે લ્હડાઈની કિંવદંતી (જન–વાર્ત્તા) ચાલતી હતી અને લૉનની ખરીદી બંધ થવા જેવી થઈ અને ભાવ બેસી ગયા. સરસ્વતીચંદ્રવાળા શેરના ભાવ ઘણા જ ચ્હડી ગયા અને તેને ઘણો લાભ મળ્યો. શેઠના મનમાં આવ્યું કે પુત્રે જે સલાહ આપી હતી તે જાણી જોઈ ગુમાનને નુકસાન કરવા આપી હતી. પોતાની બાબતમાં એક અને પારકી બાબતમાં બીજી સલાહ આપી–તેનો અર્થ શો નીકળે ? પ્રીતિ અને વિશ્વાસ ખોટામાંથી સારો અર્થ શોધાવે; અપ્રીતિ અને અવિશ્વાસ સારા હેતુમાં ખોટાનું ભાન કરાવે.

એક દિવસ ભોજન કરી બપોરે પિતા અને પુત્ર બે ઘોડાની 'ફ્રાઈટન' માં બેસી 'આફીસ' માં ચાલ્યા. નીકળતાં પ્હેલાં ગુમાને શેઠને તૈયાર કરી મુક્યા હતા. ડોશીના દ્રવ્યની વ્યવસ્થા, પુત્રની વહુ અને સાસરીયાંની સત્તા, અને આજ જ બજારભાવમાં ઉથલપાથલથી થયેલા વિચાર; એ સર્વેયે શેઠનું ચિત્ત ઉકાળ્યું હતું અને તેમાં ગુમાને પુષ્કળ સંભાર ભર્યો હતો. ઘર છોડી ગાડી જરાક ચાલી એટલે શેઠે વાત ઉપાડી.

"ભાઈ, બજાર ભાવ જાણ્યા ?"

"હા જી, સારા ભાવ છે." પોતાને થયલો લાભ પિતાને પુત્રે ઉત્સાહથી જણાવ્યો.

"નોટ તો બેશી ગઈ છે."

"હા જી. પણ આ તોફાન બંધ થશે એટલે ઠેકાણે આવશે."

"ને રશિયાવાળો આવશે તો ?"

પુત્ર હસ્યો. "પિતાજી, વાર લાગશે એમ થતાં."

"ત્હારી નોટો તો ત્હેં વેચી દીધી."

"હા જી."

"ઠીક"–શેઠ પુત્ર સામું જોઈ રહ્યા. ઝાઝી વાર મનમાં ઉભરો રહી શક્યો નહી અને પુત્રે વાત ટુંકી કરી એટલે નિત્ય સ્વભાવ ભુલી શેઠ ઉભરા ક્હાડવા માંડ્યા.

"ભાઈ, હું બહુ દીલગીર છું ત્હારી બાબતમાં. મ્હારે તને કાંઈ ક્હેવું પડશે."

આ અપૂર્વ અને અતર્કિત મંગળાચરણ સાંભળી પુત્ર વિસ્મય પામ્યો.

"હા જી, આપ મને નહી ક્હો તો બીજું કોણ ક્હેશે ?"

"જો સાંભળ. ઘણા દિવસથી હું કાંઈ બોલતો નથી પણ માત્ર
"જોયાં કરું છું. ત્હારામાં દિવસે દિવસે ઘણો ફેર થતો જાય છે. એનું
"કારણ પ્રથમ તો હું સમજી શકતો ન હતો. પણ વિચારતાં અને
"જોતાં એમ માલમ પડે છે કે ત્હારું ચિત્ત સ્વતંત્ર નથી."

"ત્હારો વિવાહ કર્યો તે ત્હારા સુખને અર્થે. પણ એમાંથી જ
"કુટુંબમાં ક્લેશ ન થાય તે જોવું એ ત્હારી ફરજ છે. કેટલાક
"જુવાનીયાઓ ન્હાનપણમાંથી વહુઘેલા થઈ જાય છે અને વહુરો તેનો
"ગેરલાભ લેવા ચુકતી નથી. વરને ભંભેરી તેને હાથે સકળ કુટુંબનું અહિત
"કરાવવા તે તત્પર હોય છે. જે વહુરો પરણ્યા પ્હેલાં આમ કરાવે તે
"પછીથી શું ન કરાવે તે સમજાતું નથી. પણ વરનું કાળજું ઠેકાણે હોય તો
"આ કશાની અડચણ નહી. ત્હારે જ આમ છે એમ મ્હારું ક્હેવું નથી.
"હું તો હૃતાર્થ ઉપર કહું છું કે ખબર હોય તો ચેતતા રહેવાય!"

ઉત્તર દેવાની કાંઈ પણ વૃત્તિ સરસ્વતીચંદ્રના ચિત્તમાં હતી તે સર્વ બંધ થઈ ગઈ. શેઠે મર્યાદા તોડી પણ પોતાથી તુટે એમ ન હતું: "નિર્દોષ પવિત્ર કુમુદસુંદરી! પ્રિય કુમુદ!" એ ઉચ્ચાર ચિત્તે ચિત્તમાં જ કર્યો. તેના સામો આ, નિર્મળ અપવાદ સરસ્વતીચંદ્રના કાનમાં પેંસતાં જ ચિત્ત વીંધાયું, "અરરરરરર! આ પિતા! આ બોલે છે શું! આનો ઉત્તર
"દેવાની કાંઈ જરુર નથી! પ્રિય કુમુદ–મ્હારા ચિત્તમાં અને ઈશ્વરને ઘેર
"ત્હારો પવિત્ર ઉત્કર્ષ સિદ્ધ છે. આ અપવાદ ત્હારી પવિત્રતાનું તેજ
"વધારે છે."

તે રાતો પીળો થઈ ગયો. રોષ તેના આખા અંગમાં વ્યાપી ગયો. મ્હોં લાલચોળ થઈ ગયું. તેની સહનશક્તિ ઘણી હતી પણ તે પોતાની જ બાબતમાં હતી. "મ્હારી કુમુદ! ત્હારી બાબતમાં આ કેમ સહું–હું
"ઈશ્વરનો અપરાધી ન થાઉં?" આટલું છતાં સર્વ વિકાર તેણે ચિત્તમાં જ રાખ્યો, પ્રિય વસ્તુની વિમાનના પ્રિય પિતાને હાથે જ થતી જોઈ તીવ્ર વેદના થવા લાગી તે જણાવી નહી, અને એક શબ્દ બોલ્યા વિના પુત્રે પિતાના શબ્દપ્રવાહનો રજ પણ પ્રતિરોધ ન કર્યો.

સદયનિર્દયપણાનો ભેદ ન સમજનાર શેઠે જેટલું ક્હેવાયું એટલું કહ્યું. વિદ્યાચતુરની પરીક્ષા કરવામાં પોતે છેતરાયો, ગુમાનભણી દયા દર્શાવી, તેના પ્રતિ સરસ્વતીચંદ્રના વ્યક્તાવ્યક્ત ધર્મ કહી બતાવ્યા, કુમુદસુંદરી આગળ ઘેલા બની જવાનો પુત્રપર આરોપ મુક્યો, સ્ત્રી અને શ્વશુરને વશ થયેલાં માણસ બાયલાં ક્હેવાય એ ભાન આપ્યું. વાલુકેશ્વરનો બંગલો વગેરે વિષયમાં પૈસા

ચેડફી માર્યા જાણી ખેદ થયો બતાવ્યો, આવા ઉડાઉ પુત્રના ભવિષ્ય બાબત ચિંતા કરી, અને અંતે ગુમાનને લોન લેવરાવી પોતે શેર લીધા અને વિશ્વાસના બદલામાં ઉંધી સલાહ આપી તે સારું તિરસ્કાર પણ દેખાડ્યો, "ડોશીવાળા "લેખમાં મ્હેં તો મ્હારાપણા ઉપર જઈ સહી કરી આપી પણ ત્હારે એ "લેખ આમ કરાવી લેવો ઘટતો ન હતો" તે વાત ફુલાશ મારી કહી બતાવી. "ધૂર્ત્તલાલની બાબતમાં તું તો ના ક્હેવા ગયો પણ ચાલ્યું નહી એટલે શું કરે." એ પણ કહ્યું. "તું ભણ્યો પણ ગણ્યો નહી," "આજ તો કાંઈ પણ મ્હારી "ગરજ ત્હારે હોવી જોઈએ," "ઇંગ્રેજી ભણી માથું ફેરવી બેઠાથી પૈસો ન મળે," "એમ ન જાણવું કે કાયદો જાણ્યો એટલે બાપ પણ 'જી! લબ્બે!' કરશે:" ઇત્યાદિ કંઈ કંઈ અસહ્ય વચન કહી બતાવ્યાં, સોંપેલા વ્યાપારકાર્યમાં કંઈ કંઈ ભુલો ફ્હાડી; અને બુદ્ધિમાં, અનુભવમાં, આવડમાં, વ્યવહારમાં, સારાંશમાં પિતૃભક્તિમાં અને એવી કંઈ કંઈ બાબતોમાં પુત્ર પુછાત છે તેને વીશે લાંબું બળવાન્ ભાષણ કર્યું.

સરસ્વતીચંદ્ર શેઠે કહેલી ઘણીક બાબતોનો મર્મ ન સમજ્યો, ઘણી બાબતો નવાઈ ભરેલી લાગી, ગુમાનનો પ્રતાપ પૂર્ણ કળી ગયો, પોતાની સ્થિતિ જોઈ લીધી, પિતાની અપ્રીતિનો પૂર્ણ આવિર્ભાવ અનુભવ્યો, અન્યાયની હદ જોઈ, મૂર્ખતાનું શિખર નજરે પડ્યું, ઉત્તર વાળવો પુત્રધર્મ-વિરુદ્ધ જણાયો, શબ્દ પણ બોલવો નિષ્ફળ લાગ્યો, અને પોતાની મનોવૃત્તિ દેખાડવી એ પોતાના પદના ત્યાગ જેવું ધારી નીચું જ જોઈ રહ્યો, મ્હોંને બંધ જ રાખ્યું, પિતાની મૂર્ખતા ઉપર વિચાર પણ ન કર્યો, અને માત્ર "હવે મ્હારે શું કર્ત્તવ્ય" તેના સંકલ્પવિકલ્પની સૃષ્ટિમાં ડુબી ગયો. આ સમાધિમાં શેઠના શબ્દ નીકળવા છતાં તેના કાનની બ્હાર ઉભા. તેના ગાલ ઉપર શેરડા પડ્યા, કપાળપર પરસેવો વળ્યો, બંડી ભીંની થઈ ગઈ. શરીરે પળે પળે રોમાંચ અને કંપ અનુભવ્યો, આંખો મીંચાયા જેવી થઈ ગઈ, મન ખેદમય બન્યું, મસ્તિક ગુંચવારામાં પડ્યું, પેટમાં આંકડી આવી, આંકડી ગણકારી નહી, અને સર્વને અંતે આંખની કીકી અને પોપચું તે બેની વચ્ચે પાણી ભરાયું, તેમાંથી એક ટીપું પડ્યું, અને તે કોઈએ દીઠું નહી. શેઠની જીભ આખરે થાકી પોતાની મેળે જ બંધ પડી, અને એટલામાં "આફીસ" આવતાં શેઠ ભભકાભેર શિક્ષા કરનાર ન્યાયાધીશની ઢબથી ઉતર્યા, અને તરત જ ઉંઘમાંથી જાગ્યો હોય એવો પુત્ર ધીમે રહી ઉતરી પાછળ ગયો. આજ એ કોઈનો ન હતો. તેનું માથું ફરી ગયું.

આફીસમાં જઈ તરત ચીઠ્ઠી લખી ધૂર્ત્તલાલને બોલાવ્યો. આખો દિવસ તેને આફીસની હકીકતથી વિદિત કરવામાં ગાળ્યો. દિવસને અંતે

પિતાપાસે ધૂર્તલાલને લેઈ ગયો અને ધૂર્તલાલને મ્હોડે જ પિતાની ફરી ગયેલી વૃત્તિને અનુકૂળ સંતોષ આપે એવો ઉત્તર દેવડાવ્યો, બીજે દિવસે આફીસમાં જઈ પોતાના હાથમા જે જે વસ્તુઓ હતી તે પિતાને દેખાડી. શેઠને કાંઈક અનુકૂળ નવાઈ લાગી અને પુછ્યું કે આ બધી શી ગરબડ છે? પુત્રે ઉત્તર દીધો કે "કાંઈ નહી, સહજ જ." સાંઝે પિતાની સાથે ઘેર ગયો અને "હું આજ વાલુકેશ્વર બંગલે ખાવાનો તેમ જ સુવાનો છું" કહી નીકળ્યો. ઘરમાં નિત્યના જેવો માણસોનો તથા કામનો ગરબડાટ હતો તેપર ઉદાસીનવૃત્તિ થઈ ગઈ અને દીવા થતાં બે ઘોડાની ફાઈટનમાં નીકળ્યો. રસ્તે જતાં ચંદ્રકાંતને સાથે લીધો. ચોપાટીના રસ્તાપર સમુદ્રપરથી આવતી ભીની ઉત્સાહક પવનની લ્હેરોથી તે શાંત થયો નહી. પાસેના કાળા ડુંગરો ઉપર દૃષ્ટિ કરતાં અદ્ભુત વૃત્તિ તેણે અનુભવી નહી. મિત્રની સાથે આખો રસ્તો વટાવતા સુધી કાંઈ બોલ્યો નહી. ટેકરીપર ધીમે ધીમે ઘોડા ગાડીને જોરથી ખેંચતા ચ્હડતા હતા. વખતે કોણ જાણે અકસ્માત્ કે કોણ જાણે કાંઈ કારણથી શિથિળ થયેલો સરસ્વતીચંદ્ર મિત્રના શરીરપર પડી ચમક્યો હોય તેમ સજ્જ થયો. રસ્તે ચાલતા હવા ખાતા ચિત્રરંગી લોકવર્ગ ઉપર, ગાડીઘોડાઓ ઉપર, હાડકાંના ભાગલા શેઠીયાઓ ઉપર, સંસારનાં નિઃસ્પૃહી આનંદી બાલકો ઉપર, પત્થરોપર, બેઠેલી મિત્રતા ઉપર, ન્હાની ગુટકો ઝાલી બડબડી બંદગી કરતા ઘડીક પવિત્ર થતા પારસીઓ ઉપર, ઘોડા દોડાવતાં પરપ્રમત્ત યુરોપિયન દમ્પતીયો ઉપરઃ કશા ઉપર સરસ્વતીચંદ્રે દૃષ્ટિપાત કર્યો નહી. કોલાબાની દીવાદાંડી અને વાલુકેશ્વરની અણીની વચ્ચે આથમતા ગરીબડા સૂર્યને કાંઈ પુછતો હોય, ફીણ ઉરાડતા ગર્જતા અનાદિ લાગતા સમુદ્રપર છેટે કોઈ પ્રદેશ જોતો હોય, વિશાળ આકાશમાં ઉતરતા અંધકારને માપી લેવા ઇચ્છતો હોય, તેવો તે દેખાતો હતો. એમ કરતાં કરતાં બંગલો આવ્યો, પાણીદાર ઘોડા ખોંખારા કરતા અંદર વળ્યા, ચાબુક વીંઝાતી બંધ થઈ, વાડીમાંની લીલોતરી આંખનો સત્કાર કરવા યત્ન કરવા લાગી, ગાડીનાં ચક્ર નીચે કચરાતી હતી તે કઠણ ન્હાની કાંકરી ગાડીમાં બેસનારના અભિમાન અને પ્રમાદને ભેદી તેના કાનમાં ફરીયાદીનો શબ્દ મોકલવા મંડી, એટલામાં ગાડી દ્વારમાં પગથીયાં આગળ આવી ઉભી અને બેસનાર ઉતર્યા. તરત જ નવા કરાવેલા ખંડમાં ગયા. સામી કુમુદસુંદરીની છવિ હતી. ચંદ્રકાંતને ખભે હાથ મુકી સરસ્વતીચંદ્ર ઘડીક તે છવિ જોઈ રહ્યો, છવિની પાસ ગયો, પાછો આવી મિત્રને ગળે બાઝી એક ડીનબાબી ગાદીવાળા કોચપર જોરથી તેને બેસાડ્યો અને તેના ખભા ઉપર માથું મુકી ન્હાના બાળક પેઠે રોયો! રોયો નહી પણ રોયો!

ચંદ્રકાંત ચમક્યો, મિત્રને ઉઠાડી, સામું જોઈ, ધીરજ આપીઃ "ભાઈ, ભાઈ–આ શું? ધૈર્ય રાખો! શું છે આ?"

"ચંદ્રકાંત! ચંદ્રકાંત! કાંઈ કહેવાનું નથી. ધૈર્ય જ છે. શું હોય! "કાંઈ નથી."

"ત્યારે આ શું?" ચંદ્રકાંતનું હૃદય ઓગળ્યું અને ધડકવા લાગ્યું.

"કહીશ."

પોતાની મેળે જ આંખો લોહી પિતાની સાથે બનેલા સર્વ વર્તમાન ધીરજથી કહી બતાવ્યા. પોતે ધૂર્ત્તલાલને સર્વ સોંપી દીધું તે પણ કહ્યું અને એકદમ હૃદય કઠણ થઈ ગયું હોય એમ ટટાર થઈ બેઠો.

"ચંદ્રકાંત, મ્હારું મન આજ આટલું નિર્બલ ઘડીક થયું તેથી "મને ઘણી શરમ આવે છે. પણ શું કરું? હું છેક આમ ન્હોતો જાણતો. "હશે. ઈશ્વરને ગમ્યું તે ખરું."

"ભાઈ, શા વાસ્તે આમ કરો છો? તમારો દોષ નથી. પણ "તમે આ ઉતાવળ કરી તે ઠીક ન કર્યું."

"ચંદ્રકાંત, પિતાનું દ્રવ્ય આજથી મ્હારે શિવનિર્માલ્ય છે!"

"શાંત થાઓ. એમ શું બોલો છો? કાંઈ તમારે સારું માર્ગ નથી "એમ તો નથી?"

"ના, ના, તે માર્ગ નથી જોઈતો મ્હારે. માર્ગ ન હોય તે ત્યાગ "કરે એ તો वृद्धा नारी पतिव्रता. પિતાના મનમાં એમ જ આવ્યું કે "હું દ્રવ્યને લીધે જ એમનો સંબંધી છું. હવે એમને મ્હારી ચિંતા "નથી–મ્હારો વિશ્વાસ નથી. ભલે ચિંતા નથી તો સારું છે. અવિશ્વાસ "હું દૂર કરીશ. એ સર્વ દ્રવ્ય હું ગુમાનબા અને ધનભાઈને આપી "દેઉં છું. ઈશ્વર એ દ્રવ્ય તેમના હાથમાં અચલ રાખો. મ્હારે મન "નિર્ધનતા કઠણ નથી."

"જાઓ, જાઓ, એમ શું કરો છો? ઈશ્વરે તમને વિદ્યા ક્યાં નથી "આપી?"

"વિદ્યા વેચવા હું ઈચ્છતો નથી. પેટની મને ચિંતા નથી. દ્રવ્ય મ્હારે "જોઈતું નથી–તે નિરુપયોગી છે. તને ખબર છે કે માત્ર પિતાના સ્નેહને "વાસ્તે જ હું સંસારી હતો, અને એ સ્નેહ હવે નથી!"

"કોણે કહ્યું કે દ્રવ્ય નિરુપયોગી છે?"

"હવે જાણ્યા, જાણ્યા ત્હારા વિચાર. દેશહિત, લોકહિત, અને "આત્મહિત ત્રણે વાનાં દ્રવ્ય વિના સિદ્ધ થઈ શકે છે. પછી આપણામાં "જ ખામી હોય તો કોઈ શું કરે?"

"ત્યારે તમે ધર્માસન આગળ ધંધો કરો. તમને ક્યાં અનુકૂળતા નથી?"

"મૂર્ખ, તને ખબર નથી કે તેનો પ્રથમથી જ મને તિરસ્કાર છે? "શું ઉદરનિમિત્તે હું અણગમતા સંસારમાં ઝબકોળાઈશ?"

"ત્યારે વ્યવહારનો પુરુષાર્થ શો?"

"ચંદ્રકાંત, હવે બસ કર. મ્હારે આ વાદવિવાદ નથી જોઈતો."

"તો વગરધંધે તમે ક્યાં રહી શકો નહીં એમ છે? એક લાખ "રુપીઆ તમારા છે–લાખ રુપીઆ ડોશી આપી ગયાં છે."

સરસ્વતીચંદ્ર ચમક્યો, ચંદ્રકાંતે ડોશીના સર્વ સમાચાર કહ્યા. સરસ્વતીચંદ્ર નારાજ થયો. પણ હવે ઉપાય ન રહ્યો. કુમુદસુંદરીનું દ્રવ્ય કોઈને આપવા તેને અધિકાર ન હતો.

"ચંદ્રકાંત એનું ગમે તે થાય. મ્હારે તો દ્રવ્ય જ નથી જોઈતું."

"તમે તો ઘેલા છો. તમારું દ્રવ્ય–તમે જુદા રહો પિતાથી. "સંતોષમાં વસો, વિદ્યા વધારો, પરમાર્થ કરો, અને કુમુદસુંદરીને "આનંદ આપો."

"પણ હું પિતાથી જુદો તો ન રહું. વળી વિચાર કે આ દ્રવ્ય "જોઈ વિદ્યાચતુરે સંબંધ બાંધ્યો. હશે. તેને કેવું થશે? તેનાથી વિવાહ "ફોક પણ નહી થાય."

"હવે કાંઈ પરમેશ્વરને પાડે હતા તેવા શાણા થાઓ. તેણે "તમને જ જોયા છે–બીજું કાંઈ નથી જોયું."

"પણ ચંદ્રકાંત, રંક અવસ્થાનાં સુખદુઃખ, ગ્રહોના જેવી "નિરાધાર સ્થિતિ, સંસારના ધક્કા, નિર્ધનતાના અંધકારમાં ઢંકાયલાં "રત્ન, અવિદ્યાના પ્રદેશ અને એવું એવું ઘણુંક જોવાનો મ્હારો અભિલાપ "છે અને આ અનુકૂળતા થઈ ગઈ છે."

"પણ લોક શું ક્હેશે?"

"મૂઢ, અપકીર્ત્તિ મને ભયંકર નથી. કીર્ત્તિ અપકીર્ત્તિ એ જુઠાં "ત્રાજવાં છે, ઉંઘતાંનાં સ્વપ્ન છે, સ્વપ્નનાં સત્ત્વ છે, એ ગ્રાહ્ય પણ નથી, "હેય પણ નથી."

"વારું, કુમુદસુંદરીનો વિચાર કર્યો?"

" એનો વિચાર ઈશ્વરને સોંપુંછું. ટુંકા પ્રસંગથી ઉત્પન્ન થયેલો સ્નેહ
" ટુંકા સમયમાં શાંત થશે. કોઈ સારો વર મળશે એટલે મને ભુલી જશે."

" તમે ભુલ કરો છો. એ મુગ્ધાને તમે હાનિ પ્હોંચાડી તો અત્યંત
" પસ્તાશો અને ઈશ્વરના અપરાધી થશો. તમારા ચિત્તમાંથી પણ
" એ ખસનાર નથી."

" મ્હારા ચિત્તની વાત હું વધારે જાણું."

" તે જાણતા હો ત્યારે જોઈએ શું? તમે તો માત્ર ઘેલા ઘેલા
" અભિલાષ કરી જાણો છો અને બીજા મનમાં ડાળી રાખે તેને મ્હાર
" ફ્હાડી અનુભવમાં આણવા ઈચ્છો છો. એ મૂર્ખતાનું લક્ષણ."

" તું બહુ બોલે છે હાં!"

" હું તો બોલું છું પણ તમે બોળવા ઉભા થાવ એવા છો. બારિસ્ટર
" બન્યા, આટલી કીર્ત્તિ મેળવી, આવો સ્નેહ બાંધ્યો, આટલા શ્રીમંત
" અને વિદ્વાવાન્ થયા–તે આ વિચાર તો કરો કે શું કરવા ધારો
" છો! આ તો મૂર્ખતમ. બીજો કોઈ બારિસ્ટર આ દશામાં પડ્યો હોય
" અને તમે તેને જોઈ શું ક્હો તે કલ્પો તો ખરા!"

" ત્યારે હું શું કરું?"

" જે જે શક્તિ અને સુંદરતા તમારામાં છે તેનો સારો જયવંત
" ઉપયોગ કરો, એ જ! આમ જોગી જેવા બાયલા બની સંસાર દુસ્તર છે
" માટે તરવું નહીં એવો વિચાર ન કરો; પાછળ અમને શું થશે તે વિચારજો."

સરસ્વતીચંદ્ર ઉંડા વિચારમાં પડ્યો. બેઠો હતો તે કોચ ઉપર માથું ઢાળી દીધું અને અર્ધ મીંચેલી આંખો ઘડી શૂન્ય થઈ. થોડીક વાર ચંદ્રકાંતને ખભે હાથે મુકી દયામણે પણ ધીર ગંભીર અને શાંત સ્વરે બોલવા લાગ્યોઃ–

" ચંદ્રકાંત! પ્રિય ચંદ્રકાંત! ત્હારી મિત્રતાનો બદલો હું વાળી શકવાનો
" નથી. ધર્માધિકારીયો છેલ્લો અભિપ્રાય બાંધતાં પ્હેલાં પક્ષવાદ સાંભળે છે.
" પણ મનુષ્યના ગાંડા ઘેલા ઉતાવળા અભિપ્રાય પ્રવાહી મટી સ્થૂળઘન
" નિશ્ચયરૂપ થઈ જાય છે અને તે એકાંતમાં જ થાય છે તેનો પક્ષવાદ કરનાર
" મિત્ર વિરલ જ હોય છે. ત્હેં મને ઘણું કહ્યું છે, પ્રતિકૂળ પણ હિત
" કહ્યું છે, પણ મ્હારી વાત મ્હારા ચિત્તમાંથી ખસતી નથી."

" પ્રિય કુમુદ–નિર્મળ કુમુદ–એને વાસ્તે જે વચન હું સાંભળી રહ્યો–
" તે ખરેખર મ્હારી શક્તિ ઉપરાંતનું કામ મ્હેં કર્યું છે. ગમ ખાધી. પણ
" મ્હારા અંતઃકરણમાં જે ઉંડો ઘા એ વચનથી પડ્યો છે તે રુઝતો નથી–
" ખમાતો નથી."

"પિતાપ્રતિ મ્હારો ધર્મ હું જાણું છું. પણ તે ધર્મને શરણ થઈ પત્ની-
"પર જુલમ કરવો એ મ્હારો ધર્મ છે એમ મ્હારાથી કદી પણ સમજાય
"એમ નથી. પત્ની પોતાનાં માતાપિતાપ્રતિ પોતાના ધર્મના કરતાં પત્ની-
"ધર્મને કેવળ વશ થાય છે; અને માતા પિતા ખરાં–પણ 'પતિ પ્હેલો' એ
"શાસ્ત્રશાસનને સ્વીકારે છે. પતિનો પતિધર્મ શું જુદી જાતનો છે ? જો કોઈ
"પણ શાસ્ત્ર એમ ગણતું હોય કે માતાપિતાનો ભીજાજ જાળવવા પત્નીપર
"જુલમ કરવો–તેને અશરણ કરી દેવી–તો તે શાસ્ત્ર મ્હારે માન્ય નથી.
"એક આંખે માતાપિતા જોવાં અને બીજી આંખે પત્ની જોવી–અથવા તો
"એની એ બે આંખોયે બેને જોવાં એ પતિધર્મ હું માન્ય ગણું છું.

"प्रेयो मित्रं बन्धुता वा समग्रा
"सर्वे कामाः शेवधिर्जीवितं च
"स्त्रीणां भर्ता धर्मदाराश्च पुंसाम् ॥[1]

"આ ઉત્તમ વચન મ્હારે માન્ય છે. પરણ્યા પછી સ્ત્રીને લેખામાં ન
"ગણે, તેને નિરાધાર બનતી જોઈ બળે નહી, અને કેવળ આમારી આજ્ઞા-
"માં જ ર્‌હે એવો પુત્ર ઇચ્છનાર પિતાએ પુત્રને પરણાવવો જ નહી એ
"ઉત્તમ છે. હું એવો પુત્ર હઉં એમ જોવા પિતા ઇચ્છે છે તે લગ્ન પ્હેલાં
"મ્હેં જાણી લીધું તે હું મ્હારું મ્હોટું ભાગ્ય સમજું છું. લગ્ન પછી જાણ્યું
"હત તો હું એમની ઇચ્છા પુરી ન પાડી શકત અને તેથી એમને
"અને મને ઉભયને નિરુપાય ખેદ થાત."

"લગ્નથી મ્હારે અને કુમુદને સગપણ થાય, પણ પિતાને શું ?
"પિતાને મન હું પુત્ર, પણ કુમુદ એમને મન શા લેખામાં ! ચંદ્રકાંત ! આ
"કારણનું કાર્ય અસહ્ય થાય તે જોવા હું ઇચ્છતો નથી. કુમુદ મ્હારા
"ચિત્તમાંથી ખસવાની નથી–એના હૃદયનું લાવણ્ય મ્હારા મસ્તિકને ઘેલું
"બનાવી મુકે છે તેમ જ સદૈવ બનાવશેઃ એનાથી છુટાં પડતાં મને અસહ્ય
"વેદના થશે તે હું સારી રીતે જાણું છું. કુમુદને પણ વેદના થશે. પણ
"મ્હારે મન પિતા ખરા અને તે ખરા જ ર્‌હે એટલા માટે હું લગ્નપ્રસંગ
"નહી આવવા દઉં, પિતાને ખાતર હું દુઃખ સહીશ, બીજાને પરણી
"કુમુદ મને કાળક્રમે ભુલશે. મને પરણી આ કુટુંબમાં આવી તે સુખી
"નહી થાય, તેને કોઈ નીરાંતે બેસવા નહી દે–માટે..."

---

૧. સ્ત્રીને મન પતિ, અને પતિને મન ધર્મદારા પરસ્પરનાં અતિપ્રિય મિત્ર, સગામાં સગાં સર્વ ઇચ્છારૂપ, ઉત્તર દ્રવ્યના ભંડારરૂપ અને (બીજું તો પછી પણ) જીવિતરૂપ છે.—માલતીમાધવ.

એટલું બોલતાં બોલતાં તે ગળગળો થઈ ગયો. વળી સજ્જ થઈ બોલ્યોઃ–

"તું કહીશ કે તમે જુદા રહો અને કુમુદ સુખી થશે. પણ "એટલું શાને જોઈયે? પિતાથી જુદાં વસવું–તેમની દૃષ્ટિયે પ્રતિસ્પર્ધી "જેવા લાગીયે–એ તો કલ્પના પણ દુઃખકર છે. વધારે દુઃખકર "એટલામાટે કે એથી પિતા દુઃખી થાય અને તેમની જ અપકીર્ત્તિ "થાય તે મ્હારે જોવી પડે. એમનું સુખ એ મ્હારું લક્ષ્ય છે."

"પ્રસિદ્ધપણે જુદો રહું તેના કરતાં અપ્રસિદ્ધતામાં લીન થાઉં "તો કાંઈ હરકત નથી. એથી કાંઈ અપકીર્ત્તિ થશે તો મ્હારી જ થશે "અને તેનો મને ડર નથી. મ્હારી ખોટ ધનભાઈથી સપુત્ર પિતાને "પડનાર નથી. ગુમાનબાને મનથી ફાંસ જશે. પિતા સ્વસ્થ થશે. "મ્હારાપર પ્રીતિ નથી એટલે પિતાને વિયોગદુઃખ થવાનું નથી. આટલા "શ્રીમંત એમને જોઈને જાઉં તો એમની બાબત હું નિશ્ચિંત રહીશ."

"મ્હારા મનમાંથી તો એ ખસવાના નથી. પણ કુમુદ વિસરાવાની "નથી તે એક દુઃખ છે તો આ બીજું? તું પણ ક્યાં વિસારે પડે "એમ છે! ચંદ્રકાંત, પણ તું તો વ્યવહારજાળમાં લપટાયલો રહીશ "અને તેમાં તથા દેશસેવામાં ગુંથાતાં મને સંભારવાનો અવકાશ નહી "મળે–પણ પિતાને કદીક સાંભરી આવું તો તેમને આશ્વાસન આપજે, "હોં! તને પણ સાંભરીશ પણ વિદ્યાનો ઉપયોગ મને વિસારવામાં "કરજે! ચંદ્રકાંત, પિતાની સંભાળ રાખજે...મને તું પણ સંભારજે–"

ચંદ્રકાંતનું અંતઃકરણ નરમ થઈ ગયું: તેનું હૃદય ભરાઈ આવ્યું. મિત્રનો હાથ ઝાલી બોલ્યોઃ–"શું મિત્ર, આમ શું કરો છો? હું ધારું "છું કે તમે બોલો છો એટલા નિર્દય નહી થાઓ."

ચંદ્રકાંત વ્યાવહારિક દૃષ્ટિવાળો હતો. બીજી વાતમાં મિત્રને નાંખવાથી તેના તરંગ શાંત થશે એમ ધારી ચાલતી વાત ભુલાવી બીજી વાતો ફ્હાડી. સરસ્વતીચંદ્ર શાંત થયો લાગ્યો અને રાત્રિના અગીઆર વાગે બે મિત્રો જુદા પડ્યા. જુદા પડતાં પડતાં પાછળ સરસ્વતીચંદ્ર દોડ્યો અને ચંદ્રકાંતને એક પેટી આપી કહ્યું: "ચંદ્રકાંત, આ અત્યારે ત્હારી સાથે "લેઈ જા. એ વીશે કાંઈક સૂચના મ્હારે તને પ્રાતઃકાળે કરવાની છે."

"મિત્ર, મને એમ થાય છે કે આજ હું અંહીયા જ સુઉં."

"ના, ના, ગંગાભાભી મને બે ઘડી શાપ દે."

"ના, નહી દે. પણ મને તમારા ચિત્તનો વિશ્વાસ પડતો નથી."

સરસ્વતીચંદ્ર હસ્યોઃ "જા, જા, બહુ વ્હેમી ન થવું. મન જ નિરંકુશ
" થશે તો અંહી રહી તું શું સાચવશે? જો પેટી સંભાળજે હોં!"

"તમે સાહસિક છો તે ચિંતા."

"જા. જા, હવે."

"પણ જો જો હોં!"

"ઠીક, મને પ્રાતઃકાળે તેડવા ગાડી મોકલજે."

ગાડીમાં બેસી પેટી લેઈ ચંદ્રકાંત ગયો, પેટીવીશે પ્રાતઃકાળે સૂચના થવાની છે જાણી તે નિર્ભય બન્યો. પ્રાતઃકાળ થયો. સાત વાગ્યા, આઠ વાગ્યા, પણ ગાડી આવી નહી. તેના પેટમાં ફાળ પડી. ભાડે ગાડી કરી બંગલે ગયો. બંગલે માળી વિના કોઈ મળે નહી. માળી કહે, "ભાઈ
" ગાડીમાં બેસી ચોપાટીપર મળસ્કાના ફરવા ગયા છે." ચંદ્રકાંતે ચોપાટીપર ગાડી દોડાવી. મુંબાઈના નાગરિકોનું ચોપાટી એ પ્રિયસ્થાન છે. અર્ધે સુધી સમુદ્રતટ અને તેની જોડે બાંધેલો રસ્તો છે. આગળ ચાલતાં "રેલવે" ની સડકનું "ક્રૉસિંગ" આવે છે તે ઓળંગતાં "ચર્નીરોડ" સ્ટેશન છે. સરસ્વતીચંદ્રની ગાડી ચંદ્રકાંતને સમુદ્રતટપર ઉભેલી મળી. ગાડીવાન કહે "ભાઈ આગળ પગે ફરવા ગયા છે.
" પણ ક્યારના પાછા ફર્યા નથી. મને આ ચીઠી આપી છે ને કહી
" ગયા છે કે ત્હારી પાસે રાખી મુક, ઘેર જઈ ચંદ્રકાંતને આપવાની છે."

ચંદ્રકાંતનો જીવ ઉડી ગયો. ચીઠી લેઈ વાંચી.

"પ્રિય ચંદ્રકાંત!

"તું મને શાંત કરીને રાત્રે ગયો હતો. હું શાંત થયો હતો જ.
" પણ આખી રાત મ્હેં વાડીમાં ફર્યા કર્યું છે. ઘણા વિચાર કર્યા.
" આખર મ્હારો વિચાર ખરો લાગ્યો અને તે પ્રમાણે કરું છું."

"ત્હારી પાસે પેટી છે તે ત્હારી પાસે રાખજે. તેમાંના સામાનની
" યોગ્ય વ્યવસ્થા કરજે. મ્હારે તેનો સંબંધ નથી. પિતાજીને મળજે–
" સાથેનો પત્ર તેમને આપજે અને યોગ્ય લાગે તે તેમને કહેજે–
" તેમને દુઃખ થવા દેઈશ નહી."

"મ્હારા વિયોગનો શોક કરીશ નહી. મૃત્યુ પાછળના અંધકારમાં
" એકલાં પ્રવાસ કરવા પ્રાણીમાત્ર નિર્માયલાં છે. મૃત્યુ પ્હેલાં જ અંધકારમાં
" ફરવું એ મૃત્યુને માટે સજ્જ થવા જેવું છે. માયાનો જુઠો પ્રકાશ મુકી
" આવા નિમિત્ત હું આ અંધકાર શોધું છું તે રજ પણ શોચનીય નથી."

"હું તને નહી ભુલું. પ્રસંગે ફરી પ્રત્યક્ષ કે પરોક્ષ રહી જણાઈશ.
" હું તને છોડું, પણ હૃદય કેમ છોડશે?"

"મ્હારો શોધ કરીશ નહી. ગંગાભાભીને આશ્વાસન આપજે-હું
"તેમને ભુલી શકનાર નથી."

"રહી ઓછુંવત્તું વિષય સઉ જાશે તજી મને,
"તજું હું તેને તો, પ્રિય સુહૃદ, ના દોષ કંઈ એ."[1]
"જશે મેળે જ્યોત્સ્ના, ઉડુગણ જશે, રાત્રિય જશે,
"કલેન્દુ[2] સાંઝે એ નીરખી ઉગતાં આથમી જતો."

"સ્નેહથી બંધાયલો તું મને છુટવા ન દેત જાણી સાહસ કરી છુટું છું."
"લા. નામે સરસ્વતીચંદ્ર-બીજું શું કહું ?"

ઉંડો નિઃશ્વાસ મુકી, કપાળે હાથ દઈ, વ્હીલો પડી જઈ, ચંદ્રકાંત લક્ષ્મીનંદનપરનો કાગળ વાંચવા લાગ્યો.

"પ્રિય પિતાજી,

"આપને સુખનો માર્ગ હું ખુલ્લો કરી આપું તેમાં અપરાધ તો
"નથી તે છતાં અપરાધ લાગે તો પિતા પાસે ક્ષમા માગતાં પુત્ર
"નિરાશ નહી થાય."

"ધૂર્ત્તલાલને સૂત્રયંત્રનું સર્વ કામ આપની ઈચ્છા પ્રમાણે બતાવી
"કાર્યનો સમસ્ત ભાર તેમને સોંપી સર્વ પદાર્થ આપને બતાવી દીધા છે."

"બ્રહ્માને ઘેર કોઈની ખોટ નથી. મ્હારી ખોટ પડવાનું આપને કારણ
"નથી. ધનભાઇથી આપને સર્વ સંતોષનું કારણ મળો એ ઈશ્વરપ્રાર્થના છે.
"આપનું સમસ્ત દ્રવ્ય તેના કલ્યાણ અર્થે યોગ્ય લાગે તેમ રાખો. આપને
"હું કોઈ પ્રસંગે સાંભરી આવીશ તો એ જ મ્હારે મન દ્રવ્ય છે."

"મ્હારે માનસિક વૈરાગ્ય લેવામાં આપની ચિત્તવૃત્તિ પ્રતિકૂળ નહી
"થાય એવો નિશ્ચય થવાથી હું તે સ્વીકારું છું અને સંસાર-સાગરને અદૃશ્ય
"તળીયે જઈ બેસુંછું. સંન્યસ્તારંભે કોઈને જણવવાની જરુર નથી લાગતી.
"જનાર 'જાઉં છું' કહેવા રહે એમ હોતું નથી. ગુમાનબાને આજ સુધીમાં
"હું નિર્દોષ છતાં મ્હારો દોષ વસ્યો હોય તો ક્ષમા અપાવશો."

"મ્હારા જવાથી આપના રોષનું સર્વ કારણ જતું રહેશે. મ્હારી
"ચિંતા કરવાનું આપને કારણ નથી. વિદ્યાચતુરના કુટુંબની પરીક્ષામાં
"આપ છેતરાયા એ શલ્ય આપના ચિત્તમાંથી હવે નીકળી જશે.
"આપની નિશ્ચિંતતા હવે અમર રહો !"

---

૧. ભર્તૃહરિ ઉપરથી. ૨. કલારૂપી ચંદ્રઃ એક કળા ધરનાર ચંદ્ર.

"પિતાજી, હવે મ્હારી ચિંતા કરશો નહી, મ્હારી પાછળ ખેદ "કરશો નહી. સર્વ કોઈ મોડું વ્હેલું જવાનું છે અને તે પાછું ન મળે "એવું થવાનું છે. ચંદ્રભા ગઈ તેમ હું જાઉં છું. એ એક દિશામાં ગઈ. "હું બીજીમાં જાઉં છું. એ સ્મરણમાંથી ખસી તેમ મને ખસેડજો. "સંસારમાં ડાહ્યા માણસોનો માર્ગ એ છે કે ગયેલું ન સંભારવું." "પિતાજી, હવે તો

"સુખી હું તેથી કોને શું?
"દુખી હું તેથી કોને શું? ૧
"જગતમાં કંઈ પડ્યા જીવ,
"દુખી કંઈ, ને સુખી કંઈક! ૨
"સહુ એવા તણે કાજે
"ન રોતા પાર કંઈ આવે! ૩
"કંઈ એવા તણે કાજે,
"પિતાજી, રોવું તે શાને? ૪
"હું જેવા કંઈ તણે કાજે,
"પિતાજી રોવું તે શાને? ૫
"નહી જોવું! નહી રોવું!
"અફળ આંસું ન ક્યમ લ્હોવું? ૬
"ભુલી જઈને જનારાને,
"રહેલું ન નંદવું શાને? ૭
"સુખી હું તેથી કોને શું?
"દુખી હું તેથી કોને શું? ૮

"પિતાજી, બીજુ શું લખું? મ્હારા ગયાથી આપના ઘરમાં હું શીવાય "કંઈ ચીજ ઓછી થઈ લાગે તો ચંદ્રકાંત આપશે. તેને કહેજો."

"લા. હવે તો આપના ચિત્તમાંથી પણ
"–આપને સુખી કરવા સારુ જ–ખસી જવા ઈચ્છનાર,
"સરસ્વતીચંદ્ર."

એ કાગળો વાંચી શોક-સાગરમાં પડી, માથે હાથ દઈ ચંદ્રકાંત સમુદ્રતટપરના એક પત્થર ઉપર બેઠો. સરસ્વતીચંદ્રના ગાડીવાળાને કહ્યું કે "જા અને ત્હારા મ્હોટા શેઠને ખબર કર કે ભાઈ તો ગયા."

ગાડીવાળો ચમક્યો: “ હેં ક્યાં ગયા ?”

“ તે તો કોણ જાણે. જા, જઈને ક્હે કે કંઈક પરગામ ગયા.”

“ કાગળમાં શું લખ્યું છે ?”

“ એ જ. ” ગાડીવાળે વિચારમાં પડી ઘોડાની લગામ લીધી અને ગાડી સાથે ચર્નીરોડ સ્ટેશન આગળનાં ઝાડો પાછળ અદૃશ્ય થઈ ગયો. ચંદ્રકાંત ઉઠ્યો, ભાડાની ગાડીમાં બેસી સ્ટેશનપર જઈ પોતે તપાસ કરી, પણ કોઈએ પત્તો ન આપ્યો. સ્ટેશન માસ્ટર્, ટીકૅટ્ માસ્ટર્, સર્વ એની આસપાસ ગુંચળું વળી ભરાયા, મેલ અને પેસેંજર ટ્રેનની ટીકેટોની જાવક જોઈ, પણ કાંઈ સમજાયું નહી. નિરાશ બની ચંદ્રકાંત ઘેર ગયો. ત્યાં એકલો શયનગૃહમાં બેઠો, લેખનપીઠ (ટેબલ) પર માથું મુકી અશ્રુપાત ખાળી ન શકાતાં તેને રોકવો છોડી દીધો, ગંગાને સમાચાર કહ્યા, એક દુ:ખનાં બે ભાગીયાં થયાં. અને આખરે આંસુ લ્હોઈ શું કરવું તેના વિચારમાં એ પડ્યો અને ગંગા આગળ હૃદય ઉઘાડું કરવા માંડ્યું.

“ શું કરું ? અ–હં–હં–હં ! ગયા જ ! સરસ્વતીચંદ્ર, આ શું “ સુઝયું ? શેઠના ઉપર રોષ ચ્હડે પણ મ્હારા ઉપર શું ? ગરીબ બીચારી “ કુમુદસુંદરીની શી વ્હલે થશે ? હું ક્યાં શોધું ? અસ્રંગી માણસનો “ ભરોસો જ નહી–હેં ?”

વાયે વાત ચલાવી અને ઘડીમાં સર્વ સમાચાર લોકવિદિત થઈ ગયા. એટલામાં લક્ષ્મીનંદનનો ગુમાસ્તો ચંદ્રકાંતને બોલાવવા આવ્યો. ચંદ્રકાંતે શેઠ ઉપરનો કાગળ ફરી વાંચી જોયો. “ આપનું સમસ્ત દ્રવ્ય તેના “ (ધનનંદનના) કલ્યાણ અર્થે યોગ્ય લાગે તેમ રાખો” એ શબ્દો જોયા. કાગળ શેઠને તરત તો ન આપવો એ વિચાર કરી ઉઠ્યો અને શેઠને ઘેર ગયો.

ગાડીવાને શેઠને સમાચાર કહ્યા તે વખતે ગુમાન અને ધૂર્તલાલ પાસે બેઠાં હતાં. સમાચાર સાંભળી ગુમાન ઝંખવાણી પડી ગઈ, અને શેઠ બ્હેબાકળા બની ગયા. ધૂર્તલાલે ગુમાનના કાનમાં સૂચના કરી “ જોજે, “ કાંઈ ગોટો વાળી ન ગયો હોય !–પાકો છે.” ગુમાનને જોર આવ્યું ને બોલી ઉઠી “ ઘરમાં બધી તપાસ કરાવો.” શેઠ બોલ્યા, “ ઘરમાં શાની “ તપાસ કરાવે–પરગામ જાય તેની ઘરમાં શી તપાસ કરાવે ? ”

“ જુવો, ભાઈ કાંઈ કીકલા નથી. આ તો બધાંને ડરાવવાને વેશ “ ક્હાડ્યો. કોણ જાણે ક્યાં ભરાઈ પેંઠા હશે અને આપણી પાસે શોધાશોધ “ કરાવી મુકશે. બે લાખ રુપીઆનો ધણી નાશી જાય નહી. ભલું હશે તો “ સસરાને કે વહુને મળવા ગયા હશે. પણ ઘરમાં ગોટો ન ઘાલ્યો હોય તેની “ તપાસ પ્હેલી કરો. આ તો મ્હારા ભાઈને તમે ઘાલ્યો તે ક્હડાવાની

"યુક્તિ. પણ આપણે એ એટલું તો સમજીયે. નાકે છી ગંધાતી નથી."

રાતીચોળ આંખ કરી શેઠ શેઠાણીના ભણી જોઈ રહ્યા અને આખરે બોલ્યા: "જો આજ હું ત્હારો નથી, હોં! ત્હારા પેટમાં ન બળે પણ મને "તો બળે."

આ નાટક ભજવાતું હતું અને કણકની પેઠે શેઠને કાંઈક નરમ કરી દેવામાં ગુમાન ફાવી શકી એટલામાં ચંદ્રકાંત આવ્યો.

શેઠ ઉઠ્યા અને એક એકાંત ખંડમાં ચંદ્રકાંતને લઈ ગયા. ગુમાન પાછળ આવી. શેઠે તેને બારણે ક્હાડી બારણે સાંકળ દેઈ પાછા આવી ચંદ્રકાંત પાસે બેઠા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. પુત્રના ગુણ સાંભરી આવ્યા. ધૂર્તલાલને તથા પોતાને હવાલો સોંપી દેવામાં તેણે જે ઉતાવળ કરી હતી તે સાંભરી આવી, પોતે તેને કઠન વચન કહ્યાં એમ લાગવા અને સાલવા માંડ્યું.

"ચંદ્રકાંત, તું બધું જાણતો હઈશ–હા–ત્હારા મ્હોં ઉપરથી લાગે "છે–તને ખબર હશે–મને ક્હે–આ એને શું સુઝયું? એના વિના હું "ઝેર ખાઈશ, હોં" શેઠે ટેબલ ઉપર માથું કુટ્યું. ચંદ્રકાંતે શેઠને ત્હાડા પાડ્યા. ડોશીવાળો લેખ કેમ થયો, તે લેખ કરવામાં સરસ્વતીચંદ્રે કેવી હરકત કરી હતી અને લેખની બાબતમાં તે કેવો અજાણ્યો હતો, શેઠના જ વચનથી તેના મનમાં કેટલું ઓછું આવ્યું હતું, ઇત્યાદિ સર્વ વાત કહી. વાત કરતાં કરતાં સરસ્વતીચંદ્રવાળો કાગળ હવે આપવો કે નહી તે વિચાર કર્યો. ન આપવો તે અપ્રામાણિક લાગ્યું. આપ્યા પછી પાછો માગવો તે ઠીક ન લાગ્યું. આપતાં હરકત એ કે ચિત્ત ફરી જતાં શેઠ એ કાગળને ફારકતીરૂપ ગણી દે અને વહુની રીસ અને સાસુનો સંતોષ થઈ જાય—તેનું શું કરવું એ વિચાર થયો, અંતે "જોઈ લેઈશું" કરી કાગળ શેઠના હાથમાં મુક્યો. ભોજે લોહીના અક્ષર મોકલ્યા તે વાંચી મુંજને થયો હતો તેવો જ વિકાર કાગળ વાંચતાં શેઠને થયો. ખરી વાત જાણ્યાથી, પુત્રની નિર્મળ વૃત્તિ અનુભવ્યાથી, આંખમાં ખરખર આંસુ ચાલવા માંડ્યાં, ગુમાન અને ધૂર્તલાલ ઉપર તિરસ્કાર અને ધિક્કારની વૃત્તિ થઈ, અને કાગળ એક-પાસે મુકી દીન વદનથી ચંદ્રકાંતને ક્હેવા લાગ્યા; "ચંદ્રકાંત, ભાઈને "બતાવ, તું જાણે છે—ગમે તે કર, ભાઈને આણ, નહી ચાલે." ચંદ્રકાંતે કાગળ હાથમાં લેઈ લીધો અને ફાડી શેઠના દેખતાં જ ચીરા ઉરાડવા માંડ્યા અને લાંબા ચીરા કરી પાછા તેના કડકા કરતાં કરતાં બોલ્યોઃ

"શેઠ, મ્હેં કહ્યું કે મને ખબર નથી તે સાચી વાત છે." કાગળ ફડાતો શેઠે દીઠો, પણ સર્વ વ્યાપારરોધી ચિત્તવિકાર મનોવ્યાપી[1] થઈ જવાથી

---

૧. Absorbing.

તે વીશે વિચાર ન કર્યો, પ્રશ્ન ન પુછ્યો. ચંદ્રકાંત ઉકળતા હૃદયમાંથી ઉભરા ઉપર ઉભરા ક્‌હાડી બાકી ન ર્‌હે એમ ડરવગર બોલવા લાગ્યો અને કાગળના ચીરા કર્યા તેમ જ શબ્દે શબ્દથી શેઠના પસ્તાતા અંતઃકરણના ચીરા કરવા લાગ્યોઃ

" શેઠ આપ તો મ્‍હોટા માણસ છો. પણ આપણાથી ન્‍હાનાં માણસ " હોય તેની ચિંતા પણ કરવી જોઈયે. પુત્રને પરણાવવા ઇચ્છો તો પરણ- " નાર જોડું એક બીજાપર પ્રીતિ વધારી સુખી થાય તે પણ આપે " ઇચ્છવું જોઈયે. નિર્મળ કુમુદસુંદરીપર આરોપ મુકી પુત્રના હૃદયમાં " કટાર ખોસ્યા જેવું કર્યું–તેની વેદના એ દમ્પતીને હવે કેટલી થશે તે " ઈશ્વર જાણે! વરકન્યાની પ્રીતિ વધે ને માબાપથી ન ખમાય એ તો " વિપરીત જ. પણ આપ શું કરો? ઈશ્વરનું કર્ત્તવ્ય એવું જ. અપર માના " હાથમાં ગયેલા પિતાનો પુત્ર સુસ્થ રહ્યો સાંભળ્યો નથી. ખરી વાત છે " કે છોકરાં કરતાં સ્ત્રી વધારે હોય જ. સરસ્વતીચંદ્ર કેટલો નિર્દોષ છે તે " આપના મનમાં શાનું વસે? પિતાની મ્‍હારાપર પ્રીતિ નથી એ વિચારે " તેને ઘેલો બનાવી મુક્યો અને ઘર છોડી તે ગયો! બે ઘોડાની ગાડીમાં " બેસનારો, બૂટ મોજાં વિના ન ચાલનારો, આપની શ્રીમંતાઈનાં વૈભવમાં " વસનારો–તે આજ સાધારણ વેશે નિરાધાર એકલો અપ્રસિદ્ધ કોણ " જાણે ક્યાં ભટકતો હશે? સભાઓ ગજાવનાર, વિદ્વાનોનો માનીતો, " મ્‍હારા જેવા કેટલાક નિરાધારનો આધાર, તે આજે ક્યાં હશે? શેઠ, " એને ધ્રુવજીના જેવું થયું. અરેરે, કુમુદસુંદરી જાણશે ત્યારે તેને શું થશે? " શેઠ આપના ઘરમાંથી દીવો હોલાઈ ગયો. પણ આપને શું?"

" એક વાત આપને ક્‌હેવા જેવી છે. એક બાણુ અને તેની સ્ત્રીને " ઘણી પ્રીતિ હતી. એક બીજાથી તેમનાં ચિત્ત જુદાં જ ન હતાં. તેમના " ઘરમાં એક થાંભલાપર ચકલીનો માળો હતો. તેમાં ચકલો ચકલી ર્‌હે " અને આનંદ કરે. ચકલીએ ઈંડાં મુક્યાં અને બચ્ચાં થયા તેની બે જણ " બહુ સંભાળ રાખે. એક દિવસ ચકલી મરી ગઈ. ચકલે બીજી ચકલી " આણી. બે જણાંએ મળી બચ્ચાંને ધક્કેલી ક્‌હાડ્યાં અને ઉડવા સરખું " ન શીખેલાં બચ્ચાં જમીનપર પડી મરી જાત પણ પેલી સ્ત્રીએ ઝીલી " લીધાં. તેમનો વિચાર કરી તે પોતે રોવા લાગી. બચ્ચાંને છાતી " સરસાં ધરી રાખે ને રુવે."

" એટલામાં બાણુ આવ્યો. સ્ત્રીને રોવાનું કારણ પુછ્યું. તેણે ન કહ્યું. " ઘણું કર્યું ત્યારે બચ્ચાં બતાવ્યાં, તેમનો ઇતિહાસ કહ્યો, અને બોલી–આ " પક્ષિયોમાં બન્યું તેવું જ માણસમાં પણ કેમ ના બને? દેહનો ભરોંસો

" નથી અને તમારી આજ મ્હારાપર પ્રીતિ છે પણ મ્હારા પછી આ
" કુમળાં બાળકનું શું થશે તે વિચારથી મને રોવું આવે છે. ધણીએ
" ઘણું આશ્વાસન કર્યું પણ સ્ત્રીને વિશ્વાસ ન જ આવ્યો."

" પળેપળ જાય તેમ સ્ત્રી રોતી જાય અને આંસુ આંખમાં માય
" નહી! 'હાય, હાય! આ બાળકનું શું થશે?' એ જ વિચાર ભરાયો."

" આખરે ધણીએ કહ્યું કે ન કરે નારાયણ ને એવો સમય આવે
" તો છોકરાંને ક્હેજે કે આ થાંભલા આગળ મને આણી આ વાત
" સંભારી આપે-શું ત્હારી પ્રીતિ ભુલાય એવી છે?"

" દિવસ ગયા અને બાઈ ભાગ્યશાળી તે સૌભાગ્યવતી ગુજરી
" ગઈ: બાપુ ફરી પરણ્યો. પ્રથમની સ્ત્રીથી એક છોકરો ને છોકરી હતાં."

" નવી વહુએ હળવે હળવે કાન ભંભેરવા માંડ્યા. નવી તો ફરીયાદી
" કરે-છોકરાંનું ખોટું બોલે, પણ નમાયાં બાળક-તેમનાથી માનું ખોટું કેમ
" બોલાય-ફરીયાદી કેમ થાય? આખરે નવીએ બાપને ભરવ્યો અને ક્હે કે
" આ છોકરાં ભેગાં મ્હારાથી નહી રહેવાય-ગમે તો એ કે ગમે તો હું."

" ખરું! સ્ત્રી હોય એટલાં નમાયાં છોકરાં હોય? છોકરાંનું તો ગમે
" તે થાઓ! સ્ત્રી ક્યાં જાય? બાપુએ બાળકને બોલાવી કહ્યું કે મ્હારે
" હવે તમે નહી-બસ જાઓ."

" છોકરાંનાં મ્હો દયામણાં થયાં પણ દયા કોને આવે? 'બાપા
" ક્યાં જઈયે?' કરી બ્હીલે મ્હોયે પુછ્યું. બાપા કોના? રાક્ષસે કહ્યું-
" મને, શું પુછોછો? જાઓ ગમે ત્યાં. પડો ખાડામાં."

" રોતાં રોતાં નિરાધાર છોકરાં બારણા આગળ આવ્યાં. દૈત્યને
" દયા ન જ આવી."

" એટલામાં છોકરી જરા ડાહીલી હતી તેને માનું કહ્યું સાંભરી
" આવ્યું અને ભાઈને રોતી ક્હે 'ભાઈ, ચાલ આટલું માનું કહ્યું
" કરીયે.' બેજણ પાછાં આવ્યાં."

" કેમ પાછાં આવ્યાં-જાઓ?" "બાપે ઘાંટો ક્હાડ્યો."

" બ્હીતી બ્હીતી થરથરતી બાળકી બોલીઃ-" બાપા, અમે જઈયે
" છીયે પણ માયે કહ્યું હતું કે આ વખત આવે તો બાપાને એક વાત
" ક્હેજો તે કહીયે તો સાંભળશો?"

" દૈત્યને દયા આવી અને સાંભળવા હા કહી."

" છોકરાંએ ચકલીની વાત અને મા રોઈ હતી તે કહી બતાવ્યું.
" બાપનું અંતઃકરણ ઓગળ્યું, ભૂતકાળ સાંભરી આવ્યો, આપેલું વચન

“ મન આગળ તરી આવ્યું, છોકરાંને રોતો રોતો બાઝી પડ્યો અને
“ ઘરમાં રાખ્યાં.”

“ શેઠ આપને પણ આ બાબુના જેવું થયું છે. પણ સરસ્વતીચંદ્રને
“ ચંદ્રલક્ષ્મીએ કાંઈ કહી મુક્યું નથી–તે બીચારા ગયા, અને મનાવાનો
“ અવકાશ પણ તમારે નથી.”

“ આપના મનમાં એમ આવ્યું કે એ પૈસાને લીધે આપનો
“ સગો છે! હવે એ સગપણ નથી. આપ એને મન બાપ છો–આપને
“ મન એ પુત્ર નથી. હોય, એમ જ હોય તો!”

“ શેઠ, આપના ઘરમાંથી એ ગયો તેની કાંઈ ફીકર કરશો નહી.
“ એને સોંપેલી અને બીજી વસ્તુઓ–ઘરની સંભાળજો. ઘરમાંથી કાંઈ
“ ગયું લાગે તો મને ક્‌હેજો. હું ભરી આપીશ.”

“ શેઠજી, જાઉં છું. આપ મ્હોટા માણસ છો. વધારે ઓછું બોલાઈ
“ ગયું હોય તો ક્ષમા કરજો. રજા લેઉં છું,”

બોલતાં બોલતાં ચંદ્રકાંતે પાઘડી પ્હેરી. ઉઠ્યો, અને ચાલવા માંડ્યું.
શેઠે હાથ પકડી તેને બેસાડ્યો.

“ ચંદ્રકાંત, ચંદ્રકાંત, આમ શું કરે છે? મને એનો પત્તો આપ.
“ ત્હેં મ્હારું ખશી ગયેલું કાળજું ઠેકાણે આણ્યું છે. હવે પુત્રવિયોગથી
“ ફરી ખસશે તો પછી ઠેકાણે નહી આવે–હોં.”

“ શેઠ, ઘરમાં છે ઠેકાણે લાવનાર. હું ખરેખર કહું છું કે મને
“ ભાઈની ખબર નથી. મને ખબર હત તો હું આમ જવા ન દેત. હું
“ મ્હારી મેળે હવે એને શોધાશે એટલું શોધીશ, એના જેવો થઈને
“ આથડીશ, મરજી પડે તે કરીશ. એમાં કોઈને શું? આપ હવે આનંદ
“ કરો–ઘરમાંથી કાંટો ગયો–એની કનવા ફ્‌હાડી નાંખો. મ્હારું હૈયું ભરાઈ
“ આવ્યું છે–બસ હવે મને જવા દ્યો.” શેઠનો હાથ તરછોડી નાંખી બારણું
ફડાક ઉઘાડી ચાલતો થયો. ગુમાન બારણામાં પેઠી.

શેઠ ઘેલા જેવા બની લવતા હતા–“ દુઃખી હું તેથી કોને શું?”
“ હેં! શું એમ જ? શું તું દુઃખી તેનું મને કાંઈ નહીં?”–“ દુઃખી હું
“ તેથી કોને શું?” “હેં!”–“ નહીં જેવું–નહી રોવું–અફળ આંસુ ન શીદ
“ લ્હોવું?” “ પિતાજી, રોવું તે શાને?”–“ ભુલી જઈને જનારાને”–
“ દુઃખી હું તેથી કોને શું?”–હેં–મ્હારો જ વાંકસ્તો”–“ ચંદ્રકાંત,
“ મ્હારો ભાઈ મને આણી આપ.” જુવે તો ચંદ્રકાંત ન મળે.

“ ભાઈ, ભાઈ!”

ગુમાન પાસે આવી ઉભી–“–ભાઈ તો ગયા.” ગુમાનને દેખતાં
જ શેઠ ઉઠ્યા અને એક બે લાતો એવી મુકી કે ગઈ ગરબડતી આવે અને

બારણા ઉપર અથડાઈ પડી ગઈ. "હાં હાં," કરતો ધૂર્તલાલ અને બીજાં માણસો અંદર આવ્યાં.

હાથથી વાત ગઈ જાણી ભાઈબ્હેન શેઠની વૃત્તિને અનુકૂળ થઈ ગયાં અને સરસ્વતીચંદ્રની શોધ બાબત શેઠની સર્વ આજ્ઞાઓ દેખીતી પળાવા લાગી. પવનના ઝપાટા આગળ નમી જઈ ઝપાટો પાછો વળતાં ઉભું થતા ઘાસની વૃત્તિ સર્વેએ અનુસરી. તરત સઉ શેઠને વશ થઈ ગયા. દિવસ જવા માંડ્યા, માણુસો ઉપર માણુસો શોધમાં રોકવા છતાં અને દ્રવ્યનો વ્યય નિરંકુશ થવા છતાં પત્તો ન લાગ્યો, અને એવી રીતનાં ઘણાં કારણોથી શેઠ હળવે હળવે શાંત થયા અને ગુમાન નિર્ભય બનવા લાગી. શેઠ જે માણસોને મોકલતા તેમને દ્રવ્ય આપી, લાલચ આપી, સમજાવી, છેતરી, શેઠની ઇચ્છાનો અમલ કરવામાં શિથિળ કરી દેતી અને શેઠને કાને એમ જ જતું કે અદ્‌ભુત શોધ નિષ્ફળ જાય છે.

ચંદ્રકાંતે પણ શોધ કરવામાં બાકી રાખી નહી. પોતાનો ઉભરો નરમ પડતાં શેઠપર દયા આવી; પણ તેના ઘરનો તાલ જોઈ પોતાની જ શોધ ઉપર આધાર રાખ્યો.

એક દિવસ "ધિ બૉમ્બે લાઈટ્" વાળા બુલ્વરસાહેબની ચીઠી ચંદ્રકાંત ઉપર આવી. તે તરત સાહેબપાસે ગયો. એ પત્રના તંત્રી ઉપર પરદેશના પત્રો આવતા તેમાં એક પત્ર સરસ્વતીચંદ્રના અક્ષરનો હતો. બુલ્વરસાહેબે એ અક્ષર ચંદ્રકાંતને બતાવ્યા. ચંદ્રકાંતે અક્ષર ઓળખ્યા, ભાષા ઓળખી, વિચાર ઓળખ્યા, અને તેના હર્ષનો પાર રહ્યો નહી. પત્ર ઉપરના પરબીડીયાપર ટપાલની છાપ હતી. છાપમાં "સુવર્ણપુર" હતું. આ શોધ ગુપ્ત રાખવાનો સાહેબ સાથે મંત્ર કરી, ચંદ્રકાંતે સુવર્ણપુર જવાનો વિચાર કર્યો. સુવર્ણપુરના અમાત્યને અને વિદ્યાચતુરને સંબંધ હતો એટલે અમાત્ય ઉપર ભલામણ લેવા પ્રથમ રત્નપુરી જવાનું ઠરાવ્યું. ઉત્સાહના વેગમાં આંખ મીંચાઈ બંધ થાય એટલી વારમાં રત્નપુરી પ્હોંચ્યા જેવું લાગ્યું.

વિદ્યાચતુર અને ગુણસુંદરી બન્ને જણે સરસ્વતીચંદ્રના મિત્રનો ઘણો સત્કાર કર્યો; સરસ્વતીચંદ્ર બાબત ઘણી જિજ્ઞાસા અને ઘણો ખેદ બતાવ્યો. ચંદ્રકાંતે શેઠની અને ગુમાનની સર્વ વાર્ત્તા કરી, પોતાના મિત્રનું ઉત્કૃષ્ટ હૃદય સ્નેહ અને દુઃખે ઉત્પન્ન કરેલી કવિત્વશક્તિના બળથી તાદૃશ્ય ખડું કર્યું; અને સાંભળનાર દમ્પતી તેમાં લીન થઈ દુઃખમય બની ગયાં, સરસ્વતીચંદ્રની મનોવૃત્તિ જોઈ અદ્‌ભુત આશ્ચર્યમાં પડ્યાં, તેના ભણી સ્નેહની ભરતી થતી અનુભવવા લાગ્યાં,

અને એ સર્વ છતાં "એણે આમ કરવું જોઈતું ન હતું" એવું ક્‌હેવામાં આશંકા એમાંથી એકેયે ન ધરી. વિદ્યાચતુરે કહ્યું: "ચંદ્રકાંત, મ્હારે ક્‌હેવું "જોઈએ કે આપણી ઈંગ્રેજી વિદ્યામાં એક જાતનો દોષ છે અને તે એ કે "માણસની વિચારશક્તિને તે ઉદ્ધત બનાવી મુકે છે. આ ગુણ આખી "પાશ્ચાત્ય[1] વિદ્યાનો છે એમ કહીયે તો પણ ચાલે. અસંતુષ્ટવૃત્તિ સર્વ પાશ્ચાત્ય-"પ્રવૃત્તિનું મૂળ છે, તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે, અને દૃષ્ટિમર્યાદાના "જેવી ફળપરંપરા દેખાડે છે. એ વૃત્તિથી માણસ ફળ પ્રાપ્ત કરવા ઉતાવળું "બને છે અને અધીરું થાય છે. સ્વાભાવિક માર્ગે ફળ મેળવતાં વાર લાગેછે "તે આ વૃતિને પ્રતિકૂળ થાય છે. એક જ ફળ શોધી બેસી ર્‌હેવાનું નહી, "પણ ફળ ઉપર ફળ ખોળ્યાં કરવાનાં અને તે પણ આટલી ઉતાવળથી એટલે "આ વૃત્તિવાળાં મન સટોરીયા જેવી પ્રકૃતિવાળાં થઈ જાય છે. ભૂતકાળનો "અનુભવ શોધ્યા વિના, વર્તમાન સ્થિતિ જોયા વિના, આતુર મન ભવિષ્ય "શોધવા નીકળે છે અને સાધન વિના ફળ ઇચ્છે છે! વર્તમાનથી અસંતુષ્ટ "ચિત્ત દૃષ્ટિ આગળ અકસ્માત્ ઉડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની "પાછળ ઉભેલું ભવિષ્ય દૃષ્ટિયે અચિંત્યું પડતાં કંપારી ખાય છે. સરસ્વતી-"ચંદ્ર આનું એક દૃષ્ટાંત છે. જુવો એમનો જગત છોડી જગત જોવાનો "રસ્તો! જુવો એમનો દ્રવ્ય છોડી પરાર્થ કરવાનો રસ્તો! તેની અવસ્થા "અત્યારે કેવી દયાપાત્ર થઈ હશે તે જોશો ત્યારે મ્હારું કહ્યું સિદ્ધ થશે."

"આજ કાલના જુવાનો સહનશીલતાને દાસત્વ ગણે છે, પરવિચારને "વશ થવામાં શૌર્યહીનતા ગણે છે, પોતાના તરંગ પ્રમાણે જ ચાલવાની "સ્વતંત્રતા શોધે છે, મનની વાત બ્હાર ક્‌હાડવામાં અને સાકાર કરવામાં "વીરત્વ માને છે, અનુભવને હસે છે, નિવૃત્તિને ધિક્કારે છે, અને વૃદ્ધાચારને "ક્ષુદ્ર કલ્પે છે. ઘણાક પિતાઓ લક્ષ્મીનંદન પેઠે બોલતા હશે, પણ તેટલા "ઉપરથી આ પ્રમાણે કરનાર તો તમારા મિત્રને જ દીઠા. ખરેખર, મૂર્ખમાં "મૂર્ખ માણસો વચ્ચે ચાસ ચસાય નહી એમ રાખી તીખા, અભિમાની, "અને દુષ્ટ ઉપરીના હાથ નીચે બે વર્ષ નોકરી કરવી પડે, દુષ્ટ વચન સાં-"ખવા પડે, અને ટુંકામાં દાસત્વનો અનુભવ થાય તો જ તમારાં મુંબાઈગરાં "માણસો ઠેકાણે આવે! આવા દાસત્વમાં કાંઈ દોષ નથી એમ નથી પણ "પારકાં માણસોને, અનુભવને, અને સ્થિતિને વશ કેમ ર્‌હેવું–પોતાના "મનની વૃત્તિને પરવશ કેમ રાખવી–એ શીખવું પણ આવશ્યક છે."

---

૧. પશ્ચિમ દેશોની.

સ્વતંત્ર પ્રકૃતિનો ચંદ્રકાંત આ અનુભવનું અભિમાન જોઈ રહે એવો નહતો. પરંતુ મિત્રનો શોધ કરવામાં વિદ્યાચતુરની સહાયતાની જરુર હતી; એ પોતાની બળેલા હૃદયની દાઝ ક્‌હાડે છે એ ભાન હતું; ઈત્યાદી ઘણાંક કારણોએ ચંદ્રકાંતને પરવશતાનો ધર્મ શીખવ્યો અને એના પીશેલા ઓઠને સમો કર્યો. મિત્રની શોધ કરવાની જરુર ન હત તો તો ચંદ્રકાંત વિદ્યાચતુરને ઉત્તર આપત જ–સરસ્વતીચંદ્રને મૂર્ખ લેખવાનો પ્રયત્ન ઈંદ્રિ ઉતરીને કરવા જાય તો તે ચંદ્રકાંત સહી શકે તેમ ન હતું. પણ મિત્રસંયોગની આતુરતાએ આ સહનશક્તિ ઉત્પન્ન કરી.

વળી વિદ્યાચતુરે કહ્યું: “ચંદ્રકાંત, થનાર તે થયું. હવે દાઝયા “ઉપર ડ્‌હામ દેવો યોગ્ય નથી. હવે તો તમે એમને શોધી ક્‌હાડો. “આ સાહસથી સરસ્વતીચંદ્ર શીખાશે અને તેમનું કાળજું ઠેકાણે આવશે. “મ્હારા રાજ્યમાં મુખ્ય ધર્માધિકારીની જગા બે ચાર માસમાં ખાલી “પડશે ત્યાં એમનો જોગ થઈ શકશે. મ્હારી કુસુમનો વિવાહ હજી “કંઈ કર્યો નથી અને એમને દેવા હું બહુ ખુશી છું. એ દ્રવ્યહીન હશે “તેની મ્હારા મનમાં ચિંતા નથી. પણ આટલી સરત તો ખરી કે એમણે “કંઈ પણ ઉદ્યોગમાં પડવું જોઈએ. ઇચ્છા હશે તો તો હું ઉદ્યોગમાં “પાડીશ. પણ આમ આથડ્યાં કરે તો તો મ્હારાથી કાંઈ ન થાય.”

ચંદ્રકાંત ક્રોધને ડાબી રાખવા વ્યર્થ પ્રયત્ન કરી બોલ્યો: “પ્રધાનજી, “આપનો બહુ ઉપકાર માનું છું. પણ જે શાણપણ આપ ઇચ્છો છો એ “મ્હારા મિત્રમાં આવે એમ નથી–તેમાં આપની સરત પાળવાને સારું “તો આવતું હોય ત્હોયે ન આવે. કુસુમસુંદરીનો હાથ મેળવવા સારું એ “કાંઈ પણ સરત પાળે ને દહાડો વળે તે માનવું નહી. દુઃખ એને “નરમ કરશે એ હું ધારતો નથી. આપ જેને ફાટેલું મગજ ક્‌હો છો “તેવું એનું મગજ વધારે દુઃખથી વધારે ફાટેલું થશે. વાસ્તે આપને “જે બીજો વિચાર કરવો હોય તે ખુશીથી કરવો. આપની ઇચ્છેલી “યોગ્યતા એનામાં નહી આવે એ હું ખાત્રીથી કહું છું. મ્હારે તો માત્ર એમને “શોધવામાં આપની સહાયતા જોઈએ છીયે તે આપી શકો તો કૃપા ન “આપો તો તેમ કરવા સ્વતંત્ર છો. આજ સાંઝે મ્હારે નીકળવું જોઈએ.”

ચંદ્રકાંત નિર્ધન સ્થિતિમાં ઉછર્યો હતો, પણ પત્થરની ભૂમિમાં રસ્તો કરી કેટલાક છોડ ઉગી નીકળે છે તેમ આપત્તિયોને ન ગણી એણે પોતાનો ઉન્નત માર્ગ કરી દીધો હતો. પોતાના ઉપર પડેલા નિર્ધનતારૂપી પત્થરને ફાડી પરાક્રમથી ઉંચો ઉગ્યો હતો. તેને આશ્રયમાં આશ્રય માત્ર સરસ્વતી-

ચંદ્રનો હતો અને તે આશ્રય ન્હાનોસુનો ન હતો, પરંતુ સરસ્વતીચંદ્ર પોતાની મેળે જ સહાયભૂત થઈ પડે ત્યારે જ તેનો આશ્રય ચન્દ્રકાંત સ્વીકારતો. ચંદ્રકાંતે કાંઈ માગ્યું છે એ વારો આવ્યો ન હતો. દુઃખ ખમી, હરકત ભોગવી, બેસી ર્‌હેવું એ હા; પણ ચંદ્રકાંતનો આત્માભિમાની ચિત્તોદ્રેક નમ્યું આપે તેની ના હતી. ધનાઢ્ય અને પોતાનાથી વધારે વિદ્વાન્ ઉપકારક મિત્રપાસે તેની મિથ્યાપ્રશંસા ( ખુશામત ) કરવી તો શું પણ પ્રિયવચન ક્‌હેવું તે પણ તે સમજતો ન હતો. આ નિઃસ્પૃહી સ્વતંત્રતાને લીધે સરસ્વતીચંદ્રની તેનાપર અનુપમ પ્રીતિ થઈ હતી. પરંતુ વિદ્વાન્ અને ઉચ્ચ પદવીએ પ્હોંચેલા પણ દાસત્વના જ સંસ્કારવાળા વિદ્યાચતુરને આ સર્વ અપરિચિત હતું. ઈશ્વિરના તરફથી જેમાં દોષ ન આવી જતો હોય એવા વિષયમાં મ્હોટાંનું મન રાખવું એ તે આવશ્યક ગણતો હતો. પરવૃત્તિનું અનુસરણ કરવું અને લોકાચારથી વિરુદ્ધ ન દેખાવું એ કળાઓ સંપાદ્ય ગણતો હતો. પોતે પણ ઉચ્ચ પદવીપર હતો; એટલે અનુકૂળ ઉત્તર જ સાંભળવાનો અભ્યાસ હતો, ઇચ્છા દર્શાવતામાં જ તેને આજ્ઞા ગણી અનુસરનાર વર્ગ જ એની દૃષ્ટિમર્યાદાને ભરી રાખતો, અને ઉઘાડી આત્મપ્રશંસા થવા પોતે ન દેતો તોપણ પરપ્રશંસાના પ્રવીણ અને પ્રધાનની પ્રીતિ ઇચ્છનાર અધિકારીયો, ‘ આ ગુણ તમારો છે અને તે આવો સારો છે ’ એમ ઉઘાડું ક્‌હેવાની રીત છોડી દઈ, પ્રધાનને પોતાના કીયા ગુણનું ભાન છે એ શોધી ક્‌હાડી, એકલા તે ગુણની પ્રશંસા કરતા, પ્રધાને કરેલાં કંઈ કંઈ કાર્યોમાં દક્ષતા અને અપૂર્વતા બતાવી આપતા, અને પ્રધાનનાથી ઉલટી રીતિએ ચાલનારને હસી ક્‌હાડતા. પ્રશંસાના કરતાં આ સર્વની અસર વધારે થતી અને સાવધાન છતાં પ્રધાન ભુલ ખાઈ ઘણી વાર એમ કલ્પતો કે મ્હારી બુદ્ધિ સર્વમાન્ય છે. આવા આવા સંસ્કારોના અભ્યાસીને ચંદ્રકાંત જેવો ઉત્તર આપનાર મળતાં નવીનતા લાગી, મૂર્ખતા પ્રત્યક્ષ દેખાઈ, ઉદ્ધતતા મૂર્ત્તિમતી થઈ જણાઈ, અને બાલિશતા અને અવિનીતતાના અવતારનું દર્શન થયા જેવું થયું. પણ એનો ઉપાય ન હતો. ચંદ્રકાંત પોતાના હાથ ન્હીચેનો માણસ ન હતો. ‘ એને શું કરવું ? શું ક્‌હેવું ? ક્‌હેવું ત્હોયે નિરર્થક ! હશે ! આપણે શું ? કોઈ વખત ખત્તા ખાશે ત્યારે ઘણોયે ઠેકાણે આવશે.—

उपदेशो न दातव्यो यादृशे तादृशे नरे

पश्य वानरमूर्खेण सुगृही निगृही कृता ॥ ’

એ વિચાર કરી શાંત પડી મનમાં પુષ્કળ હસ્યો. “ આની સાથે શું “ બોલવું ? ” એમ જ લાગ્યું. “ આ મુંબાઈગરી માંકડાની જાત ! તે વળી

" કાંઈ મોઢે ચ્હડી ! એને તો છંછેડવી જ નહીં ! પેલા પારસીની આટલી
" આગતાસ્વાગતા કરી ત્યારે મૂર્ખે બધી ખાનગી વાતચીત પણ વર્તમાનપત્રમાં
" છપાવી – એ અને આ બેયે જાતભાઈ જ ! જગતને શીખામણ આપવી
" એ કાંઈ મ્હારું કામ નથી." જાતિસ્વભાવ ભુલી રાજકીય વ્યવહારી
એ વસમાં વેણુ કહ્યાં હતાં તેનો ઉતાર કરવા લાગ્યો – તે પાછો પોતાની
પ્રકૃતિપર આવ્યો અને હૃદય ઢાંકી જીભવતે અમૃત લ્હાવા લાગ્યોઃ

" ચન્દ્રકાંત, તમે ખોટું ન લગાડશો. તમારા મિત્ર તે મ્હારા પણ
" એકવાર સંબંધી હતા અને હજી પણ મ્હારું ચિત્ત તેમને વાસ્તે
" બળે છે. પણ આટલું તો તમે પણ સ્વીકારશો કે એમણે છેક આમ કરવું
" જોઈતું ન હતું. હશે ! ઈશ્વરેચ્છા આગળ એ શું કરે ? તમે એમને પાછા
" મળો તોપણ હવે એ તમારું કહ્યું માની નહી શકે અને મ્હારો સંદેશો
" પ્હોંચાડશો તો કાંઈક એમને અસર થશે જાણીને મેં તમને કહ્યું. પણ
" એમનો સ્વભાવ તમે વધારે સારી રીતે જાણો, માટે યોગ્ય લાગે તે
" ખુશીથી કરવું. સાંઝસોરી સઉ વ્યવસ્થા થશે."

તોફાની સમુદ્રતરંગઉપર નૌકાપતિએ તેલ ઢોળ્યું કે તરત જ તરંગ શાંત પડ્યા અને તે ઉપર નૌકા નીરાંતે સરવા લાગી. ચંદ્રકાંત ધીરો પડ્યો. આવે સમયે મિત્રપર થયેલી ટીકા ન સંખાઈ તેથી વધારે ઓછું બોલાયું તેની પ્રધાન પાસે ક્ષમા માગી. તે વિજ્ઞપ્તિને પોતે સ્વીકારે છે કે નહી તે જણવવાની જરુર ન લાગી હોય, તત્ત્વતઃ ઉત્તર દેવો ન હોય, અને સામો માણસ તે ન કળી જતાં શાંત પડે એવા ઉત્તર સ્હેજ વિષયમાં પણ આપવાના પરિચયવાળો શબ્દવ્યવહારી હસ્યો અને બોલ્યોઃ " કાંઈ હરકત નહી, એમાં ક્ષમા શાની માગો છો ?" નિઃસ્પૃહી ચિત્તમાં આ ધ્વનિ જવા પણ ન પામ્યો; પ્રતિધ્વનિરૂપે પાછો ઉછળ્યો પણ નહી; ચિત્તની બ્હાર કંઈક ખુણે ખોચલે કોણ જાણે ક્યાં ગડબડતો ગડબડતો છાનોમાનો સરી ગયો. સંધ્યાકાળે એક મ્હોટા શીગરામમાં બેસી ચંદ્રકાંત નીકળ્યો અને તેમાં સુતો સુતો મિત્રના વિચાર કરતો કરતો સુવર્ણપુર ભણીને પન્થે વળ્યો.

નવીનચંદ્રનું નામ બુલ્વરસાહેબપર આવેલાં પત્રોપર હતું પણ નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર હશે જ કે નહી તેની ખાતરી ન હતી; નવીનચંદ્રના બાપનું નામ ખબર ન હતું. તેનું શીરનામું ખબર ન હતું; તે છતાં હશે તો કાગળ આથડતો આથડતો પ્હોંચશે કરી એક કાગળ લખ્યો. તે જ નવીનચંદ્રને પ્હોંચ્યો અને તે જ કુમુદસુંદરીના હાથમાં આવ્યો હતો.

ચંદ્રકાંતની વાતો ન્હાની કુસુમસુંદરીયે બાબાપની પાછળ બેશી છાનીમાની સાંભળી લીધી હતી અને ચંદ્રકાંતના શબ્દેશબ્દ બાળક મેધાવિનીએ બે ચાર પત્રોઉપર ચિત્રી ક્હાડ્યા હતા. ટપાલમાં જાય તો પ્રમાદધનના હાથમાં જાય માટે સંગાત શોધી વનલીલાદ્વારા પત્રરાશિ પ્હોંચડાવ્યો હતો.

વાંચનાર! હવે ત્હારી સ્મરણશક્તિની કમાન જરીક ફેરવ. સુવર્ણપુરનો સંસાર ભુલી સરસ્વતીચંદ્રનો સંસાર જોવા આપણે ઘડીક મુંબાઈ અને રત્નનગરીનાં સ્વપ્ન જોયાં. હવે જાગ અને પાછો સુવર્ણપુરના સંસારમાં આવ.

ભૂપસિંહના ભવ્ય દરબારમાં ભજવાયલા–કલ્પનાને ભરી નાંખનાર–નાટકનો સૂત્રધાર નવા ભભકાથી ઘેર આવ્યો; તેની મેડીના પ્રધાનખંડમાં અધિકારીવર્ગ પ્રથમ જ ભીંડ મચાવી થનાર કારભારી–ઉગતા સૂર્યનો સત્કાર કરવા તરવરતા હતા; એકાંત હીંચકાપર બેસી રંક સૌભાગ્યદેવી એકલી એકલી પતિસંપત્તિયે આણેલા આનંદના ઉપરાઉપરી આવતા ઉભરાથી ઉભરાતી મલકાતી દ્વારમાં પેંસતા પતિસાથે તારામૈત્રક રચી ગૃહકાર્યમાં ભળી; ઉન્મત્ત અલકકિશોરી મ્હોટા સખીમંડળવચ્ચે પાટઉપર બેસી પિતાના દોરનું અનુકરણ કરતી હોય તેમ તડાકા ધડાકા કરતી હતી અને વાર્ત્તાયુદ્ધમાં ગાજતી હતીઃ–તે સમયે કુસુદસુંદરી પોતાની મેડીમાં એકલી બેઠી બેઠી બ્હેનનો પત્ર વાંચી રોયા વગર આંસુ સારતી તે ચિત્ર, વાંચનાર, હવે પાછું દૃષ્ટિ આગળ ખડું કર. એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં–જાગૃત અવસ્થામાં પણ–એકાએક સંક્રાન્ત થવું એ–ઓ સંસારના પ્રવાસી!—તને પરિચિત છે જ.

પ્રથમ બ્હેનનો કાગળ વાંચ્યો. વાંચતાં વાંચતાં મુગ્ધા ગળગળી થઈ ગઈ.

"શું પ્રિય ચંદ્ર–આ બધું મ્હારે સારું સૌસવું પડ્યું? શું તમને
" હવે પ્રિય કહી શકું નહી? મૃતપત્નીને સંભારનાર પતિ શું મરનારીને
" પ્રિય નહી ક્હેતો હોય? તમે મ્હારા વીતી ગયા ભવમાં પ્રિય હતા
" –ઈશ્વરને પ્રિય કહું છું,–પિતાને પ્રિય કહું છું–તેમ સરસ્વતીચંદ્રને પ્રિય
" ક્હેતાં શો બાધ? હવે તે મ્હારા પતિ નથી; હવે મ્હારું શરીર મ્હારા
" પતિને જ સોંપ્યું છે, મનમાં પણ પતિ જ પતિ છે; પરંતુ હું ઈશ્વર,
" માતાપિતા, અને સ્નેહી વર્ગને પ્રિય કહી તેમનું રટણ કરું તે અયોગ્ય
" ન હોય તો, સરસ્વતીચંદ્ર, તમારું રટણ કરું તેમાં અયોગ્ય શું? મ્હારે

"સારું તમે આટલું: અમો છો-એક સમયે આવો સંબંધ હતો"– એમ વિચાર કરતી કરતી બાળી કાગળ વાંચવા લાગી. પ્રેમબંધનની જાળમાં ચિત્તવૃત્તિ સરસ્વતીચંદ્ર પાછળ કરોળીઆ પેઠે દોડંદોડા કરવા લાગી, આંસુ ખાળ્યાં રહ્યાં નહી; ટપક ટપક થવા લાગ્યાં, અને પત્ર અર્ધો ભીનો થયો. આખરે ટેબલપર માથું મુકી પુષ્કળ રોઈ.

કુસુમસુંદરીના કાગળનો અંતભાગ આવ્યો અને ત્યાં આગળ તેણે સમાચાર લખ્યા હતા કે ચંદ્રકાંત સરસ્વતીચંદ્રનો શોધ કરવા બુદ્ધિધન ઉપર વિદ્યાચતુરનો કાગળ લેઈ આવે છે. ગુણસુંદરી (કુસુમસુંદરીની મા) લીલાપુરપાસે આવેલા ભદ્રેશ્વર મહાદેવની યાત્રા કરવા જનાર છે અને તે પ્રસંગે "તને તેડવા મોકલશે માટે ત્હારે સઉની રજા લેઈ તૈયાર થઈ રહેવું" એ સમાચાર પણ આ કાગળમાં હતા. ઉભય સમાચારથી બાળકીના મનમાં કંઈ કંઈ વિચારો થવા લાગ્યા અને વિચારે આંસુ વિસરાવ્યાં.

ચંદ્રકાંતે નવીનચંદ્ર ઉપર કાગળ લખ્યો હતો તે વિચિત્ર હતો, ઈંગ્રેજીમાં હતોઃ

"દુઃખી સંસારઃ તિથિ, દિવસ ને રાત્રિ સરખાં જ."

"પ્રિય ચંદ્ર,

"ત્હારે તો ચંદ્રકાંત વિના ચાલે છે પણ ચંદ્રકાંતને ત્હારા વિના "નથી ચાલતું. ચંદ્રકાંતને મુકી ચંદ્ર પ્રતિલોમ[1] દેશમાં સંતાઈ જાય "તોપણ કંઈ કંઈ ક્રિયાદ્વારા ચંદ્ર જણાઈ જાય છે. મ્હેં ત્હારો અપરાધ "કર્યો ન હતો–મ્હારો ત્યાગ કર્યો તે કામ નિર્દય થયું. ત્હારી "પ્રામાણિકતા કેટલી જળવાઈ તે પણ જોવાનું છે–રાત્રે શું કહ્યું હતું "અને પ્રભાતે શું કર્યું? ઈશ્વરેચ્છા. પણ હજીયે કંઈ કરતાં કૃપા કર. "દર્શનનો–પત્રનો–કાંઈ માર્ગ ક્હાડ. ભાગ્યની સાથે મ્હારે ઘણી "લ્હડાઈઓ થઈ છે અને તેમાં મને જીતાડનાર તું જ હતો. પણ "હવે તો હરાવનાર તું બન્યો."

"ત્હારા વિનાનું ભાગ્ય એ જ દુર્ભાગ્ય."

"त्वया सह न य *** दिवसः स विध्वंसताम्
"प्रमोदमृगतृष्णिकां धिगपरत्र या मानुषे ॥

"એ મકરન્દની દશા ઉપરથી મ્હારી દશા કલ્પજે–અરરરર! "નિર્દય–તે બધાંની સાથે નિર્દય!"

---

૧. વિપરીત ભૂગોળાર્ધ. The Antipodes.

"પિતાની દયા નહી, મિત્રની દયા નહી, કોમળ અંતઃકરણવાળીની
"દયા નહી–આ શી નિર્દયતા!"

"હશે. તું નિર્દય થઇશ પણ ત્હારું અંતઃકરણ નિર્દય થઈ
"શકનાર નથી. દૃષ્ટાન્ત–જેનો ત્યાગ કર્યો તેનાં જ દર્શન કરવા તું
"ગયો હોય એમ મને લાગે છે–હવે પશ્ચાત્તાપ કરજે."

"દયા અને નિર્દયતા, પંડિતતા અને મૂર્ખતા, મૃદુતા અને
"કઠિનતા, રસિકતા અને વૈરાગ્ય, એવા કંઈ કંઈ પરસ્પરવિરોધી ગુણો
"કોઈનામાં ભેગા રહેતા હોય તો તે ત્હારામાં રહે છે."

"પણ હરકત નહી. છેલ્લી કૃપા એટલી કરજે કે તું છે ત્યાંનો
"ત્યાં જ થોડા દિવસ રહેજે. પછી તું સ્વતંત્ર છે. ત્હારી પાછળ
"આથડવા સરજેલો જીવ તો આથડશે જ."

"ત્હારા દર્શનનો ઉત્સુક—
ક્યાં તું તેને ઓળખે એમ નથી?"

આ કાગળ વાંચી કુમુદસુંદરીનું હૃદય પાછું ભરાઈ આવ્યું, પણ એટલામાં નીચેથી જમવા તેડું આવ્યું. આંખો લોહી, સાવધાન થઈ, કાગળ પોતાના કબાટમાં લુગડામાં વચાળે મુકી, સજ્જ થઈ નીચે ગઈ. દાદરપર ઉતરતાં ચિત્તે ગાયું:

"જોયું જોયું જગત બધું આજ, કે સર્વ નકામું રે."

મેઘધનુષ્યનાં રંગો પેઠ ચિત્તવૃત્તિયોનું આયુષ્ય ટુંકું હોય. પુરુષવર્ગ જમી રહ્યો હતો. સ્ત્રીવર્ગ જેટલો ભરાયો હતો તે સર્વને અત્રે જ જમવાનો અલકકિશોરીયે આગ્રહ કર્યો અને તે આજ્ઞા એટલે સુધી પળાઈ કે જમેલાંને પણ ફરી જમવાનું સ્વીકારવું પડ્યું. આ સર્વ ઉત્સવકાર્યમાં ભળી જતાં કુમુદસુંદરીનું ચિત્ત ક્ષણવાર પાછું ઠેકાણે આવ્યું અને ઉત્સવ-સંસારી થયું.

સૌભાગ્યદેવીને બુદ્ધિધનની થાળી, અલકકિશોરીને વિદુરપ્રસાદની થાળી, કુમુદસુંદરીને પ્રમાદધનની થાળી, વૃદ્ધ જમનાકાકીને દયાશંકર-કાકાની થાળી; એમ જે જે સૌભાગ્યવતીને પોતપોતાના પતિયોવાળી થાળીયોમાં જમવાનાં સૌભાગ્ય તૈયાર જ હતાં તેમને વાસ્તે તો કાંઈ ગોઠવણ-ની જરૂર ન હતી. બીજું જે વિશેષ મંડળ જમનાર હતું તેના ઠામ ગોઠવવાની ધામધુમ ચાલી રહી હતી. તે ચાલે છે તેટલા અરસામાં પ્રસંગને અનુસરતી એક ગરબીની કેટલીક કડીયો વનલીલાએ જોડી ક્હાડી સૌભાગ્યદેવીને

બતાવી અને અલકકિશોરીએ સઉની આગળ તે ગાઈ બતાવાની આજ્ઞા કરી. " ભણેલી ભાભીને તે ગમે તો જ તે ગરબી ખરી" કરી કુમુદસુંદરીને બોલાવી હતી. કુમુદસુંદરી આવી કે સઉ ખસી ગયાં અને તેને માર્ગ આપ્યો. પાટ ઉપર વચ્ચોવચ નાજુક કુમુદસુંદરી બેઠી અને ગરબીવાળો કાગળ લીધો. તેને એક ખભે હાથ મુકી બજરમાન અલકકિશોરી અને બીજે ખભે હાથ મુકી ફળજિજ્ઞાસુ વનલીલા બેઠી અને ત્રણે જણની આંખો કુમુદસુંદરીના હાથમાંના કાગળમાં નદીયો પેઠે સંગત થઈ. સર્વ સખીયોનું ટોળું આસપાસ પાટ ઉપર તથા નીચે ગુંચળું વળી ભરાયું, સૌભાગ્યદેવી અને જમના પતિયોવાળા પાટલા ઉપર બેસી તેમના ભણી આંખકાન માંડી રહ્યાં, રસોઈયો પણ પળવાર ઉમરા ઉપર હાથમાં થાળી લેઈ અર્ધો વળેલો ઉંચું જોઈ રહ્યો. ત્રણેનું ગાન ઘણે જ ઝીણે અને ધીમે પણ કોમળ સ્વરે કિન્નરકંઠોમાંથી નીકળવા લાગ્યું:

" ઈશ્વરના ઘરના ખેલ જન શું કરશે રે ?
" પ્રભુ પુરે જેવું તેલ તેવા દીપ બળશે રે. ૧
" વહી ગયા તે દુ:ખના દિન, સુખના આવ્યા રે;
" દીન જનને દેતા ક્લેશ દુષ્ટ ન ફાવ્યા રે !
" ફાવ્યો શઠ તે અંતે નહી જ, છક્કડ ખાધી રે;
" બુદ્ધિબળમાં[1] મ્હાત, અધર્મ ! તુજને આપી રે. ૩
" રુડો સુવર્ણપુરનો રાજ નીવડ્યો જાગતો રે;
" એનો જુગ જુગ તપજો પ્રતાપ, અમોને છાજજોરે. ૪
" વનલીલા કહે જોડી હાથ—ઓ દીનબંધુ રે !
" આવા સુખનું શાણું[2] સદૈવ રાખજે સંધું રે." ૫

ગવાઈ રહેતા સુધી સર્વ શાંત એકચિત્ત હતાં. ગવાઈ રહ્યું કે સઉની આંખો કુમુદસુંદરીપર વળી. 'ઠીક જોડાયું છે' એટલા શબ્દ આનંદભર સુંદરીના મુખમાંથી નીકળતાં સર્વ ઉઠ્યાં, વાતો કરતાં કરતાં પાટલા ભણી ગયાં. એકે 'કડીયો ઠીક બેસતી આવી છે,' કહ્યું, બીજી બોલી 'ના, અર્થ પણ જુગતે જુગતો છે,' એક જણી વનલીલાપાસે જઈ પુછવા લાગી— 'અલી—બુદ્ધિબળમાં મ્હાત આપી—એ કડીનો અર્થ શો ?' વનલીલા ચારે પાસ ઉત્સાહભેર ખેંચાવા લાગી, અને આખરે અલકકિશોરીએ એને ગળે બાઝી ખેંચી લઈ જઈ પોતાની જોડના પાટલા ઉપર બેસાડી પાટ

---

૧. શેતરંજ. ૨. સ્વપ્ન.

ખાલી થઈ ગઈ. પાટલા રોકાઈ ગયા, અને સર્વમાં મુખ ભોજન કરતાં છતાં વિનોદવાર્ત્તાની ક્રિયાનું જ ભાન ધરવા લાગ્યાં. તત્ક્ષણજન્ય વર્ત્તમાનના તેજમાં ત્રિકાળસિદ્ધ પદાર્થ એમ જ ભુલી જવાય છે.

---

## પ્રકરણ ૧૬.

### બુદ્ધિધન અને સૌભાગ્યદેવી.

કુમુદસુંદરી નીચે આવી તે પ્હેલાં સર્વ પુરુષવર્ગ જમી મેડીએ ચ્હડ્યો અને પ્રધાનખંડમાં ઉભરાયો. **બુદ્ધિધન** હરતો ફરતો તેણી પાસ સર્વની દૃષ્ટિયો જતી અને તે જેની સાથે વાત કરે કે બોલે અથવા જેના સામું જુવે તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. **વિદુરપ્રસાદ** પાનનાં બીડાં વ્હેંચવા લાગ્યો. **પ્રમાદધન** હસતો હસતો હેરાફેરા કરવા લાગ્યો, પોતાના મિત્રોનો સર્વથી અધિક સત્કાર કરવા લાગ્યો, આરામ-આસનપર પડી કંઈ કંઈ હુકમો કરવા લાગ્યો અને કંઈ કંઈ ગપાટા મારવા માંડ્યા. **નવીનચંદ્ર** કંઈક જવાના વિચારમાં અને કંઈક આ નવા સંસાર જોવામાં પડ્યો હતો અને એક ખુણામાં ગાદી ઉપર પડ્યો પડ્યો સર્વ ચિત્રની છબી મનમાં પાડતો હતો.

અંતે બે વાગ્યા અને સર્વ મંડળ વેરાવા માંડ્યું. થાક્યોપાક્યો અને ભારે જમણ જમેલો **બુદ્ધિધન** ઘડીક પોતાના ખંડમાં વિરામ પામવા ગયો અને **પ્રમાદધન** પોતાના ખંડમાં ગયો. **નવીનચંદ્ર** ગાદી ઉપર નિદ્રાવશ થઈ ગયો.

દરબાર ભરવાનો સમય તે જ દિવસે પાંચનો બદલી બીજે દિવસે પ્રાતઃકાળનો કર્યો હતો અને સાંઝે તથા રાત્રે માત્ર ખાનગી મંડળ એકાંતમાં સંન્મત્ર કરવા ભરાવાનું હતું. **પ્રમાદધન** અને **તર્કપ્રસાદે**—સિદ્ધસાધકનો સંબંધ દેખાડી—ચારેક વાગે **લીલાપુર** જવું અને થયેલા વર્તમાનના સમાચાર કહી તથા થનાર ગોઠવણ બાબત સાહેબની અનુમતિ લેઈ પ્રાતઃકાળના દરબાર પ્હેલાં પાછાં આવવું એમ ઠરાવ હતો.

**રામભાઉએ** **તર્કપ્રસાદ** સાથે **બુદ્ધિધન** ઉપર કેટલીક અયોગ્ય માગણીવાળો સંદેશો મોકલ્યો હતો અને તે પ્રમાણે અનુવર્ત્તન નહી થાય તો સાહેબને ઉંધુંચતું ભરવવાની ધમકી આપી હતી. દરબારનો સમય બદલવાનું કારણ આ નવી ચિંતા હતી.

બુદ્ધિધન પોતાના ખંડમાં ગયો તો સૌભાગ્યદેવી ઉભેલી. સર્વ ચિંતા તે ઘડીક ભુલી ગયો. દેવીનો તેણે હાથ ઝાલ્યો અને આજનો દિવસ કેમ ગાળ્યો એ ખબર પુછી. દેવીએ નીચું જોયું–ઉત્તર દીધો નહી. અમાત્ય બોલ્યોઃ–"આજનો દિવસ ઉત્સવનો છે અને કાલ પણ ઈશ્વર કરશે તો "આજના જેવી જ જશે. દેવી, હું માંદોમાંદો! બક્યો હતો તે સાંભરે છે? "કાલ પોશાક મળ્યા પછી પ્રથમ મ્હારે દયાશંકર કાકાને પગે લાગવું છે– "માતુઃશ્રીને ઠેકાણે કે પિતાને ઠેકાણે હવે એ જ છે." દેવી ખુશી થઈ.

"લીલાપુરમાં આપણે રહેતાં હતાં અને નિર્ધન હતાં ત્યારે આપણે "બારીયે બેઠાં હતાં અને મડમ સાહેબ મેનામાં બેસી જતાં હતાં તે જોઈ "ત્હેં શું કહ્યું હતું તે સાંભરે છે? મ્હેં એક મેનો ત્હારે સારુ છાનોમાનો "તૈયાર કરાવી મુક્યો છે. કાલથી ત્હારે રોજ એમાં બેશી પ્રાતઃકાળે રાજે- "શ્વરનાં દર્શન કરી આવવાં.આજનો દિવસ એ એમના જીર્ણોદ્ધારનો પ્રતાપ."

દેવી આનંદની સરણીપર પગથીયું ચ્હડીઃ—"અલક ક્હેતી હતી "કે કુમુદસુંદરીએ માળીપાસે મહાદેવના બાગની શોભા બહુણાં બહુણાંમાં "બહુ વધરાવી છે."

"આપણે બીજું ખરચ પણ કરવું છે. કુમુદ સમજે છે ઠીક. એમની "અને અલકની ઇચ્છા પ્રમાણે સઉ કરાવવું."

"હાસ્તો. ભોગ વૈભવ તો બાળકના જ કની!"

આમ દમ્પતી પરસ્પર આનંદ વધારતાં હતાં અને આનંદની પરિસીમા આવવાની હોય તેમ બુદ્ધિધન તેના ભણી સ્નિગ્ધ લોચનભર્યો જોઈ રહ્યો હતો એવામાં દેવીનાં અંગ ઉપરથી જ કળી ગયો કે મ્હારા કુળમાં વૃદ્ધિ થવાનો સંભવ છે–દેવીની લજ્જા ઉપરથી જ આ વીશે તેની ખાતરી થઈ. આટલા મ્હોટાં સપુત્ર થવા યોગ્ય બાળકોની દૃષ્ટિ આગળ આ ગુપ્તિનો પ્રકાશ અતિશય લજ્જાકર થશે એ વિચારે દેવીના આનંદમાં રમણીય અમુઝણ ભેળવી. આર્ય પત્નીએ રમણીય કારણ ભરી રમણીય ઈચ્છા દર્શાવી અને પત્નીવ્રત આર્યે સ્વીકારી કે "હવેથી ઘરને વન ગણી વાનપ્રસ્થધર્મ જ "પાળવો! ગૃહસ્થાશ્રમ યુવાન બાળકોને જ સોંપી દેવો!" આ ઈચ્છાનો સ્વીકાર થતાં સૌભાગ્યદેવી આનંદના શિખરપર ચ્હડી.[1] અર્થ માત્ર પુરુષાર્થ છે, પણ કામ ધર્મ અને મોક્ષ સ્ત્રીપુરુષ ઉભયને અર્થે છે. સૌભાગ્ય-દેવીનો કામાર્થ પુરો થયો–કન્યાવસ્થામાંથી મુગ્ધાવસ્થામાં આવતાં તેના મનમાં રમ્ય ઉલ્લાસ થયો હતો–તેમ આજ યુવાવસ્થાના રમણીય બંધનમાંથી

---

૧. પશ્ચિમદેશમાં માલ્થસની શીખામણ પરાકાષ્ટાએ પણ જયવંત નીવડી નથી.

છુટી પશ્ચિમાવસ્થાના પવિત્ર ધર્મબંધનમાં તે હોંસભરી સંક્રાંત થઈ. મોક્ષનો વિચાર નીરાળો કરવો પડે એ કાંઈ તેને ન હતું. પતિ એ જ મોક્ષ; આ અવતારમાં, આવતા અવતારમાં; પ્રત્યક્ષ જગતમાં; પરોક્ષ સ્વર્ગમાં; 'ક્યાં' તે વિચારની અગત્ય શી ?–સર્વત્ર ધર્માર્થ કામમોક્ષમાં પતિ પ્રવાસ કરે ત્યાં છાયા પેઠે પત્ની જાય. તેના ફળભોગમાં પોતાનો ભાગ ખરો જ ! પતિયે ધર્મપત્નીની ઇચ્છાથી કામ તજ્યો–ધર્મ સ્વીકાર્યો. હવે બીજું શું જોઈએ? જ્યાં પતિ ત્યાં મોક્ષ ! સ્વર્ગમાં પણ પતિ ન હોય તો એ સ્વર્ગ શા કામનું ? આર્યાઓ ગાય છે,

"વ્રજ વ્હાલું રે ! વૈકુંઠ નથી જાવું !
"ત્યાં મુજ નન્દકુંવર ક્યાંથી લાવું– ? વ્રજ૦."

**ભ**રતખંડની પવિત્ર આર્યા ! આ ત્હારી અભિજાત વૃત્તિ ! એ **સૌ**ભાગ્યદેવીમાં દેખાઈ **ભ**રતખંડના અભણ વર્ગને ઉચ્ચ વિચારો પાસે પ્હોંચાડનાર–સદાચાર વચ્ચે રાખનાર–ભણેલાની વિદ્યા જાળવનાર–પેલા ગાંડા-ઘેલા જેવા દેખાતા, મૂર્ખ સુધરેલાના હાસ્યાસ્પદ, કાળબળે અવગણના પામેલા, દ્રવ્યહીન, દશાહીન, દમ્ભહીન, અંતસ્તેજસ્વી શાસ્ત્રીપુરાણીયોની હજારો, વર્ષથી નિર્મળ નદીયો પેઠ વહેતી આવતી કથાઓના રસમાં ચઞ્ચૂપાત થવાથી **સૌ**ભાગ્યદેવી ધર્મસંસ્કારી થઈ હતી. પતિ કારભારી થયો લાગ્યો અને તે જ ક્ષણે માગતામાં જ પોતાની ધર્મેચ્છા આમ તૃપ્ત થઈ! હવે તે પતિની કેવળ ધર્મપત્ની જ બની; સંબંધ અશરીર થઈ ગયો,–પવિત્ર દેવીને આજ સૌભાગ્યની સીમા આવી લાગીઃ " આ જ ક્ષણે પતિમુખ જોતી જોતી આનંદમય રહી ધર્મમય રહી મૃત્યુ પામું તો હું કેવી સૌભાગ્યવતી ? સ્વર્ગમાંથી પણ પતિને જ દિવ્ય ચક્ષુથી જોયાં કરું !" આ વિચાર ક્ષણ વાર તેના મનમાં સળગી રહ્યો. અને પ્રફુલ્લ વદનવાળી પતિના પવિત્ર ચરણ સામું તેના હાથમાં હજી પોતાનો હાથ રાખી –ક્વચિત્ પોતાનાં આંગળાં થાબડી–નમસ્કાર વર્ષાવતી દૃષ્ટિવડે જોઈ રહી !

પતિચરણ જોતી દૃષ્ટિ અંતર્માં વળી. નદીમાં શાંત રજનિને સમયે અંધકારને ડોલાવતા સપરિવાર ચંદ્રમાનું પ્રતિબિમ્બ પડી રહે તેમ પત્નીના હૃદયમાં સુવર્ણપુરનું રાજ્ય ડોલાવતા પતિની મુદ્રા પડી રહી. હવે નવું વરદાન આપ્યા પછી માત્ર મનનો જ સંબંધી પતિ રાજ્યતંત્રરૂપ સમુદ્રનું મન્થન કરતો હોય અને પોતે તો બ્હાર તટસ્થ ઉભી ઉભી માત્ર જોતી હોય એમ લાગ્યું. કાળા તરંગોથી છલકાતી રાજ્ય–કાલિન્દીમાંના શઠરાય–વાસુકીની ફેણાવચ્ચે કૃષ્ણપેઠે બુદ્ધિધન ઉભો હોય, બળ અજમાવી રહ્યો હોય, અને પોતે તો માત્ર તટપરથી જોનારી ગોપી હોય તેમ, જોટવાંવાળો જમણા

પગનો અંગુઠો ધરતીઉપર ઉંચોનીચો કરતી અને જોટવું ખખડાવતી સૌભાગ્યદેવી પતિના હાથની અને પગની આંગળિયો ગણતી કંઈક સંભળાય એમ ગણગણતી મનમાં ગાવા લાગીઃ ઘણા વર્ષ સુધી સખીપેઠે વસેલી યૌવનક્રીડાઓ વિદાય થતી હતી તેની પુઠ જોઈ સ્નેહ-બંધનને બળે રોતી હોય અને તે છતાં નવા પ્રસંગનો, આનંદથી સત્કાર કરતી હોય તેમ મૃગનયનીની વિશાળ આંખોમાંથી હર્ષશોકનાં આંસુ મોતીથી સેરો પેઠે ટપકવા લાગ્યાં. આંસુ આવે છે તેનું ભાન તો તેને હતું નહી. માત્ર ઉંડા હૃદયમાં ઉંડી પતિની મુદ્રા હતી તેમાં સમાધિસ્થ થઈ, તે શૂન્ય નયનથી પતિચરણ ન્યાળતી, ભાનવિના ઝીણે સ્વરે પોતે જ સાંભળે-પતિ જ સાંભળે-એમ ગાઈ રહીઃ પોતે ગાય છે એ પણ ભાન ન રહ્યું.

"મેરી ગઈ રે મથનિયાં, મેરી ગઈ રે મથનિયાં, દધિ કેસેં વલોવું?
(ધ્રુવ.)

"પાનિ ડોલત! પવન ડોલત! ડોલત સબ દુનીયાં!
"શેષ ઉપર ભુબન ડોલત! નાગકે નથનિયાં! મેરી૦ ૧
"ઝલક ઝલક આવત મહિ, આવત ઉભનિયાં,
"ડસક ડસક આંસુ આવત; ચોર ગોવર્ધનિયાં! મેરી૦ ૨
"પાનિમેં મુખ દેખ દેખ કરત હેં રુદનિયાં,
"ચંદ્રમાકુ ભોર ભયો! નંદકે નંદનિયાં! મેરી૦ ૩
... ... ... ... ...
"કહત હેં કબીરદાસ, સુનો મેરે મુનિયાં,
"નંદઘર આનંદ ભયો-ગાવત સબ દુનિયાં! મેરી૦ ૪
"-મેરી તો ગઈ રે મથનિયાં- મેરી૦" ૫

સ્ત્રીએ બન્દિજનનું કામ કર્યું તે હૃદયવડે સાંભળતો પતિ આનંદ-યોગમાં લીન થયો-વિશુદ્ધ સ્નેહ-શિખર પામ્યો-પળવાર જીવન્મુક્ત જ થયો!

---

## પ્રકરણ ૧૭.

## પ્રમાદધન અને કુમુદસુંદરી.

આ સમયે પ્રમાદધન ક્યાં હતો? તે શું કરતો હતો? પુરુષ મંડળ વેરાયું પણ સ્ત્રીમંડળ તો આજ આખો દિવસ અલકકિશોરીની આસપાસ ભમવા સરજેલું હતું. કુમુદ-સુંદરી પણ ત્યાં જ હતી. પ્રમાદધનને બપોરે નિદ્રા ન આવી.તેનું મસ્તિક નવા સંસારનાં સ્વપ્નોથી તરવરતું હતું.

કુમુદસુંદરી વિનાની મેડીમાં પ્રમાદધનનું રાજ્ય નિષ્કંટક થયું હતું. ભણેલી પત્ની ઉપર તેનો આદર ઘણો હતો અને તે કાંઈ પણ ક્હેતી તો પ્રત્યુત્તર દેવા તેની તાકાત ન રહેતી. પતિનો વિદ્યાભ્યાસ વધારવા અને તેને પોતાના જેવો કરવા પત્ની મથતી–આટલી વાત પ્રમાદભાઈને ગમતી ન આવી. સ્ત્રીની પાસે વિલાસને બદલે વિદ્યાની વાતો તેને મન અસ્થાને હતી. સ્ત્રીની રસિકવૃત્તિ ઉચ્ચ પ્રકારની હતી તે જોઈ સ્નેહ એ નામની પણ તત્ત્વતઃ પશુવૃત્તિમાં જ રમનાર–પશુવૃત્તિ જ સમજનાર–પ્રમાદધન ઘણીકવાર મનમાં કંટાળો પામતો. કોઈ વડીલ પાસે હોય ત્યારે અસ્વતંત્રતા લાવે તેમ કુમુદસુંદરી પાસે તેના મનમાં અસ્વતંત્રતા લાગતી. આથી સમાનભાવ અને ઇષ્ટ આનંદના પ્રસંગ પોતાના મિત્રમંડળમાં તેમ જ પદ્માને ઘેર શોધતો. આથી દિવસે દિવસે તેનો ભાવ ઓછો થયો. અધુરામાં પુરું આજથી દરબારમાં તેની સ્થિતિ વધી અને-ચારેપાસથી માન મળવા છતાં ઘરમાંની સ્ત્રીપાસે ન્હાનાં દેખાવું એ તેને ન ગમ્યું. તેનું ક્ષુદ્ર મન સ્ત્રીની સમક્ષ ઉઘડવા જ પામતું. સ્ત્રીની પાસે આવા અમલદાર બનેલાએ મનને તાળું વાસવું એ હલકું લાગ્યું. કુમુદસુંદરી વિનાની મેડી જોઈ તે ઘડીક સ્વતંત્ર બન્યો, આનંદમાં આવી જઈ એકલો એકલો બોલવા લાગ્યો, પલંગપર બે પળ ચતોપાટ સુતો, ઉઠી રસ્તામાં પડતી બારી આગળ ફક્કડ કબજાનાં સોનેરી બટનપર હાથ મુકી છાતી ક્હાડી રસ્તે ચાલનારને આંખો ઉંચી ચ્હડાવી રુઆબ દેખાડતો ઉભો રહ્યો, અને વળી અંદર આવી તકતો લેઈ મ્હોં જોવા મંડ્યો અને મુછોપર હાથ ફેરવવા લાગ્યો.

આંખો તેજભરી ચગાવી આનંદપ્રફુલ્લ બની તકતામાં જોતો બોલ્યો:
“ બસ, હવે જોઈ લ્યો. હવે હું બસો રુપીઆનો અમલદાર બન્યો !
“ નવીનચંદ્ર આટલું ભણેલા હોવા છતાં તેને સો જ રુપરડી–અને મને
“ બસો રુપીઆ ! આજ સુધી નરભેરામ હતા તેટલો–તેવો–જ હું. ચાલો,
“ હવે ત્યારે આપણે શું કરવું ? મોભો જાળવવો એવું પિતાજીએ કહ્યું
“ છે–એટલે એમ કે ભારેખમ થવું. દોસ્તદારોને હું ચ્હડાવી દેઈશ–
“ પિતાજી હવે મ્હારું એટલું કહ્યું નહી માને ? પણ બસો રુપિઆનું શું
“ કરવું ? જાણે કે ઘરના ખરચની તો આપણે ચિંતા નથી. બચાવવાની
“ આપણે ચિંતા નથી. પિતાજી ઘણું યે બચાવે છે.”

“ ત્યારે બસ. હવે એ ગોઠવણ કરવી–જો–જાણે કે પચાસ
“ રૂપીઆનો મહીનો આપવા તો આપણે પદ્માની સાથે બંધાવું પડશે.

" પચીસેક રુપીઆ તો એને ત્યાં જઈયે કરીયે તે અત્તર બત્તર ને
" એવું ખરચ થાય. પછી પચાસેક રુપીયા આપણે બીજું ખરચ,
" લુગડાં છે, લત્તાં છે, બીજું છે, ત્રીજું છે એમ થાય! ત્યારે શું
" થયું એ? જાણે કે પચાસ એ–પચીસ એ ને પચાસ આ–ને આ–એટલે
" દોઢસોનો સુમાર થયો. બાકી પચાસ રુપીઆ રહ્યા–તે તો એટલો
" હીસાબ તો–એને (કુમુદસુંદરીને) ખાતે–એ બોલતી ચાલતી નથી
" પણ એનેયે કાંઈ આપ્યા કર્યા વિના છુટકો છે? એને લીધે તો
" આપણા ખીસાખરચનો હીસાબ નથી આપવો પડતો! એટલે હવે
" બસોયે બસો પુરા થઈ રહ્યા."

બજેટ થઈ રહ્યું–હીસાબ થઈ રહ્યો. હીંદુસ્થાનના હજારો રુપીઆના પગારદાર ઈંગ્રેજોના હીસાબમાં કરોડો રુપીઆની ભુલો ચાલી જાય તો વગરભણ્યા પ્રમાદધનના પ્રમાદમાં પચીસ રુપીઆ ચાલ્યા જાય એ કાંઈ મ્હોટી વાત નથી.

તકતો આઘો મુકી તે ટેબલ આગળ ખુરશીપર બેઠો. ટેબલપર કુમુદસુંદરીના ઉદ્યોગના પદાર્થો પડ્યા હતા. એક પાસ ઈંગ્રેજી કવિયો, વચ્ચે સંસ્કૃત કવિયો, બીજીપાસ સૃષ્ટિપદાર્થજ્ઞાનના ગ્રંથો, સામે ગુજરાતી મનુસ્મૃતિ, અને મ્હોં આગળ અધ્યાત્મરામાયણનાં પાનાં પડ્યાં હતાં અને વચ્ચે એક કાગળના કડકાનું ચિહ્ન મુક્યું હતું. ખુરસીપર બેસી ટેબલ તળે લાંબા પગ નાંખી પ્રમાદધને રામાયણ હાથમાં લીધું, પ્રથમ પાને ક્હાડેલું ચિત્ર જોયું, એક પાનું વાંચવા માંડ્યું અને છોડી દીધું, અને પાછું તરત જ પુસ્તક હતું ત્યાં સંભાળીને મુક્યું. આ સર્વ પુસ્તકશાળા સ્ત્રીની ઇચ્છા પ્રમાણે પતિએ જ વસાવી આપી હતી અને કુમુદસુંદરી પોતાનો દુર્ગમ કાળ, પુસ્તકોમાં પરોવાઈ, ગાળતી હતી. સર્વ પુસ્તકો સામું પ્રમાદધન ક્ષણવાર જોઈ રહ્યો, ઉંડા કુવામાં નજર નાંખવી પડતી હોય એવો વિકાર અનુભવવા લાગ્યો, અને અંતે મ્હોં કસાણું કરી એકદમ ઉઠી ગયો.

કુમુદસુંદરીની સારંગી હાથમાં લીધી–તારઉપર હાથ ફેરવવા માંડ્યો. કુમુદસુંદરી સારંગી વગાડતી તે તેને ગમતું, પણ એ પન્નાની પેઠે કનૈયાનાં અને ઇશ્કનાં પદ ગાતી ન હતી એટલે સઉ લુખું લાગતું–કનૈયા વિનાનું તે ગાણું? સારંગી પાછી હતી ત્યાં મુકી અને ભીંતપર પોતાની છબી હતી તે ઉંચી આંખે–કેડપર બે હાથ મુકી–ઉભો ઉભો જોઈ રહ્યો.

પલંગ ભણી ગયો; પણ તેપર કુમુદસુંદરીએ ઉઘાડું મુકેલું એક તત્ત્વજ્ઞાનનું ઇંગ્રેજી પુસ્તક હતું તે જોયું. અને જોયું કે તરત ત્યાંથી પાછો વળ્યો.

"આ શું ? કોણ જાણે શાથી–કે વાંચ વાંચ કરે છે ત્યારે જ "એને જંપ વળે છે. જોને, ટેબલ ઉપર તો પુસ્તક હોય પણ પલંગ-"પરે મુક્યું છે." પુસ્તક લઈ બંધ કરી ઠેકાણે મુક્યું.

પોતાને કાંઈ વાંચવાનું મન થયું. કબાટ ઉઘાડ્યું અને દૃષ્ટિ ફેરવવા માંડી. કંઈ ન જડતાં એક પોતાની જ આણેલી ઇંગ્રેજી નવલકથા–મદનકથા–જડી તે લેઈ પલંગપર પડ્યો અને પુસ્તક છાતીપર રાખી જરી મ્હોટે સાદે ભભકાભેર વાંચવા માંડ્યું.

એટલામાં નવીનચંદ્રવાળી મેડીમાં કાંઈ ખખડ્યું; ઉઠી બારણું ઉઘાડ્યું અને અંદર જુવે છે તો એકલી કૃષ્ણકલિકા ચારેપાસ જોતી જોતી ઉભેલી. બીજું કોઈ ન મળે.

કૃષ્ણકલિકા અંહીયાં ક્યાંથી ?

શિથિલ વૃત્તવાળી આ યુવતિની કલ્પનામાં કોણ જાણે ક્યાંથી નવીનચંદ્ર વસી ગયો હતો અને પવિત્ર પણ અસાવધ અલકકિશોરીને તેણે પોતાનું સાધન કરવાની યુક્તિ કરી હતી તે, વાંચનાર, તને વિદિત છે. પોતાનું વૃત્ત પાંસુલ થઈ જતું બચ્યું તે પછી કિશોરી થોડીવાર સાવધ રહી અને કૃષ્ણકલિકા સાથેનો પ્રસંગ ઓછો કરી નાંખવા મનમાંથી યત્ન કર્યો. પણ ભોળી સર્વ વાત ભુલી ગઈ અને કૃષ્ણકલિકા ઉપર પ્રથમની પેઠે મમતા રાખવા લાગી. સૌભાગ્યદેવીને પુત્રી પાંસુલ થયાની શંકા પડી હતી પરંતુ કુમુદસુંદરી મૂર્ચ્છા પામી તેના દુઃખમાં સર્વ ઘડી ભુલી ગઈ. પાછળથી તે વાત સાંભરી પણ પુત્રીના ચિત્તમાં પશ્ચાત્તાપ થતો જણાયો અને પવિત્ર મનમાં એમ જ આવ્યું કે મ્હારી પુત્રી અપવિત્ર ન જ હોય. આ વિચારથી પોતે પોતાના ચિત્તને ઠપકો દેવા લાગી કે પળવાર પણ આ શંકા તેમાં ઉત્પન્ન થવા પામી. કુમુદસુંદરીની શંકાનું સમાધાન વનલીલાએ સમાચાર કહ્યા તે ઉપરથી થયું હતું તે આપણે જાણીયે છીયે. પરંતુ પાછળથી અલકકિશોરીથી પોતાથી જ ન રહેવાથી અને એક દિવસ ભાભી આગળ સર્વ ઇતિહાસ કહી દીધો અને કૃષ્ણકલિકાને લાખો ગાળો દીધી અને નવીનચંદ્રની સ્તુતિ કરી. આ પ્રસંગનો લાભ લેઈ કુમુદસુંદરીયે ભોળી નણંદને બુદ્ધિ આપી અને કૃષ્ણકલિકાની પાતક સંગતિનો ત્યાગ કરવા શીખામણ આપી. ભોળી નણંદે કૃષ્ણકલિકાની સંગતિ ઓછી કરવા માંડી પણ તેની સાથે એક દિવસ તેને કહી પણ દીધું કે મને ભાભીયે આ પ્રમાણે

શીખામણ આપી છે. આ સમાચારનો લાભ કાળકાએ લીધો અને ભાભીની શીખામણની યોગ્ય અસર ન થાય તેવી યુક્તિયો કરવા ચુકી નહી.

કૃષ્ણકલિકાને મ્હોંએ પોતે ભાભીનું નામ દીધું તેથી કિશોરીને પશ્ચાત્તાપ થયો પણ થોડા દિવસ તો તે મનમાં જ રાખી રહી. આખરે ન રહેવાયું તે એ પણ પાછું ભાભીને કહી દીધું. ભાભી સાવધાન થઈ તો પણ કૃષ્ણકલિકાની સંગતિમાંથી પોતાની વ્હાલી નણંદને છોડવવા યત્ન ઉઘાડો ન પડે એમ કરવા લાગી. શીખામણ દેવી મુકી દીધી પણ એમ ધાર્યું કે એકના ઉપર પ્રીતિ વધારે થશે તો બીજીના ઉપરની પ્રીતિ એની મેળે ઉતરશે. આમ ધારી કુમુદસુંદરી વનલીલાને અલકકિશોરીના ચિત્ત આગળ વધારે વધારે ધકેલવા લાગી. વનલીલા સ્હોજીલી હતી, તેની રસવૃત્તિ નિર્દોષ હતી, તેનામાં રમતીયાળપણાનો ગુણ અલકકિશોરીનાથી વધારે હતો, અને તે સમજુ વધારે હતી. કુમુદસુંદરીયે નણંદ આગળ વનલીલાની જ સ્તુતિ કરવા માંડી, તેના ગુણોનું ભાષ્ય કરવા માંડ્યું, તેના ઉપર મોહ અને પ્રીતિ ઉત્પન્ન કર્યાં, નણંદની આંખો ઉઘડી, વનલીલાનો ઉત્કર્ષ તેના હૃદયમાં દેખાયો, અને એના આગળ કૃષ્ણકલિકા એની મેળે જ ક્ષુદ્ર દેખાઈ. આ રીતિથી કુમુદસુંદરીયે કૃષ્ણકલિકાની નિન્દા કર્યા વિના, તેનું અપવિત્ર નામ જીભે લીધા વિના, તેને નણંદપાસેથી દૂર કરી. કૃષ્ણકલિકા શઠરાયની પણ સગી હતી અને અલકકિશોરીને એક બે પ્રસંગે એવો પણ વ્હેમ પડ્યો હતો કે આપણા ઘરની વાત જાણી લેઈ શઠરાયના ઘરમાં એ કરે છે. જુની સંગતિ ઘણા પ્રયાસથી આખરે ઓછી કરી, તો પણ આંખની શરમ છંડાતી ન હતી. પણ આજ તો વનલીલાની ગરબી ઉપરથી અલકકિશોરીની પ્રીતિ છલકાઈ અને તેને પોતાની સાથે જમવા બેસાડી. આ વાત કૃષ્ણકલિકાથી સંખાઈ નહી. તેનું માનભંગ થયું અને આંખો વનલીલા સામું જોઈ કાતરીયાં ખાવા લાગી. હવે એણે પોતાનો માર્ગ જાતે શોધવા પ્રયત્ન કર્યો. સઉ વાતોમાં ભળ્યાં જોઈ છાનીમાની ચોરની પેઠ ઉઠી અને નવીનચંદ્ર એકલો હશે એમ કલ્પી પોતે જ તેની મેડીમાં ગઈ. નવીનચંદ્ર તો ત્યાં હતો નહી, ભ્રમિત ચિત્તે પ્રમાદધનની મેડીનું દ્વાર જોતાં બીજી ભ્રમણા શોધી ક્હાડી: “ મોઈ
“ રાંડ અલક એનું શું કામ છે? પ્રમાદને જ હાથમાં લેઉં નહી એટલે
“ મ્હારા ધણીનુંયે કામ થાય! સારી નોકરી આપી શકશે પ્રમાદધન–
“ અને પેલી કુમુદડીનું વેર લેવાશે–રાંડ મ્હારી પાછળ ખતરવટ થઈને
“ લાગી છે.” આ વિચાર કરે છે એટલામાં પ્રમાદધને બારણું ઉઘાડ્યું.

કૃષ્ણકલિકા છાનીમાની ઉઠી ગઈ તે કુમુદસુંદરીયે છાનુંમાનું જોયું. તેની પાછળ પોતાની દૃષ્ટિને મોકલી. તેને દાદરપર ચ્હડતી જોઈ, અગાશીની રવેશો પાછળ તેના માથાંના વાળ ચાલતા દેખાયા અને આખરે **નવીનચંદ્ર**વાળી મેડી આગળ અદૃશ્ય થયા.

કાંઈકિ નિમિત્ત ક્હાડી કુમુદસુંદરી ઉઠી. પણ કૃષ્ણકલિકાની પાછળ જવું ન ગમ્યું. "ભોગ એના, હું ક્યાં આવા આવા મલિન માર્ગની ચોકી કરતી ફરું ?" પરંતુ અંતઃકરણે કહ્યું કરતાં પ્હેલાં આડાઈ કરી. કેટલીક વાર તે પાછી બેઠી. ચિત્ત ઉપર હતું અને નીચે બેઠલાં સાથે વાતોમાં ભળી. કૃષ્ણકલિકા પાછી ફરતી ન દેખાઈ–અર્ધ ઘડી થઈ–ઘડી થઈ. આખરે ધીરજ ન રહી અને ઉપર ચ્હડી. **નવીનચંદ્ર**વાળી મેડીમાં ડોકીયું કર્યું–પણ કોઈ ન મળે. પોતાની મેડીનું દ્વાર બંધ હતું–તેને ઉઘાડવા ધક્કેલ્યું. ઉઘડ્યું નહી. અંદર સાંકળ હતી. "કોણ ?"–**પ્રમાદધને** બુમ પાડી. કમાડ ફરી ધક્કેલ્યું–ઉત્તર મળ્યોઃ "ઉઘાડું છું." થોડી વારે **પ્રમાદધને** બારણું ઉઘાડ્યું–મેડીમાં એ એકલો જ હતો. કુમુદસુંદરી અંદર ગઈ નહી–ઉમરાબ્હાર ઉભી. **પ્રમાદધને** અંદર બોલાવી–"હા આવું છું" કહ્યું પણ ન આવી, કંઈકિ વિચાર કરી અંદર આવી ઉમરો ઓળંગ્યો–પણ દ્વાર પાસે જ ઉભી અને દૃષ્ટિ અગાશીમાં જ રહીઃ **નવીનચંદ્ર**વાળી મેડીમાંથી નીકળી છાનીમાની પણ ઉતાવળી કૃષ્ણકલિકા દાદર ભણી દોડી. કુમુદસુંદરી એકદમ બ્હાર નીકળી અને છલંગ મારતી ફલંગ ભરતી–અબળા–બાળકીયે કૃષ્ણકલિકાને પકડી પાડી–અને તેનું કાંડું પકડ્યું. બારણા બ્હાર ડોકીયું કરી વિવર્ણ–વ્હીલો–અનેલો **પ્રમાદધન** પોતાની મેડીમાં પાછો સંતાઈ ગયો.

ક્રોધથી કુમુદસુંદરીનું ગોરું મ્હોં રાતું રાતું થઈ ગયું. ક્રોધનાં આંસુ આવ્યાં, ક્રોધથી શરીર કંપવા લાગ્યું, ભમર ભાંગી અને કપાળે કરચલીયો વળી. આંખે લોહીની તસર આવી. પણ શું બોલવું તે સુઝયું નહી. અહુણાં જાણે કે રોઈ પડશે–એમ ઓઠના રાતા પલ્લવ કંપવા લાગ્યા. કૃષ્ણકલિકા પ્રથમ તો શરમાઈ અને નીચું જોઈ રહી. પણ છુટવાનો ઉપાય ન જોઈ નીડર બની. મર્યાદા તુટી ગઈ. કુમુદસુંદરીને 'તું' કરી બોલાવવા મંડી,

"છોડ હાથ, જવા દે."

"શરમાતી નથી ?—"

"શી બાબત શરમાય ? શરમા ને તું"—

"જા, જા, નફ્ટ. ત્હારી સાથે બોલવું પણ ન જોઈએ. જો આજ તો
" જવા દેઉં છું પણ આ ઘરમાં તને હવેથી દીઠી તો એમ જાણજે કે નાસતાં

" ભોંય ભારે પડશે. ન્હોય આ શઠરાયનું ઘર. ડાહી હોય તો આ ઘર
" સામું ન જોઈશ."

બળથી પ્રત્યુત્તર દેવા જતી જતી પોતાના સગા શઠરાયનું નામ સાંભળી, શઠરાયની આજ શી અવસ્થા થઈ છે તે સંભારી, ગઈ કાલના બુદ્ધિધન ને આજના બુદ્ધિધન વચ્ચે ઘણું અંતર પડ્યું હતું તેનું ભાન આણી, અલકકિશોરી હવે જુદી થઈ છે તે જોઈ, પ્રમાદધનનું કાંઈ નીપજી શકે એમ ન હતું તે લક્ષમાં આણી, અને કુમુદસુંદરીનું ઘરમાં કેવું ચલણ થયું હતું તે અનુભવથી જાણેલું હતું તે સ્મરી, દુષ્ટ કુલટા નરમ પડી, પરસેવાથી ભીંની થઈ અને ધીમે રહી બોલી:

" વારું, હવે મને જવા દેઈશ ?"

" વચન આપ કે હવે પાછી આ ઘરમાં નહી આવું."

" મને કોઈ બોલાવે તો ?"

" ના, બોલાવે ત્હોય નહીં."

" એવું વચન તો ન અપાય."

" ત્યારે જવાનું યે ન થાય."

" મને શું કેદ કરવી છે ? એમ હોય તો તે ફ્હો. હા બાઈ."

કુમુદસુંદરીયે વિચાર કર્યો કે આ નકટીની સાથે શી રગઝગ કરવી ?–એના હાથને અડકવું એ ન જોઈએ. હાથ મુકી દેવા જતી હતી. પણ પતિને સુધારવાનો સ્વાર્થ સાંભર્યો.

" જા, જા. ત્હારા વચન ઉપરે શો વિશ્વાસ ? તું વચન આપે તે યે સરખું
" ને ન આપે તે યે સરખું. પણ એટલું કહું છું કે તને ત્હારો જીવ વ્હાલો
" ન હોય તો આ ઘરમાં પગ મુકજે. જા."

હાથ છોડી દીધો અને કૃષ્ણકલિકા ગઈ. કુમુદસુંદરી પોતાની મેડીમાં આવી. પ્રમાદધન ટેબલપર ઉંધું માથું મુકી બેસી રહ્યો હતો. કુમુદસુંદરી આવી તે જાણ્યું પણ માથું ઉંચું ન થયું. કુમુદસુંદરી ચારેપાસ જોતી જોતી અંદર આવી, પ્રમાદધનને જોયો પણ બોલી નહી, અને રસ્તાપર બારી પડતી હતી ત્યાં આગળ આંખે હાથ લેઈ ઉભી. એટલામાં રસ્તા ઉપર બુમ સંભળાઈ; પાછી ફરી જુવે છે તો અગાડી એક જણે તોલડી ઝાલેલી, વચ્ચે ઠાઠડી ઉપર મડદું અને મડદું ઉચકનાર સિવાય પાછળ માત્ર દશપંદર માણસો–જે શઠરાયનાં અડીને સગાં હતાં. મડદું દુષ્ટરાયનું હતું અને તેનું નામ દેઈ રોતી કુટતી તેની સગી સ્ત્રીયો પાછળ આવતી હતી. ખલકનંદા પણ હતી અને અત્યંત રોતી દેખાતી હતી. રૂપાળી ન હતી. શઠરાય કરવતરાય કોઈ ન હતા.

પ્રમાદધને અચિંત્યું માથું ઉંચું કર્યું અને બોલ્યો: "કોણ મરી ગયું ?"

"દુષ્ટરાય"–ઉત્તર દેઈ કુમુદસુંદરી આંસુવાળી આંખે પાછી આવી અને પ્રમાદધન બારી આગળ ગયો. તે ત્યાં ઉભો એટલામાં છાતી ઉપર હાથ મુકી વિચારમાં પડી કુમુદસુંદરી વચ્ચોવચ ઉભી રહી અને દુષ્ટરાય તથા પ્રમાદધનની ત્રિકાલાવસ્થા સરખાવવા લાગી–"શું જે કારભારીના દીકરા હોય તે સઉને લંપટ થવાનું સરજેલું હશે ?" એમ મનને પુછવા લાગી– "દુષ્ટરાયની અવસ્થા રુપાળીએ કરી એવી પ્રમાદધનને અથવા કૃષ્ણ-કલિકાને હાથે કોઈ સમે મ્હારી પણ થવા વારો કેમ ન આવે ?"–"ધુળ "નાંખી આવે તો, આ જગતમાંથી છુટી થાઉં:" આવા તર્ક કરે છે એટલામાં પલંગપર દૃષ્ટિ પડી અને ત્યાં કંઈ દીઠું, પાસે જઈ તે જોયું તો કૃષ્ણ-કલિકાના માથાનો કેવડો અને કોટની સાંકળી નીકળી પડેલાં દેખાયાં તે લેઈ લીધાં. હાથમાં લેઈ વિચારમાં પડી પાછી પલંગ આગળ જ ઉભી.

પ્રમાદધન રસ્તા ઉપર સ્ત્રીયો કુટતી હતી તે જોતો ઉભો. કૃષ્ણ-કલિકા પણ કુટવામાં ભળી હતી તે બરોબર એના સામી ઉભી. કુટતાં કુટતાં સાંકળી વિનાની કોટ લાગતાં ગભરાઈ. પ્રમાદધનની મેડીમાં જઈ તપાસ કરવા છાતી ચલાવે એવી હતી–પણ પેલી કુમુદડી સાંભરી–એની ક્રોધવાળી આંખો સાંભરી–એટલે સાંકળી શોધવાનો વિચાર મુકી દીધો. સાંકળીનું રોવું અને કુટવામાં રોવું બે એક થઈ ગયાં. આંસુના પ્રવાહમાં પ્રમાદધનને જોવો પણ મુકી દીધો. પ્રમાદધનને પાછળ ઉભેલી કુમુદ-સુંદરી સાંભરી એટલે પાછો ફર્યો અને ઓશીયાળા જેવો–ન્હીલા જેવો–બની વાત જાણતો જ ન હોય એવું ડોળ ધારવા વ્યર્થ યત્ન કરવા લાગ્યો.

કુમુદ પલંગની ઈસને અઠીંગી ઉભી હતી. ઘડીક હાથમાંની સાંકળી અને કેવડાપર નજર કરતી હતી. ઘડીક આંખ સામે નવીનચંદ્રવાળી મેડીના બારણાની નિત્ય બંધ રહેતી પણ આજ ઉઘાડી રહી ગયેલી સાંકળ સામી નજર કરતી હતી.

"હે ઈશ્વર ! આમને સુધારવા એ વાત મ્હારા હાથમાંથી ત્હેં સમુળગી "લઈ લીધી જ ! શું મર્યાદા તુટી જ ? શું છેક આમ જ કે હું અંહીયાં "ઉભી છતે પેલીના સામું જોયાં કરે છે અને મને તો બોલાવતા જ નથી ? "છેવટે એ આંખની શરમ પણ ન રહી. હવે સુધરવાનું બારું બંધ."

"ત્યારે આ સાંકળી આપી દેઉં એમને ? ફાવે તે કરે. ફાવે તે કરે. "મ્હારે શું ? ભણેલાએ પરણ્યા પ્હેલાં છોડી–વગરભણ્યાએ પરણીને છોડી !"

આ વિચારમાં ને વિચારમાં દુઃખી અબળાનું હૃદય ભરાઈ આવ્યું. અચિંતી બારી આગળ ગઈ અને કેવડો તથા સાંકળી બન્ને વાનાં રોષથી-જોરથી-કૃષ્ણકલિકા ઉપર રસ્તામાં ફેંક્યાં અને એકદમ પાછી માંહ્ય આવી અને મેડી વચ્ચોવચ ભોંય ઉપર બેસી ઢીંચણપર હાથની ક્હાણીયો મુકી આંખે બે હાથ દેઈ નિર્ભર રોવા લાગી. પ્રમાદધન પળવાર તે જોઈ રહ્યો-તેને મનાવી નહી-ખંડિત પત્ની વધારે ખંડિત થઈ-તેને ઓછું આવ્યું. મનમાં રોતી હતી તે ખાળી ન રખાયાથી સંભળાય એમ મોકળું મુકી રોવા લાગી. સારે ભાગ્યે ઘરમાં કોઈએ સાંભળ્યું નહી. પ્રમાદધનને તેના મિત્રે શીખામણ દીધી હતી કે સ્ત્રીયો રુવે તે તો ઢોંગ-એવું સ્ત્રીચરિત ગાંઠતું નહી. તે બારી આગળ ઉભો ઉભો સર્વ જોઈ રહ્યો.

ન ર્‌હેવાયું અને કુમુદસુંદરીયે ભોંયપર માથું પછાડ્યું. દૈત્યને દયા આવી. પ્રમાદધનનું અંતઃકરણ ઓગળ્યું. પાસે આવ્યો. "આ શું છે બધું ?" કરી કુમુદસુંદરી પાસે બેઠો. તેનું માથું ખોળામાં લીધું. પવિત્ર સ્પર્શે પવિત્ર વિચારને જન્મ આપ્યો. "હું અપરાધી છું" એ બુદ્ધિ પ્રમાદના મસ્તિકમાં ઉપજી, "શું થયું ? શું છે ?" એવું એવું પુછવા લાગ્યો. પતિના અંતઃકરણમાં પોતાને વાસ્તે કાંઈક અવકાશ છે-પતિ સુધરે એમ છેઃ આ વિચારથી પતિવ્રતાના હૃદયમાં ધૈર્ય આવ્યું ! આંસુ લોહ્યાં; અને "કાંઈ નથી-કાંઈ સહજ" અર્ધ ઉત્તર આપી તેની બાથમાંથી છુટી એક ખુરસીપર જઈને બેઠી.

ચાકરોને હાથે ઉછરેલો, ખુશામતીયા તથા ભ્રષ્ટ મિત્રોએ સ્વાર્થ સારવા નીચ માર્ગે દોરેલો, બુદ્ધિહીન, અને અકાળે સ્વતંત્ર થવા પામેલો, પરંતુ પવિત્ર સંસ્કારો ભરેલી હવાથી કેવળ અજાણ્યો ન રહેલો, બુદ્ધિધન અને સૌભાગ્યદેવી જેવાંનો પુત્ર અંતે ઘડીક કુળ ઉપર ગયો. વિમાનના પામેલી પત્નીની આસનાવાસના કરવા લાગ્યો. તે ન બોલી તેમ તેમ તેને વધારે બોલાવવા લાગ્યો. આ નિમિત્તે-તે નિમિત્તે-વાતચીતનો પ્રસંગ ક્હાડી ક્હાડી તેને બોલાવવા લાગ્યો. કંઈ કંઈ પુછવા લાગ્યો. કંઈ કંઈ ક્‌હેવા લાગ્યો. માત્ર મૂળ વાત ક્હાડી નહી-ડાહી સ્ત્રીયે ક્હડાવી નહી. પતિ સુધરે એમ છે-તેને શી રીતે સુધારવો એટલા જ ઉત્સાહક વિચારમાં પડી.

એટલામાં તો પ્રમાદધન કંઈ કંઈ વાતો કરી ગયો. દરબારના સમાચાર, પોતાને પગાર થવાની વાત, આજ પોતાને લીલાપુર જવાનું હતું તે ખબર, ખરેખરું જોતાં રામભાઉવાળા કારણથી પણ બ્હાર ક્‌હેવામાં મુહૂર્ત ન આવ્યું એ કારણથી દરબાર આજ ભરવો બંધ રાખ્યો એ વર્ત્તમાન,

નવીનચંદ્રની ગોઠવણ, પિતામહનું જુનું ઘર ગમે તેટલું દ્રવ્ય ખરચી વેચાતું લેવું એવી દયાશંકરકાકાની સૂચના અને તે ઘરને ઠેકાણે માતુઃશ્રીના નામનું શિવાલય કરવું એવો પિતાનો વિચાર થયો હતો તેઃ આ અને એવા કાંઈ કાંઈ વિષયોનું પુરાણ પ્રમાદધન કહી ગયો. માથું નીચું રાખી, વિચારમાં પડેલી કુમુદસુંદરીયે કશી વાત સાંભળી નહી. માત્ર નવીનચંદ્રની વાત કરી ત્યારે પાંપણો જરીક ઉંચી કરી વાર્તા ઉપર ધ્યાન આપ્યું. વાર્તાની અસર એટલી થઈ કે કુમુદસુંદરી શાંત પડી. અંતે વાર્તા થઈ રહી એટલે આળસ મરડી ઉંચું જોવા લાગી અને પોતાને પ્રસન્ન કરવા ઇચ્છતા પતિ ઉપર પ્રસન્ન થઈ ઉઠી.

ઉઠતાં ઉઠતાં પતિઉપર પ્રેમ ઉપજ્યો. "ના, એ તો એ રાંડના "જ વાનાં, મ્હારા પતિ તો બીચારા ભોળા છે" આટલો વિચાર કરી પતિની ભોળાઈ, પોતાને પ્રસન્ન કરવાની તેની આતુરતા, મનાવતાં સુકાઈ જતું તેનું મ્હોં, એવું કંઈ કંઈ જોઈ વિચારી દયા આવતાં ઉમળકો આવતાં પોતાના કોમળ માંસલ ભુજવડે પતિને કણ્ઠાશ્લેષ દીધો અને પોતાની પવિત્રતા તેનામાં સંક્રાંત થઈ માનવા લાગી.

આર્યા! લગ્નોચ્છેદક ધર્માસન[1] આપે તેના કરતાં વધારે સુખ પ્રાપ્ત કરવાની શક્તિ ત્હારા આર્ય હૃદયમાં છે! એ ધર્માસનનું સુખ અનાર્ય લોકને જ હજો!

પતિનું અંતઃકરણ શુદ્ધ કાચના જેવું નિર્મળ અને પારદર્શક થઈ ગયું હોય તેમ તેને જોતાં આનંદ પામતાં તેમાંથી કૃષ્ણકલિકાને સમુળગી ભુસી નાંખવા મનસ્વિનીયે પ્રયત્ન કર્યો.

પ્રસન્ન થયેલા પતિની સાથે નિર્દોષ વિભ્રમનો વિનોદ અને વિનિમય કરતાં અને પામતાં જણાઈ ન પડે એવી રીતે એ વાતો વચ્ચે કહી દીધી.

"આ રાજેશ્વરમાં રાણાજી અને પિતાજી મળ્યા હતા તે વાત "શઠરાયને ત્યાં કૃષ્ણકલિકાએ પ્હોંચાડી હોં! એ તો શઠરાયની ભેદુ "થઈને આપણા ઘરમાં આવતી હતી. જમાલવાળી વાત એને "પ્રથમથી ખબર હતી!"

આ સમાચારથી ચમકેલા પતિમસ્તકમાંથી કુટુંબવૈરિણી એકદમ નીકળી ખસી ગઈ હોય એવું બુદ્ધિમતીને સ્પષ્ટ લાગ્યું.

પતિના દક્ષિણ હસ્તથી વીંટાયલું છુટા થયેલા કેશપાશવાળું કમળપુટ જેવું મસ્તક ઉંચું કરી ગુણસુંદરીને મળવા ભદ્રેશ્વર જવાની અનુમતિ માંગી

---

૧. છુટાછેડાની કોર્ટ. Divorce Court.

લીધી. કોમળ ગાલ ઉપર પતિહસ્તના કોમળ પ્રહારની જોડે જ એ અનુમતિ મળી. લાંબા વિરહને અંતે મળ્યો હોય તેમ ખંડનને અંતે મળેલો આ વિભ્રમ ઉત્કૃષ્ટ પ્રીતિદાય હોય તેમ પતિવ્રતાએ અભિનન્દ્યો. પણ પ્રીતિદાય માગ્યું ક્યારે ? આપ્યું શાથી ? દુષ્ટ કલહમાંથી પ્રણય ક્યારે થયો ? કિલ્મષ ભુલાયું કેમ ? પ્રણયવચન પતિવ્રતાએ કહ્યું કીયું ? स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु ॥ કહ્યા વિના કહેવાય એવાં પ્રણયવચન દમ્પતીને ક્યાં હતાં નથી ? એવાં વચનનો ઉત્તર બોલ્યો વિના ક્યાં અપાતો નથી ? प्रत्युक्तं हि प्रणयिषु सत्तामीप्सितार्थक्रियैव ॥ અશબ્દ પ્રણયવચનનો વિભ્રમનો—આવિર્ભાવ કુમુદસુંદરીમાં ક્યારે થયો, પ્રમાદધનને ક્યારે દીઠો, વિભ્રમના ઉત્તરમાં ઇષ્ટવિભ્રમ ક્યારે મળ્યો, મૂર્ખ પ્રમાદધન આ કળા ક્યારે શીખ્યો, વિમાનના ભુલી સુશિક્ષિતાએ અશિક્ષિતનો પ્રણય શી રીતે સ્વીકાર્યો: ઇત્યાદિનું તત્ત્વજ્ઞાન પુરાણોમાં નથી, વેદને સુઝ્યું નથી, વેદાંતને જડ્યું નથી, ઈંગ્રેજી વિદ્યામાં આવે એમ નથી, અને વ્યવહારીથી સમજાય એમ નથી. જેને સમજવાની અગત્ય હતી તે અંતઃકરણ વણસમજાવ્યે સમજ્યાં એ ઈશ્વરની રચના, ગમે તેવા ભૂતકાળને ભુલવો, ગમે તેવા વર્ત્તમાનથી સંતુષ્ટ રહેવું, ગમે તેવા ભવિષ્યને બળાત્કારે સારું કરવું—એ શક્તિ, એ વૃત્તિ, આર્યચિત્તની જ છે, ઈશ્વર તેને અમર રાખો.

---

## પ્રકરણ ૧૮.

### કારભારી અને કારભાર: દિગ્દર્શન.

*यः काममन्यू प्रजहाति राजा पात्रे प्रतिष्टापयते धनं च ॥
विशेषविच्छ्रुतवान्क्षिप्रकारी तं सर्वलोकः कुरुते प्रमाणम् ॥ १ ॥
जानाति विश्वासयितुं मनुष्यान् विज्ञातदोषेषु दधाति दण्डम् ॥
जानाति मात्रां च तथा क्षमां च तं तादृशं श्रीर्जुषते समग्रा ॥ २ ॥
प्राप्यापदं न व्यथते कदाचिद् उद्योगमन्विच्छति चाप्रमत्तः ॥
दुःखं च काले सहते महात्मा धुरन्धरस्तस्य जिताः सपत्नाः ॥३॥
न वैरमुद्दीपयति प्रशान्तं न दर्पमारोहति नास्तमेति ॥
न दुर्गतोऽस्मीति करोत्यकार्यं तमार्यशीलं परमाहुरार्याः ॥ ४ ॥

---

*૧. વિશેષ જાણનાર, શ્રુતવાન, અને (યોગ્ય લાગ્યું તે) વગર ઢીલે કરનાર હોઇને જે રાજા રાગદ્વેષનો ત્યાગ કરે છે અને પાત્રમાં ધનને પ્રતિષ્ઠિત કરે છે તેને સર્વ લોક પ્રમાણ કરે છે. ૨. મનુષ્યમાં વિશ્વાસ ઉત્પન્ન કરવો જે જાણે છે, દોષ વિજ્ઞાત થયો એટલે જે દંડ કરે છે, અને માત્રાને (માપ, આટલે સુધી કાર્ય વેતરવું તે,) તેમ જ ક્ષમાને-ઉભયંને જે જાણે છે તેવાને સમગ્ર શ્રી

(અનુસંધાન આ પછીના પાના નીચે છે.).

સંધ્યાકાળે જ્યારે શઠરાયના સમાચાર જુના થઈ ગયા, પ્રમાદધન તર્કપ્રસાદ સાથે લીલાપુર ગયો, અને કાર્યભાર વિવર્ત્તની વાતોમાં વહી ગયેલો દિવસ જતો ર્‌હેતાં થાક્યા પાક્યા આખા સુવર્ણપુરમાં શાંત ઉતરતી રજનિ ગોરજ સમયે ઉડતી ધુળની સાથે મળી જવા માંડતી હતી, ત્યારે ઉપરના શ્લોક મનમાં ગાતો ગાતો બુદ્ધિધન ભૂપસિંહના અત્યારે એકાંત બનેલા વિશાળ સભાખંડમાં એકલો એકલો પગલાં ભરતો હતો અને દિવસનો ઉગ્રપ્રકાશ ન્યૂન થતાં અધિક થવા પામતા–અનેક હાંડીયો 'વાલસેટો,' વગેરેમાંના દીવાઓના–પ્રકાશથી, થાકેલી આંખોનો શ્રમ ઉતારતો હતો.

ભૂપસિંહ ગાદીપર બેઠો અને પોતે તેના વિશ્વાસનું પાત્ર હતો તોપણ શઠરાયની શંકા ન જાગે એ હેતુથી આજ સુધી બુદ્ધિધન રાજમ્હેલમાં એકલો બેસતો નહી અને રાણા સાથે એકાંત વાર્તા કરતો નહી. રાજમ્હેલ મુકી રાજેશ્વર જેવાં સ્થાન ખાનગી વાર્ત્તા સારું શોધવાનું કારણ આ હતું. આજના જેવી નીરાંતે રાજમ્હેલમાં બુદ્ધિધન કદી રહ્યો ન હતો, રાણાનો વિશ્વાસ આજ જગત્પ્રસિદ્ધ થયો, સંતાકુકડી કરવાની અણગમતી કળાને આજ છેલ્લા નમસ્કાર કર્યા. હવે અવિશ્વાસનાં સ્થાન શમી ગયાં લાગ્યાં. રાણો અને કારભારી પરસ્પર વિશ્વાસનું સુખ આજ પ્રથમ જ પામ્યા. ઘણો લાંબો પ્રવાસ પુરો થયો લાગ્યો.

'કારભારી કુટુંબ' ના અભિમાનવાળો આજ કારભારી થયો. શુદ્ધ રાજપુત્ર આજ શુદ્ધ રાજા થયો.

શઠરાય અને તેના મંડળનું શું કરવું તે ચિંતા હજી બાકી હતી. પ્રધાન વિવર્ત્ત થતાં રજવાડામાં પક્ષવિવર્ત્ત થાય છે. નવો પ્રધાન આવે એટલે જુના પ્રધાનનાં સર્વ માણસ વર્જ્ય ગણાય છે. એકથી વધારે પક્ષના હાથમાં સત્તા ર્‌હેતાં નિષ્પક્ષન્યાયનો આભાસ ર્‌હે છે અને તે આભાસથી નવી વિદ્યાવાળાઓ અને મુંબાઈવાળાઓ સંતુષ્ટ ર્‌હે છે એ બુદ્ધિધનને લાગ્યું. પણ આ આભાસ રાખવો સરખો પણ દુર્ઘટ માલમ પડ્યો. બે હાથમાં સત્તા રહી એટલે

---

સેવે છે. ૩. આપત્તિ પામતાં જે કદાચિત્ (પણ) વ્યથા પામતો નથી (ભયથી–દુઃખથી–ધુજી લક્ષ્યઆગળથી પાછો હઠતો નથી), અપ્રમત્ત રહી ઉદ્યોગની પુઠ જે મુકતો નથી, પ્રસંગે (પ્રસંગ આવ્યે) જે મહાત્મા (રહી) દુઃખ સહે છે, અને (કાર્યની) ધુરી જે ધરે છે તેના શત્રુ જીતાયા જ. ૪. પ્રશાન્ત વૈરનું જ ઉદ્દીપન કરતો નથી, દર્પ પામતો નથી, (મનમાં) અસ્ત થતો નથી, અને દુર્ગતિને પામ્યો છું જાણીને (પણ) જે અકાર્ય કરતો નથી તેને આર્યજન પરમ આર્યશીલ કહે છે.

કોઈથી સંપૂર્ણ સત્તા વપરાય નહી. આથી નિરંકુશતા ઉપર અંકુશ રૂહે એ વાત ખરી–પણ સારા કાર્યમાં એ અંકુશ રૂહે એ અનિષ્ટ. સામા પક્ષનો વિશ્વાસ શી રીતે કરવો? તેનો વિશ્વાસ કરતાં દયાને ડાકણે ખાધા જેવું થાય. લોકમાં નિર્બળતા ગણાય. સામા પક્ષવાળા પણ આપણી નિર્બળતા ગણે–ઉપકાર માનવો તો રહ્યો પણ નિર્બળ ગણી હસે, ખટપટ જારી રાખે, અને ભીતિનું કારણ સદૈવ ઉભું રૂહે. અકુલીન સ્ત્રી ગરીબ દેખાવના પતિને માન આપતી નથી તેમ આપણા પક્ષનાં–હાથ નીચેનાં–માણસો પણ પરપક્ષથી બ્હીતા દેખાતા ઉપરીનું મનમાં મન રાખતા નથી–પ્રસંગે પરપક્ષમાં પણ જાય છે. આ બધાનું પરિણામ શું થાય? રાજ્ય કેવી રીતે ચાલે? ઉભયપક્ષ પરસ્પરની રુખ રાખે ત્યારે ઉભયના અભિપ્રાય નકામા અને કાંઈ તૃતીય કાર્ય થાય–રાજ્યનીતિ રાજ્યનિશ્ચિત રૂહે! ત્યારે રાજ્યનું જોખમ કોને માથે રૂહે? ગુણદોષનો આરોપ કોને માથે મુકાય? ગુણમાં ઉભયપક્ષ ભાગીયા થાય; દોષ સર્વ પોતાને માથેથી ક્હાડી નાંખે અને અપૂર્ણ જોઈ શકનાર લોક દેખીતા ઉપરીને માથે જ નાંખે. કોનો અભિપ્રાય નિશ્ચિત ગણવો, કેઈ રાજનીતિ ચાલતી ગણવી, કોનીપાસે અંત્ય ઉપાય માગવો એ સર્વ વિષયમાં પ્રજા બીચારી અંધકારમાં રૂહે!–એકથી વધારે પક્ષનું રાજ્ય તે તો નક્કી પ્રજાપીડક જ થાય.

ત્યારે ઈંગ્રેજી વિદ્યા ભણેલાઓ ક્હે ક્હે કરે છે કે પક્ષ રૂહેવા જ ન જોઈએ–સર્વ પક્ષનો સરખો જ અધિકાર જોઈએ એ શું? એવું શા ઉપરથી ક્હે છે? આ પ્રશ્ન બુદ્ધિધને પોતાના મનમાં પુછ્યો અને ઉત્તર ન મળતાં ઘણો જ ગુંચવારામાં પડ્યો. શું ઈંગ્રેજી રીતિમાં એ લોક કાંઈ એવું દેખે છે?–પણ ઈંગ્રેજી રાજસભામાં શું છે?–એક જ પક્ષનું રાજ્ય. આ પક્ષ ખરો તો બીજો નહી અને બીજો ખરો તો આ નહી. "હું ધારું છું કે એ લોક માત્ર "અનુભવવિનાની–વિચાર વગરનો–વાતો કરે છે, માત્ર બોલ્યું જ જાણે છે. "ખરી વાત છે–મુંબાઈમાં હાલના સુધરેલા જમાનામાં એ જ વા વાયાં કરે "છે કે જે પકડ્યું તે પકડ્યું–જે ભૂત ભરાયું તે ભરાયું–નીકળે નહી. ભૂત "ભરવનાર જોઈએ. સાહેબ લોક આપણે જોયા તે તો કાંઈ આવા નથી "હોતા–આ લોક કોણ જાણે ક્યાંથી આવું શીખ્યા? ન હીંદુમાં–ન ઈંગ્રેજમાં. "પણ આ **નવીનચંદ્ર** કાંઈક વિચાર કરનાર છે ખરો. એના ક્હેવા પ્રમાણે "**વીલાયત**માં પક્ષ અને વિશ્વાસ બંધાય છે તે અભિપ્રાય અને વિશ્વાસ "પ્રમાણે, અને આપણામાં સંબંધ પ્રમાણે; પણ એમાંયે એક વાત છે. **વીલાય-** "**ત**માં પોતાનો એક અભિપ્રાય હોવા છતાં પોતાના પક્ષનો બીજો અભિ- "પ્રાય હોય તો તેને ટેકો અપાય છે એવું બ્રસ્કિન્ સાહેબ ક્હેતા હતા.

"એ ક્‌હેતા હતા તે ખરું અને નવીનચંદ્ર ક્‌હે છે તે ખોટું—એ બીચારું ભોળું
"માણસ છે—કોઈ પુસ્તક બુસ્તકમાં વાંચ્યું હશે. બસ્કિન્ સાહેબે તે જાતે
"જોયેલું—અનુભવેલું. અને ખરી વાત છે, એ વિના બીજો માર્ગ શો ? અધિ-
"કાર તે એક જ હાથમાં હોય. બે બાયડીનો ધણી સાંભળ્યો છે—બે ધણીની
"એક જ બાયડી કંઈ દીઠી છે ? વળી વીલાયતના કરતાં તો આપણે સારું
"છે. અભિપ્રાય એક હોવા છતાં 'વોટ' કે ? વોટસ્તો—વોટ જુદો આપ્યો
"એ તો જુઠું બોલ્યાનો ભાઈ જ કેની ? આપણે અહીંયા તો ઉપરી અધિ-
"કારીનો જ વોટ—બીજા તો માત્ર સૂચના કરે. અને એમ કરતાં યે પક્ષવિનાનું
"રાજ્ય સાંભળ્યું છે કંઈ ? ઈશ્વરને ઘેર પણ જુવો—દેવ ને દાનવનો પક્ષ.
"અને ઈંગ્રેજોના ધર્મમાં યે શું છે—એમના ઈશ્વરને મન ફીરસ્તાઓ ક્‌હે તે
"ખરું અને શેતાન અને એનો પક્ષ ક્‌હે તે બધું યે ખોટું—એ પક્ષ લુચ્ચો,
"જુઠો, નીચો અને સઉ રીતે ખોટો, સદા કાળ નરકમાં ર્‌હેવાને સરજેલો.
"ત્યારે તો આપણો ઈશ્વર એવો પક્ષપાતી નથી: દાનવો આ અવતારે
"નહી તો બીજે અવતારે સુધરે"—આમ મનમાં ક્‌હેતો ક્‌હેતો બુદ્ધિધન
પુષ્કળ હસ્યો અને એક તકીયાઆગળ નીરાંતે પડ્યો.

સર્વ વિચારી બુદ્ધિધને વિચાર કર્યો કે જુની રીત જ સારી છે. એટલું તો ખરું કે એમાં કાંઈ ભીતિ તો નથી જ. ત્યારે હવે પોતાનો પક્ષ કોને ગણવો અને પારકો કોને ગણવો ?

બુદ્ધિધન ફરી પુષ્કળ હસ્યો અને પોતાને મૂર્ખ ગણવા લાગ્યો:
"વળી એ તે વિચાર ? પોતાના તે પોતાના ને પારકા તે પારકા ! આ યે
"મૂર્ખાઈ જ કેની કે આવા આવા યે વિચાર કરવા ?—" વિચારમાળા પડતી મુકતાં મુકતાં કાંઈક ભૂતકાળ સાંભર્યો અને મ્હોં લેવાઈ ગયું. પોતાના મંદવાડમાં દુષ્ટરાયે મોકલેલી વિધવાએ પોતાના કુટુંબનું અપમાન કર્યું હતું—દીકરાની ઉપર બાપની પાસે ફરીયાદી કરવી નિરર્થક હતી—તે સાંભર્યું. પોતાના પક્ષના માણસોના દોષ થતાં પ્રજા પોતાની પાસે ફરીયાદ કરવા નહી આવી શકે—બીચારી કચડાશે—પોતે પામ્યો હતો તેવી જ અવસ્થા કોઈને પામવા વખત આવશે તો એ પાપ કોને માથે ? અધિકારનો નીશો પોતાના માણસોને ચ્હડશે અને કદી જાણ્યો અજાણ્યો જુલમ કરશે તો પ્રમાદધનનો અથવા એવા બીજાનો જ—દોષ "બુદ્ધિધન ! ત્હારી પાસે કોણ ક્‌હાડશે ?"
એ પ્રશ્ને એનું મસ્તક ભમાવ્યું. "હું હતો એવી જ દશામાં આજ કેટલા
"હશે અને મ્હારાં માણસોથી છુંદાતાં ચંપાતાં તે અનાથ વર્ગનો શો આશરો
"ર્‌હેશે ? અરેરે—શું કારભાર એટલે આવા ગુંચવારા ?—ઈશ્વર ! મ્હારે તો
"કારભાર નથી જોઈતો ! આ ગુંચવારો—આ પાપ—કોણ વ્હોરે ?—મ્હારે તો

" દેવી–માતુઃશ્રી ! તમારે સારું લીધેલી પ્રતિજ્ઞા હું આજ તરી ઉતર્યો !
" શઠરાય–દુષ્ટરાય–તમને ફળ ચખાડ્યું. પિતાજી, તમારો અભિલાષ પુરો
" પાડ્યો–મ્હોટી પદવીએ હું મ્હોંચી ચુક્યો. ત્યાં કાયમ રહેવું જ એવું
" વાક્ય તમે કહાડ્યું નથી. કારભાર સ્વીકારવો એ પ્રતિજ્ઞા મ્હેં કદી લીધી
" નથી. ઘરમાં રહી વાનપ્રસ્થ સ્વીકારવું–તો, દેવી, ત્હારો અભિલાષ હજી
" પુરો થવો બાકી છે. ઈશ્વરે ખાવા જેટલું આપ્યું છે. કારભાર રાણો
" મરજી પડે તેને આપેઃ એની ઇચ્છા હશે તો વિદ્યાચતુરને આ જગાએ
" લાવીશું એટલે પ્રમાદની પણ ચિંતા નહી રહે. હું અને મ્હારી દેવી–
" પુત્રને ગૃહસંસાર સોંપી–વનમાં જઈશું ! બસ–આ કડાકુટો ક્યાં સુધી
" કરવો–વળી ચિંતા કરવી–શું કરવાને ? "

આનંદમાં મગ્ન થતો થતો, પ્રસન્ન થયેલા ભાગ્ય પાસેથી વિશેષ પ્રસાદ માગી નિરાશ થવાનો સંભવ ન રહે એવી ઈચ્છા કરતો કરતો, શ્મશાન–વૈરાગ્યના ભાઈ ઉત્સવ-વૈરાગ્યમાં મગ્ન થતો થતો, બુદ્ધિધન ઉઠ્યો. તપાસ કરતાં માલમ પડ્યું કે રાણાજી હજી વાળુ કરી રહ્યા નથી. ચૈત્રી રાત્રે પરસેવો થતો હતો. 'રાણા કહે એટલે બોલાવજો' કહી બાગમાં એક કુવારા પાસે બેસવા સારું ચાલ્યો અને ચાલતાં ચાલતાં અંધકાર ભરેલા જગતને માથે વિશાળ આકાશમાં ચમકારા કરતા તારામંડળને જોતો જોતો ચાલ્યો અને ન્હાનપણમાં પોતાના પાડોશી શાસ્ત્રીમહારાજ પાસેથી મ્હોંયે કરેલા શ્લોક સ્મરવા લાગ્યો.

" भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किञ्चित्फलम्
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ॥
भुक्तं मानविवर्जितं परगृहे साशंकया काकवत्
तृष्णे दुर्मतिपापकर्मनिरते नाद्यापि संतृप्यसि ॥ "[૧]

શઠરાયને ઘેર બાળપણમાં જમતો ને એ અવસ્થા સાંભરી આંખમાં આંસુ આવ્યા જેવું થયું. કુવારો આવ્યો. ત્યાં આગળ મુંબાઈથી મંગાવેલા લોખંડના બાંક હતા તેમાંથી એકપર બેઠો.

" खलोल्लापाः सोढाः कथमपि तदाराधनपरै-
र्निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा ॥

૧. અનેક દુર્ગમ સ્થાનોથી વિકટ બનેલા દેશોમાં ભમ્યોઃ–કાંઇ પણ ફળ ન મળ્યું ! જાતિ અને કુળનું ઉચિત અભિમાન પડતું મુકી સેવા કરી–તે નિષ્ફળ નીવડી ! પરઘેર માનવિનાનું ખાધું–તે બ્હીતાં બ્હીતાં કાગડાની પેઠે દુર્મતિ અને પાપકર્મઉપર જ પડેલી ઓ તૃષ્ણા ! હજી તને સંતોષ નથી વળતો !

क्रतश्चित्तस्तम्भः प्रहसितधियामञ्जलिरपि
त्वमाशे मोघाशे किमपरमतो नर्तयसि माम् ॥"[१]

હજી શઠરાય સાંભર્યો કર્યો. આજ સવાર સુધીના દિવસ સ્વપ્ન પેઠે દૃષ્ટિ આગળ ખડા થયા. બાંકડા ઉપર સુતો-ફુવારાના પાણીવાળો શીતલ પવન પ્રિય લાગવા માંડ્યો. પોતે મૂળ એક રંક માણસ તે આજ સુવર્ણપુરના મહારાજના વૈભવનો અંશભાગી છે એ ભાન થયું. આ સર્વ ઘસાઈ ભવિષ્ય ભૂત જેવું થનાર લાગ્યું: પ્રાતઃકાળનો ભવ્ય દરબાર શૂન્ય થયો!

"भ्रातः कष्टमहो महान्स नृपतिः सामंतचक्रं च तत्
पार्श्वे तस्य च सापि राजपरिषत्ताश्चन्द्रबिम्बाननाः ॥
उद्रिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः
सर्वं यस्य वशादगात् स्मृतिपदं कालाय तस्मै नमः ।"[२]

"પ્રાતઃકાળનો ભવ્ય દરબાર શૂન્ય થયો-સ્મરણશેષ થઈ ગયો" જ કેની-અત્યારે એમાંનું કાંઈ છે?"

"रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकम्
किं वा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये ॥
किं तूद्भ्रान्तपतत्पतंगपवनव्यालोलदीपाङ्कुर-
च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तो वनान्तं गताः ॥"[३]

આ વિચારમાં ને વિચારમાં શીતલ પવનલહરીથી-ચારે પાસથી આવતા પુષ્પવાસથી-આંખ મીંચાઈ અને બુદ્ધિધન પળવાર ચિન્તામુક્ત થઈ

---

૧. ખળ લોકનાં ગર્વિષ્ટ વચન સહ્યાં-તે પણ પરાકાષ્ઠા પામી તેમને આરાધન કરતા જતાં જતાં; અંતનું આંસુ અંતમાંને અંતમાં ડાબી રાખી મન શૂન્ય હોવા છતાં-હસ્યો પણ ખરો; ચિત્તને રોકી રાખ્યું; હસવા યોગ્ય બુદ્ધિવાળાઓની પાસે પ્રણામાંજલિ કર્યાઃ-ઓ તું આશા! ઓ નિષ્ફળ આશા! આથી વધારે તે મને તું શું નચાવનારી હતી?

૨. ઓ ભાઇ! આ કષ્ટ સામું તો જો! મહાન એ ભૂપ, એ એનું સામંત મંડળ, એની પાસેની વળી પેલી રાજાઓની સભા, પેલાં ચંદ્રબિમ્બ જેવી મુખવાળીયો, ઉદ્રેકભર્યો પેલા રાજપુત્રોનો સમાજ, પેલા બન્દિજનો, પેલી કથાઓઃ-આવું આવું સર્વ જેને લીધે સ્મરણમાં જ રહેનારૂં બની ગયું તે કાળને નમસ્કાર કર!

૩. હર્મ્યે (મ્હેલ) ની અગાશીયોમાં રહેવું એ શું રમ્ય નથી લાગતું? ગાયન આદિ સાંભળવું શું નથી ગમતું? કે શું પ્રાણસમીનું સમાગમસુખ અધિક પ્રીતિનું પાત્ર નથી થતું?-પણ-પણ-વાત એટલી જ છે કે પળવાર ઉંચે ચગી પડી જનાર પતંગીયાની પેઠે-પવનથી કંપતા દીપના અંકુર પેઠે-છાયા પેઠે-વસ્તુમાત્રને ચંચલ જોઇ સત્પુરુષો વનાન્તમાં ચાલ્યા ગયા છે!

આ સ્વપ્નમાંથી નિદ્રાસ્વપ્નની સૃષ્ટિવચ્ચોવચ ઉભો. રાજેશ્વર મહાદેવના વાડા જોડે ઓટલા ઉપર શરદ પુનમની રાત્રે સૌભાગ્યદેવી જોડેના તલાવમાં નાચતું ચંદ્ર પ્રતિબિમ્બ જોઈ રહી છે, અને સાથે જ બેસી વાનપ્રસ્થ બુદ્ધિધન પતિવ્રતાને સમજાવે છે: "પ્રિય દેવી, આ રમણીય પ્રતિબિમ્બ "જેવો જ તને આપણો સ્નેહ-સંસાર નથી લાગતો? જો, પાણીપર "કરચલીયો વળે છે તેમાં એ પ્રતિબિમ્બની લેખા દેખાય છે! પણે આખું "પ્રતિબિમ્બ દેખાય છે અને હાલે છે. આપણો સંસાર પણ આવો જ છે. "ખરું જોતાં પ્રતિબિમ્બ જુઠું છે, તે પણ જતું રૂહેવાનું: ખરો ચંદ્ર તો "આકાશમાં છે: તેમ જ આ આપણો સંસાર જુઠો છે, અને જતો "રૂહેવાનો છે. ખરો સંસાર તો બ્રહ્મમાં છે-એ સંસારનું નામ મોક્ષ: મ્હારે "ત્હારે અન્તે એ જ પામવો છે. દેવી! તું અજ્ઞાન છે, પણ તું જેવી સુન્દર "છે, ત્હારી કાન્તિ જેવી નિર્મળ છે, તેવું જ ત્હારું અન્તઃકરણ સુન્દર છે, "અને ત્હારી બુદ્ધિ નિર્મળ છે. પતિવ્રતા, ત્હેં એક જ યોગ સાધ્યો છે, "તું એક જ જ્ઞાન પામી છે; ત્હારા જેવા સુન્દર પવિત્ર આત્માને વાસ્તે "જ મોક્ષ છે-તું મોક્ષ પામીશ-તું બ્રહ્મરૂપ થઈશ!"

"દેવી, મ્હેં પણ ત્હારી જ સુરત-પરસ્તી[1] કરી છે-હું પણ "ત્હારી સાથે જ છું-તું બ્રહ્મમાં મળીશ અને ત્યાંયે હું ત્હારી સાથે "જ! દેવી, સર્વત્ર સાથે જ!"

અન્તર્માં આ સ્વપ્ન ચાલતું હતું તે સમયે મુખઉપર અન્ધારામાં સ્મિત ફરકતું હતું. સર્વ જગત પોતાનામાં સંકેલી દેઈ શેષશાયી આનન્દમય નિદ્રા પામે તેમ સર્વ સંસારની ઇયત્તા આવા સ્વપ્નમાં સંભારી (સંભૃત કરી-સંભાર પેઠે ભરી) પોતાના બાલ્યથી આજ સુધીના પ્રયાસને અન્તે બુદ્ધિધન ઝાકળથી શીતળ થયેલા બાંક ઉપર સુતો સુતો આ આનન્દમય નિદ્રા પળવાર પામ્યો.

ભૂપસિંહ વાળુ કરી રહ્યો કે એક જણ બુદ્ધિધનને બોલાવવા જતો હતો તેને ન જવા દેતાં ભૂપસિંહ પોતે જ ફુવારા પાસે માણસો સાથે ગયો. હજામે ફાનસ ઉંચું કર્યું અને રાણાએ જુના મિત્રને નિદ્રામાં પડેલો દીઠો. જુવે છે એટલામાં જ નરભેરામ, નવીનચંદ્ર, વિદુરપ્રસાદ, અને જયમલ આવી પ્હોંચ્યા. નરભેરામ બુદ્ધિધનને ઉઠાડવા જતો હતો તેને રાણાએ અટકાવ્યો- "નરભેરામ, બુદ્ધિધન બહુ જાગ્યા છે-ઘણા વર્ષને અંતે આજ સુખમાં સુતા "છે. એમને સુખમાં સુવા દ્યો." ઓથારે ચાંપેલા માણસના હાથ છાતી

---

૧. કોઇની સુખકાંતિ જ જોઇ રૂહેવાનો ઇસ્લામી યોગ.

ઉપરથી અચીન્ત્યા આઘા પડે અને ભયંકર સ્વપ્ન જતું રહેતાં જાગી તે સ્વસ્થ થાય તેમ બુદ્ધિધનની શીખામણથી ઘણા વર્ષથી સ્વભાવવિરુદ્ધ ધૈર્ય રાખી મનમાં ધુંધવાઈ રહેલો રજપૂત શઠરાય દૂર થતાં આજ સ્વસ્થ બન્યો હતો. લીલાપુરમાં પોતાના ન્હાના સરખા ઘરમાં આવી બુદ્ધિધન નીરાંતે બેસતો હતો અને સ્વતન્ત્રતા ભોગવતો હતો તેમ જ આજ પોતાના મ્હેલમાં કરતો તેને જોઈ રાણાએ પોતાના વૈભવને સફળ થયો માન્યો. જુના દિવસ સ્મરણમાં આવ્યા અને જેમ બ્હારનો ફુવારો શરીરને શીતળ કરતો હતો તેમ બુદ્ધિધન ઉપરની પ્રીતિનો ભરેલો ફુવારો ઉભરાઈ ઉઘડી અંતઃકરણને શીતળશીકરથી[1] ન્હવરાવવા લાગ્યો.

"જયમલ્લ, એમના માથા નીચે એ જાગે નહી એમ એક અશીકું "ગોઠવ અને આપણે વાસ્તે આજ અહીયાં જ બેસવાની ગોઠવણ કર."

આજ્ઞાનું પાલન તરત થયું. બુદ્ધિધનના માથા નીચે ધીમે રહી રેશમી અશીકું મુકી દેવામાં આવ્યું. રેશમી ગાદીવાળો કોચ રાણાને વાસ્તે આવ્યો. બીજાઓને વાસ્તે ગલીચો આવ્યો. રાણાની આસપાસ શુદ્ધ રુપેરી સોનેરી તેમ જ 'ગિલ્ટ'વાળી અને કાચની વીલાયતી દીવીયો ગોઠવી દેવામાં આવી અને જુદા જુદા દીવાનો પ્રકાશ ફુવારાના ઉડતાં બિન્દુઓમાં ચળકવા લાગ્યો. રાણાએ કોચપર બેસી સોનેરી હુક્કાની લાંબી નળી મ્હોંમાં લીધી. સઉ આસપાસ ગોઠવાઈગયા. ચોબદારો અને ચાકરો ચારપાસ વીંટાઈ સ્તબ્ધ–અંદર અંદર ગુપચુપ વાતો કરતા–ઉભા રહ્યા. રાણાની આજ્ઞા થઈ અને એક તરુણ ગવૈયો આવ્યો, રાણાના સામો બેઠો, અને મ્હોંયે ગાયાવિના સતારના અતિ સૂક્ષ્મ સ્વરમાં ગાન ઉતારવા લાગ્યો. એક ચાકરે તાજાં ચિત્ર વિચિત્ર ફુલો, રુપેરી સંપુટો, થાળો, અને છાબોમાં ગોઠવી સર્વ વચ્ચે મુક્યાં અને તેની સુવાસના ચારેપાસ પ્રસરવા લાગી. આસપાસના બાગમાંથી અને પાસેના પાત્રોમાંથી પુષ્પોના પરાગ અને સુવાસથી પ્રફુલ્લ થયેલો, ફુવારાની નીચે કુંડમાં ટપકતાં બિન્દુઓના અને સતારના મિશ્રિત સુસ્વરને પોતાનો કરી લેતો, શીતલતાને–કુંડમાંથી ઉપાડી લેતો–ફુવારાના વર્ષાદમાંથી અદ્ધર ચોરી લેતો–ઝાકળમાંથી પી જતો–અને આકાશમાંથી ઘસડી આણતો અનેક સ્થાનથી શૂંડમાં એકઠું કરેલું પાણી હાથી પાછું એક સ્થાને વર્ષાવે તેમ સુવાસ સુસ્વર–અને શીતલતાને મનુષ્યસૃષ્ટિ ઉપર સાથે લાગાં વર્ષાવતો અનેક ઝાડનાં પાંદડાંને હલાવી ખખડાવી અંધકારમાં પણ પોતાની સત્તા છે એવું માનવીના કાનને ગર્વ સાથે કહેતો, ઉંચા ગગનમાં પણ મ્હારી આણ વર્ત્તે છે

---

૧: પાણીના ઉડતા છાંટા.

એવું વાદળમાં લ્હેરીયાં પાડી ઉંચું જોનારી આંખને જણવતો, અને ગાઉ બે ગાઉ ઉપરનાં વનોમાં પોતે નાંખેલા સુસવાટા રાણા જેવાના કાનના પડદાપર અફળાવતોઃ–દામ્ભિક વાયુ માનવીના શરીર પાસે આથી દમ્ભ તજી મન્દ પડી જતો હતો, મધુર થઈ જતો હતો, તેને ફોસલાવતો હોય–તેને કરગરી પડતો હોય–તેને સવાસલાં કરતો હોય–તેમ તેના અંગરખામાં ધીમે રહી પ્રવેશ કરી–તેમાં કરચલીયો પાડી–તેવા શરીરને પંપાળતો હતો, શરીરમાંનાં છિદ્રોમાં પેંશી જઈ ચિત્ત આગળ પ્હોંચી જતો હતો, ચિત્તના ગર્ભદ્વારની અંદર ઉભો રહી માનવીના આત્મા ઉપર આનંદનો અભિષેક કરતો હતો, અને પોતાની સાથે આણેલી સર્વ રમણીય સામગ્રી તેના જ ઉપર ચ્હડાવતો હતો. એમાં દોષ માત્ર એટલો હતો કે તે જડ હોવાથી મ્હોટા ન્હાનાનો ભેદ સમજતો ન હતો અને ભૂપસિંહની તેમ જ તેના હલકામાં હલકા દાસની સરખી રીતે સેવા કરતો હતો અને જાગતા ઉંઘતાંનો પણ ભેદ રાખતો ન હતો. પવનની, પ્રકાશની, સુવાસની, સુસ્વરની, શીતલતાની–અર્થાત્ જડ હોવા છતાં સંચાર કરનાર સર્વ પદાર્થોની–અસર નિદ્રાયમાણ બુદ્ધિધનના મસ્તિકમાં પણ પ્હોંચી જતી અને તેનાં રમણીય સ્વપ્નોની કારણભૂત થઈ પડતી હતી–પોષક પણ થતી હતી.

એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં ખસતું બુદ્ધિધનનું મસ્તિક અન્તે અર્ધજાગૃત થયું અને સુતી વેળા કરવા માંડેલા વિચાર પાછા મસ્તિકમાં આવી ઉભા. છાતી ઉપર હાથ રાખી, આંખો મીંચેલી જ રાખી, ઇન્દ્રિયો અકર્મ જ રાખી, સૂર્ય ઉગતા પ્હેલાં–સૂર્યકિરણના સ્પર્શબળે જ–પક્ષિયો માળામાં ને માળામાં જ કીલકીલાટ મચાવી મુકે તેમ, જાગતા વિચાર નિદ્રાયમાણ દેખાતા પુરુષના મગજમાં સાકાર થયા. પોતાના માણસોનો પક્ષ બાંધવામાં જે હરકતો ભાસી હતી તે એકદમ દૂર થઈ હોય એમ નિદ્રાએ સ્વચ્છ કરેલા મગજે ગુંચવારા ભરેલી ગાંઠ છોડી દીધીઃ "કંઈ
" નહી, કંઈ નહી; કારભાર કરવો હું જાણું છું; હું જાતે પ્રમાણિક રહીશ,
" મ્હારાં માણસોને જ મ્હારો–રાણાનો–તાપ દેખાડવામાં શિથિલ નહી રહું,
" હું મ્હારાં માણસોને અધિકાર સોંપુ છું તે છતાં તેમની ગેરવર્તણુકની
" ફરીયાદ સાંભળવા અને શિક્ષા કરવા અંતર્થી તત્પર છું એવો સર્વનો
" અભિપ્રાય બંધાશે તો મ્હારાં માણસો બ્હીતાં ર્‌હેશે, અયોગ્ય કાર્યમાં
" મ્હારા તરફથી ઉત્તેજનની અથવા ક્ષમાની આશા નહી રાખે, પ્રજા
" વિશ્વાસથી ફરીયાદ કરશે અને તેમને યોગ્ય ન્યાય આપીશ જ. અધિકાર
" સોંપવો અને ન્યાય કરવો એ બે જુદા પદાર્થ છે—એકમાં વિશ્વાસ
" અને પોતાપણું જ કામમાં લાગે છે, બીજામાં નિષ્પક્ષપાત તીવ્ર જોઈએ
" છીયે. ન્યાય કરવાનું આટલું બળ રાખનાર ઈંગ્રેજ વર્ગ અધિકાર સોંપવામાં

"બીયે દહાડે ન્યાયનું ધોરણ રાખેછે જે ! મ્હારી પ્રજામાં વિશ્વાસનાં
"પાત્ર મળતાં તેમને અધિકાર સોંપતાં હું આંચકો ખાઉં તો હું
"ઇશ્વિરનો અપરાધી."

"શઠરાયના પક્ષમાં દેખાતાં બધાં માણસ એના પક્ષનાં નથી. એનો
"વિવેક એમ થાય કે છેક ટોચ વિના બાકી રહેતાં સર્વ માણસોને છે
"એમનાં એમ જ રાખવાં અને સખત સાવચેતી આપવી કે ભૂતકાળ
"ભુલી યોગ્યતા પ્રમાણે તેઓપર વિશ્વાસ રાખવામાં આવશે. એની
"સંપત્તિમાં એના પક્ષમાં દેખાતાં હતાં તે સર્વ હજી એના પક્ષનાં રહેશે
"જ એ કલ્પના બળવાન નથી, પેટને અર્થે એનાં થએલાં માણસ પેટને
"અર્થે મ્હારાં થશે. મ્હારે જાતે તેમનું કામ નથી–જાતે તેમનો ડર નથી.
"તેનાંયે નહી–મ્હારાયે નહી–ભૂપસિંહનાં માણસ બને તો બસ."

"અધિકારના શિખરનાં માણસો સારાં થાય એ સાવચેતી જાતે
"રાખશું તો નીચેનાં માણસ અનુકરણ કરશે જ. સારાશનો પ્રતાપ
"તેમને લાગશે જ."

"અધિકાર સોંપતી વેળા વિશ્વાસનો સંબંધ–પછીથી તેમના ગુણ-
"દોષનો જ સંબંધ રાખવો. આટલી પ્રીતિ રાખનાર રાણાને આ
"સમયે છોડી દેવા–એ અપકાર ક્હેવાય. એનાં રાજ્યચક્ર બરોબર
"ગોઠવાઈ ચાલે પછી હું ક્યાં સ્વતંત્ર નથી ?"

આ વિચારની સાથે આંખ ઉઘડી અને જુવેછે તો નવીન જ દેખાવ ! સુતો ત્યારે તો આમાંનું કાંઈ ન હતું ! આ સર્વ માણસ, રાણો, આ સર્વ ઠાઠ, દીવા—આ શું ? હજી સ્વપ્ન તો ચાલતું નથી ? એ ભ્રાંતિથી આંખો ચોળતો બેઠો થયો અને ચારે પાસ જોવા લાગ્યો. રાણાના સ્નેહનો આવિર્ભાવ કળાતાં અમાત્યઉરમાં પ્રતિધ્વનિ થયો. હુક્કાની નળી મ્હોંમાંથી ક્હાડી રાણાએ પુછ્યું: "કેમ, બુદ્ધિધન, જાગ્યા ? નિદ્રા ઠીક લીધી."

આભો બનેલો બુદ્ધિધન ઉભો થયો: "જી, આપ ક્યાંથી અંહીયાં ?"

"તમે સુતા હતા એટલે જગાડ્યા નહી. અમે પણ સઉ અંહીયાં "જ બેઠા કે અહુણાં જાગશે. આવો બેસો."–પૂર્વાવસ્થાનો અભ્યાસ સંભારી પોતાની સાથે કોચ ઉપર જગા બતાવી. બુદ્ધિધન કોચપર હાથ દેઈ નીચે જ બેઠો અને સાન કરી. ચાકર–વર્ગ દૂર ખસી ગયો.

ચારે પાસ જોતાં એકાંત લાગ્યું એટલે વિશ્રંભકથાનો આરંભ થયો. રાણાએ પુછ્યું.

"બુદ્ધિધન, આજ મને નીરાંત વળી. પણ ક્હો હવે કાંઈ ચિન્તા "બાકી છે?"

બુદ્ધિધન હસ્યો: "રાણાજી, ચિન્તાનો અંત આવ્યો કંઈ દીઠો "છે? સંસાર એટલે જ ચિન્તાની પરંપરા–એક ચિન્તા જાય કે બીજી "આવી જ છે."

અભણ અમાત્યને આમ પર્યેષક[1] રીતે બોલતો જોઈ નવીનચંદ્ર વિશેષ રસથી સાંભળવા લાગ્યો.

રાણો બોલ્યો: "ક્હો ને ભાઈ, હવે શું છે? હું તો જાણું છું. "કે મ્હારી ચિન્તા તો ગઈ જ. જે બાકી હોય તે તમારે વાસ્તે છે."

"રાણાજી, શઠરાયનું શું કરવું?"

"શું કરવું? અપરાધીને ઘટે શિક્ષા."

"બુદ્ધિધનભાઈ, દુષ્ટરાય મરી ગયો તે સંબંધમાં ખરી વાત ફુટી "ગઈ છે અને કાંઈ કાંઈ વાતો ચાલે છે. એનો મામો લીલાપુર ગયો છે. "ગરબડ સંતાતો ફરે છે અને ઘણું કરી ધીરપુરના બ્હારવટીયાઓને "ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે:" નરભેરામે સમાચાર કહ્યા.

"રાણાજી, સાંભળ્યું?"

"હા, પણ એ ચિન્તા હવે મ્હારે કરવાની નથી. જોઈતા હોય તો હું "તો સર્વ વાતના ટુંકા ઉપાય બતાવું. લાંબા ઉપાય રજપુતોને ન આવડે. "એ સોંપ્યા તમને:" નિશ્ચિંતપણે રાણાએ હુક્કો ફુંકવા માંડ્યો.

નરભેરામે સૂચના કરી: "મને તો લાગે છે રામભાઉને એ લોક "હાથમાં લેશે. બ્હારવટીયાને આશ્રય આપી નવા કારભારની નિંદા "કરાવશે અને લીલાપુરમાં નવા સાહેબ આવશે તેનો અભિપ્રાય "પ્રારંભમાંથી ફેરવવા યુક્તિ કરશે. બીજો ઘાટ શઠરાય કરવતરાયનું "શું થાય છે તે જોયા પછી ઘડશે."

"તે, બુદ્ધિધન, ધારો કે રામભાઉની ખટપટથી નવો સાહેબ "ખોટી રીતે ભરવાયો તો આપણે તેની ચિન્તા રાખવી? ખરી રીતે ક્હે "તે ખરું, પણ આપણું સાંભળ્યા વિના શું અન્યાય કરશે? અથવા શું "આપણે, સાહેબ ને રામભાઉ, ને એનો સીપાઈ અને એવી એવી ચિંતા "રાત દિવસ કર્યાં કરાવી? આપણી પ્રજાની ચિન્તા હવે શઠરાયને માથે "નથી–એ ચિન્તા કરવાની શું ઓછી છે કે આવી આવી ચિન્તા આપણે "જન્મારો કર્યાં જ કરવી?" રાણાએ પુછ્યું.

---

૧. "ફિલૉસૉફી,' વાળી; પર્યેષક=શોધક: Philosophical.

"રાણાજી, આપ ક્‌હો છો તે સાચું છે, પણ આપણા જ જુના
"દિવસ સંભારો, આપણી આગગાડીનું એંજીન સાહેબવિના ચાલ્યું
"નથી. આજ એ લોક કર્ત્તા હર્ત્તા છે–કર્ત્તા ને હર્ત્તા એ."

"ત્યારે તો એમ કે ગાદી મળ્યા પછી આજ સુધી શઠરાયે રાજ્ય કર્યું
"અને હવે સાહેબ કરશે. આપણે તો કેવળ પુતળાં જ. સરકારનું કામ એ
"કે આપણે પ્રજાપીડક થઈએ ત્યારે માથે અંકુશ પેઠે વર્તવું. પણ આવા
"વિષયમાં એ સરકાર ?–ને તે પણ સરકારના ગુલામ સીપાઈ સુધી !"

નરભેરામ ક્‌હે, "મહારાણા, નવા સાહેબ આવે છે તે લશ્કરી
"ખાતાના છે. ડાબક સાહેબના ભત્રીજા થાય છે. જલદ મીજાજના છે.
"વેર રાખે એવા છે. કાનના કાચા છે. કામ કરવાના ઉત્સાહી નથી.
"આજ્ઞા–ભંગ થયેલો જોઈ શકતા નથી. ખુશામત કરતાં કરતાં પ્રસન્ન થાય
"તો મ્હોટી વાત. રામભાઉને હવે ઘીકેળાં સમજવાં"

ભ્રૃકુટી ચ્હડાવી રાણો બોલ્યો. "બુદ્ધિધન, આનો અર્થ એ કે
"એ લોક રાજા અને આપણે ગુલામ. આવી આવી વાતો સાંભળવાને
"હું ઇચ્છતો નથી. ભલમનસાઈની રીતે થાય એટલું કરવું એની ના
"નથી પણ એથી વધારે નરમાશ રાખવી હોય તો તે વાત મ્હારી
"પાસે ન કરવી. તમે તેમની સાથે ભરી પીજો, આપણે આપણી
"વાત ચલાવો. બોલો, શું કરવું ધાર્યું ?"

બુદ્ધિધન બોલ્યો: "ન્યાયની રીતે શઠરાયની તપાસ ચલાવવી
"અથવા એને એવી શિક્ષા કરવી એ તો મને વ્યાજબી નથી લાગતું."

"હેં !–" રાણો જોઈ રહ્યો: "કાલે પોશાક આપીયે પાછો એને ?"

"નાજી, એને શિક્ષા ઓછી નથી થઈ. દુષ્ટરાય મરી ગયો.
"રુપાળીયે કુટુંબનું નાક કાપ્યું: કારભાર ગયો. હવે જે વધારે શિક્ષા
"કરવાની તેનો હેતુ એટલો કે એ વધારે ખટપટ ન કરે અને આપણું
"રાજ્યતંત્ર નિશ્ચિત ચાલે."

"નિશ્ચિત ચાલવાનો રસ્તો–મને લાગે છે કે એના સાળાયે શોધી
"ક્‌હાડ્યો તે હશે."

"રાણાજી, એટલાં ઉકળવાથી કાંઈ લાભ નથી. આ ઉપરથી તો
"એટલું જોવું કે જ્યારે દરબારનાં સર્વ માણસ એનાં હતાં તે પ્રસંગે એને
"ક્‌હાડ્યો હત તો કેટલી ખટપટ ઉભી કરત. મ્હારા મનમાં જુદો રસ્તો
"યોગ્ય લાગે છે. દીલ્હીના બાદશાહોમાં એવી રીતિ હતી કે કોઈ ઉમરાવ
"સત્તાલોભી થાય તો એને કોઈ ગામડામાં સુબો કરી મોકલવો એટલે તે

" પોતાને જ પૂર્ણ સત્તાવાન્ દેખી–પોતાનાથી કોઈને મ્હોટું ન દેખી–વધારે
" મ્હોટા થવાનો લોભ ન કરે અને આત્મસંતુષ્ટ થાય. આત્મસંતુષ્ટ થયો તેનો
" લોભ મરે–તેના તરફથી ભીતિ પછી ર્‌હે નહી. બીજું: શત્રુને સંન્યાસી
" જેવો કરી દીધો એટલે તે નિઃસ્પૃહી અને નિર્બન્ધન થાય–તેના જેવો
" ભયંકર શત્રુ કોઈ નહી. પોતાનું સારું તો કરે કે ન કરે પણ પારકાને
" નુકસાન તો તે કરી શકે જ. આથી મ્હારા મનમાં એમ છે કે શઠરાયની
" પાસે તેનું ગામ ર્‌હેવા દેવું પણ જુની સનદ લેઈ લેવી અને નવી આપવી.
" તે એની જાતને જ કરી આપવી અને અંદર લખવું કે તે પોતે આપને
" સંતોષ આપશે તો તેને વંશપરંપરાની નવી સનદ કરી આપવામાં આવશે.
" વળી એવી સરત કરવી કે તેણે અને કરવતે એ જ ગામમાં વસવું અને
" તેને આબાદ કરવું, રજા સિવાય ગામ છોડવું નહી, અને રાજ્યપ્રપંચમાં
" પડવું નહી. ગમે તેવો હશે તોપણ ઉદર–સ્વાર્થથી બન્ધાશે, એ બન્ધનમાંથી
" છુટવાનું જોખમ નહી વ્હોરે, સદૈવ બ્હીતો ર્‌હેશે, અને આપણે વશ
" ર્‌હેશે. ઈશ્વર એને વ્હાલા તો નથી જ પણ વ્હાલા હશે તો ઉપકાર માનશે.
" લોકમાં આપની ક્ષમાની પ્રશંસા થશે. રામભાઉ કે સાહેબ કે કોઈને પણ
" બોલવાનું નહી ર્‌હે. પ્રતિપક્ષી વર્ગ સર્વ શાન્ત પડશે અને આપની કૃપાને
" અશક્ય નહી ગણે. અને મ્હોટામાં મ્હોટી વાત એ કે ઈશ્વર આપના
" ઉપર પ્રસન્ન ર્‌હેશે. કાર્યસિદ્ધિ થાય; ઉદ્દીપન પામેલું વૈર શાન્ત થાય;
" આત્મા, લોક, અને ઈશ્વર સંતુષ્ટ થાય–એથી બીજું ફળ કીયું ?"

રાણો બોઠ કરડી બેસી રહ્યો હતો. તે સર્વ સાંભળી રહ્યો, વિચારમાં પડી ગયો, અને અન્તે શાંત થયો: " વારુ, ભાઈ ક્‌હો તે ખરું; ઠીક છે;
" એમ કરો."

" ક્ષમા અને ડ્‌હાપણને મિશ્ર કરી કાર્યસિદ્ધિ શોધે તે પ્રધાનને
" ધન્ય છે–ડાહ્યા અને વિશ્વાસપાત્ર પ્રધાનને વશ પોતાની વૃત્તિ રાખે
" એ રાજાને ધન્ય છે!"–નવીનચંદ્રના ચિત્તમાં વિચાર-ઉર્મિ ઉઠી:
" આવી–સ્વતંત્ર–તોફાની વૃત્તિવાળો રાજા પળવારમાં બાળક પેઠે
" ડહાપણને વશ થયો!–સર્વ રાજાઓ આવા હતા હશે? એમ હોય
" તો જોઈએ જ શું? રાજાઓ ગમે તો પોતાનાથી વધારે ડહાપણ
" કોઈનામાં જોતા જ નથી, અથવા તો પોતાના અથવા પારકાના
" ડહાપણનો વિચાર જ ન કરતાં ઉંઘે છે એવું વાંચ્યું છે–એનાં દૃષ્ટાંત
" પણ જગતમાં હશે જ. ઈશ્વરે–માણસ અને માંકડાં–ઉભય સર્જેલાં છે."

નરભેરામે કહ્યું: " ભાઈસાહેબ, એ તો આપે સારાઈનો માર્ગ શોધી

"ફ્હાવ્યો–પણ હું ખાતરીથી કહું છું એ લોક એનો અર્થ એમ જ લેવાના
"કે એમને શિક્ષા કરતાં આપણે કરીયે છીયે અને એ શિક્ષાપાત્ર છે
"એવું સ્પષ્ટ બતાવી આપવા આપણે અશક્ત છીયે."

બુદ્ધિધન હસ્યો: "નરભેરામ, એટલો પણ વિચાર નહી કર્યો હોય ?
"પ્રમાદ અને તર્કપ્રસાદ ગયા છે તે રસલસાહેબ પાસે સર્વ વાત રજેરજ
"ઉઘાડી કરી દેશે એટલે સામી ખટપટનો પાયો ભાગ્યો સમજવો. સાહેબને
"આપણાપર વિશ્વાસ છે અને નવા સાહેબ આવશે તેમને સર્વ વાત
"કરી મુકશે. પછી થવા દ્યો જેનાથી જેટલી થાય તેટલી ખટપટ. રામ-
"ભાઉને હળવે હળવે સીદ્ધો કરી દેવો પડશે–એને તો ગમે તેમ ભરી પીશું.
"શઠરાયનું એ કરવાનું કે લીલાપુરમાં અને બીજે બધે ઠેકાણે એની
"કળા થાકશે ત્યાંસુધી એને છે એમ ને એમ જ રાખવામાં આવશે અને
"જ્યારે એ જાણશે કે હવે મ્હારા હાથ નીચા પડ્યા અને કાંઈ દાવ હાથમાં
"નથી જ ત્યારે–એની ઇચ્છા હશે તો જ–એ ચરણે પડી માગશે તો જ–
"રાણાજી કૃપા કરશે. સુવર્ણપુરના મહારાજની કૃપા કાંઈ રસ્તામાં નથી
"પડી. શિક્ષા અને ક્ષમા ઉભય કાર્ય એમને આવડે છે તે જગત્ જોશે જ.
"એવા એવાથી ડરતાં ર્‌હેવું એ મહારાણા સમજતા નથી."

ભૂપસિંહ ટટ્ટાર બેઠો, પ્રસન્ન થયો. એનો ક્ષાત્રઉદ્રેક સંતુષ્ટ થયો, અને અમાત્યપર સ્નેહભરી ઉત્સાહભરી ચળકતી આંખે મુછે હાથ દેતો જોવા લાગ્યો. સર્વને આત્મોત્કર્ષક વચનની અસરમાં જ કાંઈક ઐન્દ્રજાલિક[1] માયા છે.

નવીનચંદ્ર આ નવીન નાટક જોઈ જ રહ્યો. રાણો અમાત્ય–બુદ્ધિને પ્રતિકૂળ થતો પ્રથમ અટક્યો હતો પરંતુ કાંઈક અનિચ્છાથી અટક્યો હતો. નરભેરામ તે અનિચ્છાને વધારે એવા શબ્દ બોલ્યો. બુદ્ધિધનના શબ્દથી તે અનિચ્છા વધતી અટકી એટલું જ નહી, પણ વાયુના અચીંત્યા ઝપાટાથી માર્ગપરની ધુળ સાફ થઈ જાય તેમ અમાત્યના અચીન્ત્યા ઉત્તેજિત પ્રતિભાનથી રાણાની મૂળની અનિચ્છા પણ અદૃશ્ય થઈ ગઈ. એથી પણ વધારે એ થયું કે અમાત્ય મ્હારે જ અનુકૂળ માર્ગે કામ કરશે એવી રાણાની ખાતરી થઈ. સેવ્યજનની ચિત્તવૃત્તિને અનુકૂળ કેમ કરી દેવી અને અનુકૂળ કેમ દેખાવું એ બરોબર દેખાડી આપે એવું સેવક-બુદ્ધિનું આ પરાક્રમ જોઈ નવીનચંદ્ર અદ્દ્ભુત આશ્ચર્યમાં પડ્યો. આશ્ચર્યતુલા ઠેકાણે આવતાં આ પરાક્રમ કરવાનો પ્રસંગ પાડનાર સેવકવૃત્તિની તેને દયા આવી. સેવ્યજનને

1. જાદુભરેલી.

પ્રસન્ન કરવાના જ અથવા તેને અપ્રસન્ન ન થવા દેવાના હેતુથી પોતાના અંતઃકરણને ઢાંકી નવીન–અભિત્તિ ચિત્ર જેવું–શબ્દજાળ રચવું પડે, જરી પણ વૈતથ્યવાળી વૃત્તિ બતાવવી પડેઃ–આ સેવક–ભાવ નવીનચંદ્રને પવિત્ર ચિત્તનો અપભ્રંશકર લાગ્યો. જે સેવ્યભાવ જાણ્યે–અજાણ્યે પણ આ દશાનો ઉત્પાદક થઈ પડે છે તે સ્વ-પર-પાતક લાગ્યો. આ અપભ્રંશ અને પાતકતાના હેતુ ઉભય ભાવના સ્વભાવભૂત–પ્રકૃતિસ્થ–લાગ્યા અને પળવાર પ્રત્યક્ષ સ્વપ્નમાંથી દૃષ્ટિને અંતઃસંક્રાત કરી પાસે કોઈ ન હોય તેમ મનમાં બોલી ઉઠ્યો, “ખરી વાત છે !

“*The man*
“*Of virtuous Soul crmmands not, nor obeys.*
“Power, like a desolating pestilence,
“Pollutes whate'er it touches; and obedience,
“Bane of all genius, virtue, freedom, truth,
“Makes, slaves of men, and of the human frame
“A mechanized automation.”*

કોણ જાણે ક્યાંથી આ કવિતા તેના સ્મરણમાં સ્ફુરી આવી અને વિચારમાં પડી પાછળના ઝાડને ટેકો દેઈ તે પોતાના ઘરમાં હોય તેમ કવિતાના છેલાં ચરણ બોલતાં બોલતાં તેના હાથ છાતી ચાંપી પાછા અચીન્ત્યા ન્હોળા–છુટા થઈ બે પાસ પડ્યા. ઈંગ્રેજ કવિનો તીવ્ર વેગ પળવાર આર્યમસ્તિકને તીવ્ર સુરા પેઠે ચમકાવવા લાગ્યો. “રાણાને અનુકૂળ કરી દેવા “અમાત્યે નાટક ભજવ્યું ! વિશુદ્ધિનો એ જ અપધ્વંસ ! પોતાની સત્તાએ “આ નાટક ઉત્પન્ન કરવા સમય આણ્યો–રાણા ! એ ત્હારી સત્તાનું દુષ્ફલ ! “માનવી માનવીપર આજ્ઞા કરે–માનવી માનવી પાસે ક્ષુદ્ર બની જાયઃ એ “ઉભય પરિણામ અનિષ્ટ છે !” વિચારની ચમક મસ્તિકના આખા ક્ષિતિજમાં વીજળીની ત્વરાથી દોડાદોડ કરવા લાગી. અન્તે ચમક થાકતાં મન્દ ચંદ્રિકા પેઠે આર્ય કોમળતા સ્ફુરવા લાગી. “ઈશ્વિર, તને ગમ્યું તે ખરું. “તને લાગી તે ઘટના યોગ્ય.” “મને લાગે છે કે મ્હારી દૃષ્ટિ જ એવી

---

૧. અસલ રૂપ હોય તેથી જુદું—જુદું તે વિતથ; વૈતથ્ય=વિતથપણું.

* *Shelley's Queen Mab.*

“વિશુદ્ધ આત્માવાળો પુરુષ આજ્ઞા કરતો નથી. ઉપાડતો નથી, જગતને શૂન્ય કરનાર કોઇ સર્વવ્યાપી રોગની પેઠે સત્તા જેને સ્પર્શે છે તેને ભ્રષ્ટ કરી દે છે; અને સર્વ બુદ્ધિ, શુદ્ધિ (સદ્ગુણ), મુક્તિ (સ્વતંત્રતા), અને સદુક્તિ (સત્યોક્તિ) એ સર્વના વિષ જેવું આજ્ઞાધારણ માનવીને દાસ કરી દે છે અને આ માનુષી ઘટનાને માત્ર એક ગતિમાન જડયંત્ર જેવી કરી મુકે છે.”

" છે. આવો સારો રાજા અને આવો સારો પ્રધાન–તેની વચ્ચેયે આવું
" થાય ત્યારે ઇશ્વરેચ્છા જ. મ્હારા જેવા વિચારના સર્વ હોય તો જગત્
" કેમ ચાલે?"

વિચારનિદ્રામાંથી જાગ્યો અને પ્રત્યક્ષભણી અક્ષગણ (ઇંદ્રિય–સમૂહ) વળ્યો. " સેવ્યસેવક પોતાને અને પરસ્પરને અન્યોન્યસમાન અને સ્વતંત્ર
" માનવી ગણી ઇચ્છાને દર્શાવે અને અનુસરે તેમ ક્યાં નથી થતું? મિત્રો
" અને શુદ્ધ દંપતી શું કરે છે? શું સૌભાગ્યદેવી બુદ્ધિધન પાસે સ્વરૂપ
" ઢાંકે છે? સ્વતંત્ર નથી ર્‌હેતી? અને તેમ છતાં પતિની ઇચ્છાને નથી
" અનુસરતી? શું બુદ્ધિધનની સત્તા તેને સવાસલાં કરવાની જરુર પાડે
" છે? એમ છતાં શું એની ઇચ્છાને અનુસરતાં દેવી પાછળ ર્‌હે છે?–ના,
" કારણ ઉભયની ઇચ્છાઓ સંગત થાય છે–પતિનાથી જુદી ઇચ્છા પત્નીની
" થતી જ નથી અને થાય છે તો તે બેધડક મીઠાશથી ઉઘાડી કરે છે અને
" અંતે એક ઇચ્છા થાય છે. શું સેવ્ય–સેવકોમાં પણ એમ ન થઈ શકે? આ
" નાટક અમાત્યે ન કર્યું હત તો ન ચાલત! એ નાટક વિના કાર્યસિદ્ધિનો
" બીજો માર્ગ શું ન હતો?–પણ–પણ ભય અસત્યને જન્મ આપે છે–
" માબાપનો ત્રાસ બાળકને અસત્ય બોલતાં શીખવે છે–સેવ્ય જન
" અપ્રસન્ન થશે એ ભય સેવકને અસત્ય કરી દે છે. સત્યથી, અપ્રસન્ન
" થાય એવો સેવ્ય–અને ભય પામે એવા સેવક–ઉભય અનિષ્ટ છે."
અનુમાનનો એ ઉપસંહાર થતાં અંતઃસ્વપ્ન અદૃશ્ય થયું. આ સર્વ મનમાં વિચારતાં વિચારતાં શૂન્ય અક્ષથી પ્રત્યક્ષને લક્ષ્ય કરતો હતો તેને ઠેકાણે અક્ષ-પ્રત્યક્ષનો શુદ્ધ સંયોગ થયો અને અક્ષદ્વારના છજામાં મન પણ આવીને બેઠું. કારભારીની વાર્તા નવીનચંદ્ર જોવા સાંભળવા લાગ્યો.

વિચારોને શાન્તિશય્યામાં સુવાડતાં સુવાડતાં તપ્ત મસ્તિક કપાળે કરચલીયો રચી વળી અંતર્ગર્જના કરી ઉઠ્યું: " સેવ્ય જનો! બોલતાં,
" ચાલતાં, કાંઈ પણ કરતાં, પ્રતિપળ લક્ષમાં રાખજો–ભુલશો નહીં–કે
" તમારા ક્ષુદ્રમાં ક્ષુદ્ર સેવકો પણ તમારા જેવા જ માનવી છે–તમારા
" જેટલી જ સ્વતંત્રતાના વારસ છે–તમને ઈશ્વરે ઉપલે માળ બેસાડ્યા
" તે નીચલા માળવાળાને કચડી નાંખવાને નહી!" " સેવકોને શ્વાનની
" પેઠે નહી પણ હસ્તીની પેઠે રાખજો*"—" સેવકો, ઉદરને નિર્ભય

---

*लाङ्गूलचालनमधश्चरणावपातं भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते गजपुङ्गवस्तु धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते ॥
भर्तृहरि.

"રાખવા કરતાં પણ બીજા ગુરુતર ધર્મ તમારે છે–સેવકધર્મમાં જ સર્વ
"ધર્મની સમાપ્તિ થતી નથી–સેવકધર્મ સાચવવા એ પળવાર ઉદરનિમિત્તે
"તમારો ધર્મ થયો માટે અન્ય સનાતન ધર્મ નષ્ટ નથી થતા !"

વિચારોનો હવે ખરેખરો અંત આવ્યો. ઉછળતી ઊર્મિ કીનારાપર પછડાઈ શાંત થઈ ગઈ.

આ વિચાર થયા એટલામાં તો રાણા અને અમાત્યાદિ વચ્ચે કંઈ કંઈ વાતો થઈ ગઈ. શઠરાયનું શું કરવું તે નક્કી થઈ ગયું. અલકનંદા અને રુપાળીની વાત પડદા રાખી નરભેરામે કરી–અમાત્યે તે વાતમાં ભાગ ન લીધો. જમાલના ઉપર ધર્માસન આગળ કામ ચલવવામાં લાભ ન હતો–કામ ચલવી શિક્ષા થાય તેમાં પણ કાંઈ લાભ ન હતો. ધર્માસન આગળ, લોક-વચ્ચે, અથવા વર્ષ બે વર્ષની કેદમાંથી–છુટી કોઈની પાસે પણ, મુસલમાનને અમાત્યપુત્રીનું નામ પોતાના મલિન મુખ ઉપર આણવાની સ્વતંત્રતા અંતે કદી પણ આવે તે અભિજાત આર્યને સર્વદા અનિષ્ટ જ હોય એમાં કાંઈ નવાઈ ન હતી. ગમે તેવું પણ મહારાણાનું અંતઃપુર, તેની વાર્ત્તાયે બ્હાર જાય એ પણ અનિષ્ટ જ. રઘી, મ્હાવો આદિ મંડળને પણ દેખીતી શિક્ષા ન કરવાનું આવું કારણ હતું. રણજીત અમાત્યનું માણસ હતું. તેને શિક્ષા કરવી અયોગ્ય હતી. જુના કાળની સુરંગની માહીતી શઠરાયને હતી તેમ જ શુક્રાચાર્ય રણજીતને પણ હતી. રણજીતની પાસેથી એ વાત જાણતાં રાણીનું ચિત્ત ભરવનારનો પત્તો અમાત્યને લાગ્યો–કારણ સુરંગનું મ્હોં અંતઃપુરમાં હતું. આ ભેદ જાણી ઉઘાડો કરવાનો તેણે માર્ગ શોધ્યો. જમાલ વગેરે શઠ-રાયના મંડળને એ સુરંગમાં મોકલ્યા; તેમને તથા તેમની જીભોને વશ રાખવા તેમ જ પાપશંકા પોતાની મેળે જ ઉત્પન્ન થાય એ બેવડા હેતુથી–અંતર્થી પોતાના પણ બ્હારથી શઠરાયના–રણજીતને ઉઘાડી તરવાર સાથે આ મંડળમાં અગ્રેસર કર્યો. સુરંગમાં તેણે પોતાનું રૂપ પ્રકાશ્યું અને કંઈ પણ શબ્દ બોલશો તો આ તરવાર સાથે કામ છે એવું તેણે સર્વને કહ્યું. ગોઠવણ પ્રમાણે સુરંગની છત ત્રુટી અને અંતનું સર્વ મંડળ–કોઈને એક શબ્દ બોલવાનો અવકાશ આવે તે પ્હેલાં–વિજયસેનના હાથમાં ગયું. નિઃશબ્દ નાટક જોનારાઓએ દેખાવ ઉપરથી થયાં તે અનુમાન કર્યાં. જુની સુરંગ, તેનું રાણાના અંતઃપુરમાં મ્હોં, દરબારની–રાજમ્હેલની–સર્વ જુની વાર્ત્તા જાણનાર અને તેનો ઉપયોગ કરવાની શક્તિ ધરાવનાર રાજ્યપ્રપંચનો અનુ-ભવી આચાર્ય શઠરાય, ઉઘાડી તરવારવાળો રણજીત અને બીજાં શઠરાયનાં જ જુનાં વિશ્વાસુ માણસો એ સુરંગમાંથી આમ નીકળે, પોતાની સત્તા રાણાની ઇચ્છાથી ઓછી થાય છે એવું શઠરાય જાણે છે એવી લોકખ્યાતિ, તેના

પ્રતિસ્પર્ધી અમાત્ય ઉપર રાણો દિવસે દિવસે વધારે પ્રીતિ દેખાડે છે એવી જનચર્ચા, અને પર્વતસિંહના દૃષ્ટાંત ઉપરથી શઠરાય ખુન કરતાં ડરે એવો નથી એ અપવાદ: આ સર્વ વાર્ત્તા ઉપરથી સર્વનાં મનમાં એક જ અનિવાર્ય અનુમાન થાય એવું હતું અને કોઈ જડ મસ્તિક અનુમાન ન કરી શકે તો મેરુલાની સૂચનાઓ જોઈએ એવી સ્પષ્ટ હતી. આ સર્વ પ્રકરણનો કવિ રચનાને અંતે અંતઃકરણમાં ઉપસંહાર કરી દેખાતા દોષનું નિવારણ કરવા લાગ્યો. "દેખે તેવું અનુમાન લોક કરે તો હું શું કરું? આ સર્વ ગોઠવણ "કરવામાં હું કાંઈ દોષ કરતો નથી. કોઈની પાસે કાંઈ નિન્દ્ય કર્મ કરાવતો "નથી–અસત્ય ભાષણ ફુલ્હડાવતો નથી. માત્ર ખાડો ખોદનારને તેમાં પડવાની "સુગમતા કરી આપું છું–અને તે પણ મ્હારા પ્રાણના રક્ષણને અર્થે–"મ્હારા કુટુંબના રક્ષણને અર્થે–મ્હારા યોગ્ય વૈરના તર્પણને અર્થે–મ્હારા "રાણાની ઇચ્છા પુરી કરવાને–તેની જ આજ્ઞા પાળવા હું આટલું કરું છું. "શઠરાયનાં જ પાપની દ્વારભૂત સુરંગમાં શઠરાયનાં માણસને મુકી જગત્‌ની "દૃષ્ટિએ પાડું એમાં દોષ શો? સારવાનો અર્થ સર્યો એટલે કોઈને હવે "નકામી શિક્ષા કરાવવી એ દોષ હું વ્હોરતો નથી. ઇશ્વિર, તું જુએ છે કે "હું ત્હારો અપરાધી નથી થતો." આ પ્રમાણે અમાત્ય બળાત્કારે અંતઃકરણને શાંત કરી દેતો હતો અને ઈશ્વરને ફોસલાવવા પ્રયત્ન કરતો હતો. "એમ કરતાં પણ મ્હેં કાંઈ દોષ કર્યો હોય તો હવે કોઈને શિક્ષા નહી "ખમવા દેઉં–એ જ મ્હારું પ્રાયશ્ચિત્ત." "આજ શઠરાયની વ્હલે તે કોઈ "દિવસ આપણી; ક્ષમા આજ રાખીશું તો કોઈ પ્રસંગે માગી શકીશું! "રાજાઓનો વિશ્વાસ ક્યાં સુધી?" આવી રીતે કારભાર–સમુદ્રમાં વિશુદ્ધિ-નૌકા ખેડતો બુદ્ધિધન ચારે પાસ હલેસાં મારતો હતો; અશુદ્ધ ખારું પાણી પાછળ ધકેલાતું હતું તે છતાં કદી કદી નૌકામાં ભરાતાં તેને ઉલેચવા પ્રયત્ન કરતો હતો, અને એવા પાણીમાં ધક્કા ખાઈ પોતાનો માર્ગ કરતો હતો. એની નીતિને દિગ્દર્શન આપવામાં અદૃષ્ટ અને દૃષ્ટ અનેક વસ્તુઓ આમ કારણભૂત થઈ પડતી હતી. કોઈને તેની કલ્પના પણ ન હતી–માણસનાં મસ્તિક અને અંતઃકરણ ઈશ્વરે પારદર્શક નથી કર્યાં એમાં એણે કાંઈ શુભ પરિણામ જ વિચાર્યું હશે. શુદ્ધ આત્મા અને મલિન દેહ–ઉભયની અર્ધ–દૃષ્ટ અર્ધ–અદૃષ્ટ એકત્ર ઘટના ચર્મચક્ષુથી અગમ્ય છે તે સદર્થે જ. સુજ્ઞ! શુદ્ધિ અને મલિનતા–એ ભેદ માનવીની સૃષ્ટિ છે–ઈશ્વરના અંત્ય ઘરનો નથી. પૃથ્વી છોડી કે પૂર્વ પશ્ચિમ નથી. જે સૃષ્ટિમાં તું ઉભો હોય તેના દેશકાલ સ્વીકાર. વ્યવહારમાં ઉભો રહી ભેદમયી શુદ્ધિશોધક વ્યવહાર દૃષ્ટિ રાખ અને પરમાર્થમાં ઉભો રહી અનવચ્છિન્ન પરમાર્થ દૃષ્ટિ રાખ: જાગૃતદશાના

ભાનવાળા સ્વપ્રસ્થ પેઠે પળવાર ઉદાસીનવૃત્તિ રાખી શુદ્ધિ-અશુદ્ધિના મિશ્રીભૂત માનવીને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ લે અને પરસ્પરવિપરીત ઉત્તર-દક્ષિણ ધ્રુવ વચ્ચેની ધરી આસપાસ ફરનાર ગ્રહો જેવા માનવીને પણ ઘડીભર તટસ્થતાથી જોઈ કાંઈ સદ્‌બોધ પામ. તું પણ માનવીસ્વરૂપ જ છે.

સુવર્ણપુરથી આશરે એક ગાઉને છેટે જંગલમાં 'મુસાફર-બંગલો' હતો. તેમાં સાહેબ લોકને જ ઉતારો આપવામાં આવતો. કમતી પગારે જમાલને ત્યાં મોકલવાનું કર્યું અને વર્તણુકમાં સુધારો થયે પગાર વધારવાની આશા આપવામાં આવી. રઘીને પણ એવી રીતે જ દૂર કરવામાં આવી. મ્હાવાને દૂરનાં ગામડાં વચ્ચે દરબારી ટપાલના કાસદનું કામ સોંપવાનું ઠર્યું. શઠરાયનું ગામ જે ટપ્પા નીચે આવતું હતું તેના પોલીસસુબેદારની જગા રણજીતને આપવામાં આવી તે એવા હેતુથી કે બ્હારના દેખાવથી શઠરાય ખુશી થાય કે 'ના, આપણો માણસ આવ્યો તે ઠીક થયું' અને અંતર્ખણ્ડેથી (અંદરખાનેથી) પોતાનાં પણ બ્હારથી શઠ-રાયનાં દેખાતાં માણસદ્વારા શઠરાયની ખટપટની ચોકી થાય. એ હેતુ રણજીતને કહી દેવામાં આવ્યો હતો અને હળવે હળવે એનો પગાર સારી પેઠે વધારી દેવામાં આવશે એ સૂચના પણ કરવામાં આવી હતી. રાણી શઠરાયની ખટપટમાં ભળી તેથી મહારાણાને કોપ ચ્હડ્યો હતો અને તેનું મ્હોં પણ ન જોવું એવી પ્રતિજ્ઞા કરવા તત્પર થયો હતો. બુદ્ધિધનની શીખામણથી રાણાએ ઠરાવ કર્યો કે છેક આમ ન કરતાં નવી રાણી પરણી જુનીને માથે શોક્ય આણવી અને જુનીને જણવવું કે સારી વર્ત્તણુકના પ્રમાણમાં ત્હારા માનમાં વધારો કરવામાં આવશે.

આર્યમાતાઓની એવી પ્રકૃતિ છે કે દોષ કરનાર બાળકને શિક્ષા કરી પછી પોતે જ રોવું. આર્યપ્રજા પણ એવી જ છે. દુષ્ટ મલ્હારરાવના સામી આટલી યોગ્ય ફરીયાદો કરી તેને અત્યંત શિક્ષા થતી જોઈ અનુકંપાભરી ફરીયાદ કરનાર જ પ્રજા આટલી ઉલટી અને પડતા રાજા ઉપર દયા રખાવવા આટલો પ્રયાસ કર્યો તે વાતથી દેશી પ્રજાની પ્રકૃતિ ન સમજનાર પરદેશી રાજ્યકર્ત્તાઓ મનમાં ગુંચવાયા હતા. પણ બુદ્ધિધન એ પ્રકૃતિથી ભોમીયો હતો અને તેના મનમાં એમ નક્કી હતું કે અત્યાર સુધી તો શઠરાયના સામો પોકાર ચોપાસથી ઉઠી રહ્યો છે પણ જો એને કેદની કે એવી શિક્ષા થઈ તો એનો એ પોકાર બેસી જશે અને તેને ઠેકાણે મ્હારા સામો પોકાર થશે. વાઘનું પણ મરણ બ્રાહ્મણવાણીયા જોવા ઇચ્છતા નથી; આથી આ સર્વ પરિણામ

જોવા વારો ન આવે અને શઠરાય સામે ઉલટેલી ભરતી ઓટરૂપ થઈ એને જ અનુકૂળ પાછી ન થઈ જાય તે પણ બુદ્ધિધનનું લક્ષ્ય હતું.

આવાં આવાં કારણોથી વર્ણવ્યા પ્રમાણે શિક્ષા અને ક્ષમાનો યોગ્ય લાગતો સંકર બનાવી તેની માત્રા શિક્ષાપાત્ર વર્ગને પાવાનો નિર્ણય ભૂપસિંહની પાસે થયો. એ નિર્ણય પ્રસિદ્ધ થતાં, પ્રજાનો કોપ અને અનુકંપા-ઉભય સંતુષ્ટ થશે અને મહારાણા ઉપર પ્રજાના ચિત્તમાંથી પ્રીતિનો અને મુખમાંથી ‘ વાહ ! વાહ !’ નો વર્ષાદ વર્ષશે એવી કેટલાક પ્રમાણમાં ત્રિકાલ–જ્ઞાની બનેલા અમાત્યે ખાતરી કરી આપી. સિદ્ધવચન પેઠે અમાત્યના વચને ખરી પડવા નિર્મેલી શ્રદ્ધાને જન્મ આપ્યો.

બુદ્ધિધન રાજનીતિમાં પ્રવીણ છે, રાજ્યકાર્યનો ધુરંધર થવાની યોગ્યતા ધરાવે છે, અને ઈંગ્રેજી વિદ્યા વિના આ સર્વ પરિણામ આવી શકે છે એટલી નવીનચંદ્રની ખાતરી થઈ પરંતુ હજી તેને સર્વતઃ સંતોષ ન થયો. એટલામાં પ્રસ્તુત વિષય બદલાઈ નવીન વિષય નીકળ્યો. વિપરીત પક્ષનો નિર્ણય પુરો થયો. આત્મપક્ષમાં પારિતોષિકનું લ્હાણું લ્હાવાનું બાકી હતું. આ આનંદકર વિષયમાં સર્વને વધારે રસ પડ્યો અને બુદ્ધિધને નવા ‘કેબિનેટ્’ની ( શિષ્ટાધિકારી–મંડલની ) સંઘટના કરવાનો આરંભ કર્યો. સર્વ સાવધાન થઈ ગયા.

કરવતરાયવાળી જગા તર્કપ્રસાદને આપવાની એમાં કાંઈ વાંધો ન હતો. મહાલકરીઓના ઉપરીનું કામ શઠરાય પોતાના હાથમાં રાખતો; બુદ્ધિધને તે કામ જુદું પાડ્યું અને નરભેરામને ‘ મહાલખાતાનો ઉપરી ’ બનાવ્યો. આવી જગાથી નરભેરામને સર્વ રીતે સંતોષ વળ્યો. બહુ દિવસ રાણાની પાસે રહેવાથી વિશ્વાસુ છતાં વિશ્વાસઘાત કરવા લલચાવાનો પ્રસંગ નરભેરામને ન આવે એવી બુદ્ધિધનની અંતર્માં ઇચ્છા હતી તે તૃપ્ત થઈ. ફ્હાડેલી જગાને વાસ્તે નરભેરામ યોગ્ય હતો એ બાબતમાં મતભેદ પાડવાનો સંભવ ન હતો. નરભેરામની મૂળ જગા પ્રમાદધનને આપવાની ઠરી. દુષ્ટરાયવાળી જગા જયમલ્લને આપી અને વિજયસેનને એનો ઉપકારક ( એસિસ્ટેણ્ટ ) બનાવ્યો. વિદુરપ્રસાદને તરત લીલાપુરવાળી જગાપર મોકલવાનું ઠર્યું. પરગામની નીમણુક એને પસંદ ન પડી પણ તરત બોલ્યો નહીઃ કાંક જયમલ્લની ઈર્ષ્યા તેના મનમાં થઈ. બુદ્ધિધને પોતાનું જુનું કામ કર્યા જેવું, અમાત્ય એ જગા અને નામ ફ્હાડી નાંખવાં, અને અમાત્યના કામ સિવાય કારભારનું બાકીનું બધું કામ કારભારીનું નામ ધારી બુદ્ધિધને જ કરવું. આ વ્યવસ્થા સર્વને ગમી.

આટલી પ્રસિદ્ધ નીમણુકો થઈ. નવીનચંદ્રના ઉપર બુદ્ધિધનની પ્રીતિ

હતી-ઈશ્વરે ઉત્પન્ન કરી હતી. પણ તરત તો નવો જ અને અનુભવહીન પરદેશી તેને સ્વતંત્ર જગા આપવી બુદ્ધિધનને યોગ્ય લાગી નહી. આથી તરત તેને વિદુરપ્રસાદ સાથે લીલાપુર મોકલવો અને બેચાર માસ પછી કામમાં ભોમીયો અને લોકમાં પ્રખ્યાત થાય ત્યાર પછી વિદુરપ્રસાદને સુવર્ણપુર બોલાવી લેવો અને એ જગા નવીનચંદ્રને આપવી એવું બુદ્ધિધનના ચિત્તમાં હતું. રાણાપાસે દાખલ કરવાને રામભાઉવાળા વર્ત્તમાનપત્રો વાંચવાને નિમિત્તે આજ એને આણ્યો હતો. પોતાનો માણસ છે એવી રાણાની ખાતરી કરી હતી.

ગરબડને તરત એની એ જ જગાપર રાખવો એવો વિચાર હતો. એણે રામભાઉને શળી કરી હતી કેઃ "આ સર્વના બદલામાં તું આ રાજ્યમાં "કાંઈ માગી લે ! માગ્યું ન આપે તો લીલાપુરમાં ત્હારી સત્તા ચલાવવાની "ધમકી આપ, માગ્યું આપે તો તે જગાપર આવ, અને પછી જાતે કારભારી "થવાનું મ્હારું પોતાનું તો ગજું નથી પણ ત્હારા જેવા સત્તા અને "મોભાવાળાને કારભાર અપાવવા સફળ શ્રમ કરી શકું એમ છે. બુદ્ધિધન "એ જ માર્ગે અને મ્હારા આશ્રયથી ચ્હડ્યો એટલે હવે ગરજ સરી વૈદ્ય "વેરી જેવું કરે છે પણ ત્હારા જેવાની સાથે મળી હું વેર વાળી શકીશ. તું "એજંસી સાચવજે. રાણાનું અને મ્હારું અંતઃકરણ એક છે." રામભાઉને આ શીખામણ ગમી અને તર્કપ્રસાદ સાથે બુદ્ધિધનપર સંદેશો મોકલ્યો. એને દ્રવ્યનો ખપ હત તો બુદ્ધિધનને અડચણ ન આવત પણ આ માગણી ભયંકર હતી. રામભાઉ ગરબડને બળે અને ગરબડ રામભાઉને બળે કુદે છે તે સ્પષ્ટ જણાતાં તેનો પ્રતીકાર શોધી કહાડ્યો. ભીતિનો માર્યો ગરબડ મથે છે જાણી તેની ભીતિનું કારણ દૂર કર્યું. તેના ઉપર વિશ્વાસ જણવવા તેને કહાવ્યું; "પ્રાતઃકાળમાં શઠરાયના સમયનાં હીસાબી દફતર વીશે તમારી "પાસે રિપોર્ટ માગવામાં આવશે અને તેમ કરવા પછી આગળ પણ તમારી "સહાયતા જોઈશું; આપણા લાંબા પ્રયાસનું ફળ ભોગવવાનો શુભ અવસર "આવે છે; એટલું કે આજસુધી તો અમારી ઇચ્છાથી સામા પક્ષમાં તમે "દેખાયા પણ હવે અમારા પક્ષમાં ઉઘાડાં થવું પડશે અને અવિશ્વાસનાં સર્વ "કારણ દૂર કરવાં પડશે. પોતાના અને પારકાઓનો વિવેક કરી યોગ્ય ફળ "સર્વને અવિલંબે આપી દેવા રાણાજીની પ્રતિજ્ઞા છે. તમારે હવે સમય ચુકવા "જેવું નથી." રામભાઉને શો ઉત્તર મોકલવો તે શોધવાનું અને આખર ઉત્તર પ્હોંચાડવાનું ગરબડને માથે જ રાખવું એવો બુદ્ધિધને ઠરાવ કર્યો. પરંતુ ગરબડે ચકલી ઉરાડી ખરી-પણ પાછી બોલાવી શકશે કે નહી એ ચિંતા

રહી. રામભાઉ અને બ્હારવટીયા બેને એણે ઉશ્કેર્યા હતા–હવે તેમને ઠેકાણે લાવવા એ ગરબડની શક્તિ ઉપરાંતનું કામ છે એવું બુદ્ધિધને ભયસાથે ધાર્યું. બુદ્ધિધન આ વિચારોમાં હતો તેટલી વારમાં સાહેબપાસેથી આવેલા એક બે પત્રોનું ભાષાંતર નવીનચંદ્રે રાણા પાસે કરી બતાવ્યું. બીજું સર્વ વાંચવાનું રાણાની આજ્ઞાથી મુલતવી રાખ્યું–રાણાને તેમાં કાંઈ સ્વાર્થ ન હતો. તે પાછો વિચારમાં પડી, અધીરો બની પુછવા લાગ્યોઃ

"બુદ્ધિધન, આ બધી ગોઠવણ તો થઈ. હવે બીજી પરચુરણ
"ગોઠવણ તમે તમારી મેળે કરજો. મ્હારે માત્ર ત્રણ વાત જાણવાની છે:
"એક તો એ કે શઠરાયની વ્યવસ્થા કરવી ધારી તે કેવી રીતે પાર ઉતારવી–
"તે તો તમે ક્હો છો કે તર્કપ્રસાદ આવ્યા પછી થશે. ઠીક. બીજું એ કે
"તમને પોશાક આપવાનો–એ તો પ્રાતઃકાળે પ્રથમ કામ રાખો. ત્રીજું તમે
"ક્હેતા હતા કે જગત્‌માં ઝળકી નીકળે એવાં કાંઈ કામનો આરંભ કરવો–
"એ પણ સારું કામ છે–એવો કાંઈ–માર્ગ શોધી ક્હાડો કે જેથી આપણી
"નામના ચારે પાસ ફેલાય અને અમર થાય. એ ધીમે ધીમે જોજો.
"સાહેબ લોક નામનાથી જ વશ થાય છે."

આમ અનેક વાતો કરતાં કરતાં રાત્રિ યુવાન બનવા લાગી અને તેના સબળ આશ્લેષથી દિઙ્‌મૂઢ બનતો સંસાર આંખો મીંચવા લાગ્યો. નિદ્રાએ રાણાને હાથ પકડી મદનવશ કરી અંતઃપુરમાં ખેંચી લીધો અને અંધ બનાવી અણગમતી રાણીને ભુજ-વશ કરવા મોકલ્યો. અમાત્ય, નરભેરામ, જયમલ્લ, અને નવીનચંદ્ર એક બે ઘોડાની ગાડીમાં બેસી અંધકારસાગર તરી જવા ઇચ્છતા હોય પણ તેમ કરવાનો ઉપાય ન દેખતા હોય તેમ અંધકારમાં જ ગાડીવાનને વશ થઈ ગાડી સાથે અંધકારમાં લીન થયા. માત્ર આગળ ચાલતા સ્વારોના ઘોડાની ખરીયોના પડઘાના અને પોતાની તથા પાછળની ઘોડાગાડીયોના અવિચ્છિન્ન નિર્ઘોષ કાનપર પડતા હતા. એ સિવાય સર્વ ઇન્દ્રિયોને અન્ધકારે જ નિષ્ફળ કર્યા જેવું થયું.

નવીનચંદ્રના મનમાં ગર્જના થઈ ઉઠીઃ "અંધકાર! અંધકાર!
"સુવર્ણપુરની દીન પ્રજા! ચાર ચાર કલાકની વાર્ત્તામાં ત્હારે સારું પા
"કલાકનો પણ અવસર ન મળ્યો. અથવા–તો–મ્હારી જ ભુલ હશે. આ
"કામ પણ પ્રજાનું કેમ ન ક્હેવાય? નઠારા કારભારીને ક્હાડવાનો પ્રયાસ
"તે પણ પ્રજાનું હિત જ." આ ઠરાવ તેના મને બરોબર ન સ્વીકાર્યો.

ગાડીના ફાનસના દીવાનો ઝીણો પ્રકાશ ગાડીમાં આવતો હતો અને અંધકારના વિશાળ આભોગમાં છાનોમાનો લપ્પાઈ ગાડીમાં પ્રવાસ કરતો

હતો. એ પ્રકાશનો એક કિરણ પાછળ બુદ્ધિધનનાં આંખપર પડતો હતો. ગાડી મ્હેલમાંથી નીકળી રસ્તાપર ગડગડાટ કરતી ચાલી અને ઘોડાગાડી સાથે અદ્ધર ઉડતો હોય એવો આભાસ અંધકારે કલ્પનાને આપવા માંડ્યો એટલે બુદ્ધિધને વાત ક્‌હાડી. તેનો સ્વર અંધકારને ભેદી સર્વના કર્ણપટ સાથે અથડાવા લાગ્યો–અંધકારમાંથી જ નીકળતો હોય એમ લાગ્યું.

"નરભેરામ, જો, કાલે શું શું કરવાનું તે સરત રાખ. જાણે કે "તર્કપ્રસાદ પ્રાતઃકાળે આવશે અને ઇચ્છેલા વિષયોમાં સાહેબની અનુમતિ "ઇશ્વર કરશે તો આવશે. રામભાઉને ના ક્‌હાવી નથી પણ તર્કપ્રસાદ "ક્‌હેશે કે તમારી બાબત રાણાજીને ક્‌હાવ્યું છે અને મ્હોટી બાબતોની "વ્યવસ્થા સાહેબની અનુમતિથી થઈ જશે એટલે કારભારીના હાથ "નીચેની સર્વ નીમણુકોનો વિચાર થશે તે પ્રસંગે તમારો વિચાર ઘણું "કરીને થશે. વિચાર કશો કરવાનો નથી–પણ અત્યારથી ખરી વાત "જણવવાની જરુર નથી. આશામાં ને આશામાં એકાદ માસ ક્‌હડાવીશું, "પણ અંતે લીલાપુરમાંથી નીકળી રામભાઉ સદાશિવને પન્થે પળે "એ ઉપાય યોજવો પડશે. એ સાપ ઉછેરવા જેવો નથી–તરત છંછેડવા "જેવો પણ નથી. એક મ્હોટી જગા થોડા દિવસ ખાલી રાખીશું "એટલે એ જાણશે કે મ્હારે વાસ્તે જ રાખી છે. ગરબડ બાબત "મ્હેં તને કહેલું જ છે. ત્હારે ઘેર ગયા પછી એને મળવું. બ્હારવટીયાનો "બંદોબસ્ત કરવા વિજયસેનને સૂચના આપી હશે."

"હાજી," નરભેરામ બોલ્યો; "શઠરાયના કેટલાક મિત્રો પણ એ "ખટપટમાં છે. જુલમ કર્યો છે—૭ કલાકમાં આટલું રમસ્તાન મચાવી "મુક્યું છે. લીલાપુર પણ સર્વે સમાચાર મ્હોંચ્યા હશે."

"શઠરાયનો સાળો તો ડાબક સાહેબને મળવા દોડ્યો સંભળાય છે." જયમલ્લ બોલ્યો.

"એમ કે?" બુદ્ધિધને કહ્યું. થોડી વાર સઉ બોલતા બંધ પડ્યા.

"શઠરાયનું નક્કી થશે એટલે ઉજળીયું ગામ આપને આપવાનું છે. "એવું રાણાજી ક્‌હેતા હતા:" જયમલ્લે સમાચાર કહ્યા. બુદ્ધિધને જયમલ્લ પાસે સૂચના કરાવી હતી અને રાણાએ તે સૂચનાનો પ્રતિધ્વનિ કર્યો હતો.

અજાણ્યો હોય તેમ બુદ્ધિધન બોલ્યો: "રાણાજીની કૃપા છે– "પણ એ વિચાર તરત એમના મનમાંથી દૂર કરવો પડશે. કાંઈ "સારું કામ આપણે હાથે થાય પછી એ વખત આવે તો ઠીક."

નરભેરામ બોલ્યોઃ “ બુદ્ધિધનભાઈ, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તેને
“ તો ના ક્હેવી જ નહી, રાણાજીનું મન કાલે ફરી જાય. धर्मस्य त्वरिता
“ गतिः—ધર્મ કરવા બેસે તેને અટકાવવો નહી. મ્હારા મનમાં તો
“ આવ્યું હતું કે માગ્યા વિના મા પણ પીરસે નહી—રાણાજીને જાતે
“ જ સુઝયું તો પછી વિવાહથી રળીયામણું શું ? ”

“ નરભેરામ, પણ મને લાગે છે કે છેક ઠીક નહી દેખાય.”

“ હવે. ઠીક ને બીક. હું કહું તે માનો. હા ના કરતાં કુમારા ર્‌હેશો.
“ વખત વીત્યો ફરી આવતો નથી—ને હું તો, ભાઈસાહેબ, કાંઈ તમારા જેવો
“ સાધુ નથી—માટે કહી મુકું છું કે ત્યારસોરો પ્રસંગ આવ્યે મ્હારો પણ કાંઈ
“ જોગ કરાવજો—હું અંતઃકરણથી કહું છું તેનો હવે વિશ્વાસ આવ્યો કની ?”

નવીનચંદ્ર આ શાંત લુટાલુટનો વિચાર દેખી આભો બન્યો પણ વિચાર કર્યો કે “ આ અભણ લોકનો શો દોષ ક્હાડવો ? ભણેલા ઇંગ્રેજ
“ બીજું શું કરે છે ? સિવ્હિલસર્વિહસ એનો અર્થ લુટાલુટ કે બીજું ? વિના
“ કારણ ખ્હાનાં ક્હાડી પરરાજ્ય હોઇયા કરવું એટલે બીજું શું ? હશે,
“ કરોડો રુપીયાનાં પોટલે પોટલાં દરવર્ષે રંક આર્ય પ્રજાને તજી હનૂ-
“ માનની પેઠ સમુદ્ર ઓળંગ્યાં કરે—અને સમુદ્રમાં ડુબી ગયાં હોય
“ એમ આપણે મન તો ગયાં જેવાં જ થાય—અને એવી બીજી અનેકધા
“ હાનિ થાય તેના કરતાં આ લુટની વ્હેંચણી તો સુવર્ણપુરની પ્રજામાં
“ જ થવાની !—ખીચડીનું ઘી ખીચડીમાં જ ! ”

સ્વદેશ-વત્સલ હૃદયમાં લુટાતો આર્યદેશ સાંભરી આવ્યો અને અંધકારને સમયે અંતઃકરણ ભરાઈ આવતાં આંખમાંથી ખરખર આંસુની ધારા પડવા માંડી. “ બુદ્ધિધન, હું ત્હારો દોષ નથી ક્હાડતો. હું તને
“ શુદ્ધ જોવા ઈચ્છું છું—જગત્ ચોર છે વાસ્તે તું પણ ચોર હોય એ
“ હું ઈચ્છતો નથી—પણ આ

**“ साक्षरा विपरीता राक्षसा भवन्ति ”**

“ તેના આગળ તું ઓછો હાનિકારક છે !” સર્વ વિચાર શોકમાં લીન થયા—અદૃશ્ય થયા અને તકીયો દેઈ બેઠેલો પરદેશી સુવર્ણપુરના રાજ્યતંત્રીયોથી સર્વ વાતે જુદો પડ્યો. “ રંક આર્યબન્ધુઓ ! હું તમારે વાસ્તે શું કરું ? મને કાંઈ સુઝતું નથી.” એ શબ્દ મુખમાંથી નીકળી ગયા; પણ ચિન્તાઓના સલવાટમાં, સ્વાર્થશોધના આવેગમાં, વાર્ત્તાની લ્હેમાં, અને ખટપટના આવેશમાં પડેલાં ક્ષુદ્રચિત્તોમાં તે શબ્દ પ્રવેશ કરવા ન પામ્યા—

ચિત્તમાં તો શું પણ કર્ણમાં એ જવા ન પામ્યા. આ પરિણામનું જોખમ ઘોડાગાડીના નિર્ઘોષને માથે ન હતું, કારણ નિર્ઘોષ છતાં બુદ્ધિધન અને **નરભેરામ** પરસ્પરની વાતો સાંભળી શકતા હતા.

આ અરસામાં રાજ્યતંત્રીયોએ ઘણી ઘણી વાતો કરી. કંઈ કંઈ યોજનાઓ થઈ, કંઈ કંઈ સંકલ્પ-વિકલ્પ થયા, કંઈ કંઈ તર્ક થયા, કંઈ કંઈ ઘાટ ઘડાયા, કંઈ કંઈ ભાગ્ય ઉઘડ્યાં, કંઈ કંઈ ચિંતાઓ થઈ, અને કંઈ કંઈ ઉપભોગ થયા. સ્મરણશક્તિને થકાવે, કલ્પનાને હંફાવે, અને સાધારણ બુદ્ધિને તો મૂર્છા પમાડે એવી યોજનાઓ કરવી હજી બાકી રહી જણાઈ. આશા અને અનાશા, ભય અને અભય, ઉત્સાહ અને અવસાદ: એવાં એવાં અનેક દ્વંદ્વ સાત્વિક શાન્તિને હજી અદૃશ્ય રાખતાં દેખાયાં અને સંકલ્પ–વિકલ્પ આનંદનિદ્રાના શબ ઉપર ગૃધ્રગણ પેઠે ભમતા નજરે પડ્યા. વામન તર્ક વૈરાટસ્વરૂપ ધારી પૃથ્વીથી આકાશ સુધી બે પગલાં ભરી ઉભેલો પ્રત્યક્ષ થયો. કંઈ કંઈ મનુષ્યોનો ન્યાય તેમની પરોક્ષે થતો અને શિક્ષાનો નિર્ણય થતો હજી અટક્યો નહી. કંઈક મૂર્ખાઓ વ્હેમનાં પાત્ર ગણાયા, કંઈક લુચ્ચાઓ ઉઘાડા પડી ગયા, કંઈક શુદ્ધજનો સંગતિને લીધે અશુદ્ધમાં ખપ્યા, જાણ્યે-અજાણ્યે પ્રસંગે અપ્રસંગે કંઈક ઉદ્ધત શબ્દ કોઈથી બોલાયલો–કંઈક અવિનીતતા થઈ ગયેલી–તેના ફળમાં તેને આજ કંઈ સારી નોકરી મળતી અટકી, અને એ જ રીતે ભિન્ન ભિન્ન ન્હાના મ્હોટા દોષવૃક્ષ ઉપર ધાર્યાં અણધાર્યાં ફળફુલ આવ્યાં એ જ શ્રેણિયે ગુણના પરિપાક થયા. કંઈક દોષ–કંઈક ગુણ–ઢંકાયા પણ ખરા–ફળદાતા છેતરાયા પણ ખરા. અધિકારે શુભ અશુભ કરવાની શક્તિનો માનવીઓમાં આમ આવિર્ભાવ કર્યો–અને તે અંધકારના ઉદરમાં ગર્ભરૂપે સ્ફુરવા લાગ્યો.

એટલામાં **નરભેરામ** પોતાના ઘર આગળ ઉતરી પડ્યો અને જયમલ પોતાના ઘરના દ્વારમાં વૃદ્ધ પિતાને ઉભેલા જોઈ ઉતર્યો, તેને ઉતરતો જોઈ, દયાશંકર સાથે બે બોલ બોલી, પોતાના આપત્તિ સમયમાં ઉપયોગી થઈ પડનારના પુત્રને આજ પોતે સારું ફળ આપે છે એ વિચાર થતાં બુદ્ધિધન ઉંડો સંતોષ પામ્યો અને ગાડીવાનને ‘ચલાવ’ કહી આજ્ઞા કરી.

ઘોડાઓએ અંધકારમાં ફાળ ભરી કે બુદ્ધિધનના શબ્દે **નવીનચંદ્ર**ને વિચારનિદ્રામાંથી જગાડ્યો.

“ **નવીનચંદ્ર**, તમારે વાસ્તે મ્હેં એક વ્યવસ્થા ધારી છે” કહી તેને વાસ્તે પોતે કરેલો વિચાર કહી બતાવ્યો, **નવીનચંદ્ર** સર્વ વાત સાંભળી રહ્યો, વિચારમાં પડ્યો, પોતે એક અજાણ્યો પરદેશી તેના ઉપર આટલી મમતા

બતાવતા બુદ્ધિધનને જોઈ મનમાં ઉપકારવૃત્તિની સેર છુટી, અને પોતાને નોકરી તો લેવી ન હતી એટલે આ ઉપકારનો બદલો શું બોલી વાળવો તે સુઝયું નહી. મ્હોંયે ઉપકાર માની બતાવવો એ તેની પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ હતું–ન બતાવવો એ આ દેશમાં આચારવિરુદ્ધ હતું. અંતે વિચાર કરી, કંઈક સ્મિત કરી, તે બોલ્યો: "ભાઈસાહેબ, આ આપની મમતા " કાંઈ ન્હાનીસુની નથી, પરંતુ હું પરદેશી પ્રવાસી છું એ આપ જાણો " છો. થોડા સમયમાં મ્હારો એક મિત્ર અત્રે આવવાનો છે તેને " મળી–આપને પોશાક મળે એ આપનો સંપૂર્ણ ભાગ્યોદય જોઈ, હું " આપની રજા માગી મ્હારા પ્રવાસનો પાછો આરંભ કરવા ઇચ્છું છું."

પોતાનો પ્રસાદ ન સ્વીકારે એવું આજ સુધી બુદ્ધિધનને કોઈ મળ્યું ન હતું. તેને કાંઈક માઠું લાગ્યું અને પોતાનો કાંઈક તિરસ્કાર થયો ભાસ્યો. પ્રીતિ અસ્થાને દર્શાવી હોય, કારભારીએ ન કરવા જેવી ચુક કરી હોય,–એવી વૃત્તિ મનમાં થઈ અને કાંઈક વિષાદ પણ થયો. આખર ઠરાવ કર્યો કે ભુલ થઈ તો થઈ પણ ફરી ન કરવી–ગમે એટલું પણ એ પરદેશી–એના ઉપર યોગ્યતા કરતાં વધારે વિશ્વાસ થઈ ગયો, વધારે મમતા દેખાડાઈ ગઈ, હવે એમ કરવાની જરુર નથી, **નવીનચંદ્ર**ને નોકરી આપી હત તો એક મ્હોટી ભુલ થાત, **નવીનચંદ્ર**ની પોતાની જ મૂર્ખતાથી આ મ્હારી ભુલ થતી અટકી–ઇત્યાદિ વિચાર કારભારીયે કર્યા અને નોકરીની વાત પડતી મુકી. શુદ્ધ ચળકતા લોખંડ ઉપર મ્હોંવડે ફુંક મારવાથી શેવાળ વળે તેમ અંતઃકરણની નિર્મળતા ઉપર અધિકારની ફુંકે આમ પાણી ફેરવ્યું, અને ભૂતકાળની સર્વ સુંદરતા ધોવાઈ ગઈ હોય એમ આટલી મમતાના પાત્ર થયેલા ભણી ઉદાસીનતા થઈ. પોતાને એની સાથે કાંઈ સંબંધ નથી એ ભાન થયું. આ સર્વ દેખાઈ આવે નહી એમ વાત કરવા માંડી.

"**નવીનચંદ્ર**, કોણ આવવાનું છે અને તમારે ક્યાં જવાનું છે?"

આ પ્રમાણે આડી અવળી વાર્ત્તા થતાં ઘર આવ્યું, ગાડી અટકી, અને બેસનાર ઉતર્યા. દ્વારમાં બન્ને જણ પેઠા.

**બુદ્ધિધન** સાંઝે દરબારમાં જવા નીકળતો હતો ત્યારે તેની મેડી આગળ **અલકકિશોરી** આવી, કાંઈક લાડ કરી, કહી ગઈ હતી કે "પિતાજી, " આજ તો મ્હારે એક વાનું માગવાનું છે તે એ કે **વનલીલા**ના વરનો કાંઈ " સારી જગાપર જોગ કરજો. એ બીચારી કાંઈ બોલતી નથી તેથી " મ્હારા મનમાં આવ્યું છે. પેલી કાળકાના વરની તો તમે તે દિવસે " ના કહી હતી–પણ આજ તો નહી ચાલે–હા! મોઈ રાંડ કાળકા–

"એનાપરથી તો મ્હારો ભાવ ઉઠી ગયો છે.–" બુદ્ધિધને ઉત્તર આપ્યોઃ–"એના ઉપરથી ઉઠી ગયો–ત્યારે આના ઉપર કેમ રહેશે ?"

"પિતાજી, એમાં ફેર છે. કાળકા તો રાંડ નઠારી છે. વનલીલાપર "તો ભાભીનાયે ચારે હાથ છે. ના, આટલું તો મ્હારું કર્યાવિના નહી ચાલે !"

"ભાભીનું નામ દે છે ત્યારે તો જોઈશું–જા !" કરી હસતો હસતો બુદ્ધિધન ચાલ્યો હતો. અત્યારે દાદરપર ચ્હડતાં આ સર્વ વાત સાંભરી અને નવીનચંદ્રે ના કહેલી જગા કોને આપવી તે સુઝતું ન હતું તે સુઝી આવ્યું: દાદરપર ચ્હડતાં ચ્હડતાં સૌભાગ્યદેવી મનમાં આવતાં મન પાછું શુદ્ધ બનતું હોય તેમ બુદ્ધિધન બોલ્યો:

"નવીનચંદ્ર, તમે જવાનો વિચાર રાખ્યો તે ઘરમાં તો કોઈને નહી "ગમે–પ્હેલી તો અલક જ મ્હારી જોડે વ્હડશે કે કેમ જવા દ્યો છો ?"

"હાજી. હું પણ કોઈની પ્રીતિ વીસરનાર નથી. હું મ્હારા ઘરમાં "રહ્યો હઉં તેમ સર્વેયે મ્હારી આગતાસ્વાગતા કરી છે. પણ શું "કરીયે ? આવ્યું તે જવાને."

દાદર આગળ સમરસેન બેઠો હતો તેને છેક ઉપર ચ્હડ્યા પછી બોલાવી બુદ્ધિધને આજ્ઞા કરીઃ

"સમરસેન, આજ વિદ્યાચતુરનો પત્ર આવ્યો છે તેમાં લખે "છે કે મુંબાઈથી એક ચંદ્રકાંત નામના ગૃહસ્થ અત્રે આવનાર છે. "ઘણું કરી કાલે સવારે આવી પ્હોંચશે. હું દરબારમાં હઈશ માટે "ઘેર આવે તો સંભાળ રાખજે બરાબર."

નવીનચંદ્ર સાંભળી રહ્યો, વિચારમાં પડ્યો, અને બોલ્યો: "ભાઈ "સાહેબ, હું એમને કાંઈક ઓળખું છું. રત્નગરીથી આવવાનો માર્ગ "તો રાજેશ્વરભણીથી જ છે ને ?"

"હા, પણ કાંઈ કીયે વખતે આવશે તે નક્કી નથી–નીકર તો "કોઈને રાખત ત્યાં."

"હું જ જઈશ. જમવા વખતે ઘેર આવી જઈશ."

"કાંઈ જરુર નથી–ક્યાં સુધી ત્યાં બેસી રહેશો ?"

એમ કરતાં કરતાં બે જણ જુદા પડ્યા. નવીન વિચારમાં પડી નવીનચંદ્ર પોતાના ખંડમાં ધીમે ધીમે ગયો, દ્વાર વાસ્યાં, અને મધ્યરાત્રિના બાર વાગવા આવ્યા હતા તે છતાં નિદ્રા ન આવવાથી, એક બારી ઉઘાડી,

પવન ખાતો, એકાંત આકાશ અને અંધકાર જોતો જોતો, પાઘડીલુગડાં ક્‌હાડી; એક ખુરશીપર બેઠો.

આરણે રાત્રિનો પ્રવાહ નિરંકુશ રેલાઈ ગયો હતો તેને તળીએ ડુબી જઈ ડુબેલા માણસના જેવા વિકાર પોતે અનુભવતો હોય એમ નવીનચંદ્ર કલ્પવા લાગ્યો.

---

## પ્રકરણ ૧૯.

### રાત્રિસંસાર.

### જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન.[1]

"The Crescent Moon, the Star of Love,
Glories of evening, as ye there are seen
With but a span of sky between—
Speak one of you, my doubts remove,
Which is the attendant Page and which the Queen?"

—*Wordsworth's Evening Voluntaries.*

" ઉદયમાન ચંદ્રકલા ! શ્રૃંગાર-તારા ! સંધ્યાસમયની કીર્ત્તિ-મૂર્ત્તિઓ!
" આકાશના માત્ર એક તસુનું જ અંતર રાખી પાસેપાસે તમે બે જણીયો
" પણે આગળ ઉભી રહેલી દેખાવ છો તેમની તેમ રહીને–તમારા બેમાંથી
" એક જણ બોલો–મ્હારી શંકાનું સમાધાન કરો–તમારા બેમાં પરિચારિકા
" કોણ અને રાણી કોણ?"[2]

—વર્ડ્‌ઝવર્થ્‌નાં સંધ્યાસમયનાં યદૃચ્છાકાવ્ય.[3]

પતિનો દોષ પતિવ્રતાના મનમાં ન વસ્યો અને લીલાપુર જવા તે નીકળ્યો ત્યાંસુધી તે તેની જ સેવામાં રહી. અંતર્નું દુઃખભુલવા કરેલો પ્રયત્ન સફળ થયો લાગ્યો. પ્રમાદધન ગયો એટલે તે નીચે ઉતરી અને નણંદની આસપાસ ભરાયલી કચેરીમાં ભળી. વરઘેલી બની દિવસ સમયે વરની પાસે આમ આટલી વાર બેસી રહી તે વીશે સર્વેયે એની પુષ્કળ મશ્કેરીયો કરી અને સર્વના આનંદમાં વધારો થયો. કોઈને કાંઈ કામ ન હોય તેમ સર્વ જણે આખો દિવસ અલકકિશોરીની આસપાસ કુંડાળું વળી ભમ્યાં કર્યું.

---

૧. જવનિકા=પડદો–શોધન=સોનાને અગ્નિમાં નાંખી પરખવું.

૨. શૃંગાર તારા=શૃંગારરસની તારા=શુક્ર. તારા=તારો. પરિચારિકા પરિચર વર્ગમાં રહેનારી દાસી. સાહેલી.

૩. ઉડતી ઈચ્છાએ સૂચવેલાં–તરંગે સુઝાડેલાં–પોતાની મેળે જ રચાઇ ગયલાં–કાવ્ય.

પાછલે પ્હોરે સૌભાગ્યદેવી કથા ક્હેવડાવતી હતી અને આજ સાવિત્રી-આખ્યાન ચાલતું હતું. એ કથામાં પણ આજ નિત્યના કરતાં વધારે મંડળ હતું. એ કથામાં અલકકિશોરીને રસ પડતો નહી. કથા ચાલવા માંડી ત્હોયે એની કચેરી વેરાઈ નહી. કથામાં બેઠેલીયોનાં મન પણ આ કચેરીના ગરબડાટથી વિક્ષેપ પામ્યાં. સૌભાગ્યદેવીએ અલકકિશોરીને ક્હાવ્યું કે તમે સઉ બીજે ઠેકાણે જઈ બેસો. સર્વને કુમુદસુંદરીવાળી મેડીમાં જવાની ઈચ્છા થઈ પણ એટલામાં તો એ પોતે જ કથામાં જઈ બેઠી, એટલે સઉએ વિચાર ફેરવ્યો અને ટોળું લેઈ અલકકિશોરી ઘરબ્હાર નીકળી અને સ્ત્રીવર્ગને ભરાવાના એક ઓટલાપર સઉને લઈ મધપુડાની રાણી પેઠ બેઠી અને ગુંજારવ ચોપાસ પ્રસરવા લાગ્યો.

કથા ઉઠી એટલે કુમુદસુંદરી છાનીમાની પોતાની મેડી ભણી જવા લાગી. સાવિત્રીની પવિત્ર કથાથી તે શાંત થઈ, પરંતુ કૃષ્ણકલિકાનું સ્વપ્ન તેના મનમાંથી ખસતું ન હતું અને ઘણું ડાબવાનો પ્રયત્ન કરવા છતાં આંસુ ખળતાં ન હતાં અને કથા-રસથી ઉત્પન્ન થયેલાં આંસુમાં ખપ્યાં. સૌભાગ્ય-દેવી આજ વહુની મુખમુદ્રા જોઈ રહી હતી. કથાનો અંત આવતાં પોતાની પાસે ઘડી બેઠા વિના એકદમ ઉપર જતી વહુને જોઈ દેવી વ્હેમાઈ અને વહુને પોતાની પાસે બોલાવી. આવી ન આવી કરી–સાસુ પાસે અશ્રુ-પાત થઈ જશે એ ભીતિથી–વહુ ઉપર ચાલી ગઈ અને વજ્ર જેવું હૃદય કરી મેડીમાં પેંઠી. પેંસી, દ્વાર વાસી, સાંકળ પણ વાસી ટેબલ પાસે બેઠી અને પુસ્તક લીધાં પણ તેમાં મન ગયું નહી–કંટાળો જ આવ્યો. પલંગભણી, બારીભણી, નવીનચંદ્રની મેડીવાળા દ્વારની સાંકળ ભણી, પોતે મેડી વચ્ચોવચ બેસી રોઈ હતી તે તે સ્થળ ભણી, અને ઉમરા ભણી જોતી જોતી આંખે અંતર્માં વળવા માંડ્યું. સ્મરણશક્તિનાં કમાડ ધક્કેલ્યાં, અંદરથી નીકળેલી કલ્પનાને ઉશ્કેરી, ઈર્ષ્યાને સળગાવી, અને વિમાનના-બુદ્ધિને ભંભેરી; ફટક લાગી હોય, હબકી હોય અને ડાગળી ચસકી હોય, એમ ફાટી આંખે કુમુદસુંદરી ચારે પાસ જોવા લાગી. નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ નીકળવા લાગ્યા; ઓઠ સુકાયા, ગાલ બેસી ગયા જેવા થયા, આંખો ઉંડી ગયા જેવી થઈ, ઘડીક કંપતી છાતીપર હાથ મુકી ઉભી રહી, અને અંતે કપાળે હાથ કુટી ખુરશીપર બેઠી અને તેની પીઠપર માથું નાંખી દીધું. આ ક્રિયાશૂન્ય સ્થિતિમાં કલાક બે કલાક વીતી ગયા એટલે બારણું ખખડ્યું અને ઉઘાડ્યું કે અલકકિશોરી અને વનલીલા અંદર આવ્યાં, સાંઝના પાંચ વાગ્યા અને સર્વ મંડળ વેરાઈ ગયું કે અલકકિશોરી ઘેર આવી અને તેની સાથે વનલીલા

પણ આવી. વનલીલાને કુમુદસુંદરીની માનસિક પ્રકૃતિમાં આજ કાંઈ ફેર લાગ્યો હતો. કૃષ્ણકલિકાપર માર્ગપર ઘરેણાં ફેંકાયાં એ ચર્ચાથી આ ફેરનો વ્હેમ વધ્યો હતો અને તેથી જ ચિંતાતુર વનલીલા સખી પાસે આવી હતી. બન્ને જણ અંદર દાખલ થયાં. કુમુદસુંદરીનું કોમળ વદનકમળ શોકના તાપથી છેક કરમાઈ ગયું હતું પણ અલકકિશોરીના દેખતાં કાંઈ પુછાયું નહી. કુમુદસુંદરી સાવધાન થઈ અને વાર્ત્તામાં ભળી, પણ શૂન્ય હૃદયમાં આનંદનો લેશ ન હતો અને ફીક્કા હાસ્યને પુરવણી રજ પણ મળી ન શકી. અંતે સઉ ત્રીજા માળની અગાસીપર ચ્હડ્યાં અને ઉન્હાળાનો આથમતો દિવસ અગાસીમાંના શાંત પવનથી રમ્ય કરવા ધાર્યો.

વનલીલા બોલી, “ભાભી, આજ તો આખો દિવસ તમે ઉપરનાં “ઉપર રહ્યાં છો. તમારે અમારા વિના ચાલ્યું પણ અમારે તમારા વિના “ન ચાલ્યું.”

કુમુદસુંદરીને ફીકી સુધી આંસુ ઉભરાયાં હતાં. તેને ડાબી રાખવાનો પ્રયત્ન કરતાં ઉત્તર દેવાનો સુઝ્યો નહી. અંતે શેતરંજની રમત ક્‌હાડી. તેમાં પણ જીવ ન પેઠો. નણંદભોજાઈ રમવા લાગ્યાં અને રોજ જીતતી તે ભાભી દાવ ઉપર દાવ ભુલવા લાગી અને હારી. એટલામાં વનલીલા નીચે મેડીમાં ગઈ હતી તે કુમુદસુંદરીના મેજપરથી નવું આવેલું બુદ્ધિપ્રકાશ લઈ આવી અને રમતમાં હારેલી કુમુદસુંદરીના હાથમાં મુકી બોલીઃ “ભાભી, આમાં “એક ચંદા નામની કવિતા આવી છે તે વાંચવા જેવી છે પણ બરાબર સમજાતી નથી તે સમજાવો.” ચંદ્રને ચંદાનું નામ આપી રચેલી રસિક કવિતા કુમુદસુંદરીએ શાંત કોમળ સ્વરથી ગાવા માંડી અને ઘડીક આનંદને પાછો ખેંચી મેળવતી હોય એમ દેખાવા માંડી. તેનું મુખ હજી અવસન્ન જ હતું પરંતુ “ચંદા”ના પ્રકાશથી શોકતિમિર પાછું હઠતું સ્પષ્ટ દેખાયું. વાંચતાં વાંચતાં કવિતાનો અંતભાગ આવ્યો. પડવા પર બીજ હતી અને આકાશમાં ચંદ્રલેખા હતી તે જોતી કુમુદસુંદરી બોલીઃ

“અલકબ્હેન, ચંદા છે તે હવે સાંઝને પોતાની સખી ગણીને “ક્‌હે છે તે સાંભળોઃ અત્યારે આ ચંદ્રમા દેખાય છે તેનું જ વર્ણન છે.

[1]“ સલુણિ સંધ્યા સખી પ્રિય મુજ, ભેટ લેવા તે તણી
“ મુજ હોડલામાં બેશિને જાઉં કદી હું બનિ ઠની;—
“ પવન મૃદુથી આંગણું વાળી સમાર્યું સ્નેહથી,

---

૧. આ અને બીજા કેટલાક ઉતારામાં મૂળ જોડણી રાખી છે.

"વેર્યાં કુસુમ નવરંગ એમાં ઝીણુઝીણા મેહથી.
"શાંત એનું નિરખી મુખ મુજ સુખનદી ના થોભતી,
"નારંગિ રંગે સાળુ સુંદર પ્હેરિ સખિ શી શોભતી !
"ચકચકિત સઉ પ્હેલ ચ્હોળ્યો તારલો સખિ ભાલમાં,
"લાડંતિ અડકું એહને કદિ આવિ જઈ બહુ વ્હાલમાં.
"એવિ એવી રમત વિધવિધ સખીસંગ રમંતિ હું,
"પણ ભેટવા આવે મુને એ ત્યાહરે ચમકી બિહું,
"કેમકે સામેથિ પેલી આવિ કાળી રાક્ષસી,
"મુઈ રાત્રિ, એણે દૂર સખિયો કિધી ક્રૂર વચે ધસી.
"ઊડિ ગઈ મુજ સખી, ઝીણી પાંખ નિજ ઝળકાવિને,
"ને મૂજને તો રાક્ષસીએ પકડિ લીધી આવિને,
"રાખિ કરમાં થોડિ વેળા, પછિ મુને તે ગળિ ગઈ,–
"જાણે નહીં–હું અમર છું ને બેઠિ મુજ મંદિર જઈ!"

"કાળી રાક્ષસી" ઉપરથી કૃષ્ણકલિકા સાંભરી આવી અને હબકી હોય એમ કુમુદસુંદરી ઉઠી અને અગાસીની રવેશ આગળ નીચે રસ્તાપર જોવા લાગી–પાછી આવી. સર્વ દેખતાં વિકૃતિ ઢાંકવા પ્રયત્ન કર્યો. એમ કરતાં કરતાં રાત્રિ પડી. અલકકિશોરી અને વનલીલા ગયાં. કુમુદસુંદરી એકલી પડી અને અંધકારથી છવાઈ જતા આકાશ ભણી જોતી જોતી ઉપરની કવિતા વારંવાર ગાઈ રહી. એ ગાનની અસર તેના પોતાના જ મનઉપર થઈ. 'કૃષ્ણકલિકા ! કૃષ્ણકલિકા ! મ્હેં ત્હારું શું બગાડ્યું હતું !' એમ કરતી કરતી છાતીયે હાથ મુકી રવેશને અઢીંગી દુઃખમાં ને દુઃખમાં ચોપાનીયું ઉઘાડું ને ઉઘાડું છાતી પર રાખી નિદ્રાવશ થઈ. દુઃખી અબળા દુઃખી સ્વપ્નો જોવા લાગી અને નિદ્રામાં ને નિદ્રામાં હુસકાં ભરતી હતી. બુદ્ધિધનને ખબર ન હતી કે મ્હારા મહાભાગ્યના આવાસના (મ્હેલના) શિખર ઉપર આવે મંગલ સમયે જ મ્હારી કુમુદના ઓઠમાંથી શોકસ્વર જ્વાળામુખીના ધુમાડા પેઠે આકાશમાં–સ્વર્ગમાં–ચ્હડે છે અને ઈશ્વરની આંખમાં ભરાઈ તેને રાતી ચોળ કરે છે ! "સ્ત્રીને પ્રસન્ન રાખજો ! સત્સ્ત્રી અપ્રસન્ન "થઈ–દુભાઈ–ત્યાંથી લક્ષ્મી પાછી ફરવા માંડેછે." એ મનુવાક્ય—એ આર્યશ્રદ્ધા ખરી પડતી હોય તેમ કુમુદ હુસકાં ભરતી હતી તે સમયે રાણાના બાગમાં બાંકઉપર સુતેલા બુદ્ધિધનના મસ્તિકમાં ઉચ્ચાર થતો હતો કે "મ્હારે તો આ કારભાર નથી જોઈતો !"

કલાકેક આમ સુઈ રહી એટલામાં પલંગપર પથારી કરી દાસી

અગાશીમાં આવી અને કુમુદસુંદરીને ઉઠાડી નીચે લેઈ ગઈ. બુદ્ધિધન જેમ જાગી ઉઠતાં કારભાર મુકી દેવાની વાત ભુલી ગયો હતો તેમ કુમુદ પણ જાગી ઉઠતાં કૃષ્ણકલિકાને ભુલી ગઈ. દાસી ગઈ એટલે બારણું વાસ્યું અને ઉંઘવાને બદલે પાછું બુદ્ધિપ્રકાશ હાથમાં લીધું અને ટેબલપર કાચદીપાશ્રમમાં દીવો પ્રગટી વાંચવા બેઠી. "ચંદા" ફરીથી વાંચવા લાગી. ચંદાને મેઘ રમાડે છે અને પજવે છે તે ભાગ વાંચવા લાગી.

"મેઘ પેલો મસ્તિખોરો મૂજને રંજાડવા,
"કંઈ યુક્તિયો વિધવિધ કરે ભંગાણુ સુખમાં પાડવા!"

વળી ગાતાં ગાતાં આવ્યું:

"ને એહ અસ્થિર મેહલાશું કદિ ભરાણી નવ રિસે!"

એ પદ વારંવાર ગાવા લાગી, પોતે અસ્થિર પ્રમાદધનપર રીસાતી નથી એ સ્મરવા લાગી, અને મસ્તિકમાં પ્રમાદધન ભરાયો! તે હવે પ્રિય લાગવા માંડ્યો. તેના જ વિચાર અંતઃકરણમાં ઉભરાવા લાગ્યા, તેની જ છબિ સામેના તકતામાં જોઈ રહી, અને અતિ પ્રેમથી ગાવા લાગી.

"પ્રમાદધન મુજ સ્વામી સાચા!
"એ વણ જુઠું સર્વ ઑજું!
"પ્રમાદધન મુજ સ્વામી—મ્હારા!
"એ વણ ન્યારું સર્વ ઑજું!
"પ્રમાદધન મુજ સ્વામી વ્હાલા!
"એ વણ અપ્રિય સર્વ ઑજું!"

એમ કંઈ કંઈ પદ ઉલટાવી રચવા—ગાવા લાગી, સારંગીમાં ઉતારવા લાગી, અંતર્ આનંદ અનુભવવા લાગી, અને ઘેલી બની હોય એમ એની એ કડીયો—અનુપ્રાસ વિનાની—અલંકાર વિનાની–જપવા લાગી. "પ્રમા-દ-ધ-ન, પ્રમા-દ-ધ-ન, પ્રમાદધન" એ નામ જ પ્રત્યક્ષરે ભાર મુકી બોલવા લાગી, પતિનું નામ કોઈના દેખતાં બોલતી હોય અને શરમાતી હોય તેમ ઘડીક મનમાં ને મનમાં શરમાઈ; કોઈ દિવસ એ નામ પોતે ન દીધું હોય–ન દેતી હોય, પતિનો સ્પર્શ અચીંત્યો અનુભવતી હોય, એ સ્પર્શની પેઠે જ પતિના નામનો સ્પર્શ જીભને–હૃદયને–થતો હોય, તેમ પતિના નામનો એકેકો અક્ષર બોલતાં રોમાંચના શીતળ તરંગોમાં ન્હાઈ શીત્કાર બોલાવવા લાગી, ઉત્કંપની લ્હેરોથી ચમકવા લાગી, અને વિચારમાં પડી સફળ-મદન્નતા અનુભવતી હોય તેમ પળે પળે પોપચાં અર્ધાં મીંચવાં લાગી. વળી જાગી "પ્રમાદધન મુજ સ્વામી" ઇત્યાદિ ગાતી ગાતી ઉઠી, પલંગપર

ચ્હડી, એક પગ પલંગપર અને બીજો બારીના કઠેરાપર મુકી બારી-પરથી પ્રમાદધનની છબિ જીવની પેઠે જાળવી ઉતારી, પલંગપર બેસી ઉતરી, અને ટેબલ આગળ ખુરશીપર બેસી, છબિને, સ્નેહભરી આંખે ન્યાળી રહી, ચુમ્બનની પરંપરા જડ કાચ ઉપર વર્ષાવી અને અંતે છબિને છાતી સરસી ઝાલી ભાગી ન જાય એમ ડાબી ફરી રોમાંચ, ઉત્કંપ, અને નેત્રોન્મીલન અનુભવવા લાગી. જીવતા પતિનો વિયોગ, કિલ્મિષ વિસરાવી, જડ છબિને પણ પતિવ્રતા પાસે ઘણાં વાનાં કરાવવા લાગ્યો. વિદ્યાવિનીત કુમુદસુંદરી પતિના દોષ ભુલી તેના ગુણને જ સંભારી ગુણમય પ્રમાદધનરૂપ બની! અંતે એક હાથે છબિ છાતીસરસી રાખી બીજો હાથ લાંબો કરી વળી બોલી.

“ પ્રમાદધન મુજ સ્વામી વ્હાલા!
“ એ વણ અપ્રિય સર્વ બીજું !”

“ સર્વ બીજું ” ક્‌હેતાં ક્‌હેતાં લાંબા કરેલા હાથની હાથેલી જગતને ધક્કેલી નાંખતી હોય તેમ તેના ભણી ફેરવી બતાવી અને બે ભમ્મરો વચ્ચે કરચલી પાડી.

ગમે તેવી વસ્તુ મને પોતાની કહી તો પોતાની–ઈશ્વરે જેની કરી તેની જઃ—ઋણાનુબંધ (રણારબંધ) નો યોગ જ્યાં ઘડાયો ત્યાં જ ઘડાય છેઃ એ સુખસાધક બુદ્ધિ આર્યચિત્ત જ સમજે છે. આર્યવૃત્તના ઉચ્છેદક પાશ્ચાત્ય સંસ્કારોથી ભરાઈ જવા છતાં ઈંગ્રેજી પાઠશાળાના દુધથી ઉછરેલા આર્ય-બાળક જુના વિચાર અને જુના આચારોથી ભરેલી માતાપિતાની વ્હાલી રૂડીશય્યા ત્યજતાં કંપારી ખાય છે; મ્હોટી વયે પ્હોંચવા પછી અંતર્માંથી પણ ગુરુજનને છોડનાર લોકની વિદ્યા ભણીને પણ વિસ્તારી કુટુંબવૃક્ષમાં[1] ઉત્સાહથી રહે છે; ‘ભૂગોળ અને ખગોળ’માં[2] રમનાર પંડિત ‘ચુલા’ ના ભડકાના પ્રકાશથી વિશેષ—રતાશ પામતા—ખગોળને સળગાવનાર ગોળા જેવા—ગૌર ગાલવાળી અભણ ઉપર પણ મોહ પામે છે અને સ્નેહ દ્રવે છેઃ એ ઋણાનુબંધનો મહિમા આર્યબુદ્ધિથી હીન જનને અગમ્ય છે. આર્ય-

---

૧. ઇંગ્રેજીમાં કુટુંબ એટલે સ્ત્રીપુરુષ અને બાળકસંતતિ એટલાં જ છે, આપણામાં કુટુંબ એટલે માતાપિતા, સ્ત્રીબાળક તેમ જ તરુણસંતતિ, ભાઇ, બ્હેન, ઇત્યાદિ આખું વૃક્ષ.

૨ “ ભાઇ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે!
“ પેલીનું તો ચિત્ત ચૂલા માંહ્ય!
“ દેશી! ક્‌હોની કેવું આ કજોડું તે કહેવાયઃ”–રા. રા. નવલરામકૃત બાળલગ્નબત્રીશી.

દેશને દુઃખસાગરમાં પડતો પડતો ટકાવનાર અને સાધનોમાં એક સાધનરૂપ આ આર્યબુદ્ધિ આર્ય કુમુદસુંદરીના હૃદયકમળપર લક્ષ્મીપેઠે સ્ફુરવા લાગી અને અનાર્ય જનથી સમજાય નહી એવું વિશુદ્ધ ઉત્કૃષ્ટ માનસિક ગાન કરવા લાગી.[1]

તરંગોપર હીંચકા ખાતું મન ગમે તો શીતળ થયું હોય તેથી કે ગમે તો શ્રમિત થયું હોય તેથી એ હીંચકા ઉપર ને ઉપર જ ઢળી ગયું. નિદ્રાદેવી તેને પોતાના ખોળામાં લેવા લાગી અને પોતાની છાતી-પરનો છેડો તેના મુખપર ઢાંકવા લાગી.

નિદ્રાવશ થતી કુમુદસુંદરી કાંઈક સાવધાન બની અને સુવાનો વિચાર કરી સુંદર હાથ ઉંચો કરી કમખો કહાડવા લાગી, કમખો નીકળતાં તેના પેટમાં રહેલી સોનેરી અક્ષરવાળી ચોળાયલી પત્રિકા સરી પડી અને સરતાં સરતાં કોમળ અને સચેતન સહવાસી અવયવ ઉપર ઘસાઈ તેને ચેતના–સૂચના–આપી. પડતાં પડતાં પણ પાટલીના પટપર ગુંચવાઈ, ભરાઈ, અને અંતે તરછોડાઈ વછુટી. આખરે પડી તે પણ પગના સુકુમાર અંગુઠાપર પડી. અંગુઠા આગળથી સંદેશો આવ્યો હોય એમ ચિત્ત એકદમ ચમક્યું અને સજજ થયું. પગના બંધુ હાથે પત્રિકા ઉપાડી લીધી અને આંખ આગળ ધરી. આંખે વાચ્યું:

“ શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી !<br>
“ થઈ રખે જતી અંધ વિયોગથી;<br>
“ દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી<br>
“ કર પ્રભાકરના મનમાનીતા ! ”

આંખ ચમકી; નિદ્રા છટકી; બુદ્ધિ જાગી; શશી–ચંદ્ર–ક્ષિતિજમાં ઉગ્યો; હૃદયનો નિઃશ્વાસ ઓઠઉપર આવ્યો; “ સરસ્વતીચંદ્ર ! સરસ્વતી-

---

૧. જડ પદાર્થો અને શ્વાન આદિ પશુજાતપર પ્રેમ રાખી શકનાર પાશ્ચાત્યલોકમાં વર્તમાન આર્યલોકના જેવો સ્નેહ કેવળ અપરિચિત નથી— માત્ર ઋણાનુબંધબુદ્ધિથી ખામીવાળો છે અને તેથી અનેકધા દુખઃકર નીપજે છે. “ આ મ્હારૂં ” એ બુદ્ધિથી ઉપજતા પ્રેમનું એક કરુણા-રસિક દૃષ્ટાંત વર્ડ્સ્વર્થના “ ઇડિઅટ બોય્ ” ( The Idiot Boy ) નામના કાવ્યમાં છે. બાવાયલા જડપુત્રને જોઇ ઇંગ્રેજ માના મનમાં ઉપજતો પ્રેમ અને આનંદ જોઇ આર્યોને ઘણાક પ્રસંગો—સંબંધો—સાંભરી આવશે.

“ She kisses o'er and o'er again<br>
“ Him, whom she loves, her Idiot Boy;<br>
“ She's happy here, is happy there,<br>
“ She is unhappy everywhere;<br>
“ Her limbs are all alive with joy. ”

ચંદ્ર" કરતી કરતી ઘેલી લુગડાંના કબાટ ભણી દોડી અને બીજી અવસ્થામાં સંક્રાંત થઈ. તેનું મનોબળ થઈ ચુક્યું ભાસ્યું.

મનુષ્યનું જીવન એ અનેક સૂત્રની એક રજ્જુ (દોરી) છે; અનેક આમળાની એક ગાંઠ છે. તે સૂત્રોની–તે આમળાઓની–પોતપોતાની નીરનીરાળી સ્થિતિ–જાતિ છે અને તેઓમાં ઘણી વખત પરસ્પર-વિરોધ આવી જાય છે. આ સૂત્રો અને આમળાઓ, તેમની ઘટના, અને તેમના વિરોધ અધિકતર બુદ્ધિથી, અધિકતર વિદ્યાથી, અને અધિકતર રસજ્ઞાનથી વધારે વધારે સૂક્ષ્મ અને વિચિત્ર બને છે અને તેની સંખ્યા પણ વધે છે. પ્રમાદધનમય અનેલું જીવન સરસ્વતીચંદ્રહીન થઈ શક્યું નહી. એક ભવની પતિવ્રતા બીજા ભવના પતિને ભુલી શકી નહી. સત્યને અર્થે દશરથે રામનો ત્યાગ કર્યો, પ્રજાને અર્થે રામે સીતાનો ત્યાગ કર્યો, અને તે છતાં દશરથનું જીવન રામમય રહ્યું અને રામ સીતામય રહ્યાઃ તેમ જ પતિવ્રતા કુમુદસુંદરી મૂર્ખ અને દૂષિત પતિને મનનો પણ સ્વામી કરી દેવા મથી–પોતાના હૃદય–તળમાં પતિને વણી દીધો અને પતિમૂર્ત્તિમાં હૃદયને યુક્ત (યોગી) કર્યું–તે છતાં સરસ્વતીચંદ્રમય મટી નહી ! સરસ્વતીચંદ્રને હૃદયમાંથી પતિસ્થાન-પરથી ધક્કેલી પાડ્યો અને ત્યાં પ્રમાદધનની સ્થાપના કરી; તોપણ મીંચાયલી આંખમાં કિરણ રસળે છે, શબ્દ દૂર જવા છતાં કાનમાં ભણકારા વાગે છે, નિદ્રાયમાણ મસ્તિકમાં જાગૃત સંસાર.અસંબંદ્ધ સ્વપ્નરૂપે ઘુમે છેઃ તેમ પ્રમાદધનમાં સમાધિસ્થ થયેલા ચિત્તમાં સરસ્વતીચંદ્ર સ્ફુરતો હતો. હૃદયસારંગીને ગાન કરવામાં ઉભય તાર કારણભૂત થયા.

સરસ્વતીચંદ્રના સ્વહસ્તની પત્રિકાના દર્શનથી ઘેલી બનેલી સુંદરી કબાટ ભણી દોડી, કબાટ જોરથી ઉઘાડ્યું, અને પોતાના સોનેરી ભાતવાળા એક અમ્બરના પડમાંથી એક પત્રોની પોટલી ક્હાડી કબાટ એમનું એમ ર્‌હેવા દેઈ ટેબલપાસે બેઠી. ટેબલ ઉપર રેશમી રુમાલે બાંધેલી પોટલી છોડી, અને સરસ્વતીચંદ્રના સુન્દર અક્ષરથી લખાયલા કન્યકાવસ્થામાં સ્વીકારેલા અનેક પત્રો રસમાં લીન થઈ પળે પળે નિઃશ્વાસ મુકતી સુન્દરી વાંચવા લાગી અને પળવાર પૂર્વાવસ્થામાં લીન થઈ વર્ત્તમાન સંસારને ભુલી. સરસ્વતીચંદ્રે પત્રદ્વારા ચલાવેલી રમણીય ચર્ચાઓ તેને સુવિદ્યાની નીસરણી-પર ફરીથી ચ્હડાવતી ભાસી અને અજ્ઞાનમય કુટુંબમાં ફરીથી વિદ્યાભ્યાસ કરતી હોય તેમ બાળાને મનમાં લાગ્યું. સર્વ પત્ર એકવાર વાંચી ર્‌હેતાં છતાં ફરી વાંચવા લાગી. અંતે સરસ્વતીચંદ્રની છબિ હાથમાં આવી–તે હાથમાં આવતાં સ્નિગ્ધાનાં નેત્ર ચમક્યાં અને તેમાં નવું તેજ આવ્યું હોય તેમ તે છબિના એકેક અવયવ નીહાળવા લાગી અને સુન્દરતાના ઘુંટડા ભરવા

લાગી. છબિ પોતાના સામી ટેબલપર મુકી તેને એકટશે જોવા લાગી. તેનાં દર્શન કરતી હોય, હૃદયમાં રહેલાનું કાચ જેવા કાગળપર પ્રતિબિમ્બ પડ્યું હોય અને તેને આશ્ચર્ય પામી તપાસતી હોય; તેની સાથે વાતો કરતી હોય; તેને ઠપકો દેતી હોય; તેનાઉપર ક્રોધ કરતી હોય; હજી પોતે તેની જ પત્ની હોય તેમ તેનાપર પ્રભુતા દર્શાવતી હોય: તેમ કુમુદસુંદરીની દૃષ્ટિ છબિ જોતી જોતી અનેકધા વહી. ત્યાગ કર્યા પછી ઘણે વર્ષે રામને જોતી **સી**તાનું હૃદય થયું હતું તેવું જ અત્યારે થયેલું આનું હૃદય, ઉપરાઉપરી નંખાતા નિઃશ્વાસમાં,[1] પળે પળે સ્ફુરતી અને ભાગતી ભ્રૂકુટિમાં છબિને તદ્રૂપ માની જીવમાં જીવ આવ્યો જણવતા ઉચ્છ્વાસમાં,[2] વચ્ચે વચ્ચે મલકાઈ જતા મુખમાં, સરસ્વતીચંદ્રની વર્ત્તમાન અવસ્થા સાંભરી આવતાં ખિન્ન થઈ સંકોચ પામી ઝાકળ જેવા અશ્રુપટલથી ઢંકાઈ જતા નેત્ર-કમલમાં, અને ક્ષણે ક્ષણે ધડકતા સ્તનપુટપર મુકાઈ ચંપાઈ જતી હસ્તસ્થલીમાં[3]–મૂર્ત્તિમાન્ થતું. " કુમુદસુંદરી !

" છે આશ તજી બનીયું ઉદાસી, રોષભર્યું તજવા થકી,
" ટમટમી રહ્યું આ દીર્ઘકાલવિયોગમાં મળવા મથી,
" સૌજન્યથી સુપ્રસન્ન, બળી પ્રિય-રુદિતની ઉંડી ઝાળથી,
" આ ક્ષણ ગળ્યું રસમય હૃદય તુજ પ્રેમ–ઉદય થયા થકી."[4]

આ એકાંતમાં એકલીનો એકલો સાક્ષી ન્હાનો પણ તેજસ્વી દીવો કુમુદસુંદરીને આમ કહી દેતો હોય—એમ તેનો ક્ષણભર સ્તબ્ધ અને ક્ષણભર કંપતો પ્રકાશ આખા સંસારના અંધકાર વચ્ચે કુમુદસુંદરીને મન મિત્રવચન જેવો થયો. દીવો કુમુદસુંદરીની તમસા બન્યો. દીવાની જ્યોતનું પ્રતિબિમ્બ સુંદર કીકીમાં પડી રહ્યું. અને અંજાયલી આંખ મીંચાઈ રહી કીકી અને પોપચાવચ્ચે સરસ્વતીચંદ્રને તાદૃશ પ્રત્યક્ષ જોવા લાગી. આ અવસ્થામાં પડેલી આંખો ઉપર નિદ્રાએ કોમળ કરપલ્લવ ડાબ્યો અને જાગૃત સ્વપ્નમાંથી સુસ્વપ્નમાં સંક્રાંતિ અદૃશ્ય રીતે થઈ ગઈ. નિદ્રામાં ખુરશીપરથી જરીક ખસી પડતાં અચીંતી જાગી ઉઠી સર્વ વસ્તુ હતી ત્યાં ને ત્યાં રહેવા દઇ કુમુદસુંદરી પલંગ ઉપર જઈ સુતી.

આજ પલંગપર પ્રમાદધન ન હતો. એકલી સુતેલી સહવાસી સંસ્કારોને બળે પરિચિત દશાનાં જ સ્વપ્ન જોવા લાગી. માત્ર જાગૃત અવસ્થા કાંઇક ઉલટપાલટ રૂપે સ્ફુરી અને સ્વપ્નનો સહચર સરસ્વતીચંદ્ર થયો.

---

૧. નીચા શ્વાસ, નીસાસા. ૨. જીવ પામતું માણસ ઉંચો શ્વાસ લે તે. ૩. હાથેલી. ૪. રા. મણિલાલના ઉત્તરરામચરિતના ભાષાંતરઉપરથી.

દિશા અને કાળના ભેદ વિપરીત થઈ ગયા, વસ્તુઓના સંબંધ અનનુભૂત અને વિચિત્ર બની ઝટોઝટ પલટાવા લાગ્યા, આ સર્વ સૃષ્ટિમાં નિદ્રાયમાણ મસ્તિક સત્યનું ભાન ધરવા લાગ્યું, અને નવીન સુખદુઃખો ભોગવતું હૃદય પાપપુણ્યથી મુક્ત રહી સ્વતંત્ર વર્ત્તન કરતું લાગવા માંડ્યું. દૃશ્ય અને દ્રષ્ટા એક છતાં ભેદ ભાસવા લાગ્યો. કુસુદસુંદરી સર્વતઃ **સરસ્વતીચંદ્ર**મય બની. સ્વપ્નની પાછળ સ્વપ્ન ઉભાં રહ્યાં–દોડાદોડ કરી રહ્યાં–પણ સર્વમાં **સરસ્વતીચંદ્ર** ખરો !

આ અવસ્થામાં કલાકેક વીતી ગયો. બુદ્ધિધન હજી ઘેર આવ્યો હતો અને તેના દ્વાર આગળ ઓટલાપર બેસી સીપાઈયો વાતો કરતા હતા અને અંતે થાકી એક જણ ગાવા લાગ્યો તે સાંભળતા હતા.

"મોરા બૉલમા કણુ ઘર આવે–
"આવે રે આવે–
"ઓ મોરા બૉલમા કણુ ઘર આવે ?–
"કણુ ઘર આવે–?"

અંત્ય સ્વર લંબાવી એક સીપાઈ આ ગાતો હતો અને બીજાઓ 'વાહવાહ !' 'સાબાશ !' વગેરે કહેતા હતા તેના ખડભડાટથી કુસુદસુંદરી જાગી ઉઠી, પથારીમાં જ બેઠી થઈ, **સરસ્વતીચંદ્ર**ને શોધવા લાગી, ચારે પાસ આંખો ફેરવી જોવા લાગી, 'મોરા બીલમા કણુ ઘર આવે' એ શબ્દે વીંધેલા અંતઃકરણમાંથી શોકરુધિર નીકળવા લાગ્યું, અને 'બીલમા–ઓ બીલમા' કરતી કરતી, અર્ધી જાગતી–અર્ધી ઉંઘતી, કુસુદસુંદરી હજી સ્વપ્નમય રહી વ્હીલે મ્હોંયે મેડી બ્હાર સંભળાય નહી એમ રોવા લાગી, રોવું ખાળી શકાયું નહી, ખાળવાનો પ્રયત્ન કરવાનું જ સાંભર્યું નહી. અને એમ કરતાં કરતાં ખરેખરી જાગી તોપણું ઉત્પન્ન થયેલી હૃદયવૃત્તિને સંહારી શકી નહી, પાછી ટેબલ આગળ જઈ બેઠી અને શોકમય–ઉતરી ગયેલે–મ્હોંયે ગાતી ગાતી ઉછળતા–વર્ષતા–હૃદયને કાગળ ઉપર ટપકાવવા લાગી. કાગળ એ ઘણા હૃદયની ધરતી છે. વર્ષાદ જેવી ઘણી વાતો કાગળપર ટપકાવી લેવાય છે. ધરતીમાં તેમ કાગળમાં ઘણા હૃદયમેઘ સમાઈ શાંત થાય છે.

"શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી" ઇત્યાદિ ગણગણતાં એક મ્હોટો 'ફૂલસ્કેપ' કાગળ લીધો અને તેઉપર આંસુ અને અક્ષર સાથે લાગાં પાડ્યાંઃ

"શશી ગયો ઉગશે ગણીને ભલે
"ટકતી અંધનિશા; મુજ ચિત્તમાં

"પ્રલયકાળ રચી શશી આથમ્યો
"નીરખીને ધિક જીવવું જીવતું !"

વળી થોડીવાર લખતી બંધ પડી, ચંદ્રલેખા જેવી હડપચી નીચે રુપેરી વાદળી જેવી હાથેલી મુકી, વિચારમાં પડી, અને સરસ્વતીચંદ્રનો જાપ જપતી, તેનું કૃત્ય વીમાસી, એ જાપ પણ પતિવ્રતાધર્મથી વિરુદ્ધ છે એવું ભાન આવતા નિઃશ્વાસપર નિઃશ્વાસ મુકતી, ફરી લખવા મંડીઃ

"તજી નાર અનાથ જ એકલડી, પિયુ જાય વિદેશ, પુંઠે મુકી આશા;
"જપવા પ્રિય–જાપ સ્વતંત્ર રહે વિધવા મુજતી જોઈજોઈ નિરાશા;
"નહીં આશ મુકી, પરતંત્ર કરી, પપળાવી નિરાશ મુક્યું ઉર વહેતું.
"જીવમાં જીવ સાહી મુક્યો પડતો! રમવું અતિક્રૂર પડ્યું ક્યમ સહેતું?"

આંખમાં ઝળઝળીયાં આણી બોલીઃ "અરેરે, સરસ્વતીચંદ્ર, મ્હેં "તમારો શો અપરાધ કર્યો હતો? દમયંતીની પણ નળે મ્હારા કરતાં "સારી અવસ્થા રાખી હતી. હાય,–ઓ મ્હારી મા! ઓ ઈશ્વર! "અંબાવ્ય્! અંબાવ્ય્!" એમ કહેતી કાગળ પ્હલાળતી, કાગળપર ઉંધું માથું મુકી નિરર્ગળ રોઈ. પતિવ્રતાધર્મ પ્રમાણે આ રોવું અયોગ્ય ગણતી ગણતી પણ રોવું ન ખાળી શકી અને ટેબલપરથી માથું ઉંચું કરી લેઈ લેતી લેતી ગણગણીઃ

"न किल भवतां स्थानं देव्या गृहेऽभिमतं ततस्
"तृणमिव वने शून्ये त्यक्ता न चाप्यनुशोचिता ।
"चिरपरिचितास्ते ते भावाः परिद्रवयन्ति माम्
"इदमशरणैरद्याप्येवं प्रसीदत रुद्यते ॥[1]

"ઓ પવિત્ર ગંભીરતાના શિખર રામચંદ્રજી–તમારેયે આવું હતું "તો મ્હારી અબળા–બાળકી–અજ્ઞાની જંતુની આ અવસ્થા ક્ષમા "કરજો!–મ્હારાથી નથી ર્‌હેવાતું–નથી સ‌હેવાતું આ જીવવું–ઓ ઈશ્વર!"

આમ ક્‌હેછે એટલામાં ઘરમાં પેસતા વાતો કરતા નવીનચંદ્ર અને બુદ્ધિધનના સ્વર સંભળાયા. આવી વૃત્તિને સમયે નવીનચંદ્રને સ્વરે મુગ્ધા-

---

૧. ઉત્તરરામચરિતમાંથી. (રામચંદ્ર અયોધ્યાવાસીયોને કહે છે) "તમારા-મ્હારા ગૃહમાં સીતાદેવી સ્થાન કરે એ તમને ન જ ગમ્યું તો શૂન્ય વનમાં તૃણની પેઠે તેને તજી દીધી! એટલું જ નહી પણ એની પાછળ શોક પણ નથી કર્યો. લાંબા પરિચયવાળા આ બધા પદાર્થો હવે મને નીચોવે છે (મ્હારું હૃદય ઓગાળે છે) અને અશરણ બનીને આજ પણ માત્ર આમ રોઇ પડાય છે તેટલું ક્ષમા કરો."

પર કાંઈ નવીન અસર કરી. નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર હો કે ન હો પણ કુમુદના મનમાં તો ખાતરી થઈ હતી કે એ તો એ જ–બીજું કોઈ નહી. પૂર્વ સંસ્કાર તેના મનમાંથી ખસતા ન હતા. મદનનો તેણે તિરસ્કાર કર્યો હતો પણ સ્નેહ દૂર થઈ શકતો ન હતો–અને મદનના ભણીની પણ એટલી જ બ્હીક હતી. "સરસ્વતીચંદ્ર–નવીનચંદ્ર–સરસ્વતીચંદ્ર–આપણો આવો "સંબંધ તે ઈશ્વરે શું કરવા ઘડ્યો હશે ?–અરેરે ! દુષ્ટ હૃદય ! બાહ્ય સંસારને "અનુકૂળ થઈ જતાં તે તને શા ઘા વાગે છે ? હે ભગવાન્ ! મ્હારાઉપર તે "આ શો કોપ ?" તેનું મુખ ગરીબડું બની ગયું. તેનું અંતઃકરણ ડસડસી રહ્યું. અંતર્થી બ્હાર નીકળતું રોજનું બળ અને બ્હારથી તેને ખાળી રાખવાનું બળઃ જાણે કે એ બે બળની વચ્ચે આવી ગયો હોય તેમ નીચલો ઓઠ બ્હાર વળી ફરફડવા, રોવા લાગ્યો અને અવશ હાથ લખવા લાગ્યોઃ

"પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હૃદયમાં થાય !
"જીવતી પણ જડસમી પ્રિયમૂર્ત્તિ જોઈ નયન અકળાય !
"પરિચિત પ્રિય રહીં ઉભો પાસે નહીં બોલે !–નહીં બોલું !
"અપ્રસંગ ભજવતું મર્મસ્થળ ક્યાં ખોલું ?"

ગાલે હાથ દેઈ લખેલું ગાયું અને આંખો લ્હોતી લ્હોતી વળી સજ્જ બની લખવા બેઠીઃ

"ધર્મ તણે શરીર જડ તો રહી શકે જડ—સાચે !
"પણ ચેતન મન કહ્યું ન માને–નહી ધર્મને ગાંઠે.
"એક ભવે ભવ બે, નદજુગના જેવા, સંગમ પામે
"તે વચ્ચે તરતી અબળાનો છુટકો તો જીવ જાતે !"

છેલ્લાં બે પદ ગાતી "હાય હાય" કરતી એ કલમ દૂર નાંખી; અને ખુરશીની પીઠ ભણી અવળી ફરી, વિશાળ મેડીપર અને સામી બારી બ્હારના અંધકારપર દૃષ્ટિ કરતી, બેઠી.

"પરિચિત પ્રિય રહી ઉભો પાસે નહી બોલે !–નહી બોલું" એ પદ વારંવાર ગાતી ગાતી "શું એમ જ ? હાય હાય !" એમ કરતી જાય અને રોતી જાય. "ઓ મ્હારા સરસ્વતીચંદ્ર–મ્હારે તમારે બોલવા વ્યવહારસરખો પણ નહી–હાય ! હાય ! એ તે કેમ ખમાય ?" એમ કરી આવેશમાં ને આવેશમાં ખુરશીના તકીયાપર માથું કુટ્યું. મનની વેદનામાં શરીરની વેદના જણાઈ નહીઃ ક્ષણવાર ત્યાંને ત્યાં જ માથું રહ્યું અને દુઃખમાં મીંચાયલી જાગૃત આંખ આગળ વળી સરસ્વતીચંદ્ર આવી ઉભો. વિદ્યાચતુરને ઘેર

એના પ્રથમ પ્રસંગે જોયેલો ચિતાર બીડાયલી પાંપણો વચ્ચે તાદૃશ થયો; અને પ્રથમ પત્રમાં લખેલો—

धन्यासि वैदर्भि गुणैरुदारैर्यया समाकृष्यत नैषधोऽपि ।
अतःस्तुतिःका खलुचन्द्रिकाया यदब्धिमप्युत्तरलीकरोति ॥

એ શ્લોક ગાતો ગાતો હસતો હસતો શરમાતી નિમીલિત સ્મિત કરતી મુગ્ધાનો હાથ હાથમાં લેતો સરસ્વતીચંદ્ર સ્વપ્ન પેઠે કુમુદસુંદરીએ મીંચેલી આંખોથી જોયો, અંતર્માં પ્રસન્ન પ્રફુલ્લ થવા છતાં ગભરાઈ, અને એ સ્વપ્નાનંદમાંથી સટકી ઉદાસવૃત્તિથી આંખ ઉઘાડતી ઉઘાડતી માથું ઉંચું કરતી કરતી ગાવા લાગીઃ

"પૂર્ણ પામી વિકાસ મુખ મુજ હાસ કરતું પ્રેમથી,
"તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે સામો હશી;
"ને કરંતો મન્દ મન્દ ઘુઘાટ ભર આનન્દશું
"ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું!"[1]

સરસ્વતીચંદ્રને આવા સિન્ધુનું રૂપ આપતાં રમ્ય વિચારો મસ્તિકમાં તરવરવા લાગ્યા, પૂર્ણિમાની 'ચન્દા' જેવા કુમુદસુંદરીના મુખપર મધ્યરાત્રે એકાંતમાં ચંદ્રિકા જેવું શાંત રમણીય સ્મિત છલકાવા લાગ્યું, અને ઘડીક ઉઘાડી અને ઘડીક મીંચેલી આંખો રાખી ગાયેલી કવિતા તે વારંવાર ગાવા લાગી અને શોકને સ્થળે આનંદ સ્ફુરવા–ઉભરાવા–દશે દિશાએ રેલાવા લાગ્યો!

"આ ઉપમા સર્વે રીતે યોગ્ય છે! મહાસિન્ધુના જેવું વિશાળ ઉર–
"તે મ્હારા જેવી ગુણહીનની પાસે વધારે વિસ્તાર પામ્યું–આહા!
"ને કરંતો મન્દ મન્દ ઘુઘાટ ભર આનંદ શું
"ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું?"
"ફેંકી તરંગો–તરંગો–મુજ ભણી–ભણી–નાચંત શું"

બોલતાં બોલતાં મુખ દીન થઈ ગયુંઃ "ખરી વાત. મ્હેં તે એવાં "શાં પુણ્ય કર્યાં હોય કે એવા મહાત્મા સાથે એથી વધારે સંબંધ રહે? "એટલું લીંબુ–ઉછાળ રાજ્ય રહ્યું તેટલું ભાગ્ય મ્હારા જેવીને ઓછું ન "હતું." મ્હોંપર શોકના શેરડા પડ્યા, ગૌર ગાલ દુઃખથી વિવર્ણ (ફીક્કા) થઈ બેસી ગયા જેવા થયા, અને હૃદયનો ઉંડો નિઃશ્વાસ મુખમાંથી નીકળી આખી મેડીને–આખા જગત્‌ને પાછો શોકમય કરવા બેઠો–પ્રવર્તમાન થયો.

---

૧. ચન્દાઃ આ રમતીયાળ તર્કોથી ઉભરાતી કવિતા આપણા લોકપ્રિય વિદેહ ભોળાનાથભાઇના પુત્ર રા. નરસિંહરાવની કરેલી સ. ૧૯૮૩ ના બુદ્ધિપ્રકાશમાં છપાયલી.

આનંદનો ચમકારો પુરો થઈ રૂહેતાં પળવાર હસેલી રાત્રિ હતી એવી અંધારી બની.

એવામાં નવીનચંદ્રે મેડીનું બારણું સપટાવ્યું અને સાંકળ દીધી તેનો ખરખડાટ કુમુદસુંદરીના કાનમાં આવ્યો અને એ ચમકી. માનવીની વૃત્તિ અનુકૂળતા ન હોય ત્યાંથી શોધી કહાડે છે તો અનુકૂળતા પોતાની મેળે જ દોડી આવે ત્યાં વૃત્તિ વિચારનું કહ્યું કરે એ મહાભાગ્યની પરિસીમા વિના બનતું નથી. ચમકેલા ચિત્તે-કાને-નેત્રપર બળાત્કાર કર્યાં અને તે બે મેડી વચ્ચેના દ્વાર ભણી વળ્યું-તો-સાંકળ ન મળે! કુમુદસુંદરી! નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર છે એ વિચારે ત્હારું મસ્તિક ભમાવ્યું? પ્રમાદધન અને કૃષ્ણકલિકાવાળા આજના જ બનાવે ત્હારું પતિવ્રત શિથિળ કર્યું? એકાંત અનુકૂળતા, અને વૃત્તિ ત્રણનો સંગમ થયો? “મ્હારા જેવી સામાની વૃત્તિ નહી હોય તો?” આ ભીતિ ઘણાક વિષયાંધને સદ્‌ગુણસાધક થઈ પડે છે. મુગ્ધા, ત્હારામાં એ ભીતિ હતી? “જો મ્હારાપર હજી પ્રીતિ ન હોય તો સરસ્વતીચંદ્ર ઘરબાર છોડી અત્રે આમ શું કરવા આવે?” એ વિચારે ત્હારા મનની ભીતિ દૂર ન કરી? પરવૃત્તિ પોતાની વૃત્તિનો પ્રતિધ્વનિ કરે છે તે ભાનથી જ એકદમ મન્મથ નિરંકુશ બની તનમનાટ નથી મચાવી મુકતો? ભૂત અને વર્તમાન પતિને સરખાવતાં ભૂતકાળનો પતિ શું અત્યંત મોહક ન લાગ્યો? તેની સાથ થયેલા પૂર્વ પ્રસંગે શું હૃદયને મૂર્ચ્છા ન પમાડ્યું? વાંચનાર, ત્હારા અંતઃકરણને-ત્હારા અનુભવને-કૂહે કે આ સર્વનો ઉત્તર ખરેખરો આપે. પાંસુલ! ત્હારો ઢાંક્યો અનુભવ ઉઘાડી દે અને આ અવસ્થાની ખરી કીમ્મત કરવાનું સાધન આપ. વિશુદ્ધ! ત્હારો ક્વચિત્ ખુણેખોચલે પડેલો પ્રસંગ સ્મરણમાં આણી આ અવસ્થાની ભયંકરતા-દુસ્તરતા-બરોબર સમજાવ, સર્વથા અનિવાર્ય દશાપાશમાં પડેલી અબળા બાળકીપર દયાભરી અમીદૃષ્ટિથી જો. અને અનિવાર્યને નિવારનાર શક્તિ પાસે માગ કે સદ્બુદ્ધિનો જય કરે. તું બ્રાહ્મણ હોય તો ગાયત્રી ભણ-બ્રાહ્મણની પ્રાર્થના સદ્બુદ્ધિ જ ઇચ્છે છે-તેનું સર્વ સંહારિ બ્રહ્મત્વ તેમાં જ સમાપ્ત થાય છે-બ્રાહ્મણને સદ્બુદ્ધિ વિના બીજું કાંઈ જોઈતું નથી. પવિત્ર ગાયત્રિ! બ્રાહ્મણપુત્રીને ત્હારા તેજથી છાઈ દે. તું એમ કરશે?-તે તો સર્વજ્ઞ જાણે. માનવી જેટલી ઇચ્છાઓ રાખે છે એ સર્વ સફળ થવાને જ નિર્માઈ હોય એમ કાંઈ જગત જોતું નથી.

વિશુદ્ધિ સદૈવ રૂહેશે? લક્ષ્મી ચંચલ છે તો વિશુદ્ધિ ચળ પણ નહી હોય? ઈશ્વર રાખે તેવી ખરી. મૂર્ખ અને ધૂર્ત્ત માનવી! અભિમાન અને

દમ્ભ ઉભયને છોડી દે–એટલો તો સુજ્ઞ અને સાધુ થા ! સામાને શીખામણ દેનાર ! પોતાની જ અંતઃપરીક્ષા કર.

ગરીબ બીચારી કુમુદ ! તે ઉઠી અને ઉઘાડી સાંકળ ભણી ગઈ. પાછી આવી. બે વાર ગઈ અને બે વાર પાછી આવી. સદ્ગુણના વિચાર કરવા મંડી. ભ્રષ્ટતાની ભયંકરતા કલ્પવા લાગી. ખુરશીપર બેઠી. "એ તો જ્ઞાન મને ગમતું નથી."[1]–"ગુણહીણ ગોવાળીયા લોક જ્ઞાન નથી પામતા રે"[2] એવું એવું ગાતી વળી ઉઠી–સાંકળે હાથ અરકાડ્યો–લેઈ લીધો અને પાછી આવી ખુરશીપર બેઠી અને ટેબલપર ઉંધું માથું નાંખ્યું. વિચારશક્તિ–વીર્યહીન–નપુંસક બની ગઈ. "તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે "સામો હશી–ફેંકી તરંગો મુજ ભણી—" આ પદમાં કલ્પનાપક્ષિ પકડાયું. "આ વિશાળ વક્ષઃસ્થળમાં સમાસ પામવો–આ તરંગ–હસ્ત–ભુજ ફેંકાઈ ને મને સ્હાય" એ અવસ્થાની અભિલાષરૂપ રમણીયતા ઉંધા પડેલા મસ્તિકને ભોળવવા–લલચાવવા–ફસાવવા–ભમાવવા લાગી. વિચારમાં પડી, વિચારનું વિવાસન (દેશનિકાલ) જોઈ, ઓઠપર આંગળી મુકી એક પગ ખુરશીપર અને એક નીચે એમ રાખી તે ઉભી.

બુદ્ધિધનના ઘરથી થોડે જ છેટે વનલીલાનું સાસરું હતું. વનલીલાને સાસુસસરો હતાં નહી. આ પ્રસંગે તે અગાશીમાં પવનમાં સુતેલા પતિનું માથું ખોળામાં લેઈ તેને નિદ્રાવશ કરતી કરતી ગાતી હતી તે સ્વર ત્રુટક ત્રુટક ઘડી ઘડી નિઃશબ્દ જગતના વાયુની પાંખ ઉપર બેસી કાન ઉપર આવતા હતા અને કુમુદસુંદરીને ન્હવરાવી દેઈ કંપાવતા હતાઃ

"ઉભા રહો તો કહું વાતડી, બીહારીલાલ,"
"તમ માટે ગાળી છે મ્હેં જાતડી, બીહારીલાલ,"[3]

કુમુદસુંદરીનું મ્હોં વ્હીલું થઈ થયું. થોડુક ન સંભળાયું. "એણે મ્હારે સારું જાત ગાળી–મ્હેં શું કર્યું ?" એ વિચાર થયો. વળી સંભળાયું.

"તાલાવેલી લાગી તે મ્હારા તનમાં, બીહારીલાલ,"
"કળ ના પડે રજનિ–દિનમાં, બીહારીલાલ,"[3]

નિઃશ્વાસ મુકતાં પોતાને લાગેલી તાલાવેલી સમજાઈ–ન સહેવાઈ–અને મુખ મૂક થઈ ગયું. રંગીલું ગીત વળી વાગ્યુંઃ

"બાંધી પ્રીતડી તે તો સદૈવ પાળીયે, બીહારીલાલ,
"સલિલમીનતણી રીત રાખી રાચીયે, બીહારીલાલ !"[3]

---

૧. પ્રેમાનંદ, સુદામાખ્યાન. ૨. પ્રેમાનંદ, ભમરપચીશી. "ગુજરાતમાં અપ્રસિદ્ધ કાવ્ય"–સન ૧૮૮૯. ૩. આ પદો વર્તમાન સ્ત્રીગીતમાંથી છે.

વનલીલાના કોમળ ગાનની અસર શી ક્‌હેવી ?

" બાંધી પ્રીતડી તે તો સદૈવ પાળીયે—"

એ બરોબર ધ્યાનમાં બેશી ગયું. ઓઠ ઉપરથી આંગળી ખસી અને કર્ત્તવ્યનો નિર્ણય કરતો હાથ છુટો થયો અને પડ્યો ! કુમુદસુંદરી-ઉપર મદનનું સામ્રાજ્ય થઈ ગયું–તેના મસ્તિકમાં, હૃદયમાં, અને શરીરમાં એની આણ વર્તાઈ ગઈ. નિઃશંક બની તેણે ખુરશી તજી અને ઉઘાડી સાંકળભણી દૃષ્ટિ કરી પગ ઉપાડ્યો.

આ પ્રસંગે–પ્રત્યેક પગલું ભરતાં તેણે વાર કરી અને પ્રત્યેક પગલાંની સાથે તેના મન અને શરીરની અવસ્થાઓ પલટાઈ. કંઈ કંઈ વિચારો તેને ચમકાવવા લાગ્યા, કંઈ કંઈ અભિલાષો તેનું કાંડું પકડવા લાગ્યા, કંઈ કંઈ આશાઓએ તેને હડસેલી. કંઈ કંઈ સ્વપ્નોએ તેને ભમાવી, કંઈ કંઈ પ્રકારનો નીશો તેને ચ્હડ્યો, કંઈ કંઈ લીલાંપીળાં તેણે જોયાં, અને કંઈ કઈ સત્વભૂત–તેની દૃષ્ટિ આગળ નાચવા લાગ્યાં. અબળા બુદ્ધિએ મદનની 'મરજાદ' પાળી અને પોતાનાં સર્વ બાલકને જેમનાં તેમ ર્‌હેવા દેઈ ઘુંઘટો તાણી ક્યાંક સંતાઈ ગઈ. ભીમવિકારના ત્રાસથી થાકેલું દુર્યોધન જ્ઞાન જડતાના સરોવરને તળીયે ડુબકી મારી ગયું. પૃથ્વીને પગતળે ચાંપી નાંખી આખાં બ્રહ્માણ્ડમાં ઝઝુમતો એકલો હિરણ્યાક્ષ ત્રાડી રહ્યો હતો; સૃષ્ટિમાત્રને નિર્જીવ કરી દેઈ પ્રલયસૂર્ય આખા વિશ્વમાં અગ્નિનો વર્ષાદ વર્ષાવી ર્‌હેઃ તેમ પવિત્ર સુંદર કુમુદસુંદરીને ભાનહીન અસ્વતંત્ર કરી નાંખી મનોભવ બળવાન્ અબલાનો સર્વતઃ નિર્દય પરાભવ કરવા લાગ્યો. અને તે કેવળ જડ જેવી અશરણ–અનાથ–બની ભાસી.

અધુરામાં પુરો વનલીલાનો ઉતાવળ કરતો સ્વર સંભળાયોઃ

" શરદની રાતલડી અજવાળી રે

" વ્હાના, ત્હારી કીકી કામણગાળી રે"

છેલું પદ ત્રણ વખત સંભળાયું. પતિને ખભે હાથ મુકી તેની આંખો સામું જોઈ તેને મેડીમાં ખેંચતી આંખોના પલકારા કરતી હસતી વનલીલાના હાસ્યમાં ભળી જતા, વધારે વધારે દૂર જતા, ઓછા ઓછા સંભળાતા, ઉતાવળા ઘસડાતા, સ્વર, " વ્હાના ત્હારી કીકી કામણગાળી રે–" વ્હાના ત્હારી કીકી કામનગાળી રે–વ્હાના, ત્હારી કી–"એટલે આવી વિરામ પામ્યા. વનલીલાની અવસ્થાની ઈર્ષ્યા કરતી, પોતાના વ્હાનાની કીકી સ્મરી તેના કામણને વશ થતી, કુમુદસુંદરી હવે ખરેખરી ચસકી–અને પોતાના હાથમાં પણ ન રહી.

મૂળ આગળ–વણે છેટે–થયેલા પુષ્કળ વર્ષાદના બલથી જમાવ પામી

ધસી આવતા પૂરને બળે ઉભરાઈ જઈ–ફેલાઈ જઈ–શાંત અને પ્રસન્ન સરિતા એકદમ મલિન થઈ જઈ અસહ્ય–અનિવાર્ય–વેગથી ખેંચાતી હોય તેમ ધસે; વાયુના ઝપાટાની ઝાપટથી, રમણીય મન્દ લીલા કરતી કુસુમલતા (ફુલની વેલી) હલમલી જઈ અચીન્તી કંપવા માંડે: તેમ કુસુદસુંદરી પરસ્વાધીન થતાં તેને ચમક થઈ હોય તેમ તેનું આખું શરીર પળે પળે ફુવારાની ઉચ્ચ ધારા પેઠે ચમકવા–ઉછળવા–લાગ્યું. ઇષ્ટજન અને પોતે એની વચ્ચે થોડું ઘણું દેશકાળનું અંતર હજી સુધી ર્‌હેતું ન ખમાતાં અધીરા બનેલા કપાળ ઉપર કરચલીયો પડી અને ફરકવા લાગી–જાણે કે ત્યાં આગળ મદન મહારાજે ધ્વજા ચ્હડાવી દીધી હોય અને આવી પવિત્રતા ઉપર મેળવેલા જયના દર્પથી જગતનો તિરસ્કાર કરી ફરકતી ન હોય! મસ્તિકમાં નાચતા નિશાચર મદનની આડી અવળી પદ–પંક્તિ પડી હોય, અંતર્ ભરાઈ રહેલા સરસ્વતીચંદ્રની કલ્પનાભૂતના ફાટા પગ બ્હાર દેખાઈ આવ્યા હોય, તેમ બેયે વિહ્વળ ભમ્મરો ભાંગી ગઈ અને પોતાપર પડતી પારકી મલિન દૃષ્ટિને પ્રતાપથી દૂર રાખવાની પવિત્ર શક્તિ જતી ર્‌હેતાં જાણે કે નવી અશક્તિ આવી હોય તેમ જાતે જ અપવિત્ર બની શિથિળવિથિળ દેખાવા લાગી. એ ભમ્મરનું જોર નીચું ઉતરી પગમાં થઈને જતું રહ્યું હોય તેમ

"તાલાવેલી લાગી તે મ્હારા તનમાં, બીહારીલાલ"

એમ વિકળ મ્હોંવતે બોલી જમીન ઉપર પગની પ્હાનીવડે અચીન્ત્યો જોરથી ઠબકારો કર્યો અને વિશુદ્ધિને ઠેસ મારી. પોતાની અને ઇષ્ટજનની વચ્ચે ભીંત કે બારી કાંઈ પણ ન હોય તેમ જોતી હોય એવી–અહુણાંને અહુણાં તેને પ્રત્યક્ષ જોવા પ્રયત્ન કરતી ખેંચાતી ખેંચાઈ જતી એક જ કર્મ કરતી–અકર્મ–આતુર અને અધીરી આંખો ધીમા ચાલનારા શરીરથી પણ પ્હેલી દોડી જઈ ઇષ્ટદર્શન શોધતી શરીરને પાછળ મુકી અંતર્થી નીકળી પડવાનું કરતી હતી:–તે જાણે કે–સામી મેડીમાંના ચંદ્રને બળે આકર્ષાતા તન–મન સાગરમાંનું મીનયુગ આકર્ષાઈ અગાડીમાંના અંગાડીના ધપેલા મોજાને માથે દેખાઈ આવ્યું ન હોય!–સામી મેડીના પ્રદેશના કીનારા જેવી બારીપર ઉભેલા માછી મદનના હાથમાંની સૂક્ષ્મ અદૃશ્ય જાળમાં ભરાઈ જઈ પવિત્રતાના સાગરમાં ર્‌હેનારું મીનયુગ અપવિત્ર હવામાં ખેંચાઈ–તરફડીયાં મારી થાકી વૃથા પ્રયાસ છોડી નિર્જીવ બનવાની તૈયારીપર આવી પવને પ્રેરેલા ભૂતસંસ્કારના તરંગોના જ હેલારાથી માછી ભણી ધક્કેલાતું ન હોય! ઇષ્ટ વસ્તુ જોઈ રહેલી કીકીને બીજું કાંઈ જોવા જ ન દેવું એવો નિર્ણય કર્યો હોય, બાહ્ય સંસારમાં સ્ફુરતા જ્ઞાનનો કિરણ પણ પોતાના ચેતન ભાગની અંતર્ સરવા ન પામે તેવો માર્ગ પકડ્યો હોય, પોતાનાથી

પણ આડું અવળું ભુલે ચુકે ફરફાઈ ન જવાય એવી સાવચેતી રાખી હોય, અને અંતર્થી ઉછળતું જ્ઞાન ઉભું જ ન થઈ શકે એમ તેને માથે જડ ભારરૂપ થઈ જવા પોતે જ ભારતયલ કર્યો હોયઃ તેમ આખી આંખ દૃઢ સંકોડાઈ ગઈ–અને 'ન્હાનાની કામણગાળી કીકી'નું જ પ્રતિબિમ્બ તેમાં અદૃશ્યરૂપે વ્યાપી રહ્યું. હજી કુમુદસુંદરી ઝીણું ઝીણું ગણગણતી હતી, ખભા મરડતી હતી, લ્હેંકા કરતી હતી, અને, "ન્હાના" અને "કીકી" શબ્દોપર ભાર મુકતી હતીઃ

"ન્હાના, ત્હારી કીકી કામણગાળી રે
"ન્હાના, ત્હારી **કીકી** કામણગાળી રે
"ન્હાના, કીકી **ત્હારી** કામણગાળી રે
"ન્હાના, ત્હારી કીકી **કામણ**ગાળી રે... ... ..."

"કામણ" શબ્દપર ભાર મુકતાં મુકતાં તર્જનીવડે તર્જન કર્યું અને નીચલો ઓઠ કરડી દાંત પણ કચડ્યા.

બારી પાસે આવી તેમ તેમ આટલી ક્રિયા પણ બંધ થઈ ગઈ. આંખો ઉઘાડી છતાં દૃષ્ટિક્રિયા વિરામ પામી હોય–નીશો ચ્હડ્યો હોય–તેમ ભાતભાતનાં લીલાપીળાં દેખાવા માંડ્યાં. તમ્મર ચ્હડી હોય તેમ આખી મેડી નજર આગળ ગોળ ફરવા–તરવા–માંડી અને સામી ભીંત પળવાર હીંચકા ખાતી લાગી, પળવાર સમુદ્રમાં હોય તેમ ઉંચીનીચી થતી ભાસી, અને પળવાર કંપતા દર્પણમાં દેખાતી હોય તેમ ન્હાની મ્હોટી થતી લાગી. "હવે શું રોવું ?" કરી આંખમાંનું પાણી સુકાઈ ગયું. કાનમાં પ્રથમ તો રાત્રિની ગર્જના જેવો તોરીનો સ્વર ટકટકારો કરી રહ્યો હતો તેને ઠેકાણે 'અનહદ' નાદ સંભળાવા લાગ્યો. નાસિકામાં શ્વાસ રુંધાઈ રહ્યો અને પ્રાણાયામ જાતે ઉત્પન્ન થયો. બોલવું, ગણગણવું, શ્વાસ લેવો,–સર્વ છોડી મ્હોં અધ–ઉઘાડું રહી ગયું અને ઉપર નીચે ન હાલતી ન ચાલતી દાંતની હારો રહી ગઈ–જાણે કે મદનચિતામાં મુકવા સારું શબ જ ગોઠવી મુક્યું હોય અને એ ચિતા પુરેપુરી તૈયાર થવાની વાટ જોવાતી હોય. સેનાધીશના શંખનાદની સૂચના સાંભળવા સ્થિર ઉંચી ડોક કરી વીરસેના ઉભી હોય અને મરણના મુખમાં કુદી પડવાની વાટ જ જોઈ રહી હોય તેમ સુન્દર કંઠ ઉત્કંઠ અને નિશ્ચળ બની ગયો. પાપકૂપમાં પડવા તેના ઓડ ઉપર ઉભી રહી કુવામાં ડોકું કરી પડવા તે તૈયારી કરતી હોય તેમ તેના નાજુક અને નાગજેવા હાથ નાગફણા પેઠે જ ઉપસ્થાન કરી રહ્યા અને ધ્રુજવા લાગ્યા. કોઈ જોર કરી બારણું ઉઘાડવાની આજ્ઞા કરતું હોય અને અનિચ્છાથી તે માનવી પડતી હોય, બારી ઉપર હાથેલી વડે થાપા દેવા હોય–તેમ કંપતી

બાળકના જેવી આંગળીયો પ્હોળી રાખી બે હાથે બારી ભણી હાથેલીયો દેખાડી;–પણ આવા કર્મનાં અપરિચિત કાંડાં, એમાં આશ્રય આપતાં હામ જતી રહી હોય તેમ, લુલાં પડી ગયાં; અને હાથેલીયો નિરાધાર હોય એમ, ચતી ર્‌હેવાનો યત્ન કરવા છતાં, લટકવા લાગી. આતુરતાથી ઉંચું થતું, અવશતાથી કંપતું, લજ્જાથી સંકોચાતું, આશાથી તળે ઉપર થતું, કામાર્ત્તિથી વેગવાહી બનતી નાડીયોમાં વેગથી ધડકતા રુધિરના ઉછળાઓથી ફરકતું, સૂક્ષ્મતર થતા, પટુતર થતા જ્ઞાનતંતુઓની સર્વાંગી અને આવેશભરી સ્ફુરણાથી ઉભી થતી રોમરાજિના મૂળે મૂળ આગળ અને શિખરે શિખર ઉપર ઉદ્દીપ્ત થતું, વારાફરતી ચળકાટ અને વિવર્ણતા ધરતું, ન્હાનુંસરખું પણ અગણિત મહાવિકારોને સમાસ આપતું, જાતે એક પણ અનેકવૃત્તિમય થતું, ચેતન છતાં જડતાને સ્વીકારતું, પવિત્ર છતાં અપવિત્રતા ભણી ઉલટતું, પ્રમાદધનનું હોવા છતાં સરસ્વતીચંદ્રની સત્તા માનતું, અને સ્થિર થવા–ક્રિયામાં સંક્રાંત થવા–દેખાઈ આવતા પણ વૃથા પ્રયત્ન કરતું, અસ્થિર, ક્રિયાહીન, દીન, અને વિહ્વળ અંગ ઉત્તમાંગના આધારભૂત થવાને બદલે જાતે અગાડી ધપતા ઉત્તમાંગને જ આધારે પાછળ પડી–છુટું ન પડાતાં–નીચે લટકી રહ્યું હોય એવો વિકાર અનુભવતી બાળા નખથી શિખસુધી થરથરવા લાગી, વાંચેલા મદન–જ્વરના સ્પષ્ટ પ્રયોગનું પાત્ર થતી થતી બળી બળી થવા લાગી, અને મરણ પ્રત્યક્ષ ઉભું હોય તેમ બ્હેબાકળી (ભયવ્યાકુળી) અને વ્હીલી બની. તેનાં સુંદર પ્રફુલ્લ ગાલસંપુટ મુખમાં ચુસાવા લાગ્યાં. પક્વ બિમ્બૌષ્ઠ વિવર્ણ બન્યા અને માઘમાસની ઠંડીને વશ હોય તેમ સંકોચાઈ ગ્હેંકાઈ ગયા. આંખો બાડી થઈ અને સુન્દર મુખ કદ્રુપું અને પ્રેતના જેવું ભયંકર થયું. માત્ર આ સર્વ વિકૃતિનું તેને પોતાને દર્શન ન થયું–ભાન ન રહ્યું–જાણે કે આત્મભાન વિનાનું શબ સર્વશઃ ન હોય! આત્મભાનની ન્યૂનતા એ જ ઉત્કર્ષની બાધક છે.

કુમુદસુંદરી આમ દ્વાર ઉઘાડવા ગઈ. દ્વારથી આણીપાસની સાંકળ ઉઘાડવી એના હાથમાં હતી. પેલી પાસની સાંકળ કૃષ્ણકલિકાએ ઉઘાડી હતી–વાસી ન હતી; આ તેનું સખીકૃત્ય કુમુદસુંદરીના અપભ્રંશને અતિ અનુકૂળ લાગ્યું. કુમુદસુંદરી! તું સાંકળ કેમ ઉઘાડતી નથી? દ્વાર આગળ હાથેલી ધરી છતાં કેમ ધક્કેલતી નથી? આની આ દશામાં જુગના જુગ વીત્યા છતાં સ્તબ્ધ–અકર્મ–તું કેમ ઉભી રહી છે? આમ કેટલીવાર તું ઉભી ર્‌હેશે? શું તને નિદ્રા નથી આવતી? રાત્રિના બાર વાગી ગયા છે. શું તને કોઈ અટકાવે છે? દેખાતું તો કોઈ નથી. રસ્તાપરની બારીમાંથી આવતા પવનને લીધે ટેબલપર કંપતા દીવાએ કુમુદસુંદરીની છાયા ઉઘાડવાની બારી

ઉપર જ પાડી હતી. કુમુદસુંદરી સ્તબ્ધ હતી પણ તેની છાયા દીવાની જ્યોતને અનુસરી હાલતી હતી. એ છાયાનું કદ કુમુદસુંદરી કરતાં મ્હોટું હતું. બારી ઉઘાડવા પ્રસારેલી હાથેલીની છાયા સાંકળ આગળ હતી અને તે પણ કશાની “ ના ના ” કરતી હોય તેમ હાલતી હતી.

કુમુદસુંદરી શું તું અનાથ છે ? શું ત્હારી વિશુદ્ધિનું આવી ચુક્યું ? શું બ્હારનાં ભયથી મુક્ત થઈ–એકાંત પ્રમાદધનશૂન્ય મેડીમાં–સુવા વારો આવ્યો એટલે ત્હારી વિશુદ્ધિ ચળી ? શું ત્હારી વિશુદ્ધિનો અવકાશ પ્રસંગની ન્યૂનતાને લીધે જ આજ સુધી હતો ? અરેરે ! શું ઈશ્વર શુદ્ધિનો સહાયભૂત નથી થઈ પડતો ? શું તે ત્હારા જેવી શુદ્ધ સુન્દર હૃદયવાળી અબળાને મહા નરકમાં પડતી જોઈ જ ર્‌હેશે અને તને તારવા હાથસરખો નહી ધરે ?

કમાડઉપર પોતાની છાયા પડેલી જોવા મદન–અંધા અશક્ત નીવડી. આલોક અને પરલોકનો તિરસ્કાર કરી, લજ્જાને લાત મારી, ભયને હસી ક્‌હાડી, વિશુદ્ધિને મૂર્ચ્છા પમાડી, અને હૃદયને સુતું વેચી, સામેનું દ્વાર ઉઘાડવાનું સાહસ કરવા વિષમય નાગ જેવો હાથ ધસ્યો ! હાથમાં જીવ આવ્યો તેની સાથે આંખમાં પણ જીવ આવ્યોઃ–દેશનું અંતર પળવારમાં કાપી પોતાની પ્રિય પુત્રીને ઉગારવા ગુણસુંદરીનો શુદ્ધ વત્સલ આત્મા છાયારૂપે રત્નનગરીમાંથી અચીન્ત્યો દોડી આવ્યો હોય તેમ દ્વારપરની મા જેવડી છાયા પોતાની માતા જેવી લાગી અને ધસેલા હાથને ઝાલતા જેવો છાયાહસ્ત સામો ધાયો. હાથ દ્વારને અડકતાં જ કુમુદસુંદરી ભડકી અને એકદમ હાથ પાછો ખેંચી લેઈ ઉભી. મચ્છેન્દ્રે ગોરખને અચીન્ત્યો જોયો તેમ પોતે પણ છાયા ભણી ફાટી ભડકેલી આંખે જોઈ, હીન બની, હાથ જોડી આંગળીયોમાં આંગળીયો પરોવી, ઉભી. ભરતી બીજીપાસ વળવા લાગી. નવો જીવ આવ્યો અને દુર્યોધનની ભર–સભામાં અશરણ બનેલી દ્રૌપદીનું રક્ષણ કરવા દ્વારિકાથી કૃષ્ણ આવ્યા–ને સર્વને અદૃશ્ય પણ પોતાને દૃશ્ય દીનબંધુને અચીન્ત્યા જોતાં પાંચાળીને હર્ષ થયો હતો તેનાથી અનેકધા વિશેષ હર્ષ પામતી અદૃશ્ય પવિત્ર જનનીમૂર્ત્તિ દેખતી બાળા માતા જેવી છાયાસામું જોઈ રહી, અને પોતાની લજ્જા ઢાંકવા આવેલી જનની આગળ નીચું જોતી આંખમાંથી આંસુની ધારા સારવા લાગી. મુખ માત્ર છિન્નભિન્ન સ્તવન કરી રહ્યુંઃ પોતે શું ક્‌હે છે–કોને ક્‌હે છે તેનું ભાન ન રહ્યુંઃ યદૃચ્છાવસ્તુ જીભપર નાચી રહીઃ

“ બ્હેના વિશુદ્ધિ ! બચી તું મરતી–જીવી ! જીવી ! તું રહી ” “ ઓ મ્હારી માવડી ! અહીંયા પણ મ્હારી વિશુદ્ધિ ત્હેં સાચવી ? હેં ! ” પવનમાં અને છાયામાં કોઈ પવિત્ર સત્ત્વ ઉભું લાગ્યું. મુખમાં પવિત્ર

કોમળ સરસ્વતી ગાનરૂપે આવી ઉભી. બે હાથ અને મુખ પવનમાં ઉંચા કરી દીનવદને ગાયું:

"અનાથનકે નાથ ! ઓ ધાયે ! પ્રભુ અનાથકે નાથ ! (ધ્રુવ)*
"શ્રીકૃષ્ણ પ્હોડ્યા દ્વારિકામાં, ઝબકીને જાગ્યા નથી શ્રીનાથ !
"તત્ક્ષણ ઉઠીને ઉભા થયા, પ્રભુ ચૌદ લોકનો નાથ, ધાયે૦ ૧.
"રુક્મિણી લાગ્યાં પુછવા–સ્વામી, કો કારજ છે આજ ?
"–પાંચાલી પાંડવતણી ! તમે શેં ન જાણો એ વાત ? ધાયે૦ ૨.
"આજ મ્હારી દાસીને મહાદુઃખ પડ્યું મ્હારે તત્ક્ષણ જાવું રે ત્યાંય !
"ગોવિંદ ક્હે-'લાવો ગરુડને, મને પછી પુછજો એ વાત !' ધાયે૦૩
"ગરુડ મુક્યો મારગે, જાણ્યું રખે પડતી રાત !
"નરસૈંયાના રે સ્વામી સંચર્યા રે' દ્રૌપદીએ નીરખ્યા શ્રીનાથ !!
"ધાયો પ્રભુ અનાથનકો નાથ–
"ધાયો પ્રભુ અનાથનકો નાથ !
"ધાયો–ધાયો તું પ્રભુ અનાથનકો નાથ !"

"હા !–ધાયો–ધાયો–તું વિના બીજું કોણ આમ મ્હારી વ્હારે "ચ્હડે ? ઓ મ્હારા પ્રભુ !" છેલી કડીયો, ઉંચું જોઈ, હાથ જોડી, બોલતાં બોલતાં, જીભને જોર આવ્યું, મ્હોં મલકાઈ ગયું, સ્વર કોમળ મધુર થયો, આંખો ચળકવા લાગી, પવિત્રતાની પેટીઓ જેવાં સ્તનપુટ ઉત્સાહથી ધડકવા લાગ્યા, અને રોમેરોમ ઉભાં થયાં. "દ્રૌપદીયે નીરખ્યા શ્રીનાથ" ક્હેતાં ક્હેતાં હૃદય નવી આશા-નવા ઉમળકા–થી ફુલ્યું અને છાયા ભણી સ્નિગ્ધ ભીની આંખ જોઈ રહી. માતાને બાઝી પડતી હોય તેમ છાયા ભણી હાથ પ્રસાર્યા. ઉપકારનાં અનિવાર્ય આંસુ બંધ ન રહ્યાં, ખાળ્યાં પણ નહી, અને માતા જેવી છાયાને પગે પુષ્પવૃષ્ટિ પેઠે પડ્યાં. શાંત થતી ઉપકારથી સ્ફુરતી છાતીપર હાથ મુકતી ગાયેલું ફરી ફરી ગાવા લાગી અને બીજે હાથે દ્વારની સાખ પકડી હાંફતી હાંફતી ઉભી રહી. કંપતી કાયાને ટેકવનાર મળ્યું. રાક્ષસના હાથમાંથી છોડવી માતા પુત્રીને છાતીયે ડાબતી હોય તેવી પુત્રીની સ્થિતિ અનુભવમાં આવી. ઈશ્વર કીયે માર્ગે રક્ષણ કરશે તેની કલ્પના કરવા ક્ષુદ્ર માનવી ક્યાંથી પામશે ?

ઉપકારનો ઉભરો શમવા આવતાં તેમાં પશ્ચાત્તાપનો પ્રવાહ ભળ્યો, રોતી–આંસુના પટથી ઢંકાતી–આંખ પવિત્ર હૃદયને વશ થઈ અને હૃદય સ્વતંત્ર થવા પામ્યું. થાકેલો પગ જરાક ખસતા સારંગી અથડાઈ અને

* વર્તમાન સ્તવનોમાંથી; 'અનાથનકે' એ ભાષાશબ્દ લાડતી ભક્તિની સીમાના છે.

દૃષ્ટિ તે ઉપર પડી. સારંગી ભણી દીન લોચન જોઈ રહ્યાં. સારંગીમાં જીવ આવ્યા જેવુ થયું–તેના તાર જાતે કંપતા ભાસ્યા. એ તારના રણકારા–ભણકારા–કાનમાં આવવા લાગ્યા અને નવીનચંદ્રની પવિત્રતા રક્ષવા ગાયેલી કડીયો, કોઈ અદૃશ્ય સત્ત્વ ગાતું હોય તેમ, સારંગીના તારઉપરથી ઉડી પવનમાં તરવા લાગી–નિર્બળ કાનપર વીંઝાવા લાગીઃ

"શુભ્ર સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હરશિરે... ... ...

"પડવા માંડેલી પડી પાછી" ... ... ... ... ...

* * * * *

"ભ્રષ્ટ થયું–જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!

"ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!

........વિનિપાત જ નિર્મેલો",........

છેલ્લી કડીએ વિચારને જગાડ્યો ને કુમુદસુંદરી છળી હોય તેમ ચમકી "હાય! હાય!" એટલા બે જ શબ્દ બોલી બે ડગલાં પાછી હઠી અને સારંગીથી બ્હીતી હોય તેમ મ્હોં વિકાસી, બાળક હૃદયને ચાબડતી હોય તેમ છાતીપર બે હાથ મુક્યા.

"મ્હેં શું કર્યું–હું શું કરવા જતી હતી? પવિત્ર સરસ્વતીચંદ્ર,
"આવી અપવિત્ર સ્ત્રીથી ત્હારી જોડ ન બંધાત–મ્હારા જેવી ભ્રષ્ટાનો
"ત્યાગ ત્હેં કર્યો તે કેવળ ઉચિત જ થયું છે!"

"હે ઈશ્વર આવી જ રીતે મને સદૈવ પવિત્ર રાખજે!
"જન્મે જન્મ તું મને સન્મતિ દેજે–
"નિર્મળ રહે મન–કાયા રે!
"કોટિક ભવનાં કિલ્મિષ નાસે
"એ માગું ભવ–રાયા રે! જન્મે૦"

પવિત્રતાના વિચાર કુમુદસુંદરીનાં ચિત્તમાં ઉભરાવા લાગ્યા અને તેની ઉત્કર્ષભરી અસર તેના શરીરપર પણ સ્ફુરવા લાગી. તે પાછી ખુરશીપર બેઠી અને જે પત્રોએ એનાં મનઉપર આટલો મોહ પ્રસાર્યો હતો તેનાં તે પત્રો નિર્મળ ચિત્તથી વાંચી, પૂર્વની નિર્મળ અવસ્થાનાં સ્મારક ગણી, છાતી સરસા ચાંપી, અમ્બરના પડમાં પાછા સાચવી મુકી, કબાટમાં મુક્યા. પાછી હતી ત્યાં ને ત્યાં બેઠી અને રાત્રિ જાય છે તેનો વિચાર કર્યા વિના, ઘડીયાળમાં એક વાગ્યો તે કાન આવ્યો છતાં ન સાંભળી, ઘડીક દિવ્ય વિચારમાં પડી. પોતાના મનઉપર મોહ થયો હતો તેનાં કારણ વિચારી, પોતે કેટલી ભ્રષ્ટતામાંથી કેવા ઈશ્વરપ્રસાદથી જ ઉગરી તે વાત મનમાં રમમાણ કરી. ગુણસુંદરી, સૌભાગ્યદેવી,

વનલીલા, અને અલકકિશોરીનાં પવિત્રરૂપ મન આગળ ખડાં કરવા લાગી. " અલકબ્હેન કરતાં હું ગઈ" વિચારી અભિમાન છોડ્યું, અને નણંદની ઉન્મત્ત પણ નિર્દોષ મૂર્ખતાથી છવાયલા વિશુદ્ધિ–રત્નોના ભંડાર જેવા તેના ભોળા અંતઃકરણઉપર પ્રીતિ ઝરવા લાગી. રમતીયાળ રસીલી પતિવ્રતા વનલીલા જેવી સહી પોતાને મળી તે મહાભાગ્ય ભાસ્યું, અને તેની સંગતિથી પોતે વધારે ઉત્કર્ષ પામી માનવા લાગી. પળવારપરનું તેનું પતિસુખ સંભારી બોલી ઉઠી. " ઓ મ્હારી વનલીલુડી, આ સુખ તને સનાતન છાજજો!" એવો આશીર્વાદ આપ્યો. કપાળે ચાંલ્લો કરેલો અને અંગે સાદાં મંગળભૂષણ પ્હેરેલાં એવી પતિવિના જગતમાંની બીજી કાંઈ પણ વાત ન સમજનારી–સમજવા ઇચ્છા પણ ન રાખનારી–સૌભાગ્યદેવી સાસુ વહુની આંખ આગળ આવી ઉભી અને "બાપુ, મ્હારા જેવી જ થજે" એવો આશીર્વાદ આપતી માથે હાથ મુકતી લાગી અને ભ્રમમાં કુમુદસુંદરીયે ઉંચું પણ જોયું. ગુણસુંદરીનો પણ સ્વર સંભળાયો:
" બ્હેન, હું તો હવે આજ સુધી ત્હારી પાસે શીખામણ દેવા હતી. પણ
" હવે જોજે હોં! હવે તો ત્હારી મેળે જ સંભાળવાનું છે. ત્હારા
" પિતાના પવિત્ર કુળને કલંક ન લાગે, ત્હારી માની કુખ વગોવાય નહી,
" આટલું ન્હાનું સરખું પણ આખા મ્હોનું–શરીરનું–ભૂષણ નાક તે જાય
" નહી, તું આટલી ડાહી છે તે ધુળમાં જાય નહી, આટલો પરિશ્રમ
" કરી તને વિદ્યા આપી છે તે નિરર્થક થાય નહી, પવિત્ર સંસ્કૃત વિદ્યા
" ખરાબે પડી ગણાય નહી, લોકવ્યવહારનો તિરસ્કાર કરી આપેલી ઈંગ્રેજી
" વિદ્યા માથે અપવાદ આવે નહી, આલોક અને પરલોક ઉભયમાંથી
" તું ભ્રષ્ટ થાય નહી, સાધારણ લોકના જેવી વિકારવશ અનાથ તું ગણાય
" નહી, તું આવી સુન્દર છે તે રાક્ષસી જેવી બને નહી, ત્હારું સ્ત્રીતેજ
" જતું ન રહે, ત્હારા આજ તેજસ્વી અને નિર્મળ કાચ જેવા અંતઃકરણ
" ઉપર જોવું તને જ ન ગમે એવું ન થાયઃ–પુત્રી! મ્હારી શાણી પુત્રી!
" જે કરે તે આ સઉ વિચારી કરજે, હોં! અમે તો આજ છીયે ને
" કાલે નથી. કન્યાદાન સાથે અમારાં હાથમાંથી તો તું ગયેલી જ છે.
" પણ ત્હારી માનો સ્નેહ સંભારજે–ત્હારી માને ભુલીશ માં;–એકલી પર-
" દેશમાં, પરઘરમાં ઈશ્વરને ખોળે બેઠી બેઠી પણ માને ભુલીશ નહી; માનું
" કહ્યું વિસારીશ નહી. હવે અમારું કહ્યું માનવું–ન માનવું–તે ત્હારા
" હાથમાં છે–તું અને ત્હારો ઈશ્વર જ જાણનાર છો. અમારે શું ?–અમે
" કોણ ?–કર્ત્તાહર્ત્તા ઈશ્વર–અમે તો માત્ર વચમાંનાં દલાલ–આ ઘેરથી પેલે

"ઘેર સોંપીયે છીયે. તું કાંઈ અમારી નથી–તને શીખામણ દેવી શું
"કરવા પડે? પણ માનું હૈયું કહ્યું નથી કરતું–અમારાથી ક્હેવાઈ જ
"જવાય છે. કર–ન કર તે તો તું જાણે. પણ હું તો કહું છું. હવે તું મ્હોટી
"થઈ. જો, બ્હેન, જો, બધું ત્હારી મરજી પ્રમાણે કરજે–પણ એક
"આટલું સરખું માનું કહ્યું માનજે હોં! જો, સુખદુઃખ બદલાશે, બધું
"થશે, પણ કર્યું ન કર્યું નહી થાય. માટે બ્હેન, જો હું શું કહું છું?–
"એટલું માનું કહ્યું સરત રાખજે." આમ દીનવદને બોલતી બોલતી ગુણસુંદરી ડુસકાં ભરતી દીકરીયે સાંભળી. પોતાને ખભે હાથ મુકી પાછળ ઉભી હોય તેમ લાગ્યું અને માનો હાથ ઝાલવા પોતાનો હાથ ઉંચો કરી પોતાને ખભે મુક્યો અને અચીન્ત્યું પાછું જોયું. પાછું જુવેછે તો
"કુમુદ, જો, બેટા, કોઈ નહી હોય ત્યાં પણ ઈશ્વર સાક્ષી છે હોં! સરત
"રાખજે હું તો ખોટો બાપ છું, પણ મ્હારો ને ત્હારો બેનો ખરો બાપ
"તો એ છે, હોં. આ જગતમાં તું જે કામ કરે તે એ બાપને પુછીને
"કરજે–એ તને કદી ખોટી સલાહ નહી આપે, સદૈવ સહાય થશે, અને
"એ તને સર્વત્ર જડશે. મને ભુલજે–પણ એને ભુલીશ નહી. એના કોપપ્રસાદ
"જેવાતેવા નથી–પાછા ફરે તેવા નથી. મ્હેં તને કોઈ વેળા ક્ષમા આપી હશે–
"પણ ઈશ્વરની તો શિક્ષા થયે જ જાણીશઃ ક્ષમા માગવાનો અવકાશ પણ
"નહી રહે." આમ બોલતું વત્સલતાથી કોમળ પણ ઉપદેશદાનને લીધે કઠણ ભાસતી આંખવાળું પિતાનું મુખ કુમુદસુંદરીયે પોતાની પાછળ હવામાં ઉભેલું દીઠું. તે ચમકી અને ઉભી થઈ ચારે પાસ બ્હાવરી બની જોવા લાગી તો જ્યાં જુવે ત્યાં પવનમાં કોઈનાં મુખ અને કોઈનાં શરીર તરવરેઃ એક પાસ પિતાનું, અને બીજી પાસ માતાનું મુખ; એક ઠેકાણે વનલીલા ઉભેલી; એક ઠેકાણે અલકકિશોરી આળસ મરડે; રસ્તાપરની બારી આગળ બુદ્ધિધન ઉભેલો; અગાશીની બારી આગળ સાસુ અઠીંગેલી; નવીનચંદ્રવાળી મેડીની બારી આગળ સરસ્વતીચંદ્ર ઉભેલો અને બાડી આંખે પવિત્રતાની પરીક્ષા કરવા જોઈ રહેલો; અને બધું તો બધું પણ પોતાની જ પાસે ટેબલપર બાળક કુસુમસુંદરી પણ મ્હોટી બ્હેનની મશ્કેરી કરતી હસતી બેઠલી લાગી. કુમુદસુંદરી તો આ સર્વ જોઈ ગભરાઈ જ ગઈ કે આ શું?–આ બધુ શું?–શું આ બધાંએ આજ મને નાણી જોઈ? આ તે સ્વપ્ન કે સાચું? એમ વિચારતી, ગભરાતી, ચારપાસ અને ઉપર-નીચે દૃષ્ટિ ફેરવવા લાગી. ઘેલી બની ગયેલી કુમુદ આમથી તેમ દોડવા લાગી અને બ્હાવરી બ્હાવરી, ઉપર, નીચે, ભીંતોપર, છતપર, ભાંયપર, પલંગપર, ટેબલપર, બારીઓઆગળ, અને પવનમાં આમથી તેમ જોવા

લાગી અને ટેબલપરની કુસુમસુંદરી હળવે હળવે ટોળ કરતી ગાતી સંભળાઈઃ

" બ્હેન બ્હાવરી, હોં—તું તો બ્હાવરી હોં !
" હાથનાં કર્યાં તે વાગશે હૈયે કે બ્હેન મ્હારી બ્હાવરી હોં !
બ્હાવરી હોં !"

એમ ક્હેતી ક્હેતી ન્હાની બ્હેન ઉઠી અને સામે આવી હસતી હસતી હાથેલી વતે ચાળા કરવા અને બ્હેનને બનાવવા લાગી. કુસુદસુંદરી થાકી ગઈ અને ખુરશીપર બેસી રોઈ પડી. " ઓ ઈશ્વર, હવે હું આવો વિચાર પણ ફરીથી નહી કરું !" એમ બોલી નિઃશ્વાસ મુકી અમુઝાઈ ટેબલપર માથું ઉધું પટક્યું. રોઈ રોઈ આંખો રાતી કરી દીધી, ટેબલપરના કાગળ ચ્હલાળી દીધા અને છાતી ફુટી. પશ્ચાત્તાપની—ઈશ્વરશિક્ષાની—સીમા આવી. ચોળાયલી આંખ ઉંચી કરતાં સર્વ દેખાવ અગોચર થયેલો લાગ્યો, મેડી નિત્યના જેવી એકાંત દેખાઈ અને તેમાં પોતાને એકલી હતી તેવી જ જોઈ. ઈશ્વરે ક્ષમા આપી અંતઃકરણે પરખી—ઈશ્વર ત્રુઠ્યો લાગ્યો. હૃદય ભાર તજી હલકું હલકું થતું અનુભવ્યું.

હજી પ્રાયશ્ચિત્ત પુરું ન થયું. અશ્રુપાત એનું શરીર ઝબકોળતો ન અટક્યોઃ

" રોઈ રોઈ રાતી આંખડી, ખુટ્યું આંસુનું નીર !
" નયને ધારા બે વહે, વહે છે રુધિર—
" વૈદર્ભી વનમાં વલવલે !"*

માનસિક વિશુદ્ધિએ પળવાર પોતાનો ત્યાગ કર્યો તેથી વલવલતી જેવી ઉત્કૃષ્ટ બાળા પ્રાયશ્ચિત્તવનમાં અટવાઈ; સમુદ્રનાં મોજાં એક ઉપર એક એમ આવ્યાં જ જાય તેમ રહી રહીને રોવા લાગી; જાગૃત સ્વપ્નમાં માએ કહેલાં વચન અને બાપે આપેલો ઉપદેશ સંભારી સંભારી પોતાના પુત્રીપણાંમાં ખરેખરી ન્યૂનતા આવી જાણી પોતાને વારંવાર ધિક્કારવા લાગી; તે વચન અને તે ઉપદેશના અક્ષરે અક્ષરમાં રહેલું ગંભીર સત્ય પ્રત્યક્ષ કરી કંપવા લાગીઃ પતિથી, પ્રિયથી, માથી, બાપથી, વિશુદ્ધિથી, અને ઈશ્વરથી પણ પોતે વિખુટી પડી એકલી અનાથ બની હોય તેમ ટળવળવા લાગી; અને "એ સર્વ સ્વજનની સ્વીકારવા યોગ્ય હવે હું કદી પણ થઈશ ?" એવું મનને સુકાઈ જતે મ્હોંયે મનાવતી પુછવા લાગી. "હું અપરાધી કોઈને મ્હોં શું દેખાડું ?" કરી લજ્જાવશ બની ધરતીમાં પેંસી જતી હોય તેવા વિકારનો અનુભવ

* નળાખ્યાનમાંથી.

થયો. "આટલો અપરાધ ક્ષમા કરી હવે મને સ્વીકારો" એમ દીનવદનથી ક્‌હેતી ભાસી. અંબારૂપ ઈશ્વરને કે પછી પોતાની માને કાલાવાલા કરતી હોય–"તે હવે કોઈ પણ સ્થળે દેખાય છે?" એમ કરી સર્વત્ર જોતી હોય–તેમ આંસુભરી લવી:

"અંબા, ઓ મ્હારી રે, જોજે તું પદ નિજ ભણી;
"કર્યા તે મ્હારા સામું રે–જોઈશિ ન તું મુજ કરણી?"

વળી ગદ્‌ગદ કંઠે ગાવા લાગી:

"ત્હેં તો મને દીધી રે આવી માનવી કાયા, માત!
"તે તું ન લાજ મુને રે, ત્હારાવણ હું કરું રે વલોપાત–
"વ્હાલી મ્હારી માવડી! ૧.
"દશે એ દિશાઓએ રે, મા! હું જોઉં તે ત્હારો પંથ–
"તું વણ તે દેખાડે રે કોણ કે આમ થાવું સંત?
"સઉ સુનું માવિના!" ૨.

"ઓ મા! ઓ મા!" કરતી કરતી શુદ્ધ પવિત્ર બનતી બનતી કુમુદસુંદરી અશ્રુસ્નાનથી સંસ્કારી થઈ. રોવું છોડી ગંભીર થઈ અને સ્વાધીન દશા પામી.

વસ્તુ, વૃત્તિ, અને શક્તિ એ ત્રિપુટીનો યોગ પ્રવૃત્તિ–નિવૃત્તિનો સાધક છે. સૃષ્ટિના સર્વ પદાર્થો પેઠે એનો પણ સદુપયોગ તેમ જ દુરુપયોગ થાય છે. તે સર્વ ઘટનાનો સૂત્રધાર શું ધારે છે તે તો ક્‌હેવાઈ શકાતું નથી, પણ તેની ઇચ્છાને અધીન ર્‌હેતી કોઈક જાતની સ્વતંત્રતા માનવીમાં છે અને તે સ્વતંત્રતાની પ્રવૃત્તિ ઉપર જ કર્મમાત્રની શુભાશુભતા કલ્પાય છે. પ્રત્યક્ષ અથવા પરોક્ષ, સત્ અથવા કલ્પિત વસ્તુ ભણી માનવીની વૃત્તિ ખેંચાય છે અથવા જાય છે અને તેમ થવામાં શક્તિ ઓછીવૃત્તિ સાધક અથવા બાધક થાય છે. શક્તિ જડ અથવા ચેતન અંશની હોય છે. જડશક્તિનો ઉપયોગ વૃત્તિને અનુસરનાર જ હોય છે. ચેતનશક્તિ બુદ્ધિને અનુસરી વૃત્તિને અનુકૂળ અથવા પ્રતિકૂળ થાય છે. પૃથગ્જન[1] તેમ જ કેટલાક બીજા એમ માને છે કે સ્વતંત્રતા એટલે જડ–શક્તિથી નિરંકુશતા. કેટલાક એમ માને છે કે સ્વતંત્રતા એટલે ચેતનશક્તિની નિરંકુશતા. જડશક્તિ પશુઓને અને પશુવૃત્તિના સંસ્કારી માનવીઓને વધારે પરિચિત હોય છે અને તેની સંવૃદ્ધિ સુલભ છે. ચેતનશક્તિની સંવૃદ્ધિ દુર્લભ છે અને સદ્‌બુદ્ધિને અનુસરવામાં વપરાતી હોય ત્યારે તે શક્તિ જય પામે તે તો પવિત્ર સુખ અને ઈશ્વરપ્રસાદની પરિસીમા છે.

---

૧. સાધારણ માણસો. Vulgar people.

આ જય પામવો તે યુદ્ધના પ્રસંગ શીવાય બનતું નથી. કેટલાંક માનવી આવા યુદ્ધપ્રસંગ વિના પવિત્ર રહેલાં હોય છે–પ્રસંગ ન આવે તે પણ એક મહાભાગ્ય જ છે ! પ્રસંગ આવ્યે શુદ્ધ જય પામે તે તો વિરલ જ, પણ જય પામતા પ્હેલાં શત્રુના ઘા સહેવા પડે અને આગળ ધપતા પ્હેલાં જરી પાછળ પડવું પડે તો તેથી યુદ્ધમાં પડનારનો જય સકલંક નથી થતો. આવા પ્રસંગના અપરિચિત માનવી ! આવા યોદ્ધાની પાછી પડેલી પદપંક્તિ અને સામે મુખે ખમેલા ઘામાંથી વ્હેતું રુધિર જોઈ, તે ઉપરથી તે યોદ્ધાની નિર્બળતાનો વિચાર ન કરતાં તેણે અજમાવેલા દુઃસહ બળનો વિચાર કરી તે યોદ્ધાને માન આપજે–તેની પૂજા કરજે. માનવીની નિર્બળતાનો અંત નથી–ત્હારી નિર્બળતા કસાઈ ઉઘાડી પડી નથી તે લક્ષમાં રાખી–થોડા ઘણા પણ બળવાન્ યોદ્ધાને જોઈ જપનું સ્તવન કરજે–અને પ્રસંગ પડ્યે ઈશ્વર તને પણ એવું જ બળ આપે એવી પ્રાર્થના કરજે. નિર્બળતા ઉપર અનુકંપા ઉપજે અને સન્માર્ગે બળની ઉત્પત્તિ જોઈ અનુમોદન થાય એ પણ સૂક્ષ્મ અનુભવ અને ઉદાર કોમળ પવિત્રતા વિના કેવળ દુર્લભ છે.

ક્ષણવાર નિર્બળ નીવડેલી પણ અંતે પવિત્ર રહી શકેલી બાળક કુમુદ-સુંદરીની સુંદર અને શક્તિમતી પવિત્રતાના મૂલ્ય પરીક્ષક ! ત્હારી ચતુરતા ઘણી સૂક્ષ્મ રાખજે અને તેનો સદુપયોગ કરજે. આત્મપરીક્ષા પ્રથમ કરજે કે પરપરીક્ષા શુદ્ધ થાય. પોતાની છાયાથી ચમકનાર અને પોતાની જ કલ્પકશક્તિ પાસેથી ઉપદેશ લેનાર ચેતનશક્તિ બલિષ્ઠ અને નિરંકુશ મોહના આવરણને ફાડી નાંખે એ વિશુદ્ધિનું મહિમન્ ગવાય તેટલું ઓછું છે.

અશ્રુસ્નાનથી શુદ્ધ બની, હૃદયપશ્ચાત્તાપનું તપ કરી, પવિત્ર સત્ત્વોનું સમાધિમાં દર્શન કરી, વિશુદ્ધિમય બનતી બાળાના મુખ ઉપર નવું તેજ આવવા લાગ્યું, તેનું વિશાળ કપાળ આકાશ જેવું વિશાળતર થયું અને રક્તચંદ્રે પૂર્ણિમા અનુભવી. આંખો આનંદાશ્રુથી સ્નિગ્ધ બની વિકસી ચળકાટથી ઉભરાઈ, અને ગમ્ભીર મન્દ સ્મિત શાંત નદી જેવી અધરરેખા ઉપર તરંગાયમાન થયું. પાંખો પ્રસારી વિસ્તાર પામી પ્રફુલ્લ બની ઉંચી ચાંચ રાખી બેઠેલું રમણીય રસિક નિરંતર સંયુક્ત સ્તનસંપુટાકાર દ્વિજનું[1] જોડું સુવૃત્ત હૃદયમાં ગર્ભરૂપે રહેલા કોમળ આનંદને સેવવા લાગ્યું. હૃદયકમળમાં તત્ક્ષણ ઉદયમાન થતા તેજ–ગર્ભની અસર ઉંચે ચ્હડી જતાં તેથી મસ્તિક પણ તર થયું અને વિભ્રમશિખર પામતાં હોય તેમ નયનપુટ પણ અર્ધ-નિમીલિત થયાં. નખથી શિખસુધી પવિત્ર તેજ સ્ફુરવા લાગ્યું.

---

૧. બે વાર જન્મનાર, પંખી.

મન–આકાશમાં પવિત્રતાનો કોમળ ઉદય થતાં અંધકાર નાશ પામ્યો. મદન-નિશાચર અદૃશ્ય થઈ ગયો. કુમુદસુંદરી ઉઠી અને હવે શું કરવું તે વિચારવા લાગી. સુવાનો વિચાર કર્યો. પણ પલંગ ભણી જતાં જતાં સુઝી આવ્યું: " સરસ્વતીચંદ્રની સાથે મ્હારે હવે સંબંધ નથી એ વાત આજથી " સિદ્ધ. ઈશ્વર હવે એ પવિત્ર પુરુષને મ્હારા ભ્રષ્ટ હૃદયમાં આણી અપવિત્ર " ન કરીશ—મને મ્હારા યોગ્ય મ્હારા પતિમાં જ રમમાણ રાખજે. " એટલો પતિ મને છાજે તો ઘણું છે."

" પણ સરસ્વતીચંદ્રની એક સેવા કરવાનું મ્હારા હાથમાં છે. મુંબાઈ " જઈ ઘેર જઈ પોતાને ઉચિત વ્યવહારમાં પડે-દેશસેવા કરે–એટલું એને " હું સમજાવી ન શકું? એટલું કાર્ય કરવા એની પાસે જવું એ યોગ્ય " ખરું ? ના. પણ પિતા અને મિત્રથી સંતાતા ફરતાં રત્ન ઉપર મ્હારી દૃષ્ટિ " જાય અને એ રત્નને આમ અંધકારસમુદ્રમાં પડતું હું જોઈ રહું એ પણ " ઉચિત ખરું ?—ના."

" એની પાસે જવામાં વિશુદ્ધિને ભય ખરું ?–હા. મ્હારો યે વિશ્વાસ " નહી અને એનો યે વિશ્વાસ નહી."

" ત્યારેં ન જવું."

" પણ ચંદ્રકાંત આવે છે તે પ્હેલાં કંઈક નાસી જશે તો ? પછી " કાંઈ ઉપાય ખરો ?–કાંઈપણ ઉપાય હોય તો તે આજની રાતમાં જ છે– " પ્રભાત થતાં નથી. મ્હારા વિના બીજા કોઈના હાથમાં એ ઉપાય નથી."

" નાસશે ? આટલું સાહસ કરનારનો હવે શો ભરોંસો ?"

" વિશુદ્ધિને કાંઈ બ્હીક નથી. સ્ત્રી આગળ પુરુષ નિર્બળ છે– " મ્હારામાં મ્હારાપણું હશે તો વિકારનો ભાર નથી કે બેમાંથી એકના પણ " મનને એ વશ કરે. અને હવે વશ કરે ?–ઈશ્વર મ્હારો સહાયભૂત છે."

" ભયંકર સાહસ કરવાનું છે–પણ આવશ્યક છે."

" ના, હવે મ્હારી વિશુદ્ધિ નિર્ભય છે. મ્હારી માતા, આ જ ત્હારો " ઉપદેશ–ત્હારી પવિત્રતા–એ મ્હારું અભેદ્ય કવચ છે. હું ત્હારી " પુત્રી છું. પતિ ! ત્હમારા કૃત્ય સામું જોવું એ મ્હારું કામ નથી. મ્હારે " મ્હારા પોતાઉપર જવાનું છે. હું કોણ ? કોણ માબાપની દીકરી ? " આ ક્ષણભંગુર ક્ષુદ્ર સંસારમાં વિશુદ્ધિને મુકી બીજું શું લેવાનું છે ? " પવિત્ર સાસુજી–મહાસતી દેવી !–ત્હમારો આશીર્વાદ ફરે એવો નથી ! " ત્યારે મલિન વિચાર ઝખ મારે છે."

પલંગપર હાથ મુકી નીચું જોઈ પળવાર વિચારમગ્ન થઈ. અંતે ઉંચું જોઈ, બે હાથે પલંગ પકડી—સત આવ્યું હોય તેમ ઉશ્કેરાઈ ગાવા લાગી. ગાતાં ગાતાં દીનતા ધરવા લાગીઃ

" અંબા ! વ્હેલી આવની તું, અંબા, વ્હેલી આવ રે,—
" મુક હાથ તુજ મુજ મસ્તકપર, અંબા, વ્હેલી આવ;
અંબા, જગજનની ! ૧

" મદનદૈત્યસમ મલિનસત્વને ક્‌હાડ તું ઉરથી બ્હાર રે,
" પવિત્ર ત્‍હારું તેજ હૃદયમાં વસાવ આજની રાત;—અંબા૦ ૨

" તેજસી માયા રચી મસ્તિકમાં નિર્મળ સ્વપ્ન તરાવ રે;
" ચર્મચક્ષુએ પાટા બાંધી, સતનું ઘેન ચ્હડાવ; —અંબા૦ ૩

" શાંત તેજ તુજ, મા, મુજ મુખપર આજે એવું રાખ રે,
" દશામૂઢ પ્રિય ચંદ્ર ન પામે જોઈ જે મોહ જરાય—અંબા૦ ૪

" પ્રિય ચંદ્રને દશા ગ્રસે તે હુંથી ન જોઈ શકાય રે,
" તેજસ્વીને જોઈ છવાયો કાળજુ ફાટી જાય; —અંબા૦ ૫

" ન ગણી ભીતિ, ન ગણી રીતિ, મધ્યરાત્રિએ આમ રે—
" પવિત્ર કાર્ય કરવા ઉર ચલવતું અણઘટતી આ હામ,—અંબા૦ ૬

" સ્નેહની માયાથી લપટાયાં, ત્હોય તીવ્ર સ્મર-બાણ રે,
" બુઠ્ઠા થઈ અમ ઉરે ન પેસે !—એ પરતો દર્શાવ, —અંબા૦ ૭

" સુખદુખમાં ને પતિ પરાયા થતાં તું એકલી એક રે,
" છાતી સરસી ચાંપે તે, મા, જાળવજે મુજ ટેક ? —અંબા૦ ૮

" તુજ ખોળે માથું, મા, રાખે નિજ પુત્રીની લાજ રે;
" પર થયલા પ્રિયને છોડવતાં સત મુજ ર્‌હો નિષ્કામ !—અંબા૦ ૯

" પિતા ક્‌હો કે ક્‌હો જગદંબા ! મ્હારે મન મુજ માત રે !
" અગ્નિમાં પેસું તેને મા, ક્‌હાડ બ્હાર વણ આંચ. —અંબા૦ ૧૦

ગાઈ રહી પલંગ એમનો એમ પકડી રાખી, બારીમાંના આકાશ સામું જોઈ, જોસથી ફરફડતે ઓઠ બોલી: " હે અંબા ! પુરુષ

"ત્હારા હાથમાંનું રમકડું છે. તેને દુઃખમાંથી ઉગારવો તે ત્હારી
"સત્તાની વાત છે. ત્હારો પ્રતાપ તેને હસાવે છે-રડાવે છે-રમાડે
"છે. સૂર્ય તો ઉગતાં ઉગે છે પણ અંધકારની સંહારિણી અને સંસારની
"તારક તો માતા ઉષા છે. અંબા ! સરસ્વતી અને લક્ષ્મી વિધાત્રી
"અને કાલિકા–એ સર્વ ત્હારાં રૂપ છે !"

"અંબા ! હું ત્હારી પુત્રી છું–ત્હારા પ્રભાવનો અંશ મ્હારામાં
"સ્ફુરતો મ્હને લાગે છે. સરસ્વતીચંદ્ર ! તમને મહાપાતકમાંથી ઉગારવા
"એ મ્હારી સત્તામાં છે. મદન તમારી છાતીપર ચ્હડી બેસે તો તેને
"ભસ્મસાત્ કરવો એ મ્હારું કામ છે."

"સરસ્વતીચંદ્ર ! તમારા મનમાં મ્હારું કહ્યું વસો ! આપણી
"પૂર્વપ્રીતિને ઉચિત તમારી સેવા હું બજાવી શકું એમ કરો ! હે
"શુદ્ધિ–બુદ્ધિ ! મ્હારામાં વસો !"

એટલું બોલી ખુરશીપર બેઠી અને જે કાગળપર પ્રથમ લખવા માંડ્યું હતું તે જ કાગળની પીઠપર સુલથી લખવા માંડ્યું:

"પર થયેલા સ્વજન !"

"ત્હારી સાથે બોલવાનો હવે મને અધિકાર નથી, તો ચિત્ત પોતાનો
"રસ્તો લેખ-દ્વારા કરે છે. એ ચિત્ત ઉપર ત્હને કાંઈપણ અનુકંપા હોય,
"એ ચિત્ત ત્હારે સારું બળે છે તેમ એને સારું ત્હારું ચિત્ત રજ પણ
"બળતું હોય તો મ્હારા ચિત્તથી છેલ્લી વ્હેલી પ્રાર્થના શુણી લે અને તેના
"ઉત્તરમાં કાંઈ પણ બોલવાને ઠેકાણે પ્રાર્થના સિદ્ધ કર. ઘુવડની દૃષ્ટિ ગઈ
"તો તે તેનાં કર્મ ! પણ દિવસ જોનાર ! નયન ત્હારે છે તે તો ઉઘાડ !"

"અવનિપરથી નભ ચ્હડ્યું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં:
"ટુંકું કર્મ ટુંકું ર્‌હેવાને સરજેલું આ ધરતીમાં. ૧
"નભવચ્ચોવચ્ચ રંગીન થાતાં ગરુડરાજની પાંખ થકી,
"સુભગ ઘડિક એ અન્યુઃ નવાઈ ન એ દશા જો ના જ ટકી. ૨
"પણ ઉંચા નભના સંચારી પક્ષિરાજ, તું આવ્યો આ,
"ધરતીપર ત્યાંથી ઉડ પાછો; પક્ષ-હીનનો દેશ જ આ. ૩
"ફફડાવી પાંખો સોનેરી, રચ રસયંત્ર તું રસધરમાં !
"વિશાળ વ્યોમ માપી લે, ને ન્હા સૂર્યકિરણના સરવરમાં ! ૪
"ગિરિશિખરે, ઘનમાં, ને નભમાં ઉંચો તું ઉડશે જ્યારે,
"સૂર્યબિમ્બથી સળગી ઉતરતા કર–અંબાર વિશે જ્યારે. ૫

"સુવર્ણપક્ષની જશે ભભક ભળી, તે સમય તુજ કીર્ત્તિને,
"જોઈ જોઈ પૃથ્વીપરથી પૂજીશું–ઉરમર્મથી અનુમોદીને. ૬
"નહી ઉડાયે પોતાથી–પણ પ્રિયની વિમાનગતિ જોઈ,
"રાચવું એટલું રહ્યું ભાગ્ય તે રાખ ! નીકર રહીશું રોઈ. ૭

"સ્નેહ પોતાનું માણસ પૃથ્વીના પડમાં સંતાયલું હોય ત્યાંથી શોધી "ક્હાડે છે. ચર્મચક્ષુ છેતરાય પણ હૃદયની ઓળખવાની શક્તિ ઓર "જ છે. બાહુક દમયંતીથી ઢાંક્યો ન રહ્યો."

"ક્હેનારે ક્હેવાનું કહી દીધું. ફળદાતા પોતે જ પરકીય બન્યો–ત્યાં "હજી કેટલો ક્રૂર નહી થાય તે તેના વિના બીજું કોણ જાણે ? સહેનાર "સહેશે–હજી કેટલું સહન કરાવવું–તે ત્હારા હાથમાં છે."

"લા. કોણ તે કહે ત્હારી પાસેથી શો લાભ છે.?"

કાગળ લખી રહી અને હાથમાં લીધો.

"આ પત્ર હું એમના ખીસામાં મુકીશ–અને જાગતા હશે તો "એમના ઉપર નાંખી પાછી આવતી રહીશ, એમની સાથે બોલીશ "નહી. એમના સામું જોઈશ નહી. અંબા, મ્હારી સાથે ચાલ."

આટલું બોલી એકદમ ઉઠી અને જાણ્યે તેમ જ અજાણ્યે લખાયલા સર્વ લેખોનું પાત્ર થયેલા પત્ર-મેઘને ચંદ્રલેખા જેવી બનેલી હાથેલીમાં લટકતો રાખી ખચક્યા વિના ચાલી. જે દ્વાર ઉઘાડચા જતાં આકાશ અને પાતાળ એક થઈ ગયાં હતાં તે દ્વાર પળવારમાં પગવતે હડસેલી ઉઘાડ્યું અને પોતે અંદર આવી ઉભી.

અંદર કોઈ હતું કે ? તે કોણ હતું ? તે શું કરતું હતું ? કુસુદસુંદરીને આ અપ્રસંગે જોઈ તેના મનમાં શું આવ્યું અને તેણે શું કર્યું ?

બુદ્ધિધનની સાથે મોડી રાત્રે ઘેર આવી નવીનચંદ્ર પોતાની મેડીમાં આવ્યો. આખા દિવસનાં તર્કભર નાટક, બુદ્ધિધનનું પ્રથમ વિકસતું દેખાતું કારભાર-તંત્ર, કાલ શું થવાનું છે તેની કલ્પના પોતાનું ઘર, કુમુદસુંદરી, પોતાને નીકળવાનો વિચાર, અને તે સંબંધી સર્વ યોજનાઓ : આ સર્વ વિષય નવીનચંદ્રના મસ્તિકમાં ઉભરાવા અને વધવા લાગ્યા અને કોમળ નિદ્રા બ્હીતી માત્ર દૂર ઉભી રહી.

ખાટલાઉપર તેને ચટપટી થઈ. અધુરામાં પુરું જોડની મેડીમાંથી કુમુદસુંદરીના અવ્યક્ત સ્વરે અને તેમાં ભળતા સૂક્ષ્મ રુદિતે દ્વારનું અંતર ન જેવું કર્યું અને ઉભય નવીનચંદ્રના કાન પર દુઃખઘોષણા પેઠે વીંઝાવા લાગ્યા. નિદ્રા ન જ આવી એટલે તેણે ખાટલાનો ત્યાગ કર્યો અને ગાંસડી-

માંથી એક કાગળ ક્‌હાડ્યો, તેમાં કેટલીક કવિતા પ્રથમની લખેલી હતી અને કેટલીક નવીનચંદ્ર અત્યારે ઉમેરવા બેઠો. તે પણ લખી રહ્યો અને અંતે ખાટલા પાછળ ખુરશીપર દીવી મુકી સુતો સુતો પોતે લખેલું પોતે વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં એકાગ્ર થઈ ગયેલા ચિત્તમાં પેંસવા નિદ્રાને અવકાશ મળ્યો. કાગળ પકડી હાથ છાતીપર પડી રહી ગયા અને નયન સ્વપ્નવશ અંતર્માં વળ્યું.

એટલામાં કુમુદસુંદરીયે દ્વાર ઉઘાડ્યું તેની સાથે નિદ્રા પાછી જતી રહી અને આંખો ચમકીને ઉઘડી.

"આ શું ?–કુમુદસુંદરી !" આ પ્રશ્ન નવીનચંદ્રના મસ્તિકાકાશમાં વ્યાપી ગયો. તે દિઙ્‌મૂઢ થયોઃ સ્વપ્ન કે જાગૃત ? તે ન સમજાયું; કલ્પના-વશ થયો, કુમુદસુંદરીઉપર કંઈ કંઈ વૃત્તિયોવાળી હોવાનો આરોપ કર્યો, પરવૃત્તિનો આભાસ થતાં સ્વવૃત્તિ જાગવા લાગી, વિશુદ્ધિ ડગમગતી–કંપતી–જય પામવા પ્રયાસ કરવા લાગી, મને નિશ્ચય કર્યો કે આંખો ન ઉઘાડવી, આંખોએ નિશ્ચય કર્યો કે પોપચાં જરાક ઉઘાડાં રાખી પાંપણોમાંથી જોવું કે કુમુદસુંદરી શું કરેછે. કુતૂહલ તલપી રહ્યું, હૃદય અધીરું બની ગયું, અને શરીર સ્તબ્ધ થઈ ગયું.

દ્વાર ઉઘાડી કુમુદસુંદરી અંદર આવી અને દૃશ્ય પદાર્થ જોવા લાગી. નવીનચંદ્રના ખીસામાં પત્ર મુક્યો–તેને મુકતી નવીનચંદ્રે જોઈ. પત્ર મુકી કુમુદસુંદરીયે પાછું જવાનું કર્યું–પણ નવીનચંદ્રની છાતી પરનો પત્ર દીઠો. સ્ત્રૈણ જિજ્ઞાસા હૃદયમાંથી છલંગ મારી મસ્તિકમાં આવી. પાછાં જવાને સટે કુમુદસુંદરી ખાટલાના ઉશીકા ભણી ચાલી અને ધીમે રહીને સુતેલાના હાથમાંથી પત્ર ખેંચવા લાગી. કોણ જાણે નવીનચંદ્રની ઇચ્છાથી કે કોણ જાણે કુમુદસુંદરીની ચતુરતાથી આખો પત્ર સરતો સરતો ફાટ્યા વિના હાથમાં આવ્યો.

કુમુદસુંદરીયે અક્ષર ઓળખ્યા ! **સરસ્વતીચંદ્ર ખરો !** એ જાગે છે કે ઉંઘે છે તે જોવા પળવાર એના શરીરપર મુગ્ધ નયન રમમાણ થયું. જે શરીરપર પોતે અત્યંત ઉલ્લાસથી પિતાને ઘેર છાની છાની જોઈ ર્‌હેતી તે શરીર ખરું–માત્ર કૃશ અને વિવર્ણ થયું હતું–તે તો થાય જ ! છાતી ઉપર પાંસળીયો સ્પષ્ટ દેખાતી હતી, મુખપર લાલાશ ન હતી, અને લક્ષાધિ-પતિનો બાળક, ઘરબાર તજી, પરદેશમાં, પરગૃહમાં, આમ અનાથ

જેવો પોતાને વાસ્તે જ ભમે છે—એ વિચાર બાળાના મનમાં થયો અને સુતેલું ધ્રુજતું શરીર ધ્રુજતી ધ્રુજતી રોતી રોતી જોવા લાગી.

મન્મથ તો કેવળ ભસ્મસાત્ જેવો થયો પણ પ્રિયદુઃખ જોવાથી થતું દુઃખ દુઃસહ થઈ પડ્યું. કુમુદસુંદરી સરસ્વતીચંદ્રનું શરીર ઉભી ઉભી જોઈ જ રહી! નિઃશ્વાસ એક પછી એક નીકળવા જ લાગ્યા. આંખો આંસુથી છલકાઈ ગઈ; પાંપણોમાંથી ગાલઉપર, ઓઠઉપર, ત્યાંથી ખભાઉપર અને છાતીઉપર વસ્ત્ર ન્હેલાળતી આંસુની ધાર ટપક ટપક થઈ રહી; છાતી તોડી અંતર્ના ધબકાર સ્તનમાં મૂર્ત્તિમાન્ થયા; અને અંતર્નાં ડુસકાં મુખમાં ચ્હડી આવ્યાં. વગર બોલ્યે આખું શરીર 'હાય હાય' કરી રહ્યું. પાંચ મિનિટ, દશ મિનિટ, તે આમની આમ ઉભી જ રહી; આંખો ન ઉઘાડવાના નિશ્ચય કરનારે ન જ ઉઘાડી.

અંતે રોતી રોતી કુમુદસુંદરી ખાટલા પાછળ ગઈ અને પત્ર વાંચવા લાગી. સરસ્વતીચંદ્રનું સર્વ હૃદય તેમાં દુઃખમય અક્ષરરૂપે ચમકતું હતું–શાહી તાજી જ હતી! દુઃખથી વાંકી વળી ગઈ હોય તેમ વાંકી વળી પત્ર વાંચવા લાગીઃ ગઝલો ગાવા લાગીઃ

" દીધાં છોડી પિતામાતા, તજી વ્હાલી ગુણી દારા,
" ગણ્યાં ના મર્મ ભેદાતાઃ લીધો સંન્યાસ એ, ભ્રાતા! ૧

" પિતાકાજે તજી વ્હાલી, ન માની વાત મ્હેં ત્હારી!
" ગણ્યા ના ગાઢ નિઃશ્વાસ; લીધો સંન્યાસ એ, ભ્રાત!– ૨

" થયો દારુણ મનમાન્યો, વિફળ થઈ સ્નેહની સાનો,
" હવે સુકુમાર ઉર ફાટી, જતું જોવું રહ્યું બાકી. ૩

" રુવે તે દેવી રોવા રે! અધિકારી ન લ્હોવાને
" પ્રિયાનાં આંસુ હું, ભાઈ;–ન એ રૂહેવાય જોવાઈ. ૪

" અહો ઉદાર વ્હાલી રે! ટકાવી દેહ રાખી રે;
" ન ભુલાતું તું ભુલી દે! વિધિનું ધાર્યું વેઠી લે! ૫

" અહા ઉદાર વ્હાલી રે! સતિ તું શુદ્ધ શાણી રે!
" ન જોડાતું તું જોડી દે! છુટેલાને તું છોડી દે! ૬

" અહો ઉદાર વ્હાલી રે! સતી તું શુદ્ધ શાણી રે!
" છુટે ના તે નીભાવી લે! પડ્યું પાનું સુધારી લે! ૭

" અહા ઉદાર વ્હાલી રે ! દીઠું તે સ્વપ્ન માની રે,
" ન ભુલાતું તું ભુલી દે ! દીસે તેને નીભાવી લે ! ૮
" અહો ઉદાર વ્હાલી રે ! ન નિવારાયું ભાવિ રે,
" ન ભુલાતું તું ભુલી જા ! વિધિનું પાયું તે પી જા. ૯
" અયિ ઉદાર ઓ વ્હાલી ! સખા ! વ્હાલા ! ખરા ભાઈ !
" આગીની આંખ મીંચો ને ! જનારાને જવા ઘો ને ! ૧૦
" ગણી સંબંધને ત્રુટ્યો, ગણી સંબંધને જુઠો,
" કૃતઘ્નિને વિસારો ને ! જનારાને જવા ઘો ને ! ૧૧
" હતી લક્ષ્મી ! હતા તાત ! હતી વ્હાલી ! હતો ભ્રાત !
" નહી !–ત્યારે–નહી કાંઈ ! ન લેવું સાથ કંઈ સાહી. ૧૨
" અહો ! તું ભાઈ વ્હાલા રે ! ભુલી સંસ્કાર મ્હારા રે,
" ઓંચારો દેશ આ આર્યે !–કરે તે કાજ કંઈ કાર્યે. ૧૩
" અહો તું ભાઈ ભાઈ રે તું–રૂપી છે કમાઈ રે,
" ઓંચારા દેશને, તેને ગુમાવે શોધી શં મુને ! ૧૪
" મુકી દે શોધવો મુને ! મુકી દે શોચવો મુને !
" પ્રિયાની આ દશા દેખું–નથી સંસારમાં રહેવું. ૧૫
" હવે પાછો નહી આવું ! મુક્યું પાછું નહી સ્હાઉં !
" રહ્યું તે યે તજી દેવું–શું છે સંસારમાં લેવું ? ૧૬
" અહો તું જીવ મ્હારા રે ! દીધો શો દંશ દારાને ?
" ગણી ના પ્રાણપ્યારી ત્હેં ! ઠગી ત્હેં મુગ્ધ વ્હાલીને ! ૧૭
" અહો તું જીવ મ્હારા રે ! દીધો શો દંશ દારાને ?
" થશે શું પ્રાણપ્યારીને ? હણી મુગ્ધા કુમારી ત્હેં. ૧૮
" હવે, ઓ ક્રૂર, ઉર, ફાટ ! અહોરાત્રિ વહો ધાર,
" અભાગી નેત્ર મ્હારાની ! ઘટે નીરાંત તે શાની ? ૧૯
" અહો ઓ જીવ મ્હારા રે ! દઈ આ દંશ દારાને,
" ઘટે ના વાસ સંસારે–ઘટે સંન્યાસ તો ત્હારે. ૨૦
" અહો ઓ જીવ મ્હારા રે ! દઈ આ દંશ દારાને,
" ઘટે ના ભોગ–સંસાર, ઘટે ના શાંત સંન્યાસ. ૨૧
" શરીરે ભસ્મથી છાયો, ઉરે અત્યંત સંતાપ્યો,
" ઉંડો જ્વાળામુખી જેવો,—હવે સંન્યાસ આ તેવો ! ૨૨

" તજી ત્હેં ત્યાં પડી છુટી સરિતા અબ્ધિમાં ત્રુતી !
" ગિરિ ! એ સાંકળી તુંને નહીં તોડી કદી તુટે. ૨૩

" જડાઈ ભૂમિમાં સ્થિર, ઉંચે આકાશ *ઉદ્‌ગ્રીવ,
" થઈ ત્હારે રહ્યું જોવું દીનનું અબ્ધિમાં રોવું. ૨૪

" હવે સ્વચ્છન્દચારી હું ! યદૃચ્છાવેશધારી હું !
" પતંગો ઉડતી જેવી—હવે મ્હારી ગતિ તેવી. ૨૫

" ઉડે પક્ષિગણો જેમ, હવે મ્હારે જવું તેમ;
" સમુદ્રે મોજું રૂહે તેવું મ્હારે ય છે રહેવું. ૩૬

" નહી ઉંચે—નહી નીચે મળે આધાર, ઘન હીંચે,
" નિરાધાર-નિરાકારઃ—હવે મ્હારીય એ ચાલ. ૨૭

" સ્ફુરે પોતે, ન દેખાય, **કુસુદની** ગન્ધ અહીં વાય,
" અરણ્યે એકલો વાયુ ! જીવન એ ભાવિ છે મ્હારું. ૨૮

" **જાહાંગીરી ફકીરી** એ ! લલાટે છે લખાવી મ્હેં !—
" પ્રજા એ હું—'નૃપાળ' એ હું ! ઉરે, ઓ એકલી, તું—તું ! ૨૯

કવિતા વંચાઈ. કાગળપર ઠેકાણે ઠેકાણે લખનારનાં આંસુ પડવાથી ઘણાક અક્ષરો ચ્હેરાયા હતા અને ઘણેક ઠેકાણે આંસુના ડાઘ ભીના અને તાજા હતા. જેમ જેમ વધારે વધારે વાંચતી ગઈ તેમ તેમ કુસુદસુંદરીના મર્મ કચડાવા—ચીરાવા—લાગ્યા, દુઃખનો પાર રહ્યો નહી, આંસુનો અવધિ દેખાયો નહી,

અંતે શોકનું શિખર આવ્યું. કવિતા પુરેપુરી વંચાઈ રહ્યા પછી પળવાર વિચારમાં પડી, હૈયાસુની બની, કુસુદસુંદરી ત્રિદોષ થયો હોય, તેમ બકવા લાગી.

" નિરાધાર—નિરાકાર—અરણ્યે એકલો એ તો !"
" હવે પાછો નહીં આવું ! ઉંડો જ્વાળામુખી જેવો !"
" ગણ્યા ના મર્મ ભેદાતા ! ન ભુલાતું ન ભુલાય !"
" ઉરે—ઓ એકલી !—તું તું ! અરણ્યે એકલો એ તો"—
" નિરાધાર—નિરાકાર ! સઉ હું દુષ્ટને કાજ !"

---

* ઉંચી ડોકવાળો.

"ભુલાતું- ન ભુલાય !–નિરાધાર–નિરાકાર !"
"નહીં તોડી કદી તુટે !"

એમ ગરીબડું મુખ કરી રોતી રોતી–પોતે ક્યાં છે તે ભુલી જઈ,– છિન્નભિન્ન ગાતી કુમુદસુંદરીની આંખમાં તમ્મર આવી, વીજળી શીરપર પડતાં નાજુક વેલી બળી જઈ અચીંતી પડી જાય તેમ મૂર્ચ્છા પામી કુમુદ-સુંદરી ધરતીપર ઢળી પડી, કાગળ હાથમાંથી આઘો પડી ગયો, તેનું લોહી ફટકી ગયું, અને આંખો ન ઉઘાડવાનો નિશ્ચય પડતો મુકી **સરસ્વતીચંદ્ર** સફાળો ઉઠ્યો !–ઉભો થયો ! અણીને સમયે દૃઢ પ્રતિજ્ઞાઓ જાતે જ સરી જાય છે. ભર સેના વચ્ચે ભક્તને અર્થે શ્રીકૃષ્ણ રથચક્ર લેઈ ઉભા થયા! સ્નેહસમુદ્ર વિવેકતીરની મર્યાદા નિત્ય જાળવે છે પણ અકળાય છે ત્યારે પ્રતિજ્ઞા–પર્વતને પણ પી જાય છે એવી ઈશ્વરની અકલ માયા છે.

સુંબાઈ જવાનો ઉપદેશ કરવા આવેલીને ઉત્તર મળી ચુક્યો. કવિતાના અક્ષરે અક્ષરે હૃદય ચીરાતું ગયું, પોતાના ઉપર સરસ્વતીચંદ્રની નિર્મળ અને અનિવાર્ય પ્રીતિ, એ પ્રીતિ છતાં ગુરુકાર્યને અર્થે કરેલો ત્યાગ અને ત્યાગ ક્યાં છતાં ન ખસતો હૃદયસંબંધ, સંબંધ છતાં કરેલો પવિત્ર અને સ્નેહભર ઉપદેશ, કુમુદસુંદરીને આવો ઉપદેશ કરવા છતાં સરસ્વતીચંદ્રનો પોતાનો ભીમ સંન્યાસ, "એ સંન્યાસ મ્હારા જ પરની પ્રીતિને લીધે અપ્રતિહત છે" એ બુદ્ધિ, હવે એનું શું પરિણામ થશે તે વીશે અમંગળ શંકાઓ, અને એવા અનેક તર્કવિતર્કથી ઉભરાતું હૃદય શોકનો ભાર સહી ન શક્યું અને મૂર્છિત થયું. ખાટલામાંથી ઉઠી નીચે ઉભેલા સરસ્વતીચંદ્રના પગ આગળ મૂર્ચ્છાવશ પડેલી અબળા તેનું અંતઃકરણ ચીરવા લાગી. દક્ષયજ્ઞમાં મૂર્છિત થયેલી ઉમાને જોઈ પળવાર અનુકંપાવશ શિવની પેઠે સરસ્વતીચંદ્ર મૂર્ચ્છાની મૂર્ત્તિ ઉપર દૃષ્ટિ કરી જોઈ રહ્યો. એક પળમાં અનેક વિચારો સમાસ પામતા વહ્યા.

આજ સુધી વેશ અને વિકાર ગુપ્ત રાખ્યા હતા તે આજ ઉઘાડા થઈ ગયા તેની સાથે મુખાકૃતિ પણ પ્રકૃતિસ્થ વિકારને વશ દેખાઈ. પોતાના ઘરમાં જ પોતે હોય અને પોતાની સ્ત્રીની જ અવસ્થા જોતો હોય એવો દેખાવ મુખ ઉપર સહસા આવી ગયો. જે વિદ્વત્તા અપ્રરંગીપણાનાં પડમાં સંતાડી રાખી હતી તે કવિતાની ચાળણીમાંથી આજ ટપકી ગઈ. જે શોકસીમા પરદેશીપણાના ધુમસમાં અદૃશ્ય રાખી હતી તેના ઉપર અભિજ્ઞાનસૂર્ય શ્યામ ચળકાટ મારવા લાગ્યો.

પરગૃહમાં આ દશા ઉઘાડી પડે–કોઈ દ્વાર ઉઘાડે–તો શી અવસ્થા થાય તેનો વિચાર કરવા અવસર ન હતો. ઘટિકાયંત્રને કુંચી આપતાં અત્યંત સંકોચાતી કમાન અચીંતી કડાકો કરી ત્રુટે તેમ પોતાના મેડીમાં આવેલીના મનમાં પત્રદ્વારા દુઃખતી કુંચી ફેરવતો ફેરવતો સરસ્વતીચંદ્ર આખા દિવસ અને રાત્રિનાં વિવિધ દુઃખો ખમી થાકેલી નિઃશ્વસ્ત બની દુઃખ દુઃસહ થતાં મૂર્ચ્છિત થઈ પડેલીને જોઈ, ચમક્યો અને શું કરવું તે તેને સુઝ્યું નહી. વિચાર અને વિકાર પોતે કરેલી હાનિથી ઓશીઆળા બની નાશી ગયા. ખાટલાના પાયા આગળ નિર્માલ્ય કુસુમમાળા પેઠે પડી રહેલી કુમુદસુંદરીના મુખ આગળ બેઠો. લોકવ્યવહારની નીતિ ભુલી જઈ તેની મસ્તકકળી ખોળામાં લેઈ આસનાવાસના કેવી રીતે કરવી તે વિચારવા લાગ્યો;–વિચારતાં વિચારતાં પોતે વ્યાવહારિક નીતિથી વિરુદ્ધ ચાલે છે તે ભાન આવ્યું, પરંતુ તે નીતિને આ વેળા આપ્રાસંગિક ગણી, અવગણી. અવગણી તે છતાં ગણી પણ ખરી. આશ્વાસક હાથ મૂર્ચ્છિત મુખ ઉપર ફરવા ગયો પણ અટક્યો અને માત્ર જડ કેશભારને ટેકવી રહ્યો. હવે શું કરવું તે ન સુઝ્યું. શું બોલવું–મૂર્ચ્છા કેમ વાળવી તેનો ઉત્તર બુદ્ધિએ ન આપ્યો. પોતાની મેડીમાં કોઈને બોલાવવું પણ શી રીતે ? સર્વથા સર્વ ઉપાય પરવશ રહ્યા.

અંતે પ્રસંગે આપેલી બુદ્ધિને બળે મૂર્ચ્છિત કાનમાં નિઃસ્વર શબ્દ ક્‌હેવા લાગ્યોઃ "કુમુદસુંદરી ! કુમુદસુંદરી ! ઉઠો ! ઉઠો ! આમ શું કરો " છો ? આપણી બેની વિનાકારણ ફજેતી થશે !–અસત્ય આરોપ આવશે. " સાચી વાત કોઈ માનશે નહી !" ઘણા ગુંચવારામાં પડી આનું આ સરસ્વતીચંદ્ર વારંવાર ક્‌હેવા લાગ્યો, પણ કુમુદસુંદરી જાગી નહી.

રાત્રિ જતી હતી તેમ તેમ ઘરમાં વ્હેલાં ઉઠનારાંને ઉઠવાનો સમય પાસે આવતો હતો. મૂર્ચ્છા જોઈ સ્નેહશોકમાં પહેલા હૃદયમાં ભય પણ પેઠું અને સૂક્ષ્મ વિષયોનું ભાન જતું રહ્યું. સરસ્વતીચંદ્રે ઉતાવળ કરવા માંડી અને કુમુદસુંદરીનું મુખ તથા હાથ ઝાલી ધીમે ધીમે ઢંઢોળવા મંડ્યો.

કુમુદસુંદરી ભૂમિ ઉપર બેભાન પડી હતી અને શું થાય છે તે જોવા કે જાણવા અશક્ત હતી. શીયાળામાં અત્યંત શૈત્ય પડવાથી પ્રાણ તજી ન્હાની ચકલી ભૂમિપર પડી હોય અને ત્હાડથી સંકોચાયલાં છતાં પણ તેનાં વીખરાયલાં નાજુક પીછાં ખરી પડવા જેવાં લાગતાં હોય તેમ ન્હાની સરખી બાળક જેવી દેખાતી કુમુદ પડી હતી અને તેનું વસ્ત્ર શરીરપર

લપેટાયું છતાં અ-સ્વ-સ્થ થયું હતું. મલમલનો ઝીણો સુતી વખત પ્હેરવાનો સાળુ નિમ્નોન્નત અવયવોનો અત્યંત સહવાસી પિશુન-કર્મ કરતો હતો અને સરસ્વતીચંદ્રનાં લોચનને પ્રિય થવા મથતો હતો. ભૂ-નભના સંયોગ આગળ ઉગતા ચંદ્રને ઢાંકી ઉભેલી અને તેના તેજથી ચળકતી ન્હાની રુપેરી વાદળીની પેઠ ખાટલાની ઈસ નીચે ભૂમિપર પડેલી અને પ્રકાશ મારતી ગૌર દેહલતિકા પુરુષના ભય-ત્રસ્ત લોચનને ભય ભુલાવી રમણીય સાનો કરવા લાગી. મુખમલ જેવાં કોમળ અને સુંવાળાં મિષ્ટમાંસલ અવયવ ચંપાતાં ચંપાતાં જગાડનાર હસ્તને પળવાર મોહનિદ્રામાં લીન કરી સ્પર્શેન્દ્રિયદ્વારા જાગતા મસ્તિકમાં પ્હોંચવા યત્ન કરવા લાગ્યાં. પરંતુ કુસુમકલિકા પેઠે બીડાયલાં પોપચાંઉપર સ્ફુરતી અત્યંત અમંગળશંકાને બળે વિકાર પોતાના ઉદયને અપ્રાસંગિક ગણી જરીક જાગી નિદ્રાવશ થયો. કરુણ રસ ચક્રવર્તી થયો અને સર્વ સંસ્કારોની પાસે સામંતકર્મ કરાવવા લાગ્યો.

આખરે મહાપ્રયાસે પ્રયાસના બળથી કે પછી સ્પર્શચમત્કારથી કુમુદસુંદરી જાગી અને સરસ્વતીચંદ્રના ખોળામાં પોતાનું માથું જોઈ એકદમ ખડી થઈ આઘી બેઠી; ઈશ્વિર જાણે કીયા કારણથી સરસ્વતીચંદ્રના હાથે આઘી ખસતીનો હાથ અચીંત્યો ઝાલ્યો અને તેવો જ પાછો પડતો મુક્યો. કુમુદસુંદરી તેના સામું જોઈ રહી. આ મૂક નાટક કાંઈકવાર રહ્યું—અંતે સરસ્વતીચંદ્ર ઉઠી ખાટલામાં બેઠો. તે જ પળે કુમુદસુંદરી પણ ઉઠી અને સરસ્વતીચંદ્રે લખેલી ગઝલોવાળો પત્ર લેઈ છેટે ઉભી. ન બોલવાનો નિશ્ચય ચળ્યો. જયવંત વિશુદ્ધિ ઉભય ચિત્તમાં શાંતિનો વર્ષાદ વર્ષાવવા લાગી. ભયથી બંધાયલી કૃત્રિમ પ્રતિજ્ઞાઓ ભય જતાં મેળે તુટી. કુમુદસુંદરીને બોલવાની હીમ્મત આવી. ઘરથી આઘે રાત્રે કામ કરવા રોકાયલી મજુર સ્ત્રીઓ છોબન્ધ ટીપતી ટીપતી રાગ લંબાવતી ગાતી હતી અને નિયમસર ટીપતા ધબકારાવડે તાલ દેતી હતી.

"અખંડ રહો મ્હારી અખંડ રહો આ અખંડ માઝમ રાત!
"પીયુ વિના મ્હારો કેમે કર્યો પેલો દિવસડો નવ જાય!—અખંડ૦"

સરસ્વતીચંદ્રના સામી પોતે ઉભી તે જ પળે આ સ્વર સાંભળી કુમુદસુંદરીનાં રોમેરોમ ઉભાં થયાં! 'માઝમરાત' શબ્દ હૃદયમાં વીંઝાયા! વળી પાસે રહેનાર મોડી રાત જાગનાર કોઈ પુંશ્ચલીના ઘરમાંથી સ્વર આવતો હતોઃ

"રંગ માણો, મ્હારા રાજ, પધારો, હીંદુ ભાણ રે! રંગ૦
"સુરજ! થાને પૂજશું રે ભરમોતીયારા થાર;

"ઘડી એક મોડો ઉગજે–મ્હારો સાહેબો ખેલે શીકાર રે ! રંગ૦
"અસ્વારી પ્રતિ નાથની રે ઘોડારા ઘમસાર !
"કોઈ વારે હીરામોતી;–હું વારું મ્હારા પ્રાણ રે ! રંગ૦"

ભયંકર ગીત સાંભળી, લાલચથી ફોસલાયલી રોમરાજિપર કોપાયમાન થઈ, હજી પણ પોતાનામાં નિર્બળતાની છાયા દેખી ખિન્ન બની, સરસ્વતીચંદ્રપરના પોતાના સ્નેહપર એ છાયાનો આરોપ મુકી, એ સ્નેહ અને તજ્જન્ય શોક ઉભયને લીધે વિશુદ્ધિના રાજ્યતંત્રમાં ભેદ પડ્યો ગણી, ઉભયનો ત્યાગ કરવો એ ધર્મ છે એવું ભાન આણી, મૂર્ચ્છા પામનારી બળવાન્ બાળા એકદમ સચેત થઈ અને સરસ્વતીચંદ્રને જે ક્‌હેવું હોય તે એકદમ બેધડક બની ટુંકામાં કહી દેવું એ નિશ્ચય કર્યો. રેતીમાં પડેલી રેખા વાયુથી ઘસાઈ જાય તેમ મૂર્ચ્છાનો આવેશ, વિશુદ્ધિ જાળવવાના વેગવાન્ પ્રયત્ન આગળ, અદૃશ્ય બની ગયો.

સરસ્વતીચંદ્ર આ પ્રસંગે ખાટલામાં નીચું જોઈ બેઠો બેઠો પળવાર ઉંડા વિચારમાં ડુબી ગયો. "લક્ષ્મીથી અને સાંસારિક પ્રતિષ્ઠાથી હું મેળે "ભ્રષ્ટ થયો તેમ જ આ પળે વિશુદ્ધિના ઉત્કર્ષથી પણ હું ભ્રષ્ટ થયો—આટલો "સરખો મ્હારે વાસ્તે કુમુદસુંદરીના મનમાં સારો અભિપ્રાય હશે તે "પણ પડતો મુકવાનું મ્હેં કારણ આપ્યું"—એમ વિચારી મનમાં પોતાના ઉપર ખીજવાયો, અને બારણે ઇંદ્રિસભાનું નાટક જોઈ પાછા આવતા નાટકનાં ગીતો ત્રુટક ગાતા લોકનાં ગીતની પાતક અસરથી ત્રાસ પામી કંટાળ્યો. ખીજવાઈ, કંટાળી, ઇચ્છવા લાગ્યો કે "હું આ સુવર્ણપુરમાં "ન જ આવ્યો હત તો ઉચિત થાત ! અત્યારે ને અત્યારે મને પવન–પાવડી "જેવું કાંઈ મળે અને હું ઉડી જાઉં !" આંખ ઉંચી થતાં કુમુદસુંદરીને જોઈ દયાર્દ્ર થયો અને પોતાને અપરાધી માની, શકુંતલાને ઓળખી ક્‌હાડી તેને પગે પડતા ક્ષમાર્થી દુષ્યંતના બોલેલા શબ્દ સ્મરી તેજ વૃત્તિ અનુભવવા લાગ્યો અને सुतनु हृदयात्प्रत्यादेशव्यलीकमपैतु ते એ શબ્દ મનમાં બોલી પાછું નીચું જોયું.

એટલામાં પવનમાંથી સ્વર આવતા હોય, આકાશવાણી થતી હોય, પૃથ્વીનાં પડમાંથી નાદ ઉપડતો હોય: એમ કુમુદસુંદરીનાં મુખમાંથી શબ્દ નીકળવા લાગ્યા અને તેની તીવ્ર અને કઠણ આંખ જ જોઈ ર્‌હેતો સરસ્વતીચંદ્ર આ શબ્દ ક્યાંથી આવે છે તે જાણી શકતો–જોઈ શકતો–ન હતો. શબ્દ માત્ર તેના કાન સાથે અથડાતાં જ પ્રત્યક્ષ થતા અને મર્મને ભેદતાં જ સમજાતા. કોઈ મંદિરમાં સ્થાપેલી મૂર્ત્તિ બોલી ઉઠતી હોય; રુપાની ઘંટડીયો અચીંતી વાગવા માંડતી હોય; કોમળતા, સુંદરતા, મધુરતા, પવિત્રતા, અને

ગંભીરતા–એ સર્વ એકરૂપ બની મૂર્ત્તિમતી થઈ ઉપદેશ કરવા આવી હોયઃ તેમ કુમુદસુંદરી અપૂર્વ તેજ ધારી બોલવા લાગી.

" તમારી સાથે બોલવાનો મ્હારો અધિકાર તમે જ નષ્ટ કર્યો છે તે " છતાં કોણ જાણે શાથી હું આજ બોલું છું–પણ તે છેલંહેલું જ બોલું છું."

" મ્હારી ભૂત, વર્ત્તમાન અથવા ભવિષ્ય અવસ્થા જાણવાનો અધિ- " કાર તમે જ તજી દીધો છે–તમને એમ જ ગમ્યું–તમારી ઇચ્છા. એ " અવસ્થા હવે તમને જણવવી એ સર્વથા અનુચિત છે. એટલું જ કહું છું " કે ભુલ્યે ચુક્યે બીજી કોઈ ભાગ્યહીનની એ અવસ્થા ન કરશો!"

" મ્હારે તમને ક્‌હેવાનું તે તમારા ખીસામાંનાં પત્રમાં છે–એટલું પણ " તમે મ્હારું હિત કરશો–એટલું પણ સાંભળશો–એવો મને વિશ્વાસ નથી. " વિશ્વાસ શી રીતે રાખું ? હું રાખું કે ન રાખું તેની તમારે પરવા પણ શી ? " હાસ્તો–ખરી વાત. મ્હેં મૂર્ખીએ એ પત્ર લખાઈ ગયોઃ લખ્યા વિના " ના ર્‌હેવાયું."

" સરસ્વતીચંદ્ર ! કૃપા કરી, દયા આણી, મુંબાઈ જાવ. શું ભણુલાઓ " સર્વ તમારા જેવા હશે ? શું ક્રૂરતા વિદ્યાની અંગભૂત જ હશે ? મુંબાઈ " જાવ કે મ્હારા પિતાને મળો. પણ આમ ક્રૂર ન થશો!"

" પતંગ પેઠ ર્‌હો–કે સમુદ્રના મોજા પેઠ ર્‌હો–કે વાયુ પેઠ ર્‌હો! એ " સર્વ નિર્દયતા રચતાં તમને કોઈ રોકે એમ નથી ! જીવતી છતાં ચિતા " વચ્ચે બેઠેલી, તેને કાંઈ નાસવાનું છે ? તમે છુટ્યા પણ મ્હારાથી કંઈ " છુટાયું ?–બળીશું, ઝળીશું, રોઈશું, કે મરીશું–વજ્ર જેવું આ કાળજું " ફાટશે તે સહીશું–થશે તે થવા દેઈશું–તેમાં તમારે શું ? તમારે તમારી " સ્વતંત્રતા અખંડ ર્‌હો–એટલે થયું."

" ઉત્તર મ્હારે નથી જોઈતો !–કહુંછું તે વિચારજો એટલે ઘણું ! " ઈશ્વર તમને સદ્‍બુદ્ધિ આપો !"

આટલું બોલતાં બોલતાં ગળગળી થઈ ગયેલી, આંખમાં વ્હેતું આંસુનું પૂર ખાળવા વૃથા પ્રયત્ન કરતી, અંતે રોઈ પડતી, "મને દુઃખમાં છાતી સરસી તમે કાંઈ હવે ચાંપી શકવા જેવું રાખ્યું છે ?" એવું ભાન આપતી ઠપકો દેતી હોય તેમ ઉતાવળો છેલ્લો ક્રોધકટાક્ષ નાંખતી, દુઃખમય બાળા અર્ચાતી પોતાની મેડીભણી દોડી, પાછું પણ જોયા વિના પુઠ પાછળ દ્વાર વાસી દીધાં, પાછું જોયું ન જોયું કરી સાંકળ વાસી, અને પલંગપર પડી રોઈ ઉભરો ક્‌હાડ્યો અને શાંત કર્યો. શાંત થતાં ટેબલપર આવી સરસ્વતીચંદ્રની ગઝલો

બે વાર વાંચી, બે વાર વંચાતાં મ્હોંયે ચ્હડી, મ્હોંયે ચ્હડતાં તે ગઝલોવાળો પત્ર નિરર્થક થયો, નિરર્થક થતાં તે પાસે રાખવો એ વિશુદ્ધિમાં ન્યૂનતા રાખવા જેવું લાગ્યું, એ ન્યૂનતા મટાડવા પત્ર ફાડી નાંખ્યો, એ ફાડતાં ફાડતાં વિચાર થયો કે **સરસ્વતીચંદ્ર**ના હાથનો એક પણ પત્ર હવે મ્હારી પાસે શું કરવા જોઈએ, એ વિચાર થતાં તેના સર્વ પત્ર ફ્હાડી તેનો નાશ કરવાનો નિશ્ચય કર્યો, નિશ્ચય થતાં હૃદય ફાટતું–ચીરાતું–લાગ્યું, હૃદય ચીરાતાં તેને સાંધતી હોય તેમ સર્વ કાગળો હૃદય સરસા ફરી ફરી ચાંપ્યા–ચુમ્બ્યા અને અશ્રુપાતથી ન્હવરાવ્યા, અને ન્હવરાવી ન્હવરાવી પ્રિયજનનું શબ હોય તેમ તેમને ખડક્યા–અને દીવાવડે અગ્નિદાહ દીધો !!! એ અગ્નિદાહ દેવાતાં હાથમાં ન રહેલા અંતઃકરણે ઠુઠવો મુક્યો, બળી રહેલા સર્વ પત્રોની ભસ્મ એકઠી કરી તેને શોકમન્દ બનેલા હાથે કાચની એક સુંદર શીશીમાં સંભાળથી રજેરજ ભરી, શીશીપર કાગળ ચ્હોડી, તેપર '**મર્મદારક ભસ્મ**' એવું નામ લખ્યું, શીશી પણ છાતીસરસી ચાંપી–ચુમ્બી–ટેબલપર નિત્ય દૃષ્ટિયે પડે એવે સ્થાને મુકી, અને પળવાર આંસુને સુકવી શીશી ભણી જોઈ રહી. અંતે વિચારમાં પડી; ધીમે ધીમે પાછી ફરી; મહાપ્રયાસે પલંગપર ચ્હડી; પળવાર ત્યાં બેસી રહી; પછી ઢળી પડી સુતી; અને ખેદમાં ને ખેદમાં રાત્રિના ત્રણ વાગતાં, **સરસ્વતીચંદ્ર**નો હવે સનાતન ત્યાગ કર્યો ગણી, હૃદયનો ભાર હલકો કરી, ત્યાગનો ને ત્યાગનો જ વિચાર કરતી કરતી, અકલ્પ્ય આત્મપ્રયાસથી વિશુદ્ધ બનવા જતાં ઈશ્વરકૃપાયે મહાજય પામેલી, ભાગ્યશાળી પવિત્ર ઉત્કૃષ્ટ સતી કુમુદસુંદરી તપને અંતે આનન્દસમાધિ પેઠે જાતે આવેલી અસ્વપ્ન નિદ્રાને વશ થઈ.

---

## પ્રકરણ ૨૦.

### રજા લીધી.

કોઈ પ્રતાપી સત્ત્વ પોતાની પાસેથી જતું રહેતાં મન છુટું થાય તેમ કુમુદસુંદરી ગઈ કે **સરસ્વતીચંદ્ર** શાંત થયો. તેની પાછળ જોઈ રહ્યો અને બારણું બંધ થયું કે 'હાશ' 'અરેરે' કરી, બેઠો હતો તે પથારીમાં પડ્યો. આ શું સ્વપ્ન થઈ ગયું ? કુમુદસુંદરી આવી શી ? મૂર્ચ્છા શી પામી ? બોલી શું ? ગઈ શું ? તેની અવસ્થા વસ્તુતઃ કેટલી દયાપાત્ર

હોવી જોઇએ ? પોતાના મનની કેવી નિર્બળતા અનુભવે સિદ્ધ કરી આપી ? ઇત્યાદિ વિચારોના ગુંચવારામાં ગુંચવાતું, સ્નેહ અને દયાથી દીન થતું, અનેક વિકારો અનુભવતું મસ્તિક થાક્યું પાક્યું નિદ્રાવશ થયું તે છેક પ્રાતઃકાળે સાત વાગે જાગ્યું.

સાત વાગ્યા પ્હેલાં પ્રમાદધન લીલાપુરથી કાર્ય સિદ્ધ કરી પાછો આવ્યો હતો. રાણાને તે ખબર થતાં બુદ્ધિધનને પોશાક આપવાનું તેને તે દિવસે ઠરાવ્યું અને તે બાબતની તૈયારીયો કરવાનું નરભેરામ તથા જયમલને આવ્યું.

સરસ્વતીચંદ્ર જાગ્યો ત્યારે બુદ્ધિધનના ઘરમાં આ તૈયારીયોની ગરબડ મચી હતી. દાતણ કરી તે પ્રધાનખંડમાં ( દીવાનખાનામાં ) ગયો તો પ્રમાદધનની આસપાસ કચેરી ભરાઈ હતી અને લીલાપુરના ગપાટા હંકાતા હતા, ઘરના દ્વાર આગળ દરબારી ચારણો ભરાઈ કવિતો બોલતા હતા. ચારણસ્ત્રીયો, નવા કારભારીના ઘરની સામે ઉભી રહી, જાતે કદાવર તથા કાળી કોળણો જેવી દેખાવા છતાં કોમળ અને સુંદર રાગથી, ચ્હડતા ઉતરતા ઢાળ સાથે, રોમેરોમ ઉભાં કરે એવું રાજગીત ગાતી હતી અને સાંભળનારનાં ચિત્તમાં શુદ્ધ રાજભક્તિ ઉત્પન્ન કરતી હતી.

દિવસ ચ્હડતો ગયો તેમ તેમ બારણે લોકની ઠઠ વધતી ગઈ અને આખો રસ્તો વસ્તીથી ચીકાર થયો.

ઘરમાં પણ એવી જ રીતે લોક આવતા હતા. અમલદારો, મિત્રો, હિતૈષીયો, થોડોક પણ સંબંધ ધરાવનારાઓ અને એવા અનેક લોક પ્રધાનખંડની મેડીમાં ખીચોખીચ ભરાયા અને અંતે સરસ્વતીચંદ્રને સુવા આપેલી મેડી પણ ઉઘાડી મુકી દેવાની અગત્ય પડી.

નીચે ચોકમાં અને તેની આસપાસના ખંડોમાં સ્ત્રીવર્ગ ઉભરાતો હતો અને ભાત ભાતનાં ઉંચાં ચળકતાં—સાડીયો, સાળુ, ગવનો, વગેરે—વસ્ત્રોથી અને સોનારુપાના તથા હીરામોતીના અલંકારોથી અનેકરંગી-વનસ્પતિ અને ફુલવાળા બાગ જેવો લાગવા માંડ્યો, તારામંડળમાં ચંદ્રલેખા શોભે તેમ ઉત્સાહભરી સ્ત્રીયો વચ્ચે સૌભાગ્યદેવી શોભતી હતી, અને તારા અને ચંદ્ર સર્વને ઢાંકી નાંખનાર વીજળીની પેઠ જાજ્વલ્યમાન અલકકિશોરી ધમકભરી ગર્જતી હતી. શાંત અને મધુર ન્હાની શુક્રતારા પેઠ એકપાસ કુમુદસુંદરી પ્રકાશ ધરતી હતી. દયાશંકરકાકા અને વૃદ્ધ કુળગોર સ્ત્રીવર્ગની વચ્ચોવચ્ચ ફરતા મંગલ-સામગ્રી તૈયાર કરાવતા હતા. લાલચોળ કુંકુમ, સુવાસિત અને સુશોભિત પુષ્પો, અગરબત્તીયો, રુપાના અને

ત્રાંબાપીતળના થાળ, લોટા, છાબડીયો અને બીજાં પૂજાપાત્રઃ આ સર્વેથી આજ બુદ્ધિધનનું ઘર નવી જાતની ધામધુમભર્યું ભાસવા લાગ્યું.

એવામાં રાણાને ત્યાંથી કારભારી થનારને આમંત્રણ આવ્યું. અગાડી વાજાં, પાછળ એક હાથી અને તેની પાછળ ઘોડાગાડીમાં રાણાનો એક ભાયાત, નરભેરામ, અને જયમલ બેઠા હતા. તેની પાછળ સ્વારોની ટુકડી અને સીપાઇયો હતા. કારભારીને લેવા આવનાર આ સર્વ મંડળ દ્વાર આગળ આવી ઉભું.

આ સર્વ ધામધુમ વચ્ચે મેડીમાંથી છજામાં અને છજામાંથી મેડીમાં તથા ચોકપરની અગાસીમાં સરસ્વતીચંદ્ર શૂન્ય હૃદયથી આવજાવ કરતો હતો. કુમુદસુંદરીનો પત્ર ખીસામાં હતો તે વાંચવાપર ચિત્ત હતું પણ આ લોકો વચ્ચે એકાંત મળે તેમ ન હતું. રાત્રે ઉંઘમાં વંચાયો ન હતો. ચંદ્રકાંત આવવાનો તે વિચાર પણ મનમાં ઘોળાયાં કરતો હતો. વિચાર અને ઉદાસીનતામાં ડુબેલો હોવાથી આસપાસની ધામધુમ દેખતાં છતાં તેને જોતો ન હતો.

બારણે ઘોડાગાડીઓની ઠઠ વધતી હતી અને બ્હાર તેમ અંદર ઉત્સાહનો ગરબડાટ મચી રહ્યો હતો તેની વચ્ચે એક સરસ્વતીચંદ્ર આમ દેખીતો જુદો પડતો હતો. કુમુદસુંદરી જે દેશમાં હોય ત્યાં પોતે ન વસવું એ ઉભયના હિતને અર્થે આવશ્યક લાગ્યું–પણ એને છોડવી એ જ કઠણ કામ હતું. “એક વાર છોડ્યા પછી છોડેલીને આકર્ષણે સુવર્ણપુર દેખાડ્યું, “એ આકર્ષણની સત્તામાં આવી હવે સુવર્ણપુર છોડવું એ રમત વાત “નથી. શી રીતે છોડવું ? ક્યારે છોડવું ? ચંદ્રકાંત આવવાનો છે તેનું શું “કરવું ? આવે ત્યાં સુધી રહેવું કે નહી ? એ મળે એટલે શું કરવું ? એનું “મ્હોં કેમ તરછોડાશે ?–મ્હારે માટે અંહી સુધી આવે છે !–એની સાથે “પાછાં જવું પણ નહી જ ! અરેરે ! એક માણસની પાછળ બીજાં કેટલાં દુઃખી “થાય છે ?–તમારી શી અવસ્થા થશે ?–કુમુદસુંદરી ! મ્હારો અપરાધ “ક્ષમા કરજે !–હું જઈશ જ–ફરી તને મૂર્ચ્છા નહી પમાડું.”

આ ઉત્સાહ–સમયે સરસ્વતીચંદ્ર એકલો જ શોકમાં ન હતો. કૃષ્ણકલિકા અને પ્રમાદધનની વાર્ત્તા વનલીલાદ્વારા અલકકિશોરી પાસે, અલક પાસેથી દેવી પાસે, અને દેવી પાસેથી રાત્રે બુદ્ધિધન પાસે પ્હોંચી ગઈહતી. વિશુદ્ધ પુરુષને પાંસુલ પુત્ર જોઈ અતિ ખેદ થયો. “આહા ! મ્હારા “પુત્રની વહુ પણ મ્હારા ઘરમાં આમ મ્હારા પુત્રને હાથે પરાભવ પામે છેઃ “અને તેનો ઉપાય કરવા હું અશક્ત છું તો બીજા ફરીયાદીયોનું હું શું

"ઉકાળવાનો હતો?" એ વિચાર થયો. "લોકમાં જણાવાય નહી અને
"શિક્ષા થાય નહી!"—"આનું શું કરવું?"

બારી બ્હાર દૃષ્ટિ પડતાં કૃષ્ણકલિકાના વરને દીઠો. "આ છોકરી હવે
"મ્હારી રૈયત છે. મ્હારી પાસે આ બાબતની ફરીયાદ કરવા એની ગુંજાશ
"ખરી? ના જ. ત્યારે હું પ્રમાદને શી શિક્ષા કરું?–જેથી આ વાત ઉઘાડી ન
"થાય અને શિક્ષા થાય. વાત ઉઘાડી કર્યાવિના કરેલી શિક્ષાથી ફરીયાદીને
"શો સંતોષ?–એ સંતોષ ન અપાય તો તો કારભાર છોડવો જોઇયે.

"કારભાર કોઈથી છોડાયો છે? પ્રકટ વા ગુપ્ત બલાત્કાર વિના
"કોઈએ લક્ષ્મીને લાત મારી નથી!"

"બસ. બસ. હું ગમે તેમ કરી પ્રમાદને શિક્ષા કરીશ જ–મ્હારી
"ન્યાય્યવૃત્તિ જગત જોશે!–હું નરકવાસી નહી થાઉં!–માતુઃશ્રી! તમે
"ખમેલો જુલમ મને સાંભરે છે! એવો જુલમ હું નહી થવા દેઉં!
"પ્રમાદ,–પણ હું તને શું કરું? તને તે શી શિક્ષા કરું?–તને શિક્ષા
"ન કરતાં હું જાતે જ શિક્ષા ખમું તો?"

એટલામાં સરસ્વતીચંદ્ર બુદ્ધિધનની મેડીમાં આવ્યો.

"કેમ નવીનચંદ્ર!" શોક ઢાંકી બુદ્ધિધને પુછ્યું.

"ભાઈસાહેબ, કુમુદસુંદરીને લેવાને રત્નગરીથી માણસો આવી
"પ્હોચ્યાં છે તેમના કહેવાપરથી જણાય છે કે ચંદ્રકાંત એક બે દિવસ
"ભદ્રેશ્વરમાં રહેશે. મ્હારે તેમને તરત મળવાનું કારણ છે એટલે જવા
"રજા માગું છું."

"પણ કાલે જજો. આજ તો દરબારમાં આવજો. આપણે ઘેર
"પણ ઉત્સાહ છે. બપોરે જમી કરી રાત્રે વાહન લઈ જજો. અને
"એમ કરતાં એ પણ અત્રે જ આવવાના છે કની?"

"હા જી, પરંતુ કંઈ કારણથી મ્હારે અત્યારે જ નીકળવું
"આવશ્યક છે. જમવાનું તો બપ્પોરસોરો જ્યાં પ્હોંચીશ ત્યાં થશે. આપે
"કંઈ મ્હારા ઉપર કૃપા રાખવામાં ન્યૂનતા નથી રાખી અને
"સ્વાભાવિક રીતે હું જેમ વધારે રહું તેમ ઈચ્છો; પરંતુ અત્યારે મ્હારી
"વિજ્ઞાપના સ્વીકારશો એ પણ કૃપા થશે."

બુદ્ધિધન પ્રમાદધનની ચિંતામાં પડ્યો હતો, દરબારમાં જવાની
ખટપટમાં ચિત્ત હતું, ગઈ રાત્રિથી જ સરસ્વતીચંદ્ર પરના ભાવમાં કાંઈક
ફેર થયો હતો, અને રહેવા ન ઇચ્છનારને રહેવાનો વિવેક કરવો એ
કાળક્ષેપ કરવા જેવું લાગ્યું.

"તમારી ઇચ્છા, નવીનચંદ્ર."

"ભાઈસાહેબ, બોલ્યું, ચાલ્યું માફ કરજો, મ્હારાપર આપની કૃપા
" ઘણી થઈ છે."

" કાંઈ હરકત નહી."

સરસ્વતીચંદ્ર મેડી બ્હાર ચાલ્યો અને પોતાની મેડીમાં ગયો. કારભારે ચ્હડતું મસ્તિક પરદેશીને વાહનનો જોગ કરી આપવાનો વિવેક કરવો સાંભરી આવેલો ભુલી ગયું.

મૂર્ખદત્ત નિત્ય પ્રાતઃકાળે આવતો હતો તેની જોડે પોતાની ગાંસડી રાજેશ્વરમાં મોકલી દઈ સરસ્વતીચંદ્ર નીચે આવ્યો અને સૌભાગ્યદેવી તથા અલકકિશોરીની રજા માગવા લાગ્યો. ત્યાં સ્વાભાવિક રીતે તેને ન જવા દેવાનો આગ્રહ થયો. બુદ્ધિધનની રજાનું નામ આવ્યું એટલે સૌભાગ્યદેવીએ આગ્રહ કરવો છોડી દીધો અને માત્ર ખેદ બતાવ્યો. અલકકિશોરી ક્હેઃ "પિતાજીને જઈને કહી આવું છું–આજ તો ગમે તેમ
" કરીને ર્‌હો–એવું અચીંત્યું શું છે જે ?" આખરે એ પણ શાંત થઈ.

સરસ્વતીચંદ્ર કુમુદસુંદરીને જોતો જોતો ચાલ્યો–તેનું મ્હોં લેવાઈ ગયું–આંખમાં આંસુ આવ્યાં, પગ ઉપડ્યો નહી તેને બળાત્કારે ઉપાડ્યો, ઉમ્મરમાં ઠેસ વાગી, અને બારણા બ્હાર નીકળ્યો.

પોતાના કહ્યાની કાંઈ પણ અસર નથી થઈ જાણી ખિન્ન બની, તેને જતો જોઈ રોવા જેવી થઈ, તેની સાથે બોલવાનો અવકાશ પણ નથી વિચારી ઓછું આણી, હવે તેને મળવાનું નથી કલ્પી નિરાશ થઈ, હવે તેનું શું થશે એ વિશે અનેક અમંગળ તર્ક કરતી ભયભીત કુમુદસુંદરી, લોક-લજ્જાનો ખરેખરો તિરસ્કાર કરી જતાને જોતી જોતી, નિઃશ્વાસ મુકી "હાય હાય રે" એવી બુમ પાડી પાછળ ઉભેલી એક સ્ત્રી ઉપર ઢળી પડી. રંગમાં ભંગ થયો. એને ઉઠાડી. "કંઈ નહી—એ તો મને કંઈક પેટમાં આંકડી આવી" કરી કુમુદસુંદરી સજ્જ થઈ અને સઉભેગી, શૂન્ય તો શું પણ પ્રવાસી બનેલા હૃદયથી છુટી પડેલી બની, ઉત્સવકાર્યમાં દેહને મેળવવા લાગી.

કારભારીના દ્વાર બ્હારની ધામધુમ વચ્ચે થઈ ઈશ્વર પેઠે કોઈથી અલક્ષિત છાનોમાનો સરસ્વતીચંદ્ર હૃદયને કારભારીને ઘેર મુકી ચાલતો થયો.

---

# પ્રકરણ ૨૧.

## ચાલ્યો.

કુમુદસુંદરીએ ખીસામાં કાગળ મુક્યો હતો તે વાંચવાની જોગવાઈ શોધવા સારુ સરસ્વતીચંદ્રે આટલી ઉતાવળ કરી. બુદ્ધિધનના ઘરમાં–ગામમાં–એ કાગળ ઉઘાડવો–એ અક્ષર કોઈ જુવે–તે પણ ભયંકર હતું; કુમુદસુંદરીને અનિષ્ટકર હતું.

રાજેશ્વરમાં જતાં મૂર્ખદત્ત મળ્યો. સરસ્વતીચંદ્ર તેની સાથે જમ્યો અને જમતાં જમતાં કાંઈક વાત થઈ.

"નવીનચંદ્ર, તમે અંહીથી હવે શીદ જશો ?"

"મ્હારે ભદ્રેશ્વર ભણી જવાનો વિચાર છે."

"ગાડી બાડી કરીયે કની ?"

"આણીપાસ થઇને ગાડું બાડું જતું હશે તેમાં બેસી જઈશું."

"ભાઇસાહેબે તમને ગાડી ન આપી ?"

"મ્હેં માગી જ નથી. મ્હારે એકલાં જવું છે."

"ત્યારે તમે રસ્તામાં કોઈને ક્‌હેશો નહી કે હું એમને ઘેરથી આવુંછું."

"કેમ ?"

"શઠરાય તરફના બ્હારવટીયા આજ ચારે પાસ ભમે છે–અને
"ભાઈસાહેબનું માણસ હોય તો તેને બહુ કનડે છે. કુમુદસુંદરી પણ ભદ્રેશ્વર
"જવાનાં છે અને મને આ બાબત ખબર પડી એટલે અલકબ્હેનને
"ક્‌હી આવ્યો કે ગમે તો હવણાં જવાનું બંધ રખાવો ને ગમે તો સાથે બહુ
"સારો બંદોબસ્ત કરજો."

"હશે મ્હારે શું બ્હીવાનું હતું ? હું જરા વાડામાં બેસું છું. તમે કોઈ
"ગાડું આમ જતું હોય તો ઉભું રાખી મને બોલાવજો." મૂર્ખદત્ત બારણા ભણી ગયો. સરસ્વતીચંદ્ર વાડામાં ગયો અને મૂર્ખદત્તના ખાટલા-પર બેસી શોકસાથે ખીસામાંનો પત્ર વાંચવા લાગ્યો, વાંચતાં વાંચતાં પત્રના અક્ષરથી અને હવે અનંત બનેલા વિરહના ભાનથી જેણે આજસુધી હૃદય ટેકવ્યું હતું તેની આંખમાંથી એકાંત અશ્રુધારા વ્હેવા લાગી.

"કુમુદસુંદરી ! હું ત્હારે વાસ્તે શું કરું ? ત્હારી ઇચ્છા મ્હારા સુંબાઈ
"જવામાં સમાપ્ત થાય છે ! ખરે ! તું સતી છે. અણગમતા પુરુષને વશ ન
"થવામાં ઘણીક સ્ત્રીઓ ભયને ગણતી નથી–તેમનું સતીપણું વધારે કે
"આટલી ઉંડી અને ન ભુસાય એવી પ્રીતિ છતાં મળેલા પ્રસંગે આટલી દૃઢતા

" રાખે તેનું સતીત્વ વધારે ? સીતાને રાવણઉપર પ્રીત ન હતી અને
" તેનાથી એ વિમુખ થાય એમાં નવાઈ શી ? કુસુદસુંદરી ! ત્હેં એ
" નવાઈ કરી–ત્હેં મને બોધ આપ્યો. હું ન્હોતો જાણતો કે મ્હારામાં
" આટલી નિર્બળતા હશે: ત્હેં આ બીજીવાર મ્હારું રક્ષણ કર્યું. મ્હેં ત્હારો
" ત્યાગ ન કર્યો હત તો ત્હારાથી હું કેટલો ભાગ્યશાળી થાત ! હવે ત્હારો
" ત્યાગ કરવામાં જ મ્હારું ભાગ્ય રહ્યું. ત્હારો ઉપદેશ મ્હારે માનવો ?"

" ક્ષમા કરજે–ત્હારો ઉપદેશ નહી મનાય. મ્હેં ત્હારી આ દશા
" કરી દીધી તેનું પ્રાયશ્ચિત્ત મ્હારે કરવું જોઈયે–હું અથડાઈશ, ભમીશ,
" અને તનેસ્મરીશ–મ્હારે મ્હોટાં નથી થવું. સંસાર, વૈભવ, મ્હોટાઈ, એ
" સઉ કોને માટે ? પિતાને વાસ્તે હું સંસારમાં રહ્યો હતો–ત્હારી 'માયા'
" મને ઉપભોગનાં ઇન્દ્રજાલ દેખાડત. પિતાની વૃત્તિયે મને સંસારમાંથી
" મુક્ત થવા સ્વતંત્રતા આપી–ત્હારો ત્યાગ કરી હું સંન્યાસી થયો !
" હવે એ સ્વપ્ન જોવાં તે શા માટે ?"

" પ્રિય ચંદ્રકાંત ! તું વળી ભદ્રેશ્વર ક્યાં ગયો ? શું ત્યાં પણ મ્હારે
" કુમુદસુંદરીને પાછું મળવાનું રહ્યું ? સુવર્ણપુરને કાલ રાત્રિના સંસારે
" આમ એકદમ છોડાવ્યું એટલે અહીયાં તો તને મળાય એમ નથી."

" અહીયાં મળવું–ન ભદ્રેશ્વરમાં મળવું, ત્યારે ક્યાં મળું ? શું તને
" મળ્યા વિના નહી ચાલે ? એટલો સંસાર પણ મ્હારે શું બાકી રહ્યો ?"

" ત્યારે હું કોઈ ત્રીજે રસ્તે જઉં ! ચંદ્રકાંત ઉપર કાગળ લખી
" મોકલીશ."

" એ રસ્તો શું ક્રૂર નથી ? દુષ્ટ જીવ ! આટલી ક્રૂરતા કરી હજી સંતોષ
" ન વળ્યો ?"

" પિતાની આજ કેવી સ્થિતિ હશે ? ચંદ્રકાંત પાસેથી તે ખબર
" મળશે. તેમને મ્હારી પાછળ દુઃખ થયું હશે ? મને થયું તો એમને
" કેમ ન થાય ?"

" ઇશ્વિર એવા સમાચાર આપો કે એ મને ભુલી ગયા હોય.—પણ
" ચંદ્રકાંત–ગંગાભાભીને પણ મ્હારે સારું લાગતું હશે. અરેરે ! મ્હેં કેટલાં
" માણસોને દુઃખી કર્યાં ?"

આમ વિચારો કરે છે એટલામાં પ્રમાદધનનો ખાનગી સીપાઈ
રામસેન વાડામાં આવ્યો."

" નવીનચંદ્રભાઈ, જતાં પ્હેલાં એકવાર આપને પાછાં સુવર્ણપુર
" આવી જવું પડશે."

"કેમ ?–" ચમકીને સરસ્વતીચંદ્ર બોલ્યો.

"અત્યારે ભાઈસાહેબ દરબારમાં ગયા છે–પણ બીજી નવાજુની
"કરીને ગયા છે. પદ્માની અને કૃષ્ણકલિકાની વાત—"

"શાની વાત ? હું કાંઈ સમજતો નથી."

રામસેને વીગતવાર સમાચાર કહ્યા. પ્રમાદધન બાબતની બેચે વાતો બુદ્ધિધન પાસે ગઈ હતી. પુત્રની કચાલ સાંભળી પિતાને અત્યંત ખેદ થયો અને આવા પવિત્ર કુળમાં આવો અંગારો ક્યાંથી ઉઠ્યો એ વિચાર થયો. કૃષ્ણકલિકાનો વર પ્રમાદ ઉપર ચ્હીડાઈ રહ્યો હતો તે ખબર પડતાં તેને બોલાવ્યો અને તેને સારી પેઠે દીલાસો આપી બુદ્ધિધને પ્રમાદધનને શિક્ષા કરવાનું કહ્યું હતું. શિક્ષા હજી કરી ન હતી પણ વાત પ્રમાદધનને કાને ગઈ અને તેથી તે ઘણો ખિન્ન બની ગયો. નરભેરામ પાસે પિતાજીની ક્ષમા મંગાવવા વિચાર કર્યો પણ મ્હોટી વયના માણસ-પાસે મન ઉઘાડ્યું નહી. આથી 'નવીનચંદ્ર' સાંભર્યો અને તે જ કામને અર્થે તેને બોલાવવા રામસેન આવ્યો હતો.

"ભાઈ રામસેન, આ વખત આવ્યો છે તેનું કારણ તું પોતે છે.
"ભાઈને ખરાબ ટેવ ત્હેં પાડી છે. ભાઈ નહી સુધરે તો એને તો થવાનું
"થશે પણ ત્હારો રોટલો ગયો સમજજે. જા, જઈને તું જ ભાઈને સુધાર.
"આવા વિષયમાં હું વચ્ચે નહી આવું. ભાઈસાહેબ જે કરશે તે વિચાર
"કરીને જ કરશે. હું આવીશ તો બીજું તો ક્હેતાં કહીશ પણ પ્રથમ
"તો એ જ કહીશ કે તને ક્હાડે. માટે જા, મને બોલાવ્યામાં સાર નથી.
"પ્રમાદભાઈને ક્હેજે કે સુધરે અને પિતાના જેવા થાય. અત્યારે એ જે
"શિક્ષા કરશે તે હજાર વિચારો કરીને કરશે. જા, હું આવવાનો નથી."

નીચું જોઈ બોલ્યા ચાલ્યા વિના રામસેન ચાલ્યો ગયો.

મૂર્ખદત્ત પાછળ છાનોમાનો ઉભો હતો તે આગળ આવી બોલ્યો:
"આમાંથી કાંઈ નવુંજુનું નક્કી થશે. આવી વાતની ભાઈસાહેબને બહુ
"ચ્હીડ છે અને ઉતાવળું કામ કરશે તો ભાઈ ઝેર ખાય એટલા શરમાળ
"છે. મ્હોટાં માણસોને કોણ ક્હે કે આમ કરો ?–વારુ, નવીનચંદરભાઈ,
"ગાડું એક બારણે ઉભું રાખ્યું છે. પણ ભદ્રેશ્વર જ જશે એ નક્કી નથી."

સરસ્વતીચંદ્રનો પીત્તો ઉકળ્યો હતો. કાંઈક રોપભર્યે સ્વરે તે બોલ્યો:—"ભદ્રેશ્વર ઉંઘી ગયા–મ્હારે તો ગમે ત્યાં પણ જવું એટલી જ
"વાત છે–ગમે ત્યાં જઈશ મ્હારી મેળે: જ્યાં ગાડું ત્યાં હું. મ્હારે
"તો માત્ર અંહીથી જવું છે."

બે જણ મંદિરમાં આવ્યા. સરસ્વતીચંદ્ર દ્વારબ્હાર આવી ઉભો. પાછળ ગાંસડી લેઈ મૂર્ખદત્ત આવ્યો. સરસ્વતીચંદ્ર વિચારમાં પડી ઉભો ઉભો મ્હોંવડે સીસોટી વગાડવા લાગ્યો અને સામે ઉભેલા ગાડાસામું જોઈ રહ્યો.

મ્હોટા બે બળદ જોડેલા એવું, લાંબા પાટીયાના તળીયાવાળું, અને પાંજરાંથી બાંધી દીધેલું ગાડું હતું. પાછળનો ભાગ છેક જમીનને અડકતો હોય એવો દેખાયો અને મોખરે ધરીપર ગાડીવાન બેઠો હતો તે ઠેઠ ઉંચો ઉડી પડવા જતો દેખાયો. ગાડામાં એક ડોશી, એક ચાળીશેક વર્ષનો દુઃખી દેખાતો પુરુષ, અને એક વીશેક વર્ષની સ્ત્રી એટલાં બેઠાં હતાં, તેમાંનું કોઈ પણ દેખાવડુ કે ગોરું ન હતું અને વણિગ્વર્ગનાં છે એમ લાગ્યું. ડોશી બ્રાહ્મણી હતી. તે સર્વને લેઈ ગાડું રત્નનગરી ભણી જવાનું છે એમ તપાસ કરતાં મૂર્ખદત્તને માલમ પડ્યું. ગાડાવાળાએ સરસ્વતીચંદ્રનું ભાડું કર્યું. મૂર્ખદત્ત બોલ્યો.

“ચંદરભાઈ, તમારે તો ભદ્રેશ્વર જવું છે અને આ ગાડું તો “રતનનગરી ભણી જાય છે.”

“ભદ્રેશ્વરનો રસ્તો ક્યાંથી જુદો પડે છે?”

“અંહીથી દશેક ગાઉ ઉપર મનોહરીયા નામનું ગામડું છે ત્યાંથી “એક રસ્તો ભદ્રેશ્વર જાય છે અને બીજો રતનનગરી જાય છે.”

“ઠીક છે. ત્યારે તો આ જ ગાડામાં જઈશ.”

સરસ્વતીચંદ્ર આજ સુધી કદી આવા ગાડામાં બેઠો ન હતો તે આજ બેઠો. મૂર્ખદત્તને પાંચ રુપીયા આપ્યા. ગાડામાં નીચે પરાળ પાથરી હતી. તે ઉપર એક ઓછાડ પાથર્યો હતો, અને તે ઉપર છેક નીચે સરસ્વતીચંદ્ર બેઠો. દશ વાગ્યા હતા અને માથે ચૈત્રનો તાપ પડતો હતો. ધ્રુવની પેઠે લક્ષાધિપતિનો ભરવૈભવમાં ઉછરેલો પુત્ર આજ આમ બ્હાર નીકળ્યો જોઈ સૂર્યનારાયણ કુમળા ન થયા. દુઃખી માણસે તેના તાપને ગણ્યો પણ નહી. ઉડતી રેતીના દડવચ્ચે ચીલો કાપતું રગશીયું ગાડું પુરુષરત્નને પીઠ પર લેઈ ચાલ્યું અને ધુમ્મસ પેઠે ચારેપાસ ઉડતું ધુળનું વાદળું ગાડાને ઘેરી લેવા લાગ્યું. મૂર્ખદત્ત ગાડા પાછળ જરીક ચાલી, રજા લેઈ, રસ્તામાં સંભાળ રાખવાનું સરસ્વતીચંદ્રને કહી, ગાડાવાળાને એની ભલામણ કરી પાછો ફર્યો અને અદૃશ્ય થયો.

ગાડાનાં પઈડાંનો ચીલામાં ઘસડાતાં થતો કઠોર સ્વર, માથે તપતો તાપ, ચારપાસની ધુળ, અને નીચે ખુંચતી પરાળ એ સર્વની વચ્ચે ગર્ભશ્રીમંત

કોમળ અને શારીર દુઃખનો અપરિચિત સરસ્વતીચંદ્ર શોકવિચારમાં પડી પગથી માથા સુધી પોતીયું હોડી સુઈ ગયો. સ્વરથી ભરાતા, તાપથી ઉકળતા, ધુળથી ગુંચવાતા, અને પરાળના ખુંચવાથી કાયર થતા મસ્તિકમાં કંઈ કંઈ વિચાર વિચિત્રરૂપે ઉત્પન્ન થયા. પાછળ કપાતો તપાતો માર્ગ મીંચાયલી આંખમાં લાંબી નેળ જેવો લાગ્યો અને તેમાં ધુળના રંગના વચ્ચે વચ્ચે ભડકાવાળા લાંબા આકાર લંબાતા લાગ્યા. એ આકાર ઘડીક આસપાસના ઝાડ જેવા, ઘડીક માથે તપતાં વાદળાં જેવા, અને ઘડીક હોડેલા ધોતીયાનાં તન્તુજાળ જેવા દેખાવા લાગ્યા. બળદ હાંકતા ગાડીવાનના ડચકારા, બળદ સાંભળી સમજતો હોય તેમ તેને ગાડીવાન ક્હેતો તે કઠોર શબ્દ, સળગતા ભડકા જેવા આકાશમાં ઉડતા સમળાઓ અને સમળીયોની લાંબી કઠોર ચીસો, સુડીથી કપાતાં લક્કડીયા સોપારી જેવા અચીંતા કાનપર ભચકાતા કાગડાના "કાકા" શબ્દ, હોલા અને કાબરોના વનમાં પડઘા પામતા-કાનની ભુંગળીમાં ફુંકાતા-સ્વર, ચકલીયોના ઝીણા ચીચીકાર, કોણ જાણે ક્યાં સંતાઈ રહેલા અંધ ઘુવડના ગેબી અને ભયંકર પોકાર, ઝાડપર ખસતી કુદતી ખીશકોલીયોના ઉષ્મ પ્લુત સીકાર, અને ગાડામાં ઘડીયે ઘડીયે ભરાતાં ઝાંખરાંના ઉઝરડાઃ આવા આવા અગણિત શબ્દો કર્ણસ્વપ્નો રચવા લાગ્યા. જેમ તાપના ભડકા હોડેલું ધોતીયું અને મીંચાયલી પાંપણોને ભેદી અકળાતી કીકીયોમાં દાખલ થતા હતા અને હોડેલા વસ્ત્રને ભેદી ઉષ્ણતા ત્વચાને પરસેવાથી ન્હવરાવતી હતી, તેમ જ આ સર્વ સ્વર સુવા ઇચ્છતા કાનને ઉંઘવા દેતા ન હતા. ઢાળ ઉપર આવતાં ગાડાના હેલારાથી શરીર આમથી તેમ ભચકાવા લાગ્યું.

આ સર્વ અવસ્થાની વચ્ચોવચ મસ્તિક નવરું ન પડ્યું. બોલ્યાવિના કુમુદસુંદરીવાળા કાગળમાંની કવિતા ગાઈ. "કુમુદસુંદરીને ભદ્રેશ્વરમાં પાછું
" મળવાનું થશે ? હું ભદ્રેશ્વર ન જ જાઉં તો ? શું મને મળવા આવેલાંને
" મ્હારે ન મળવું ? મનોહરીયામાં રહીશ અને એ સુવર્ણપુર જશે ત્યારે
" વચ્ચે-ત્યાં-અટકાવી મળીશ. પિતાની ખબર એ આપશે. પિતાને હું
" સાંભરતો હઈશ ? એમની શી અવસ્થા હશે ? મુંબાઈ પાછાં જવું ?
" ન જવું ? ત્યારે ચંદ્રકાંતને શું ક્હેવું ?"

"કારભાર કેમ મળે છે-દેશી કારભારીયો કારભાર કોને ક્હેછે
" તે તો જોયું. પણ એ રાજ્યોમાં રાજ્યતંત્ર કેમ ચાલતાં હશે-લોકની
" અવસ્થા કેવી હશે ?-આ સર્વ જોવાનું રહ્યું, સુવર્ણપુરને તો તજ્યું જ.
" રત્નગરી જઈને જોઉં ? આ ગાડું ત્યાં જ જાય છે તો ?"

"પ્રમાદધનને શી શિક્ષા થાય છે તે જણાય તો ઠીક. પણ હવે
" મ્હારે એ જાણી શું કરવું છે?"

" અરેરે! કુમુદસુંદરી!!"

" આ બ્હારવટીયાની બ્હીક પણ ખરી!–મૂર્ખદત્તે એમને સૂચના
" આપી છે એટલે ઠીક છે!"

ગાડું એક બે ગાઊ નીકળી ગયું.

ગાડાવાળાએ ગાવા–લલકારવા–માંડ્યું:

" મ્હારાં ઠકરાળાં હો! તમારા દાડમની કળીશા દાંત!
" ઘેરે આવજો હો! આપણે વાળીશું ગુપત ગાંઠ.
" મ્હારાં ઠકરાળાં હો! મ્હારું ઘર ખેતરવા પેલે પાર–
" ત્યાં તો આવજો હો! ઉઘાડું મેલીશ અડધું કમાડ.
" મ્હારાં ઠકરાળાં હો! તમારા કાળી નાગણશા વાળ!
" ઘેરે આવજો હો! આપણે મ્હાલીશું માઝમ રાત!"

લલકાર આખે લાંબે માર્ગે વ્યાપ્યો.

લલકારમાં સરસ્વતીચંદ્ર લીન થયો અને કુમુદસુંદરી હૃદયન દ્વારમાં આવતી લાગી. ગાડામાં સ્ત્રી છે એવી પશ્ચિમ બુદ્ધિ થત ગાડાવાળાએ ગાવું બંધ કર્યું. માથા આગળ બેઠેલી ડોશીયે ગાવા માંડ્યું

" જીવની આશા તે ડુંગર જેવડી, મરવું પગલાંની હેઠ,
" મરણસમે ત્હારું કો નહી, સગું ના'વે કો હેઠ–જીવ૦"*

સુતેલા સરસ્વતીચંદ્રની આંખમાં આંસુ આવ્યાં–"મરવું–મરવું–
" કુમુદ–કુમુદ–" કરતું કરતું તેનું રોતું હૃદય તાપમાં નિદ્રાવશ થઈ ગયું ધડકતા હૃદયને, સૂક્ષ્મ અને ચિત્રસંસ્કારી સ્વપ્નસૃષ્ટિને, ચેતનને ચેતનના હૃદયમાં રહેલા ચેતનને, અને એમ કંઈ કંઈ રત્નોને અંતર્સ વ્હેતું હૃદયશૂન્ય જડ ગાડું ધીમે ધીમે ચાલવા લાગ્યું. ઉંઘતો ઉંઘતો સરસ્વતીચંદ્ર નવા અજાણ્યા સંસારમાં ચાલ્યો–ક્યાં જવું છે તેનું ભાન ન હતું, શું કરીશ તેનો વિચાર ન હતો, અને શું અનુભવાશે તેની કલ્પના ન હતી! જન્મતો માનવી બીજું શું કરેછે?

ગાડાની પાછળ કેટલેક છેટે પણ ગાડા ભણી અને તેમાં બેસનાર ઉપર અચુક દૃષ્ટિ રાખતા રાખતા પરસ્પર વાતો કરતા કરતા ત્રણ

---

* પ્રવર્તમાન લોકગીતમાંથી.

ઘોડેસ્વાર આવતા હતા, અને ઘોડાના પગના ડાબલાનો પોલો સ્વર અધ ઉંઘતા સરસ્વતીચંદ્રના કાન ઉપર ડાબકા દેવા લાગ્યો.

ગાડાની સામી પાસ ઘણે જ છેટે ક્ષિતિજમાં સામી ધુળ ઉડતી હતી અને ઢોલ અને રણશીંગા જેવા સ્વર તથા હોંકારા ઘણે આઘેથી આવતા હતા. રખેને એ સ્વર ધીરપુરવાળા બ્હારવટીયા તરફના તો ન હોય જાણી આવા પ્રસંગોનો અનુભવી ગાડાવાળો કંપતો હતો અને અંદર બેસનારને ક્હેવું કે ન ક્હેવું તેનો વિચાર કરવા લાગ્યો. ગાડાની લગોલગ એક જ સંન્યાસી ચાલતો હતો તેને જોતાં મૌન ડ્હાપણ ભરેલું લાગ્યું.

ગાડામાં ડોશી બેઠી હતી તે કંઈક લૌકિક કવિયોનાં પદ ગાતી હતી અને તેમાંથી છુટક ત્રુટક કડકા સરસ્વતીચંદ્રના હૃદયમાં પેંસતા હતા.

"સુખ દુઃખ મનમાં ન આણીયે, ઘટસાથે રે ઘડીયાં;
"ટાળ્યાં તે કોઈનાં નવ ટળે રઘુનાથનાં જડીયાં."[1]

* * * * * *

"જંગલ વસાવ્યું રે જોગીયે, તજી તનડાની આશ જી!
"વાત ન ગમે આ વિશ્વની, આઠે પ્હોર ઉદાસ જી!–જંગલ૦
"સેજ પલંગ રે પ્હોડતા, મંદિર ઝરખા માંહ્ય જી,
"તેને નહી તૃણ સાથરો, ર્‌હેતા તરુતળ છાંય જીઃ–જંગલ૦
"શાલ દુશાલા હોડતા ઝીણા જરકશી જામા જી
"તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ધામ જી,–જંગલ૦

* * * * * *

"હાંજી ક્હેતા હજારો ઉઠતા, ચાલતાં લશ્કરલાવ જી
"તે નર ચાલ્યા રે એકલા, નહી પેંજાર પાવજી–જંગલ૦[2]

સરસ્વતીચંદ્ર સ્વપ્નાવસ્થ હતો તેને અનેક ડુસકાં ભરતી આકાશમાં અદ્ધર ઘટકતી ગાડા પાછળ દોડતી આવું આવું ગાતી કુમુદસુંદરી દેખાઈ અને ડોશી ગાવા લાગીઃ

"કાયા માયા કુડી રે રાખી ત્હારી ર્‌હેશે નહી,
"જોને તું વિચારી રે, ઘેલા! કેમ અક્કલ ગઈ?–કાયા૦

* * * * * *

"વાદળની છાયા રે, જોતાં જોતાં છેટે ગઈ!"[3]

---

૧. નરસિંહ મ્હેતા. ૨. નિષ્કુળાનંદ. ૩. દેવાનંદ

અચીંતી આંખ ઉઘડી અને વાદળની છાયા ભણી કુમુદસુંદરીની છાયા અદૃશ્ય થઇ. આંખ ફરી મીંચાઈ. ડોશીનું ગાન તો ચાલતું હતું.

"ભરમાવી દુનિયાં ભોળી રે આવો ચાલ્યો ભભુતી ચોળી."

* * * * * *

"ભોજો ભગત ક્હે ભવસાગરમાં ખાવે માર્યાં બોળી રે–ભ૦"

કુમુદસુંદરીની વડીયાઈ, લુચ્ચા જમાઈયે ભોળી દીકરીને ભરમાવી માટે, ઠપકો દેતી હોય એવું સરસ્વતીચંદ્રને ભાન થયું. દુઃખમય તે ફરી સ્વપ્નવશ થયો. રગશીયું ગાડું હજી ચાલતું જ હતું. પાછળના અને આગળના સ્વર એકઠા થઈ સ્વપ્નાવસ્થ કાનમાં પેંસવા લાગ્યા.

ખરોખર મધ્યાહ્ન થયો અને જગતના શિરપર ચ્હડેલો સૂર્ય માનવીનું મસ્તક તપાવવા ઉકાળવા લાગ્યો.

ચોપાસ મચી ર્‌હેતા ગરબડાટ વચ્ચે થઈને સૂર્યનો પ્રકાશ તજી પોતે કોઈ ઉંડી ખોમાં ઉતરી પડતો હોય, અંધકાર ભરેલા ગર્જના મચાવી મુકતા સમુદ્ર મોજાને ચીરી તેને તળીયે જઈ પ્હોંચતો હોય,–એવું સ્વપ્ન અનુભવતો, સર્વ અન્ધકાર-વચ્ચે માત્ર "કુમુદદીપ" જોવા પામતો, સરસ્વતીચંદ્ર અન્ધનિદ્રના પાતાળમાં ઉંધે માથે પડવા લાગ્યો. પડતાં પડતાં ઈંગ્રેજ કવિની રજ્જુ જેવી કવિતા તેના હાથમાં આવી તેનો આધાર પકડી લેઈ લાંબા અજગરપેઠે મુખ વિકાસી ઉભેલી ઉંડી નિરાશનિદ્રાના કુવામાં પોતાનો પ્રતિધ્વનિ સાંભળતો સાંભળતો ધીમે ધીમે ઉતરી પડ્યો.

"મચી રહ્યો કોલાહલ આજે દશે દિશ ગાજે
"તે મધ્યે થઈ ઉતરી પડની, પડ, નીચે-નીચે જાજે!
"નીચે નીચે!
"મૃગ પાછળ ધસી પડે રુધિર પીનાર શ્વાન શીકારી;
"ધુમ, વીજળી જતાં, થઈ જાય વ્યોમનો વ્યાપી;
"ગ્રહી પતંગઇન્ધિન, પુઠે વિશદ ઝગી રહે જ્યોત દીવાની;
"પુઠ લેતી મૃત્યુતણી નિશા–નિરાશા કાળી;
"પ્રીતિ પાછળ દુખની છાય, ઢાંકતી આંખ, પડે ઉઘાડી;
"ચ્હડી ઉભય* કાળ–હય–પીઠ કરે બળ–સ્વારી,

---

* નિરાશા અને દુઃખ.

" પી જતી "આજ" ને આજ "કાલ" અભિમાની જોરભરી આવી
" ચુમ્બક-ઉર ચૉરૉ કળૉ જતી લોહકુહાડી,
" એમ જ ચૉરૉ આ દમ્ભ નીચે,
" એમ જ આ સઉ દમ્ભ નીચે
" ઉતરૉ પડનૉ, શૂર, નીચે નીચે ! ૧

" આ જગદમ્ભતણા સાગરની નીચે નીચે જાજે,
" સમુદ્રતળીયે ઉતરૉ પડનૉ, પડી નીચે નીચે જાજે,
" સમુદ્રની ચૉરૉ ઉર્મિ ઉછળતી નીચે નીચે જાજે,
નીચે નીચે !" ૨

" પડૉ નિદ્રાવશ, હોઠૉને અંધ ઓછાડ, વીજળી સુતી;
" મુર્મુરકણિકા[1] ભૂતિને[2] ગર્ભ સ્ફુરી રહેતી;
" પ્રિય-દૃષ્ટિ અપશ્ચિમ, ઉરે વિરહીયે, ગણી રત્નસમ, રાખી;
" મણિ રહે ખાણ અંધારી માંહ્ય છુપાઈઃ
" એમ જ આ સઉ દમ્ભ નીચે
" કામણ કંઈ તુજ કાજ હૉસે;
" ધન્યભાગ્ય ! આ દમ્ભ નીચે
" રસિક ! ઉતરૉ પડ નીચે નીચે ! !"
"નીચે નીચે !"* ૩

આ માનવીના દુઃખનીચે ભારે મરતા હોય તેમ ધીમા ચાલતા બળદની પાછળ ગાડું ખેંચાતું હતું, અને આગળ ઉડતા-તડકાથી ચળકતા ભડકા જેવા-ધુળકોટમાં પડવા માંડતી આહુતિ પેઠે અદૃશ્ય બનતું, અદૃશ્ય ભવિષ્યભણી સરસ્વતીચંદ્રનાં પ્રારબ્ધ પેઠે-અદૃષ્ટ પેઠે—ચાલ્યું.

1. તનખો *Spark.* 2. રાખોડીને. **Shelley's Prometheus Unbound.*